वि. सं. २००८ ना चातुर्मासमां थयेली ज्ञान खातानी उपजमांथी
श्री जैन श्वे० संघ दावणगेरे तरफथी साधु साध्वीओने भेट

# ઢંઢેરો અથવા ગુરૂમંત્ર

૫૦ ૬૨

આગમોદ્ધારક સ્વર્ગસ્થ આચાર્યદેવ
શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજના
"આચારાંગ" સૂત્ર અને 'ષોડશક'ના વ્યાખ્યાનો

ડિસેમ્બર ૧૯૫૧. ] [ કિંમત ત્રણ રૂપિયા

# ઢંઢેરો અથવા ગુરૂમંત્ર

આગમોદ્ધારક સ્વર્ગસ્થ આચાર્યદેવ
શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજના
"આચારાંગ" સૂત્ર અને 'ષોડશક'ના વ્યાખ્યાનો

ડિસેમ્બર ૧૯૫૧. ] [ કિંમત ત્રણ રૂપિયા

: પ્રકાશક :
શા રતનચંદ શંકરલાલ
૧૨૪૬ ભવાની પેઠ, પૂના ૨

: મુદ્રક :
આનંદ-પ્રેસ
ભાવનગર

# પ્રસ્તાવના

**आयहियपरिण्णा भावसंवरो नवनवो य संवेगो ।**
**निक्कम्पया तवो निज्जरा य परदेसियत्तं च ॥११६२॥ बृ. क. सू.**

શાસ્ત્રકારોએ શાસ્ત્ર અધ્યયનથી આત્મહિત, હાનોપાદાન, ભાવ-સંવર, નવનવો સંવેગ–મોક્ષાભિલાષા, સદાચારમાં અડગતા, તપ, કર્મનિર્જરા ને પરોપદેશદાન એમ આઠ ગુણો જણાવ્યા છે, છતાં શાસ્ત્રનું અધ્યયન બધા કરી શકતા નથી, માટે બાળ જીવોના હિતાર્થે લોકભોગ્ય ભાષામાં ઉપકારિઓએ આગમોના વિષયોનો ઉપદેશ આપ્યો છે, જેનો અંશ આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ થાય છે. આના પ્રથમ અધ્યયનમાં જીવનું છજીવનિકાયમાં ઉત્પન્ન થવું, બીજામાં ક્રોધાદિનો વિજય, ત્રીજામાં શીતઉષ્ણમાં અડગ રહેવાનો સિદ્ધાંત વર્ણવી અહિં સમ્યક્ત્વ નામના ચોથા અધ્યયનથી શરૂઆત થાય છે. તેમાં સમ્યક્ત્વના ઔપશમિક આદિ ભેદો અને જ્ઞાનચારિત્રના પ્રકારોનું વિસ્તારથી વર્ણન છે, પ્રસંગવશાત્ સુખાવરણીય કર્મ કેમ નથી ? દેરાસરમાં મૂળનાયક કેમ ? આદિ બાબતોય વર્ણવ્યા પછી સમ્યક્ત્વના સ્વરૂપ તરીકે માન્ય રાખવાનો તીર્થંકરોનો કોઈ જીવને હણવા વિગેરેનો કોઇને અધિકાર નથી એ ઢંઢેરો મુખ્યતયા જણાવ્યો છે, કે જે આ પુસ્તકનું જ નહિ પણ દ્વાદશાંગીનું હાર્દ ગણાય. ઢંઢેરાને દર્શાવતાં હિંસાનું સ્વરૂપ, હિંસાના ઓછાવત્તાપણાના કારણો, તે જણાવનાર જૂ

સુદેવ, તેને માન્ય રાખનાર જ સમકિતી, ન રાખનારા મિથ્યાત્વી, તેવાઓની દેવગુરુધર્મની માન્યતા, ઇંદ્રિયો, મન, કર્મ, એને તોડવા માટે ભેદનીતિ, ક્ષણિકવાદ, નિયતિવાદ, અર્ધમાગધીની પ્રાચીનતા, નવ તત્ત્વો, મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય યોગ વિગેરે ખાસ બાબતોનો ઉલ્લેખ સ્પષ્ટતયા કરાયો છે.

સર્વ અંગોમાંની બાબતો બારમા દૃષ્ટિવાદ નામના અંગમાંના ચૌદ પૂર્વોમાં છે, પણ પૂર્વો ભણવા જેટલી જે જીવોની શક્તિ નથી તેઓના માટે અગિયાર અંગોની રચના છે. દ્વાદશાંગીની રચના **उपन्नेइ वा विगमेइ वा धुवेइ वा** આ ત્રિપદી પ્રભુમુખથી સાંભળી ગણધર ભગવંતોએ કરી છે. ત્રિપદીથી જ પ્રવચનપુરુષનો જન્મ છે. તેમાં–આચારાંગ સૂયગડાંગ બે પગ, સ્થાનાંગ સમવાયાંગ બે જંઘા, જ્ઞાતા ભગવતી બે સાથળ, ઉપાસકદશાંગ વાંસો, અનુત્તરોપપાતિક પ્રશ્ન–વ્યાકરણ બે બાહુ, વિપાક ડોક, ને દૃષ્ટિવાદ એ પ્રવચનપુરુષનું મસ્તક છે. બાર અંગોમાં પ્રથમ આચારાંગને સ્થાન છે, કારણ તેમાં સાધુનો આચાર વર્ણવ્યો છે. પહેલા આચાર સુધરે પછી વિચાર. આચાર એ ક્રિયા છે. અનેકાંતવાદ હૃદયમાં જ્યારે અહિંસા પાલનમાં એ આપણી વ્યવસ્થા છે, માટે જ કોઇની હિંસા કરવાનો કોઈને અધિકાર નથી એમ ભગવાન્ મહાવીર મહારાજાએ ત્રણ લોકની શાંતિ અને નિર્ભયતા માટે ઢંઢેરો જાહેર કર્યો, આત્માઓને આનંદમય બનવાનો રસ્તો દર્શાવ્યો, કે જે જૈન શાસનનો ગુરુમંત્ર છે. આ પુસ્તકમાં આ વિષય જ મુખ્ય–પ્રાણભૂત હોવાથી પુસ્તકનું નામ પણ અન્વર્થક રાખવામાં આવ્યું છે.

આ પુસ્તિકામાં 'ષોડશક'ના **बालः पश्यति लिङ्गं०** એ શ્લોક ઉપરના કેટલાક વ્યાખ્યાનો પણ છપાવ્યા છે. તેનો વિષય દેવ-ગુરુધર્મની પરીક્ષા, બાલ, મધ્યમબુદ્ધિ અને પંડિત કઇ કઈ રીતે

કરે છે એ મુખ્ય હોઈ કાઢિયા, ધર્મી ધણુા કે પાપી? જીવે ભાડે રાખેલો પ્લોટ, મોક્ષમાર્ગના ઓર્ડો આદિ પ્રાસંગિક પણ કહેવાયું છે.

આ દેશનાકાર મહાત્માની વિદ્વત્તા, અખંડ અભ્યાસ આદિ ગુણો માટે અનેક હિંદી ગુજરાતી પત્રિકાઓમાં બહુ ઊંચા અભિપ્રાયો પ્રકાશિત થયા જ છે. હમણા જ લખનૌમાં મળેલી ઓલ ઇન્ડિયા ઓરિએંટલ કોન્ફરન્સના પ્રાકૃત અને જૈનવિભાગના અધ્યક્ષ અને વિદ્વદ્રત્નમાળાના અણમોલ જવાહર પંડિતપ્રવર શ્રી. સુખલાલજી સંઘવી પણ પોતાના અધ્યક્ષીય ભાષણમાં આ સ્વર્ગસ્થ આગમોદ્ધારક માટે જણાવે છે કે–" × × × તેઓએ પોતાનું આખું જીવન અનેક પ્રકારના પુસ્તકપ્રકાશનમાં વીતાવ્યું, તેઓની જ એકાગ્રતા અને કાર્યપરાયણતાથી આજે વિદ્વાનોને જૈન સાહિત્યનો બહુ મોટો ભાગ સુલભ થયો છે. તેઓ પોતાની ધૂનમાં એટલા પાકા હતા કે, શરૂ કરેલું કામ એકલે હાથે પૂરું કરવામાં તે કદી અચકાયા નથી. × × × આપણે બધા સાહિત્યસંશોધનપ્રેમીઓ તેઓના કાર્યનું મૂલ્યાંકન કરી શકીએ છીએ. આપણે એમના સમાહિત આત્મા પ્રત્યે આપણો હાર્દિક આદર પ્રગટ કરીએ."

આ પુસ્તકની પ્રેસકોપી મુનિ ગુણસાગરજી પાસેથી પ્રાયઃ જેવી મળી તેવી જ અને 'ષોડશક'ના વ્યાખ્યાનોની તેઓએ જેટલી આપી તેટલી, તે પણ ત્રુટિત–છાપી છે. કોઇકોઈ ઠેકાણે અલ્પ ફેરફાર ફક્ત વાક્યરચનામાંનો દોષ દૂર કરવા પૂરતો જ કર્યો છે. તેમ કરતાં દેશનાકારનો આશય મતિમંદતાથી બદલાયો હોય, તેમજ છપાવતાં યથાશક્ય સાવચેતી રાખવા છતાં દૃષ્ટિદોષથી કોઈ ભૂલો રહી ગઈ હોય તો તે માટે હું પ્રવચનકારની અને વાંચકોની ક્ષમા માગું છું.

આ અને સ્તવન સજ્ઝાય સંગ્રહ પુસ્તક છપાવવા માટે બે હજાર જેવી મોટી રકમ ઉદારતાપૂર્વક શેઠ મોટાજી રુગનાથજી લાક-

ડાના વેપારી ભવાની પેઠ પૂનાવાળાએ આપી તે બદલ તેઓ ધન્ય-વાદને પાત્ર છે. આમાંથી બચેલી રકમમાંથી "પ્રભુ સાથે એકાંતમાં કરવાની વાતો" એટલે જ સ્તવન—સજ્ઝાય સંગ્રહ છપાય છે.

મહિનાઓ સુધી ગૂંચવાયેલા કોકડા જેવું ઉપેક્ષણીય થઇ પડેલું આ પુસ્તક પ્રકાશન કાર્ય મોડે મોડે પણ બનતી તાકીદે પૂરું થયું તેનું બધું શ્રેય આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને આનંદ પ્રેસના માલિક શ્રી. ગુલાબચંદભાઈ તથા હરિલાલભાઇને ઘટે છે, તે માટે તેમનો જ આભાર માનવો જોઇએ.

બીજા પુસ્તકોની જેમ આ પુસ્તકની રકમ પણ જ્ઞાનખાતામાં ખર્ચાશે અને તેનો પણ હિસાબ શેઠ મોટાજી અને શેઠ જેતાજી સાંકળાજી પૂનાવાળા સંભાળે છે કે જે બહાર પણ પાડશે.

પ્રકાશક

કાર્તક વદ ૯
સં. ૨૦૦૮.





શાસનસૌધસ્તમ્ભ આગમોદ્ધારક પરમપૂજ્ય સ્વર્ગત આચાર્યદેવ
**શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજ સાહેબ.**

જન્મ સં. ૧૯૩૧ આષાઢ વદ ૧૦
કપડવંજ.

સ્વર્ગારોહણ સં. ૨૦૦૬
સુરત.

સજ્ઝાય

# ઢંઢેરો અથવા ગુરુમંત્ર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| સિદ્ધપણું રોકડિયું અને અરિહંતપણું ઉધારિયું | ૨ |
| અરિહંતપદનું વિવેચન | ૩, ૬૨, ૬૪, ૮૫, ૯૩ |
| ઔપશમિક ( કોમળ ) સમ્યક્ત્વ | ૮, ૨૧, ૨૮, ૪૮ |
| ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ | ૧૦, ૩૦ |
| " હું કોણ ? " | ૧૧ |
| બહિરાત્મા અને અંતરાત્મા | ૧૪ |
| પરલોક માટે મુસ્લિમો શું માને છે ? | ૧૫ |
| ઇંદ્રિયો જુગારખાનાના દલાલો છે | ૧૬ |
| અંગઉપાંગોનું સ્વરૂપ | ૨૩ |
| સમકિતીના પરિણામો | ૨૪ |
| કર્મને હણવા ભેદનીતિ | ૨૯ |
| આત્માની ઓળખાણ | ૩૨ |
| જન્મ–મરણની જૈનાજૈન માન્યતા | ૩૫ |
| સમ્યક્ત્વ જ્ઞાન અને ચારિત્ર | ૩૯, ૬૭, ૮૭, ૯૬, ૧૧૮, ૧૪૯ |
| સુખાવરણીય કર્મ કેમ નથી ? | ૪૭ |
| ઔપશમિક જ્ઞાન નહિ. | ૫૦, ૫૮ |
| દાન, શીલ, તપ, ભાવ. | ૫૧ |

ભવનો બાળકાળ ૫૨
દેરાસરમાં મૂળનાયક કેમ? ૬૨
નરક કેમ મનાય? ૭૪
નરકમાં વધુ દુઃખી કોણ? ૭૭
દૃષ્ટાંતો કોના માટે? ૮૦
પંચાતિયાના છોકરા ભૂખે મરે ૮૬
કુટુંબ, ધન, અને વિષયોરૂપ બેડી ૮૯
અનંતીવાર દ્રવ્યચારિત્ર પછી ભાવચારિત્ર ૯૦
નાસ્તિક પણ ભવોભવ ઉત્પન્ન થનાર માને છે ૯૫
મોક્ષની હુંડી પુદ્ગલ માટે ન વટાવાય ૧૦૪
સ્થા૦ વાસિઓની '**तिक्खुत्तो**' ની પાટી ૧૦૮
નવા જમાનાનું સમકિત અને તેનું ખંડન ૧૦૮
ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ એ ત્રણ પદથી સૂત્રો રચાયા ૧૧૩, ૧૧૭
ગણધર નામકર્મ ૧૧૩
જિનેશ્વરની વાણી અને દિગંબરો ૧૨૪
પુરાણો અને સ્મૃતિમાં પૂછવાનું નહિ ૧૨૬
પૂછવાનું અને હેતુયુક્તિથી સમજાવવાનું જૈનોમાંજ ૧૨૭
તીર્થંકરોની અહિંસાનો ઢંઢેરો ૧૨૮, ૧૭૮, ૧૮૮ ૧૯૧, ૨૪૧,
પ્રાણ, જીવ, સત્ત્વ અને ભૂત કોણ? ૧૨૯
પ્રાણની અધિકતાએ હિંસા વધુ ૧૩૨
એક જીવ બીજાનું જીવન છે? ૧૩૩
'હિંસા' નો અર્થ ૧૪૪
દુઃખનું ઝાડ ૧૪૬
કર્મ તે સંસાર અને જીવ વચ્ચેનો દલાલ ૧૪૭
જૈનોના દેવગુરુધર્મની વિશિષ્ટતા ૧૫૦

| | |
|---|---|
| અજૈનોની દેવાદિની માન્યતા | ૧૫૧ |
| જૈનોમાં હિંસા ટાળવાના સાધનો | ૧૫૨ |
| સ્થા૦ વાસીઓનું કસાઇખાતું | ૧૫૨ |
| ધાગાપંથીઓની મેલી રમત | ૧૫૩ |
| ધર્મ કરતાંય વિરાધના ન નભે | ૧૫૪ |
| જન્મથી ધડપણ સુધીનું સરવૈયુ | ૧૫૫ |
| 'સુ' અને 'કુ' દેવાદિનું સ્વરૂપ | ૧૬૦, ૧૬૬ |
| સંસારમાં રખડાવે પરમેશ્વર કે ઈંદ્રિયો અને મન ? | ૧૬૨ |
| મોક્ષમાર્ગનું મૂળ સમ્યક્ચારિત્ર | ૧૬૫ |
| જ્ઞાન ઇંદ્રિયોના ઘરે ગીરો મૂકાયું છે. | ૧૭૨ |
| વાઘ જેવા મન અને ઇંદ્રિયો | ૧૭૨ |
| મનના વિકલ્પોને રોકવામાંજ ધર્મ | ૧૭૩ |
| સર્વની આબાદી ચાહનારા સુદેવ જિનેશ્વરજ, ને ચાર જીવનસ્તંભો | ૧૭૫ |
| લુચ્ચા સથવારાને રોકી રાખે તેજ ધર્મ | ૧૭૬ |
| આત્માનું ભાન ભુલાવનાર ઈંજેક્શન | ૧૮૧ |
| પાડોશી તે ઘરધણી અને ઘરધણી તે નોકર | ૧૮૩ |
| કર્મ સામે સામ, દંડ, ભેદ | ૧૮૪ |
| આત્માની આબાદીનો માર્ગ | ૧૮૬ |
| તીર્થંકર અને સામાન્ય કેવળીમાં ફરક | ૧૯૦ |
| ઢંઢેરાના અંગે ઇતરોની માન્યતા | ૧૯૨ |
| જગતની પીડા વીતરાગને | ૧૯૪ |
| કેવળજ્ઞાનનો માર્ગ વહેતો કોણ કરે ? | ૨૦૦ |
| એ મોક્ષભૂમિ | ૨૦૦ |
| બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા | ૨૦૧ |
| અવધિજ્ઞાની પણ પ્રભુને પૂજે | ૨૦૩ |
| લૂંટારુંપણું કબૂલે તેજ સમ્યગ્દર્શન | ૨૦૩ |

| | |
|---|---|
| બ્રહ્માની મહેરબાનીથી બ્રાહ્મણોનું જગત્ | ૨૦૫ |
| સમકિતના લક્ષણ | ૨૦૫ |
| ઉત્થિતઅનુત્થિત જીવો | ૨૦૭ |
| ત્રિપદીના આધારે પ્રવચન | ૨૦૮ |
| ધર્મની કષ છેદ અને અગ્નિથી પરીક્ષા | ૨૧૪ |
| બૌદ્ધોના ક્ષણિકવાદનું ખંડન | ૨૧૫ |
| સર્વ તીર્થંકરોની એકજ પ્રરૂપણા | ૨૧૬ |
| ગોશાલાનો મતપડદો | ૨૧૮ |
| ક્ષાયોપશમિક ભાવ અને ઔદયિકભાવ | ૨૨૦ |
| ૧૫૮માં ત્રણ પ્રકૃતિજ શુભ | ૨૨૧ |
| કાળનું અનાદિઅનંતપણું | ૨૨૫ |
| વર્તમાન કાળમાં જઘન્ય ઉત્કૃષ્ટ તીર્થંકરો | ૨૨૬ |
| અહિંસા એજ સમકિત | ૨૨૮, ૨૩૭ |
| અનેક પક્ષો હોય ત્યાં સાચો કયો માનવો ? | ૨૩૧ |
| ઘર ફૂટે ત્યારે શું કરવું ? | ૨૩૪ |
| મેળવવાની ચીજો કઇ અને કેટલી ? | ૨૩૫ |
| પ્રભુપૂજામાંની હિંસાનું શું ? | ૨૩૮ |
| શત્રુના વધ કરનારને દેવ માનવા ? | ૨૩૮ |
| સમકિતીજ ૧૦ પૂર્વ પૂરા તો ભણી શકે | ૨૩૯ |
| અર્ધમાગધી ભાષા | ૨૪૨ |
| પ્રભુના વચનનો મહિમા | ૨૪૩ |
| ઢંઢેરો ન માને તો આસ્રવ | ૨૪૩ |
| **જૈન શાસનનો ગુરુમંત્ર ઢંઢેરો** | **૨૪૫** |
| ઢંઢેરાની ભાષા સર્વ જાણે તેવી | ૨૪૬ |
| અહિંસાના રક્ષણ માટે સત્ય આદિ વ્રતો | ૨૪૮ |
| મનુસ્મૃતિમાં માંસાહારની અને દારૂ પીવાની છૂટ | ૨૪૮ |

નવ તત્ત્વોમાં અજૈનો કેટલા માને? ૨૪૯
'મોક્ષજ મળે' અને 'મોક્ષ પણ મળે' ૨૫૦
અજૈનો કર્મબંધ માને તો લીલાને ધક્કો પહોંચે ૨૫૧
ઢંઢેરાને કોણ માની શકે? ૨૫૨
જીવઅજીવનું નિરૂપણ ૨૫૫
આસ્રવ–સંવરનું નિરૂપણ ૨૫૬
મોક્ષમાર્ગનો નિશ્ચય તે સમ્યક્ત્વ ૨૫૯
આત્માને આનંદમય બનાવવાનો રસ્તો ૨૫૯
ઢંઢેરો ન માનવો તે મિથ્યાત્વ ૨૬૦
લોકસ્થિતિ, ધાર્મિક સ્થિતિ અને પરમ ધાર્મિક સ્થિતિ ૨૬૧
વિરતિ એટલે શું? ૨૬૨
કષાયોનું વર્ણન ૨૬૨
પ્રમાદ અને યોગ ૨૬૪

## ષોડશક પ્રકરણની અનુક્રમણિકા

સગીર કોણ? ૧
જીવનું સ્વરૂપ ૨
સગીરના વાલી તીર્થંકર ૪
સગીરના ત્રણ ભેદ ૭
ધર્મની કિંમત ને જરૂર ૭
ધર્મના ત્રણ પરીક્ષકો ૧૨, ૩૫
અજૈનોની જીવાદિ માન્યતા ૧૪
ન વિરમે તે ડૂબે ૧૯
મનુષ્યપણા પછી ઉદ્યમજ ૨૫
લિંગ, વર્તન અને તત્ત્વથી પરીક્ષા ૨૬, ૩૫
મનુષ્યભવની મુશ્કેલી ૨૮

'આળસ' કાઢિયો ૨૯
ઈશ્વર સુખી દુઃખી કરતો નથી ૩૦
તીર્થંકરો બતાવનાર છે.
ધર્મી ઘણા કે પાપી? ૩૩
ધર્મને સૂક્ષ્મબુદ્ધિથી તપાસો ! ૪૬
આપણે જેલમાં કે મહેલમાં? ૫૩
જીવે ભાડે રાખેલો પ્લોટ ૫૫
ધર્મીએ કરવાની ત્રણ વસ્તુ ૫૭
મોક્ષમાર્ગના ઓર્ડો ૫૮
ઇરિયાવહિયાનો દંડ કોના માટે? ૫૯
બાહ્ય સંયોગિક સુધારાને દેખનાર બાળક ૬૨
માર્ગાનુસારી બુધ ૬૪
તત્ત્વને તપાસે તે પંડિત ૬૭
જૈન અજૈન દૃષ્ટિએ ધર્મસ્વરૂપ ૭૩
પંડિત કોણ? ૭૯
ગોચરી વિહાર આદિ અસાર છે? ૭૯
જન્મવા છતાં કર્મ ન બાંધવું એ હાથની વાત છે ૮૩
ધર્મ કયાં મળે? ૮૬
ગુરુની પરીક્ષા ૮૮
તપ અને મનુષ્યભવ ૯૩



# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | ઓળ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૦ | ૧૨ | ક્ષાયક | ક્ષાયિક |
| ૧૬ | ૨૬ | સત્રૂથી | શત્રુથી |
| ૨૧ | ૧૯ | સુકાયું | સુકાયો |
| ૨૨ | ૧૩ | જણાવશે | જણાવાશે |
| ૨૮ | ૧ | કાચનો | કાચને |
| ૩૬ | ૧૯ | ખારબ | ખરાબ |
| ૪૦ | ૧૨ | જન | જૈન |
| ૪૩ | ૧૮ | જણાવશે | જણાવાશે |
| ૪૫ | ૧૧ | જગ | જગ- |
| ૫૪ | ૧૬ | પ્રયશ્ચિત્ત | પ્રાયશ્ચિત્ત |
| ૭૬ | ૧૮ | માત | મતિ |
| ૮૦ | ૨ | દષ્ટાંત | દૃષ્ટાંત |
| ૮૦ | ૨૪ | વ્યવાસ્થત | વ્યવસ્થિત |
| ૮૧ | ૨૪ | અહીં | અમે |
| ૮૩ | ૨૪ | દર્શનાક્રિયા | દર્શનક્રિયા |
| ૮૫ | ૧૧ | આચાર્યાદિ | આચાર્યાદિ ત્રણની |
| ૮૭ | ૩ | સમાકત | સમકિત |

| | | | |
|---|---|---|---|
| ૯૬ | ૪ | થવાવાળો | થવાવાળા |
| ૯૬ | ૨૨ | ચરિત્ર | ચારિત્ર |
| ૯૮ | ૨૩ | ક્રિયા—ચારત્ર | ક્રિયા-ચારિત્ર |
| ૯૯ | ૧૨, ૧૫ | માલિકી | માલિક |
| ૧૦૧ | ૨૧ | જણાવશે | જણાવાશે |
| ૧૦૩ | ૧૫ | થાએ | થાઓ |
| ૧૦૫ | ૧૧ | પાદ્ગલિક | પૌદ્ગલિક |
| ૧૦૬ | ૭ | ગેશાળાના | ગોશાળાના |
| ૧૦૬ | ૧૬,૧૮ | તેજોલસ્યા | તેજોલેસ્યા |
| ૧૧૦ | ૨૦ | તેમને | તેમણે |
| ૧૧૧ | ૩ | જણાવશે | જણાવાશે |
| ૧૨૪ | ૯ | સવે | સર્વે |
| ૧૨૬ | ૧૬ | યજ્ઞમા | યજ્ઞમાં |
| ૧૨૮ | ૧૨ | અનિ થી | અનિષ્ટથી |
| ૧૩૮ | ૧૩ | હ | હવે |
| ૧૪૨ | ૨૫ | ત્યારે | ત્યારે |
| ૧૫૩ | ૧૮ | પોટાવ છે | પોટાવે છે |
| ૧૫૩ | ૧૯ | ધુઓ | સાધુઓ |
| ૧૫૮ | ૪ | ધંધાની | ધંધાની |
| ૧૬૦ | ૨૪ | કાંતિવાળા | કાંતિવાળો |
| ૧૬૫ | ૧૨ | ન પામી ન | ન પામી |
| ૧૬૫ | ૧૭ | અંકુસ | અંકુર |
| ૧૬૫ | ૧૮ | તે તો | તો |
| ૧૭૫ | ૯ | મનાવે | મનાશે |
| ૧૭૭ | ૧૯ | કાદાચિત્કનો | કાદાચિત્કનો |
| ૧૭૮ | ૭ | બંનેનુ | બંનેની |

| | | | |
|---|---|---|---|
| ૧૯૨ | ૧ | ખરો | ખરા |
| ૧૯૨ | ૧૦ | ઢંઢોરો | ઢંઢેરા |
| ૧૯૫ | ૨ | કેયાં | કયોં |
| ૧૯૫ | ૨૧ | બનવનાર | બનાવનાર |
| ૨૧૦ | ૧ | રવપરનો | સ્વપરનો |
| ૨૧૩ | ૧૧ | શ્રદ્ધય | શ્રદ્ધેય |
| ૨૧૮ | ૨૩ | પોતના | પોતાના |
| ૨૨૨ | ૨૨ | સૂત્રના | સૂત્રની |
| ૨૨૩ | ૩ | આ આત્માને | આત્માને |
| ૨૨૫ | ૧૦ | પ્રવર્ત્યં | પ્રવર્ત્યું |
| ૨૩૫ | ૧૩ | છે. | છે |
| ૨૩૫ | ૨૨ | આત્મા | આત્માને |
| ૨૩૮ | ૧૩ | શત્રુના | શત્રુનો |
| ૨૩૯ | ૫ | क | क् |
| ૨૪૧ | ૩ | કાઢેલા | કાઢેલો |
| ૨૪૧ | ૧૮ | માનપણે | મૌનપણે |
| ૨૫૪ | ૧૪ | પા | પાત્ર |
| ૨૫૯ | ૩ | વિવે | વિવેક |
| ૨૬૧ | ૧૩ | પાતાની | પોતાની |
| ૨૬૨ | ૮ | અવિરિત | અવિરતિ |
| ૨૬૪ | ૧૩ | મથ્યાત્વ | મિથ્યાત્વ |
| ૨૬૪ | ૧૬ | કર્મસહિત | કર્મરહિત |

रु. बे हजार ज्ञानखाते आपनार



शेठ मोटाजी रघुनाथजी
लाकडना बेपारी भवानी पेठ पूना २.

णमोऽत्थु णं भगवओ सुहम्मसामिस्स

# શ્રીઆચારાંગસૂત્ર

( અધ્યયન ૪ : સમ્યક્ત્વ )

વ્યાખ્યાન સંગ્રહ : ભાગ ૨

: દેશનાકાર :

આગમોદ્ધારક આચાર્ય શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી

## વ્યાખ્યાન ૨૧

अनादिमिथ्यादृष्टेरकृतत्रिपुञ्जस्य यथाप्रवृत्तकरणक्षीणशेषकर्म्मणो देशोनसागरोपमकोटिकोटीस्थितिकस्यापूर्वकरणभिन्नग्रन्थेर्मिथ्यात्वानुदयलक्षणमन्तरकरणं विधायानिवृत्तिकरणेन प्रथमं सम्यक्त्वमुत्पादयत औपशमिकं दर्शनम्, उक्तं च—

"ऊसरदेसं दड्ढेल्लयं च विज्झाइ वणदवो पप्प। इय मिच्छत्ताणुदए उवसमसम्मं लहइ जीवो ॥१॥" उपशमश्रेण्यां चौपशमिकमिति १ (आचा. टी. पृ. १७६)

## રોકડિયો અને ઉધારિયો વ્યાપાર

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ **આચારાંગ**સૂત્રના ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા કે–ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ જગતના ઉદ્ધારને માટે ભવોભવથી તૈયાર થયેલા હોય છે. આગળ આપણે સામાન્ય કહી ગયા છીએ કે–એક ભવની મહેનતે સિદ્ધપણું, આચાર્યપણું, ઉપાધ્યાયાદિપણું મળે પણ જિનેશ્વરપણું એક ભવની મહેનતથી ન જ મળે. આ ભવમાં જો મહેનત કરે તો તેથી સિદ્ધાદિ ચારે પદો મળે એટલે એક ભવની મહેનતનાં તે ફળો છે, પણ જે અરિહંત-પદ તે તો એક ભવની મહેનતથી ન જ મળે. તીર્થંકરપણું એ એવી વસ્તુ છે કે મહેનત બીજે ત્યારે ફળ પણ બીજે. એટલે એક ભવની મહેનતથી ફળ તો બીજા જ ભવમાં મળે. અહીં સિદ્ધાદિ માટે ફળ બીજા ભવમાં નથી પણ મહેનતની સાથે ફળ પણ તે જ ભવમાં છે. માત્ર આરહંતપણા માટે આમ જ એટલે ઉપર કહ્યું તે મુજબ છે. હવે સિદ્ધાદિપણા માટે તો રોકડિયો વ્યવહાર છે. કારણ તે જ ભવમાં ફળ મળે, અને આરહંતપણા માટે તો ઉધારિયો વ્યાપાર ગણાય, કારણ કે ફળ તો બીજા ભવમાં છે.

## કાછિયા અને ઝવેરીના વ્યાપાર વચ્ચે ફરક

હવે આખા બજારમાં વ્યાપાર ઉધારિયો ચાલે. નાણાવટીનો ધંધો–વ્યાપાર હંમેશાં ઉધારિયો જ ચાલે. રોકડિયા વ્યાપારની કિંમત ઓછી છે. તે તો કાછિયા લોકોનું કામ. હવે જેને અંગે મહેનત વધારે તેને અંગે મુદ્દત પણ વધારે. હવે કાછિયાની દુકાને શાક લેવા જાઓ તો બે મિનિટમાં સોદો પતે પણ ઝવેરી કે ચોકસીની દુકાને જાઓ તો વસ્તુ માટે બબ્બે કલાક ટાઇમ કાઢો. કેમ? તો કહો કે વસ્તુની કિંમતના પ્રમાણમાં તેની પાછળ ટાઈમનો ભોગ વધુ આપવો પડે છે.

## પંચ પરમેષ્ઠીમાં અરિહંત-પદની ઘણી મોંઘી કિંમત

હવે પંચપરમેષ્ઠીમાં અરિહંત-પદની કિંમત ઘણી જ મોંઘી છે અને તેથી તે એક ભવમાં ન જ મળે પણ ઓછામાં ઓછા ત્રણ ભવ તો જોઇએ. હવે જેઓ તે તીર્થંકર નામકર્મ બાંધે તેઓ સિદ્ધિને સરાડે લાવે. એટલે વીસસ્થાનક તપ આરાધીને જેઓ તીર્થંકર નામકર્મ બાંધે તે સિદ્ધિને સરાડે લાવે જ. એટલે સંસાર માત્ર જે અનંતો રખડવાનો છે તે સર્વનો વ્યુચ્છેદ કરી માત્ર ત્રણ ભવનો સંસાર બાકી રાખે, ત્યારે જ તીર્થંકર નામકર્મ બાંધી શકે. ત્રણ ભવથી વધારે સંસાર હોય તો તે કર્મ બંધાય જ નહિ. વળી સિદ્ધિને સરાડે લાવે એટલે ત્રીજે ભવેં તારે મને મળવું પડશે. એ નક્કી કર્યા પછી જ તીર્થંકર નામકર્મને નિકાચિત કરે. આ વાત નક્કી કર્યા પછી તીર્થંકર નામકર્મને નિકાચિત કરનારાને ત્રણ ભવ હોય તેથી આગળનો સંસાર ન જ હોય. એવી રીતે જે ભવમાં તીર્થંકરપણું તેનો બીજો ભવ ન હોય, પણ મોક્ષ જ હોય.

### તીર્થંકર નામકર્મ અંગે વધુ સ્પષ્ટીકરણ

આ વાત ક્યારે નક્કી માનવા લાગ્યા ? સિદ્ધિને પ્રથમ સરાડે-ઓસીકે લાવ્યા માટે જ માનીએ છીએ. હવે સિદ્ધિને સરાડે મૂકે ત્યારે જ તીર્થંકર નામકર્મને નિકાચિત કરે. આટલા માટે શાસ્ત્રકારોએ તીર્થંકર નામકર્મ માટે ત્રણ ભવોથી આગળનો સર્વ સંસાર કાપી નાખીને નિકાચિત કરે એમ કહ્યું. હવે આવી તાકાત ત્રીજા ભવમાં હતી. એટલે સંસારનો વ્યુચ્છેદ અને સિદ્ધિને સરાડે મૂકી તો પછી મોક્ષ જ લઈ લેવો હતો ને ? વાત ખરી. મોક્ષ મેળવવામાં વાંધો નહોતો પણ જે તીર્થંકરનો જીવ હોય તે ચાહે તેટલો ભૂખ્યો હોય છતાં બીજાને જમાડ્યા સિવાય પોતે જમે નહિ. ધર્મની પરિણતિવાળો તો ચાહે તેટલા ઉપવાસ હોય તો પણ અતિથિ-સંવિભાગને સ્પર્શ્યા વિના પારણું ન જ કરે. તેમ અહીં તીર્થંકરના

જીવે તો-જગતના જીવોને સિદ્ધિએ લઈ જવા છે માટે તે જગતના જીવોના ઉદ્ધારને માટે પોતે કર્મ બાંધેલ છે. હવે અહીં પોતાને મોક્ષ મેળવવા માટે આ જગતના ઉદ્ધારનું કર્મ બંધાય છે અને તે ત્રીજે ભવે ભોગવાય અને તે ભોગવાયા પછી અવશ્ય મોક્ષ થાય.

## તીર્થંકરના ભવમાં બંધાતાં કર્મો કેવાં હોય ?

હવે તીર્થંકર મહારાજને ઉપદેશ દઈને કંઇ મેળવવાનું નથી. આચાર્ય, ઉપાધ્યાયાદિ ઉપદેશ દઇને ગરજ રાખે છે. શાથી ? આ ઉપદેશથી કોઈ ભવ્યાત્મા તરે તો મારાં કર્મોની નિર્જરા થાય. ભવ્ય જીવોને તારવાના વિચારદ્વારા પોતાના કર્મની નિર્જરા થવારૂપ ગરજ એમને છે, પણ તીર્થંકર મહારાજને એવી ગરજ નથી. તેમને તો એક જીવ તરે કે અસંખ્યાત તરે તેથી મતલબ નથી. હવે અહીં કોઈ શંકા કરે છે કે– તીર્થંકરનો જીવ જન્મ્યા પછી અને કેવલજ્ઞાન થયા પહેલાં જે કર્મો બાંધે તે ભોગવવાં તો પડે જ ને ? વાત ખરી, પણ તે કર્મો બાંધેલાં કેવાં તે સમજો. પ્રથમ જેમ આયુષ્ય બાંધેલું હોય તે સોપક્રમ કે નિરુપક્રમ હોય તો તે ગતિમાં લઈ જાય પણ તીર્થંકરના ભવમાં આયુષ્ય પરિવર્તન ન થાય એટલે એમનું આયુષ્ય એવી ચીજ છે કે ફરે નહિ. **દઢપ્રહારી** સરખાએ ગમે તેવાં નિંદ્ય કર્મ કર્યાં છતાં આયુષ્યનો બંધ ન હોતો થયો, કારણ કે તે મોક્ષે જવાના હતા. તેમ અહીં આ જીવ પ્રથમં ભવથી સમકિતવાળો, ત્રણ જ્ઞાનવાળો હોવા છતાં અવિરતિપણે પ્રવૃત્તિ કરે તો પણ તે કેવાં કર્મો બાંધે અગર કેવો સાવચેત હોય ? કહો કે એવું લૂખું કર્મ બાંધે કે જે આગલા ભવને વધારનાર કે ટાંકો મારનાર તો ન જ થાય. નિર્દય એવા **દઢપ્રહારીને** જ્યારે ટાંકારૂપ કર્મ ન થાય તો પછી પ્રભુને તો તેવું કર્મ હોય જ ક્યાંથી ? હવે બાંધે તે એવાં કે તદ્દભવે જ ત્રુટે.

## તીર્થંકર નામકર્મ પછી ત્રણ જ ભવનો સંસાર

હવે ભગવાન્ જિનેશ્વર મહારાજને પ્રથમ ભવમાં સિદ્ધિ હાથમાં

આવેલી છે છતાં તેઓ સબૂરી રાખે છે, કારણ કે ત્રણ ભવ રાખીને બાકીનો સંસાર કાપે તો જ તે તીર્થંકર નામકર્મ નિકાચિત કરે. વધારે સંસારવાળો નિકાચિત ન જ કરે. જ્યારથી નિકાચિત કરે ત્યારથી ભવ ગણાય. પછી દેવ કે નરકનો, એક આંતરાનો ભવ અને પછી તીર્થંકરનો ભવ—આમ ત્રણ ભવની ગણતરી છે. હવે ત્રણ ભવથી વધારે સંસાર કાપ્યો છે તેને ત્રણ ભવનો સંસાર કાપતાં વાર ન લાગે, છતાં અહીં તીર્થંકર નામકર્મ માટે ત્રણ ભવો જોઇએ તેથી ત્રણ ભવથી બાકીનો અધિક સંસાર કાપ્યો.

## ત્રણ ભવ પછી મહેનતનું ફળ મોક્ષ

હવે આચાર્યાદિ ચારે સ્થાનોમાં તે ભવમાં જ મહેનતનું ફળ મળે પણ અરિહંત–પદ માટે તો તે ભવની મહેનત ફળે નહિ. ત્રીજા ભવથી મહેનત શરૂ થાય તો જ તીર્થંકરપણું મળે. આવી રીતે જગતના ઉદ્ધાર માટે જેણે અનેક ભવોથી મહેનત કરી, વળી જેણે સિદ્ધિને રોકી છે એમ કહીએ તો ચાલે. કારણ ? ત્રણ ભવ રાખ્યા છે તેથી.

## આગળપાછળ જોતાં શીખો

હવે તે તીર્થંકર જગતને તારવા માટે કયો રસ્તો બતાવે ? તો કહે છે કે–મહાનુભાવ ! આગળપાછળ જોતાં શીખો. હું ઉદ્ધારને માટે જો કોઈ વાક્ય કહું તો આ એક જ. કયું ? તો કહે છે કે આગળપાછળ જોતાં શીખો. કોની આગળ ? તો કહે છે કે શરીરની નહિ પણ તમારા આ મનુષ્ય-ભવની આગળપાછળ જુઓ, તો જ તમો સન્માર્ગે આવી શકશો. જો તમે ભવની આગળપાછળ જોનારા નહિ બનો તો તમોને સન્માર્ગ મળવો મુશ્કેલ છે. હવે જ્યારે તમો જોનારા બનશો ત્યારે ખ્યાલ આવશે કે હું ચક્કરમાંથી આવ્યો છું અને ચક્કરમાં હજુ ઘૂમવાનો છું. આ સંસારચક્રનો ખ્યાલ ત્યારે જ આવે કે જ્યારે નજર ભવની આગળપાછળ નાખો.

## ભયને પિછાની બચવા ઉદ્યમ કરો

હવે જે ભયને પિછાને તે જ બચવાનો ઉદ્યમ કરે. હવે તમો તમારા આત્માને ચક્કરમાં પડેલો જાણો નહિ, અગર ભાવીમાં પડશે એ જાણો નહિ, તો બચવાનો ઉદ્યમ ન કરો. પણ પ્રથમ ચક્કરને જાણવું જોઈએ અને તે જણાવવાનું મારું પોતાનું કામ છે.' આમ તીર્થંકર ભગવાન કહે છે. હવે તમે સાવચેત ન થાઓ તો ભવિષ્યમાં તમારા ઉપર ચક્કર ફરી વળશે. કયું ચક્કર? છયે કાયના જીવોને જીવોરૂપે જાણ્યા નહિ, માન્યા નહિ, ગણ્યા નહિ, તેમજ તેને લાયકની પ્રવૃત્તિ ન કરી એટલે સર્વ પ્રાણીઓ, જીવો, ભૂતો, સત્ત્વો એ તમારા સરખા છે તેથી તેને હણવા નહિ, પીડા કરવી નહિ; હુકમ કરવો નહિ તેમજ તાબે પણ ન કરવા. આવો જગતનો સામાન્ય નિયમ છે.

## મિથ્યાત્વના મેલરૂપ પડવાળો આત્મા

આમ છતાં અસર કોને થાય? જેમ કાચ ચોખ્ખો છતાં પ્રતિબિંબ કયારે પડે? ઉપર મેલ ન હોય તો. કાચ સ્વભાવે ચોખ્ખો છતાં છાણાની રાખના લેપવાળા કાચમાં કંઈ પ્રતિબિંબ ન પડે. તેમ આ આત્મા સ્વભાવે ચોખ્ખો છતાં પોતાને અજ્ઞાન કે મિથ્યાત્વનો મેલ હોય તો પોતાપણું ન દેખી શકે. પણ પોતાપણું જાણે કયારે? મિથ્યાત્વનો મેલ અને અજ્ઞાનનો લેપ ખસે ત્યારે જ જોઈ શકે. આ આત્મારૂપ આરસાની માલિકી આપણી પોતાની છે. તે જોવા માટે સાધન આંખ પણ આપણી જ છે. મુખ પણ પોતાનું છે, છતાં કાચ ઉપર લેપ લાગેલ હોય તો દેખી ન શકાય. તેમ અહીં આત્માને મિથ્યાત્વના મેલરૂપ પડ અને અજ્ઞાનનો લેપ જોવા ન દે.

## તીર્થંકરનો શુદ્ધ ઉપદેશ અને આપણો મલિન આત્મા

જિનેશ્વર મહારાજનો શુદ્ધ ઉપદેશ એ છે કે–જીવ છે. શુદ્ધ સ્વરૂપ છે.' સારાપણાની જીવને ઇચ્છા છે. ઉપદેશ પણ સારો છે. આમ

છતાં આ જીવ તે ધારી શકતો નથી. આત્મામાં રહેલું શુદ્ધ સ્વરૂપ જોવા આત્મા માગે છતાં ન જ દેખી શકે તેનું કારણ શું ? તો કહે છે કે—આ આત્મા ઉપર લેપ લાગેલો હોય તો તીર્થંકર મહારાજ કહે તો પણ આત્માનું શુદ્ધ સ્વરૂપ ન જોઈ શકીએ. હવે જોવાય ક્યારે ? લેપ કે પડ ખસે ત્યારે. આસ્સામાં તાકાત એવી છે કે પર્વત, ગામને પણ ઝડપી લે, પણ લુગડું ખસેડવાની તાકાત તેની નથી. હવે જો આ આત્મા નિર્મળ હોય તો પણ તેને લાગેલ મેલ કાઢવો તેને મુશ્કેલ પડે છે. એટલે આત્મા તાકાત ધરાવે છે છતાં તે પટને ખસેડી શકતો નથી.

## 'લેવું લેવું' નું અનાદિ કાળનું દરદ

હવે પટનું ખસવું તેનું નામ જ સમ્યક્ત્વ. તેના ત્રણ ભેદો કાલે જણાવ્યા છે. ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક. હવે ઊલટીના દરદવાળાને પ્રથમ ઊલટી બંધ કરવાની દવા આપવી પડે. જઠરા નરમ થયેલી હોય તો તેને દીપ્ત કરવા દવા પીવી પડે. તેમ આ આત્માને અનાદિ કાળથી ઊલટીનું દરદ છે. આથી તેને ત્યાગ રુચતો જ નથી. ઊલટીના દરદવાળાને એલચીનો દાણો ન ટકે. તેમ 'લેવું, લેવું' એ જ સિદ્ધાંત જેનો અનાદિનો હોય તેને 'છોડું' એ શબ્દ ક્યાંથી સાંભળ્યો હોય ? અને તે રુચે પણ કેમ ? ધનમાલ, સ્ત્રીકુટુંબ આદિ છૂટે તે ન ગમે. તેથી અનાદિથી ત્યાગ શબ્દની ઊલટી આ જીવને રહેલી છે. ઊલટીના દરદવાળાનો કોઠો વાયુથી ભરાય તેમ અહીં 'લાવ અને લેઉં'ના વાયુથી ભરાયેલો આ જીવ છે. કીડી પણ દાણા લાવીને દરમાં ભેગા કરે પણ તે ખાવાની કયા જન્મમાં ? કહો કે ખાય કે ન ખાય પણ 'લાવ, લેઉં' વિચાર અનાદિનો રહેલો જ છે. ત્યાગ તો અંશમાત્ર પણ જીવને રુચતો નથી. કહો કે અનાદિ કાળથી 'લાવ, લેઉં'ના વાયુથી કોઠો ભરાયેલો છે તેને ત્યાગનો શબ્દ ક્યાંથી રુચે ?

## જીવનના અંતે તો સર્વ છોડવાનું છે

હવે આવા સમયે તીર્થંકર મહારાજનો ઉપદેશ સાંભળવા મળે તેમાં જણાવે કે–આ 'લાવ, લેઉં' તું સુખ માટે કરતો હોય તો તે સુખ ક્યાં સુધી તેની હદ તો તપાસ. 'લાવ, લેઉં' કરીને મેળવેલી ચીજ આ જીવનની આગળ તો રહેવાની નથી. તને છોડવું ગમતું નથી પણ છૂટવાનું તો લખેલું છે. તને તો એક પણ છોડવાનું નથી ગમતું પણ આ જીવનની પેલી પાર તો આ સર્વ છોડી દેવું પડશે. નખનો એક અગ્રભાગ પણ છોડવો ન ગમે પણ લખાઇ ગયું છે કે જીવનના અંતે સર્વ છોડવાનું છે. હવે જેના અંગે તું 'લાવ, લેઉં' કરે છે તે સર્વ અહીં છે. પછી જવાબ કોણ આપશે? માટે મહાનુભાવ! તેમાં સુખનો રસ્તો નથી. સુખનો રસ્તો તારી પાસે છે. ભવ પલટે પછી પોતે ન પલટાય તેવી ચીજ આત્માના સ્વભાવની છે. અનંતા ભવો કરે પણ સ્વભાવમાં પલટો ન થાય.

## જિનેશ્વરનો ઉપદેશ રુચે ત્યારે શું થાય?

હવે 'લાવ, લેઉં' છોડી દે. આવો જિનેશ્વરનો ઉપદેશ સાંભળવામાં આવે અને રુચે ત્યારે થાય શું? 'લાવ, લેઉં'ની જે ખરાબ બુદ્ધિ હતી તે બંધ થાય. એટલે હેય પદાર્થો–છાંડવા લાયક પદાર્થોને આદરવાની બુદ્ધિ અને આદરવા લાયક પદાર્થોને છોડવાની બુદ્ધિ એટલે ત્યાગથી ભાગવાની બુદ્ધિ પ્રવર્તેલી હતી, તેના ઉપર અંકુશ પડે. હવે પ્રથમ અંકુશ મૂકાય ત્યારે સ્થિતિ કેવી હોય? આપણે અણસમજુ હોઇએ છીએ ત્યારે ભોગમાં સુખ જ માનીએ છીએ. હવે ત્યાગને માને ત્યારે સમજવું કે પ્રથમ સમ્યક્ત્વ.

## પ્રથમ જન્મેલા બચ્ચા જેવું કોમળ સમ્યક્ત્વ

પ્રત્યેક દરદ શમે ખરું પણ જેમ ગૂમડાની રૂઝ આવે પણ પાછો તેને નખ વાગે તો એ પાકે અને ચામડી ફાટે, તો પાછી રસી આવે, પણ બરોબર રૂઝાયા પછી પાકવા આદિનો ભય ન હોય. પ્રથમ રૂઝ

તે કોમળ હોય. પ્રથમ બચ્ચું જન્મે તો કોમળ જ હોય. બરછટ પદાર્થનો સ્પર્શ ન ગમે. અરે, ઉપવાસના પારણે પણ કોઠો કોમળ હોય. તેમ અહીં સમ્યક્ત્વ પામવાવાળા જીવનું સમ્યક્ત્વ પણ કોમળ હોય. કોમળ કેમ? ગૂમડું જેમ રૂઝેલ છે તે માત્ર પાક બંધ થવા પૂરતું છે પણ ચામડીમાં તો તાકાત હજુ આવી નથી. છોકરો જન્મ પામ્યો પણ શરીરની મજબૂતી નથી. પારણું થયું પણ કોઠાની મજબૂતી નથી. તેમ અહીં ઔપશમિક સમ્યક્ત્વ એટલે સમકિતનો ગુણ જ નહિ એમ કહીએ તો ચાલે. તો પછી સમકિત કેમ? તો કહે છે કે મિથ્યાત્વરૂપી અવગુણ નથી માટે સમકિત. હવે જે મિથ્યાત્વનો અવગુણ હતો તે બંધ છે. ઊલટીના દરદમાં પ્રથમ જાયફળ પાયું તે શરીરને પોષણ ન જ આપે, પરંતુ એમાં એ તાકાત છે કે ઊલટીનો વિકાર જે વાયુના લીધે હતો તે બંધ કરી દે. તેમ અહીં સમકિત આવ્યું કે મિથ્યાત્વનો વિકાર તૂટયો.

## ઔપશમિક સમ્યક્ત્વની ઓળખાણ

હવે અહીં સમકિતનો ગુણ કેમ નથી? તો કહે છે કે સમકિત, મિશ્ર–મોહનીય નથી. તેમ મિથ્યાત્વ–મોહનીય તો પડેલું જ છે. હવે જાયફળ લેતાંની સાથે તુરત ઊલટી બંધ ન થાય પણ વાયુ ઉપર જોર કાઢે. ઓડકાર, વાછૂટ આદિ દ્વારા વાયુ કઢાશે. પ્રથમ તો જાયફળના ક્વાથથી વાયુનો ઉછાળો રોકાય. તેમ અહીં ઔપશમિક સમ્યક્ત્વના સમયે મિથ્યાત્વ તો તેમ જ પડેલું છે, વેદવાનું બંધ છે, માત્ર ઉછાળો બંધ કરાય છે. અનાદિ કાળથી જીવ મિથ્યાત્વી હોય છતાં પ્રથમ મિથ્યાત્વનો વિકાર દબાય ત્યારે જ સામાન્ય રીતે ઔપશમિક સમ્યક્ત્વ થાય.

## ઊલટી રોકનાર જાયફળરૂપ જિનવચનો

હવે વાયુનું દબાણ થાય એટલે તે ત્રણ પ્રકારે નીકળે જ. વાછૂટ, ઓડકાર કે પેશાબથી નીકળે જ. તેમ અહીં મિથ્યાત્વનો વિકાર દબાય એટલે તેના પણ ત્રણ ભાગો પડે જ. હવે વાછૂટદ્વારા નીકળે તો

નિરાંત, ઓડકાર કે પેશાબથી તેટલી નિરાંત ન ગણીએ. હવે મિથ્યાત્વ-મોહનીયના ત્રણ ભાગ કરીએ. તેમાં જે શુદ્ધ તે સમકિત, અર્ધશુદ્ધ તે મિશ્ર, અને હતા તેવા રહેવા દે તે મિથ્યાત્વ. હવે પેશાબ-દ્વારા કે ઓડકારદ્વારા જે વાયુની ગતિ થાય તેનાથી તે પાછો ઊભો થવાનો ભય, પણ વાછૂટદ્વારા નીકળેલ વાયુ પુનઃ ઊભો ન જ થાય. તેમ અહીં પણ મિથ્યાત્વનાં પુદ્‌ગલોનાં ત્રણ ભાગ પડે છે. ક્યારે? તો કહે છે કે-જેમ જાયફળના ક્વાથે ઊલટી રોકાય તો જ ભાગ પડે. હવે ઓડકાર, પેશાબ કે વાછૂટદ્વારા ખુલાસો ક્વાથ લે તો જ થાય. હવે વાયુના જેમ વિભાગ થાય છે તેમ આ જીવ જ્યારે જિનેશ્વરનાં વચનોરૂપ જાયફળ પામે અને મિથ્યાત્વવાયુના ત્રણ ભાગ કરે ત્યારે જ આ સમ્યક્ત્વના ભાગો પડે.

## ક્ષાયક અને ક્ષાયોપશમક સમ્યક્ત્વ

હવે જેમ ખારી જમીનમાં આવેલો દાવાનલ ચૂપ રહે તેમ અહીં પણ ઔપશમિક સમકિત પામે તે મિથ્યાત્વનો ઉદય નથી એથી જ. હવે મિથ્યાત્વનો ઉદય ન હોય તે રૂપ જે સમકિત આવે તેનું નામ જ ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય. તે આવતાંની સાથે ત્રણ ભાગો કરે. શુદ્ધ, મિશ્ર અને અશુદ્ધ-એનાં જ નામો સમકિત-મોહનીય, મિશ્ર અને મિથ્યાત્વ-મોહનીય, એ ત્રણ નામે ભેદો છે. ઊલટીના દરદવાળાને જાયફળથી આરામ થાય પણ જો કુપથ્ય આવે તો પાછી ઊલટી થતાં વાર ન લાગે, તેમ આ ઔપશમિક સમ્યક્ત્વની સ્થિતિ એવી છે કે જો સીધે રસ્તે જાય તો મોક્ષે પહોંચે પણ જો કુરસ્તે જાય તો પાછો ગબડે. હવે ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પણ છે. સીધે રસ્તે પહોંચાડે તે ક્ષાયિક અને વચ્ચે પાડે, વળી વચ્ચે ઊંચે ચઢાવે તેનું નામ ક્ષાયોપશમિક. આવી રીતે આ ત્રણ પ્રકારનાં સમ્યક્ત્વ કહ્યાં. તેમાં પ્રથમ ઔપશમિક શું કામ કરે અને તેનાથી શું ફાયદો ઉઠાવવો તે વગેરે જણાવી, ક્ષાયિક અને ક્ષાયોપશમિકથી શું કામ થાય તે વગેરે અધિકાર અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન: ૨૨

## તમે તમને સમજો

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન **શીલાંકાચાર્યજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ** સૂત્રના ચોથા અધ્યયનની વ્યાખ્યા કરતાં થકા આગળ જણાવી ગયા કે હરેક તીર્થંકરના શાસનમાં તીર્થંકર મહારાજાઓ પહેલવહેલાં જે ઉપદેશ કરે છે તેમાં એ કહે છે કે-**તમો તમને સમજો.** આ જીવ આખા જગતને-પદાર્થોને સમજવાનું કરતો આવ્યો છે પણ પોતાને માટે વિચાર કરવાનો પ્રસંગ આવ્યો જ નથી. તેને શરીર, ધન, માલ, ઇન્દ્રિય, કુટુંબ-કબીલાનો વિચાર કરવો સાંપડ્યો છે પણ પોતાનો વિચાર કરવો સૂઝયો જ નથી. હવે બીજાના વિચાર માટે શીખવવાની જરૂર નથી. કૂતરીને કે વાઘણને કોઇ શીખવતું નથી કે તારા બચ્ચાંને તું ધવડાવ. અરે ! જાનવરનાં બચ્ચાંને તો તેના મુખને પકડીને પણ મનુષ્ય ધવડાવે, પણ વાઘણના બચ્ચાંને પકડીને ધવડાવતાં કોણ શીખવે ? અર્થાત્ શરીર, ઇન્દ્રિયાદિને પાળવાનાં સાધનો તો જીવ આપોઆપ કરી લે છે તેમાં ઉપદેશ કે શિખામણની જરૂર પડતી નથી. ' નાના બચ્ચાંને દુ:ખ થાય કે તે રડે અને સુખ મળે કે રાજી થાય.' એ કોણ શીખવે છે ? કહો કે એ બાજી તો અનાદિથી વગર ઉપદેશે આવે છે.

## હું કોણ ચીજ છું ?

હવે આત્માને જાણવાની બાજી તો શીખવેલ પણ આવતી નથી. તેથી તીર્થંકર જણાવે છે કે-પોતાના આત્માનું જ્ઞાન થવું તે મુશ્કેલ છે. દુનિયાદારીના પદાર્થો જાણવા માટે તેટલી મુશ્કેલી નથી અર્થાત્ શરીરાદિને અંગે જે જે જરૂરી સ્થિતિ તે તો જાનવરને પણ મળી જાય અગર તે મેળવી લે, પણ પોતાને જાણવો તે જ્ઞાન

કોઇ ધારણ કરતું નથી. કોઇ ભાગ્યશાળી હોય તે જ તેવું જ્ઞાન ધારણ કરી શકે. કોઇ ભાગ્યશાળીને જ વિચાર હોય કે હું કોણ ચીજ છું ? સહીઓ કરે પણ તેણે સમજવું જોઇએ કે આ કોણ ? જેના નામની સહી કરે તેની ઓળખાણ ન હોય તો તે સહીની કિંમત શી ગણવી ? હવે સુખી, દુઃખી એ પોતે જાણે ખરો, પણ હું તે કોણ ? તેનો ખ્યાલ નથી. અર્થાત્ કેટલાક ભાગ્યશાળીઓને ખ્યાલ હોય પણ કેટલાકોને તો તેનો ખ્યાલ જ નથી; માટે તીર્થંકર ઉપદેશ આપે છે કે તું કોણ તે ઓળખ.

## વાયરા સમાન અપ્રતિબદ્ધ આત્મા

હવે કદાચ તું દેવદત્ત, પણ તે પચીસ કે પચાસ વર્ષ સુધી પણ તે પહેલાં તું નહોતો અને તેથી આગળ તું રહેવાનો નથી ? હવે કહે કે-તું આ પચાસ વર્ષ સુધીનું જ જીવન માને છે ? દેવદત્તના જીવનથી પચાસ વર્ષ, પણ જીવ કંઈ પચાસ વર્ષનો નથી. તું દેવદત્ત હોય તો જેટલો વખત તું રહે તેટલો વખત દેવદત્ત રહે જ, પણ અહીં દેવદત્ત નામ તો પચાસ કે સો વર્ષ સુધી બોલાશે, પણ તે નામના નાશથી તારો નાશ નથી જ ? હવે જેની ઉત્પત્તિએ જેની ઉત્પત્તિ કે જેના નાશે જેનો નાશ હોય તે ઠીક પણ અહીં તેવું નથી. તેં તો માત્ર ભાડૂતી દેવદત્તપણું લીધું છે. જેમ હવા પૂર્વથી નીકળી પશ્ચિમ તરફ ચાલી જાય, ઉત્તરથી નીકળે અને દક્ષિણના છેડા સુધી ચાલી જાય, એટલે જેમ હવા-પવન અપ્રતિબદ્ધપણે ચાલી જનાર છે, તેમ આ જીવ વાયરાની માફક કોઈ સ્થાનના સંબંધવાળો નથી. જેમ પવનને ઓળખાવવા દિશાસૂચન કરવું પડે છે તેમ અહીં જીવને ઓળખાવવા માટે ઉત્પન્ન થવાનું સ્થાન-કુટુંબકબીલો આદિ કંઈ નિયત નથી, પણ જે વખતે જે ભવમાં ઉત્પન્ન થયો તેટલા માત્રથી તે ભવનો ગણાય છે, માટે પ્રથમ આત્માને ઓળખવા માટે કહે છે કે 'તું તને ઓળખ.'

## પાંજરાને ઘર માનનાર પોપટ [1]

હવે જેમ કાલે કહ્યું તેમ મુનીમ શેઠના નાના છોકરાને તેની માલમિલકત બતાવે ત્યારે મિલકતની વ્યવસ્થા સૂઝે, તેમ આ આત્મા આપણી જ માલિકીનો છે, તે ભગવાન જિનેશ્વરની માલિકીનો નથી, છતાં તેની માલિકીની ખબર ન હોય તો વ્યવસ્થા શી રીતે બને? માટે કહો કે ખબર પડે તો જ વ્યવસ્થા થાય. પ્રથમ વ્યવસ્થા ન કહી, તેમાં કારણ એ જ કે મિલકતની ખબર જ નહોતી. જેમ શેઠિયાનો છોકરો લાખોની મિલકતનો માલિક છતાં, કેઇ જગ્યાનો કબજાવાળો છતાં, તેની માલિકીની ખબર ન હોય તો તેની કંઇ પણ વ્યવસ્થા ન જ કરી શકે, તેમ આ જીવ આ પંચ ભૂતમય માટીના પાંજરામાં રખડ્યા કરે છે, પછી ચાહે એકેંદ્રિયથી લઈ પંચેંદ્રિયની જાતિમાં કે ચારે ગતિમાં રખડે, છતાં ત્યાં પોતે સમજે છે કે—હું તેનો માલિક છું. જેમ પોપટ પાંજરામાં હળી જાય એટલે પાંજરાને ઘર સમજે. લગાર બહાર ભય લાગે તો પાંજરામાં ઘૂસે. ખરેખર જુઓ તો પાંજરું પોપટ માટે તો કેદ જ છે, છતાં તે તેની સાથે હળી ગયેલો હોવાથી પાંજરામાંથી બહાર નીકળવું તે તેને મોત લાગે. તેમ આ જીવ શરીરરૂપી પાંજરા સાથે હળી જવાથી તેને બહાર નીકળવું ગમતું નથી. અરે! બહાર નીકળવું તેને એ મોત જ સમજે છે.

## શરીરના રંગઢંગે રંગાયેલો આત્મા

આ જીવના શરીરને અગ્નિ લાગે તો બળે, પાણીમાં ડૂબે તો પોતે પણ ડૂબે. કહો કે જીવરૂપી પોપટ શરીરરૂપી પાંજરામાં પૂરાયેલો છે છતાં તેને કેદ ન માને અને ઊલટો ઘર જ માને. અજ્ઞાન અવસ્થામાં આ બધું કરે. હવે તેને કેદ લાગે ક્યારે? પાંજરાના આધારે જ પોપટનું જીવન છે. પાંજરાના નાશે પોપટનો નાશ છે. તેમ અહીં આ શરીરના રંગ—ઢંગે જીવ રંગાયેલો છે. હાથમાં ચપ્પુ વાગે કે તરત દુઃખ ભોગવાય. આ આત્માને ખ્યાલ નથી કે હું સ્વતંત્રપણે

જંગલમાં વિચરનારો છતાં આ શરીરરૂપી પાંજરામાં પૂરાયેલો છું. તેના માટે ભગવાન્ ઉપદેશ આપે છે કે–બીજું કંઈ મારે કહેવું નથી કે સંભળાવીને સમજાવવું નથી, માત્ર તમો તમને સમજો કે ઓળખો.

## બહિરાત્મા અને અંતરાત્માવાળા જીવો

હવે કેટલાક અજ્ઞાની જીવો–બહિરાત્મા એટલે શરીરને માને. અંતરાત્મા–અંદરના જીવને અને સિદ્ધિપદ પામે ત્યારે પરમાત્મા માને. હવે બહારની ચીજને નુકશાન થાય કે મરી ગયો, તેને લાભ થાય તો રાજી થાય. એવાને બહિરાત્માવાળા જાણવા. હવે વર્તાવમાં મજબૂત ન રહે પણ જાણે ખરા તે અંતરાત્માવાળા. જેમ દારૂડિયાઓ દારૂ પીએ અને તેનો નશો ન ચઢે ત્યાં સુધી તેના દુર્ગુણો ગાઈને કાનપટ્ટી પકડે અને ડાહી વાતો કરે પણ જ્યારે પીએ ત્યારે તે બધું ભૂલી જ જાય, તેમ કેટલાક ડાહ્યા જીવો છે કે જેઓ આત્માનો સ્વભાવ–તેનો નિશ્ચય આદિ જાણે ખરા પણ જ્યાં મોહરાજા આવી પડે ત્યારે તેઓ પણ તેના મૂળ સ્વભાવને ભૂલી જાય.

## સંનિપાતમાં પંડિત અને મૂર્ખ બંને સમાન

હવે પંડિત અને મૂર્ખને સંનિપાત થાય ત્યારે બંને સરખા જ હોય, તેમ આત્માને સમજનારા વાત કરે ત્યારે પૂરી ડાહી કરે. અવિરતિવાળા, દેશવિરતિવાળા તેઓ આત્માને જાણે, માને ખરા છતાં ભાનને ભૂલી જાય. હવે જેમ કહી ગયા છીએ કે એંસી વરસનો ડોસો કહેતો હતો કે પાણીમાં બાચકાં ભર્યાંથી શું કામ થાય? પણ બોલનારને જ્યારે પાણીમાં પડવું થાય અને તે વખતે બાચકાં ભરે ત્યારે પ્રથમનું ડહોળેલું ડહાપણ શું કામ લાગે? હવે સમજુ છતાં કેટલાક જીવો બધું કોરાણે મૂકે તેથી પ્રથમ આત્માને જાણવાનું તીર્થંકરો કહે.

## દયાપાત્ર કોણ અને ઓલંભાપાત્ર કોણ ?

હવે એક વાત ધ્યાનમાં સમજો—અક્કલ 'વિનાનો હોય અને ભૂલ કરે તો તે દયાને પાત્ર પણ જાણકાર ભૂલ કરે તો ઓળંભાને પાત્ર. જેમ આંધળો અથડાય તો તે દયાપાત્ર પણ કોઇ દેખતો અથડાય તો તેને તો કહેવું પડે કે જોતો નથી ?' એમ કહીને ઓળંભો અપાય.

## હિન્દુપણું શી ચીજ છે ?

હવે જે આત્માને જાણે, તેને ગતિપરિણામી માને. અરે ! તેથી જ હિંદુપણું છે. હવે હિંદુપણું શી ચીજ તે અહીં સહેજ સમજાવી દઉં. હિંદુપણું મુસ્લિમોને કેમ કનડે છે અને તેથી મુસ્લિમો તમને કાફર શબ્દથી કેમ નવાજે છે ? **'हिण्डते भवात् भवांतरमिति हिण्डुः'** અર્થાત્ એક ભવથી બીજા ભવે. હિંડનારો જે આત્માને માને તે જ હિંદુ અને તે કુળવાળાઓ તે હિંદુ અર્થાત્ પુનર્જન્મ માને તે જ હિન્દુ.

## મુસ્લિમોની માન્યતા

હવે મુસ્લિમોની માન્યતા એ છે કે—આ ભવ પૂરતું જ સુખદુઃખ છે. મરણ પામશે ત્યારે કબરમાં દાટશે. હવે ન્યાયનો દિન આવશે અને ઇશ્વર ચુકાદા માટે કોર્ટ બેસાડશે ત્યારે આ કબરોમાંથી તે મુડદાં ઊભાં થઇને ત્યાં ન્યાય પામશે. હવે આ રીતે માન્યતામાં જ મીંડું છે. તે કબરમાંથી કોને ઊભા કરશે ? જ્યારે ખોદીએ ત્યારે માટી જ હોય છે. આમ છતાં માની લઇએ કે જેણે સારાં કર્મો કર્યાં હશે તેને તો દેવગતિ પણ ખરાબ કર્મ કરનાર તો દોજખ કે જહન્નમમાં જશે, હવે ત્યાંથી નીકળી તે ક્યાં જશે અને ક્યારે નીકળશે ! તેનો ઉત્તર નહિ આપતાં તરવાર ઉગામશે. કારણ તેના **પયગંબરે** તેથી આગળ કંઇ જણાવ્યું નથી.

## મુસ્લિમો માટે સર્વ દર્શનકારો 'કાફર'

ચોર બી જાગતા શાહુકારને કાફર કહે છે. શાથી? પોતાને પ્રતિકૂળ છે માટે. આથી પુનર્જન્મ માનનારા સર્વે દર્શનકારો મુસ્લિમોને માટે તો પ્રતિકૂળ છે અર્થાત્ 'કાફર' છે.

## આત્માને વળગેલા જુગારખાનાના દલાલો

હવે આ વાતને જતી કરી મૂળ વાતમાં આવીએ-કે આત્મા દરેક જન્મમાં ભટકવાવાળો છે તેથી હિંદુ માને તો પછી જૈનને માનવામાં વાંધો જ શો? પોતાના પુણ્યના ફળો અને પાપની જવાબદારી પોતાને જ ભોગવવાની છે એમ માનવા છતાં સ્થિતિ શી છે? ઉધરસ સજ્જડ થવા છતાં, તેલમરચું ન ખાવા માટે મિત્ર, કુટુંબી કે સજ્જન ના પાડે છતાં, ચાર આંગળની આ જીભરૂપી દલાલણનો ઉત્પાત છે. પેટ ઘરાક છે. અહી આ જીભરૂપી દલાલણને કંઈ લેવાદેવા નથી. આમ છતાં તે આપણું જાણેલું છે તેને ભમાવી દે. ઉધરસ થવાથી તેલમરચાં ખાવાથી નુકસાન થાય એ જાણવા છતાં આ દલાલણ જીભડી આપણને લલચાવે છે. કુટુંબનું કહેલું કહોવડાવી દે છે. વૈદ્યનું બોલવું વહેવડાવી દે છે. આ એક જ ઇંદ્રિય જ્યારે આટલો કાબૂ મેળવે છે તો પછી પાંચ ઇંદ્રિયોનો કાબૂ તમારી ઉપર હોય તો તમારી શી દશા થાય? માટે આ આત્માને આ જુગારખાનાના દલાલો વળગેલા છે તેને જો તમે કબજામાં લો તો જ તમે આત્માને સમજી શકશો અને તમારું ધારેલું કરી શકશો; માટે બીજો ઉપદેશ ભગવાનને એ આપવો પડે છે કે-તમો આ દલાલોને કબજામાં લો એટલે લોકવિજય કરો. ઇંદ્રિયો, ક્રોધાદિ, દંડો, આશ્રવો આદિને કબજામાં લો.

## લુચ્ચા દલાલોથી સાવચેત રહો

હવે લુચ્ચો દલાલ રોજ ગાદીએ બેસતો થયો પછી તેનાથી સાવચેત કેમ રહેવાય? દુનિયાના સો શત્રૂથી બચી શકાય પણ ઘરના

એક શત્રુથી બચવું મુશ્કેલ થઈ પડે. હવે આ ઇંદ્રિયો, આશ્રવો, ક્રોધાદિ તો ઘરમાં ઘૂસેલા છે. તેનાથી બચાય કેમ ? પાડોશીનો છોકરો ખરાબ હોય તો પણ ઘરમાં આવતો રોકાય નહિ, કારણ કે આબરૂદારનો છોકરો છે તેથી ના ન પડાય, તેમ ભરોસે પણ ન રહેવાય, તેથી સાવચેત રહેવું પડે. હવે મન, વચન અને કાયા તેમજ ઈંદ્રિયાદિ જો કે છે લુચ્ચાં, છતાં નોતરેથી આવેલાં છે માટે સાવચેતી રાખવી પડે. એટલે જિનેશ્વર મહારાજે ત્રીજો ઉપદેશ એ આપ્યો કે– **જો ચાહે તેવા અનુકૂળ પ્રસંગમાં ઊછળીશ નહિ, તેમ પ્રતિકૂળ પ્રસંગમાં** તું ગભરાઈશ નહિ તો તે આવેલા લુચ્ચાઓ તારો બાલ પણ વાંકો કરી શકશે નહિ.

## જિનેશ્વરનો ત્રીજો ઉપદેશ

જેણે આત્માને સમજી રાખવો હોય તેણે તો ઉશ્કેરાવું નહિ. તેમ ગભરાવું પણ ન જોઇએ. તે પાડોશી લુચ્ચાઓ છતાં વસતિ છે. બહાર લુચ્ચાઓ બેઠેલા હોય તે કુટુંબ કહેવાય કે માણસનું ટોળું પણ બેઠેલું કહેશે. હવે તું અહીં એકકે ઇંદ્રિયની વાહવાહે જઇશ નહિ, તેમજ ક્રોધાદિ ઉછાળવા માગે કે ગભરાવવા માગે તો તેમને અનુકૂળ વર્તન કરીશ નહિ, માટે ભયથી સાવચેત રહેવા ત્રીજો ઉપદેશ આપ્યો.

## જક્કીપણું અને દૃઢપણું

તે બને ક્યારે ? જો સારી વસ્તુ આત્માને હાથ આવે અને તેને તે પકડે તો જ બને. હવે જક્કીપણામાં અને દૃઢપણામાં કંઇ ફરક નથી એટલે બંનેના વર્તનમાં ફરક નથી. મજબૂતને દુનિયા હજાર વાર કહે તો પણ ન માને. તેમ હઠવાળાને પણ દુનિયા કહે તો પણ ન માને, તે છતાં સુંદર ગ્રહણ કરીને તેમાં મજબૂત રહે તો દૃઢ પણ ખરાબ પકડીને મક્કમ રહે તો જક્કી કહેવાય. ત્યાં 'દૃઢ' શબ્દ

ન વપરાય. માટે તમો કહો છો કે આ ચાહે તેમ કહે તો પણ ગણકારીશ નહિ. અર્થાત્ મનના વિકારો, ઈંદ્રિયો કે કુટુંબ વગેરે કહે અને હું ન માનું તો પછી જક્કી જ કહેવાઉં ને! તો કહે છે કે– નહિ. ખોટું પકડીને ન છોડે તો જક્કી પણ સારું પકડીને ન છોડે તો જક્કી ન કહેવાય પણ દૃઢ કહેવાય. ખરાબ વસ્તુ પકડીને ન છોડે તો જક્કી જ કહેવાય. હવે અહીં પકડ સારી જોઇએ તો જ બધું શોભશે. એટલે સારી વસ્તુ ન પકડી હોય અને છોડવાની વાત ન માને તો જક્કીપણું ગણાય.

## ચોથું અધ્યયન 'સુંદરતા'

સારી વસ્તુ કઇ એ તો કહો ? તેને સમજવા માટે ચોથું અધ્યયન 'સુંદરતા' નામે કહ્યું: એટલે સુંદરને સમજીને પછી તેને પકડ. તેનું નામ જ સમ્યક્ત્વ. અરિહંતાદિ એ દેવ અને તેમણે કહેલા તે ગુરુ કે ધર્મને માનીએ એટલે જ સમ્યક્ત્વ કહેવાય છે. શાહુકાર તરવારને દેખે તે બચાવની દૃષ્ટિએ, જ્યારે ચોર તરવારને ઘાના સાધન તરીકે જુએ. એકની એક તરવાર છતાં દૃષ્ટિએ જુદી છે. તેમ અહીં આત્મા જાણવો પણ તે જુદી જુદી દૃષ્ટિએ જણાય એટલે જ્યારે આત્મા છે એવું જે આ લોકોનું જ્ઞાન છે તેને કેમ ખસેડી દઉં ? આવી ભાવના થાય પછી શું સમજવું ?

## વાદી–પ્રતિવાદીના વકીલોની દૃષ્ટિ

વાદી કે પ્રતિવાદીના વકીલો એક બીજાના પરસ્પર પુરાવાઓ જોવામાં ખામી ન રાખે, છતાં જોતી વખત દૃષ્ટિ એ જ રહે કે 'તેને તોડવો કેમ ? આ પ્રકારની દૃષ્ટિ બંને પક્ષમાં હોય છે. એટલે વાદીનો વકીલ વાદીના પુરાવા જુએ તે મજબૂત કરવા માટે, તેવી જ રીતે પ્રતિવાદીનો વકીલ પ્રતિવાદીના પુરાવા જુએ તે પણ મજબૂત કરવા માટે. બંનેની ધારણા એક જ છે. તેમ અહીં આત્માને જાણવા છતાં તેના શ્રેય તરફ–કલ્યાણ તરફ ન વળે પણ આત્માના અસ્તિત્વને

ઉડાવવા માગે તો શું કરવું ? અર્થાત્ સુંદર દૃષ્ટિએ ઉપયોગ થાય તેવી રીતિ રાખો.

## દર્શન, જ્ઞાન ને ચારિત્ર તે શું ?

હવે આત્માને સુંદર સ્થિતિએ જાણવો, પાડોશીને પણ તેવી રીતે રાખવા તે બને શી રીતે ? લૂગડાના એક જ છેડામાં બધી ગાંઠો હોય, અને સીધી રીતે નાખીએ તો નીકળી જાય. અહીં આત્મામાં આડ કઈ છે ? તે. ગાંઠો ન પાડે તેવી રીતે છેડો જોડવો તેનું નામ જ સુંદર. હવે ગાંઠો પાડવાનું અને છોડવાનું કેમ બને છે ? તે માટે કહે છે કે સુંદરનો નિશ્ચય, પછી તેનો બોધ અને પછી તે રસ્તે પ્રવૃત્તિ–આ ત્રણ વસ્તુ કરો તો બધું સુંદર. હવે તે ત્રણ વસ્તુઓ બને કેમ ? તેનું નામ જ દર્શન, જ્ઞાન અને ચારિત્ર છે. જે સુંદર કરવાનો નિશ્ચય તે જ સમ્યક્ત્વ અને તેને જાણવું તે સમ્યગ્જ્ઞાન અને તેની પ્રવૃત્તિ તેનું નામ જ ચારિત્ર.

## જીવને મિથ્યાત્વ મોહનીયની આડ

દુનિયા માત્રને સારું ગમે છે છતાં આખી દુનિયાને સુંદરતા કેમ પ્રાપ્ત થતી નથી ? સુંદરતા જાણીને કેમ તે રસ્તે પ્રવૃત્તિ થતી નથી ? વાત ખરી. સ્કૂલમાં–શાળામાં ભણતા વિદ્યાર્થીઓ બધા પાસ થવા જ અભ્યાસ કરે પણ રમતિયાળ છોકરાઓનો પાસ થવાનો કે અભ્યાસ કરવાનો વિચાર હોય તો પણ રમવાની ઇચ્છા આડી આવવાથી પાસ ન થવાય. તેમ આ જીવને મિથ્યાત્વમોહનીય આડું આવવાથી શુદ્ધ નિશ્ચય ન થાય. જ્ઞાનાવરણીય આડું આવવાથી શુદ્ધ બોધ ન થાય. તેમ ચારિત્ર–મોહનીય આડું આવવાથી શુદ્ધ પ્રવૃત્તિ ન જ બને. હવે ભાડૂતી મકાન–વગર માલિકીનું હોય અને તે બાર વર્ષે કે ત્રીસ વર્ષે નામ માલિક બની જાય છે, તો પછી આ અજ્ઞાન તો અનાદિ કાળનું છે, તે પોતાનું ઘર છોડે કેમ ? અરે ! મિથ્યાત્વ અને અવિરતિ અનાદિ કાળથી ઘર કરીને બેઠેલ તે છૂટે કેમ ? વાત ખરી. દુનિયામાં એ કાયદા છે પણ શરીરમાં ત્રીસ વર્ષ

રહ્યો એટલે આ શરીર નહિ છોડવું પડે ને? કેમ કબજો થશે ને? દુનિયાદારીના કાયદા બધે લગાડાતા નથી. આ શરીર માટે તો એ કાયદો લાગુ ન પડે.

## પુદ્ગલના સ્વભાવોને વશ પડેલો આત્મા

અરે પલ્યોપમ કે સાગરોપમ સુધી એ જ શરીરમાં સમય વ્યતીત કર્યો હોય પણ ક્ષણવારમાં જવું પડે તેનો કંઈ નિશ્ચય ન હોય. રોડાં કે ફૂકા માટે કાયદા છે. આ શરીર તે તો ચામડું છે, અને આ આત્મા તો હવાઇરૂપ છે. તેના માટે કાયદો ન હોય. ભલે અનાદિ કાળથી આત્મામાં અજ્ઞાન, અવિરતિ, મિથ્યાત્વ રહેલાં હોય છતાં તે આત્માના માલિક ન જ બને. ભલે માલિક ન બને પણ કબજો ખરો ને? વાત ખરી. જેના કબજે જે ચીજ થઈ હોય પછી તે ચાહે તેટલી રાડો પાડે તો તે કામ ન લાગે. આ આત્માને મિથ્યાત્વ, અવિરતિએ કબજે કરી લીધો છે, તેથી તે અજ્ઞાનપણે કહે છે કે હું હકદાર નથી પણ કબજો તો મારો છે. અવિરતિ, મિથ્યાત્વ આદિ પુદ્ગલના સ્વભાવો છે, તે આત્માના સ્વભાવો નથી, છતાં તે આત્મા મિથ્યાત્વ, અવિરતિના કબજે તો છે ને?

## કાગળની તરવારથી કોટ કબજે ન થાય

વાત ખરી, પણ સો વર્ષનો ભાડવાત હોય અને દરેક વર્ષે ભાડું ભરતો જાય અને તેની ભાડાચિઠ્ઠી લખાતી હોય તો તે સો વર્ષ સુધી પણ માલિક ન જ બને. તેમ આ આત્માએ અજ્ઞાન, અવિરતિ આદિ રહેવાં દીધાં છે એ વાત ખરી, પણ તેની પાસે ભાડાચિઠ્ઠી છે એટલે આત્માના મધ્ય આઠ પ્રદેશો કે જે રૂચક નામે ઓળખાય છે, તે કોઇના આધીન નથી. એટલે મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિથી લેપાયેલા હોતા નથી. અહીં કાગળની તરવારથી 'કોટ કબજે ન થાય એટલે કેડે બાંધેલી ખરી તરવાર જ કોટને કબજે કરે. તેમ અહીં સિદ્ધ સમાન આઠ પ્રદેશો છે. આથી જ તેનો કબજો કર-

વામાં વાર ન લાગે, પરંતુ જો તરવાર લઇને સામે ઊઠે તો જ ક્રૂર અને ઘાતકી પણ ઊભા ચાલ્યા જાય.

## અપૂર્વકરણરૂપી સોય

હિંદુઓએ હિંદુપણાની રક્ષા માટે બાઈઓને એ જ જણાવ્યું કે-એક સોય શીવવાની પાસે રાખો. એ જ તમારા રક્ષણ માટે બસ છે. તેમ અહીં તરવાર લેવા માટે આત્માને વાર છે. તે તો ક્ષપક શ્રેણિએ ચઢતાં કામ લાગે, પણ હાલ અપૂર્વકરણરૂપી સોય જો આત્મા લે તો બસ છે. એટલે અત્યાર સુધી ઘણાં કર્મો બાંધતો આવ્યો છે અને છોડતો પણ આવ્યો છે, છતાં મિથ્યાત્વનાં પુદ્ગલોને હાંકી કાઢવા માટે તો હાલ સોય જ લે. લોઢાની નહિ પણ અહીં મિથ્યાત્વ અનાદિ કાળથી ઘર કરી બેસેલ છે તેના માટે વજ્રની સોય લે. તેની સામે ખાંડણિયો કે પથ્થર આવે તો પણ તે વળે નહિ પણ તે પથ્થરાદિ ભેદાઈ જાય. એટલે તારા પરિણામોને તું સજ્જડ કર કે જેથી જે આવે તે ભેદાઈ જાય અને તેવા પરિણામ તારા પ્રથમ થયા નથી માટે તે સોયનું નામ અપૂર્વકરણ આપ્યું. આવી સોય જો તું લે તો બસ છે.

## ઔપશમિક સમ્યક્ત્વ

આવી સોય તીર્થંકર મહારાજના ઉપદેશથી આત્માના હાથમાં આવે ત્યારે મિથ્યાત્વરૂપી ઝાડ તાડ જેવું ઊંચું લાગે પણ તેના મસ્તકે સોયની અણી વાગી કે આખો તાડ સુકાયું. તેમ અહીં મિથ્યાત્વ–મોહનીય ૬૯ કોડાકોડી જેટલી સ્થિતિનું એ અપૂર્વકરણરૂપી સોયના ગોદાને સહન કરી શકે તેમ નથી. અંતે તેનો નાશ થયા વિના છૂટકો નથી. હવે અપૂર્વકરણની સોય મારતી વખતે તે મિથ્યાત્વ જીવતું હોય તો ફિકર નહિ. જેમ તાડના ઝાડને સોય મારતાં તે પડી ન જાય પણ સુકાઈ જાય, તેમ અહીં મિથ્યાત્વને અપૂર્વકરણની સોય વાગતાં તે આડું ન આવે. અર્થાત્ મુડદું થઈને પડેલા શત્રુનાં અંગોપાંગ કાપી નાંખે તો પછી તે વચમાં કંઈ ન કરી શકે. તેમ અહીં

મિથ્યાત્વના ત્રણ ભાગો કરાય. શુદ્ધ ભાગ, અશુદ્ધ ભાગ અને મિશ્ર. હવે જેમ શત્રુને પાડીને તેના ભાગ કરે તે વખતે જે જુસ્સો કે જોસ હોય તે પ્રથમ પણ ન હોય, પછી પણ ન હોય તેમ અહીં અનંતાનુબંધીને તોડી નાંખતી વખતે જે જુસ્સો હોય તે પહેલાં કે પછી ન હોય. તેને તોડી નાંખે પછી જોર ન હોય. લાકડાં પણ ખસેડવાનાં ન હોય. અનંતાનુબંધીને તોડી નાંખી મિથ્યાત્વને ભોંયભેગું કરી નાંખે તેનું નામ ઔપશમિક સમ્યક્ત્વ.

### ઉપશમ શ્રેણિ એ શી ચીજ ?

જ્યારે પ્રથમ જીવ સાવચેત થાય ત્યારે આજ હોય. ચારિત્રને માટે ઉપશમ શ્રેણિ માંડે ત્યારે પણ ઔપશમિક સમ્યક્ત્વ હોય. હવે તેવા જીવને ઊંચાં બીજાં બે સમકિત ન લેતાં ઉપશમ જ કેમ લીધું ? તેની શી જરૂર ? ક્ષાયિક કેમ ન હોય ? ઉપશમ શ્રેણિ શી ચીજ વગેરે અધિકારો અગ્રે જણાવશે.

---

## વ્યાખ્યાન : ૨૩

### તીર્થંકરનો જગતને ઉપદેશમાં સંદેશો

**શાસ્ત્રકાર** મહારાજા શ્રીમાન **શીલાંકાચાર્યજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ** સૂત્રના ચોથા અધ્યયનની ટીકા કરતા થકા આગળ જણાવી ગયા કે દરેક કાળે, દરેક ક્ષેત્રે ભવોભવથી જગતના ઉદ્ધારનું ઝાડ જેણે પોષેલું છે, અને જગતના ઉદ્ધારને માટે જેણે તીર્થંકર નામકર્મ બાંધેલું છે, તે તીર્થંકરો કેવલજ્ઞાન પામ્યા પછી, જગતને ઉપદેશમાં સંદેશો એ આપે છે કે-તમોએ જગતના પદાર્થો, તેનાં સાધનો મેળવવાની અને જાણવાની મહેનત કરી છે. ચાહે જેવી ગતિમાં તમે ગયા હો તે સર્વ ગતિમાં આહાર, શરીર, ઇંદ્રિયાદિ માટે પ્રયત્ન કર્યા વિના તમે નથી રહ્યા; પણ એક પ્રયત્ન તમોએ કોઈ ભવમાં કર્યો

નથી. તમને પોતાને જાણવાનો પ્રયત્ન તમોએ કોઇ પણ ભવમાં કર્યો નથી. હવે જગતના જીવો એમ કહે છે કે 'હું છું. મારે આમ કરવું છે.' એ સર્વ આ ભવની વાત કરે છે, પણ ગયા ભવની કે આવતા ભવની વાત કોઇ કરતા નથી. કુટુંબકબીલા કે તેના સાધન માટે પ્રયત્નો થાય તે આ જ ભવ પૂરતા થાય છે માટે જિનેશ્વર કહે છે કે-તમો તમારા આત્માને બીજા કોઇરૂપે ન ઓળખો તો પણ તે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, વીર્યાદિવાળો, હોવા છતાં, તે સ્વરૂપવાળો હોવા છતાં તેને ભલે ન ઓળખો; પણ એટલું તો જરૂર ઓળખો કે આત્મા એક ગતિમાંથી બીજી ગતિમાં ભટકવાવાળો છે.

## ભવોભવ ઉત્પન્ન થવાવાળો આત્મા છે

આ એક જ હુકમમાં કેટલું મહત્ત્વ હશે કે જેની ઉપર ચૌદપૂર્વીને-આ એક જ હુકમ ઉપર-આખું **ઉવવાઈ** નામનું સૂત્ર રચવું પડયું. **શ્રુતસ્થવિરોએ** આ **ઓપપાતિક** ઉપાંગની રચના કરી તે શા માટે? ભવોભવ ઉત્પન્ન થવાવાળો આત્મા છે. આવા કથનને ઉદ્દેશીને આખું સૂત્ર **શ્રુતસ્થવિરોએ** રચ્યું. **અંગના એક વાકયને અનુસરીને જે સૂત્રરચના થાય તેનું નામ ઉપાંગ કહેવાય.** તેમ અહીં ભગવાન્ જિનેશ્વર મહારાજનું એક વાકય કે આ 'મારો આત્મા ચારે ગતિમાં ઉત્પન્ન થનારો છે અને તે જ્ઞાન જરૂરી છે.' આથી તે વાત ઉપર જ **શ્રુતસ્થવિરોએ ઉવવાઇ** સૂત્રની રચના કરી.

## ગત ભવ અને આવતા ભવની વિચારણા

આત્મા કોઇ વખત એમ વિચારે છે કે-પરભવમાં શું થશે? ગયા ભવમાં શું હતું? આ વાત આસ્તિકોમાં પણ વિચારાય છે, પણ તે ધર્મસ્થાનકોમાં વિચારાય અને ધર્માનુષ્ઠાનો કરીને ઊઠયા કે તે વાત જ આખી ભૂલી જવાય! કારણકે સૂર્યનો થયેલો પ્રકાશ હોય પણ વાદળાંની ઘટા આડી આવી કે તે પ્રકાશ બંધ થાય. તેમ

ધર્માનુષ્ઠાનના સમયે આત્માને ગત ભવ કે આવતા ભવના વિચારો આવે. તે ટકે કયાં સુધી? જ્યાં સુધી આવરણરૂપી વાદળાં આડાં ન આવે ત્યાં સુધી. હવે તેને માટે કહ્યું કે ક્રોધ, માન, માયા અને લોભરૂપી વાદળાં જ્યાં આડાં આવે કે તે જ્ઞાન ચાલ્યું જાય. આસ્તિકોને ગત ભવ કે આવતા ભવનું જ્ઞાન થાય, પણ તે ધર્મક્રિયાના સમયે દેરાસર કે ઉપાશ્રયમાં; પણ ત્યાંથી નિવર્ત્યા કે પાછા ભાનભૂલા બની જવાય છે.

### ખરું શિક્ષણ કયારે મળ્યું ગણાય ?

પડછાયાને કોઇ દિવસ ટકનાર ન જ ગણીએ. લાલ પડદા ઉપર જે તડકો પડે અને તેની છાયા બીજા ઉપર પડે. તેથી તે લાલાશ કસુંબલની કિંમત ન જ લાવી દે. તેમ ધર્મસ્થાનકમાં ધર્મભાવના આવે કે હું રખડતો રખડતો આવેલ છું. આવતા ભવ માટે પુણ્યરૂપી ભાતું એકઠું કરવાનું છે. આમ વિચારો આવે. આથી હવે કહેવા શું માગો છો ? ધર્મસ્થાનમાં કે ધર્મક્રિયામાં જવું જ નહિને ? ના, એમ નહિ. નાનો છોકરો નિશાળમાં માસ્તરની સોટી સામે પલાખું પૂછાય કે તુરત જવાબ દે, પણ વગર ડરે તે ભૂલી જાય છે. માટે ભણ્યો ત્યારે જ ગણીએ કે જ્યારે વગર ડરે પણ જવાબ આપતો રહે. તેમ અહીં ઉપાશ્રય, દેરું, સામાયિક, પ્રતિક્રમણાદિ તે માસ્તરની હાજરીવાળું છે, પણ ખરું શિક્ષણ તો માસ્તરની ગેરહાજરીમાં કોઇ પણ, અગર માતાપિતા કે અન્ય કોઇ પૂછે અને તે જવાબ આપે ત્યારે જ ભણ્યું કહેવાય. ત્યારે તેજ છોકરો ભણેલો ગણાય. અહીં ઉપાશ્રય આદિ સ્થાનો તે સંસ્કાર નાખવાની ચીજો છે, છોડવાની નથી. માસ્તરની હાજરીમાં પલાખાં પૂછાય અને આવડે પછી વગર હાજરીએ પણ આવડવાં જોઇએ. તેવા સંસ્કારો માટે જ પ્રથમ હાજરીની જરૂર ખરી.

### સમકિતદૃષ્ટિ જીવના પરિણામો કેવા હોય

હવે ધર્મસ્થાનોમાં જો વૈરાગ્યાદિવાળો ન થાય તો તેને તે

ટોળામાં બેસવા જ ન દેવો ? હવે ખરું કામ ક્યાં છે ? બહાર. શાસ્ત્રકાર કહે છે કે–ધર્માનુષ્ઠાનોમાં કે ધર્મસ્થાનોમાં જેમ ભવસંબંધી વિચારો આવે તે સારા છે, કાઢી નાખવા જેવા નથી, પણ તે ચોવીસે કલાક ચોંટી જવા જોઈએ; કારણ કે જે જીવ સમ્યગ્દૃષ્ટિ થયો તે વૈમાનિક સિવાય બીજું આયુષ્ય બાંધે જ નહિ. હવે આયુષ્ય બાંધવાનો નિયમ નથી, કારણ કે જેમ મરણનો નિયમ નથી. અર્થાત્ મરણને અંગે મનુષ્યનો નિયમ નથી, તેમ પરભવનું આયુષ્ય કયા ટાઇમે બાંધે તેનો નિયમ પણ નથી. ગમે તે પ્રવૃત્તિએ તે આયુષ્યને બાંધી શકે છે. હવે આયુષ્ય બાંધવાનો નિયમ નથી તો જેમ હલ્લો અમુક સરહદે આવશે એ નિયમ ન હોય તો તૈયારી ચારે તરફ રાખવી પડે. ઇંગ્લાંડની ચારે તરફ દરિયો છે એટલે કાંઠે તૈયારીઓ રાખવી પડે જ. ઇરાન, અફઘાનિસ્તાન આદિ દેશોને કિલ્લેબંધી કે બચાવ દરેક સરહદ પર રાખવાં પડે. તેમ અહીં પરભવનું આયુષ્ય બાંધવાનો હલ્લો કયા ટાઇમે કઇ પ્રવૃત્તિએ આવશે તેનો નિયમ નથી. અનિયમ છે, તો પછી તેની તૈયારી સર્વ કાળે અને સર્વ પ્રવૃત્તિએ રાખવી જ જોઇએ. એમ છે તો સમકિતદૃષ્ટિ જીવ વૈમાનિક સિવાયનું આયુષ્ય ન બાંધે એ નિયમ કેમ ? તો કહે છે કે– સમકિતદૃષ્ટિ જીવની લેશ્યા એટલે પરિણામ બગડવાવાળા ન જ હોય.

## સમકિતદૃષ્ટિ જીવના આયુષ્યનો બંધ

પર્વતિથિને આરાધનારના પરિણામ સારા જ હોય છે. જેમ ત્રીજે લીલોતરી આદિ હાથમાં લઇને પૂછે કે આજે બીજ તો નથી ને ? તેમજ ચોથે લીલોતરી ખાતાં વિચારે કે પાંચમ આજ નથી પણ કાલે છે, એટલે કાલે લીલોતરી નહિ ખાઇએ. આવા પરિણામ થાય છે અને તેથી રાચ્યામાચ્યા રહેતા નથી. આવી રીતે દસ તિથિની આરાધના કરનારને પ્રથમ અને પછીના દિવસના અંગે પરિણામની તીવ્રતા રહે છે કે–તિથિ હોય તો ન કરીએ. તિથિ હશે તો નહિ

કરીએ. આવા વિચારો વગર તિથિના દિવસે થાય છે, તેમ અહીં સામાયિક પ્રતિક્રમણાદિની પાછળ પણ વિચારો તેવા જ આવવા જોઇએ. હવે તેજોલેસ્યા એટલે ક્રોધ અર્થવાચક નહિ પણ અહીં સારા પરિણામવાળી જે લેસ્યા તે તેજોલેસ્યા કહેવાય. સમકિતદૃષ્ટિ જીવ સમકિત પામ્યા પછી તેમાં જો ટકેલો હોય અને સત્તરે પાપસ્થાનકોમાં રાચતો હોય તો પણ તેની લેસ્યા સારી હોય, તેથી તે આયુષ્ય સારું બાંધે. હવે તેજો, પદ્મ કે શુકલ લેસ્યામાં જો આયુષ્યનો બંધ કરે તો તેવી લેસ્યાના પરિણામમાં જ ઉત્પન્ન થાય. જો આ નક્કી છે તો પછી સમ્યગ્દૃષ્ટિ જીવ વૈમાનિક સિવાય બીજું આયુષ્ય ન બાંધે.

## મગજનો કાબૂ રાખવાનો ઉપદેશ

જ્યોતિષ્કના જીવોને પણ તેજોલેસ્યા છે. તેના કરતાં અસંખ્યાત-ગુણી શુદ્ધ લેસ્યામાં સમકિતદૃષ્ટિ જીવ હોવો જોઇએ. અરે, સત્તર પાપસ્થાનકોમાં રાચતાં છતાં તેની તેજોલેસ્યા સારી હોવી જોઇએ. જ્યોતિષ્ક દેવ કરતાં પણ અધિક સારી લેસ્યા હોવી જોઈએ. મગજનો કાબૂ ખોઇશ અને ક્રોધાદિને આધીન થઈશ તો તારું જાણેલું તણાઇ જશે, માટે બીજો હુકમ એ જ કર્યો કે મગજનો કાબૂ રાખજો. નાના છોકરાને પૂછીએ કે તું ગાંડો કે ડાહ્યો ? તો તે ગાંડો કહેવાને તૈયાર નથી. અર્થાત્ મગજનો કાબૂ ગુમાવવા કોઈ તૈયાર નથી. છતાં ગુમાવી દેવાય છે. શાથી ? અનુકૂળ સંજોગોથી રાચી જઈ જીવ પોતાના સ્વભાવને ભૂલી જાય છે, તેમ પ્રતિકૂળ સંજોગોમાં ત્રાસ પામે ત્યારે તે મૂળ સ્વભાવ ભૂલી જાય છે, માટે કહે છે કે-ચાહે તેવા સંજો-ગોમાં મગજનો કાબૂ રાખજો અને તેથી જ તમારો સિદ્ધાંત ટકશે. તેથી **શીતોષ્ણ** નામે ત્રીજું અધ્યયન કહ્યું, એટલે સ્થિર રહેવા માટે ત્રીજો હુકમ કર્યો. પ્રથમ ભવોભવની ઉત્પત્તિ જાણો. મગજનો કાબૂ ગુમાવો નહિ અને સ્થિર રહો.

## સુંદર વસ્તુ પકડી ન શકીએ તો ?

આ ત્રણ વાનાં છતાં સુંદર વસ્તુ **પકડી ન શકીએ** તો ? લોઢાની

સાથે વળગેલો કાટ પણ ટીપાય તેમજ એને ભઠ્ઠીમાં જવું પડે, છતાં ઘાટ કોનો બને ? કહો કે લોઢાનો જ બને. કાટનો ઘાટ ન બને, પણ જુદો જ પડે. તેમ અહીં નિશ્ચય બતાવવાવાળા, મગજનો કાબૂ રાખવાવાળા, સંજોગોમાં સ્થિર રહેવાવાળા હોવા છતાં જેઓએ આત્માને ન પકડયો હોય–જેમ અભવ્ય કે મિથ્યાદૃષ્ટિ જીવો આ સર્વ વાનાં કરે, અરે ઉત્કૃષ્ટ ચારિત્ર પાળીને નવગ્રૈવેયક સુધી જાય. અરે, દેવલોકની ઈચ્છાએ તો ધર્મનું આચરણ કરે છે અને તેથી તેઓ પરભવ માને છે. વળી ક્રોધાદિના આવેશમાં આવે તો દેવગતિનું આયુષ્ય ન બાંધે અને તેથી મગજ ઉપર કાબૂ રાખે છે. તેમજ અનુકૂળ–પ્રતિકૂળ સંજોગોમાં સ્થિરતા રાખે છે, છતાં તેનો આત્મા ઊંચો ચઢી શકતો નથી.

## જીવ પોતાની સુંદરતાને જાણતો નથી

જાસૂસી કરતાં પ્રજા પાળવાનો ઉદ્દેશ ઊંચો રાખવો પડે. હવે આ જીવ કલ્યાણને ત્યારે જ સાધે કે જ્યારે તે સુંદરને સંગ્રહી શકે. જેઓ સુંદરને સંગ્રહી શકતા નથી તેઓ કલ્યાણને સાધી શકતા નથી. કોઇએ બોરનું ગાડું ભર્યું અને દિલ્હી લઇ જાય. તેથી વળે શું ? અરે, મુસાફરી કરી ટાઢતડકો વેઠે તેથી કોથળી ન જ ભરાય. તેમ અહીં જેઓએ પોતાના આત્મામાં સુંદરની વસાવટ કરી નથી, તે આત્માઓ બોરના ગાડાવાળો દિલ્હી પહોંચે અને મુસાફરી ખર્ચ પણ ન નીકળે, તેની માફક પોતાના ફળને પામી શકતા નથી. એટલે પ્રસંગને અંગે મજબૂત રહી સુંદરનો વસવાટ આત્મામાં કરે તો જ ધાર્યું મેળવી શકે. હવે સુંદર શબ્દ પોકારો છો પણ તે સુંદર કહેવું કોને ? જગતમાં દરેક જીવ સુંદરની ઇચ્છાવાળા છે. મારું ભૂંડું થજો એમ તો કોઇ બોલનાર નથી. હજી કદાચ પરનું ભૂંડું ઈચ્છનાર હશે પણ અહીં આખું જગત સુંદરની ચાહનાવાળું છે અને તેને જ માટે મથવાવાળું છે, છતાં સુંદરને ન ઓળખે તો કરે શું ? હવે નાનું બચ્ચું કાચનો કટકો લઇને હીરો સમજી પેટીમાં મૂકે, કોઈ લેવા આવે તો આપે

નહિ અને લડે, એટલે અહીં બાળક કાચનો હીરો સમજે, તેમ આ આત્મા બહારની ચીજોને સુંદર માની તેને જ પોતાનામાં વસાવે છે, પણ આત્માની સુંદરતાને વસાવતો નથી. જગતની સુંદરતાને જાણે છે પણ ખાટલે મોટી ખોડ છે કે પોતાની સુંદરતાને જાણતો નથી.

## નિશ્ચય, બોધ અને પ્રવૃત્તિ

જગતના સ્પર્શાદિ દરેક પદાર્થને સુંદર માને, જાણે કે દેખે પણ પોતાનું સુંદર શું ? તેના માટે શાસ્ત્રકારે ત્રણ 'સુંદર' બતાવ્યાં. (૧) નિશ્ચય (૨) બોધ અને (૩) પ્રવૃત્તિ, એટલે આત્માને આત્માના સ્વરૂપનો નિશ્ચય, તેના સાધનનો બોધ અને તેની જ પ્રવૃત્તિ. એ ત્રણનાં જુદા પારિભાષિક નામો કહીએ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. આત્માનુ સાધ્ય તે જ દર્શન, તેનું જાણવું તે જ જ્ઞાન અને તેની પ્રવૃત્તિ તે જ ચારિત્ર. આ ત્રણ પારિભાષિક શબ્દોને કોરાણે મૂકીએ અને આ ત્રણ વસ્તુ મગજમાં લો. આત્મામાં નિર્મળ શું ? અને તેના સાધનોનો બોધ અને તેની જ પ્રવૃત્તિ શું ? અહીં આ ત્રણને પકડો એટલે બસ. એટલે આત્માની નિર્મળતારૂપી સાધ્ય હોવું જોઇએ. આ ત્રણમાં પ્રથમ સમ્યગ્દર્શન.

## ઔપશમિક સમ્યક્ત્વ એટલે શું ?

એ સમ્યગ્દર્શન કેટલા પ્રકારે છે ? પ્રથમ એ વાત ચોક્કસ છે કે વાયુના વિકારે ઊલટી થાય છે પણ જેમ ઊલટી અને વાયુનો વધારો ચાલ્યા કરે તેમ આત્મા મિથ્યાત્વ બાંધે અને ભોગવે, વળી પાછો બાંધે. જેમ દુનિયાદારીના પદાર્થોમાં રાચ્યો કે માચ્યો તો એક બીજા પદાર્થની પરંપરા ચાલે, તેમ અહીં મિથ્યાત્વનું બાંધવું અને ભોગવવું એ ચાલ્યા જ કરે. તે પછી છેડો શી રીતે આવે ? હવે કૂતરું જેમ શેરીના છેડે આવીને ભસે તેની ફિકર નહિ પણ વચમાં તો ન જ હોવું જોઇએ. અર્થાત્ રસ્તા વચ્ચે કૂતરાનું ટોળું ન હોય તો જ હાથી ગતિ કરી શકે. તેમ આ જીવ જ્યારે ઊંચી શ્રેણિએ જવા

માગે ત્યારે મિથ્યાત્વ એકદમ તો ખસી જવું જોઇએ. હાથીની ગંધે કૂતરા ખસીને ખૂણામાં તો ન જ ભરાય પણ શેરીમાં રહેશે. વાઘની ગંધે નાશી જાય. હવે અહીં ખસી જાય તેનું નામ જ ઔપશમિક સમ્યક્ત્વ. જેમ કૂતરાં ખસી ગયા પછી તેનો વિભાગ કરીને જે રીતે મારવા હોય તે રીતે હાથી મારે. તેમ અહીં આ જીવ અનાદિનો મિથ્યાત્વી હોય તો તે પ્રથમ મિથ્યાત્વને ખસેડી નાંખે. તે પછી વહેંચવાની વાત. તે ખસેડે તેનું નામ જ પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ.

## શત્રુના નાશ માટે ભેદનીતિની જરૂર

પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ પામ્યો એટલે પથ્થર નીચે આવેલો હાથ. તે હોય તો પ્રથમ હાથ કાઢવાની કોશિશ કરવી પડે. તે પછી જ પથ્થરની વ્યવસ્થા થાય. તેમ અહીં જીવ ઉપર પડેલ મિથ્યાત્વનો પહાડ હોય તો તે પહાડ નીચેથી ખસી જવું પડે. તેનું નામ જ ઔપશમિક સમ્યક્ત્વ કહેવાય. એટલે પાટો બાંધીને પછી જ પથ્થરની વ્યવસ્થા કરાય. તેમ અહીં જે વળગેલું મિથ્યાત્વ હતું તેમાં ભેદનીતિ શરૂ કરે. જ્યાં માણસમાં સામર્થ્ય ઓછું હોય અને શત્રુનો સામનો કરવો હોય તો ભેદનીતિ સિવાય બીજો રસ્તો જ ન હોય. અર્થાત્ અધિક શક્તિવાળો શત્રુ ભેદનિતિ સિવાય નાશ પામી શકે જ નહિ. અહીં ઔપશમિક સમ્યક્ત્વવાળો મિથ્યાત્વનું જોર જોતો તેના ત્રણ ભેદો કરી નાંખે. શુદ્ધ, અશુદ્ધ અને મિશ્ર. હવે તે ભેદો પાડ્યા પછી શત્રુના પક્ષને પણ પોતાના પક્ષમાં લેવો પડે. જેમ તીર્થંકર મહારાજા કર્મના શત્રુ છતાં પુણ્યરૂપી કર્મને પક્ષમાં જ લે અને તેથી પુણ્યનાં જે કાર્યો તેને પોતાની જોડે મદદરૂપે રાખે. ત્રસકાય, પંચેંદ્રિયપણું, મનુષ્યપણું, લાંબું આયુષ્ય આદિ જે પુણ્યનાં કાર્યો છે તેને પક્ષમાં લઇને પાપનો ખાંડો કાઢે. પછી પુણ્યનો ખાંડો કાઢવા માટે તો સમુદ્દ્ઘાતના આઠ સમય જ બસ છે. પછી પુન્યની તાકાત નથી કે તે ટકી શકે. અહીં પુણ્યનો ખાંડો કાઢવા માટે ખુદ તીર્થંકર

મહારાજે કર્મની સામે ભેદનીતિ શરૂ કરી. તેમ અહીં મિથ્યાત્વનો પુંજ હઠાવવા માટે તેમાં ભેદનીતિ કરવી પડે.

## ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યક્ત્વ

અહીં ત્રણ ભેદો કર્યા પછી કોના પક્ષે ચાલવું? કહો કે જે ભવિષ્યમાં કામ કરવા માંગતો હોય તે શત્રુને મદદરૂપ ન બને અને આપણને નુકસાનકારક ન હોય તેવો જે સમ્યક્ત્વ–મોહનીયનો જથ્થો છે તેને પક્ષમાં લેવો કે જે આત્માના ગુણને નુકસાન ન પહોંચાડે. હવે અહીં આત્માએ સમ્યક્ત્વ–મોહનીયનાં પુદ્‌ગલો જો કે મિથ્યાત્વના ઘરનાં છે પણ શુદ્ધ છે તેથી તેને લેવાં એટલે સમ્યક્ત્વનાં પુદ્‌ગલો જે શુદ્ધ છે તે તેના ટેકારૂપ થાય. જેમ મિત્રરાજ્ય, શત્રુરાજ્ય અને તટસ્થ રાજ્ય હોય. તેમ અહીં મિથ્યાત્વનાં પુદ્‌ગલો તરીકે–જે મિત્રરાજ્ય તરીકે છે તે સમ્યક્ત્વનો પુંજ છે, તેમજ જે શત્રુરૂપ પુંજ છે તે મિથ્યાત્વ–મોહનીય અને જે તટસ્થરૂપ છે તે મિશ્રમોહનીય. આ ત્રણ ઉપરથી ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક ભેદો સમજાશે.

## સમ્યક્ત્વના ભેદોની વધુ સમજણ

ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વ તે પૌદ્‌ગલિક નથી પણ આત્મીય છે, કારણ કે તે બંનેની વખતે મિથ્યાત્વનાં પુદ્‌ગલોને મદદમાં લીધાં નથી. હવે જે ઔપશમિક સમ્યક્ત્વ છે તે શુદ્ધ આત્મ-સ્વરૂપ છે અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે તે પૌદ્‌ગલિક છે. હવે જ્યારે ઔપશમિક સમ્યક્ત્વ આત્મીય છે તો પછી ત્યાં સ્ટેશન કેમ ન કરવું? વાત ખરી, પણ ઘેરાની સ્થિતિને છુટકારો ક્યારે? યુદ્ધ કરીને નિકાલ લવાય તો જ. અહીં ઔપશમિક સમ્યક્ત્વ વખતે આત્મા પોતાના જોરે જ ઝૂઝે, છતાં ત્રણે મોહનીયનાં પુદ્‌ગલો વડે તે ઘેરાયેલો છે. એથી બે ઘડીમાં તેનો નિકાલ લાવવો જ જોઇએ. હવે જો તે બે ઘડીમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ લાવનાર સમ્યક્ત્વ–મોહનીયને

ફોડીને પોતાના પક્ષમાં ન કરી લે અને મિથ્યાત્વના ઘરનું સંગ્રહવા-વાળો થાય એટલે શત્રુની જાળમાં ફસવાવાળો થાય તો માર ખાઈ બેસે, પણ સમ્યક્ત્વ મોહનીયનું જોર કરી લે તો પછી તેનું જોર ન જ રહે. હવે અહીં જે પક્ષ પોતાને અનુકૂળ છે, નુકસાન ન કરે અને ઝઝુમવા બેસે તેવો છે. તેનું નામ જ ઔપશમિક સમ્યક્ત્વ એટલે સમ્યક્ત્વ મોહનીયનાં પુદ્ગલોના આધારે આત્મા ઝઝુમવા બેસે તેનું નામ જ ઔપશમિક સમ્યક્ત્વ છે.

## ક્ષાયિક સમ્યક્ત્વ કયારે ?

અજવાળી હોય છતાં જાતે તો રાત્રિ ને ? અહીં સમ્યક્ત્વ મોહનીય છે. તેનાં પુદ્ગલો ચોખ્ખાં છે, છતાં જાત તો મિથ્યાત્વની છે, માટે શત્રુનો સંહાર કર્યા પછી તેને પણ ગરદન તો મારવી જોઇએ. હવે સમ્યક્ત્વ મોહનીયદ્વારા મિશ્રને, મિથ્યાત્વને પોતાના પક્ષરૂપ કરીને પછીથી સર્વનો ખાંડો કાઢે. સમ્યક્ત્વ, મિશ્ર અને મિથ્યાત્વ મોહનીયરૂપી ત્રણ ભાગો કરીને ત્રણેને એક રૂપે કરી છેવટે મિથ્યાત્વના ઘેરાવાથી રહિત બને ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વી બને.

## ચારિત્રની તાકાતવાળો મનુષ્ય

આ સર્વ વાત કરી પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે. છોકરાનું સ્લેટનું નામું લખેલું હોય પણ તે કોથળીમાં કોડીય લાવે નહિ. કોથળીમાં કંઈ ન જ લાવે. સ્લેટમાં નામું સરવાળાથી સાચું છે, છતાં તે લાખોનું નામું કોથળીમાં કોડી ન જ લાવે. તેમ અહીં આ સમ્યક્ત્વ શી ચીજ છે ? છોકરાનું નામું. તેનાથી કોથળીમાં કોડી ન આવે. હવે સમ્યક્ત્વ અને જ્ઞાન હોય તો તેથી મોક્ષ આવે એવો નિયમ નથી. નરક અને તિર્યંચની કે દેવગતિમાં જ્ઞાન અને સમ્યક્ત્વ છતાં મોક્ષ નથી થતો. અહીં આવડત છે છતાં કોથળીમાં કોડી આવતી નથી. હવે તે ધંધો માત્ર મનુષ્ય જ કરી શકે, કારણ કે તેનામાં ચારિત્રની તાકાત છે. સમ્યક્ત્વ બતાવી તેના જે ભેદો જણા-

વ્યા તે આત્માને જરૂરી છે. તેવી રીતે વર્તનની જરૂર હોવાથી તેના ભેદો વગેરે અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન : ૨૪

**तथा सम्यक्त्वपुद्गलोपष्टम्भजनिताध्यवसायः क्षायोपशमिकं २, दर्शनमोहनीयक्षयात् क्षायिकं ३, चारित्रमप्युपशमश्रेण्यामौपशमिकं १, कषायक्षयोपशमात् क्षायोपशमिकं चारित्रं २. चारित्रमोहनीयक्षयात्क्षायिकं ३, ज्ञाने तु भावसम्यग् द्विधा ज्ञातव्यं, तद्यथा–क्षायोपशमिकं क्षायिकं च, तत्र चतुर्विधज्ञानावरणीयक्षयोपशमात् मत्यादि चतुर्विधं क्षायोपशमिकं ज्ञानं, समस्तक्षयात्क्षायिकं केवलज्ञानमिति । तदेवं त्रिविधेऽपि भावसम्यक्त्वे दर्शिते सति परश्चोदयति ।**

## તીર્થંકરોનું જગતના ઉદ્ધારનું કાર્ય

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શી**લાંકાચાર્યજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ** સૂત્રના ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા કે સર્વકાળના, સર્વ ક્ષેત્રોના સર્વ તીર્થંકરો કેલવજ્ઞાન પામ્યા પછી જગતના ઉદ્ધારનું જે કાર્ય શરૂ કરે છે. તેમાં ઉપદેશમાં મુખ્યતાએ એ જણાવે છે કે–મહાનુભાવો ! તમો અનાદિકાળથી આહાર, શરીર, ઇંદ્રિય, ધન, માલ, કુટુંબ–કબીલાદિને તપાસતા આવ્યા છો, પણ તમોએ પોતાને કોઈ દિન તપાસ્યો નથી. જાનવર પણ પોતાના સ્થાન શરીરાદિને તપાસે છે. મનુષ્ય પણ તે સર્વ તપાસે છે પણ પોતાને કોઈ તપાસતું નથી.

## પ્રથમ આત્માની ઓળખની જરૂર

હવે જગતમાં દુર્લભતા પણ તેની જ છે કે જે પોતાને તપાસે. દરેક ગતિમાં જીવ શરીર, ઇંદ્રિય, તેના વિષયો કે સાધનોની તપાસ

કરે છે. અરે, એક પણ ભવ તે વિનાનો નથી રહ્યો. હવે પોતાને તપાસનારો જીવ કોઈ દિન બન્યો નથી, માટે પ્રથમ તમો તમારા આત્માને તપાસો. હવે તપાસવામાં બે દૃષ્ટિ છે. એક બાહ્ય અને બીજી અભ્યંતર. હવે કોઇને જેમ ઉત્તરધ્રુવનો તારો દેખાડવા જોડેના ઝાડની ટોચ કે ડાળ દેખાડીને તે બતાવીએ છીએ, એટલે ધ્રુવના તારા ઉપર એકદમ દૃષ્ટિ ન જાય તેથી અરુન્ધતીનો તારો દેખાડીને ઉત્તરધ્રુવના તારાને બતાવીએ. તેમ અહીં આત્માને ઓળખવા માટે, તેના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણને ઓળખવા તૈયાર કે લાયક થયો નથી, છતાં આત્માની ઓળખ તો કરાવવી. હવે આત્માના બીજા ગુણો રહેવા દો, પણ પ્રથમ આ મારો આત્મા આ ભવમાં ઉત્પન્ન થયેલો છે. અહીં સદા આ ભવમાં રહેવાવાળો નથી. આગળ પણ ઉત્પન્ન થશે અને પ્રથમ પણ ઉત્પન્ન થયેલો હતો. હવે મને પચીસ વર્ષ થયાં, પણ તે આ ભવ પૂરતાં. બાકી તો તું અનાદિનો છે, માટે મારો આત્મા પ્રથમ ભવથી આવીને અહીં ઉત્પન્ન થયેલો છે એમ જ્ઞાન કરી લે. વળી આગળ પણ ઉત્પન્ન થશે એટલે ભવના હિસાબે આ આત્મા અચલ બેસી શકતો નથી, આવું સ્વરૂપ પ્રથમ તું સમજી લે. આ પ્રમાણે પ્રથમ તીર્થંકર મહારાજાઓ જગતને ઉપદેશ આપે છે કે તારો આત્મા ઉત્પન્ન થવાવાળો છે, એક ભવમાં સ્થિર રહેવાવાળો નથી.

### જન્માંતર તે ઇષ્ટતાનું પરિણામ કે ભૂલનું ?

હવે આ નક્કી થયા પછી જેમ બે દિન પહેલાં હિંદુપણા માટે વિવેચન કર્યું હતું કે પુનર્જન્મને તો હિંદુ સિવાય બીજા કોઇ માનતા નથી. એક વખતના જન્મને ઇતરો માને ખરા પણ વારંવાર—પુનર્જન્મને તો હિંદુઓ જ માને છે અને તેથી તેઓ આત્માને ઉત્પન્ન થવાવાળો માને. પણ હવે તે પોતાની મેળે ઉત્પન્ન થાય છે કે કોઈ બીજો તેને ઉત્પન્ન કરે છે, કારણ કે ઉત્પત્તિ સ્વતઃ થાય અને પરતઃ પણ થાય. એટલે જો ઉત્પત્તિ સ્વતઃ થતી હોય અને સ્વતઃ ભવાંતરમાં જવાનું

થતું હોય તો તે આત્માને ઇષ્ટ હોય અગર તેની ભૂલનો બદલો પણ હોય. અર્થાત્ જન્માંતરમાં જવું તે ઇષ્ટતાનું પરિણામ કે ભૂલનું પરિણામ? હવે કહે છે કે સંસારચક્રમાં ઉત્પન્ન થવાનું જીવ પોતે કરવા માગતો નથી. સામાન્ય રીતે અહીંથી મરવા કોણ માગે?

## સંસારી સર્વ જીવો જીવવાને ઇચ્છે છે

જગતના સર્વ જીવો ઇચ્છાને માટે વૈકલ્પિક છે. એટલે ધનમાલને ઇચ્છે પણ ખરા અને જંગલમાં તે ધનમાલને અંગે લૂટારુ આવે અને તેનો માર ખાવો પડે તેવું લાગે તો તે ધનને અનિષ્ટ ગણીને ફેંકી પણ દે. સુખના સાધન પૂરતી વસ્તુ સંગ્રહે અને જો વસ્તુ દુઃખનું કારણ માલૂમ પડે તો છોડે. પરંતુ જીવન એવી વસ્તુ છે કે તે અનિષ્ટ થાય જ નહિ. જીવન કોઈ દિન અનિષ્ટ થતું નથી. માનવી આવેશમાં આવીને પાણીમાં પડે ખરો છતાં પડતાંની સાથે બોલે કે કાઢજો, કાઢજો. અહીં જીવન ખરેખર અકારું ન થઈ શક્યું પણ વહાલામાં વહાલું લાગે છે તેથી શાસ્ત્રકાર કહે છે કે-સંસારી સર્વ જીવો જીવવાને ઇચ્છે છે. કોઈ દિન મરવાને કોઈ ઇચ્છતું નથી. આ જીવન હંમેશને માટે દરેકને ઇષ્ટ છે, પણ અનિષ્ટ નથી.

## જીવનમરણ ઇચ્છા આધીન બનતું નથી

હવે જીવવું ઇષ્ટ છે તો પછી મરે કેમ? કહો કે જીવન એ હાથની બાજી નથી, તેમ મરણ પણ હાથની બાજી નથી. હવે તે બંને જ્યારે હાથની બાજી નથી તો પછી આવતા ભવમાં ઉત્પન્ન થવું તે પણ હાથની બાજી નથી, છતાં જીવનમરણ બને શાથી? નાસ્તિકો બીજી બાબતોમાં જુદા પણ પડે. પુણ્ય, પાપ, સદ્ગતિ આદિમાં જુદા પડે પણ છોડવું છે, મરવું છે એમાં તો નાસ્તિકો પણ જુદા પડતા નથી. અર્થાત્ જીવન અને મરણ માટે તે નાસ્તિકોથી જુદા પડાય તેમ નથી. અહીં આસ્તિક અને નાસ્તિક બંને જીવનમરણને માને છે છતાં તે જીવનમરણ ઇચ્છાને આધીન બનતું નથી. જો ઇચ્છાને આધીન થતું હોય તો કોઇ જીવન ઓછું કરવા

ન જ માગે. તેમ મરણ પણ ન ઇચ્છે. હવે જ્યારે તે ઇચ્છાને આધીન નથી તો પછી ઉત્પત્તિ તો આધીન હોય જ ક્યાંથી ?

## કારણોને આધીન ઉત્પત્તિ

હવે એ ઉત્પત્તિ આધીન કોને ? એક વાત ધ્યાનમાં રાખવાની કે આપણને નીરોગી બનવું હોય તો તે ઇચ્છા માત્રથી ન બનાય. તેમ રોગી પણ ઇચ્છામાત્રથી ન થવાય. રોગી કે નીરોગી બનવાનું આધીન છતાં કારણ દ્વારા જ બની શકે. એટલે નીરોગીપણાનાં કારણો મેળવીએ તો જ નીરોગીપણું મેળવાય, તેમજ રોગી થવા માટે તેનાં કારણો મેળવવાં પડે જ અને ત્યારે જ તે બને. અર્થાત્ રેચ કરવો અને તેને બંધ કરવો તે પોતાને આધીન પણ સીધી રીતે નહિ. કારણ કે સાધનદ્વારા તે આધીન છે. અજવાળું એ આધીન ખરું. સ્વતંત્ર નહિ પણ દીપક વગેરે અજવાળું કરવાવાળા પદાર્થદ્વારા જ તે બની શકે. અહીં અજવાળા ઉપર સીધો કાબૂ નથી પણ તેનાં કારણોદ્વારા અજવાળું લાવવાનો કાબૂ છે. હવે અજવાળું કાઢવા માટે સૂપડે ઉલેચીએ તો નીકળે નહિ પણ દીપકને બહાર કાઢવો જોઈએ. અહીં અજવાળું એ આધીન હોવા છતાં એને સીધી રીતે કાઢવાની તાકાત નથી. કારણ કે તેનાં કારણોને જ આપણે ખસેડી શકીએ.

## જૈનો અને ઇતરોની માન્યતામાં ફેર

એવી રીતે અહીં આ જીવન પણ આપણા આધીનની ચીજ છે, તેમજ મરણ કે ભવાંતરની ઉત્પત્તિ તે પણ આધીનતાની ચીજ છે, છતાં તે સીધી રીતે લાવવા માટે પાછા તાકાતદાર નથી, પણ સાધનો લાવવાદ્વારા એ બને. તેમ અહીં જીવન, મરણ કે ઉત્પત્તિને અંગે સાધનો ક્યાં ? તે સીધી રીતે આપણા હાથમાં નથી પણ કારણોદ્વારા જીવન આદિ થાય છે. આયુષ્ય ખતમ કરવાદ્વારા મરણ કરી શકીએ. ભવાંતરનું આયુષ્ય બાંધવાદ્વારા ઉત્પત્તિ કરી શકીએ. આયુષ્ય લાંબું બાંધવા દ્વારા જીવન ટકાવી શકીએ. હવે ઇતરોની

માન્યતા છે કે ઈશ્વરપ્રેરિત જીવ જાય છે. ઈશ્વર સ્વર્ગમાં કે નરકમાં મોકલે ત્યાં જીવ જાય. આવી માન્યતા જૈન ધર્મની નથી. જૈન ધર્મ તો માને છે કે જીવન, મરણ અને ઉત્પત્તિ માટે જીવ સ્વતંત્ર છે, પણ તે સ્વતંત્રતા સીધી નથી.

## જીવન, મરણ અને ઉત્પત્તિની જવાબદારી કોની?

જેમ અજવાળાને અંગે સીધી સ્વતંત્રતા નથી પણ તેનાં કારણો દ્વારા તે બની શકે. તેમ આ જીવની જીવન, મરણ અને ભવાંતરની ઉત્પત્તિ માટે સ્વતંત્રતા છે પણ તે સીધી નથી, પરંતુ કારણોદ્વારા છે. ગયા ભવમાં જે પ્રમાણે આયુષ્ય બાંધ્યું તે પ્રમાણે જ ભોગવવાનું. જેટલું બાંધ્યું તેટલું જ ભોગવવાનું, તેમજ આ ભવમાં જેટલું અને જેવું બાંધે તેટલું જ અને તેવું આવતા ભવમાં ભોગવવાનું છે. તેથી જિનેશ્વરે કહેલ છે કે તમારી મેળે જ તમારું જીવન, મરણ અને ઉત્પત્તિ છે તેથી કોઈ બીજા પદાર્થ ઉપર તમો આરોપ મૂકી શકો તેમ નથી. તમારું જીવન, મરણ અને ભવાંતરની ઉત્પત્તિ માટે તમો તમારી પોતાની જ જવાબદારી સમજો. આ ભવને અંગે, જીવન, મરણને અંગે કે આવતા ભવની ઉત્પત્તિ અંગે જવાબદારી છે તો૦ પછી ભૂલ કયાં કરીએ છીએ ?

## સારી ઈચ્છા માત્રથી કાર્યની સિદ્ધિ થતી નથી

દરેક મનુષ્ય સારા જ અક્ષરો લખવા માગે. કોઈ ખારબ લખવા માગતો નથી, પણ જેનો હાથ કાબૂમાં હોય, જેણે અભ્યાસ કર્યો હોય તે જ સારા અક્ષરો લખી શકે. પણ જેણે અભ્યાસ ન કર્યો હોય, શરીર ન કેળવ્યું હોય તો પછી સારા અક્ષરો ન જ આવે. એટલે સારા થવાને લાયકની ક્રિયા કરી હોય તેના જ અક્ષરો સારા આવે. તેમ અહીં દરેક જીવ સુખને, લાંબા જીવનને ઇચ્છે છે. કોઇ દુઃખ કે મરણને ઇચ્છતો નથી. પણ સારી ઇચ્છા માત્રથી તે કાર્યની સિદ્ધિ થતી નથી પણ સારા અક્ષરો કાઢવાની ઇચ્છા સાથે તેનો અભ્યાસ કર્યો હોય તો જ સિદ્ધિ સાંપડે. તેમ અહીં પણ સુખની ઇચ્છાવાળાએ

સત્કર્મો કરેલાં હોય તો જ તે મેળવી શકે. દુઃખ કાઢવા માટે પુણ્યોપાર્જન કરેલ હોય તો જ દુઃખ ટળે. હવે સુખના કારણરૂપ પુણ્ય ન મેળવેલું હોય અને સુખની ઇચ્છા કરે તેને મળે તો દુઃખ જ, કારણ કે સારી ઇચ્છા કરવા માત્રથી તે પ્રમાણે ફળ ન મળે. જેવી રીતે પુણ્યોપાર્જન કરેલ હોય તેવી રીતનાં જ સુખો મળે.

## જિનેશ્વરે કહેલ જગત કરતાં જુદો જ ધર્મ

હવે જિનેશ્વર ભગવાને આખા જગત્ કરતાં કંઇ પણ જુદો કે અલગ ધર્મ કહ્યો હોય, બીજા લોકોને અરુચિકર ધર્મ કહ્યો હોય તો તે આ છે. આ જીવ જીવન, મરણ કે ઉત્પત્તિને અંગે સ્વતંત્ર છે. બીજાની જવાબદારી તેમાં નથી. ઇતરો જીવન, મરણ અને ઉત્પત્તિમાં બીજાની જવાબદારી મનાવે છે તે ઉડાડી દીધી. સાથે એ જણાવ્યું કે જીવની જીવન, મરણ કે ઉત્પત્તિને અંગે જવાબદારી છે ખરી પણ તે સીધી રીતે માલિક બનતો નથી, પરંતુ તે પુણ્ય, પાપ દ્વારા માલિક બની શકે છે. અજવાળા માટે તેનું સાધન વસાવવું પડે જ. અંધારા માટે પણ સાધન વસાવવું જ પડે. તેમ આ જીવ દરેક કાર્યમાં સ્વતંત્ર છે ખરો પણ તે સ્વતંત્રતા સાધનો ઉપર આધાર રાખે છે. જેમ એક મનુષ્ય લોઢાનો થાંભલો એક વેંત જાડો હોય તો તે કાપવા સમર્થ છે પણ તેના હાથમાં સોય આપો તો તે કાપશે ખરો ? નહિ, કારણ કે સાધનમાં સમશેર રાખી હોય તો કાપી નાખે. અહીં શૂરવીર શૂરાને સાધન પણ મજબૂત જોઇએ. હવે સાધનની ખામીએ સાધન સાધ્યની સિદ્ધિ ન જ કરી શકે. આ જીવ સુખની ઇચ્છા રાખે અને તેનાં સાધનો ન મેળવે અને દુઃખને દૂર ન કરે તો પછી સુખની ઇચ્છાનું ફળ કયાંથી મળે ? હવે અહીં પોતાની શકિત કે સ્વાધીનતાનો ઉપયોગ સીધો ન થાય પણ સાધન દ્વારા જ થઇ શકે.

## સાધન પર જ સાધ્યની સિદ્ધિનો આધાર

હવે તે સાધનો કયાં ? ક્રોધાદિ ચાર, રાગ દ્વેષ અને આઠ

કર્મોરૂપ જે સાધનો છે તેના ઉપર કબજો રાખો તો જ તમો સુખ-દુઃખ ઉપર કાબૂ રાખી શકશો. આ ઉપરથી જિનેશ્વર મહારાજે નવી વસ્તુ આપી હોય તો તે આ એક જ છે. તમે તમારાં જીવનમરણ અને ભવાંતરને માટે કે સુખદુઃખને માટે સ્વતંત્ર છો પણ તમો સાધનને કેળવો એટલે સદ્ગતિનાં સાધનો મેળવો તો જગતમાં કોઇની તાકાત નથી કે તમોને દુર્ગતિ આપે. તેમ જ તમોએ દુર્ગતિનાં સાધનો મેળવ્યાં હોય તો કોઇપણ સદ્ગતિ આપવા સમર્થ નથી, માટે તમારાં કૃત્યો માટે તમો જવાબદાર છો. જો તમારાં કૃત્યો સારાં હશે તો તમો સદ્ગતિ પામશો અને જો તમે ખરાબ કાર્યો કર્યાં હશે તો દુર્ગતિ મેળવશો. હવે સાધનોદ્વારા જો સદ્ગતિ, દુર્ગતિ મળે છે તો પછી આખું જગત્ શા માટે સદ્ગતિ માટે પ્રયત્ન નથી કરતું ? જ્યારે સર્વ સ્વાધીન છે. જીવ માત્રને જન્મ, મરણ, સુખ, દુઃખ કે ઉત્પત્તિ સ્વાધીન છે તો પછી શા માટે તે સદ્ગતિનાં સાધનો માટે તૂટી ન પડે ? તેમજ શા માટે દુર્ગતિ તરફ ધક્કો મારવા કૂદી ન જ પડે ?

## સદ્ગતિનાં સાધનો કોણ મેળવી શકે ?

હવે તે સદ્ગતિનાં સાધનો કોણ મેળવી શકે ? તો કહે છે કે દુન્યવી સાધનોની લાલચમાં જે ફસાય નહિ, લલચાય નહિ તેમજ દુન્યવી ભયનાં કારણોએ ત્રાસ પામે નહિ તે. અહીં લાલચ અને ત્રાસ આ બે વસ્તુને જેણે દેશવટો આપ્યો હોય તે જ સુખનાં સાધનોને મેળવી શકે. બાકી જે લાલચમાં લેવાઇ ગયા હોય, ભયમાં ભાગી ગયા હોય તેઓ કદાપિ સદ્ગતિ મેળવી શકે નહિ. અર્થાત્ ભાગ્યાથી સદ્ગતિ ન જ મળે. અર્થાત્ દુનિયામાં જે અનુકૂળ સંજોગો દેખાતા હોય તેને આધીન ન બને, તેમજ પ્રતિકૂળ સંજોગોમાં આધીન ન થવાવાળા હોય, તેઓ જ સદ્ગતિનાં સાધનોને નિયમિત મેળવી શકે, અને તે જ સદ્ગતિ અને સુખને જ મેળવે; તેને દુઃખ અને દુર્ગતિ હોય જ નહિ.

## પશુપતિ અને ત્રિલોકનાથ વચ્ચે ભેદ

જૈન દર્શનમાં ગુલામી દૂર કરવાનો સિદ્ધાંત છે. ઇતરોમાં ઇશ્વરને પશુપતિ કહ્યો છે. જગતના જીવો પશુરૂપ ગણાવ્યા છે. ગાયો કે બકરીઓને જેમ ગોવાળિયો વાડામાં પૂરે અને કાઢે તેમ આ જગતના જીવોને ઇતરોએ પશુરૂપ માન્યા છે પણ તે પશુપણાનો કાપ જો કોઇએ મૂક્યો હોય તો તે ત્રિલોકનાથે. તેઓ કેહે છે કે આ જીવ, જીવનમરણ અને ભવાંતર જેવા સ્થાન માટે સ્વતંત્ર છે **અને તેથી ગુલામીની જંજીરને તે ખસેડી નાંખે છે અને તેથી એ** જ ગોખવા જણાવ્યું કે મારો આત્મા મારી જવાબદારીથી જીવવાવાળો, મરવાવાળો અને ઉત્પન્ન થવાવાળો છે. આવી રીતે જેઓ માને તે જ જૈન ધર્મમાં લાયક છે. આથી ત્રણ ઉપદેશ થયા—એક તો જન્મમરણની જવાબદારી અને તે પછી તેનાં સાધનો જે કર્મરૂપ છે તે અને તે પછી દુન્યવી અનુકૂળ કે પ્રતિકૂળ કોઈ પણ સંજોગોમાં સપડાવું નહિ. આવી રીતે **આચારાંગ**ના ત્રણ અધ્યયનો જણાવ્યાં.

## જૈન શાસનનો સામ્યવાદ

હવે **આચારાંગ**ના ત્રણ અધ્યયનોમાં પ્રથમમાં છયે જીવનિકાયમાં ઉત્પન્ન થવારૂપ, બીજામાં ક્રોધાદિના વિજયરૂપ અને ત્રીજામાં શીતોષ્ણ ઉપચારોમાં એકનિષ્ઠ રહેવારૂપ સિદ્ધાંત કહ્યો. આ ત્રણ પ્રકારનો સિદ્ધાંત જિનેશ્વર મહારાજે જણાવ્યો. સંસારની રૂએ જન્મમરણનો સિદ્ધાંત બતાવ્યો, પણ તમારા અને મારામાં ફરક નથી એમ જૈન શાસન કહે છે એટલે સામ્યતાધર્મ જો કોઇને પણ વરેલ હોય, અગર કોઇએ આગળ કરેલ હોય તો તે જૈન ધર્મે જ કરેલ છે. જિનેશ્વર ભગવાન્ જ્યાં ઉપદેશક અને શ્રોતાઓ કેવળજ્ઞાની હોય કે મતિ, શ્રુતનાં પણ ઠેકાણાં ન હોય તેવાની સાથે પણ સામ્યતા બતાવનારા જો કોઈ પણ હોય તો તે ત્રિલોકનાથ છે. બીજા કોઇપણ શાસનમાં સામ્યવાદ છે નહિ. તેઓ તો પ્રથમ પોતાને રજિસ્ટર કરે. તીર્થંકર મહારાજા જણાવે છે કે આવી રીતે વીસસ્થાનકની આરાધના કરીને

હું તીર્થંકર થયેલ છું અને તમારામાંથી જે આવી રીતે આરાધના કરશે તે મારા જેવા થશે. આવી રીતે તેમણે સામ્યવાદ બતાવ્યો એટલે તમો પણ તીર્થંકર બની શકો.

## પ્રજાના શાસનમાં ઢેડ પણ પ્રેસિડન્ટ

પ્રજાના શાસનમાં ઢેડ પણ પ્રેસિડન્ટ થઈ શકે છે. લોકશાહી શાસનને અંગે, પ્રજાતંત્રને અંગે જોઇ શકીએ છીએ કે ક્ષુદ્ર જાતિનો માણુસ પણ પ્રેસિડન્ટ બની શકે છે, પણ ઇશ્વરપણું તો જૈન શાસન સિવાય દરેકે રજિસ્ટર કરેલ છે. શૈવ કે વૈષ્ણવને પૂછો કે ઇશ્વર થવાનું તમારા કોઇ પણ શાસ્ત્રમાં કેમ બતાવ્યું નથી? પરમેશ્વર થયેલાએ પરમેશ્વર થવાનાં સાધનો બતાવ્યાં હોય, તેનાં સાધનો બતાવી તેની પ્રેરણા કરી હોય તો તે જૈન શાસને જ. પરમેશ્વરની રજિસ્ટરી જન સિવાય બીજા કોઇ મતે છોડી જ નથી. પરમેશ્વર થવાના દરવાજા બંધ હોય તો જૈનદર્શન સિવાય દરેકમાં છે. હવે પ્રેસિડન્ટ બધા થતા નથી, જેની લાયકાત હોય તે જ થાય. તેમ અહીં પરમેશ્વર બનવાની છૂટ ખરી પણ જેઓ વીસસ્થાનકની આરાધના કરશે તે જ પરમેશ્વર બની શકશે.

## આભ્યન્તર દૃષ્ટિએ આત્માની સુંદરતા

હવે અહીં ગુલામીની જંજીરમાં જકડવા માટે ઈતરોના મતો હતા, પણ આ જિનેશ્વર મહારાજ એવા વિચારવાળા હતા કે દરેક જીવ ગુલામીની ધૂંસરીમાંથી છૂટો એમાંથી નીકળવું તે પોતાની મરજી રૂપ છે. આવું જણાવનાર શાસન જો કોઇ પણ હોય તો તે આ જૈન શાસન છે. તેને અંગે આ ચોથા અધ્યયનમાં આત્માનું સુંદરપણું જણાવ્યું. પ્રથમના ત્રણ અધ્યયનમાં ભવનું અસુંદરપણું જણાવ્યું અને તેથી બાહ્ય દુનિયાદારીની વસ્તુ જણાવી, તેનો કબજો જણાવ્યો. હવે આભ્યન્તર દૃષ્ટિએ વિચારાય છે કે કોઇપણ આત્મા આત્મીય સુંદરતા વિનાનો નથી. દરેક આત્મામાં સુંદરતા વસેલી જ છે. ઈતરોએ

આત્મામાં જ્ઞાન માન્યું છે પણ તે ભાડૂતી. સ્વતંત્ર નથી માન્યું. વૈશેષિકોએ કે નૈયાયિકોએ આત્મામાં જે જ્ઞાન માન્યું છે તે ભાડૂતી. હવે જૈન શાસ્ત્રકારે આત્મામાં રહેલ જ્ઞાનને ઘરનું ગણ્યું છે. ભાડૂતી નથી ગણ્યું. હવે તે શાથી ?

## વૈશેષિક અને જૈન દર્શનકારની દૃષ્ટિએ જ્ઞાન

વૈશેષિકો જ્ઞાનની ઉત્પત્તિ શરીર, ઇન્દ્રિયાદિથી માને અને પછી શરીરના અભાવે જ્ઞાન–સુખ ન હોય. અરે મોક્ષમાં પણ જ્ઞાન ન હોય એમ તેઓ કહે છે. આત્મામાં જ્ઞાન–સુખ તેને તે ભાડૂતી માને. જૈન દર્શનકાર માને છે કે ઇંદ્રિયદ્વારા જ્ઞાન ઉત્પન્ન થતું નથી પણ આત્મામાં પ્રગટ થાય છે. ઉત્પન્નવાદ નહિ પણ પ્રગટવાદ એટલે તે દ્વારા પ્રગટ થવાનું માને છે. તેથી અશરીરી બની સિદ્ધદશામાં જીવ જાય ત્યાં પણ સંપૂર્ણ જ્ઞાન આત્મામાં મનાય છે.

## દર્શન, જ્ઞાન અને ચારિત્રની વ્યાખ્યા

હવે આત્માના સુંદરપણાને દેખાડતાં આત્માના સુંદરપણાના ત્રણ પ્રકાર કહે છે–(૧) નિશ્ચય, (૨) બોધ અને (૩) વર્તન. આ ત્રણ પ્રકારે આત્માની સુંદરતા છે. આ ત્રણ શબ્દોને પારિભાષિકરૂપે લઇએ તો દર્શન, જ્ઞાન અને ચારિત્ર. **શુદ્ધ પદાર્થનો શુદ્ધપણે નિશ્ચય તે જ દર્શન. પદાર્થનું યથાસ્થિત સ્વરૂપ જાણવું તેનું નામ જ્ઞાન. આત્માની યથાસ્થિત સ્થિતિ માટે શુદ્ધ વર્તન કરવું તેનું નામ ચારિત્ર.** આવી રીતે ત્રણેમાં આત્મા સુંદર રહે તો જ આત્માની સુંદરતા અને બગડે તો આત્માની અસુંદરતા સમજવી. આવી રીતે ચોથા અધ્યયનનું નામ રાખેલ છે.

## ત્રણ પ્રકારનાં સમ્યક્ત્વો

હવે નિશ્ચયમાં તપાસીએ તો કેટલાક એવા નિશ્ચયવાળા હોય છે કે એક ક્ષણમાં નિશ્ચય કરે ત્યારે બીજે ક્ષણે ઢળી પડે. જ્યારે કેટલાક મંદ નિશ્ચયવાળા રહે છે અને કેટલાક નિશ્ચય કરીને ઠેઠ સુધી મક્કમ-પણે રહે છે. પ્રથમ નિશ્ચય હોય અને ક્ષણમાં ઢળી પડે તે ઔપ-

શમિક સમ્યક્ત્વ. મંદ, ડગુમગુ અને લાંબા કાળનો નિશ્ચય તેનું નામ ક્ષાયોપશમિક. હવે જે નિશ્ચય મજબૂત અને સર્વ કાળ રહે તેનું નામ ક્ષાયિક સમકિત છે. અહીં પારિભાષિક શબ્દ સાંભળીને તમને કદાચ ગભરામણ છૂટતી હોય અગર મુશ્કેલી લાગતી હોય તો તેને તમો કોરાણે મૂકો પણ દુનિયાદારીના હિસાબે લો તો નિશ્ચય કરે પણ ક્ષણમાં ડગમગી જાય. યુદ્ધમાં જેમ પ્રથમ શૂરવીરો વાજાં વગાડીને રણની ટોચે જાય ખરા પણ ઘેરો આવેલો દેખે ત્યાં હથિયાર મૂકી દે. અહીં નિશ્ચય મજબૂત છતાં પાછળ મીડું હોય તે નકામો. હવે વ્યાપારી નિશ્ચયમાં દેશોદેશમાં ફરી અમુકનો વ્યાપાર તોડી નાંખવા ધારે, તેમ અહીં ક્ષાયોપશમિક નિશ્ચય બને, એટલે ઘડીકમાં વધઘટે. આવા નિશ્ચયો તેનું નામ જ ક્ષાયોપશમિક દશા છે. હવે અમુક લશ્કરોમાં વીજળીક ઝડપ હોય એટલે જીતવું, પાછા હઠવું નહિ અને મરવું પણ નહિ. આવા દૃઢ નિશ્ચયવાળાઓનો આત્માના કલ્યાણ માટે, દુર્ગતિને ટાળવા માટે જે નિશ્ચય થાય તેનું નામ જ ક્ષાયિક સમ્યક્ત્વ. એટલે તેવાઓ કાર્યમાં ઝંપલાવે અને તે પૂર્ણ જ કરે.

## ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક ચારિત્ર

આવી રીતે ત્રણ સમ્યક્ત્વો નિશ્ચયને અંગે જણાવ્યાં છતાં તે વાસ્તવિક ક્યારે ગણાય ? નિશ્ચય કરનાર તે પ્રમાણે સાધનો મેળવે ત્યારે તે શેખચલ્લીની ગણતરીમાં ન આવે. પણ સાધનો ન મેળવે તો તે શેખચલ્લીમાં ગણાય. હવે સાધન એવું ઊભું કરેલ હોય કે તે ક્ષણિક હોય. કેટલાંક એવાં હોય કે ડગમગે અને ચાલ્યા કરે. કેટલાંક સાધનો એવાં હોય કે જાણે એકસરખી વીજળીક લશ્કરી ટુકડીઓ. અહીં આ ત્રણનું નામ ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ચારિત્ર. આ ત્રણે ત્રણ પ્રકારનાં યુદ્ધ જેવાં સમજવાં. આ દુનિયા-દારીની સાથે વાત કરી લઇએ તેમ આત્માની સાથે પ્રતિબંધ કરનારા કોણ ? સમકક્ષાના યુદ્ધને અંગે ચાહે તેવી વાત કરો તો ચાલે પણ આત્માને સામો પક્ષ કોણ ? નિર્જીવ પક્ષની સામે લડવાનું બને કેમ ?

તે તો વગર સ્થાને છે. આત્માની સામે કોઇ પણ સામો આત્મા નથી પરંતુ એ ધ્યાન રાખવું કે શત્રુઓ જેટલું નુકશાન ન કરે તેટલું દેશમાં ઘુસેલા જાસૂસો નખોદ વાળે. જેમ હાલ પાંચમી કતાર કહીએ છીએ ને? અહીં ધ્યાન રાખજો કે કર્મરાજાના જાસૂસો એટલા બધા ઘૂસી ગયા છે કે તે પોતાનું કામ કરીને તમને નિર્બળ કરી રહ્યા છે.

**દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપી જાસૂસો**

અહીં દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયરૂપી બે જાસૂસોને કર્મરાજાએ ઘુસાડી દીધા છે. આથી એક પણ જગ્યા કે આત્માનો એક પણ પ્રદેશ એવો નથી કે જેમાં મોહરાજાએ પોતાના જાસૂસોને ઘુસાડયા ન હોય. ફક્ત આઠ રૂચક પ્રદેશોને રહેવા દીધા છે. હવે શાસ્ત્રકાર કહે છે કે તારે બહારના યુદ્ધથી કામ નથી પણ આત્માની સાથે તું યુદ્ધ કરી લે. પછી તું આપોઆપ સ્વતંત્ર બનીશ. હવે પ્રથમ માન્યતા ચોખ્ખી ન થવા દે, વર્તન ચોખ્ખું ન થવા દે એવા બે પ્રકારના જાસૂસો ઘુસેલા છે. તે બંનેને દૂર કરવા, માન્યતાને બગાડવા-વાળા જાસૂસોને દૂર કરવા તેનું નામ જ દર્શન અને વર્તનને બગાડવા-વાળા જાસૂસોને દૂર કરવા તેનું નામ જ ચારિત્ર. આવી રીતે દર્શન અને વર્તનના ત્રણ ત્રણ ભેદો છે. હવે તે કઇ રીતિએ છે, શાથી દૂર કરાય અને આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવી રીતે થાય તે અગ્રે જણાવશે.

## વ્યાખ્યાન : ૨૫

### મોક્ષની વાનગીરૂપ ચારિત્રનો માર્ગ

**શાસ્ત્રકાર** મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ** સૂત્રની ટીકા કરતાં થકા ચોથા અધ્યયનનો સંબંધ જણાવતાં આગળ ત્રણ અધ્યયનમાં જણાવી ગયા કે તીર્થંકરો હમેશાં ભવાંતરથી જગતના જીવોના ઉદ્ધારને માટે તૈયાર થયેલા હોય છે. સિદ્ધ, આચાર્યાદિ એક ભવનો પ્રયત્ન હોય તો થઇ

શકે, પણ તીર્થંકરપણું એક ભવથી ન મળે, પણ ઘણાં જન્મોથી ભોગ આપે ત્યારે જ તે પામે અને છેવટે જ્યારે કેવલજ્ઞાન પામે તે પછી પોતાનું કાર્ય શરૂ કરે; કારણ કે ગર્ભમાં ત્રણ જ્ઞાન હોય, દીક્ષા લે ત્યારે ચોથું પામે, અને કેવલજ્ઞાન તો છેવટે પામે તે પછી જ ઉપદેશ આપે. હવે ત્રણ જ્ઞાનના ધણી છતાં ઉપદેશ કેમ ન આપે? હવે જેને દૃષ્ટાંતરૂપે બનવું હોય તે પૂર્ણ થયા પછી જ ઉપદેશ આપે, એટલે આ ચારિત્રનો માર્ગ તે મોક્ષની વાનગીરૂપ છે અને તે જ તમને કેવલ-જ્ઞાન કે તીર્થંકરપણું મેળવી આપશે. હવે તેનો દાખલો શો? તો તીર્થંકર મહારાજ કહે છે કે–હું પોતે જ. હવે સો વખત જુગાર નહિ રમવા માટે કહીએ છતાં દલીલ આપીએ તો બંધ થાય. ' માત્ર મહેનત-ને કોરાણે મૂકી ચાન્સ ઉપર જવું ' તેનું નામ જુગાર છે. સો વખતનું કહેલ વાક્ય જેટલી અસર ન કરે તે અસર દલીલથી થાય અને તે પણ ન થાય તો દાખલો કામ કરે. મહેનતનો ભરોસો થાય છે તે આમના (તીર્થંકરના) દૃષ્ટાંતથી.

## કેવલજ્ઞાન જ સર્વ જીવોનું સાધ્ય

હવે પોતાને ત્રણ કે ચાર જ્ઞાન થયાં તે સાધ્ય નથી. કેવલજ્ઞાન જ સર્વ જીવોનું સાધ્ય છે અને તે સિદ્ધ કરી બતાવે ત્યારે કહેવાય કે જો આ માર્ગે ચાલ્યો અને આ ફળ મેળવ્યું. આવો દાખલો કેવલ-જ્ઞાન પામે ત્યારે જ અપાય. ત્રણ જ્ઞાનવાળા કે ચાર જ્ઞાનવાળા દાખલા-રૂપે ન અપાય, માટે ભગવાન્ જિનેશ્વર મહારાજ કેવલજ્ઞાન થયા વિના દેશના ન જ આપે. હવે જગતના ઉદ્ધારને માટે દેવાતી દેશનામાં તેઓ કહે શું? દરેક તીર્થંકર પ્રથમ એ ઉપદેશ આપે કે 'તું તને સમજ' ચાહે તેનું મુખ શણગારવા માટે પ્રથમ અરીસો કે ચાટલું જોઈએ. મુખનો ડાઘ જોવા માટે, મોઢું ચોખ્ખું કરવા માટે જેમ ચાટલાની આવશ્યકતા છે, તેમ અહીં તીર્થંકરનાં વચનો તે અરીસો છે. તેમાં દેખાડવાનું શું? તો કહે છે કે–તું તને જો. અરીસો ડાઘો લગાડનાર કે સાફ કરનાર નથી પણ આબેહૂબ જે રૂપ

હોય તેનું પ્રતિબિંબ તે બતાવી આપે. અર્થાત્ જેમ મુખને આપણે જોઇ શકતા નથી પણ અરીસો તે બતાવી આપે છે, તેમ અહીં અરીસારૂપ કામ કરનાર જિનેશ્વર મહારાજનો ઉપદેશ છે તે જીવોની સ્થિતિને દેખાડે છે.

## તીર્થંકરના વચનરૂપ અરીસામાં શું દેખાય ?

હવે તે સ્થિતિમાં શું શું દેખાડે ? પ્રથમ વચન-અરીસામાં એ જણાવે કે તું ભવોભવ ઉત્પન્ન થનારો છે. જન્મ, જરા, મરણ, આધિ વ્યાધિ, ઉપાધિથી તું દુઃખ પામે છે, હેરાન થાય છે, ભવોભવ તારી પાછળ લાગેલ છે, છતાં તે જોખમદારી કોની ? ભવોભવ ભટકવાની અને ગર્ભમાં કે દુર્ગંધી સ્થાનમાં આવવાની, નવ માસ ઊંધે માથે લટકવાની જોખમદારી કોઈ બીજાના શિરે નથી પણ તારે જ માથે છે. હવે જગતમાં લેણદેણના હવાલા નંખાય છે પણ આ કર્મ એક એવી ચીજ છે કે જેનો હવાલો નહિ. એકનાં પુણ્યો અને એકનાં પાપોનો હવાલો નંખાતો નથી. હવે રાજાને ત્યાં આંધળો છોકરો જન્મ પામ્યો, અહીં પુણ્યના લીધે રાજાને ત્યાં જન્મ્યો ખરો પણ પાપને લીધે આંધળો બન્યો. આથી પુણ્ય-પાપનો હવાલો એક આત્મામાં નંખાતો નથી તો પછી ભિન્ન આત્મામાં તો નંખાય જ ક્યાંથી ? હુંડીનાં નાણાં બે મથાળાનાં પણ હોય છે, એટલે એક ન ભરે તો બીજો; પણ અહીં કર્મની બાબતમાં કોઈ બીજો ભરી ન શકે. મા, બાપ, ભાઈ કે બહેનનાં કરેલાં તેઓ જ ભોગવે, બીજો ન ભોગવે. તેથી પોતાનાં કર્મોને લીધે આ જીવ ભવોભવ ઉત્પન્ન થનારો છે, ભવોભવ જન્મ-મરણ એ પોતાનાં કૃત્યોનું જ ફળ છે. ભવાંતરમાં જવું અને જીવનનું ટકવું તે સર્વ સ્વકૃત્યનું ફળ છે. આવી રીતે પોતાની જવાબદારીનું જીવને ભાન કરાવી કહે છે કે-આ જે હેરાનગતિ તું માને છે તે તારી કરેલી છે. તું તેમાંથી નિરાળો થવા ધારે તો થઈ શકે છે.

## આત્મા સંપૂર્ણ સામગ્રીવાળો છે

હવે પરદેશીનો સંબંધ તોડી દેવો તેને પાલવે કે જેની પાસે

પૂર્ણ સાધનો હોય. હવે પોતાની ઉન્નતિનાં સાધનો ન હોય તેવાને પરદેશાનો સંબંધ તોડવો ન પાલવે. તેમ અહીં આત્માને પુદ્ગલનો સંબંધ જડરૂપ છે તે તોડવો ક્યારે પાલવે? તારા આત્મામાં બધી ચીજો સ્વતંત્ર હોય તો જ પાલવે, નહિ તો ઊલટી રીતે ઘેરાવાની સ્થિતિમાં આવે. માટે કહે છે કે-આત્મા સંપૂર્ણ સામગ્રીવાળો છે. જગતની અંદર જે સામગ્રી જોઇએ તે સર્વ છે-જગતમાં જાણવું, દેખવું અને તેને ઉપયોગમાં લઇ ભોગવટો કરવો-જો આ જગતમાં પુદ્ગલોદ્વારા આ ત્રણ વસ્તુની ઉપયોગિતા ગણતા હો તો પછી પુદ્ગલનો સંબંધ તોડવાથી, જાણવા, જોવા અને ભોગવવાની સ્થિતિથી બેનસીબ રહો, પણ હવે આત્મામાં સ્વતંત્ર તાકાત જાણવા જોવા કે ભોગવવાની ન હોય તો પુદ્ગલનો સંબંધ છોડી નિરાધાર સ્થિતિમાં રહેવું ન પાલવે. પણ અહીં જિનેશ્વર મહારાજ ફરમાવે છે કે-તું જગતમાં જે જાણવા, જોવા માગે છે તે તારી આંખ પહોંચે તેટલું તું જાણીશ, કારણ કે આંખથી જોવું તે આંગળ પ્રમાણ છે, પણ તારા આત્મામાં રહેલ કેવલજ્ઞાનના ખજાનાથી તું જોવા માગે તો આખા લોકાકાશને જોઇ શકે. ચક્ષુદ્વારા જે જોવાય તે અમુક જોજન પણ અસંખ્યાતાં નહિ. હવે તારો આત્મા સ્વતંત્ર બને. પુદ્ગલની અપેક્ષા ન રાખે તો તેથી જોવાની તાકાત અનંતગુણી આત્મામાં મળે છે.

## ભોગવ્યા વિના જાણ્યા અને જોયાની કિંમત શી?

હવે જાણવા, જોવાનું બંધ તો તમાસગીરો પણ કરે છે. રાજાની રીતિ, સ્થિતિ કે ઋદ્ધિઓ જાણવા છતાં તે ભોગવટામાં આવતી જ નથી. તેથી જાણવા અને જોવા છતાં પણ જે ભોગવટામાં ન આવે તેની કિંમત આપણે ગણતા નથી. કોઈ કોટ્યાધિપતિના ઘરે ક્રોડ રૂપિયા જોવા છતાં તે ભોગવટામાં ન આવે. તેમ અહીં જગતના અનંતા પદાર્થો કેવલજ્ઞાનથી જાણીએ, કેવલદર્શનથી દેખીએ છતાં ભોગવટામાં ન આવે તો જાણ્યા અને જોયાથી બળતરા થાય. કુંવારીને રાંડવાનું ન હોય, પરણેલીને રાંડવાનું થાય. તેમ અહીં

કેવલજ્ઞાન સરખું લોકાલોક સ્વભાવવાળું જ્ઞાન અને દર્શન આત્મામાં રહેલ છે એમ તમો જણાવો છો છતાં ભોગવટો શો ? વાત ખરી. પણ એક વાત ધ્યાનમાં રાખ કે ઘરના આંગણા આગળ જો કદાચ મધ મળી જાય તો પછી પહાડમાં જવાનો મતલબ શો ? એવો ફેરો કોણ કરે ? પણ અહીં જગતના પદાર્થોના ભોગવટાથી તું સુખ મેળવવા ઈચ્છે છે તો તે સુખ તારા આત્મામાં સ્વભાવથી અનંતગણું રહેલું છે. એટલે આ આત્મા અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત વીર્યમય અને અનંત સુખમય છે.

## આત્માના અનંત સુખને રોકનાર કોણ ?

હવે આત્માના ગુણને જ્ઞાનાવરણીયે રોકેલ છે, તેનો ક્ષય કરે તેથી અનંત જ્ઞાનમય બને. હવે એક મનુષ્ય લોઢાનો થાંભલો કાપે તેટલી તાકાતવાળો છે છતાં સાધનમાં જો સોય આપીએ તો કંઈ ન થાય. એટલે સોયનું સાધન મળવાથી અધિક શકિત છતાં કાર્ય ન થાય. તેમ અહીં આત્મામાં અનંત શકિત છતાં પુદ્દગલ દ્વારા સુખ ભોગવે છે તેથી પુદ્દગલની જેવી તાકાત હોય તેવું જ સુખ ભોગવે. હવે આત્માનાં અનંત સુખ ભોગવવાની શક્તિ છતાં સાધન પુદ્દગલનું મળેલ છે, તેથી તે અનંત સુખ ભોગવી શકતો નથી. હવે તે અનંત સુખને રોકનાર કોણ ? આઠ કર્મમાં સુખાવરણીય નામે કર્મ જ નથી. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મો છે. વીતરાગતા સ્વભાવવાળો હોવાથી ચારિત્રાવરણીય કર્મ છે, પણ સુખાવરણીય નામે કર્મ નથી. અને તે કર્મ નથી તો પછી તેને રોકનાર કોઇ નથી અને તેથી આત્મામાં અનંત સુખ ન રહ્યું ? હવે ચક્ષુને લાંબે સુધી દેખવાની શકિત છતાં ઊતરતા નંબરનાં કે નહિ લાગતાં ચશ્માં લગાવવાથી ઓછું દેખાય–ઝાંખું દેખાય પણ દેખાતું બંધ ન થાય. તેમ અહીં સાતાવેદનીય કર્મ એવું છે કે વધારે સુખ ન ભોગવવા દે. તેમ જેટલી પુણ્યની તાકાત હોય તેટલું સુખ ભોગવવા દે. આથી આત્મામાં જાણવાની દેખવાની તાકાત સંપૂર્ણ છે, તેમજ ભોગવટા-

રૂપે જે સુખ મેળવાય છે તે સુખ મેળવવાની તાકાત પણ અનંતગુણી છે. આવી શક્તિનો ધણી તમારો આત્મા છે તેને તમો ઓળખો.

## નિશ્ચય સમૃદ્ધિના ત્રણ પ્રકાર

હવે આત્માની સમૃદ્ધિને ઓળખાવતાં શાસ્ત્રકારે ત્રણ ભેદો ગણાવ્યા. એક નિશ્ચય સમૃદ્ધિ, બીજી બોધ સમૃદ્ધિ અને ત્રીજી વર્તનની સમૃદ્ધિ. હવે જે સુખ છે તે ફળરૂપ છે. આ ત્રણ વસ્તુને અંગે જણાવતાં કહ્યું કે આત્માને અંગે આ ત્રણ વસ્તુ સુંદર છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આ ત્રણ રૂઢ શબ્દો દેખીને તેની કિંમત ઓછી આંકતા નહિ. તેનો ભાવાર્થ સમજો તો નિશ્ચયને જાણવાની તાકાત, સાધનો જાણવાની તાકાત અને વર્તનને જાણવાની તાકાત. આ ત્રણનાં શાસ્ત્રીય દૃષ્ટિએ અનુક્રમે નામો દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપે છે. હવે તે ત્રણના ત્રણત્રણ ભેદો છે. નિશ્ચય થાય ખરો પણ ક્ષણમાં ખસી જાય એટલે તત્કાળ નિશ્ચય કરે પણ ખસી જાય. કેટલાક નિશ્ચયમાં ડગમગવાવાળા હોય. અને કોઇ જગે નિશ્ચયની સ્થિતિ એવી હોય કે એકસરખો ઊંચો હોય અને છેવટ લગી તેમાં મક્કમ રહે. આ નિશ્ચયમાં કોઇ જાતનો વાંધો ન આવે. હવે પડવાવાળો ઊંચામાં ઊંચો નિશ્ચય તેનું નામ ઔપશમિક સમ્યક્ત્વ. હવે જે ડગમગવાવાળો, વધેઘટે એવા રૂપવાળો જે નિશ્ચય તેનું નામ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ. હવે જે નિશ્ચય બન્યો તેમાં કાળાંતરે પણ ફેર ન પડે. અહીં કાળાંતર દુનિયાદારીનાં બે પાંચ વર્ષનો નહિ પણ ચાહે પલ્યોપમ, સાગરોપમ કે અનંતા પુદ્ગલપરાવર્તો ચાલ્યા જાય તેવા કાળાંતરે પણ ફેર ન પડે, તેનું નામ ક્ષાયિક સમ્યક્ત્વ.

## વર્તનના ત્રણ પ્રકાર

જેવી રીતે નિશ્ચયને અંગે ત્રણ પ્રકાર જણાવ્યા તેવી રીતે વર્તનને અંગે પણ ત્રણ પ્રકાર છે. હવે કેટલાક પ્રવૃત્તિ કરનારા જીવનના ભોગે પણ તૈયાર થાય પણ તેમાં જો સરીઓસરી જાય તો પાછા બદલાતાં વાર પણ ન લાગે. અર્થાત્ બીજી ક્ષણે એક ડગલું પણ

આગળ ન ચાલે, અર્થાત્ પ્રવૃત્તિ ઊંચામાં ઊંચી થઇ જાય પણ પાછળ અંધારું હોય તેનું નામ જ ઔપશમિક ચારિત્ર. હવે આ વાત ધ્યાનમાં લેશું તો ચારજ્ઞાની, ચૌદપૂર્વી આદિ પણ બીજા જ ભવે નિગોદમાં જાય–ભવાંતરની વાત નહિ. અરે ! અગિયારમા ગુણઠાણામાં બીજા ભવે એટલે અનંતર ભવમાં ચારે ગતિમાં જાય. કહો કે નિર્મળવૃત્તિની ટોચે ચઢેલો એટલે કેવલજ્ઞાની મહારાજના જેવા ચારિત્રને પામેલો એટલે યથાખ્યાત ચારિત્રને પામેલો. અગિયારમે તે હોય છે, હોવા છતાં તે જીવ ગબડે તો ઠેઠ નિગોદ સુધી ચાલ્યો જાય. આવી જે સ્થિતિ તેનું નામ જ ઉપશમશ્રેણિ. એવી રીતે ક્ષાયોપશમિક શ્રેણિમાં ચઢે, ખસે, પામે, ઘડીકમાં વર્તાવ સારો કરે, ન પણ કરે, વેગમાં આવે એટલે ઘડી ઘડીમાં વર્તાવના દેખાવો કરે તેનું નામ ક્ષાયોપશમિક ચારિત્ર. હવે ક્ષણમાં રાગ, ક્ષણમાં ક્રોધ અને ક્ષણમાં શાન્તિનો દરિયો બને. આ ક્ષણિક બનાવો ક્ષાયોપશમિકના સમજવા.

## ક્ષાયિક ચારિત્રની સમજણ

હવે ક્ષાયિક ચારિત્રમાં જે ઊંચામાં ઊંચો વર્તાવ કે વીતરાગતા આવે તે જવાની વાત નહિ પણ ઓછાશ પણ ન થાય. 'જગતમાં કોઈ ના પહોંચે તેને પેટ પહોંચે,' તેમ શાસ્ત્રમાં કહેવત છે કે 'જેને કોઇ ન પહોંચે તેને કાળ પહોંચે.' જેમ સુખ કે મોજ હાલ બે ઘડી છે. પણ પછી વીંછી કરડે તો તે મોજ નહિ રહે અને તે વીંછીની વેદનાનો પાછો બે ઘડી પછી ખ્યાલ ન આવે. આવી રીતે કાળ ખાઈ જાય. દરેકના કોળિયા કરનાર કાળ છે પણ તે જ **કાળનો કોળિયો કરનાર જો કોઇ હોય તો તે ક્ષાયિક ભાવ છે.** કેવલજ્ઞાન જેને થયું છે તેને કાળનો કોળિયો ઓછું કરી શકે તેમ નથી. તેમજ અનંતા પુદ્ગલપરાવર્તો થવા છતાં પણ જેને કેવલજ્ઞાન થયેલ છે તેને ઓછું થાય તેમ નથી. આત્મામાં જે વીતરાગપણું થયું, નિરંજન નિરાકારપણું જે જીવમાં થયું તે ક્ષાયિક ભાવનું હોવાથી કાયમ રહે. આવી રીતે

વર્તનના ત્રણ પ્રકાર બને. ઊંચું વર્તન જે ખસે પણ નહિ તે ક્ષાયિક, વળી ખસે તો ઔપશમિક અને ખસે, આવે તે ક્ષાયોપશમિક ભાવ.

## જ્ઞાનના બે જ ભેદ કેમ ?

હવે આત્માનો સ્વભાવ જેવી રીતે રમણતાનો છે તેમ જાણવાનો પણ સ્વભાવ છે. દીવાનો સ્વભાવ પ્રકાશ કરવાનો છે, તેમાં પ્રેરણા કે જોરની જરૂર નથી હોતી. તેવી રીતે આ આત્મા જ્ઞાનસ્વભાવવાળો છે. તેથી લોકાલોકને પ્રકાશ કરનારો છે, સ્વભાવે જ્યોતિસ્વરૂપ છે અને તેથી લોકાલોક જ્ઞાનના સ્વભાવવાળો છે. આથી જ્ઞાનના બે પ્રકાર રાખ્યા. નિશ્ચય અને વર્તનના ત્રણ ત્રણ પ્રકાર રાખ્યા છે તેમ બોધ એટલે જ્ઞાનના ત્રણ ભેદ કેમ નહિ? અને બે ભેદ કેમ રાખ્યા? અહીં જ્ઞાને બગાડયું શું? કયા બે ભેદો? ક્ષાયિક અને ક્ષાયોપશમિક. હવે તેનો ઔપશમિક નામનો ભેદ કેમ નહિ? હવે ત્રણ ભેદો જ્ઞાનના ન રાખો અને બે જ ભેદ રાખો તો પછી દર્શન અને ચારિત્રના પણ બે બે ભેદો જ રાખો ને? આવા પ્રશ્નના સમાધાનમાં તેનું કારણ જણાવે છે કે–જે માણસને જે પદાર્થ જોવા મળે તેનું જ્ઞાન તે કરી શકે. એટલે જેવી પ્રવૃત્તિ થાય તેવું જ્ઞાન મળે. હવે આત્માનું જ્ઞાન પણ તેની પ્રવૃત્તિ કે પરિણતિ ઉપર આધાર રાખે છે. તેથી હવે પરિણતિને રોકનાર ખસે તો જ જ્ઞાનને રોકનાર કર્મો ખસે. મેડા ઉપર ગયા સિવાય ત્યાં રહેલા પદાર્થો જાણી શકાય જ નહિ. બજારમાં ગયા સિવાય કે ભોંયરામાં ગયા સિવાય તે પદાર્થો જાણી શકાય નહિ. હવે આત્માની પરિણતિ થયા વિના આત્માનું જ્ઞાન થાય નહિ, માટે પ્રથમ પરિણતિને દૂર કરનાર કર્મોને રોકવાં જોઇએ. તેથી પ્રથમ મોહનીયનો ક્ષય, પછી કેવલજ્ઞાનાવરણીયનો ક્ષય હોય.

## જ્ઞાન અંગે બે પ્રકારની તાત્ત્વિક સુંદરતા

હવે મોહનીયના ક્ષયને અંગે વર્તનની શુદ્ધિ, વિચારોની શુદ્ધિ જોઇએ. હવે તે ક્ષણિક થાય તો જ્ઞાનની શુદ્ધિ ક્ષણિક કેમ નહિ?

વાત ખરી, પણ વિચાર કે વર્તનની જે ક્ષણિક શુદ્ધિ છે, તેમાં જ્ઞાનની શુદ્ધિ કરવા જાય તો ટાઈમ જ પૂરો થાય, કારણ કે ઔપશમિકનો કાળ અંતર્મુહૂર્ત માત્ર છે. તે ભાવે થયેલ નિશ્ચય કે વર્તનનો કાળ પૂર્ણ થાય તેથી જ્ઞાનનો ઉપશમ કરવાનો વખત જ ન આવે. તેના ઉપશમને અંગે જ્ઞાનાવરણીય ખસેડવા માટે પ્રથમ મોહનો ઉદય આવી જાય, માટે જ્ઞાનના બે જ ભેદો રાખ્યા. એટલે તે જ્ઞાનને અંગે તાત્ત્વિક સુંદરતા બે પ્રકારે એક ક્ષાયોપશમિક અને બીજી ક્ષાયિક સુંદરતા. એમ બે ભેદ પાડવા છતાં અમે જ્ઞાનના પાંચ ભેદો જાણીએ છીએ. તેમાં કયાં જ્ઞાનો ક્ષાયિક કે ક્ષાયોપશમિક? વળી મતિ આદિ ચારને ક્ષાયિક ભાવનાં કેમ ન માનવાં? કેવળજ્ઞાનને ક્ષાયોપશમિક કેમ નહિ? એ વગેરે અધિકાર જણાવી સમ્યક્ત્વ શી ચીજ? શાસ્ત્રકારો ત્રણ સમ્યક્ત્વ છતાં એકને જ સમ્યક્ત્વ કેમ કહે છે? તેનો ખુલાસો અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન : ૨૬

## દાન-શીલ-તપ ને ભાવધર્મ

### અનાદિ કાળથી જીવની પુદ્‌ગલની ગુલામી

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકસૂરિજી** મહારાજા ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ** સૂત્રની ટીકા કરતાં થકા આગળ ચોથા અધ્યયનનો સંબંધ જણાવતાં પ્રથમ ત્રણ અધ્યયનનો સંબંધ જોડતાં જણાવી ગયા કે ભૂતકાળમાં જે કોઈ તીર્થંકરો થયા, વર્તમાનમાં વિચરે છે અને ભવિષ્યમાં થશે તે તમામ તીર્થંકરો શું કામ કરવાના? દુનિયામાં જરૂરી પદાર્થ તે ગણાય છે કે જે નહિ આવવાથી અડચણ ઊભી થાય. જેમ ખોરાક, પાણી, વસ્ત્ર, મકાન આદિ જરૂરી છે. તે બધી વસ્તુ એવી છે કે આવવાથી ફાયદો, ન આવવાથી નુકશાન માટે તે જરૂરી છે. પરંતુ એને એ ખ્યાલ નથી

કે ગુલામ શેઠને મળ્યું એટલે મળ્યું ગણે અને શેઠનું ગયું એટલે પોતે પણ ગયું ગણે, પણ તેમાં ગુલામને કંઈ લેવાદેવાનું હોતું નથી. તેમ આ જીવ પુદ્ગલની ગુલામી અનાદિ કાળથી કરે છે, જેથી પુદ્ગલને અંગે જે જરૂરી ખાનપાન, વસ્ત્રાદિ છે તે સર્વને આ જીવ કરે છે અને તે પ્રમાણે ચાલે છે, તે છતાં પોતાને જરૂર શાની છે તેનો ખ્યાલ આ આત્માએ કર્યો નથી. એટલુંજ નહિ પણ એવા પણ કેટલાક ગુલામો હતા કે જે ગુલામીનો નાશ કરનાર હોય તેની સામે લડે. તેમ આ જીવ પણ અનાદિથી ગુલામીમાં પડેલ હતો, તેથી તે ગુલામી છોડવાનું વચન પણ સાંભળી શકતો નથી. શેઠને ત્યાં ટેવાઈ ગયેલો ગુલામ ગુલામીના વ્યુચ્છેદનું વચન સાંભળે ત્યાં આકરો બને. તેમ આ જીવ પુદ્ગલના વિયોગની વાત સાંભળે તે એનાથી સહન ન થાય.

## ભવનો બાળકાળ

આ વાત વિચારવાથી માલમ પડશે કે જિનેશ્વર મહારાજનાં વચનો માર્ગથી દૂર રહેવા માટે તો સિંહના ગાસ સમાન છે. જેમ મૃગલાંના ટોળાને સિંહનો અવાજ થરથરાવે છે. તેમ આ જીવ ત્યાગના વચનથી, છોડવાની વાતથી થરથરે છે. એનું નામ જ ભવનો બાળકાળ કે બચ્ચાપણાનો કાળ છે, કે જે કાળમાં ત્યાગની વાત સાંભળતાં ગાસ છૂટે. હવે કુદેવને દેવ, કુગુરુને ગુરુ અને કુધર્મને ધર્મ માનવા જાય તેથી તેને મિથ્યાત્વી માનીએ છીએ. તે શબ્દો સાચા પણ તેના રહસ્યને સમજો.

## દાનને ધર્મ કેમ ગણ્યો ?

દાન, શીલ, તપ અને ભાવ–આ ચાર પ્રકારનો ધર્મ નાના બચ્ચાને ખ્યાલમાં હોય, પણ મોટાઓ જ્યાં એમ માને કે સાધુ મહાત્મા આવે કે તેને એક ચીજ આપીએ કે દાન થયું તે કેમ ? તેના ઊંડા રહસ્યને સમજો તો ખ્યાલ આવે કે દાનને ધર્મ કેમ ગણ્યો ? અહીં ખિસ્સામાં હતું અને પાત્રામાં મૂક્યું તેથી ધર્મ–શું પાત્રામાં ધર્મ હતો કે દેનારના હાથમાં કે વસ્તુના બલે ધર્મ ? અહીં

કઇ જગો પર ધર્મ ગણ્યો તે બતાવશો ખરા ? ઊંડા ઊતરવાથી માલમ પડશે કે દાન દેવામાં ધર્મ કહે છે તેમાં મુદ્દો એક જ છે–આ જીવ અનાદિથી લેવાની બુદ્ધિમાં હતો. કોઇ પણ ભવમાં દેવાની બુદ્ધિ ન હોતી. દેવામાં કલ્યાણની બુદ્ધિ એકે ભવમાં ન હોતી. અહીં લઉં, લઉં રૂપે જે બુદ્ધિ હતી તેના ઉપર કુહાડો, આ દાનરૂપ ધર્મ માને છે. જે વસ્તુ મમતાના સાધનરૂપ હતી, સંસારને વધારવારૂપ હતી, તે સંયમના સાધનરૂપ બને, મોક્ષના સાધનરૂપ જે સંયમ તેને મદદરૂપ બને. સંયમમાં જોડનારી બને તે માટે જ દાનને ધર્મ ગણ્યો. અહીં નિર્મમત્વ ભાવ અને મોક્ષમાર્ગનું પોષણ આ બંને હોવાથી દાન ધર્મ છે. અહીં ખરો અર્થ સમજવો મુશ્કેલ હતો.

## ભોગ આપવો તે જ શીલ

શીલ ધર્મરૂપ શબ્દને બધા માને ખરા છતાં તેને ધર્મ કેમ કહ્યો ? તો કહે છે કે અનાદિ કાળથી આ જીવ ઇંદ્રિય, મન, કુટુંબ અને સામગ્રીઓમાં મન ચાલે તેમ નાચતો હતો. એવો એક પણ ભવ નહોતો કે જેમાં તે ઇંદ્રિયાદિના પ્રતાપે નાચતો રહેલ ન હોય. ઇંદ્રિયોના નચાવ્યા નાચવાનું, મનના કૂદાવ્યા કૂદવાનું તો બનેલું જ છે. અહીં જિનેશ્વરનું શાસન પામી ત્યાગીને ગુરુ અને ત્યાગને ધર્મ માન્યા પછી ઇંદ્રિયોના એ નાચનું બંધ કરવું મુશ્કેલ પડે છે, તો પછી બીજી જગે ઇંદ્રિયોના બલે નાચ્યો નહોતો એવી કલ્પના પણ શી રીતે કરી શકીએ ! માટે કહેવું પડશે કે આ જીવ મનના પરિણામો પ્રમાણે વર્ત્યો છે માટે તે ઇંદ્રિય, મન કે સાધન પ્રમાણે ન જ વર્તવું તેનું નામ શીલ છે. **ભોગ આપવો તે જ શીલ.** અહીં અનાદિની જે ચાલ હતી તે જડને ઉખેડી નાંખી માટે શીલ તે ધર્મ.

## તપમાં ધર્મનું તાત્પર્ય શું ?

હવે તપસ્યારૂપ ધર્મને પણ માનીએ છીએ. એકાસણું, આયંબિલ, ઉપવાસ, છઠ્ઠ આદિ તપ કરીએ છીએ, પણ તેમાં ધર્મનું તાત્પર્ય શું છે ? અહીં ખાવાપીવામાં ભગવાનને કંઈ આપવું પડતું

નથી, છતાં તે બંધ કરવાથી તપ કહેવાય છે અને તે ધર્મ છે. અહીં તપ કરવાથી ખરો ફાયદો શો? પારકે ઘરે બચવાથી ભગવાનને ઘેર પહોંચતું હોય તો તો ખાધા વિનાના રહેવાનું કહેવું અને પેટ બાળવાનું કહેવું, તેને ધર્મ શી રીતે ગણવો? વાત ખરી. પણ જરાક ઊંડા ઊતરો. તપ કરવો શા માટે? એકેંદ્રિયથી માંડીને પંચેંદ્રિય સુધીના તેમજ નરક, તિર્યંચ કે દેવ ગતિના જીવોમાં કોઇ જગે તપ છે નહિ. માત્ર મનુષ્ય ગતિમાં તપનું વિધાન છે. હવે સર્વ જીવો પોતાનું ધ્યેય એ રાખે છે કે–પોતાના શરીરની રક્ષા. ક્રૂરમાં ક્રૂર વાઘ હોય તો પણ તે પોતાના શરીરનું રક્ષણ કે પોષણ કરે અને તે ધ્યેય અનાદિ કાળનું છે અને તેથી આ જીવ એમ જ બોલે છે કે–હું એટલે શરીર અને શરીર એટલે હું. એ બંનેમાં ભિન્નતા નથી સમજ્યો અને અભિન્નતા પણ માનતો નથી, તેથી શરીરના રક્ષણ કે પોષણને માટે આ જીવે અનેક પાપકર્મો કર્યાં છે.

## કરેલાં પાપોની શિક્ષા માટે તપસ્યા

જગતના સર્વ જીવો પાપ શા માટે કરે છે? ફક્ત શરીર માટે એમ કહેવું પડશે. આવાં કરેલાં પાપોનું પ્રયશ્ચિત્ત–દંડ પણ તે શરીરદ્વારા જ ભોગવવો જોઇએ. જ્યાં સુધી શરીર દ્વારા દંડ ન ભોગવાય ત્યાં સુધી તે પાપો જવાનાં નથી; માટે શરીરને કસવા માટે તપ કરવો જોઇએ. હવે જગતમાં જે પોષણો થાય છે–આરંભ–સમારંભાદિ કરાય છે. તે માટે શરીરને કસો એટલે પાપને પોષવાનું નહિ બને. આટલા માટે જ તપ કરવો જોઇએ. હવે વૈદ્ય જેમ ઊંચામાં ઊંચી દવા જાણતો હોય છતાં પોતાને થયેલો રોગ તો દવા ખાય તો જ જાય. વાંચવા માત્રથી વૈદ્યનો પણ રોગ ન મટે. સમકિતદૃષ્ટિ જીવો કર્મની પ્રકૃતિઓ, સ્વરૂપાદિ જાણે ખરા. અરે, તીર્થંકરો પણ કર્મના સ્વરૂપને સારી રીતે જાણે છે ખરાં પણ સાથે સમજે છે કે દવા જાણવા માત્રથી ગુણ ન કરે, પણ વાપરવાથી ગુણ કરે. તેમ આ કર્મો કરેલાં છે, તેની શિક્ષા

ભોગવીએ તો જ તે ખસે. આટલા માટે કરેલાં પાપોની શિક્ષા માટે તપસ્યા કહી છે. શિક્ષા ભોગવ્યા પછી ગુનો ઊભો રહેતો નથી. શરીર દ્વારા પાપોની શિક્ષારૂપ તપ થાય ત્યારે તે તપ ધર્મરૂપ ગણાય.

## ભાવના ધર્મ કેમ ?

તેવી જ રીતે ભાવનાને ધર્મ કહેવામાં કોઈને અડચણ નથી. આમ છતાં ભાવના ધર્મ કેમ ? જેમ અહીં બાયડી છોકરાં કે ભગવાન પણ સારા છે, એવાં જેના મનનાં વમળો છે તેથી તેને ધર્મ માની લેપાય પણ અહીં કારણ એક જ છે કે-આ જીવ અનાદિથી અનિત્યને નિત્ય, બાહ્યને અભ્યંતર માનતો રહ્યો છે, પણ અશુચિને અશુચિ માનો, અનિત્યને અનિત્ય, બાહ્યને બાહ્ય માનો ત્યારે જ વિચારની શુદ્ધિ કહેવાય અને તે જ ભાવના.

## દાન, શીલ, તપ અને ભાવ

નિર્મમત્વપણું તે દાન, ઈંદ્રિયાદિ ઉપર કાબૂ તે શીલ, કરેલા પાપોનું પ્રાયશ્ચિત્ત તે તપ અને કરેલા ખરાબ વિચારોનું પરિવર્તન તે ભાવ. આ ચાર ધર્મો સામાન્ય રીતે કહેવાય છતાં તેની જડ કે તાત્પર્યને વિચારવાની સ્થિતિ ઘણા ઓછામાં હોય.

## જીવોને માથે ભવોભવની રખડપટ્ટીરૂપ મોટી આપત્તિ

હવે જે તીર્થંકરાદિ થયા, થશે અને વિચરે છે તે સર્વ તીર્થંકરો જગતને ઉદ્ધારવા માટે થયા, થાય છે અને થશે. તે સિવાય બીજું ધ્યેય તેમનું હોતું નથી. હવે તેઓ ઉપદેશમાં પ્રથમ આપત્તિનું ભાન કરાવે. પછી સંપત્તિનું ભાન કરાવે છે. કેમ કે ઘરનો માલિક બનાવનારને એકલું દેવું ગભરામણ કરે અને એકલું લેણું ચક્કર ખવડાવે, તેથી આ આત્માને કઇ કઈ આપત્તિઓ છે તે સમજાવવા સાથે સંપત્તિઓ પણ સમજાવે. બન્ને વસ્તુ સમજાવવા માટે પ્રથમ તીર્થંકર જીવોની આપત્તિને સમજાવે છે કે તમારે માથે ભવોભવની રખડપટ્ટીરૂપ મોટી આપત્તિ છે. જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ,

ઉપાધિ, સંયોગ, વિયોગ આદિ આપત્તિઓ ઘણી છે, પણ તે ભવચક્રની પાછળ છે. માટે પ્રથમ રખડપટ્ટીને સમજો.

## રત્નત્રયીરૂપ આત્મા

આ સમજાવવાનું તીર્થંકરોનું કર્તવ્ય હોવાથી તેઓ પ્રથમ ઉપદેશ એ આપે છે કે—તારો આત્મા ભવચક્રમાં ભવોભવ ઉત્પન્ન થવાવાળો, કર્મથી ઘેરાયેલો, અને તેના વમળમાં ગુંચવાયેલો છે. અહીં રખડવાનું ભાન થવાથી મૂળ સ્વરૂપ કયું તેની જિજ્ઞાસા થાય, તેથી સ્વરૂપ જણાવ્યું કે તે ઘણું સુંદર છે. તું વિષ્ટાની ગુણ, મૂતરનો ઘેલો કે હાડકાંનું પાંજરું નથી. તું હાડકાંનું પાંજરું કે ચામડાની કોથળી નથી. પણ તું તો જેમ હીરો તેજે ઝગમગે તેમ જગતમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ જે રત્નત્રયી છે તે રૂપે છે, એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના તેજે ઝગઝગતો તું છે. માટે ચોથા અધ્યયનમાં ત્રણ જ સુંદર ચીજો કહી; તે સિવાય જગતમાં સુંદર ચીજ નથી.

## મોક્ષસાધનામાં નિશ્ચયની જરૂર

આ જૈનોના પારિભાષિક શબ્દો હોવાથી તેની કિંમત તમારા મગજમાં નહિ આવે, પણ જરાક ઊંડા ઊતરો તો સાધ્યનો નિશ્ચય, તેનાં સાધનોનો બોધ અને તેનો અમલ કરવા માટે બાધકોથી દૂર રહેવુ. આ દરેક કાર્ય સાધકને માટે જરૂરી છે. કોઇ પણ કાર્ય સાધ્યના નિશ્ચય, બોધ અને પ્રવૃત્તિ વિના ન જ બની શકે. હવે નિશ્ચયની જરૂર શી? ચૂલા ઉપર તપેલી મૂકી. હવે તે મિનિટ મિનિટને આંતરે તપેલી નીચે મૂકે અને ચૂલા ઉપર મૂકે તો રસોઈ પરિપકવ કયારે થાય? અડતાળીસ મિનિટે પણ રસોઇ થાય ખરી કે? જો કે અહીં અડતાળીસ વખત ચૂલાનો તાપ લાગેલો છે છતાં રસોઇ ન થાય, કારણકે ત્રુટયો કાળ રસોઈ ન પકવે, તો પછી અહીં ઘડીકમાં મોક્ષ સાધવાનો, ઘડીકમાં પૈસા કમાવાનો નિશ્ચય હોય એટલે તે નિશ્ચયમાં પરિવર્તન થયા કરે. પછી સાધ્ય સધાય કેવી રીતે? જયાં મિનિટે મિનિટ મગજનું ચક્કર ફર્યા કરે ત્યાં વળે શું? માટે કહે છે કે નિશ્ચય એટલે (૧) મોક્ષ

**જ સાધ્ય છે, (૨) મોક્ષ સાધ્ય જ છે અને (૩) મોક્ષ સાધ્ય છે જ.** એટલે પહેલામાં મોક્ષ સિવાય બીજું કશું સાધ્ય નથી. બીજામાં મોક્ષમાં સાધ્યપણું ન હોય, એવું બને જ નહિ એટલે તે સાધ્યમાંથી ખસે જ નહિ. વળી મોક્ષ સાધ્ય છે જ, આ ત્રીજા પ્રકારમાં જ્યારે આવીએ ત્યારે જ આ આત્મા સુંદર વિચારમાં આવ્યો ગણાય. એટલે સમ્યક્ત્વ ફરસ્યું ગણાય આવો નિશ્ચય એ જ સમ્યક્ત્વ અને તેથી આત્માનું સુંદરપણું એ જ સમ્યક્ત્વ.

## ચારિત્ર એટલે શું ?

હીરાની કિંમત તેજની સાથે ગણીએ, તેમ તેના તોલને પણ ગણીએ છીએ. તેમ અહીં જીવનું સુંદર સ્વરૂપ એટલે નિશ્ચય લઇએ છીએ. વળી અહીં આત્માનું સદ્વર્તન કે સ્વાભાવિક વર્તન બાહ્ય પૌદ્ગલિક પદાર્થો દેખીને જે વર્તાવ થતો હોય તે બંધ કરીને આત્માના સ્વાભાવિક વર્તન તરફ પ્રવૃત્તિ–તેનું નામ જ ચારિત્ર કે વર્તાવ. આમાં ત્રણ ત્રણ ભેદો બતાવ્યા. ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક. હવે તીવ્ર નિશ્ચય તે ઔપશમિક, નિશ્ચય ઘડીકમાં રહે અને ઘડીકમાં જાય તેનું નામ ક્ષાયોપશમિક. તીવ્ર દશાનો વિચાર કે નિશ્ચય તે કલ્પાંતે પણ પલટે જ નહિ, આત્મસ્વરૂપમાંથી બહાર જાય નહિ, પૌદ્ગલિક દશામાં કલ્પાંતે પણ દોરાય જ નહિ તેનું નામ જ ક્ષાયિક.

## જ્ઞાન લોકાલોકની જવાબદારીની ચીજ છે

હવે સમ્યક્ત્વ અને ચારિત્રના ત્રણ ત્રણ ભેદો જણાવ્યા પણ જ્ઞાને શું બગાડયું કે તેના તમોએ બે જ ભેદ રાખ્યા ? તેના પણ ત્રણ ભેદ કરી નાંખો. ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક જ્ઞાન એમ ત્રણ ભેદો કરી ઘો ને ! બીજા.જુદા ભેદો પાડવાનું કહેતા નથી. વાત ખરી, પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે સમ્યક્ત્વ તે આત્માની જવાબદારીની ચીજ છે. ચારિત્ર પણ આત્માની જવાબદારીની ચીજ છે, ત્યારે જ્ઞાન લોકાલોકની જવાબદારીની ચીજ છે.

સમ્યક્ત્વ અને ચારિત્ર તે અંગે મહાપુરુષના વચને પ્રવૃત્તિ કરી શકાય, પણ જ્ઞાન એ ભાડૂતી ચીજ નથી પણ પોતાને પ્રકાશ થાય તો જ બની શકે. નિશ્ચય અને વર્તાવ તે શુદ્ધ અને ક્ષણિક બની શકે, પણ આ જ્ઞાન તેની રીતે ન બની શકે. કારણ કે તે લોકાલોકપ્રકાશ બનીને મટી જતું નથી.

## જ્ઞાનમાં ઔપશમિક ભાવ કેમ નહિ ?

હવે તેમ ન બનવાનું કારણ એ જ કે જે નિશ્ચય અને વર્તાવ છે તેને બગાડનાર મોહનીય કર્મ છે અને તે એવી ચીજ છે કે અંદર રહે અને બહારનો દેખાવ જુદો જ કરી શકે. જેમ દુનિયાના પ્રપંચી મનુષ્યો બહારનો ડોળ જુદો કરે અને અંદર ભાવના કંઇ જુદી જ રાખે. હવે આ જ્ઞાનાવરણીય કર્મ તેવા સ્વભાવનું નથી એટલે અંદર રહે અને બહાર ન દેખાય એ ન બને. અંદર હોય તો બહાર ન જ થવા દે–મોહનીયમાં. સંપૂર્ણ ક્ષાયિક સમ્યક્ત્વ થઇ જાય તેમજ સંપૂર્ણ વર્તન પણ મોહનીયની સત્તાએ થાય. આ બંને બને ખરા પણ જ્ઞાનાવરણીય તો એવી સ્થિતિનું છે કે અંદર હોય તો બહાર આવ્યા વિના ન જ રહે. હવે ક્ષણ માત્રમાં શુદ્ધ જ્ઞાન થાય અને પછી તેમાં પડી જાય એ ન બને તેથી તેનો ઔપશમિક ભાવ નથી.

## ભાવની અપેક્ષાએ જ્ઞાનના બે જ પ્રકાર

આ વાત કરી ત્યારે બીજી બાજુ વિચારીએ–ઔપશમિક નિશ્ચય અને ચારિત્ર બંને બે ઘડીનાં છે તેથી વધારે ટકે નહિ. જ્યાં મોહનો ક્ષય કરવા જાય ત્યાં જ્ઞાનાવરણીય ઉદયમાં આવે. આથી જ્ઞાનાવરણીયનો ઉપશમ ન હોય. અહીં ડગુમગુ ચાલતું નથી, તેમજ ક્ષણમાં થતું નથી. તે તો સંપૂર્ણ અને સર્વ કાળને માટે જ્ઞાન થાય છે. અહીં ભાવની અપેક્ષાએ જ્ઞાનના બે જ પ્રકાર–ક્ષાયોપશમિક જ્ઞાન અને ક્ષાયિક જ્ઞાન.

## ક્ષાયોપશમિક અને ક્ષાયિક જ્ઞાન

દર્શન અને ચારિત્રને અંગે ત્રણ ત્રણ પ્રકાર જણાવ્યા, અને જ્ઞાનના બે જ પ્રકાર જણાવ્યા છતાં સવાલ એ રહે છે કે ત્યાં જે દર્શનનો ભેદ તે જ ઔપશમિકનો હતો તેમ ચારિત્રને અંગે પણ ઔપશમિક, ક્ષાયિકાદિ હોય. એટલે દર્શન અને ચારિત્રના તે જ ઔપશમાદિક ત્રણ ત્રણ ભેદો હતા પણ જ્ઞાનને અંગે મતિ, શ્રુત અવધિ અને મનઃપર્યવ તે ક્ષાયોપશમિક ભાવે છે અને કેવલજ્ઞાન જ ક્ષાયિક રૂપે છે. હવે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ તે દર્શન, ચારિત્રના અંગે કંઇ જુદી ચીજ નહોતી પણ જ્ઞાનને અંગે નિયમ છે એટલે કેવલજ્ઞાન તે ક્ષાયિક જ હોય અને મતિ આદિ ચાર તે ક્ષાયોપશમિક જ હોય.

## આવરણો ખસે ત્યારે શી સ્થિતિ ?

હવે દેશવિરતિ તે ઔપશમિક ભાવની લઇશ કે ક્ષાયિક ભાવની માનીશ ? સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર, સૂક્ષ્મ આદિ ચારમાંથી કોઇપણ ચારિત્ર ક્ષાયિક ભાવનાં માનીશ ખરાં ? કહે કે તેમાંનાં કોઇ પણ ચારિત્રને ક્ષાયિકનાં ઘરનાં નહિ મનાય. અરે ! ઔપશમિકના ઘરનાં પણ નહિ માની શકે ? હવે તેમાં ભેદ શી રીતે ? તો કહે છે કે–જે જે વખતે જે જે આવરણો ખસે તે તે વખતે તે તે સ્થિતિ જણાવવામાં આવે છે.

## મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન

હવે ઇંદ્રિય અને મનદ્વારા જે બોધ થાય તેને મતિશ્રુત કહેલ છે. હવે તે ઇંદ્રિયાદિમાં લોકાલોકનું જ્ઞાન કરાવવાની તાકાત નથી તો પછી તેનાથી સંપૂર્ણ જ્ઞાન થાય જ શી રીતે ? વળી ઇંદ્રિય અને મન તે હંમેશ રહેવાવાળી ચીજો નથી. અવધિજ્ઞાનનો સ્વભાવ ઉપયોગ દેવાનો છે. તે ઉપયોગ કંઈ હંમેશાં એકસરખો રહેતો નથી. વળી તીર્થંકર મહારાજને જે અવધિજ્ઞાન ને દર્શન હોય છે તે ઉપયોગદ્વારા

સાધી શકે. હવે તે ચાર જ્ઞાનો આત્માને સાધનોવાળાં છે. ફક્ત કેવલજ્ઞાન એક જ એવું છે કે જેમાં ઇંદ્રિયાદિ સાધનોની કે બીજો ઉપયોગ દેવાની જરૂર નથી પણ સતતપણે ઉપયોગ રહેલ છે, તેથી તેને ક્ષાયિકપણે માન્યું અને ચાર જ્ઞાનો પ્રથમનાં છે તે ક્ષાયોપશમિક ભાવે છે.

**પ્રથમ ચાર જ્ઞાન ક્ષાયોપશમિક, માત્ર કેવલજ્ઞાન ક્ષાયિક**

હવે જગતમાં કોઇ પણ જીવ ચેતના વિનાનો નથી. તે સર્વને ઈંદ્રિયદ્વારા વત્તાઓછા અંશે બોધ તો માનવો જ પડશે. હવે વધઘટ થશે તો પછી ક્ષાયોપશમિક ભાવ માનવો રહ્યો અને તેથી મતિ આદિ પ્રથમનાં ચાર જ્ઞાનો ક્ષાયોપશમિક ભાવનાં છે. તે ચારનાં આવરણો ખસવાથી તે જ્ઞાન થાય. હવે ક્ષાયિક ભાવનું જ્ઞાન જે છે તે સર્વ આવરણના ક્ષયે થાય છે. અહીં જો કેવલજ્ઞાન કેવલજ્ઞાનાવરણીયના ક્ષયે લેવું હતું છતાં સમસ્ત જ્ઞાનાવરણીય કર્મના ક્ષયે એમ કહી કેવલજ્ઞાન કેમ લીધું ? વાત ખરી, લોઢું ટીપાય ત્યારે તેની સાથે કાટ પણ ટીપાય જ. તેમ અહીં મતિ આદિનાં આવરણો તે કેવલજ્ઞાનાવરણીયના તૂટવાની સાથે તૂટી જ જાય. હવે સર્વ આવરણોનો ક્ષય થાય તો જ કેવલજ્ઞાન ક્ષાયિક ભાવનું થાય. અહીં જ્ઞાનાદિનું સમ્યક્પણું જણાવ્યું "છતાં **योगाद्रूढिर्बलीयसी**" યોગથી રૂઢિ બળવાન્ છે. કોઇ શબ્દાર્થથી ખસી જાય તેથી દુનિયા ન માને. દુનિયા શબ્દાર્થને માનવા સાથે રૂઢિને પણ માને છે. તેમ અહીં લાંબું લાંબું કહીને સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્રને સુંદર ભલે કહ્યાં છતાં રૂઢિ શી છે ? એકલા સમ્યગ્દર્શનને જ સમ્યક્ કહે છે. જ્ઞાનાદિ માટે સમ્યક્ શબ્દ વપરાતો નથી. જો કે તે જ્ઞાન ને ચારિત્રમાં સમ્યક્પણું રહેલ છે છતાં તેને 'સમ્યક્' શબ્દ કહેવાતો નથી. આખી દુનિયાએ 'સમ્યક્' શબ્દ દર્શન માટે જ રૂઢ કરેલ છે, તે શાથી ? તેનું કારણ અગ્રે બતાવશે અને છેવટે દૃષ્ટાંત બતાવી સમ્યગ્દર્શનનું સમ્યક્પણું સાબિત કરી આખું અધ્યયન જણાવશે.

---

# વ્યાખ્યાન : ૨૭

## મુસાફરો અને ખલાસીનું ધ્યેય શું હોય ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શીલાંકસૂરિજી મહારાજા આચારાંગ સૂત્રના ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા કે–ભૂતકાળમાં જે તીર્થંકરો થઇ ગયા, વર્તમાન-માં જે વિદ્યમાન છે, ભવિષ્યમાં જે થવાના છે તે સર્વ કેઈ ભવો-થી એક જ ધ્યેયવાળા અને કેવળજ્ઞાન પછી તેજ ધ્યેયની સિદ્ધિ માટે વર્તવાવાળા અને તેને જ માટે મથવાવાળા હોય છે. હવે ધ્યેય કયું ? જગતના ઉદ્ધારનું. હવે નાવડીમાં બેસીને સમુદ્રની પાર મુસાફર ને ખલાસી બંને જાય ખરા. મુસાફરનું ધ્યેય એ કે–મારે પાર જવું. ખલાસીનું ધ્યેય એ કે મુસાફરોને પાર ઉતારું. હવે જે ખલાસી પોતે ડૂબતો હોય તે મુસાફરોને બીજે કાંઠે લઈ જઇ શકતો નથી, પણ ખલાસીનું જે ધ્યેય નાવડીમાં બેસવું છે તે મુસાફરોને તારવાની દૃષ્ટિએ જ. જો કે પોતે ડૂબવાના ધ્યેયવાળો નથી, તરવાની જ ભાવના રાખે છે, છતાં તેનું મુખ્ય ધ્યેય મુસાફરોને તારવાનું છે.

## જીવોને તારવાનું તીર્થંકરના જીવનું ધ્યેય

તીર્થંકરના જીવોના અને બીજા જીવોના સમ્યગ્દર્શનમાં તફાવત છે. હવે ખલાસી ચાલતો ચાલતો નદીના કાંઠે આવે તો પણ વિચારે એ કે મુસાફરોને કેમ જલ્દી પાર ઉતારું અને મુસાફરો એ વિચારે કે હું પાર કેમ ઊતરું, અને જે તીર્થંકરનો જીવ સમ્યક્ત્વ પામે અને તેમાં પણ વરબોધિ પામે ત્યારે સ્થિતિ એ જ હોય કે આ જીવોને પાર કેમ ઉતારું. પોતાની તરવાની વાતને આગળ ન જ કરે પણ જગતના જીવોનો ઉદ્ધાર કરવાના જ વિચારમાં હોય. ખલાસીનું ધ્યેય નાવડીમાં બેસી તરીને સામે કાંઠે ઊતરવાનું ન હોય પણ મુસાફરોને સામે કાંઠે ઉતારવાના આશયથી પોતાનું સામે કાંઠે જવાનું સ્વાભાવિક બને છે.

## તીર્થંકરપણાનું બીજ શું ?

હવે તીર્થંકરપણાનું બીજ શું? બીજા જીવોને સંસારસમુદ્રથી પાર ઉતારી મોક્ષમાર્ગે લઈ જવા. આથી તીર્થંકરપણું પ્રાપ્ત થાય ત્યારે વરબોધિ જ હોય અને તેથી **હરિભદ્રસૂરિજી**ને કહેવું પડયું કે જ્યારે વરબોધિ એટલે અપ્રતિપાતિ સમ્યક્ત્વ થાય ત્યારથી તેઓ **'परार्थोद्यत०'** એટલે પરના ઉપકારમાં સતતપણે તત્પર હોય. હવે તીર્થંકરનું સમ્યક્ત્વ બીજાના સમ્યક્ત્વથી જુદું પડે. કારણકે બીજાના સમ્યક્ત્વોમાં હું કેમ સંસારસમુદ્રથી તરું એમ હોય, ત્યારે તીર્થંકરના જીવનું સમ્યક્ત્વ પરના જીવને તારવાવાળું હોય, જગત્ કેમ તરે એ ભાવનાવાળું હોય. હવે તીર્થંકરપણું તો વીસસ્થાનકથી મળે એમ કહેવાય છે તે શું ? તે પણ વાત સાચી છે. નમસ્કાર, જપ, ધ્યાન-દ્વારા આરાધાતાં વીસે સ્થાનો પણ આત્માનો ઉદ્ધાર કરે, કારણ કે શાસ્ત્રકારોએ જિનેશ્વરની પૂજામાં પણ પરોપકારને અગ્રપદ આપેલ છે.

## દેરાસરમાં મૂળનાયક કેમ ?

હવે પૂજામાં અગ્રપદ કેમ? પ્રથમ તો મૂલનાયક કેમ? એમ કોઈ પ્રશ્ન કરે એટલે **મહાવીર** મહારાજનું કે **ઋષભદેવ** ભગવાનનું દેરું હોય તેમાં બીજા પણ તીર્થંકરોની મૂર્તિઓ બિરાજિત હોય તો તે નામે કેમ દેરાનું નામ નથી લેતા અને મૂલનાયકના નામ તરીકે કેમ સંબોધો છો? આમાં બીજા તીર્થંકરોનું અપમાન થાય છે? કારણકે સર્વ તીર્થંકરોનો ક્ષાયિક ભાવ સરખો છે. ઊંચાનીચાપણાનું ત્યાં કંઇ છે જ નહિ. જેમ નાટકિયો જુદા જુદા ખેલો કરી બતાવે અને ઉચ્ચ-નીચ સ્થાન ભજવે, તેમ અહીં કરો છો? તો કહે છે કે–ના. ભાઈ તારી વાત સાંભળી. તેમાં અડચણ નથી. કારણ કે જૈનશાસન શંકાકારની જબાન બંધ કરવા માંગતા નથી. જો તેની જીભ બંધ કરીએ તો તે માર્ગ જ ન પામે અને ભ્રમનું સમાધાન ન થાય તેથી માર્ગે ન આવે, માટે પ્રથમ શંકાનું સમાધાન કરવું જોઇએ.

## ભવ્યોના ઉપકારને માટે જ મૂલનાયકની કલ્પના

હવે તીર્થંકર મહારાજ ખુદનું ધ્યેય શું ? સર્વનું ધ્યેય જગતના ઉદ્ધાર માટેનું છે. તેઓની ઊંચીનીચી દૃષ્ટિ અહીં અમે રાખીએ તેમાં જગતના ઉદ્ધારનો શો સંબંધ ? જે કોઇ દેવદર્શન કરશે તે પ્રથમ શું દેખશે ? કહો કે મૂલનાયકને. હવે તીર્થંકર ભગવંતની અપેક્ષાએ મૂલનાયક છે નહિ, પણ દર્શન કરનારની અપેક્ષાએ મૂલનાયકપણું છે. અહીં જિજ્ઞાસાબુદ્ધિથી શંકા કરે તેને તો પહોંચાય પણ કોઇની બહેકાવટથી પથરો ફેંકવો એ હિસાબે શંકા કરવી તે નકામી છે. હવે આ જે મૂળનાયકની ગોઠવણ તે ઊંચાનીચાપણે કે સ્વામી–સેવક આદિ મર્યાદા માટે નથી, પણ મંદિરમાં પ્રવેશ કરનારાની પ્રથમ દૃષ્ટિ ક્યાં જવાની ? મૂલનાયક ઉપર. માટે તે મૂલનાયક ગણાય. હવે આવી રીતે મૂલનાયકપણાની કલ્પના તે ભવ્યોના ઉપકારને માટે છે. તેમને તારવાને માટે જ છે. તે વાત લક્ષ્યમાં રાખશું તો પૂજામાં પણ જણાવેલ છે કે પૂજાની સામગ્રી જે વિશિષ્ટ હોય તે પ્રથમ મૂલનાયકને ચઢાવો. પછી પહોંચતી હોય તો બીજે ચઢાવો. હવે ખૂણાના ભગવાનને આંગી રચે તેથી ભક્તિ તો થાય પણ મૂલનાયકજીને ચઢાવવામાં હેતુ એ જ કે આવનારની દૃષ્ટિ મૂલનાયક ઉપર પડે. શ્રેષ્ઠ વસ્તુ ત્યાં જ પ્રથમ ધરવી, તે કેવલ ભવ્યોના કલ્યાણને માટે. કારણકે તેમના હૃદયનો ઉલ્લાસ દેખતાં સાથે વધે તે માટે.

## પ્રભુપૂજા અને સાધન–સામગ્રીનો વિવેક

હવે પ્રથમ જે પ્રભુપૂજા થયેલી હોય તેમાં સાધનસામગ્રી ઓછી હોય અને પોતે વિશાળ સામગ્રી લાવ્યો હોય તો મૂળથી પ્રક્ષાલ કરીને કરે. પણ જો પ્રથમની પૂજા સારી રીતે થઇ હોય તો બીજે પૂજાદિ કરી લેવી અને તેથી મૂલનાયકની પૂજા છોડવી પડે તેની ફિકર નહિ. કારણ તેમાં લાગુ થાય તેવી સામગ્રી નથી, અગર તેનાથી વધે તેવી સામગ્રી નથી, તે માટે એમ કરવું. અહીં કોઈ એમ કહે કે– મૂલનાયકજીની પૂજાનો વિચાર હોય તો તેના વિચાર કે ભાવને ધક્કો

લાગ્યો ને? વાત ખરી. તારી ભાવના હતી તેમાં ના નથી, પણ સાથે જગતના ભાવોનો વિચાર તો કરવો પડે. અહીં પૂજામાં, સામગ્રીમાં પ્રતિબંધ કર્યો. મૂલનાયકપણું તીર્થંકરને અંગે અંગીકાર કર્યું. હવે તે બધું શાને માટે છે? તો કહે છે કે–કેવળ જીવોના ઉદ્ધારને માટે.

## તીર્થંકરપદની આરાધનામાં લક્ષ્ય શું!

હવે અહીં આ સર્વ નિયમ ત્યારે જ રહે કે જ્યારે જીવોના કલ્યાણનું ધ્યેય રાખીએ અને તેની અનુકૂળતા માટે સંઘને–આચાર્યાદિને પણ ધ્યાન આપવું પડે. મૂલનાયક–સામાન્ય આદિનો ભેદ પણ પાડવો પડ્યો. અહીં તત્ત્વ એ છે કે–જે મનુષ્ય જગતના કલ્યાણને માટે અરિહંતાદિની પૂજા, પ્રશંસા, સત્કારાદિ બહુમાન કરે, તે ફક્ત જગતના કલ્યાણના ધ્યેયને માટે છે. અહીં તીર્થંકર પદની આરાધનામાં લક્ષ્ય જગતના જીવોના ઉદ્ધારનું છે. જો કે અહીં આરાધના છે, તેમ અરિહંત પદની નવકારવાળી આદિ ગણે તેમાં કલ્યાણ–ભાવ સ્વઆત્માનું જ કલ્યાણ છે. નમન, વંદન, જપ, ગુણગાન દ્વારા થતી અરિહંત પદની આરાધના આત્માને જ તારે.

## વરબોધિની સાથે જગતને ઉદ્ધારવાનું ધ્યેય

હવે મૂળ વાત ઉપર આવીએ કે જે વરબોધિની સાથે જગતને ઉદ્ધારવાનું ધ્યેય રાખે તે જ તીર્થંકર બને. હવે પ્રથમ કોઈ વસ્તુની સિદ્ધિ માટે અખતરો કર્યા પછી તે સભા આગળ મૂકાય. ચોકસી સોનાનો અખતરો કષ, તાપ, છેદ આપ્યા પછી ચોકસીઓ આગળ મૂકે. જ્યારે પોતાનો અખતરો પૂરેપૂરો ફલીભૂત થયો હોય તો જ ચોકસી આગળ મૂકાય. અહીં ચોકસીઓ સોનાનો ભંડાર કરાવવાવાળા નહિ. તેનો ભંડાર તો રાજા, મહારાજા કે શેઠ શાહુકારો કરાવે, પણ ચોકસીઓ તો પરીક્ષા જ કરે. હવે તીર્થંકર મહારાજા જગત્ આગળ જે ધર્મનો અખતરો મૂકે છે, તે ક્યારે બને? જગતને ધર્મનું પૂરેપૂરું ફળ બતાવી શકે તો જ જગતને ધર્મ દેખાડી શકે, ત્યારે જ દેશના આપે. કેવળજ્ઞાન ન થયું હોય તો દેશના ન આપે. કૈવલ્ય ઉપજે ત્યારે જ ધર્મનો અખતરો

પૂરો થાય., તેથી જે ધર્મની દેશના આપે તે પરીક્ષાની કોટિમાં, આચરણાની કોટિમાં મૂકે તે અખતરો પૂર્ણ થયા પછી જ મૂકે. હવે અખતરા કરવાવાળા બધા પૂરી શોધને ન જ મેળવે, પણ તીર્થંકરો તો અખતરો પૂર્ણ કરીને જ ધર્મમાર્ગ બતાવે.

## આચાર્યાદિ કહે કે 'जिणपण्णत्तं तत्तं'

હવે આચાર્યાદિઓ ધર્મોપદેશ આપે ખરા, પણ તે હું કહું છું એમ નહિ પણ જિનેશ્વરે કહેલો ધર્મ કહું છું એમ કહે. એ ટ્રેડમાર્ક. મુખ્ય હાથ તો જિનેશ્વરનો છે, તેમના નામે ધર્મ રજિસ્ટર થયેલો છે તેથી '**जिणपण्णत्तं तत्तं**' એટલે સાધુ, ઉપાધ્યાય કે આચાર્ય બોલે તે કહે કે જિનેશ્વરે કહેલ ધર્મ છે. અહીં ધર્મ જિનેશ્વરે જગતની આગળ રજૂ કર્યો ત્યારે એ જ કહ્યું અને કહે છે કે હું પણ તમારી જેમ ચારે ગતિમાં રખડતો, ચોરાસીના ચક્કરમાં ચગદાયેલો હતો. હાલ કેવલજ્ઞાન પામેલો લોકાલોકપ્રકાશરૂપ પણ આ મારો આત્મા છે. આ દુર્ઘટ સ્થાનમાંથી ઉચ્ચ સ્થિતિમાં આવ્યો, તે મારા આત્માના પ્રતાપે નહિ પણ આ ધર્મના પ્રતાપે જ પ્રાપ્ત થયું છે. સામાન્ય માણસ પોતાની ગુપ્ત વાત ન કરે. **નીતિકાર** નવ વાતોને ગુપ્ત રાખવા કહે છે. હવે **મહાવીર** મહારાજા કેવલજ્ઞાની–તીર્થંકરપણે વિચરતા હતા છતાં પોતાનાં છિદ્રો સભાને કહે તેનો અર્થ શો? અરે, **મરીચિના** ભવમાં હું આવી રીતે ધર્મથી ભગ્ન થયો હતો, મેં અહંકાર કર્યો હતો, હું વિરુદ્ધ બોલ્યો હતો.' આ સર્વ પોતે જ કહેતા.

## સજ્જન અને દુર્જનની વિચારણા

અહીં બીજાઓ એમ કહે છે કે **મહાવીર** મહારાજ સરખા ધર્મથી દૂર રહે, અહંકાર કરે, વિરુદ્ધ પ્રરૂપણા પણ કરે તો પછી અમારા સરખાની વાત શી કરવી? આમ દુર્જનો બોલે. સજ્જનો તેવું બોલે જ નહિ. દુર્જનો જગતની એક પણ ચીજને ભૂંડી કર્યા વિના ન રહે. અહીં તીર્થંકરના જીવોએ પોતાનું જીવનચરિત્ર કહ્યું તેથી

સજ્જનો એ વિચારે કે આ મોહ કેવો જબરજસ્ત છે કે પ્રભુ **વીર** જેવાને પણ હચમચાવી દે છે. અરે, અભિમાને તેમને પણ થાપટ લગાડી અને પ્રરૂપણામાં એક વચન ચોખ્ખું ન બોલાયું તેમાં તો આ તીર્થંકરનો જીવ ક્રોડાક્રોડ સાગરોપમ સુધી ભમ્યો, તો પછી આપણે બોલવામાં ઉપયોગ રાખવો એમ સજ્જનો વિચારે, ત્યારે દુર્જન વિપરીતપણે વિચારે. હવે ઘુવડો, દુર્જનો લપ્પડ મારે તેથી સૂરજે પોતાનો પ્રકાશ બંધ કરવાનો ન હોય, પણ તે તો પોતાનો પ્રકાશ આપે જ. તેમ દુર્જનો સારી અને સાચી વસ્તુનો દુરુપયોગ કરે તેથી સજ્જનથી સારી વસ્તુને સારાપણે કહેવાનું બંધ કરાય જ નહિ.

## ધર્મનો પૂર્ણપણાનો અખતરો

અહીં આવો અહંકાર કરનારો, મોહમાં રાચનારો જીવ અધમ દશામાંથી જ્યારે ધર્મના પ્રભાવે તીર્થંકરપણું પામ્યો તો તમો આવો ધર્મ કરવાવાળા ન થાઓ તો પછી તમારા જેવા બેનસીબ કોણ ? હવે પ્રભુ **વીર** ચાહે તેવા દુર્ગુણવાળા હતા અને તેમણે તે જાહેર કર્યા તે એટલા જ માટે કે ધર્મનું મહત્ત્વ બતાવાય. અહીં જિનેશ્વરમહારાજા ધર્મનો અખતરો મૂકે છે તે પૂર્ણપણાનો અખતરો છે.

## મૂળસ્થિતિથી છેલ્લી સ્થિતિ સુધીની રીતિ

વળી તે ધર્મ કિંમતી છે. કુંભાર ઘડો બનાવે તેમાં કઈ માટી, તેની મેળવણ, રંગ આદિ સર્વ બતાવે. મૂળ સ્થિતિ પણ જણાવે. **અર્થાત્ સભા સમક્ષ અખતરો મૂકનારે મૂળસ્થિતિથી છેલ્લી સ્થિતિ સુધીની રીત જણાવી.** તેમ અહીં તીર્થંકરે મૂળસ્થિતિથી યાવત્ તીર્થંકરપણાની સ્થિતિ સુધીની વાત જગતને બતાવી. તે શાથી ? તો કહે છે કે–ધર્મના પ્રભાવે આ બધું બન્યું છે. હવે જો તમો ધર્મના રસ્તે નહિ આવો તો હજી રખડવું પડશે. દરેક તીર્થંકરના ચારિત્રમાં નિર્ગમ નામનું નિર્યુક્તિનું દ્વાર જણાવે છે. હવે સિદ્ધિ રૂપ ઊંચું સ્થાન જ્યારે તીર્થંકરોને મળે ત્યારે જ તેઓ ધર્મને સભા સમક્ષ મૂકે.

## આપત્તિનું નિવારણ અને સંપત્તિની પ્રાપ્તિ

હવે અહીં દરેક તીર્થંકર સભા સમક્ષ ધર્મની પરીક્ષા જણાવતાં સાધ્ય શું બતાવે ? આપત્તિનું નિવારણ અને સંપત્તિની પ્રાપ્તિ. હવે આપત્તિના નિવારણમાં, જન્મ, જરા, મરણ, શોક, આધિ ને વ્યાધિરૂપ આપત્તિ જગતના સર્વ જીવોને લાગેલી છે, તેથી પ્રથમ તમો એ સમજો કે મારો આત્મા દરેક ભવમાં ભટકવાવાળો, ઉત્પન્ન થવાવાળો હોવા સાથે જન્મ, જરા, મરણના ચક્કરમાં ચગદાયેલો છે, માટે અનિષ્ટ તત્ત્વ જગતમાં જો કોઇ હોય તો તે જન્મ, જરા, મરણ આદિ છે. આને અંગે પ્રથમ ત્રણ અધ્યયનો કહ્યાં છતાં સંપત્તિની પ્રાપ્તિ ન થાય તો પછી અનિષ્ટના નિવારણનો અર્થ શો ?

## આત્માના ત્રણ અખૂટ ભંડારો

હવે ચોકીદાર રાખવા તે ક્યારે શોભે ? જો માલ હોય તો જ. વગર માલે ચોકીદાર રાખવા તે મૂર્ખાઇ ગણાય. હવે અહીં આત્મામાં સમૃદ્ધિ હોય તો તેના ચોકીદારો કામના. અહીં આત્માના ત્રણ અખૂટ ભંડારો છે. હવે તે કેળવતાં ન આવડે તો શું કામ લાગે ? તે આત્માનું સ્વરૂપ એવું છે કે એક વખત પણ મળે, જોઇતા પ્રમાણમાં પણ મળે અને અખૂટપણે પણ મળે. એનાં જ શાસ્ત્રીય નામો ઔપશમિક, ક્ષાયોપશામક અને ક્ષાયિક રૂપે છે. હવે અહીં એક વખત મળે તે ઔપશમિક અને જોઇતા પ્રમાણમાં મળ્યા કરે તેનું નામ ક્ષાયોપશમિક, અને મળેલો ભંડાર અખૂટ રહે તે જ ક્ષાયિક છે. આવી રીતે શાસ્ત્રીય પરિભાષાના ત્રણ શબ્દો છે. હવે આત્માના નિશ્ચયમાં એક વખત મજબૂતી આવે તેનું નામ જ ઔપશમિક સમ્યક્ત્વ. નિશ્ચયમાં ડગમગતા આવે તેનું નામ ક્ષાયોપશમિક અને જેમાં ચાહે તેવાં અને ચાહે તેટલાં ડગમગવાનાં સ્થાનો આવે તો પણ ડગમગે જ નહિ, કશી ખામી ન આવે તેનું નામ જ ક્ષાયિક. આવા ત્રણ ત્રણ પ્રકારો દર્શન અને ચારિત્રમાં બને, પણ જ્ઞાનમાં ત્રણ પ્રકાર ન થાય.

## આત્માની અષ્ટ સમૃદ્ધિ

હવે જગતમાં એક વખત ખ્યાલમાં આવ્યા પછી વસ્તુ જતી નથી. જેમ 'અગ્નિ બાળનાર છે' એવી પ્રતીતિ થયા પછી તેમાં કોઇ આંગળી ન નાંખે. અરે, સો માણસો કહે કે તું નહિ બળે છતાં કોઇ આંગળી નાખવા તૈયાર ન થાય. કારણ અહીં મુદ્દલ બંધ થાય પણ થયા પછી ન જાય એટલે અહીં આત્માની અષ્ટ સમૃદ્ધિ છે, સિદ્ધિ છે. ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, તેવા જ ત્રણ ભેદો ચારિત્રના અને જ્ઞાનના ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ બે ભેદો મળી કુલ આઠ ભેદો આત્માની સમૃદ્ધિના છે. વાત ખરી, પણ ઠામ ચોખ્ખું કર્યા વિના દૂધપાક બનાવાય તો તે સારો ન જ લાગે. વસ્તુઓ કિંમતી હોય છતાં ધોયા વગરના ઠામમાં કરેલો હોવાથી વસ્તુની કિંમત ઘટાડે અને વસ્તુનો આદર ન થવા દે, તેમ અહીં આત્મામાં ચોખ્ખાઇ જોઇએ. પછી તે દૂધપાકરૂપી વસ્તુનો આદર થાય.

## સેનાપતિની તરકીબથી જ યુદ્ધમાં જીત

અહીં તારું ચોખ્ખું શું ? દરેક આચાર્યાદિએ મને એ જણાવ્યું છે કે—એકલા દર્શનને સમકિત કહેવું, જ્ઞાન કે ચારિત્રને સમ્યક્ત્વ કહેવાનું કોઇએ મને જણાવ્યું નથી. અરે ! મેં એવું સાંભળ્યું પણ નથી. શ્રદ્ધાને સમ્યક્ત્વ કહેવાય, પણ જ્ઞાન અને ચારિત્રને સમ્યક્ત્વ કહેવાનું તમો કહો છો. વાત ખરી, પણ શૂરા સરદારોને લાખોના લશ્કરોથી જ જીત મળે છે. એકલો સરદાર લશ્કર વગર કંઇ ન કરી શકે. લશ્કરના જોરે, પ્રજાના સાધને અને પોષણે જીત મેળવી તે આગળ વધે છે, છતાં ઇતિહાસ તો ફલાણો જીત્યો એમ કહે છે. ઇતિહાસમાં લશ્કરીઓનું કે પ્રજાનું લિસ્ટ—યાદી ન અપાય. એમાં તો શૂરા સરદારનું જ નામ આવે છે. પાંડવો અને કૌરવો લડયા, ત્યાં જીત્યા પાંડવો, પણ વચમાં જેની મદદે લડાયું અને જીતાયું હતું તે કોઈનું નામનિશાન પણ લેતા નથી તે કેમ? કહો કે પ્રભાવ એનો છે. સાધન તરીકે લશ્કર આદિ સામગ્રી છે પણ તે સર્વમાં તરકીબ કોની? કેમ

લશ્કર લેવું કેવી રીતે તૈયાર કરી ક્યા ક્ષેત્રમાં પ્રથમ જવું, એ તરકીબ કોની? કહો કે જનરલની–સેનાપતિની. અહીં જેમ જનરલ સર્વ તરકીબને કરનારો હોય છે પછી તેમાં જીત સહાયકોના પ્રતાપે કે સાધનોની વિપુલતાએ મળી હોય, છતાં નામ તો જનરલનું જ આવે. અહીં ચારિત્રના પ્રતાપે કર્મનો ક્ષય થાય ખરો પણ ચારિત્રને જણાવનાર, તેના સાધનોને લાવનાર વગેરે કોણ? સમ્યગ્દર્શન. અહીં સમ્યગ્જ્ઞાન સમ્યક્ ભલે હોય, સમ્યક્ચારિત્ર પણ સમ્યક્ ભલે હોય છતાં નિશ્ચય જે છે તે જ સમ્યક્ કહેવાય. આવી રીતની શંકા વાદી કરે છે તેનું સમાધાન પણ શાસ્ત્રકાર આપે છે.

## દર્શનને જ સમ્યક્ કેમ કહો છો?

હવે આઠ સમૃદ્ધિ કહો કે ત્રણ સુંદર પદાર્થો આત્માના કહો, તેના અંગે વાદી શંકા કરે છે કે ત્રણેનું સુંદરપણું છે તો પછી સમ્યગ્દર્શનને જ એટલે નિશ્ચય, પ્રતીતિ, શ્રદ્ધા, દઢતાને જ કેમ સમ્યક્ કહો છો? ત્રણેને સમ્યક્ કેમ નથી કહેતા? કોઈ ગ્રંથકાર કે આચાર્ય જ્ઞાન કે ચારિત્રને સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર કહેતા નથી. માત્ર સમ્યક્ શબ્દથી શ્રદ્ધા, નિશ્ચય, દઢતા કે રુચિને કહેવાય છે. અહીં ચારિત્રમાં કે જ્ઞાનમાં સમ્યક્પણું છતાં સમકિતપણું કોઈ કહેતું નથી. આચાર્યાદિ સર્વ સમકિતપણું નિશ્ચયમાં લઇ બેઠા છે. અહીં બેનું અપમાન કરી એકને ઊંચુ ચઢાવ્યું. આ તો અન્યાય કહેવાય. હવે એને સમકિત નથી કહેતા તે શાથી બન્યું? મારી જાતે હું ઘોડો બાંધું ત્યારે જ હું બંધનકારક ગણાઉં. તે વિના હું બંધનકારક નથી. વાત ખરી– અહીં અધ્યયનના જોખમે તમો જોખમદાર છો, કારણ કે વ્યાખ્યા તમો કરોછો. કેસમાં ફાયદો કે નુકશાન અસીલને હોય છે. વકીલને કંઇ લેવાદેવા નહિ, છતાં વકીલોની સભામાં આબરૂ કોની વધે? વકીલની. ક્યારે? કેસ જીતે તો, પણ હલકા કેસ લે અને હારે તો પછી વકીલોની સભામાં આબરૂની જમાવટ ન જામે, એટલે પ્રિવીકાઉન્સિલ સુધી પહોંચાય તેવો કેસ જો હાથમાં લે તો તે વકીલની આબરૂ વધે, પણ

એક બે કોર્ટમાં હારે તેવો કેસ જો વકીલ લે તો તેની આબરૂ ન જ વધે. અહીં **ટીકાકાર** કહે છે કે તમો આ અધ્યયનના વકીલ બન્યા છો તો ઠેઠ પહોંચાડજો.

## શૂરા સરદારનું દૃષ્ટાંત

આ આખા અધ્યયનમાં સમ્યગ્દર્શનને સમકિત કહેવું એ જ જણાવવાના છો. જ્ઞાન કે ચારિત્રનું સમકિત તમો બોલી ગયા છો ખરા પણ તમો જણાવવાના નથી. વકીલ અણઘટતો કે જૂઠો પુરાવો આપે તો તેની સનંદ કોર્ટમાં રદ થાય. હવે અહીં સભાની આગળ જે એકલા સમ્યગ્દર્શનનું સમકિતપણું જણાવો છો તે બીકમાં તો તમો આ સભાને અવળે રસ્તે દોરી રહ્યા છો. વાત ખરી, પણ અહીં જે કહેવાય છે તે જરા સાંભળો. જે મનુષ્ય હૃદયમાં આવેલી વાતોને ખુલ્લી કરે તેનો ખુલાસો થાય, પણ જે ખુલ્લી ન કરે તેનું શું થાય? અહીં તેં તારો વિચાર જાહેર કરી મારા ઉપર જે આક્ષેપ મૂક્યો છે તે વાજબી છે, પણ તને પૂછીએ છીએ કે સાધનોનો જે બોધ તે નિશ્ચય પહેલાં હોય કે નહિ? રમતા છોકરાઓ તરવાર, બંદૂક આદિને આંખે દેખે છે, છતાં આંખે પાટા નથી બાંધતા. અરે, સરદારના નોકરો હથિયારને સાફ રાખે તેથી સુભટ નોકર કે સુભટ સરદાર? અહીં ચાકરો હથિયારને સાફ કરે તે સરદારની મહેરનજર માટે પણ જીત મેળવવા માટે હથિયારને સાફ કરતા નથી. હવે શૂરા સરદારને અંગે ચાકરનું હથિયારપણું કામનું નથી. તેનો શૂરો સરદાર પોતે હથિયારને તૈયાર કરે તે કામ લાગે.

## સમકિતમાં જ મોક્ષ લાવવાની તાકાત છે

હવે અનંતી વખત આ જ્ઞાન, ચારિત્રનો વર્તાવ જીવને મળેલ છે. નવગ્રૈવેયક સુધી જાય તેવું ચારિત્ર અનંતીવાર મળેલ છે પણ જેમ ખેતરમાં ધરો ઊગેલી હોય છે છતાં તે કોઇ ફળના કામની નથી. ફળ જ હોય નહિ. ગમે તેટલી ફાલેફૂલે છતાં સ્વભાવ ફળ આપવાનો નથી. તેમ આ જીવને જ્ઞાન ને ચારિત્ર અનંતીવાર આવેલ છે પણ તે

સમકિત સાથે આવે ત્યારે જ મોક્ષને દેનાર બને. સમકિત વગરનું ચારિત્ર કે જ્ઞાન કંઇ કામનું નથી. મોક્ષ લાવવાની તાકાત જ્ઞાન કે ચારિત્રમાં નથી. તે તાકાત તો સમકિતમાં છે. મોક્ષ નહિ આવવામાં ન્યૂનતા માત્ર સમ્યગ્દર્શનની હતી. જ્ઞાનચારિત્ર છતાં સમકિત આવે અને તે પછી મોક્ષ મળે. તે શાથી? સમકિતના જ પ્રતાપે. બીડમાં વરસાદ ચારે તરફ વરસે છતાં બાજરીનો છોડવો નથી ઊગતો. કહો કે વાવેતર નથી. વગર વાવેતરે થયેલો વરસાદ બીજને પેદા ન કરી શકે. તેમ અહીં સમ્યક્ત્વરૂપી બીજ વિના જ્ઞાન કે ચારિત્ર કામ ન કરી શકે. હવે નાનો સરખો રાઇનો દાણો વવાયો હોય તો તેના છોડવાને ઊગ્યા વિના ન જ ચાલે. તેમ અહીં નાનો સરખો પણ મોક્ષનો નિશ્ચય એટલે ઔપશમિક ભાવનો નિશ્ચય થયો હોય તો જ જ્ઞાન અને ચારિત્ર કામ લાગે. જમીન રસાળ હોય, ભરપટ્ટે વરસાદ હોય, છતાં વાવેતર ન કર્યું તો ઘાસ જ ઉત્પન્ન થાય. તેમ અહીં સમ્યગ્જ્ઞાનરૂપી ક્ષેત્ર અનંતીવાર મળેલ છે, તેમજ ચારિત્રરૂપી ક્ષેત્ર પણ મળેલ હતું છતાં દર્શનરૂપી બીજનું વાવેતર થયું ન હોતું માટે ફળ ન મળ્યું. હવે ઘઉં, ચણા કે બાજરીનો દાણો કહો છો પણ માટી કે પાણીનો દાણો બોલતા નથી. હવે માટી કે વરસાદ વિના દાણો થયો નથી છતાં દાણાનો જશ તો બીજને જ થાય.

## સમ્યગ્દર્શનના પ્રતાપે જ્ઞાન, ચારિત્ર

અહીં જ્ઞાન ને ચારિત્ર વિના મોક્ષ નથી થતો છતાં તેનું જો કંઇ પણ બીજ ગણીએ તો તે સમકિત જ છે. દાણો બીજના નામે ઓળખાય પણ માટી કે પાણીના નામે ન ઓળખાય. તેમ અહીં મોક્ષના બી તરીકે સમકિત જ છે. જ્ઞાનચારિત્રની જરૂર તો ખરી. માટી, પાણી સ્વતંત્ર ચીજો છે, પણ એ બીજ તરીકે ન ગણાય. હવે આ સમ્યગ્જ્ઞાન કે ચારિત્ર તે તો સમ્યગ્દર્શનના પ્રભાવે થવારૂપ હોવાથી તે સ્વતંત્ર ન જ ગણાય. એટલે **સમ્યગ્દર્શનના પ્રતાપે જ્ઞાન, ચારિત્ર છે.** હવે આ શ્રદ્ધા, નિશ્ચય, પ્રતીતિ તે આ બંનેને સમ્યક્ કરનાર છે આથી તે સમકિતરૂપ ગણાય. આ વાત ખરી પણ યુક્તિથી સમજાવેલી

વાત દાખલાથી ન સમજાવાય તો ત્યાંસુધી ગળામાં ઊતરે નહિ. જેમ ભાવનગર અને શિહોર વચ્ચે આ પાલિતાણા વગેરે સ્થાનો છે તે કાઠિયાવાડમાં છે. આ વાત મુખથી કહેવાય તે ન માને કે ન સમજે પણ નકશાથી તુરત જ માની લે. તેમ અહીં યુક્તિથી સમ્યગ્દર્શનના પ્રતાપે જ્ઞાન કે ચારિત્ર બતાવો ખરા પણ જો તે દાખલાથી સમજાવો તો જ કામ લાગે. તેને માટે પ્રથમ વસ્તુનું સ્વરૂપ અને પછી એક દૃષ્ટાંત બતાવશે કે જે શ્રોતાઓને કબૂલ કરવું પડશે અને તે સમકિતને સાબિત પણ કરશે.

---

## વ્યાખ્યાન : ૨૮

**यद्येवं त्रयाणामपि सम्यग्वादसम्भवे कथं दर्शनस्यैव सम्यक्त्ववादो रूढो ? यदिहाध्ययने व्यावर्ण्यते, उच्यते, तद्भावभावित्वादितरयोः, तथाहि–मिथ्यादृष्टेस्ते न स्तः, अत्र च सम्यक्त्वप्राधान्यख्यापनाय अन्धेतरराजकुमारद्वयेन बालाङ्गनाद्यवबोधार्थं दृष्टान्तमाचक्षते–तद्यथा–उदयसेनराज्ञो वीरसेन–सूरसेनकुमारद्वयं, तत्र वीरसेनोऽन्धः, स च तत्प्रायोग्या गान्धर्वादिकाः कला ग्राहितः, इतरस्त्वभ्यस्तधनुर्वेदो लोकश्लाघ्यां पदवीमगमत्, एतच्च समाकर्ण्य वीरसेनेनापि राजा विज्ञप्तो यथाऽहमपि धनुर्वेदाभ्यासं विदधे, राज्ञाऽपि तदाग्रहमवगम्यानुज्ञातः, ततोऽसौ सम्यग्गुरूपाध्यायोपदेशात् प्रज्ञातिशयादभ्यासविशेषाच्च शब्दवेधी सञ्जज्ञे, तेन चारूढयौवनेन स्वभ्यस्तधनुर्वेदविज्ञानक्रियेणागणितचक्षुर्दर्शनसदसद्भावेन शब्दवेधित्वावष्टम्भात्परबलोपस्थाने सति राजा युद्धायादेशं याचितः, तेनापि याच्यमानेन वितेरे, वीरसेनेन च शब्दानुवेधितया परानीके जजृम्भे, परैश्चावगतकुमारान्धभावैर्मूकतामालम्ब्यासौ जगृहे, सूरसेनेन च विदितवृतान्तेन राजानमापृच्छ्य निशितशर-**

**शलजालावष्टब्धपरानीकेन मोचितः। तदेवमभ्यस्तविज्ञानक्रियोऽपि चक्षुर्विकलत्वान्नालमभिप्रेतकार्यसिद्धये इति।**

**( आचा० टी० पृ० १७६ )**

## આત્માને લાગેલા રોગનો વિચાર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ સૂત્રના** ચોથા અધ્યયનની ટીકા કરતા થકા આગળ જણાવી ગયા કે ચાર વિભાગો જે પાડવામાં આવ્યા છે તેમાં સમ્યક્ત્વ છે, તે જ આત્માની સમૃદ્ધિ છે. અનાદિ કાળથી આ આત્માએ પોતાની મિલ્કત ધનમાલ, કુટુંબકબીલા આદિને ગણેલ છે. તેથી તેને જ્ઞાન, દર્શન કે ચારિત્રરૂપી મિલ્કતનો ખ્યાલ ન હોય. નાના બચ્ચાને દુનિયાદારીની ચીજોનો ખ્યાલ ન હોય. તેથી મગજમાં આવેલી ચીજોનો જ ખ્યાલ હોય. તેવી રીતે આ જીવને પણ દરેક ભવમાં એ દશા થઇ કે ભવમાં જોઇતી ચીજોનો ખ્યાલ કર્યો. શરીર, ઇંદ્રિયો, ધન, કુટુંબ, માલમિલ્કત આદિ ઉપયોગી વસ્તુઓ જે ભવમાં થાય તેનો જ ખ્યાલ કર્યો. તેથી પ્રથમ ઉપદેશમાં ભગવાને એ જણાવ્યું કે-તમારી આ બહારની આફતને જુઓ. આ મારો આત્મા ભવોભવ ઉત્પન્ન થવાવાળો છે એટલે જન્મ, જરા, મરણ, રોગ, શોક, આધિ, વ્યાધિ, ઉપાધિ નડી રહેલ છે તેના નિવારણનો રસ્તો કોઈ દિન કર્યો નથી. આપણને જગતમાં કોઇ પીડા આપે તો તેના નિવારણનો રસ્તો કરીએ, પણ આત્માને કયો રોગ લાગેલો છે, તેના અંગે તપાસ સરખી કરી નથી. અંતરકારણોને તપાસ્યાં નથી. માત્ર આંગણે રહેલા બાવળિયાનો કાંટો લાગે અને કાઢે પણ તે વાગતા બંધ કેમ થાય તેનો રસ્તો ન વિચારે.

## રોગનાં મૂળ કારણો તપાસવાની જરૂર

હવે જેમ નાનાં બચ્ચાંઓ બાવળિયાનો કાંટો વાગે તો તે કાઢીને સંતોષ માને, પણ બાવળિયો કાઢવાનો વિચાર ન કરે. તેમ આ જીવ રોગ, શોક આદિનાં કારણો ભવોભવ આવે તેનું તે તે ભવમાં નિવારણ

કરવા પ્રયત્ન કરે, પણ તેનાં મૂળ કારણોને તપાસે નહિ. પછી તેને ફેંકવાનો ઉદ્યમ તો થાય જ ક્યાંથી? હવે અનાદિ કાળથી આ જીવે કાંટાઓ કાઢવાનો ઉદ્યમ કર્યો ખરો, પણ બાવળિયો કાઢવાનો વિચાર નથી કર્યો. તેથી તીર્થંકર મહારાજ ઉપદેશે છે કે-આ આત્મા એક છતાં નવા નવા ભવમાં જુદાં જુદાં રૂપો લે છે. પાપના ઉદયે નારક કે તિર્યંચના રૂપે ઉત્પન્ન થાય, મધ્યમ પુણ્યના યોગે મનુષ્યપણે ઉત્પન્ન થાય અને ઉત્કૃષ્ટ પુણ્યના પ્રતાપે દેવગતિ પામે. હવે આ બધાં દુઃખો પામે ખરો પણ તે થયાં શાથી? અને તેનું નિવારણ શી રીતે થાય?

## નરકને શી રીતે મનાય?

હવે વૈદ રોગ જણાવે અને દવા આપે તો વૈદું કામનું. તેમ અહીં જીવને જન્મ, મરણાદિ ખરા રોગો છે, પણ તેના ઉપાયો ન બતાવે તો તે વસ્તુ ન જાણવી સારી. અનિષ્ટ વસ્તુ જાણ્યા પછી તેના ઉપાયો જરૂર જાણવા જોઇએ. જેમ જાગતા મનુષ્યની પાસે સર્પ આવે અને ઊંઘતા પાસે સર્પ આવે, તો બંનેના ભયમાં ફરક છે, એટલે અનિષ્ટ વસ્તુ જાણતાં તેના નિવારણ માટેનો ઉપાય તો જાણવો જોઇએ. હવે નારકીનું જ્ઞાન હોય? કોઈ કહે કે તિર્યંચાદિને નજરે દેખીએ છીએ એટલે માનીએ. દેવને જ્યોતિષ્કના હિસાબે માનીએ, પણ નરકને તો મનાય જ શી રીતે? તે માનવા સારુ કોઈ પણ પગથિયું નથી. મનુષ્ય કે તિર્યંચ પ્રત્યક્ષ અને વ્યવહારમાં છે. સૂર્ય, ચંદ્ર ગ્રહ, નક્ષત્ર, તારા આદિ પ્રત્યક્ષ છે. તેથી તેમાં રહેનારા દેવો માનવા પડે. નારકીના અંગે તો કોઇ દિશા નથી. માટે માનવી શાથી?

## ગુના કરતાં સજા વધુ હોય

હવે કુદરત કુદરતનું કામ કરે છે, જેમ લોક લોકસ્વભાવનું કામ કરે. હવે જેમ મનુષ્ય ગુનો કરે તેના કરતાં સજા વધુ જ હોય. પાંચ રૂપિયાની ચોરી કરનારાને સજા પાંચથી વધુ જ હોય. તેમ અહીં શાસ્ત્રકાર કહે છે કે-એક વખત આપણે જે પાપ કરીએ, બીજાને દુઃખ દઇએ, હેરાન કરીએ, તેનો ઉદય ઓછામાં ઓછો આપણે દસ

વખત ભોગવવો પડે. માટે ગુના જેટલી શિક્ષા હોય નહિ પણ ગુના કરતાં દસગણી શિક્ષા ઓછામાં ઓછી હોય. વ્યાજે રૂપિયા આઠ વર્ષે બમણા અને સોળ વર્ષે ચાર ગણા થાય. અહીં પાપો બાંધીએ અને તેનું વ્યાજ ગણીએ તો તે કેટલી વખત ભોગવવાં પડે? એક ભવમાં કરેલાં પાપો દસ ગુણાં તો ભોગવવાં જ પડે.

## જગતમાં કુદરતની હદની તપાસ

હવે જગતમાં કુદરતની હદ તપાસીએ. શેરીમાં બે જણને અન્યાય થયો હોય તો શેરીનો શેઠ નિકાલ લાવે. ગામની પંચાત મુખી પતાવે. દેશની પંચાત રાજા પતાવે. ખંડ ખંડના રાજાની પંચાત ચક્રવર્તી પતાવે, પણ હવે તે ચક્રવર્તીના અન્યાયની પંચાત કોણ પતાવે? કહો કે કુદરત તેની પંચાતને પતાવશે. એટલે જે સત્તાધીશો હોય તે સત્તાના બહાને જે અન્યાયો કરે તેનું ફળ કોણ આપશે? તો કહો કે કુદરત જરૂર ફળ આપશે. ઘરમાં માણસ અન્યાય કરે તો તેનું ફળ તો શેઠ જ આપે. પણ અહીં રાજા અન્યાય કરે અને તે તો સૌથી મોટો છે. હવે તેને સજા કરનાર કોઈ નથી પણ કુદરત તેને છોડતી નથી. માટે કુદરતને માનવી પડશે. જો કુદરતને ન માનીએ તો સત્તા ઉપર અંકુશ કોઇ ધરાવે જ નહિ.

## ખૂનોની પરંપરાની સજા ક્યાં ભોગવાય?

અહીં સજા ઉપર અંકુશ ધરાવનાર કુદરત છે, તો પછી વધારેમાં વધારે અન્યાય કરનારનું જીવન કેટલું? ચક્રવર્તી કદાચ અધર્મી કે અન્યાયી હોય તો ક્રોડ પૂર્વ સુધી તેમ કરે. વધારે તો નહિ ને? પછી તેની દશા શી થાય? હવે અહીં ક્રોડ પૂર્વ સુધી અન્યાય કરનારને તેનું ફળ દસગણું કરીએ તો કેટલું થાય? પ્રાચીન કાળમાં લાય લગાડાતી હતી અને તે વેદનાથી જીવો મરી ગયા, તેનાથી તે લાય લગાડનારને દસગુણી લાયની વેદના ભોગવવી તો પડે. હવે તેની વેદના વેદાય ક્યાં? કહો કે આ ઔદારિક શરીરો કે જે તિર્યંચ, કે મનુષ્યનાં છે તે દસગુણી વેદનાને સહન કરી શકે જ નહિ. હવે કોઈ

માણસ દસનાં ખૂન કરે તેથી તેને ફાંસીની સજા કરે, પણ બાકીનાં નવ ખૂનોની સજા શી રીતે? ત્યાં શરીર જ નથી પછી સજા કેવી રીતે કરવી? ફરી જીવતો થાય તો ફાંસી દેવાય. અહીં મનુષ્ય ભવમાં લાખો જીવોને માર્યા હોય, તેવાને વેદના માટે કરોડો વખત મારીએ તો પણ ન મરે, અગ્નિમાં બાળવા છતાં જીવતા થાય, પાણીમાં ડુબાડતાં ડૂબે નહિ, કપાતાં કપાય નહિ, એવી સ્થિતિ ભોગવવાનું કોઈ સ્થાન માનો, પછી 'નરક' શબ્દ ભલે ન જ માનો. હવે તેવા કુદરતી કોઈક સ્થાનને માન્યા વિના છૂટકો જ નથી.

## ફાંસી પણ ભાનમાં હોય ત્યારે જ દેવાય

ફાંસી દેવાય છે તે વખતે ખૂનીને ચકરી આવે તો ફાંસી ન દેવાય, પણ ડૉક્ટરને બોલાવી ભાનમાં લાવ્યા પછી જ ફાંસી દે. અહીં મારવાનો છે છતાં ભાનમાં લવાય છે તે શાથી? કહો કે હોશિયારીથી ગુનો કર્યો તેથી સાવચેતીમાં જ તેની સજા ભોગવવાની હોય, ત્યાં ક્લોરોફોર્મ સૂંઘાડાતું નથી.

## જગતમાં પાંચ પ્રકારે સમજણ

હવે જગતમાં સમજણ પાંચ પ્રકારે છે. પાંચ ઇંદ્રિય અને મન—તેમજ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવલજ્ઞાનથી પણ સમજણ આવે. મતિ, શ્રુત, અવધિ, મનઃ-પર્યવ અને કેવલજ્ઞાન એમ જ્ઞાનના પાંચ પ્રકાર ગણ્યા છે. હવે કેવલજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનની સમજણ તે તો પાપવ્યાપાર નથી. પણ પ્રથમનાં ત્રણ જ્ઞાનની સમજણમાં પાપનો સંભવ છે. અવળી રીતે લઈએ તો મતિ આદિ ત્રણ અજ્ઞાનથી પણ સમજણ થાય. મનઃપર્યવ ત્યાગી થયા વિના અને કેવલજ્ઞાન પાપના ક્ષય વિના નથી બનતું, એટલે ત્યાં પાપનો સંભવ નથી. હવે પ્રથમનાં ત્રણ જ્ઞાનની સમજણ વિના પાપનો ભોગવટો ન થાય અને તેથી નારકીને મતિ આદિ ત્રણ જ્ઞાનો કે અજ્ઞાનો જરૂર હોય જ. અણસમજણમાં પાપ ભોગવ-

વાનું હોય જ નહિ. પાપ કરતી વખતે જેવો ખબરદાર હોય તેવી જ રીતે ભોગવતી વખતે પણ ખબરદાર જ હોવો જોઈએ.

## નરકમાં વધારે દુઃખી સમકિતી કે મિથ્યાત્વી ?

નરકમાં વધારે દુઃખી સમક્તિી કે મિથ્યાત્વી? તો કહે છે કે શરીરની દૃષ્ટિએ સમક્તિી દુઃખી ઓછો અને મિથ્યાત્વી દુઃખી વધારે, પણ મનની દૃષ્ટિએ સમકિતી દુઃખી વધારે અને મિથ્યાત્વી દુઃખી ઓછો. જેમ ફોજદાર કોઇ માણસને મારે તેમાં શાહુકાર માણસ મનમાં દુઃખ વેઠે ત્યારે એના સંબંધી બહારથી દુઃખ બતાવે પણ ખરી વેદના તો મનની ગણાય છે. અહીં સમકિતી જીવ હોય તે વિચારે કે 'મારે માટે જે તરવાનાં સાધનો હતાં તેને મેં ડુબાડવા તરીકે લીધાં' આવી દૃષ્ટિ સમકિતીની હોય. એટલે મનની અપેક્ષાએ એ વધારે દુઃખ ભોગવે. અહીં નારકીને જે વિભંગ કે અવધિજ્ઞાન હોય તેથી તેને પરમાધામી ચાર ગાઉથી મારવા આવે ત્યારથી તેની છાતી ગભરાય. અહીં અનિષ્ટને નિવારવાવાળું જ્ઞાન ન હોય તો તે વેદના વધારે થાય. હવે અનિષ્ટના નિવારણ માટેના ઉપાયો બતાવનારું જ્ઞાન હોય તો તે વેદના ઓછી ભોગવવી પડે.

## પુદ્ગલની કેદમાં પુરાયેલા આત્માને ઉપદેશ

અનાદિ કાળથી જીવ ભૂખ્યો તરસ્યો રહે તેનો વિચાર કરે, પણ આ પુદ્ગલની કેદમાં કે પાંજરામાં કેમ પૂરાયો તેનો વિચાર નથી કરતો. પુદ્ગલના પાંજરામાં કેદી તરીકે પુરાયેલો છે તેનું ભાન કરવારૂપ ઉપદેશ તીર્થંકરો આપે છે. તેથી તીર્થંકર કહે છે કે—આ તમારો આત્મા ભવોભવ ઉત્પન્ન થનાર છે. હવે આવો ઉપદેશ તે જ આપે કે બીજા પણ આપે ખરા ? બીજા પણ આપે ખરા પણ તે આડછાયો લઇને. કેવલજ્ઞાનીઓ પ્રથમના ભવની ઉત્પત્તિની શંકાનાં સમાધાનો કરે. તેથી શ્રોતાઓને જે સમજ આવે અને સંસ્કારો જામે તે જુદાં જ હોય. અહીં વૈદ રોગ કહે તેની સાથે દવા આપે તો ઠીક. તેમ અહીં આ આત્માને જન્મ, જરા, મરણાદિ રોગો ભવોભવ હેરાન કરી રહ્યા છે.

પણ તેને કાઢવા માટે કોઇ સત્તાધીશનો હુકમ ચાલતો નથી. રાજા-મહારાજા, વાસુદેવ કે ચક્રવર્તી કે ઇંદ્રો પણ નિરુપાય છે.

## અનાદિની આપત્તિ નિવારવાના ઉપાયો

હવે તે નિરુપાય આપત્તિ ટાળવા માટે ઉપાય છે ખરો. વળી તે બહાર લેવા જવાનો નથી. અરે! ઘરને આંગણે કલ્પવૃક્ષ છતાં જે દરિદ્રતામાં જન્મ પૂરો કરે તેને શું કહેવું? તે બેનસીબ જ ગણાય. તેમ અહીં આ આત્મા જન્મ, મરણાદિ આપત્તિઓને ભોગવ્યા કરે અને તેને દૂર કરવાનો ઉપાય પોતાની પાસે છે, બહાર લેવા જવો પડે તેમ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ત્રણ વસ્તુ પોતાના આત્મામાં જ છે. તે ત્રણ વસ્તુઓ જ રોગોને દૂર કરે. જન્મ, જરા, મરણાદિ આપત્તિને દૂર કરનાર આ રત્નત્રયી જ છે, તે બહારની નથી પણ તમારા આત્મામાં છે. તે ત્રણ ચીજોમાં દર્શન અને ચારિત્રના ત્રણ ત્રણ ભેદો જણાવ્યાં અને જ્ઞાનને અંગે બે ભેદ જણાવ્યા. આ ત્રણેય પ્રકારની સુંદર ચીજો તમારા આત્મામાં જણાવી.

## સમ્યગ્દર્શન હોય તો જ સમ્યગ્જ્ઞાન હોય

હવે અહીં શિષ્ય શંકા કરે છે કે–ત્રણ સમકિત સાંભળતાં નથી. માત્ર સમકિત તો એક જ સાંભળીએ છીએ. જ્ઞાન અને ચારિત્રને સાંભળીએ છીએ ખરા, પણ તેને સમકિત શબ્દથી કહેતા નથી. હવે તમે આગળ અધ્યયનમાં એકલા સમ્યગ્દર્શનને સમકિત કહેવાના છો તો પછી અહીં સમકિત તો ત્રણેમાં છે. જ્ઞાન કે ચારિત્રમાં પણ સમકિત છે છતાં એકલા દર્શનને તેની મહોરછાપ કેમ? વાત ખરી. પરંતુ જગતમાં શેઠ આવે તેની પાછળ વાણોતર આવે. છતાં તમો શેઠ આવ્યા એમ બોલો પણ વાણોતર આવ્યો એમ ન બોલો. શેઠના આવવાથી વાણોતર આવી જ જાય. હવે જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં જ સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર હોય. હવે સમ્યગ્દર્શન ન હોય તો સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર ન ગણાય. તેથી **ટીકાકાર** કહે છે કે–સમ્યગ્જ્ઞાન હોય ક્યારે? તો કહે છે કે–સમ્યગ્દર્શન હોય તો જ. ચારિત્ર અંગે

પણ સમ્યગ્દર્શન હોય તો જ ચારિત્રનું સમ્યક્પણું કહેવાય. અહીં જ્ઞાન ને ચારિત્ર સમ્યગ્દર્શન વિના મનાય જ નહિ. શાથી? દુનિયામાં સમજણવાળા છે છતાં સમ્યગ્જ્ઞાનવાળા કેમ ન કહેવાય? તેમ પાપથી ડરવાવાળા છે છતાં સમ્યક્ચારિત્રવાળા કેમ ન ગણાય?

## જાસૂસની સમજણ કે પ્રવૃત્તિથી રાજ્યનું સત્યાનાશ

જાસૂસો બંને વસ્તુ કરે. એટલે રાજ્યનો ટેક્ષ-કર પણ આપે અને હુન્નરઉદ્યોગની તરકીબ પણ કરે, પણ તેમાં રાજ્યનું સત્યાનાશ જ હોય. જાસૂસની પ્રવૃત્તિ આશીર્વાદરૂપ ન હોય. વફાદારની સમજણ કે પ્રવૃત્તિ તે જ રાજ્યને આશીર્વાદ સમાન બને. જાસૂસની સમજણ કે પ્રવૃત્તિ તે રાજ્યને શ્રાપ સમાન છે. તેમ અહીં જેને આત્મકલ્યાણનું ધ્યેય ન હોય, જીવાદિક તત્ત્વો તરફ, જ્ઞેય, ઉપાદેય તરફ વિચાર ન કર્યો હોય, તેવાની સમજણ આત્મકલ્યાણને માટે શ્રાપરૂપ જ છે. આત્માના કલ્યાણને માટે કોની સમજણ આશીર્વાદરૂપ બને? જેણે આત્મકલ્યાણ કરવાનો નિશ્ચય કર્યો હોય તેની.

## વફાદારની સમજણ કે પ્રવૃત્તિ રાજ્ય માટે આશીર્વાદ

હવે સમજણનું સારાપણું કે પ્રવૃત્તિનું સારાપણું તે વફાદારીને અંગે ગણાય. હવે જેને આત્મકલ્યાણની સમજણ નથી, તેવાની પ્રવૃત્તિ આત્માને શ્રાપરૂપ જ બને, પણ જેણે મોક્ષ સાધવાનો નિશ્ચય કર્યો હોય તેવાની પ્રવૃત્તિ આત્માના કલ્યાણને માટે આશીર્વાદરૂપ બને. તેમ અહીં જ્ઞાન અને ચારિત્ર આત્મકલ્યાણને માટે ક્યારે બને? સમ્યગ્દર્શન હોય તો જ. હવે જેને ઇંદ્રિયોના પોષણમાં ધ્યેય છે, પુદ્‌ગલને એશઆરામમાં રાખવાની ભાવના છે તેની પ્રવૃત્તિ સુંદર કેમ ગણીએ? જ્ઞાન કે ચારિત્રનું સમકિતપણું તે સમ્યગ્દર્શનના પ્રતાપે ગણાય. જેની દૃષ્ટિ ખરાબ હોય તેનું જ્ઞાન કે ચારિત્ર તે પણ ખરાબ જ ગણાય. જાસૂસની પ્રવૃત્તિ કે સમજણ તે રાજ્યને ફાયદાકારક નથી, પણ વફાદારની સમજણ કે પ્રવૃત્તિ ફાયદાકારક હોય.

### બચ્ચાંઓ કે સ્ત્રીઓ માટે દૃષ્ટાંતની જરૂર

હવે તેના માટે કોઇ દૃષ્ટાંત છે ખરું ? તો કહે છે કે- કાલ્પનિક અને બનેલું એમ બે દૃષ્ટાંત હોય. તેમાં કાલ્પનિક તે ખડું કરેલું અને બનેલું તે ચરિત કહેવાય. હવે અહીં વફાદારીનું દૃષ્ટાંત તે કાલ્પનિક ગણાય, પણ ચરિત દૃષ્ટાંત કોઈ બતાવશો ? અહીં મોક્ષમાર્ગને અંગે સમ્યક્ત્વની મુખ્યતા જણાવવા માટે. તેમ જગતમાં વફાદારી જણાવવા માટે રાજાના બે કુંવરોનું દૃષ્ટાંત આપે છે. એક કુંવર અંધ છે. બીજો કુંવર દેખતો છે. આ કથા અહીં શી ? કથાઓ તો બાયડી છોકરાઓ જ કરે. મોટાઓ ન કરે. વાત ખરી, પણ શાસ્ત્રકારો સર્વને બોધ કરવાની ભાવના રાખે એટલે જે જેવી રીતે સમજે તેને તેવી રીતે સમજાવવા ફરજ પાડે છે. એટલે હુકમ દાખલા, દલીલોથી સમજાવવા પડે. અહીં દૃષ્ટાંત તે સમજુ માટે નથી. સમજુ માટે તો હેતુ, દલીલો કહી ગયા પણ જે બચ્ચાંઓ કે સ્ત્રીઓ છે તે હેતુ, યુક્તિમાં કે ઓર્ડર-હુકમમાં ન સમજે પણ દાખલાથી તેઓ સમજે માટે તેમના બોધ માટે અહીં દાખલો આપવો જરૂર છે.

### રાજાના બે કુંવરનું દૃષ્ટાંત [ ]

તેથી કહે છે કે ઉદયસેન નામના રાજાને **વી**રસેન, **સૂ**રસેન નામના બે પુત્રો છે. ઉદયસેન નામનો અર્થ એ છે કે જેની સેનાનો ઉદય છે. તેથી ઉદયસેન રાજા નામ છે. પ્રાચીન કાળમાં સેનાના બળે રાજ્યનું બળ ગણાતું. પુત્રોનું નામ **વી**રસેન અને **સૂ**રસેન છે. તાકાત તે શારીરિક ચીજ છે. ઉત્સાહ એ માનસિક ચીજ છે. અહીં **વી**રસેનનું નામ રાખવાથી સેના વીર્યના પરાક્રમવાળી હોય. શૌર્યવાળી સેના હોય. આવાં નામો પાડવામાં પણ બુદ્ધિ જોઇએ. આજકાલ નામો પાડવામાં કાંઇ ખ્યાલ જ નથી રખાતો. હવે નામ વ્યવસ્થિત પાડ્યાં હોય તો પોતાની પ્રવૃત્તિ કરવામાં વિચાર થઈ શકે. હવે બીજા લોકો પાપને હડસેલે છે. શાથી? પુણ્યથી. પણ જૈનો પુણ્ય-પાપ બંનેને ભોગવવાનું માને છે. પાપ નિર્જરાથી, નિર્જરાનાં કારણોથી,

તપાદિથી નાશ પામે, પણ 'પુણ્યે પાપ ઠેલાય' એ માન્યતા જૈન શાસન નથી ધરાવતું. કારેલાના શાકમાં ગોળ નાંખો તેથી કડવાશ અને મીઠાશ બંને જીભે લાગવાની છે. જેમ કડવાશ કે મીઠાશ એ બંને સ્વતંત્રપણે રહેવાનાં. તેમ અહીં પુણ્યપાપ બંને ભોગવવાનાં જ.

## પુન્યથી પાપ ન ઠેલાય

અહીં રાજાના ઘરે કુંવર જન્મ્યો, પણ આંધળો છે. અહીં પુણ્યથી પાપ ન ઠેલાયું: નહિ તો અંધત્વ ન આવત. હવે પાપ ઠેલાય ખરું પણ તે નિર્જરાથી, પુણ્યથી નહિ. પાપનો નાશ કરનાર નિર્જરા છે, પણ પુણ્યથી પાપનો નાશ ન થાય. પુણ્ય–પાપ બંને સ્વતંત્ર ચીજો છે. તેથી તે બંને તે તેમણે ભોગવવાં જ પડે. તેથી અહીં વીરસેન કુંવર આંધળો છે. અહીં રાજાના ઘરે જન્મવું તે પુણ્યથી છે. તે પુણ્યથી હવે આંધળાપણું જતું હોત તો અહીં અંધાપો ન હોત. અહીં પુણ્ય ને પાપ બંનેનો ભોગવટો જીવને લેવો પડે છે.

## અંધમાં દેખતા કરતાં વધુ અક્કલ અને અભ્યાસ

અહીં દુનિયાનો જેને અનુભવ હશે તેને ખ્યાલ હશે કે દેખતાઓ જેટલો અભ્યાસ કરે તેના કરતાં આંધળો વધુ અભ્યાસ કરે. દેખતાઓ આંખનો ઉપયોગ કરે તેથી શક્તિનો વ્યય પણ થાય. હવે અક્કલ અને અભ્યાસ આંધળામાં વધુ હોય છે. અહીં આંખે અપંગ એવા કુંવરની શી દશા થશે? એ વિચારથી રાજાને દયા આવી તેથી તેણે તેને ગાયનાદિની કળાઓ શીખવી. હવે જે સૂરસેન છે તે રાજકુંવરની ગાદીને લાયક છે. તેને રાજ્ય ચલાવવા લાયક કળાઓ ધનુષ્યની, બાણાવળી વગેરેની કળા શીખવી. આ વાત સાંભળીને આંધળા કુંવરે રાજાને વિનંતિ કરી કે પિતાજી મને ધનુર્વેદની વિદ્યા શીખવો. અહીં બંને પુત્રો સરખા છીએ તેથી મિલ્કત આપવામાં ભેદ ન કરો. મને સંગીત શીખવો અને એને ધનુર્વેદ કેમ? કાળા-માથાનો માનવી શું ન કરે? માટે મને પણ ધનુર્વેદ તો શીખવો જ.

ગાયનની કળા તો તેના જીવન માટે છે; પણ અહીં ધનુર્વેદ શીખવાનો આગ્રહ છે તેથી શિક્ષકોને બોલાવી તેને શીખવવા લાગ્યા.

## દારૂના કેફરૂપ જુવાની

અંધ **વીર**સેનને ઉપાધ્યાય પણ સારો મળ્યો. હવે પોતાનામાં અક્કલ ન હોય તો ઉપાધ્યાય શું કરે? વળી ઉપાધ્યાય સારો હોય, પ્રજ્ઞા પણ ઠીક હોય છતાં અભ્યાસ ન કરે, ગેડીદડા રમે ત્યાં કામ શું લાગે? અહીં **વીર**સેનને અધ્યાપક, બુદ્ધિ અને ખંત ત્રણે સારાં વાનાં છે, તેથી ચઢતો ચઢતો શબ્દવેધી બન્યો. જગતમાં તાકીને, જોઇને બાણ વીંધે પણ અહીં આંખે પાટા બાંધીને ખડખડ શબ્દના અનુમાને બાણને વીંધનારો આ **વીર**સેન બન્યો. હવે કોઇક વખત શત્રુનું સૈન્ય ત્યાંથી તૈયાર થઇને નીકળ્યું છે, ત્યાં રાજસભામાં ખબર પડી. આ સભામાં **વીર**સેન, **સૂર**સેન આદિ બેઠા છે, ત્યાં આંધળો **વીર**સેન ઊભો થઇને કહે છે કે–આ શત્રુસૈન્યને હું હઠાવું તો કેમ? હવે જુવાની એવી ચીજ છે કે વગર દારૂએ કેફ આવે. દારૂડિયાને કેફ તો દારૂ પીએ ત્યારે આવે, પણ અહીં વગર દારૂની કેફરૂપ જુવાની છે. તેમાં પણ રાજકુંવર, એટલું જ નહિ પણ ધનુર્વેદની કળાનો તેણે શાસ્ત્રથી અને ક્રિયાથી અભ્યાસ કરેલ છે. હવે તે કેટલો આગળ વધ્યો હશે? અહીં જુવાનિયો છે. અભ્યાસી ઘોડો ચઢે અને તેમાં આ શાસ્ત્ર અને ક્રિયા બંનેની વિદ્યામાં પાસ થયેલો છે, પણ પોતે આંધળો છે. તેની સૌને ખબર છે.

## ઓસાન બડા કે હથિયાર?

કોઇવાર અકબર પાદશાહે **બી**રબલને પ્રશ્ન કર્યો કે હથિયાર છે કે નહિ? વળી ઓસાન બડા કે હથિયાર? એવો પણ પ્રશ્ન કર્યો. **બી**રબલ કહે છે કે ઓસાન બડા. હવે તે શાથી? તો કહે છે કે વખત આવે તો ખબર પડે. હવે કોઇવાર એક ગાંડો હાથી હાથીખાનામાંથી છૂટો થયો. અહીં દરબારગઢનું બારણું અને કંપાઉન્ડનું બારણું બંધ કરેલ છે. અહીં **બી**રબલને બીજું કંઈ ન જડયું તેથી તેણે

રસ્તામાં પડેલ કૂતરાને હાથીના લમણા પર ફેંક્યું. એને ઓસાનરૂપે કામે લગાડ્યું. તેમ અહીં **વીરસેન** કહે છે કે–આંખ શું કામ લાગે? તે તો તેની નજીકમાં રહેલી વસ્તુને બતાવે ત્યારે શબ્દ તો દૂરથી પણ સંભળાય. અહીં છેટેથી આવેલા અવાજને હું સાંભળું છું. પછી નજીકમાં દેખનાર એવી આંખ છે કે નહિ તે વિચારવાનું છે જ નહિ. હવે મારામાં જેમનો ભરોસો એટલો બધો છે. શાનો? શબ્દવેધીપણાનો. ટાંકણી ખખડે તેનો અવાજ આ શ્રવણેંદ્રિય જાણી લે છે. અહીં શત્રુસૈન્ય આવેલ છે, ત્યારે યુદ્ધનો આદેશ રાજા પાસે માંગ્યો. હવે દરેક જગો પર **સૂરસેન**ને આ **વીરસેન** પાછો પાડે તેથી રાજાએ તેનો અતિશય જાણી યુદ્ધનો આદેશ આંધળા એવા **વીરસેન**કુમારને આપ્યો.

## શબ્દવેધી બાણોથી શત્રુસેનામાં હાહાકાર

હવે શબ્દશ્રવણથી આંધળા એવા **વીરસેને** શત્રુના લશ્કરમાં હાહાકાર મચાવ્યો. શાથી? તે શબ્દવેધી બાણનો ઉપયોગ કરવાથી. હવે આ દૃષ્ટાંત પૂરું થયું? તો કહે છે કે–ના, પ્રાચીનકાળમાં ચરપુરુષો હતા તે માત્ર બનાવ જણાવે. પણ નુકશાન કરવાનું કે ઊથલપાથલનું કામ તેનું નહિ. જાસૂસ તો ખબર કાઢે અને ઊથલપાથલ પણ કરે. અહીં શત્રુના સૈન્યને આંધળો **વીરસેન** શબ્દવેધી બાણોથી મારે છે તે સામા પક્ષને ખબર પડી, એટલે શબ્દ કરવો જ બંધ કર્યો. અહીં ચૂપ થઇને લશ્કરે લડવા માંડ્યું અને તેની ચારે તરફ ફરી વળ્યું. આ ખબર રાજસભામાં પડી ત્યાંથી **સૂરસેન** કુંવર યુદ્ધના મોરચે પહોંચ્યો. શત્રુસૈન્યને હઠાવીને તેણે **વીરસેનને** છોડાવ્યો. અહીં બાણોનો વરસાદ વરસાવ્યો. આ જગો પર દૃષ્ટાન્ત કયું? અહીં **વીરસેનની** કથામાં તત્ત્વ શું જણાવવું છે? તો કહે છે કે જેમ **વીરસેનમાં** ધનુર્વેદનો અભ્યાસ પૂર્ણ અને ક્રિયા પણ પૂર્ણ હતી, અરે, શબ્દવેધીપણું હતું, છતાં દર્શનાક્રયાના અભાવે તે શત્રુને આધીન બન્યો.

## દર્શનક્રિયાનું મહત્ત્વ

અહીં **સૂરસેન** દર્શનક્રિયાવાળો હતો. તેને અક્કલ ઓછી છતાં

શત્રુનો પરાજય કરી તેણે જીત મેળવી માટે પ્રથમ દર્શનરૂપી ક્રિયા જેના હાથમાં હોય તે જ આગળ મોક્ષમાર્ગે જઇ શકે. આથી દર્શનનું સમકિતપણું કેમ કહ્યું ? જ્ઞાન ને ચારિત્રનું સમકિતપણું કેમ નહિ તે પણ સમજાશે. અહીં નિર્યુક્તિકાર આગળ શ્રોતાઓ શંકા કરે કે એક લીધેલી વાતને દુનિયાને કેમ સમજાવવી તેના અંગે કાલ્પનિક કથા ગોઠવાય, પણ અહીં કલ્પનાની કથાદ્વારા સિદ્ધાંત સાબિત કરવા માંગું છું એમ નથી પણ નિર્યુક્તિકાર પોતે જ આ દૃષ્ટાંતના પોષણમાં ગાથા કહે છે અને તેથી સમ્યગ્દર્શનને સમકિત કહેવું એ અધિકાર અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન : ૨૯

**कुणमाणोऽवि य किरियं परिच्चयंतोवि सयणधणभोए ।**
**दिंतोऽवि दुहस्स उरं न जिणइ अंधो पराणीयं ॥**

**(आचा० नि० २१९)**

## જગતને દોરવા પ્રથમ ફળદર્શનની જરૂર

**શાસ્ત્રકાર** મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગસૂત્રના** ચોથા અધ્યયનની ટીકા કરતાં આગળ જણાવી ગયા કે કોઇપણ ભૂતકાળની અંદર, વર્તમાનમાં કે ભાવિકાળમાં તીર્થંકરો થયા, થાય છે અને થશે તે સર્વ તીર્થંકરો આત્માના ઉદ્ધારનો ઉપદેશ જ કરવાવાળા હોતા નથી. તેઓનું ભવાંતરથી એ ધ્યેય જ હોય છે કે જગતના જીવોનો ઉદ્ધાર કેમ થાય? ખલાસીને વિચાર નાવથી તરવાનો હોય ખરો પણ તેનું ધ્યેય તો મુસાફરોને તારવાનું હોય છે. અહીં તીર્થંકર મહારાજા અને સામાન્ય કેવલીઓ પણ મોક્ષમાર્ગ લે, પણ તીર્થંકરની દીક્ષા, ઉપસર્ગસહન યાવત્ કેવલજ્ઞાનની પ્રાપ્તિ તે પણ જગતના ઉદ્ધારને માટે હોય છે, કારણ કે દરેક તીર્થંકર સમજે છે કે જગતના જીવોને ઉદ્ધારના ઉપદેશનું ફળ લાવ્યા કે દેખાડ્યા વિના કામ ન લાગે. જગતને દોરવા માટે પ્રથમ ફળ બતાવવું પડે.

## દુનિયાના ઉદ્ધાર માટે જ તીર્થંકરની દેશના

હવે દુનિયાને જે દોરવાની છે તે અતીન્દ્રિયજ્ઞાનદ્વારા, માટે પ્રથમ આત્મજ્ઞાન એટલે અતીન્દ્રિય જ્ઞાન જોઇએ. હવે જે પોતે અતીન્દ્રિય જ્ઞાનવાળો હોય તે જ જગતને દોરી શકે. જગતને દોરવા માટે અતીન્દ્રિય જ્ઞાન જોઇએ અને તે જ્ઞાન ઘાતિકર્મના ક્ષયથી મળે અને ઘાતિકર્મનો ક્ષય ઉપસર્ગાદિ સહન કર્યા વિના કે મોહનીયાદિના ક્ષય વિના થાય નહિ, માટે તે સર્વ કરવાની જરૂર છે. એટલે દીક્ષા, પરીષહઉપસર્ગનું સહન, મોહનો નાશ, ઘાતિકર્મનો નાશ, કેવલજ્ઞાનની ઉત્પત્તિ આદિ સર્વ વાનાં જગતના ઉદ્ધારને માટે છે. હવે જે તીર્થંકરની દેશના તે પણ જગતના ઉદ્ધારને માટે જ છે.

## આચાર્યાદિ ત્રણની દેશના સ્વ-પરતારક

હવે આચાર્યાદિ ત્રણની દેશના સ્વ-પર તારક છે. પોતે તરે અને બીજાને તારે. તીર્થંકરની દેશના તો પરને તારક છે, પોતે તો તરી ગયેલા છે. આચાર્યાદિ ત્રણમાં તો પોતાને તરવું બાકી છે, તેથી દેશનાદ્વારા પોતાને તરવાનું અને પારકાને તારવાનું પણ કરે છે. તીર્થંકરો જે દેશના આપે તે નિઃસ્વાર્થ પરોપકાર માટે જ છે, પોતાનો સ્વાર્થ તેમાં કંઈ નથી, આચાર્યાદિ પરોપકારી ખરા પણ તેઓ પોતાનું સાધ્ય પણ સાથે સાધે. તીર્થંકરની દેશનામાં પોતાને કંઈ પણ મેળવવાનું ન હોય.

## તીર્થંકર નામકર્મનો ક્ષય

શંકા—તીર્થંકર મહારાજે તીર્થંકર નામકર્મ બાંધેલ છે તેના ક્ષય માટે તેઓ દેશના આપે છે અને તેથી તે કર્મના ક્ષયરૂપ ફળ તો છે જ ને? સમા૦—મહાનુભાવ! વાત તો ખરી. મેલ કાઢવા લુગડામાં સાબુ નાખ્યો, તેથી સાબુ ધોવા ગયા એમ બોલતા નથી, પણ મેલ કાઢવા ગયા બોલાય. અર્થાત્ અહીં લુગડાના મેલની સાથે સાબુ નાંખેલો પણ કાઢીએ છીએ, છતાં સાબુ કાઢવા ગયા હતા એમ બોલતા નથી. અહીં સાબુ પોતાની મેળે પેઠો નહોતો, આપણે નાંખ્યો હતો. તેમ

અહીં તીર્થંકર મહારાજાને દેશના દેતાં તે કર્મ ભોગવાય ખરું, પણ તે કર્મ પ્રથમ હતું ક્યાં ?

## તીર્થંકર નામકર્મ બાંધવાનું કારણ

તીર્થંકર નામકર્મ જ્ઞાનાવરણીયાદિની જેમ બંધાતું નથી. તે તીર્થંકર નામકર્મ જગતના ઉદ્ધારને માટે બાંધેલ છે, એમ ને એમ બંધાતું નથી અને તે જગતનો ઉદ્ધાર કરતી વખતે ખપે. તેનું ફળ તો છે નહિ, અર્થાત્ દેશના દેતાં પોતાના આત્મામાં એક પણ ગુણનો વધારો કરવાનો નથી. આવી રીતે સર્વકાળના તીર્થંકરો જગતના જીવોના ઉદ્ધાર માટે મથી રહેલા છે અને તે ભવાંતરથી મથેલા હોવાથી જગતના જીવોને ઉદ્ધારની દેશના આપે છે.

## પંચાતિયાનાં છોકરાં ભૂખ્યાં મરે

હવે અંધારું મટી અજવાળું થાય તો સર્વ ક્રિયા કરવી સૂઝે. તેમ અહીં જગતના જીવો અંધારામાં ક્યાં ખૂંચી રહેલા હતા ? તો કહે છે કે આહાર, શરીર, ઇંદ્રિયો અને તેનાં સાધનો, તે રૂપી ચારની ચોવટમાં આ જીવ અનાદિ કાળથી ગુંચવાયેલો છે. તે ચારની ચોવટ સિવાય તેણે બીજો ધંધો કર્યો નથી. 'પંચાતિયાનાં છોકરાં ભૂખ્યાં મરે' એમ લોકોક્તિ પણ છે. તેમ આ જીવ ચારની ચોવટને અંગે અનાદિ કાળથી રખડેલ છે. તેથી તેના ઉદ્ધાર માટે જણાવ્યું કે 'તું તારું વિચાર' '**अत्थि मे आया उववाइए।**' મારો આત્મા ઉત્પન્ન થવાવાળો છે. દરેક ભવમાં ઉત્પન્ન થવાવાળો, ભવોભવ ભટકવાવાળો છે.' એ સર્વ બીજા ઉપદેશમાં જણાવે છે.

## ચારની ચોવટરૂપી ચક્કરમાં ઘૂમતો જીવ

શંકા–ઘર તો ઓળખાવો ? બહારના ખાઇ જાય છે તે ઓળખાવ્યું પણ ઘરમાં શું છે ? માલ મિલ્કત શી છે તે તો જણાવો. આત્મારૂપી ઘરનું કુટુંબ શું ? સમા૦–કહે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ત્રણ સુંદર વસ્તુ તે આત્માના ઘરની છે, તેને તું સંભાળતો નથી. અને ચારની ચોવટરૂપી ચક્કરમાં તું ઘૂમેલો છે. આ ત્રણનાં સમકિતો

ચોથા અધ્યયનમાં જણાવતાં શિષ્યે શંકા કરી કે તમો કંઈ નવીન જ લાવ્યા. જૈન દર્શન કે શાસ્ત્રમાં સમ્યગ્દર્શનને જ સમકિત બધા કહે છે, પણ જ્ઞાન કે ચારિત્રને 'સમકિત શબ્દથી કોઈ કહેતા નથી. વાત ખરી, પણ ન કહે તેથી ન હોય એમ ન સમજવું ? જે જે પ્રસંગ હોય તે તે પ્રસંગે વસ્તુનું કથન થાય, પણ કથન ન થવાથી વસ્તુ જ નથી એમ ન બોલાય. હવે સમ્યગ્જ્ઞાન કે ચારિત્ર તે સમકિત નથી એમ ન બોલાય.

## સમકિત જ્ઞાન અને મિથ્યાજ્ઞાન

હવે તે સમ્યગ્જ્ઞાન અને ચારિત્રમાં સમકિત છે એમ માનવામાં વાંધો નથી, પણ તે સમકિત છે કેવી રીતે? તે સમજાવશો ખરા ? સમકિત જ્ઞાન ઉજળું થયું એમ દુનિયામાં તો બોલાતું નથી, તમો ત્રણેને સમકિત કહો છો ત્યારે આખો સંઘ કે શાસ્ત્રં એકલા સમ્યગ્દર્શનનું સમકિતપણું, કહે છે. રૂઢિ તેમ છે તેથી લોકો બોલે છે, પણ હવે તે રૂઢિ સાચી છે કે ખોટી છે ? તો કહે છે કે રૂઢિ ખોટી નથી પણ ખરી છે. તો હવે તેને સમકિત કેમ કહેવાય ? જ્ઞાન એકને એક રૂપે છે પણ તે સમ્યગ્દર્શનવાળાને થાય તો સમકિત જ્ઞાન અને મિથ્યાદર્શનવાળાને જ્ઞાન થાય તો મિથ્યાજ્ઞાન કહેવાય.

## આશીર્વાદ અને શ્રાપરૂપ ચાલાકી

ચાલાકી એકની એક છતાં શાહુકાર અને ચોરના મગજમાં આવે તો તેનો ઉપયોગ જુદી જુદી રીતે થાય. શાહુકારમાં રહેલી ચાલાકી આશીર્વાદરૂપ નિવડે અને ચોરમાં રહેલી ચાલાકી દુનિયાને શ્રાપરૂપ નિવડે. શાહુકારમાં આવેલી ચાલાકી અહીં આશીર્વાદરૂપ થઈ. તેમ અક્કલ, હોશિયારી તે જ્ઞાનરૂપ છે પણ તે સુંદર ક્યારે ? સમ્યગ્દષ્ટિ હોય તો. સમ્યગ્દષ્ટિ ન હોય તો મળેલી ચાલાકી સુંદરપણાને પામતી નથી. સમ્યગ્દર્શન હોય તો જ જ્ઞાન સુંદર અને સમ્યગ્દર્શન ન હોય તો જ્ઞાન સુંદર ન ગણાય. પોલીસ મજબૂત અને ચાલક હોય તો લોકોને આશીર્વાદ રૂપ નિવડે અને ચોર મજબૂત અને

ચાલાક હોય તો લોકોને શ્રાપરૂપ નિવડે. તેવી રીતે પ્રવૃત્તિ સારી એટલે જો શાહુકારની હોય તો લોકોને આનંદરૂપ નિવડે, પણ પ્રવૃત્તિ જો ચોરની હોય તો શ્રાપરૂપ બને.

## જ્ઞાન અને ચારિત્રમાં દર્શનના આધારે જ સમકિત

અહીં તપસ્યા, જ્ઞાન આદિ કરનારની દૃષ્ટિ સમ્યગ્રૂપ હોય તો તે આશીર્વાદરૂપ બને. આથી જ્ઞાનનું સુંદરપણું સમ્યગ્દર્શનના સુંદરપણાને લીધે છે. જ્ઞાન અને ચારિત્ર બંનેમાં સુંદરપણું છે, પણ તે સ્વતંત્ર નથી. ચારિત્ર કે જ્ઞાનનાં ઘરનાં નાહ પણ સમ્યગ્દર્શનનાં ઘરનાં જ્ઞાન અને ચારિત્ર સુંદર છે. અરીસા તેજસ્વી રાખીએ તો ઝગમગે ત્યાં જે તેજ ઝગઝગે છે તે પોતાના ઘરનું નહિ પણ દીવાના ઘરનું છે. જો દીવો ન હોય તો ઝગમગવું બંધ થાય. તેમ અહીં જ્ઞાન કે ચારિત્રમાં સ્વયં સમ્યક્‌પણું નથી, પણ સમકિતે વસાવેલું સમ્યક્‌પણું જ્ઞાન અને ચારિત્રમાં છે. તેથી એકલા સમ્યગ્‌દર્શનને જ સમકિત કહેવામાં આવે છે. જ્ઞાન અને ચારિત્રને સમકિત નહિ કહેવામાં તાત્પર્ય એ જ છે કે-પોતાનામાં સ્વતંત્ર સમકિત નથી પણ દર્શનના આધારે સમકિત રહેલ છે. સમ્યગ્દર્શનમાં જે સુંદરતા છે તે સ્વતંત્ર સ્વાધીન છે, પણ પરાધીન નથી. અર્થાત્‌ સમ્યગ્‌દર્શન તે સ્વયં સમ્યક્ છે, પરંતુ જ્ઞાન ને ચારિત્ર પરાધીન સમ્યગ્રૂપે છે.

## મોક્ષ માટે સમ્યગ્દર્શનની જરૂર

હવે આ વાત તમે યુક્તિથી કહો છો પણ દૃષ્ટાંત જણાવશો ખરા ? તો કહે છે કે–ગઈ કાલે દૃષ્ટાંતથી જણાવ્યું કે વીરસેન દરેક વિદ્યામાં હોશિયાર છતાં આંખે અપંગ હોવાથી શત્રુના કબજામાં ગયો અને સૂરસેન દૃષ્ટિવાળો હોવાથી તેણે શત્રુને હઠાવ્યો અને ભાઈને છોડાવ્યો. અહીં યુદ્ધના કામમાં ચક્ષુ વિનાની તાકાત કામ ન લાગે, તેમ અહીં પણ દેવલોકાદિ મેળવવા માટે જ્ઞાન, ચારિત્ર કે ક્રિયા કામ લાગે અને તે દ્વારા તે બને પણ આત્માની સિદ્ધિ કે મોક્ષ સમ્યગ્દર્શન વિના ન જ બની શકે.

## જગતના જીવો અંગે ત્રણ બેડી

હવે જૈન સિદ્ધાંત એક વસ્તુ ઉપર રહેલ છે. એમાં કલ્પનાને સ્થાન નથી. જે વચન કહેવું તે પ્રથમના પુરુષોની પ્રમાણિકતાને આધીન. ઇતરોમાં પૂર્વ પૂર્વના આધારે વાતને સત્ય માને, પણ અહીં **નિર્યુક્તિકાર** શ્રુતકેવલી ભગવાન્ **ભદ્રબાહુસ્વામી** મહારાજ **વીરસેન** અને **સૂરસેનની** વાત ધ્યાનમાં રાખીને કહે છે કે **વીરસેને** પોતાનું શૂરાતન અજમાવવા માટે ક્રિયા કરવામાં કંઇ કમીના રાખી ન હોતી અને તેથી જ રાજાએ યુદ્ધ માટે આદેશ આપેલો હતો. અહીં **વીરસેન** યુદ્ધમાં જનાર હતો, પણ પ્રથમ ઘર તપાસવું જોઈએ. જીવનના ભોગે જ યુદ્ધમાં જવાનું શોભે. યુદ્ધમાં જઈને જેઓ પોતાના કુટુંબકબીલા તરફ દૃષ્ટિ રાખે તેઓ યુદ્ધમાં જય ન જ મેળવે, તેથી કહે છે કે–જગતના જીવોને ત્રણ **બેડી** છે. ૧–કુટુંબ તે પગની બેડી. તેમજ ૨–ધન અને ૩-ઇંદ્રિયોના વિષયો પણ જગતના મનુષ્યોને પગની બેડીરૂપ છે. ધાર્યું કરવામાં આ ત્રણ વસ્તુ નડે. એટલે આ ત્રણ વસ્તુ સિવાય બીજું કંઈ નડનાર નથી. હવે અહીં **વીરસેન** જ્યારે યુદ્ધમાં જોડાયો ત્યારે તેણે ત્રણે વસ્તુઓ છોડી છે. ત્રણેમાંની એકે ઉપર લગની નથી. કુટુંબ, ધન અને સુખ એ ત્રણ ઉપરથી જેઓ મમતા છોડે, મન ઉઠાવે તેઓ જ યુદ્ધમાં જઈ શકે, માટે **વીરસેને** અહીં ત્રણે વસ્તુને તિલાંજલિ આપી છે. આવી રીતે પોતે ઉદ્યમી છે, બેડીને જલાંજલિ આપી છે, એમ છતાં એ પાછો કયાં ફરે છે?

## આત્માની પ્રગતિમાં મનના જોરની જરૂર

જેઓને જીવનની મમતા હોય છે તેઓ યુદ્ધમાં નાશભાગ કરે છે. અથવા જીવ વહાલો હોય કે થાય તે વખતે લડવાની ક્રિયા, કુટુંબકબીલાદિ અને સુખ પાછું યાદ આવે છે તે અહીં નથી. દુઃખને સામી છાતીએ જ ઊભું રાખે છે. તેનાથી ભાગતો નથી, પણ સુખની સામે પડે છે. આવી દુષ્કર સ્થિતિ છતાં પોતે શત્રુના સૈન્યને જીતી શકયો નહિ. કારણ કે તે બિચારો હતો આંધળો. અહીં ક્રિયા કરનાર,

ભોગને આપનાર, દુઃખને સહન કરનાર, અને મરણનો ભોગ બનવા તૈયાર બનેલો છતાં ન જીત્યો. કારણ કે તે આંખે અપંગ હતો, તેથી તેની સર્વ ક્રિયાઓ નિષ્ફળ નિવડી અને પોતે કેદ થયો. આમ દુનિયામાં બને એટલે દુનિયામાં મનનું જોર કામ ન લાગે. ત્યાં તો કુટુંબ કે કોથળીનું જોર કામ લાગે. આત્મામાં તો મનના જોરે વધવાનું છે ત્યાં દુનિયાનું જોર જોવાનું નથી.

## તાકાત છતાં અંધની દુનિયામાં પણ હાર

હવે એ વાત જોડીને કામ શું ? તો કહે છે કે કુટુંબ કોથળીવાળો હોવા છતાં અક્કલ વિનાનો હોય તો તે ફાવી ન શકે, પણ અહીં વીરસેન અક્કલવાળો છે. હવે પાણીમાં તરનારો કુશળ છતાં તરવાની ક્રિયા ન કરે તો પછી ડૂબી જ જાય. માથે બોજ વધારે લાગ્યો હોય તો પછી તરનારો પણ શું કરે ? અહીં તરવાની ક્રિયાવાળો પ્રતિબંધ વિનાનો હોય તો જ તરી શકે. કુટુંબ, ધન અને બાહ્ય સુખ આ ત્રણ ચીજો જગતના જીવોને ભારરૂપ છે. પરભવનું સાધન કરવામાં આ ત્રણ અંતરાયભૂત છે, તેથી ત્રણે વસ્તુને છોડે છે, ક્રિયા પણ કરે છે, વળી તે દુઃખ ન થાય એ રીતે નહિ પણ સામી છાતીએ દુઃખને સહે છે. આમ છતાં આંધળો વીરસેન શત્રુસૈન્યને ન જીતી શકયો. અહીં મનનું જોર નથી ચાલતું. તેમ દુનિયાદારીમાં, પણ આત્માની બાબતમાં તો મનનું જ જોર જોઇએ, તે માટે નિર્યુક્તિકાર દૃષ્ટાંતની સાથે જ તે વાતને ઘટાવે છે.

## અનંતી વખત દ્રવ્ય-ચારિત્ર પછી જ ભાવ ચારિત્ર

તેઓ કહે છે કે–આ ધર્મમાર્ગમાં પણ સર્વસાવદ્ય-આરંભ-પરિગ્રહની નિવૃત્તિ કરી ગયેલ હોય–અહીં નિવૃત્તિ કરી એટલે પચ્ચક્ખાણ કર્યાં–હવે તે કર્યા પછી પાછાં ભેગાં થવાનું એમ નહિ, પણ સ્વજન, ધન, માલ આદિ છોડી દે છે. મહાવ્રતોને અંગીકાર કરી દુઃખની ક્રિયામાં ફરે છે. ચારિત્રનાં કષ્ટો સહન કરે, પણ જેને સાધ્યનો નિશ્ચય નથી, અરે, તેનો ખ્યાલ નથી તે કોઇ દિને સિદ્ધિને પામી શકે નહિ.

અહીં એ વાત ધ્યાનમાં લેવાની છે. સમ્યગ્દર્શન વિનાના જ્ઞાનવાળો જૈન દર્શનને માનવાવાળો છતાં નિશ્ચય ન હોવાથી તેને મિથ્યાદૃષ્ટિ કહીએ. તેમજ જૈન શાસનથી જુદી પ્રવૃત્તિ હોય તેને પણ મિથ્યાદૃષ્ટિ કહીએ. હવે શાસ્ત્રકાર જુદી જ વાત કરે છે કે જૈન દર્શનનું જ્ઞાન અને ચારિત્ર હાલ જુદી રીતે હોય, છતાં કાલાંતરે તે જૈન દર્શનના જ જ્ઞાન અને ચારિત્રને પામશે. જેમ છોકરો ખોટો એકડો સેંકડો વખત કરે પછી જ સાચો કરે. તેમ આ આત્માને પુદ્ગલાનંદીપણું, ઇંદ્રિયારામીપણું અનાદિ કાળથી લાગેલ છે, તેથી આત્મારામીપણું લાવવું મુશ્કેલ છે. **હરિભદ્રસૂરિજી** કહે છે કે—અનંતી વખત દ્રવ્ય-ચારિત્ર આવે ત્યારે જ ભાવ-ચારિત્ર આવે. તેવી જ રીતે જ્ઞાન માટે પણ સમજવું.

## મરુદેવી માતાને એકાએક મોક્ષ ક્યાંથી મળ્યો ?

આ સિદ્ધાંત કર્યા પછી શિષ્યે શંકા કરી કે—**મરુદેવા** માતાને ત્રસપણું મળ્યું નથી. તેઓ મનુષ્યપણું પામ્યા નથી. તેઓ તો અનાદિ નિગોદમાંથી નીકળીને આવ્યા હતાં, તેમને ક્યાંથી મોક્ષ મળ્યો ? તેમને દ્રવ્ય-ચારિત્ર કે જ્ઞાન અનંતી વાર આવેલ નથી. ફક્ત ભાવ જ્ઞાન અને ચારિત્ર એકી સાથે આવી ગયાં હતાં. આ શંકાથી સિદ્ધાંતને શિષ્યે તોડ્યો, પણ બીજું દૃષ્ટાંત શિષ્યને પૂછ્યું તો તે મૌન ધરી ગયો. બીજું દૃષ્ટાંત ગોત્યું પણ મળતું નથી. કહો કે કોઇક જ જીવ એવો હોય કે જે અનાદિ નિગોદમાંથી આવ્યો હોય અને અનંતીવાર દ્રવ્ય જ્ઞાન કે ચારિત્ર પામ્યા સિવાય સીધો ભાવ-જ્ઞાન કે ભાવ-ચારિત્ર પામી જાય. દસ અચ્છેરાંની વાત સાંભળીએ છીએ કે તીર્થંકરને કેવલીપણે ઉપસર્ગાદિ બન્યાં નથી તે અનંતી ઉત્સર્પિણી કે અવસર્પિણીએ બન્યાં. તેવી જ રીતે અનંતી ઉત્સર્પિણી અને અવસર્પિણીએ જ આ **મરુદેવા** માતાની સિદ્ધિનો બનાવ છે. તેથી તે આશ્ચર્યરૂપ હોવાથી દૃષ્ટાંત રૂપ ન લેવાય.

## મિથ્યાદૃષ્ટિનાં જ્ઞાન-ચરિત્રની શી કિંમત ?

હવે દરેક જીવ ગ્રૈવેયકમાં અનંતીવાર ઉત્પન્ન થયો તે દ્રવ્ય ચારિત્ર

પામીને જ. હવે અહીં જૈનોનું મિથ્યાદષ્ટિપણામાં જ્ઞાન કે ચારિત્ર હોય તો તે અનંતકાળ પછી પણ સમ્યક્પણે પરિણમવાનો પ્રસંગ છે. મિથ્યાદષ્ટિપણામાંના જૈનોના જ્ઞાન કે ચારિત્ર દ્વારા સમ્યગ્જ્ઞાન કે ચારિત્ર આવવાનો સંભવ છે, પણ મિથ્યાદષ્ટિના જ્ઞાનદ્વારા સમ્યગ્જ્ઞાન ન જ આવે. અહીં નિર્યુક્તિકાર કહે છે કે—

**कुणमाणोऽवि निवित्तिं परिच्चयंतोऽवि सयणधणभोए ।**
**दिंतोऽवि दुहस्स उरं मिच्छद्दिट्ठी न सिज्झइ उ ।**

**( आचा०नि० २२० )**

**कुर्वन्नपि निवृत्तिम्–अन्यदर्शनाभिहितां, तद्यथा–पञ्च यमाः पञ्च नियमा इत्यादिकां, तथा परित्यजन्नपि स्वजनधनभोगान् पञ्चाग्नितपआदिना ददद्पि दुःखस्योरः मिथ्यादृष्टिर्न सिध्यति, ( आचा० टी० पृ० १७७ )**

સ્વજનાદિનો ભોગ આપનાર, ધનમાલને છોડનાર, સુખને તિલાંજલિ આપનાર એવો મિથ્યાદષ્ટિનો જીવ તો સિદ્ધિ ન જ પામે. અન્ય દર્શનની પ્રતિજ્ઞાઓ લીધી હોય–અન્ય દર્શનની ચાહે તેવી પ્રતિજ્ઞાઓ હોય. તેમાં છ કાય સંબંધી પ્રતિજ્ઞા ન હોય. કારણકે તે છ જીવનિકાય માનતા નથી. હવે ઇતરોમાં યમ પાંચ માને છે. સાંખ્યાદિ નિયમ તરીકે માને છે. તેઓ નિયમન કરે, સ્વજનાદિને છોડી દે. તેમાં દુઃખ વેઠયાનું કયાં છે? તો કહે છે કે–પંચાગ્નિ તપ આદિ કરીને દુઃખની સામે જવાનું છે. આમ ઇતિરોમાં હોવા છતાં તે કર્મક્ષય કરી સિદ્ધિ ન પામે. હવે મોક્ષે ન જવામાં કારણ શું? તો કહે છે કે–દર્શન નથી એટલે સાધ્ય જ નથી.

## જૈનોએ માનેલ કેવલજ્ઞાનસ્વરૂપ આત્મા

જૈનમાં જીવ માન્યો છે તે કેવલજ્ઞાન સ્વરૂપ. તેથી સાધવાનું એ રહે કે કેવલજ્ઞાન કે દર્શન કેમ ઉત્પન્ન થાય? તે જ સાધ્ય રહે. અહીં જ્યાં કેવલજ્ઞાનસ્વરૂપ આત્મા ન મનાયો હોય તેથી જ્ઞાનાવરણીયાદિ, દર્શનાવરણીય આદિ ન મનાય. તેમજ વીતરાગ સ્વરૂપ આત્મા ન

માનવાથી ચારિત્રમોહનીય આદિ કર્મો જ ન મનાયાં. "**दर्शनविकलत्वाद्, अन्धकुमारवत् असमर्थः कार्यसिद्धये.**" (**आचा० टी० पृ. १७७**) અહીં આંધળો **વીરસેન** જબરજસ્ત ધનુર્વેદવાળો, યુદ્ધમાં ઝઝુમવાવાળો છતાં કાર્યની સિદ્ધિ માટે ન થયો, તેમ અહીં દર્શન વિનાનો કાર્યની સિદ્ધિ માટે ન જ બને.

### જ્ઞાનક્રિયા છતાં દર્શન વિના સિદ્ધિ અશક્ય

હવે અહીં અમારે શું કરવું તે બતાવો. તારા મનમાં 'એમ શંકા થાય કે-દર્શન વિનાનો જ્ઞાનક્રિયાવાળો છતાં સિદ્ધિને ન પામે. તેથી અમારે અહીં શું કરવું તે જણાવો. તો કહે છે કે-કર્તવ્યની સીડી બતાવી સમ્યક્ત્વનો અધિકાર શી રીતે લેવો તે અગ્રે જણાવાશે.

---

## વ્યાખ્યાન : ૩૦

**तम्हा कम्माणीयं जेउमणो दंसणंमि पयइज्जा ।**

**दंसणवओ हि सफलाणि हुंति तवनाणचरणाइं ।। (आचा० नि० २२१) । यस्मात्सिद्धिमार्गमूलास्पदं सम्यग्दर्शनमन्तरेण न कर्मक्षयः स्यात्, तस्मात् कारणात्कर्मानीकं जेतुमनाः सम्यग्दर्शने प्रयतेत, तस्मिंश्च सति यद्भवति तद्दर्शयति-दर्शनवतो हि 'हि' हेतौ यस्मात्सम्यग्दर्शनिनः सफलानि भवन्ति तपोज्ञानचरणान्यतस्तत्र यत्नवता भाव्यमिति । (आचा० टी० पृ. १७७)**

### જૈનો તીર્થંકરને કેમ માને છે ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ **આચારાંગ** સૂત્રના ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા કે જે કોઈ તીર્થંકર મહારાજા ભૂતમાં થયા, ભાવિમાં થશે અને વર્તમાનમાં છે તે સર્વનું તીર્થંકરપણું શાથી ? જન્મ આપે, ઋદ્ધિ આપે તેથી નહિ, તો પછી તેઓને તીર્થંકર માનીએ શાથી ? દુનિયાદારીનો કોઈપણ ચીજથી ન બને એવી વસ્તુને

લીધે એમનું તીર્થંકરપણું માનવામાં આવ્યું છે. દુનિયાની તમામ વસ્તુઓ જગતનાં કારણોથી મળે પણ જે જગતની પાસેથી કે બીજા પાસેથી ન મળે તેવી વસ્તુ કઇ કે જે તીર્થંકર મહારાજા આપે છે અને તેથી આપણે તેમને તીર્થંકર માનીએ છીએ ?

## તીર્થંકરો ધર્મ બતાવે છે, બનાવતા નથી

હવે જૈનો તીર્થંકરોને કર્તા તરીકે, જન્મદાતા તરીકે માનતા નથી છતાં તેમને માને છે ખરા પણ કઇ રીતે? તો કહે છે કે જગતમાં સૂર્ય ઉદ્યોત કરી ઉપકાર કરે છે. તેમ તીર્થંકર મહારાજા જગતને જે ઉપકાર કરે છે તે માર્ગ બતલાવવા તરીકે કરે છે. શું કરવાથી આત્મા ઘેરાય છે અને સંસારમાં રખડે છે, અને શું કરવાથી ભવનો છેડો પામી, સંસારથી તરી, ભાવિ સુખને પામે છે, આ બે રસ્તાઓનો ઉપદેશ તેઓ આપે છે. હવે આ બે રસ્તા પોતે બનાવતા નથી પણ બતાવે છે. જિનેશ્વર મહારાજે કહ્યું ત્યારે જ પાપ થવા માંડયું કે રોકાવા માંડયું એમ નથી. તેમના ઉપદેશ પહેલાં પણ જીવો હિંસાદિ કરીને પાપો તો બાંધતા હતા અને હિંસાદિ ન કરીને કર્મની નિર્જરા પણ કરતા હતા. હીરો છે કે કાંકરો તે કંઇ દીવો બનાવતો નથી, પણ દીવો તો માત્ર તે વસ્તુને બતાવી દે. જેમ દીપક હીરો અને કાંકરો બતાવી આપે છે, તેવી રીતે જિનેશ્વરો પણ ધર્મને બતાવી દે, ધર્મને બનાવતા નથી, તેમજ અધર્મને બતાવી દે પણ બનાવી ન દે.

## દીપક, સૂર્ય સમા ઉપકારી જિનેશ્વરો

હવે જેવી રીતે જગતમાં દીપક, સૂર્ય ઉપકારી પદાર્થો છે, તેવી રીતે પ્રભુ પણ ધર્મ–અધર્મ બતાવીને ધર્મમાર્ગનો ઉપદેશ–ધર્મમાર્ગે જવાનો ઉપદેશ આપે તેથી ઉપકારી છે. હવે લાખનો હીરો ધૂળમાં ખોવાયો હોય તો તે મેળવવો શાથી? ભલે દીવાસળીની કોડીની કિંમત હોય છતાં તેનાથી તે મળે, એટલે ઉપકાર તો તેનો જ. હવે જિનેશ્વર મહારાજ આપણા જેવા શરીરાદિવાળા છે પણ સાથે ધર્મમાર્ગ

પ્રકાશવાની શક્તિવાળા છે અને તે બતાવવાનો ઉપદેશ પણ તેઓ જ આપી શકે છે. આ ચીજ જગત્ માત્રમાં ન જ મળે. જગતમાં બીજી ચીજો મળે. માત્ર ધર્મનું સ્વરૂપ જગતમાં જાણવા ન મળે. હવે ધર્મનું સ્વરૂપ બતાવનારા તીર્થંકરો જ છે, તેથી તેમને પરમેશ્વર તરીકે માનીએ છીએ. તેઓ પ્રથમ એ સંદેશો આપે છે કે તમે તમારા આત્માને ઓળખો. તમારા દરેકના આત્મા ઉત્પન્ન થવાવાળા છે.

## નાસ્તિક પણ ઔત્પાતિક માને છે

હવે નાસ્તિક પણ ઔત્પાતિક માને છે. ઔત્પાતિક એટલે શું ? ઉત્પાત એટલે પંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થાય તે ઔત્પાતિક કહેવાય. પરભવ કે શરીરથી જીવને જેઓ જુદો નથી માનતા તે પણ ઉત્પાતને માને છે ખરા, પણ અહીં ઉત્પાતનો અર્થ શો થાય ? જેને ઉપજવાનું છે, અર્થાત્ જે આત્મા ઉત્પન્ન થવાવાળો છે–ઉપજવાવાળો છે. આ વાક્યથી ગણધરોના સંશયો કેમ કપાયા અને તેથી આ વાક્યને અગ્રપદ કેમ આપ્યું ? ઇંદ્રભૂતિનો પ્રશ્ન એ હતો કે-જીવ છે કે નહિ ? પ્રભુએ સમાધાનમાં જણાવ્યું કે-જીવ છે અને તે ઉત્પન્ન થવાવાળો છે. આટલી વાત કહી. અગ્નિભૂતિ કર્મને ન માનનારો હતો તેના સંશયના છેદને માટે જીવ છે અને તે પોતપોતાના કર્મ પ્રમાણે ઉત્પન્ન થાય છે એમ જણાવ્યું. વળી વાયુભૂતિ આદિના સંશયને માટે પણ જીવ ઔત્પાતિક એટલે ભવોભવ ઉત્પન્ન થવાવાળો છે એમ કહ્યું.

## ગણધરોના સંશયોનું છેદન

હવે જીવ જેવો આ ભવમાં હોય તેવો જ પરભવમાં ઉત્પન્ન થાય છે ? તો કહે છે કે ના. પણ જેવાં કર્મો કરેલાં હોય તેવી રીતનો ઉત્પન્ન થાય. જે તે દિશામાંથી આવેલો ઉત્પન્ન થાય. આવી રીતે ચારે દિશામાંથી કે ઊર્ધ્વ અધો દિશામાંથી આવીને પણ ઉત્પન્ન થવાવાળા જીવ હોય. અર્થાત્ પુણ્ય પાપના આધારે જ જીવો ઉત્પન્ન થાય. હવે જે એકલા પુણ્ય માનનારા અને પાપ ન માનનારા અને

પાપ માનનારા અને પુણ્ય ન માનનારા એવા જે ગણધરો હતા તે સર્વ ગણધરોના સંશય ટાળવા માટે આ જીવ ઔત્પાતિક એટલે ભવોભવ ઉત્પન્ન થવાવાળો છે એમ જણાવ્યું.

## જીવો ઉત્પન્ન થવાવાળો શા માટે ?

હવે પાપ કૃત્રિમ છે તેથી તેનો નાશ થાય, માટે શુદ્ધ સ્વરૂપવાળો જે આત્મા તે નિર્મળ આત્માનું પોતાના સ્વરૂપમાં જે રહેવું તે જ મોક્ષ. આવી શંકાના સમાધાન માટે પ્રથમ એ જ ઉદ્‌ગાર તીર્થંકરે બહાર પાડયો કે છ યે દિશામાંથી આ જીવ આવીને ઉત્પન્ન થવાવાળો છે. હવે તે શાથી ? જુદી ગતિ, જુદી જાતિ પણ શાથી ? મન ઇંદ્રિયાદિના વિકારોને આધીન બનેલો હોવાથી જીવ તે તે રૂપે ફરવાવાળો થાય. જો ઇંદ્રિય અને મનના વિકારો ઉપર તે કાબૂ મૂકે, તેનો સર્વથા નાશ કરે તો તે ભવાંતરમાં ફરવાવાળો ન થાય. હવે તે મન અને ઇંદ્રિયોના વિકારો થાય શાથી ? અનુકૂળ પદાર્થોથી લલચાય, પ્રતિકૂળ વિકારોથી ભય પામે, તેથી મન અને ઇંદ્રિયના વિકારોને આધીન બને. હવે તે લલચાય નહિ કે ભય પામે નહિ તો વિકારોને આધીન ન બને. આવી રીતે ઉત્પાતનાં ત્રણ અધ્યયનો જણાવ્યાં.

## કેવલજ્ઞાની પુરુષનો આત્મા કેવો હોય ?

હવે આ સર્વ વાત કૃત્રિમ છે. આત્માનો તો તેવો સ્વભાવ કે સ્વરૂપ નથી પણ હવે તે આત્માનું મૂળ સ્વરૂપ કયું ? તેના માટે જ આ ચોથા અધ્યયનમાં સમ્યક્‌ત્વ જણાવ્યું. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચરિત્ર આ ત્રણ આત્માનાં સુંદર સ્વરૂપો છે. હવે આત્માનો સ્વભાવ ખોટી માન્યતા કરવાનો નથી. જે કાંઇ ખોટી માન્યતા થાય તેમાં કારણ આત્માની વિકૃતિ છે. જેવો પદાર્થ હોય તેવી જ માન્યતાનો સ્વભાવ આત્માનો છે. જેમ કાચનો સ્વભાવ વસ્તુ પ્રમાણે પ્રતિબિંબ કરવાનો છે, તેવી જ રીતે આત્માનો સ્વભાવ નિર્મળતાનો છે. પછી કાચમાં જેમ નાના મોટાપણું થાય, તે તેના વિકારને અંગે

થાય. તેમ અહીં આત્મામાં મિથ્યાત્વ–મોહનીયના પુદ્ગલોનો વિકાર થાય તેથી જીવ તત્ત્વને અતત્ત્વ માને. હવે શુદ્ધ માન્યતા આવવી તે જ આત્માનો સ્વભાવ છે. તેવી રીતે જાણવું તે પણ આત્માનો સ્વભાવ છે. સૂર્યનો સ્વભાવ પ્રકાશ દેવાનો છે, તેમ આત્માનો સ્વભાવ લોકાલોકની વસ્તુને જાણવાનો છે. કાચ પણ જેવો હોય તેવું પ્રતિબિંબ આપે. સૂર્ય પણ વાદળ રહિત હોય તો પ્રકાશ સંપૂર્ણ આપે, પણ અહીં આત્મામાં તે સ્થિતિ નથી. પોતાનો જ્ઞાન સ્વભાવ છે તે લોકાલોકને જાણવાનો છે. હવે જગતમાં જે ઊંચા નીચી, આઘા પાછી થયા કરે તેમાં ફરક છે. જેમ વેશ્યાના ઘરના દીવાને અને જિનેશ્વર મહારાજના ઘરના દીવાને પોતાને કોઇ જાતનો લેપ લાગતો નથી. તેમ અહીં કેવલજ્ઞાની પુરુષનો આત્મા જ્ઞાનથી આખા જગતને જુએ ખરો છતાં રાગદ્વેષનો અંશ એમના આત્માને ન લાગે, એટલે વીતરાગ સ્વભાવવાળો આ આત્મા છે. આવી રીતે શુદ્ધ માન્યતા, વીતરાગતા, લોકાલોક જાણવાનો સ્વભાવ, આ પણ સમ્યગ્રૂપ છે અને તે આત્માના સ્વભાવો છે.

## જ્ઞાન, ચારિત્રનું સુંદરપણું કૃત્રિમ કે સ્વાભાવિક?

હવે જ્ઞાન કે ચારિત્રને સમકિત કોઈ કહેતું નથી. માત્ર સમ્યગ્દર્શનને જ સમકિત કહે છે. તમે ત્રણને સમકિત શાથી કહો છો? વાત ખરી. હું તેના સ્વરૂપને અંગે સમકિત કહું છું. એટલે જ્ઞાન કે ચારિત્રમાં સુંદરપણું તે કરેલું છે કે સ્વાભાવિક છે તે વિવરીને જણાવેલ નથી. મેં પ્રથમ ત્રણમાં સમકિતપણું માત્ર જણાવેલ છે, પણ તે જ્ઞાન, ચારિત્રમાં જે સમકિતપણું છે તે પોતાના ઘરનું છે કે કોઈથી આવેલું છે? હવે જે પોતે સમકિતરૂપ હોય અને બીજાને સમકિતરૂપે કરે તેવી તાકાત માત્ર સમ્યગ્દર્શનમાં છે. જ્ઞાન કે ચારિત્રમાં તેવી તાકાત નથી. પોતે સમકિતરૂપે રહે અને બીજાને તેવા બનાવે તેવી શકિત માત્ર સમ્યગ્દર્શનમાં જ છે. હવે જ્ઞાનમાં કે ચારિત્રમાં જે સુંદરપણું છે તે પોતાના ઘરનું નથી, સમ્યગ્દર્શને કરેલું સુંદરપણું

જ્ઞાનમાં છે. તેવી રીતે ચારિત્રમાં પણ સુંદરપણું સમ્યગ્દર્શને જ કરેલું છે.

### લાડવાની મીઠાશ અને ગોળની મીઠાશ

હવે સમ્યગ્દર્શનમાં સુંદરપણું કોણે કર્યું? તો કહે છે કે સ્વયં તે પોતે સુંદર છતાં બીજાને સુંદર બનાવે છે, તેથી સમ્યગ્દર્શનને સમકિત કહીએ છીએ. ત્રણેમાં સુંદરપણું હોવા છતાં એકલા સમ્યગ્દર્શનને જ સમકિત કેમ કહો છો? હવે લાડવો મીઠો ખરો પણ તે ગોળના પ્રભાવે. હવે ગોળ જે મીઠો તે કોઇના પ્રભાવે નહિ પણ સ્વયં મીઠો છે. તેમ અહીં સમ્યગ્દર્શન સમકિત ખરું, પણ તે પોતાના પ્રભાવે અને જ્ઞાન કે ચારિત્રમાં સમકિત છે પણ તે સમ્યગ્દર્શનનું કરેલું છે. અર્થાત્ સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન કે ચારિત્ર તે મિથ્યાજ્ઞાન કે મિથ્યાચારિત્ર ગણાય. હવે જ્ઞાન કે ચારિત્ર વિનાનું સમ્યગ્દર્શન તે મિથ્યાદર્શન ન ગણાય. આટા અને ઘી વિના કંઇ ગોળની મીઠાશ ન જાય, પણ ગોળ વિના લાડવાની મીઠાશ ચાલી જાય. આટલા માટે સમ્યગ્દર્શન પોતે સમકિતરૂપ રહે છે અને જ્ઞાન ને ચારિત્રને તે રૂપે બનાવે છે, માટે તેને સમકિતરૂપે કહે છે.

### સમ્યગ્દર્શન વિનાનાં જ્ઞાન, ચારિત્ર, તપ

હવે તે કેટલું જબરજસ્ત છે તેને અંગે દૃષ્ટાંત જણાવ્યું. વીરસેન અને સૂરસેનના દૃષ્ટાંતમાં દર્શન વિનાનો વીરસેન ચાહે તેટલો જબરજસ્ત હોવા છતાં લડાઇમાં ફસાઇ મર્યો અને જબરજસ્ત ન હોવા છતાં માત્ર દર્શનવાળો હોવાથી સૂરસેન લડાઇમાં જીત મેળવી શકયો. માટે કર્મરૂપી સૈન્યને જીતવા માટે માણસે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇએ. હવે જેનામાં સમ્યગ્દર્શન હોય તેનું જ જ્ઞાન, ક્રિયા—ચારિત્ર કે તપ સફળ થાય છે. સમ્યગ્દર્શન વિનાનાં જ્ઞાન, ચારિત્ર કે તપ કંઇ કામ આપતાં નથી.

### મોક્ષનો આછો ખ્યાલ

હવે અહીં કર્મ શું? સૈન્ય શું? તેનો સમુદાય શું? તેની જીત કેવી રીતે? એ વગેરે સમજાવ્યા વિના તેને જીતવાનો પ્રયત્ન

શું કામ લાગે ? તો કહે છે કે—આત્માનું જે શુદ્ધ સ્વરૂપ તેને આસ્તિકોએ મોક્ષ કહેલ છે. મોક્ષશબ્દ કોઇને ન ગમે તો આત્માનું સુંદર સ્વરૂપ મેળવવું એમ લો. હવે આ જન્મમાં કોઇ એવું સર્ટીફિકેટ આપે તેમ નથી કે આ જીવને રોગ નહિ થાય કે ફરી જન્મ પણ નહિ થાય. આવી જગ્યા પણ કોઇ બતાવશે નહિ. ચૌદ રાજલોકમાં એવી એક પણ જગ્યા નથી કે જેમાં રોગ, શોક કે જન્મ ન હોય. ફક્ત મોક્ષ નામની એક જગ્યા છે કે જેમાં ગયા પછી અનંતા કાળચક્ર પછી પણ જન્મવાનું કે મરવાનું ન થાય. રોગ, શોકાદિ પણ ન થાય. આવું સર્ટિફિકેટ ત્યાં જ મળે.

## પ્રથમ કર્મરાજાને જીતવાની જરૂર

હવે પાદશાહના મહેલમાં પાદશાહ અને નોકર બંને જાય. પણ અહીં પાદશાહ જાય તે માલિકી તરીકે અને નોકર જાય તે નોકરના હિસાબે. તેમ અહીં મોક્ષે બે રીતે જવાય. આત્માની સ્વતંત્રતાએ પણ જવાય અને કર્મના બળે પણ જવાય. પાદશાહના મહેલમાં નોકર જાય તે પરાધીનતાએ. તેમ અહીં સિદ્ધના સ્થાનમાં માલિકી તરીકે કોણ જાય ? કર્મરાજાના શત્રુને જે જીતે તે જ જઇ શકે. હવે રાજા અને કેદી વચ્ચે જગતમાં ફરક શો ? જીતે અને સિંહાસને બેસે તો રાજા અને હારે તો કેદી. તેમ અહીં આત્માને અંગે કર્મની સાથે યુદ્ધ ખેલવા માંડયું અને તેના તાબામાં આવ્યા તો કેદી અને તે કર્મને જીતીએ તો માલિક બનીએ અને રાજા થવાય. બીજાનો હક ખસેડીએ નહિ ત્યાં સુધી આપણો હક ન થાય. તેવી રીતે આ જીવની સ્થિતિ ઉપર કર્મરાજાએ અનાદિનો હક કરી તેને તાબે કરેલ છે. માટે પ્રથમ કર્મરાજાને જીતવાની જરૂર છે. આ કર્મ એકલું નથી પણ એકની પાછળ બીજું લાગેલ છે, એથી એનું સૈન્ય છે. જેમ જિહ્વા ઇંદ્રિય અંગે રાગ લાગેલ છે તેમ.

## મોક્ષમાર્ગનું મૂળ શું ?

હવે સારી ચીજ વાવો પછી તેની ગતિ આગળ વધતી જાય,

માટે કહે છે કે–સિદ્ધિ એટલે મોક્ષ જે છે તેનું મૂળ શું? કર્મરૂપ સૈન્યને જીતવું તે. તે કર્મ લશ્કરને જીતીને તેની હાર કર્યા વિના સિદ્ધિમાર્ગ મળી શકે તેમ નથી, માટે પ્રથમ કર્મક્ષય કરવો તે જ મોક્ષમાર્ગનું મૂળ છે. હવે તે કર્મક્ષય સમ્યગ્દર્શન વિના ન જ બની શકે, તો પછી સમ્યગ્જ્ઞાન કે ચારિત્ર વિના પણ તે મોક્ષ નહિ જ બને. હવે સમ્યગ્દર્શન કોઈ દિન જ્ઞાન કે ચારિત્રને ખરાબ રહેવા ન જ દે. તે જ્ઞાનને સમ્યક્ બનાવી દે પણ ચારિત્રને સમ્યક્ શાથી કરશે? તો કહે છે કે **ચારિત્રથી રહિત મોક્ષે જશે પણ દર્શન રહિત મોક્ષે નહિ જ જાય.** એટલે સમ્યગ્દર્શન વિના મોક્ષ થતો નથી. જ્ઞાનને સમ્યક્ બનાવે છે. ચારિત્રની દરકાર રાખતું નથી. આવું આ સમ્યગ્દર્શન હોવાથી તે કર્મક્ષયના કારણરૂપ અને સિદ્ધિના મૂળરૂપ છે. માટે જો મોક્ષની ઇચ્છા હોય તો કર્મરૂપ સૈન્યને જીતવા તૈયાર થવું જોઇએ, અને તેમ તૈયાર થવા માટે પ્રથમ સમ્યગ્દર્શન માટે તૈયારી કરવી પડે.

## આત્મામાં સમ્યગ્દર્શન થયા પછી શું શું બને?

હવે સમ્યગ્દર્શન આત્મામાં થાય તો પછી શું શું બને? તો કહે છે કે–જે સમ્યગ્દર્શનવાળો હોય તે જ્ઞાન, તપ, ચારિત્ર કરે તે સર્વ સફળ જ થાય. જેમ દુનિયાદારીમાં વફાદાર હોય તેની અક્કલ આપણને આધારરૂપ બને પણ લુચ્ચાની ચાલાકી કે પ્રવૃત્તિ ત્રાસરૂપ બને. જ્યારે વફાદારની ચાલાકી કે પ્રવૃત્તિ આપણને મંગળરૂપ થાય છે. તેમ અહીં સમ્યગ્દર્શનવાળો જીવ જે કોઇ હોય તેનું જ્ઞાન, તપ, ચારિત્ર એ બધું જ સફળ જ થાય. એટલે બીજી રીતે કહી શકીએ તો થતા જ્ઞાનને નિષ્ફળ થતું બચાવવું હોય તો સમ્યગ્દર્શનમાં ઉદ્યમ કરવાની જરૂર છે. તેવી જ રીતે તપ અને ચારિત્ર પણ નિષ્ફળ થતાં અટકે છે, પણ તે સમ્યગ્દર્શનથી સફળ બને છે. માટે કર્મક્ષયની ઇચ્છાવાળાએ સમ્યગ્દર્શન માટે પ્રયત્ન કરવો જોઈએ.

### પ્રથમ સમ્યગ્દર્શન, તે પછી જ કર્મ પર જીત

હવે અહીં શિષ્યે શંકા કરી કે–પ્રથમ સમ્યગ્દર્શન કરવાની જરૂર કે કર્મનું લશ્કર જીતવાની જરૂર ? સમ્યગ્દર્શન કર્મલશ્કરને જીત્યા વિના બનવાનું નથી અને તે સમ્યગ્દર્શન વિના કર્મનું જીતાવાનું પણ બનવાનું નથી. કાવડમાં બે બાજુ ગોળી હોય પણ તે એક બીજાના આધારે હોય છે. પરસ્પર આધારરૂપ હોય છે. તેમ અહીં પણ એ જ દશા છે. હવે તે બંનેમાં પ્રથમ શું ? તો કહે છે કે–કર્મશત્રુની લડાઈ કરવા પહેલાં સમ્યગ્દર્શન લાવવાનો રસ્તો ગણાવેલો છે. હવે કર્મલશ્કર હાર્યા પહેલાં તે કર્મને પ્રથમ નિર્બળ શાથી બનાવવાં અને તે વખતે વિચાર શો આવે અને તે વખતે કર્મ કેટલું તૂટે ?

### ધર્મની આકાંક્ષાથી મોક્ષ સુધીનો ઇતિહાસ

જેમ જગતમાં પ્રથમ ધર્મશ્રવણની ઇચ્છા ધરે થઇ. પછી સાંભળવા જવાનું થાય. અહીં પ્રથમ ઈચ્છા થઇ તેજ કર્મશત્રુને જીત્યા. હવે તે ઇચ્છા મરી ન ગઈ એટલે તે ચાલુ રહી એટલે સાંભળવા માટે ચાલવું શરૂ કર્યું. અહીં કર્મશત્રુના ક્ષય માટે કેવી કેવી સ્થિતિઓ છે. જેમકે શ્રવણેચ્છા, ગમનેચ્છા, પ્રશ્નપૃચ્છા, ધર્મ શી ચીજ ? તેનું સ્વરૂપ જાણી તેનું ફળ જાણ્યા પછીની ઈચ્છા વગેરે સ્થિતિઓ કેવી છે, તે ઠેઠ મોક્ષ પામે નહિ ત્યાં સુધીનો આખો ઇતિહાસ શાસ્ત્રકારે જણાવવો જોઇએ. અહીં સમ્યગ્દર્શનથી નિર્મળતા થાય અને કર્મક્ષય થાય અને તેનાથી જ મોક્ષ થાય. આવી રીતે ધર્મની આકાંક્ષાથી મોક્ષ સુધીનો ઇતિહાસ અગ્રે જણાવશે.

---

## વ્યાખ્યાન : ૩૧

**आहारउवहिपूआइड्ढीसु य गारवेसु कइतवियं ।**
**एमेव बारसविहे तवंमि न हु कइतवे समणो ॥**

**(आचा० नि० २२४) आहारश्च उपधिश्च पूजा च ऋद्धिश्च–आमर्षौषध्यादिका आहारोपधिपूजर्द्धयस्तासु निमित्तभूतासु**

ज्ञानचरणक्रियां करोति, तथा गारवेषु त्रिषु प्रतिबद्धो यत्करोति तत्कृत्रिममित्युच्यते, यथा च ज्ञानचरणयोराहाराद्यर्थमनुष्ठानं कृत्रिमं सन्न फलवद्भवति एवं सबाह्याभ्यन्तरे द्वादशप्रकारे तपस्यपीति, न च कृत्रिमानुष्ठायिनः श्रमणभावो, न चाश्रमणस्यानुष्ठानं गुणवदिति, तदेवं निरुपधेर्दर्शनवतस्तपोज्ञानचरणानि सफलानीति स्थितमतो दर्शने यतितव्यं, दर्शनं च तत्त्वार्थश्रद्धानं, तत्त्वं चोत्पन्नापगतकलङ्काशेषपदार्थसत्ताव्यापिज्ञानैस्तीर्थकृद्भिर्यदभाषि, तदेव सूत्रानुगमायातेन सूत्रेण दर्शयति—(आचा० पृ० १७८)

## અનાદિ કાળથી રખડપટ્ટીવાળો જીવ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શીલાંકસૂરિજી મહારાજ આચારાંગ સૂત્રના ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા કે ભૂતકાળના અનંતા તીર્થંકરો, વર્તમાનકાળના સંખ્યાતા અને ભવિષ્યકાળના અનંતા તીર્થંકરો, જે શાસનની સ્થાપના કરે છે, તે ભવ્ય જીવોના ઉપકારને માટે શું જણાવે છે? તો કહે છે કે—તમો પોતાને ઓળખતાં શીખો. દરેક ભવમાં તમો શરીર, ઇંદ્રિય, આહાર, વિષયાદિ કે તેનાં સાધનોને ઓળખતા હતા. એક પણ ભવ તેને ઓળખ્યા વિનાનો રહ્યો નથી. અનાદિના ભવચક્રમાં તમોએ જો કોઇ પણ ચીજ ન ઓળખી હોય તો તે તમારા આત્માને જ. એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધીની જાતિને ઓળખવામાં પ્રથમ એક જ સાધન જાણો કે હું અહીં ઉત્પન્ન થવાવાળો છું અને આવીને જવાવાળો છું. હું અહીંની ચીજ નથી. બીજા ભવમાંથી આવીને ઉત્પન્ન થયો છું. વળી મારો આત્મા અહીંથી બીજા ભવમાં ઉત્પન્ન થવાવાળો છે. અર્થાત્ રખડપટ્ટીવાળો જ હું છું.

## રખડપટ્ટી મટાડવા માટેનાં કારણો

હવે તે રખડપટ્ટી મટાડવા માટે કારણો જોઇએ. વળી તે કયાં? તો કહે છે કે—પાંચ ઇંદ્રિયોના વિષયોને તમે આધીન ન બનો. મનના

વિષયોને આધીન ન બનો. જો તેના વિષયોને આધીન બનો તો જ રખડપટ્ટી થાય. હવે ઇંદ્રિય અને મન વળગાવવા ન ધારીએ તો પણ વળગી જ જાય. વળી તે હાસાપ્રહાસાના માહળિયાની જેમ વળગે. હાસાપ્રહાસા માટે તે ઠેઠ દ્વીપમાં ભટકયો. હવે આ જીવ પ્રથમ તૈજસ કાર્મણની ભઠ્ઠીના જોરે આહારની ઇચ્છા કરી અને તે લીધા પછી શરીર વળગ્યું અને તેમાં ઇંદ્રિયો ફૂટી. પછી તેનાં સાધનો અને વિષયોમાં રાચ્યો. હવે તે સદાને માટે વળગી. અહીં પ્રથમ આહાર લેવા જતાં એક પછી બીજા બધાં ક્રમશઃ વળગ્યાં. હવે આવી રીતે વળગવાનું કામ એક પણ ભવ કે ગતિમાં ન હોય તેમ બન્યું જ નથી. હવે ઇંદ્રિયોથી છૂટા પડી શકવાના નથી. મનથી છૂટા પડવાના નથી. એ ચોક્કસ છે છતાં તેના ગુલામીમાં ન રહો. ભલે મન અને ઇંદ્રિય તમારા ગુલામ થઇને રહે, પણ તમો તેના ગુલામ ન બનો, તેથી ત્રીજા અધ્યયનમાં જણાવ્યું કે—મન અને ઇંદ્રિયના સંબંધોથી તમો અનુકૂળ સંજોગોમાં ખુશી ન થાઓ, પ્રતિકૂળ સંજોગોમાં નાખુશ ન થાઓ, તો જ મન અને ઇંદ્રિય જીતીને તેને તમો ગુલામ બનાવશો.

## સમ્યગ્દર્શનનું માહાત્મ્ય

આવી રીતે ત્રણે વસ્તુ બતાવી છતાં આત્માનું શું ? આત્માની એવી કઇ મોટી કિંમત છે કે જેના સાટે મહેનત મોટી છતાં ફળ શું ? 'ખોદવો ડુંગર અને કાઢવો ઉંદર' એના જેવું લાગે છે. કારણ કે આત્મામાં રહેલી વસ્તુ જાણ્યા વિના મહેનત કે ક્રિયા કરવી તે નકામી છે, માટે ચોથા અધ્યયનમાં જણાવે છે કે—આત્મામાં ત્રણ મોટામાં મોટી ચીજો છે—સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આ ત્રણ દુનિયામાં કિંમતી ગણાય છે. વળી તે ત્રણે આત્માની ચીજો છે, બહારની નથી. આવી રીતે ત્રણ ચીજો ચોથા અધ્યયનમાં ઓળખાવી. હવે આ ત્રણની સુંદરતા છે પણ તેમાં એક ચીજ એવી છે કે પોતે સુંદર બને અને બીજાને સુંદર કરે. બાકીની બે ચીજો પોતે સુંદર નથી પણ બીજાં તેને સુંદર કરે. હવે એક જે સમ્યગ્દર્શન

છે તે પોતે સુંદર છે અને બીજાને સુંદર કરે. જ્ઞાન એવી ચીજ છે કે તેને દર્શન સુંદર કરે. જેમ લોટનો સ્વભાવ છે કે ગોળથી મીઠો થઈ શકે. તેમ અહીં જ્ઞાન અને ચારિત્રનો સ્વભાવ છે કે તે દર્શનથી સારાં બને અને તેથી જેને સમ્યગ્દર્શન હોય તેનાં શ્રુત, ચારિત્ર, તપ એ સ્વસ્વભાવે થાય. હવે જેને સમ્યગ્દર્શન ન હોય તેનાં શ્રુત, ચારિત્ર કે તપ આત્મીય દૃષ્ટિએ સફળ ન થાય.

## દર્શન વિનાનું જ્ઞાન, ચારિત્ર કે તપ તે કપટ જ કેમ ?

હવે તે સફળ કરે કોણ ? મૂર્ખ મનુષ્ય પણ પ્રયોજન વિના પ્રવૃત્તિ ન કરે. તેમાં વળી આ શાસ્ત્ર ભણાવાનું, ચારિત્ર પાળવાનું, તપ કરવાનું એ નિષ્ફળ કેમ હોય ? શું તેનાં માટે જુદું જ ફળ છે ? નિર્યુક્તિકાર કહે છે કે--કેટલાકોને આહાર, ઉપધિ આદિ માટે-જ્ઞાન-ચારિત્ર-તપ હોય છે. કેટલાકોને પૂજા માટે, વૈક્રિયાદિ લબ્ધિ માટે ચારિત્ર તપાદિ હોય, અરે! અભિમાન માટે પણ જ્ઞાન, ચારિત્રાદિ હોય. આવી રીતે જ્ઞાન, ચારિત્ર કે તપ કરાય તે આત્માની દૃષ્ટિએ સફળ થઈ શકતાં નથી. દુનિયાદારીની દૃષ્ટિએ તે કપટ ગણાય છે. એટલે દર્શન વિનાનું જ્ઞાન, ચારિત્ર કે તપ કરાય તે કપટ રૂપ છે. હવે જે ધાર્મિક દૃષ્ટિએ ક્રિયા આદિ કરે, જ્ઞાન પ્રાપ્ત કરે, ચારિત્ર પાળે કે તપ કરે, તેને તમો કપટરૂપ કહો તો તો હદ વાળી એમજ ગણાયને ? વાત ખરી, પણ એક વાત ધ્યાનમાં રાખો કે શેઠે મુનીમને પાંચ હજારની ચિઠ્ઠી આપી કે અમુક જગોથી લઈ અમુક જગે ભરવા. અહીં મુનીમે લીધા ખરા પણ ભરવામાં સ્થાનાન્તર કર્યું. અહીં મુનીમે લીધા, ચિઠ્ઠી શેઠના હાથની છે, છતાં મુનીમ બેઈમાન થયો. કારણ કે તેણે બીજા સ્થળે ભર્યા. તેમ અહીં પણ આ જ્ઞાનકથન કર્યું કોણે ? ચારિત્ર, તપ આદિ વાત સમજાવી કોણે ? ભગવાન્ જિનેશ્વર મહારાજે જ તે જ્ઞાન, ચારિત્ર કે તપ નિરૂપણ કર્યાં છે, તો કહો કે ચિઠ્ઠી લખનાર તો જિનેશ્વર જ ઠર્યા ને ?

## મોક્ષની હુંડી પુદ્ગલ માટે ન વટાવાય

હવે તેમણે જે દ્વાદશાંગીની રચના કરી. સામાયિકાદિ ચારિત્રો

અને તપમાં યાવત્ નવકારશી જણાવી-તે સર્વ કહેલ છે તે શાને માટે ? કહો કે કેવળ મોક્ષ માટે. અહીં જિનેશ્વરે લખેલી જ્ઞાનાદિની ચિઠ્ઠી મોક્ષ માટે જ હતી. આ રત્નત્રયીનું પ્રગટ કરવું તે પણ મોક્ષ માટે, છતાં તમોએ તે જ્ઞાનાદિની ચિઠ્ઠી વટાવીને પુદ્ગલમાં ભરી. અર્થાત્ પ્રભુએ કહેલાં જ્ઞાન, ચારિત્ર કે તપને આદરીએ છીએ એમ કહીએ છતાં તેનું ફળ શું ધાર્યું ? આહાર, ઋદ્ધિ, સન્માન, અભિમાન આદિમાં તે હુંડીનાં નાણાં નાખ્યાં. અહીં પ્રભુએ તો તે જ્ઞાનાદિની રકમ તો મોક્ષમાં જ ભરવાનું જણાવ્યું હતું. તેની જગે આહાર, ઋદ્ધિ, મહર્દ્ધિ કે પૂજામાં ભરી તેથી વિશ્વાસઘાત થયો ને ?

## પૌદ્ગલિક ફળો એટલે એક જાતનો પ્રપંચ

હવે દુનિયાદારીની અપેક્ષાએ પાદ્ગલિક ફળો થાય તે એક જાતનો પ્રપંચ છે. આવો પ્રપંચ કરીને ધ્યાનમાં રાખજો કે કેટલાક પ્રપંચો શિક્ષાને પાત્ર હોય, કેટલાક મારીને લાયક હોય, પણ અહીં તેનાથી દુર્ગતિરૂપ દંડ નહિ જ થાય. જેમ મુનીમ રકમ બીજા સ્થાને ભરી આવ્યો તેથી રકમ તો શેઠના નામે જ જમે થશે, પણ મુનીમના ઘરે રકમ જમે નહિ થાય, તેમ અહીં જિનેશ્વરે કહેલું જ્ઞાન, પૂજા, ઉપધિ, સન્માનાદિ કે ઋદ્ધિ માટે કરે છતાં તે આવે તો ખાતામાં જ. તેની નિશાની શી ?

## એક કોયડારૂપ અભવ્ય જીવ

'નમો અરિહંતાણં' પદનો **न** અને 'કરેમિભંતે' પદનો **क** એ બોલવાનો અધિકાર કોણ મેળવી શકે ? અંતઃકોટકોટિ સાગરોપમની મિથ્યાત્વની જેણે સ્થિતિ કરી હોય તે જ આહારાદિ માટે પણ તીર્થંકરે ફરમાવેલાં જ્ઞાન, ચારિત્ર કે તપને પામી શકે. અહીં કહેવું પડે છે કે- **અભવ્ય જીવ એક કોયડારૂપ છે.** ચાહે તેટલી વખત કોયડું હાંલ્લામાં રંધાય પણ તે સીઝે નહિ, તેમ આ અભવ્ય અનંતી વખત જૈન શાસનના સંસર્ગમાં આવે, મોહનીયની ૬૯ કોડાકોડીની સ્થિતિ તોડી નાખે, છતાં તેને સમ્યક્ત્વ ન જ થાય, એટલે મોક્ષની માન્યતા

કે ઇચ્છા થાય જ નહિ. હવે જેને જેને જિનેશ્વરે કહેલા મોક્ષની માન્યતા કે ઇચ્છા થઈ તે સર્વ જીવો ભવ્ય જ હોય. અર્થાત્ મોક્ષને માનનારો કે માગનારો કોઇ દિન અભવ્ય હોય જ નહિ. એવાને ભવ્યપણાની છાપ મળે. હવે અહીં માને કંઇ અને પાપ કંઇ જુદાં જ કરે, પછી તે ભવ્ય હોય ક્યાંથી? એમાં આશ્ચર્ય ન પામવું.

## ગોશાળા જેવો પાપી અભવ્ય કેમ નહિ?

ભગવાન **મહાવીર** ખુદ કેવલીપણે હતા, તીર્થંકર હતા, ગોશાળાના અંગે ગુરુ હતા. તે **મહાવીર**ના નામે જ ચરી ખાનારો ગોશાળો છે, છતાં તે જ ગોશાળો પ્રભુ **વીર**ને ઊભા અને ઊભા બાળી નાંખવાની સ્થિતિ વિચારે છે. દુનિયામાં ખૂનીને પણ ફાંસી દેવી હોય તો બાળીને નથી દેવાતી. અહીં કેવલી મહારાજને બાળી નાંખવા તૈયાર થાય, તે પાપ કઈ અધમ સ્થિતિનું ગણવું? હવે જે ગુરુના પ્રતાપે પોતે બહાર આવ્યો છે, બન્યો છે, છતાં તેવાને અંગે આવી નીચ પ્રવૃત્તિ કરે છે તે વિચારો. તેજોલેશ્યાથી સર્વાનુભૂતિ અને સુનક્ષત્ર પ્રથમ બળી ગયા છે, એટલે ગોશાળાને પોતાની તેજોલેશ્યાની ખાતરી છે અને તેથી પ્રયોગ અજમાવે છે. વળી તે તેજોલેશ્યા તત્કાળની છે. જૂની કે કટાઇ ગયેલી નથી. દાસીની વાત તો જૂની પણ કહેવાય. અહીં તેજોલેશ્યાના દાહકપણાની તત્કાળની ખાતરી છે. તે પ્રયોગથી પ્રભુને બાળી નાખવાની વાત છે, છતાં તેને શાસ્ત્રકારો અભવ્ય નથી કહેતા, પણ સમ્યક્ત્વ પામી અર્ધપુદ્ગલપરાવર્ત પછી મોક્ષ જનારો તે બન્યો છે. આવી સ્થિતિના પાપવાળો પણ ભવ્ય થાય, તેમાં આશ્ચર્ય નથી. અહીં મૂળ મુદ્દો એ છે કે–જિનેશ્વર ભગવાનના શાસનમાં કહેલો મોક્ષ માને અને ઇચ્છે તેને માટે ભવ્યપણાનું સર્ટિફિકેટ છે.

## અભવ્યોને મોક્ષની માન્યતા કે ઇચ્છા કદી ન થાય

હવે જે અભવ્યો છે કે જે અનંતી વખત તીર્થંકરના સંજોગોમાં આવે, અંતઃકોટાકોટિ સાગરોપમ સુધી અનંતી વખત તોડે પણ ખરા.

છતાં તેવા જીવોને મોક્ષની માન્યતા કે ઇચ્છા કદાપિ થવાની જ નથી. જેમ કોયડું શરૂથી તે ઠેઠ સુધી રહે, છતાં ન જ સીઝે. તેમ આ અભવ્યનો જીવ અનંતી વખત મોહનીયની ૬૯ કોડાકોડીની સ્થિતિ તોડે, છતાં તેને સમ્યગ્દર્શન ન જ સ્પર્શે.

**સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન કે ચારિત્ર પ્રપંચરૂપ છે.**

હવે 'નમો અરિહંતાણું'નો **ન**કાર અને 'કરેમિભંતેનો **ક** ક્યારે પામે ? તો કહે છે કે ૬૯ કોડાકોડીની મોહનીયની સ્થિતિને તોડે તો જ તે પામી શકે. હવે આહાર, પૂજા, ઋદ્ધિ માટે કરાતાં જ્ઞાનાદિ કે ચારિત્રાદિ સર્વથા નકામાં છે એમ કહેવા માંગતા નથી, પણ જિનેશ્વરે જે જ્ઞાન, ચારિત્ર કે તપનું નિરૂપણ કરેલ છે, તેમાં એ મુદ્દો નથી કે આ જ્ઞાન, ચારિત્રથી તે માંગી ખાય, અગર લોકોમાં વાહવાહ બોલાવે. તેમનો મુદ્દો તો મોક્ષનો જ છે. તે માટે એ કહેલાં છે. હવે તે જ્ઞાન, ચારિત્રનો ઉપયોગ આપણે તો આહાર, ઋદ્ધિ આદિમાં કરેલ છે, અને તેમની મુરાદને બગાડી નાખી છે–વેડફી નાંખી છે. અર્થાત્ જગતના જીવોના ઉદ્ધારને માટે તે તપ, જ્ઞાન કે ચારિત્રનો ઉપયોગ કર્યો નથી, તેથી તે પ્રપંચ ગણાય. એટલે **સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન કે ચારિત્ર તે પ્રપંચરૂપ છે**

**ઢુંઢિયાની જેમ માત્ર શબ્દ પકડવાનો નહિ**

હવે જ્યાં પ્રપંચ હોય ત્યાં સાધુપણાની સ્થિતિ ન ગણી શકાય, તેથી **નિર્યુક્તિકારે** નક્કી કર્યું કે જ્ઞાન ગ્રહણ કરો પણ જોડે સમ્યગ્દર્શનને લો. ચારિત્ર પાળો પણ સાથે સમ્યગ્દર્શનને રાખો. તપ કરો પણ સાથે દર્શનને માનો અને પ્રપંચી ત્રણમાં ન ઠરો. જો દર્શનને જોડે રાખશો તો તે જ્ઞાન, ચારિત્ર કે તપમાં પ્રપંચ નહિ જ રહે. હવે સમ્યગ્દર્શનની આ ગુણસ્તુતિ કે પ્રશંસા કહી પણ તેનું એકલું નામ જ પકડીએ એટલે જ્ઞાન–તપ કરીએ તેમાં સાથે બોલી દઇએ કે તે દર્શન સહિત જ છે તેથી ચાલશે ને ? તો કહે છે કે ના, અહીં સમ્યગ્દર્શન વસ્તુ હોવી જોઇએ પણ તેનો શબ્દ

નહિ. જેમ ઢુંઢિયાઓ શબ્દ પકડે છે તેમ નહિ. જેમ ગુરુ મહારાજ આવે ત્યારે પ્રદક્ષિણા, સત્કારાદિરૂપ જે ક્રિયા કરવાની કહી છે, તેની જગાએ તે લોકોએ બોલવાનું રાખ્યું છે. જ્યાં વસ્તુ ક્રિયારૂપે કરવાની હોય, તેની જગે બોલી દેવું એનો અર્થ શો ? તેમ અહીં દર્શન શબ્દ બોલવા માટે કહેતા નથી, અર્થાત્ દરેક વાતમાં તે શબ્દ બોલવાનો નથી, પણ તેનો મર્મ સમજવાનો છે. **तिक्खुत्तो**ની પાટીની જેમ કરવાનું નથી.

## મૃષાવાદવિરમણ મહાવ્રત રાખવાનું કારણ

આપણામાં 'સમ્યગ્દર્શન વિના બધું નકામું છે,' એમ બોલનાર છે ખરા, પણ તેમણે તે શબ્દના અર્થ કે મર્મ કે ચીજને સમજવી જોઇએ. હવે આજકાલ સાચું માનવું તેનું નામ સમકિત કહે છે, પણ તે બિચારાઓને ખબર નથી કે સાચું શું ? જેમ ગુફામાં રહેનારને સૂરજના અસ્તોદયની ખબર ન હોય, તેમ એવાઓને સાચું શું એની જ ખબર ન હોય. હવે સાચું કહેવું અને તે જ માનવું એ સમ્યગ્દર્શન નહિ. મહાવ્રતની વ્યાખ્યામાં તે ખબર પડશે. મૃષાવાદવિરમણ એ મહાવ્રત રાખ્યું, પણ સત્ય વચન એ રૂપે મહાવ્રત કેમ ન રાખ્યું ? લાંબું રાખીને કામ શું '**मुसावायाओ वेरमणं**' એ પદથી શું ? તો કહે છે કે–અજ્ઞાનીને પણ સાચું બોલવું એ નિયમ ન રહી શકે, તો પછી વળી જ્ઞાનીને તો તે રહી શકે જ કેમ ? જગતના જીવોને અંગે કે કુટુંબીજનો અંગે, જેટલું જાણે તેટલું બોલ્યા કરવું તે જ્ઞાનીને ન જ પાલવે, તેમ સાચું બોલવું તે મહાવ્રત હોય તો મુસ્કેલીમાં આવે અને ન બોલે તો મહાવ્રતમાં ખામી આવે.

## શું સાચું બોલવું તે સમ્યગ્દર્શન ?

અજ્ઞાની તો દોકડો માત્ર સાચું જાણે, તો બોલે પણ જે મનઃપર્યવજ્ઞાની સરખા હોય, તેઓ સર્વ જીવોનાં સર્વ કર્મોને જાણે, છતાં પ્રથમ તે બોલવું અસંભવિત થાય. કેવલજ્ઞાની સમય સમયના દરેકના વૃત્તાન્તો જાણે પણ તે બોલે શી રીતે ? એટલું જ નહિ પણ કોઈનું

નામ લક્ષ્મીપતિ છે પણ અંદરખાને તો દરિદ્રી છે. હવે તેને બોલાવનારને જૂઠો ગણવો ? કહો અહીં જ્ઞાનીની શી દશા થાય ? તે જાણે છે કે એ લક્ષ્મીપતિ નામનો મનુષ્ય અંદરથી દરિદ્રી છે. અહીં સત્ય વસ્તુ શું છે ? વ્યવહાર શી ચીજ છે ? તે સમજે નહિ અને સાચું બોલવું તે સમ્યગ્દર્શન એમ કહ્યા કરે પણ સમજે નહિ, તેથી શાસ્ત્રકારોને એમ રાખવું પડયું કે **બોલવું તો તે જૂઠું ન જ બોલવું**. એટલે વ્યવહારની તમામ ભાષામાં તમોને વાંધો નહિ જ આવે. અહીં વ્યવહાર ભાષા અને સત્ય ભાષા બંને બોલવાની છૂટ છે.

## એક પદાર્થમાં રહેલા અનેક ધર્મો

ગોળને કોઇ મીઠો કહે તો શું તેમાં માત્ર રસ જ છે ? શું રંગાદિ નથી ? કહો કે એકલા સત્ય ઉપર જાઓ તો એક પદાર્થમાં રહેલા અનેક ધર્મો એકી સાથે ન બોલી શકાય, તેના માટે વાંધો આવે. તેમ અહીં સમ્યક્ત્વમાં સાચું માનવું એ લક્ષણ રાખો તો પ્રથમ દુનિયાના પદાર્થો કયા સાચા તે જાણ્યા વિના બને કેમ ? શાસ્ત્રકારો પણ સત્ય પદાર્થોનું શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન નથી રાખતા, પણ તેમણે એ કહ્યું છે કે–જે પદાર્થનું જે સ્વરૂપ હોય તે સ્વરૂપે તે પદાર્થ આપણી માન્યતામાં રહેવો જોઇએ, અને તેમ માનીએ તો જ સમજવું કે સમ્યગ્દર્શન છે. હવે એ ઠીક પણ પદાર્થમાં જ્યાં અમારું સમજવું મુસ્કેલ હતું તેની જગે પદાર્થના સ્વરૂપમાં તમે ગયા એટલે પ્રથમ પદાર્થ પછી તેનું સ્વરૂપ જાણીએ, માનીએ પછી જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિની આશા રાખી શકીએ. વાત ખરી. કોઇ પણ પ્રકારે તારું કહેવું ખોટું નથી કે જગતના તમામ પદાર્થો અને તેના સ્વરૂપને જાણો, માનો ત્યારે જ સમ્યગ્દર્શનની આશા રાખી શકો. આ વાત તમોને અશક્ય લાગે છે ખરી પણ તે કોને ? સર્વજ્ઞ મહારાજના વચનને આધારે નહિ ચાલનારાને જ. પોતાના મગજના વિચારોએ માને કે જાણે તેને તે ન બને પણ

'જિનેશ્વર મહારાજે પદાર્થો જાણી, તેનું સ્વરૂપ નિરૂપણ કરેલ છે, તે મારે માનવા છે' એવા વિચારવાળાને તે મુશ્કેલ નથી.

## તીર્થંકર મહારાજાઓએ જે કહેલું તે જ તત્ત્વ

જેમ હીરો કિંમતી છે. તે દરિદ્રી પાસે છે, છતાં તેનો પડછાયો તો દરિદ્રી લઈ શકે. તેમ આ જીવ અજ્ઞાનીમાં અજ્ઞાની, કમઅક્કલનો હોય તો પણ તે જીવને જિનેશ્વર મહારાજે કેવલજ્ઞાનથી જાણેલા પદાર્થો સ્વરૂપો તેને તત્ત્વ તરીકે માનવાનો નિશ્ચય કરવામાં અડચણ ન જ આવવી જોઈએ. અને તેથી 'જિનેશ્વર મહારાજે કહેલું તત્ત્વ' એ વાત શાસ્ત્રોમાં જગોજગો પર આવે છે. અહીં પદાર્થો અને તેના સ્વરૂપમાં આપણું જાણવાનું જ્ઞાન પહોંચી શકે તેમ નથી, માટે જ કહે છે કે–તીર્થંકર મહારાજાઓએ જે કહેલું તે જ તત્ત્વ.

## કેવળજ્ઞાનવાળા તીર્થંકરોએ કહેલ તે જ તત્ત્વ

અહીં તીર્થંકર તો નામથી, સ્થાપનાથી, દ્રવ્યથી પણ હોય તે સર્વનું કહેલું તત્ત્વ કહેવું? નરકમાં રહેલ શ્રેણિક કે અહીં રહેલા શ્રેણિક જે બોલે તે સર્વ તત્ત્વ ગણવું? તો કહે છે કે ના. પ્રથમ અમે કહીએ છીએ કે વ્યાપક એવા જે તીર્થંકરો હોય, અર્થાત્ તે કેવલજ્ઞાનવાળા જે તીર્થંકરો હોય તેઓ જે કહે તે તત્ત્વ. હવે તે જ્ઞાન તેમની સાથે જ જોડાયેલું છે કે બીજાને પણ ખરું? તો કહે છે કે તેમને પણ જ્ઞાનાવરણીયાદિ કર્મ લાગેલું જ હતું, તે તેમણે દૂર કર્યું છે અને કેવલજ્ઞાન પ્રગટ કર્યું છે અને તેથી જે કાંઇ તેમને કહેલ છે તે જ તત્ત્વ છે. તુંબડીમાં કાંકરા નાખો કે બીજી ચીજ નાંખો, તે બધાનો અવાજ સરખો લાગે. તેમ અહીં ભગવાને, કેવલજ્ઞાનીએ કહેલું તે જ માનવું, એમજ પ્રરૂપ્યા કરવું કે બોલવું. એ સમજવું શી રીતે? કોઈ પ્રશ્ન કરે કે–જીવ શું? અજીવ શું? તો કેવલજ્ઞાનીએ કહેલ છે તે, એમ બોલવાનું કહેતા નથી, પણ તે તો રસ્તો છે. પણ તેમણે જે કહેલ છે તે પણ સાથે જણાવીએ છીએ. સૂત્રની વ્યાખ્યામાં જે સૂત્રા-

નુગમ છે તે સૂત્રદ્વારાએ કયું તત્ત્વ ભગવાને કહ્યું, તે હવે જણાવતાં પ્રથમ આત્માના સ્વરૂપ માટે જે રત્નત્રયી જણાવી છે તેનો અધિકાર અગ્રે જણાવશે.

---

# વ્યાખ્યાન: ૩૨

## જીવ સિવાય કોઇ પદાર્થ ઉત્પન્ન રૂપ નથી

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ** સૂત્રના **સમ્યક્ત્વ** નામના ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા કે ભગવાન્ **સુધર્માસ્વામી** ભગવાન્ તીર્થંકર મહારાજથી ત્રણ વસ્તુ પામ્યા. હવે નાટકિયો કયું રૂપ ન લે? બહુરૂપી જેમ ઘણાં રૂપોને કરે, પણ અંતે મનુષ્ય તે મનુષ્ય જ. તેવી રીતે જગતમાં કાચમાં પડેલા પ્રતિબિંબથી કાચમાં કંઇ પણ અસર ન થાય, ફરક ન જ પડે. હવે જેમ કાચમાં પડેલા પ્રતિબિંબને લીધે ફરક ન પડે, તેમ જગતમાં ચાહે તેવા પદાર્થની ચાહે તેવી અવસ્થા થાય, જીવના અંગે ચાહે તેવી ગતિ થાય, અજીવના અંગે ઠીંકરું માટી આદિ થાય પણ તેમાં કંઇ ફેર નથી. હવે ઉત્પત્તિ તે બનાવટી ચીજ કહો કે દ્રવ્યને અંગે છે. હવે જગતમાં જીવોનું ગતિરૂપે ઉત્પન્ન થવું, અજીવનું ઘટાદિ રૂપે ઉત્પન્ન થવું, તે જીવ, અજીવને અંગે લાગુ થયેલ છે. જીવ સિવાય કોઇ પદાર્થ ઉત્પન્ન રૂપ નથી. જીવે કરેલાં કર્મને લીધે જ ઉત્પન્ન થવાય છે. કાચમાં ચાહે તે પ્રતિબિંબ પડે તેથી તે ખુશ કે નાખુશ થવાનો નથી. કાચ માન, અપમાન પામવાનો નથી. પછી પ્રતિબિંબ રાજાનું કે ગધેડાનું હોય તેની સાથે એને નિસ્બત નથી. હવે કાચ છાયાને ઝડપે છે. કાચમાં રાજાની છબી હોય તો હજારો રૂપિયા અને ગધેડાની છબીવાળા કાચની કિંમત તે વેચવા માગે પણ કશી ન ઉપજે.

### ઉત્પન્ન થનારો પદાર્થ આરોપિત કે કલ્પિત નથી

અહીં જીવને અંગે નારકીપણા કે તિર્યંચપણાને અંગે અધમતા અને દેવ–મનુષ્યના અંગે ઉત્તમતા રહેલી છે. તેથી ઉત્પન્ન થવાના અંગે સંબંધ રહેલો છે. માટે ગણધર મહારાજને કહે છે કે ઉત્પત્તિ જે પદાર્થની થાય તે નાટકિયાની જેમ કલ્પિત કે આરોપિત નથી, પણ વસ્તુ–સ્થિતિ રૂપ છે. માટે આથી જે નિત્યવાદ માનનાર હતા, તેમનો ધ્વંસ થયો. બ્રહ્મલોકમાં કંઈ પણ ઉત્પન્ન થવાનું નહિ, એવો તેમના મગજનો વાયરો દૂર કરવા માટે ભગવાને ગણધરોને જણાવ્યું કે જગતમાં જે ઉત્પન્ન થનારો પદાર્થ છે તે આરોપિત કે કલ્પિત નથી. હવે કેટલાકો એમ માનનારા છે કે જે જન્મે તે નાશને જોડે લઇને જ જન્મે–મનુષ્ય જન્મે તે અમુક વર્ષ પછી મરણ પામે. જન્મ સાથે મરણ જોડેલ છે. ઘટની ઉત્પત્તિ સાથે તેનો નાશ પણ અમુક મુદ્દત પછી હોય જ. હવે પાણીમાં થયેલો પરપોટો પ્રત્યક્ષ વિષયભૂત છે. તે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. હવે જે વસ્તુ પ્રત્યક્ષ હોય તેને અંગે ડાહ્યા માણસથી ના ન જ કહી શકાય. તેનાથી કેમ ઘટે એવો પ્રશ્ન ન જ કરી શકાય.

### શું નાશ એટલે અભાવ ?

અગ્નિ ઠારતો નથી, તે પાણીને કેમ ઠારશે? વળી જે પાણી બાળતું નથી તે અગ્નિ કેમ કરશે ? આવી શંકાના જેવું એ ગણાય. દુનિયામાં પદાર્થોની શંકા થાય, એ બને પણ ‘હું છું’ એની શંકા કોઇને થતી નથી. કારણ પ્રત્યક્ષ તેમજ અનુભવની વસ્તુ છે, માટે એમાં શંકાને સ્થાન નથી. હવે પરપોટાની ઉત્પત્તિ પ્રત્યક્ષ દેખ્યા પછી માનવી પડે, પણ નાશ એવી કોઇ ચીજ નથી. નાશ એટલે અભાવ. દીવો ઉત્પન્ન કરવા માટે કોડિયું, દીવેલ, વાટ, સળી આદિ જોઇએ, અને તેના થવા માટે તો ઘસીએ એટલે થાય. પણ નાશ કોઈ એવી ચીજ નથી. જો પરપોટો નાશ પામ્યો તો તેને કટકા નથી, અજવાળું નાશ પામ્યું તો તેના કંઇ કટકા નથી.

આવી રીતે અવયવના નાશમાં જઈએ તો નાશ એવી ચીજ નથી.

## નાશ એ પણ પદાર્થ

આવી માન્યતાવાળા માટે ગણધરોને જણાવવું પડયું કે નાશ એ પણ પદાર્થ છે. કેવી રીતે? પરપોટો નાશ પામ્યો એટલે પ્રથમ પરપોટો પોલા આકારે હતો તે ગયો અને પાણી તો છે જ. ઉત્પત્તિએ જેમ દ્રવ્યની અવસ્થા છે, તેમ નાશ પણ દ્રવ્યની અવસ્થા છે. હવે ઉત્પત્તિ પણ પ્રથમ પર્યાયના નાશ વિના બને નહિ. આંગળીમાં વાંકાપણું તે સીધાપણાના નાશ પછી જ છે. હવે નાશ જો કલ્પિત પદાર્થ હોત તો ઉત્પત્તિ બને જ નહિ. ઉત્પત્તિ એ આકારરૂપ છે અને તે આકારનો નાશ તે પણ પદાર્થનું સ્વરૂપ છે. હવે ઘડાને બનાવવામાં દંડ એ કારણ છે, તેમ નાશને માટે પણ કારણ છે તેથી તે પણ વસ્તુ છે. હવે સર્વમાં આગળ જઈએ તો **સમગ્ર કર્મનો નાશ એનું નામ જ મોક્ષ.**

## સંવર, નિર્જરા, મોક્ષ એટલે શું?

હવે સંવર, નિર્જરા એ ચીજ કઈ? અહીં મોક્ષમાં સર્વ કર્મનો નાશ, નિર્જરામાં અલ્પપણે કર્મનો નાશ અને સંવરમાં આવતા કર્મનું રોકાવું. આ સર્વમાં નાશ નામનું તત્ત્વ છે અને તેથી જ મોક્ષાદિ છે. હવે જગતમાં એક પણ પદાર્થ એવો નથી કે જે ઉત્પન્ન થતો ન હોય. તેવી જ રીતે એક પણ પદાર્થ એવો નથી કે જેનો નાશ ન હોય. કાળ, આત્મા, આકાશાદિ જો કે નિત્યપણે ગણાતા આ પદાર્થો છે, છતાં તે ઉત્પન્ન અને નાશરૂપ જ છે. વર્ણ, ગંધ, રસ, રૂપપણે, ગુણો અને પર્યાયોરૂપે પદાર્થો બધા પલટાય છે. જેમ આકાશ આ આંગળીને અવગાહના દઈ રહેલ છે, તે જાય એટલે તેનો નાશ થયો. અહીં આંગળી ઊભી કરી તેથી તે આંગળીના અવગાહના રૂપે પરિણમ્યું. અહીં જે અવગાહ દેવાનો સ્વભાવ હતો તે તો રહ્યો, ઘટાકાશ કે મઠાકાશ કહેવાનો અવકાશ નથી. અહીં

ઉત્પત્તિ અને નાશ દરેક પદાર્થમાં રહેલ છે. ‘આંધળો વણે અને વાછરડું ચરે’ તેના જેવો ઘાટ છે. કારણ કે અહીં ઉત્પન્ન અને નાશ થાય. જેમ દોરડું વધે નહિ અને પદાર્થ રહે જ નહિ, તેમ અહીં જગતમાં એક પણ પદાર્થ રહે નહિ, એટલે ઉત્પત્તિ અને નાશ બે જ પદાર્થો કહું છું તેમ નથી. પણ દરેક પદાર્થ જીવ, અજીવ આદિ કોઈ પણ વસ્તુ પોતે પોતપોતાના સ્વરૂપે સ્થિર જ છે.

## ત્રણ પદ પરથી બાર અંગની રચના

આ ત્રણ વસ્તુઓ જ્યારે ધ્યાનમાં આવી, ત્યારે ગણધર મહારાજાઓ કે જેઓનું સ્થાન ઉત્તમોત્તમ બુદ્ધિનું છે, એવી ઉત્તમ બુદ્ધિવાળા ગણધર મહારાજાઓનું ચૌદ પૂર્વોમાં અનંતગુણવૃદ્ધિ તરીકે સ્થાન છે, આવી બુદ્ધિવાળા ગણધરોએ દરેક પદાર્થને અંગે ઉત્પત્તિ, ધ્રુવ અને નાશ એમ ઉતાર્યાં. આ ત્રણ પદથી જ ખરેખર બાર અંગની રચના કરી છે. હવે તે આશ્ચર્ય નહિ લાગે. જગતના દરેક પદાર્થને અંગે આ ત્રણ વસ્તુ વિચારાય, તો બાર અંગમાં કંઈ નવીન વિશેષતા રહેતી નથી. હવે ભગવાન્ જિનેશ્વર મહારાજથી ત્રિપદી પામીને જગતના દરેક પદાર્થના અંગે અંતર્મુહૂર્તમાં ગણધરો બાર અંગોની રચના કરે. હવે એક સવાલ થશે કે તીર્થંકર ત્રણ પદ કહે અને તેના ઉપર ગણધરો બાર અંગ રચે, તેના કરતાં તીર્થંકરો સીધા બોલી નાખે તો શું મુખ દુઃખે છે? તીર્થંકર મહારાજા અનંતજ્ઞાની અને અનંત વીર્યવાળા છે ને? વાત ખરી, પણ એક વાત ધ્યાનમાં રાખવાની કે પ્રભુની ત્રિપદી માત્ર નીકળે ત્યાં ગણધરો દ્વાદશાંગીને ધારે જ છે. ‘**उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा**’ આ ત્રણ પદ નીકળતાં તેની વ્યાપકતા થતાં ગણધર મહારાજાઓને ક્ષયોપશમ થાય અને તેઓ રચના કરે.

## સંબંધીના મરણ પછી તેનું શું થશે?

હવે તીર્થંકર નામકર્મ અને ગણધરપદ પણ શાથી બંધાય? જેઓ ભવાંતરથી એ માન્યતાવાળા હોય કે આખા જગતને હું મોક્ષ-

માર્ગે દોરું, શા માટે કોઇ મોક્ષમાર્ગથી વંચિત રહે, નિર્ગ્રંથ પ્રવચનમાં કેમ ન જોડાય આવી ભાવનાવાળાઓ તીર્થંકર નામકર્મ ઉપાર્જે. હવે જેઓની એવી તાકાત ન હોય તેઓ વિચારે કે મારા કુટુંબમાં કે સંબંધમાં જે હોય તે તો આવા ધર્મથી વંચિત ન જ રહે, શાસનમાં જોડાયા વિનાનો ન જ હોય. હવે સંસારમાં કુટુંબીના અંગે આપણા મરણ પછી શું થશે તે વિચારીએ, પણ તેના મરણ પછી તેનું શું થશે એ વિચાર આવતો નથી. આ ભવ પછી આગળના ભવે શું બનશે? પ્રથમ ભવમાં બાંધેલાં પુણ્યોને ભોગવવા માટે અહીં આવેલા છે. ક્યારામાં વાવેલું તેના છોડવા રૂપ આ ભોગ ભોગવીએ છીએ. કાર્તિકે ખેતરો ખાલી હોય. નવી ફસલ(મોસમ) માટે કંઇ ખરું? તેમ અહીં આ જીવે પુણ્ય કરેલ તેથી આવ્યો, હળુકર્મી છે તેથી તે મારા સંબંધમાં આવ્યો. માટે તેનો આવતો ભવ સુધરે તેવું કંઇ કરવું પડે.

## અભયકુમારની આર્દ્રકુમારને ભેટ [  ]

**અભયકુમાર**ના અંગેનો વિચાર જોશો તો ખબર પડશે કે અનાર્ય દેશમાં રહેલા **આર્દ્ર**કુમારના બાપનો દૂત **શ્રેણિક** મહારાજ પાસે જાય છે. અહીં **આર્દ્ર**કુમાર પૂછે છે કે 'દૂત તું ક્યાં જાય છે?' અહીં શ્રેણિક અને મારા પિતાને જબરજસ્ત સંબંધ હોવો જોઇએ. તેથી આ ભેટણું લઇને જાય છે, પરંતુ કેળ એ એવી ચીજ છે કે એક વખત ફળ આપે પછી નકામી, પણ આમ્ર વગેરે દર વર્ષે ફળ આપે. અહીં મારો વંશ તે કેળ તરીકે કે આમ્ર તરીકે? અહીં અમારો અને શ્રેણિકનો સંબંધ આગળ વધે તેવું કંઇ કરવું જોઇએ, એટલે આમ્રવૃક્ષ જેવી સ્થિતિમાં થવું જોઇએ, અહીં દૂતને પૂછે છે કે 'તું શ્રેણિક પાસે ગયો છે ખરો?' 'હા, ત્રણી વખત. ત્યાંના માણસો પણ અહીં આવે છે.' 'તેને કોઇ પુત્રાદિ છે?' 'હા, છે તો ખરા. ચાર બુદ્ધિનો નિધાન **અભયકુમાર** નામનો પુત્ર છે.' અહીં **આર્દ્ર**કુમારે શ્રેષ્ઠ ચીજો દૂતને આપીને **અભયકુમાર**ને મોકલી. પોતાના

નામથી મોકલી. ચીજો અભયકુમાર પાસે આવી. હવે દુનિયામાં ચાંલ્લો આવે તેને પ્રસંગ આવે દેવો પડે. તેમ અહીં દૂતે ભેટણું અભયકુમારને આપ્યું, પણ સામે મોકલવું શું ? ખાઇને બેસાય નહિ અને ભેટણું પણ દેવું. અભય વિચારે છે કે હવે ભેટણું તેવું દઉં કે તેનો ઉદ્ધાર થાય. આપણે રૂપિયા દીધા અને રૂપિયા લીધા એની જેમ નહિ. અહીં ભેટણું, પરિગ્રહ સંજ્ઞા તે પાપને વધારનારી ચીજ છે. કલ્યાણ તે નિર્મમત્વ કરનારી ચીજ છે. હવે અહીં **ઋષભદેવજી** મહારાજની રત્નોની પ્રતિમા ભરાવીને મોકલાવી. અહીં રત્નો મોકલ્યાં પણ તે પ્રતિમા રૂપે બનાવી પ્રતિષ્ઠિત કરી મોકલી ને સાથે અભયે સંદેશો પણ કહેવડાવ્યો. કારણ ત્યાં અનાર્ય દેશ છે, એટલે મૂર્ત્તિની ખબર ન પડે. અભયકુમારને નિશ્ચય થયો કે પૂર્વભવમાં આરાધના કરતાં, વિરાધના થતાં એ અનાર્ય દેશમાં અનાર્યપણે ઉપજ્યો છે, છતાં મારી સાથેનો સંબંધ અને મૈત્રીભાવના એ બતાવે છે કે જરૂર પૂર્વભવનો સંબંધ હશે.

## પૂર્વભવના સંસ્કારોનું ખેંચાણ

જગતમાં દેખીએ છીએ કે જ્ઞાતિમાં હજારો કન્યાઓ અને હજારો છોકરાઓ છતાં અમુક કન્યા માટે અમુક જ છોકરો પસંદ પડે. તેનું કારણ શું ? કહો કે પૂર્વભવના સંસ્કારો જ ખેંચે છે. અહીં મારી સાથે જે સંબંધ કરવા માગે છે, તે જરૂર સંબંધવાળો અને સારો જીવ હશે. આવો વિચાર અભયકુમાર કરે છે. અહીં ખરેખર ધર્મ પમાડવાવાળો જીવ આવો વિચાર કરે છે. આવો ભરોસો રાખીને કહે છે કે મારી સાથે સંબંધ બાંધનારો જીવ નજીકમાં મોક્ષે જનારો હોવો જોઈએ. તેવા કારણના યોગે ત્યાં અનાર્યમાં ઉપજ્યો છે. હવે કારણ મળે તો અવશ્ય છૂટી આર્યમાં આવી; આગળ વધી, નજીકમાં જ મોક્ષે જાય. અહીં આરંભ સમારંભમાં રાચેલા આ અભયકુમાર છે, દીક્ષિત નથી, છતાં આવી ઉચ્ચ ભાવના કરે છે. હવે દૂતને રત્નની ભરાવેલી

મૂર્તિ આપી, તે ત્યાં ગઈ. ત્યાં જુદા જુદા સ્થાને મૂકતાં દેવની મૂર્તિનો ખ્યાલ આવતાં, પૂર્વભવનું જાતિસ્મરણ ઉપજ્યું અને વિરાધનાના પ્રતાપે અહીં ઉપજવાનો ખ્યાલ આવ્યો.

## ગણધર નામકર્મ ક્યારે બંધાય?

હવે 'એક વખત ખત્તા ખાધેલો જીવ ફરી વખત ભૂલ કરે તો કૂતરાના કરતાં પણ ભૂંડો છે.' અહીં પાંચસો સુભટો તથા રાજાને પણ ઠગીને આર્દ્રકુમાર ત્યાંથી નીકળી ગયા. અહીં અભયકુમારને એ ખ્યાલ હતો કે મારી સાથે જે જોડાય તે જરૂર મોક્ષમાર્ગે આવનારો જ હોય. તેમ અહીં ગણધર નામકર્મ તે બાંધે કે જે કુટુંબીજનોને ધર્મ-માર્ગમાં જોડે. અહીં પ્રભુજી ત્રિપદી કહે તે ગણધર મહારાજના આ-ત્મામાં ઓતપ્રોત બને અને તેથી દ્વાદશાંગી રચે. અહીં અર્થથકી તીર્થંકરો કહે, સૂત્રથકી ગણધરો રચે. એવી રીતે **સુધર્માસ્વામીજી** જિનેશ્વર પાસેથી ત્રિપદી પામીને દ્વાદશાંગીની રચના કરતા પ્રથમ ઉત્પાદ નામના પદાર્થને અંગે જણાવતાં કહે છે કે-આ જગતનાં જીવો જાણતા નથી કે મારો આત્મા ઉત્પન્ન થનારો છે.

## ઉત્પત્તિ તે સહેતુક કે નિર્હેતુક?

અહીં આ એક જ ઉત્પત્તિ તે સહેતુક છે કે નિર્હેતુક? કારણ વિના કાર્ય થતું જ નથી. હવે જો એમ ન બને તો મિશ્રસા આદિ શી રીતે બને? મનુષ્યાદિ પ્રયોજન કારણોથી જન્ય-ઉત્પન્ન થનાર ન હોય તો મિશ્રસા કેમ? હવે અહીં ઉત્પત્તિ કારણવાળી કે કારણ વિનાની? તો કહે છે કે કારણવાળી છે. તેથી મન, ઇંદ્રિય આદિની ગુલામી જ ભવમાં રખડવાનું કારણ છે, આથી તે બીજા અધ્યયનમાં જણાવી ગયા.

## ઉત્પત્તિના કારણો શી રીતે રોકાય?

હવે તે કારણો રોકાય શી રીતે? અનુકૂળ વિષયો હોય તો તેમાં લલચાવું નહિ, પ્રતિકૂળમાં નાખુશ ન થવું. એટલે રતિ અને

અરતિ નામના બે વિષયોને જો આત્મા ખસેડે તો ઇંદ્રિયો અને મનની તાકાત નથી કે તે તમને ચલાયમાન કરે. હવે ભવમાં રખડતા અટકાવવા માટે જે પદાર્થો બતાવ્યા, તેની સાથે આત્માના ગુણો સમ્યક્ત્વ નામના ચોથા અધ્યયનમાં કહ્યા.

## આત્માની સાથે રહેવાવાળા ત્રણ ગુણો

હવે પર્યાયો ક્ષણિક હોય પણ ગુણો ક્ષણિક હોય એવો નિયમ નથી. જે ક્ષણિક પણ નહિ, સર્વથા ધ્રુવ પણ નહિ એવો પદાર્થ તે ગુણ, ગંધ, રસ કે સ્પર્શ વિનાનો ન હોય, એટલે કે તેના ગુણો અને પર્યાયો છે. આત્મા દ્રવ્ય અને પર્યાયરૂપે જુદો રહેલો છે. હવે તે પદાર્થ કયો ? તો કહે છે કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આ ત્રણ ક્ષણિક નથી, તેમ સર્વ કાળ માટે સરખાં રહેવાવાળાં પણ નથી. ત્યારે હવે આ આત્માની સાથે રહેવાવાળા આ ત્રણ ગુણો જણાવતાં કહે છે કે સમ્યગ્દર્શન એ મહાવિષય રૂપ છે. પોતે સુંદર છે અને બીજાને પણ સુંદર બનાવે.

## સમ્યગ્દર્શન કહેવું કોને ?

હવે તે સમ્યગ્દર્શન કહેવું કોને ? ગણધર મહારાજ કહે છે કે તે જ હું બોલું છું. અહીં તે જ હું, કેમ ? તો કહે છે કે– તીર્થંકર મહારાજાના ઉત્પત્તિ, વિગમ અને ધ્રુવ એ ત્રણ પદાર્થોને સાંભળીને, જગતનું વ્યાપકપણું જાણીને, જે હું **સુધર્મ** બોલું છું, તે મારી શુદ્ધ મતિપૂર્વક જ બોલું છું. જગતમાં દસ્તાવેજ લખાવતાં અક્કલ હોશિયારી પાછળથી લખાવાય છે, તેમ અહીં ગણધરો પ્રથમથી જ કહે છે.

## પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ

હવે જે પુરુષના વિશ્વાસે વચનમાં આવેલા છે, તેમને જણાવતાં કહે છે કે–જો તીર્થંકર મહારાજાનું કહેલું અને ગણધર નામકર્મ ધારણ કરીને બોલનારો માનો તો પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ થાય. તે શ્રદ્ધાનુસારી મનુષ્યોને માટે કહે છે કે મને તમે માનતા

હો તો હું તીર્થંકર મહારાજનો આદેશ તમને કહું. જગતમાં ઢંઢેરો પીટવાવાળા બોલે છે કે આ ઢંઢેરો બાદશાહી છે. તેઓ એમ આગળથી જ બોલે છે. પાછળથી કોઈ બોલતા નથી. આવી રીતે પાદશાહે કે શહેનશાહે મોકલી આપેલો ઢંઢેરો કહી સંભળાવું છું. જ્યાં ઓર્ડર-હુકમને અંગે કહેવાનું હોય તે પ્રથમથી જ હોય.-કોઈ પણ પ્રથમ જ ફરમાવે; પાછળથી નહિ.

### પ્રથમ ભરોસાના સ્થાનનું કથન

તેમ અહીં પણ પ્રથમ ભરોસાનું સ્થાન શ્રદ્ધાનુસારીઓને જણાવવું પડે છે કે હું તે ગણધર કહું છું. અહીં **'से'** પદ કેમ ? તો કહે છે કે હું જે કહું છું તે મારી મતિકલ્પનાએ નહિ, પણ તીર્થંકર મહારાજ પાસેથી જે જાણવા મળ્યું તે કહું છું: અહીં હું કહું છું એવો અધિકાર તીર્થંકર સિવાય બીજાને ન હોય. તીર્થંકર મહારાજના વચનથી બોધ પામી દ્વાદશાંગીની રચના કરી અને તીર્થંકરોએ જેના ઉપર છાપ મારી, તે જ હું કહું છું. અહીં તીર્થંકર મહારાજના વચને કે ભરોસે જગતને કહે છે. શું કહે છે ? જગતને તારવાનો ઉપદેશ. અહીં પ્રથમ જે ત્રણ આદેશો બતાવ્યા. તે આત્માની આપત્તિ ટાળવા માટે અને હવે જે આદેશ કહેશે તે સાંસારિક આપત્તિ જે મિથ્યાત્વના જોરે થઇ હોય તેને ટાળવા માટે, ઓર્ડર જણાવે છે. હવે સંસર્ગથી થયેલી આપત્તિને ટાળવા માટે કેવો ઓર્ડર તે અગ્રે જણાવાશે.

---

## વ્યાખ્યાન : ૩૩

**से बेमि-जे अईया जे य पडुपन्ना जे य आगमिस्सा अरहंता भगवंतो ते सव्वे एवमाइक्खंति एवं भासंति एवं पण्णविंति एवं परूविंति । ( आचा० टी० पृ० १७८ )**

### તું પોતાને જોનારો બન

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન **શીલાંકાચાર્યજી** ભવ્ય જીવોના

ઉપકારને માટે **આચારાંગ** સૂત્રના ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા—બાર અંગની વાચના જંબૂસ્વામીજી આગળ આપતાં થકા પ્રથમ **આચારાંગાદિના** ત્રણ અધ્યયનમાં શું જણાવ્યું ? તો કહે છે કે પ્રથમ અધ્યયનમાં તીર્થંકરો પરોપકારને માટે જે દેશના આપે છે, તેમાં કહે છે કે તું તને ઓળખ. જીવ ઇંદ્રિયોના વિષયોને તો માનતો જ આવ્યો છે, એટલે સ્પર્શ, રસ, ગંધાદિને જાણવામાં તો અનંતો કાળ થયો, પણ હવે તું પોતાને જોનારો બન. તે જોનારો તું થયો નથી. હવે પોતાને જોવું શું ? પોતાને જોવાથી કંઇ વધવાનો કે ઘટવાનો નથી જ. હવે આત્માના જે અસંખ્ય પ્રદેશો છે તે જોવાથી અનંતા થવાના નથી, તેમ ન જોવાથી તે અસંખ્યાતા પ્રદેશો કંઇ સંખ્યાતા થવાના, નથી, એટલે જાણવાથી ફાયદો અને ન જાણવાથી નુકશાન હોય, તેવું જાણ્યું પણ કામ લાગે, પણ અહીં આત્માને અનાદિકાળથી નથી જાણ્યો, એ પણ તમો કહો છો, તે સાથે તે આત્માના પ્રદેશો અસંખ્યાતા છે તે રહેવાના છે, તેમાં વધઘટ જાણવા કે નહિ જાણવાથી થવાની નથી ? વાત ખરી, પણ જગતમાં આપણે દુઃખોથી દૂર જઇએ, તે દુઃખો કંઇ મારી નાખનારાં હોતાં નથી. તેનાથી દૂર કેમ ખસાય ? સુખો કંઇ સવાયાં કરતાં નથી, છતાં દુ:ખ આત્માની હેરાનગતિ કરે છે, તેથી દૂર ભગાય છે અને સુખો સવાયાં કરતાં નથી, પણ તે આત્માને હેરાન કરતાં નથી, છતાં તે આત્માને પ્રાણપ્રિય છે.

## ક્ષણિક સુખ ખાતર હજારો જીવોનો સંહાર

હવે નિયમ એ થયો કે સુખનાં કારણોમાં પ્રવૃત્તિ કરવી અને દુઃખનાં કારણોથી હમેશાં દૂર રહેવું. હવે જગતમાં જીવને માનનારા પ્રાણીઓ નથી પણ પોતાને માનનારા છે. હવે ચોકસીને ત્યાં કોઇ શુદ્ધ સોનું લઇને જાય. તેનો ભાવ પૈસે તોલો કહ્યો. હવે ચોકસીના ઘરમાં રહેલા સોનાનો ભાવ તોલાનો રૂપિયા ૨૪ હોય, તો અહીં ચોકસીપણું શી રીતે ગણવું ? આ તો સફેદ લૂંટારાપણું ગણાય.

પારકા સોનાની કિંમત ઓછી અને પોતાના માલની કિંમત ઘણી બતાવવી તે વાજબી ન ગણાય. ચોકસીની દુકાને તો પાવલી કે બે આનાનો ફરક હોય. હવે અહીં પૃથ્વી, અપ્, અગ્નિ આદિ પાંચે ભૂતોને જીવ માનીએ ખરા પણ પોતાના ક્ષણિક સુખની ખાતર હજારો કે લાખો જીવોનો નાશ કે સંહાર થાય, તેની આપણને કંઈ કિંમત કે અરેરાટી પણ થતી નથી. જેમ તરસ લાગી તે ક્ષણિક દુ:ખ છે. હવે કાચું પાણી પીતાં અસંખ્યાતા અપ્કાયના જીવોની વિરાધના થઇ. તે જીવોના જીવનનો નાશ થયો. અહીં ક્ષણિક સુખ માટે આટલી મોટી વિરાધના. હવે અહીં અપ્કાયને જીવ માનો અને તેની વિરાધના કરો એ કેમ પાલવે ? માટે કહે છે કે પોતાના આત્માને જે રીતે ગણે છે તે રીતે જગતના જીવોના આત્માને માન અને તે પ્રમાણે વર્તી બતાવ.

## અનાદિની રખડપટ્ટી મટાડવાનો ઉપાય

પોતાના જીવને બચાવવા, સુખી કરવા, દુ:ખ દૂર કરવા માટે જેવો પ્રયત્ન કરે છે, તેવા જ પ્રયત્ન પર જીવો માટે કરાય છે ખરો ? હવે આવી સ્થિતિ થયા વિના આત્માને ઓળખવાનું કહેવું તે શબ્દ માત્ર છે. ચપ્પુ કે લોઢું કાપવા માટે સોનાનો ડાબડો ન હોય. હવે દુ:ખ હમેશાં દૂર કરવા લાયક ગણાય છે અને સુખ હમેશાં પ્રાપ્ત કરવા વિચારાય છે. સુખ કે દુ:ખ આત્માના પ્રદેશો વધારવા કે ઘટાડવાનું કામ કરતા નથી. અહીં આત્માના પ્રદેશો અસંખ્યાતા છે તે અનંતા કે સંખ્યાતા બને તેમ નથી, છતાં સંસારમાં થતી રખડપટ્ટીનું દુ:ખ દૂર કરવા માટે જિનેશ્વર જણાવે છે કે–તારો આત્મા ભવોભવ રખડવાવાળો હોઇ, ઉત્પન્ન થવાવાળો છે અને તે મન કે ઇંદ્રિયના વિકારોને લીધે છે. હવે તે ઇંદ્રિયો અને મન આત્માને વશ કેમ થાય ? તો કહે છે કે તે માટે રસ્તો છે. સારું લાગે ત્યાં રાજી ન થાય, ખરાબમાં બેરાજી ન થાય તો ઇંદ્રિય અને મન તારા કબજે આવશે, અને તારી રખડપટ્ટી મટી જશે.

## સ્વયં સુંદર અને બીજાને પણ સુંદર બનાવનાર સમ્યગ્દર્શન

આવી રીતે દુઃખનાં કારણો જણાવ્યાં અને સુખના કારણમાં આત્મામાં રહેલી ત્રણ ચીજો જણાવી. કઇ? સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર. એ ત્રણ ચીજ છે તે સંપૂર્ણ સુખ દેવાવાળી છે. હવે એક ચીજ સ્વયં સુંદર છે. જે પોતે સુંદર છે અને બીજાને પણ સુંદર કરે તે સમ્યગ્દર્શન. હવે જ્ઞાન અને ચારિત્ર સ્વયં સુંદર નહિ પણ દર્શનથી સુંદર બને. એ સુંદર કરનાર ચીજ નથી પણ સુંદર થનારી ચીજ છે. ઘઉંનો લોટ ગોળ ભળવાથી મીઠો બને ખરો પણ એમાં સ્વતંત્ર મીઠાશ નહિ. ગોળના પાણીમાં કાંકરી ભીંજાવીને કાઢી લો તો તે કાંકરીમાં મીઠાશ ન જ આવે. હવે ઘઉં એવી ચીજ છે કે તે મીઠો થાય ખરો. ગોળ પોતે મીઠો છે અને બીજાને મીઠો બનાવે, તેવી જ રીતે દર્શન પણ પોતે સુંદર છે અને બીજાને પણ સુંદર બનાવે. આ કારણથી શાસનમાં એને સમકિત નામથી બોલાવાય છે. સમકિત શબ્દથી કોઇ સમ્યગ્જ્ઞાન કે ચારિત્રને બોલાવાતાં નથી, પણ સમ્યગ્દર્શનને જ બોલાવાય છે. તેથી આ ચોથા અધ્યયનમાં સમ્યગ્દર્શનનો અધિકાર લીધો. અને તેમાં જિનેશ્વરે શું જણાવ્યું તે હું કહું છું.

## સુધર્માસ્વામી પ્રભુ વીરના આડતિયા કે જૈનશાસનના?

અહીં તે કોણ? શું કહો છો? તો કહે છે કે શાસ્ત્રકારે દરેક સૂત્રની આદિમાં **'सुयं मे आउसंतेणं भगवया'** દરેક સૂત્રની આદિમાં આવખુંએ લેવાય. આયુમાન ભગવંતે જે કહ્યુ તે મેં સાંભળ્યું અને તેથી **'से बेमि'** તે હું કહું છું અને તેથી ટીકાકારો **इति-ब्रवीमि** એમ લખે છે. હવે અહીં તીર્થંકરોની બુદ્ધિને અનુસરી, તેમના ઉપદેશના અનુસારે કહું છું. પણ સ્વયં બુદ્ધિથી હું કહેતો નથી. દરેક પદમાં તે આયુષ્માન ભગવંતે જે કહેલ તે મેં સાંભળેલ છે ને તે જ હું કહું છું. આમ અર્થ સુસંગત લાગે છે; વ્યાજબી છે. હવે જે હું સાંભળનાર તે જ હું પોતે એમ સુધર્માસ્વામી જંબૂસ્વામી આગળ કહે છે. કર્ણે કરીને સાક્ષાત્ પ્રભુ વીરની પાસે સાંભળનારો અને તેમણે

જ મને કહેલ અને મેં તે સાંભળેલ એ જ કહું છું. આ ઉપરથી **સુધર્મા-સ્વામી** પ્રભુ **મહાવીર**ના આડતિયા ને ? તો કહે છે કે–પ્રભુ **વીર**ના એ આડતિયા નથી. પ્રભુ **વીર** તો ત્રિલોકનાથ તીર્થંકર છે. તેને વળી આડતિયા શી રીતે ? જિનેશ્વર મહારાજના શાસનના તેઓ આડતિયા જ છે, કારણ કે શાસનની સેવાથી મળેલ છે અને વળી શાસનની સેવા માટે કહેલ છે. હવે **સુધર્માસ્વામીજી** જે કહે છે તે **વીર**ના આડતિયા તરીકે નહિ પણ શાસનની સેવા માટે કહે છે.

## 'પ્રત્યુત્પન્ન' શબ્દપ્રયોગનું કારણ

હવે અતીત કાળના તીર્થંકરોના ચાહે તેટલા ગુણો ગાઓ તેમાં શું ? જેમ ખતમ થયેલી ઘોડીને અંગે તમો મહિમા ગાઓ તેમાં નવાઇ નથી. મરેલાના દોષ કોઇ ન બોલે, ગુણો જ બોલે, તેમ અહીં તીર્થંકરોને માટે ગુણ બોલો તો ના નહિ. વાત ખરી, પણ અતીત કાળના તીર્થંકરો છે, તેમના જ નહિ પણ જે વર્તમાન કાળના છે તેમના પણ ગુણો કહું છું. હવે અહીં વર્તમાન શબ્દ નહિ બોલતાં પ્રત્યુત્પન્ન શબ્દ કેમ બોલ્યા ? **जे अईया जे वट्टमाणा जे आगमिस्सा"** એમ કેમ ન બોલ્યા ? અહીં વર્તમાન કાળ લેવો છે ખરો પણ તે એક ક્ષેત્રનો નથી લેવાનો અને તે પ્રમાણે લઇએ તો ભૂત કાળમાં થઇ ગયા અને ભવિષ્યમાં જે **ભર**તક્ષેત્રમાં થશે તે પણ સર્વ ઉત્પત્તિવાળા છે. અર્થાત્ જેઓ નિર્વાણ પામેલા નથી, તેની પ્રથમ અવસ્થા અને જન્મની પ્રથમ અવસ્થા એ સર્વ ગણતરીને કરીને 'પ્રત્યુત્પન્ન' શબ્દનો ઉપયોગ કરેલો છે, એટલે જન્મથી માંડીને નિર્વાણ સુધીનો તમામ કાળ જિનેશ્વર મહારાજનો લેવાનો છે. વર્તમાન કાળથી તો માત્ર તે જ કાળ લેવાય પણ જન્મથી નિર્વાણ સુધીનો તમામ કાળ ન લેવાય.

## કેવલજ્ઞાનથી નિર્વાણ સુધી એકસરખી દેશના

અહીં કોઇ કહે કે આવું લાંબુ કરીને કામ શું ? વર્તમાનથી પણ તે આવત. વાત ખરી, પણ પ્રથમ અજ્ઞાન દશાવાળા જીવો હોય છે. તેઓ પોતાને ક્ષણે ક્ષણે થતી જુદી જુદી સમજણો અને વાક્યોના

હિસાબે બોલે, તેવી નિરૂપણા અહીં નથી. અહીં તો પ્રભુજીને કેવલજ્ઞાન થાય તે વખતે જે દેશના દેવાય તે ઠેઠ નિર્વાણ સુધી એકસરખી દેશના, અને જ્ઞાન હોય. તારતમ્યતા ન હોય. હાલમાં જાડું હોય, સૂક્ષ્મજ્ઞાન ન હોય અને પછી સૂક્ષ્મતર થાય, તેવા જ્ઞાનની વાતો કરે તેવાં જ્ઞાનો તીર્થંકરોમાં ન હોય. જગતમાં જીવોને જેવી રીતે બોધ થાય અને સમજ આવે અને તેઓ બોલે, તે અહીં તીર્થંકરોમાં ન હોય. એટલે કેવલજ્ઞાનની પ્રથમ ક્ષણે જે દેશના તે જ દેશના નિર્વાણના છેલ્લા સમયે હોય. હવે '**पडुप्पन्ना**' એટલે કેવલજ્ઞાનથી મોક્ષ સુધીના કાળમાં જે તીર્થંકરો વિચરે છે તે સર્વે લેવા.

## કેવલજ્ઞાન એટલે જાણે સો ટચનું સોનું

હવે વર્તમાનમાં અંધારું ચાલતું હોય અને ભવિષ્યમાં તે અંધારું દૂર કરવાનો અવકાશ જગતના જીવોમાં છે, પણ તીર્થંકરોના કાળમાં તેવા સુધારાને અવકાશ જ નથી. જેમ દુનિયામાં સો ટચનું સોનું હોય તો તેમાં કસને વધવાનો પ્રસંગ જ ન હોય, પછી તે ભૂતકાળનું કે ભવિષ્ય કાળનું સોનું હોય, તેમાં સુધારા કે વધારાને અવકાશ જ નથી. તેમ અહીં તીર્થંકર મહારાજના જ્ઞાનમાં–શાસનમાં એટલી બધી સંપૂર્ણતા છે કે જે સંપૂર્ણતાને અંગે અતીત કાળમાં કે ભવિષ્ય કાળમાં કે ચાલુ કાળમાં પણ સુધારાને અવકાશ નથી.

## તીર્થંકરની જોજનગામિની વાણી

હવે '**जे अईया जे य पडुपन्ना**' એટલે કેવલજ્ઞાનથી મોક્ષ સુધીની અવસ્થામાં વર્તવાવાળા સર્વ જીવો આવી રીતે બોલે છે. હવે આવી રીતે નિરૂપણ કરે છે, તેના માટે '**इक्ख**' ને '**आ**' ઉપસર્ગ જોડીને કામ શું ? તે '**एवमाइक्खंति**' પદમાં જે ઉપસર્ગ જોડીને કહે છે તેથી જણાવે છે કે મર્યાદિત તેમની દેશના એક જોજનગામિની હોય છે. વળી તે આખા જગતના જીવના હિતના વ્યાપ્તિને ખ્યાલમાં રાખનારી હોય. તેમની દેશના ગાઉ, બે ગાઉની કે

તેથી ઓછા પ્રમાણુવાળી ન જ હોય. જે જે દેશના હોય તે સર્વ આખા જગતના જીવોના હિતને કરનારી હોય.

## દિગમ્બરોની અનક્ષરશ્રુતની માન્યતા

આખા જગતના જીવોના હિતને કરનારું તેમનું કથન હોય. તેના બે પ્રકાર છે. મેં કહ્યું કે ઊઠો. બીજાએ પૂછયું કે કેમ ઊઠયા ? અહીં ઇસારાથી જે ઊઠાડયા તે અનક્ષરશ્રુત છે અને તેથી કહ્યું તેથી ઊઠયા તે સાચું જ ગણાય. નથી કહ્યું એમ ન કહેવાય. ચેષ્ટા કરીને અગર કોઇપણ પ્રકારના આકારો કરીને બોલાવાય તેમાં કથન તરીકેની જોખમદારી હોય છે. તે હાર્મોનિયમના સ્વર જેવી ગણાય. સુંદર અને બીભત્સ ગાયનોમાં વાજાનો સ્વર સરખો જ હોય. હવે તીર્થંકરો અનક્ષરશ્રુતદ્વારા કથન કરે છે એમ નહિ. આ વાત અહીં કેમ ? તો કહે છે કે જે આપણા ભાઇઓ પોતાને દિગમ્બર કે નાગા તરીકે ઓળખાવે છે. તેઓ એમ માને છે કે તીર્થંકરો મુખથી બોલતા નથી, તેમની વાણી અનક્ષર છે. આમ દિગમ્બરો તીર્થંકરોને જગદ્‌ગુરુ ઉપદેશક, સર્વતત્ત્વપ્રરૂપક છે. માનવા છતાં પાછા માને શું ? તો કહે છે કે– એક અક્ષર પણ તીર્થંકર બોલવાના નહિ, તેમની વાણી અનક્ષરશ્રુત છે.

## જૈન શાસનમાંથી નીકળેલા શું કહે ?

હવે જાનવરની ભાષાને સમજે કોણ ? જાનવરની ભાષાને સમજનારો. હવે તીર્થંકરની ભાષાને ફક્ત ગણધરો જ સમજે અને ગણધરો પાછળથી પર્ષદાને કહે અને તે સમજે. અહીં ગણધરો દુભાષિયા તરીકે સમજાવે એટલે તેઓ ભગવાન્ આમ કહે છે એમ કહીને બોલે, હવે અક્ષર વિનાની વાણી કોઈ સમજે નહિ. ફક્ત ગણધરો જ સમજે. આવી વાણી તીર્થંકરની હોય છે એમ દિગમ્બરો માને, તેથી **'एवं भासंति'** એટલે ભાષાપણે ભાષાવર્ગણાનાં પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાષાપણે બોલે. અહીં હવે જગતના જીવોનો ઉદ્ધાર કરનાર તીર્થંકર કે ગણધર ? કારણ ગણધર મહારાજા પર્ષદાને સમજાવે અને તે જગદ્‌ગુરુ પણ ગણધર જ કહેવાય. આવી દશા જૈનશાસનમાં નથી,

પણ જૈન શાસનથી નીકળેલા એમ માને છે. તે માટે '**भासंति**' પદ મૂકયું કે પોતે જ કહે છે.

## પુરાણો, મનુસ્મૃતિનાં વિધાનો

હવે ત્રિપદી **પણ** તીર્થંકરો જ કહે છે તે ગણધરોના ક્ષયોપશમના કારણભૂત છે, અને તેથી તીર્થંકરોની ત્રિપદી ઉપરથી જ ગણધરો દ્વાદશાંગીની રચના કરે. અને તેથી બીજા પદાર્થો કહેતા નથી એમ માનવું નહિ. ખૂબ ભાષાદ્વારા સર્વકાળના તીર્થંકરો નિરૂપણ કરે છે. હવે તેમાં નિયમ શો? "**पुराणो मानवो धर्मः**" કહી કહું છું કે માની લો. સવાલ જવાબ કરવાના નહિ. આવી રીતનું કથન કોઈ કરે છે? તો કહે છે કે હા. ઇતરોના અઢારે **પુરાણો**માં જે વાત કરી છે તે સીધી માની લેવી. એમાં હેતુ યુક્તિ લગાડવી નહિ. પ્રશ્નોત્તરો ન કરવા. હવે **પુરાણ**ને જાણનારા એ કથાને જાણતા હશે કે સૂર્યને સૂર્યવંશી રાજાની છોકરી પરણાવેલી પણ ગઇ નહિ. કારણ સૂર્યનું તેજ ખમાયું નહિ. અહીં સુથાર પાસે છોલ ઉતારાવી, ચીસ ન પાડે વગેરે વાતો **પુરાણો**માં આવે તેમાં પૂછવાનું નહિ. માની લેવું. **મનુસ્મૃતિ**ના અંગે પણ કહીએ તે જ માની લેવું. ન માનીએ તો? કહેલ છે કે યજ્ઞમા જોડાયેલ છતાં **પણ** જો માંસ ન ખાય તો એકવીસ કલ્પો સુધી ઢોરનો અવતાર આવે. આમ **મનુસ્મૃતિ**માં કહેલ છે. વળી આગળ કહે છે કે– ભૂખ લાગવાથી છોકરાને મારી ખાનારને પાપ ન લાગે. આ ભૂખ લાગે ત્યારે જીવોને મારવાનું, માંસ ખાવાનું, વટલાવવાનું, એ બધું ચાલે. ન કરવાનું એમ નહિ, સવાલ નહિ, હેતુ, યુક્તિ નહિ, માની જ લેવાનું. હવે અંગોપાંગ સહિત જે **વેદ** છે, તેમાં જે કહેલ છે તે માની લેવાનું. જાનવરોને **બ્રહ્મા**જીએ યજ્ઞો માટે જ બનાવ્યા છે. સત્ત્વવાન્ જાનવરો બપોરના ટાઇમે હોમવાં. આ વાકયો પણ માની લેવાં, પણ પ્રશ્ન નહિ કરવો.

## ચિકિત્સક નામનો મત

હવે **ચિકિત્સક** નામે મત છે. તે વૈદ્યખાતું નહિ પણ જગતમાં એકને તાવ આવ્યો ત્યારથી દરેકને તાવ જગતમાં લાગેલો છે. તે શાથી? તો

કહે છે કે બોલવાનું નહિ. માની લો. પ્રશ્ન ન કરાય. આજ્ઞાસિદ્ધ આ ચારે વસ્તુ છે. તેને હેતુયુક્તિદ્વારા ઘટાડવા તૈયાર થવું નહિ. અહીં તીર્થંકરો બોલી ગયા, તેમાં હેતુયુક્તિ ન લગાડવાં એમ નથી. અહીં પ્રભુ વીર કહેનારા, પ્રશ્ન કરનાર પ્રભુ ગૌતમસ્વામી, "**से केणट्ठेणं भंते०**" એમ પૂછી શકે અને તેને જવાબ હેતુ, યુક્તિથી સમજાવે. વસ્તુને સાબિત કરવામાં આવે.

## દારૂનિષેધકો કે પીઠાના ઉપાસકો ?

હવે આજકાલ સુધારકોને જોઇએ છીએ કે દારૂનિષેધને માટે લાંબાં ભાષણો અપાય, સભાઓ ભરાય, હેતુયુક્તિથી નિષેધ માટે કહેવાય. છતાં પોતે જ પીઠા પર જઇ આચરણ કરવા લાગી જાય. અહીં તીર્થંકરો જે કહે તે પોતે પ્રથમ આચરે. હિંસા, જૂઠ, ચોરી આદિનો સર્વથા નિષેધ કરેલો હોય અને પાળેલો હોય. આ વાત ક્યાં સુધી વધી ? લોહીખંડા સરખો રોગ, તેજોલેશ્યા જેવા દાહક સંયોગને અંગે થયેલો રોગ, વળી છ માસ સુધી ચાલેલો રોગ, આવો રોગ તે લોઢું, પત્થર, ઈંટ સર્વનો રાખોડો જ બનાવે. હવે તે આગનો વિકાર પણ લોહીખંડા-રૂપે ઝરાવનારો અને તે છ માસ સુધી એકધારો રહ્યો. આવી સ્થિતિમાં રેવતી શ્રાવિકાએ કરેલો પાક પોતાના માટે ન કલ્પ્યો. કહો, પ્રભુ **વીર**ની કેવી સ્થિતિ છે ? તે વિચારો ! દુ;ખની સીમા નથી, છતાં શાંતિ માટે આધાકર્મી નહિ ખપે. આમ કેવલી થવા છતાં પોતે વીતરાગ છે. અમોને ક્યાં કર્મ લાગવાનાં છે, એમ તીર્થંકરના શાસનમાં છૂટાંબારાં નથી. પ્રથમ ઉપદેશકની અહીં જવાબદારી છે. ફળ સુધી સંપૂર્ણપણે રહેવું જ જોઇએ, પછી જ બીજાને કહે, એટલે ફળ વિના દેશના ન દે. નિષ્કષાયપણાની જવાબદારી આવ્યા વિના નિષ્કષાયપણાની વાત કરી શકાય નહિ. હવે પોતે જવાબદારી ભોગવવા તાકાતદાર બને ત્યારે જ દેશના આપે. હવે સર્વકાળના તીર્થંકરો વચનથી, હેતુથી બોલી જાય છે એમ નહિ પણ આચારમાં મૂકવા, મૂકાવવા દ્વારા નિરૂપણ કરે છે

હવે કઇ વસ્તુનું નિરૂપણ કરે છે? હવે સુધર્માસ્વામીજી કઈ વસ્તુ જંબૂસ્વામીજી આગળ કહે છે તે અગ્રે જણાવાશે.

---

## વ્યાખ્યાન : ૩૪

**सव्वे पाणा सव्वे भूया सव्वे जीवा सव्वे सत्ता न हंतव्वा न अज्जावेयव्वा न परिघित्तव्वा न परियावेयव्वा न उद्दवेयव्वा, एस धम्मे सुद्धे निइए सासए समिच्च लोयं खेयण्णेहिं पवेइए ( आचा० टी० पृ० १७८ )**

### તીર્થંકરોનો અહિંસાનો ઉપદેશ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન **સુધર્માસ્વામીજી** જંબૂસ્વામીજી આગળ **આચારાંગસૂત્ર**ના ચોથા અધ્યયનની રચના કરતાં થકા આગળ જણાવી ગયા કે હે **જંબૂ!** ભગવાન્ **મહાવીર** મહારાજની પાસે મેં પોતે જ સાંભળ્યું છે, હું જે તને કહું છું, તે કર્ણોત્કર્ણ આવેલ કહેતો નથી પણ સાક્ષાત્ સાંભળેલું જ કહું છું. હવે પ્રભુ **મહાવીરે** જે કહેલું છે તે તેમના એકલાનું જ વચન છે, એમ નહિ પણ ભૂત કાળમાં જે તીર્થંકરો થયા છે, વર્તમાન કાળમાં વિચરે છે અને ભવિષ્ય કાળમાં જે થવાના, તે સર્વેનું આ કથન છે, અને તે જ કથનને અંગે પ્રભુ **વીરે** આ પ્રમાણે કહેલ છે. આ ચોથા અધ્યયનમાં સમ્યક્ત્વનો અધિકાર લીધેલો છે. તેમાં મુખ્યતાએ ચારિત્રનો અધિકાર છે. આગળ કહી ગયા કે સર્વે પ્રાણીઓ, ભૂતો કે જીવોને મારવા નહિ, તેમને દુઃખ દેવું નહિ, પરિતાપ કરવો નહિ. આ સર્વ હકીકત ચારિત્રના અંગે છે, એમ ગણવા છતાં સમ્યક્ત્વની આ હકીકત છે, તેની ખાતરી આગળ થાય છે.

### વકીલ તો માત્ર ફીનો ઘરાક

હવે અહીં પ્રભુ **વીરે** ચેષ્ટાથી કે ઇસારાથી કહેલ નથી, પણ ભાષાવર્ગણાના પુદ્ગલોથી સ્પષ્ટપણે કહેલ છે. હવે વકીલ કેસો લે છે પણ તેમાં વાદીની વાતને પુરવાર–સિદ્ધ કરે, તેમાં નફો કે નુકશાન વાદીને

માથે પણ વકીલને કંઇ નહિ. જવાબદારી, જોખમદારી તો વાદીની હોય. વકીલ તો માત્ર ફીનો ઘરાક. હવે અહીં પોતે આચરવા દ્વારા નિરૂપણ કરી બતાવે છે એટલે હેતુયુક્તિદ્વારા ફળ જણાવવા સાથે પોતે અનુભવેલું છે એ સાક્ષાત્ કહે છે. આવી રીતે સર્વ તીર્થંકરો હેતયુક્તિ-દ્વારા વસ્તુનું પ્રતિપાદન કરી પોતાના આચારમાં **અનુભવેલું સિદ્ધ** કરી બતાવે છે.

## પ્રાણ, જીવ, સત્ત્વ અને ભૂત એટલે ?

હવે જીવ માત્રને અંગે ભૂત, જીવ, પ્રાણ અને સત્ત્વ આ ચાર શબ્દો છે. હવે જગતના મુદ્દાને અંગે લઇ આવીએ ત્યારે પારિભાષિક-પણે તેનો અર્થ જુદો થાય છે. પ્રાણાઃ એટલે બેઇંદ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય આ ત્રણ પ્રાણ શબ્દથી કહેવાય, જે જૈન પરિભાષામાં વિકલેંદ્રિય કહેવાય. પંચેંદ્રિયો તે જીવ કહેવાય. પૃથ્વી આદિ સત્ત્વ કહે-વાય, અને વનસ્પતિ તે ભૂત કહેવાય. અહીં સામાન્ય રીતે સર્વ શબ્દો જીવને કહેનારા લેવા પડે છે.

## તમામ પ્રાણીઓ શ્વાસની ક્રિયાવાળા છે

પ્રાણ કોને કહેવા અને પ્રાણને હણવાનો પ્રસંગ કયો ? કે જેને લીધે પ્રાણ ન હણવાનું વિધાન કરવું પડે. હવે પ્રાણને સમજવામાં ન આવે, તેને હણવાથી શું નુકશાન એ ન જાણવામાં આવે ત્યાં સુધી તેના નિષેધનો પ્રસંગ ખ્યાલમાં ન આવે. હવે પ્રાણ હણવાથી થતું નુકશાન ખ્યાલમાં આવે તો જ નિષેધ કર્યો કામ લાગે. હવે પ્રાણ શબ્દથી શું ? **अण् अणने** એટલે શ્વાસ ધારણ કરનારા જેટલા જીવો તે સર્વ પ્રાણીઓ છે. જો કે દુનિયામાં આપણે જે શ્વાસ ઓળખીએ છીએ તે પ્રગટ થયેલો. આજકાલ નવી શોધે પણ વનસ્પતિનો શ્વાસ નક્કી કર્યો છે, તે શ્વાસોશ્વાસ લે છે અને તેની ક્રિયા પણ કરે છે તેવી રીતે પૃથ્વી, પાણી આદિ સર્વે જીવોમાં શ્વાસની ક્રિયા છે. આથી તમામ પ્રાણીઓ શ્વાસની ક્રિયાવાળા છે.

## પ્રાણીઓ શ્વાસની ક્રિયા ક્યારે પામ્યા ?

હવે તે પ્રાણીઓ શ્વાસની ક્રિયાને પામ્યા ક્યારે ? પ્રથમ શ્વાસ ગ્રહણ કરવા લાયકની, તે પરિણમ્યા પછી છોડવા લાયકની ક્રિયાને લાયક પુણ્યને મેળવે ત્યારે જ તે રૂપે કરી શકે. હવે જગતમાં જેમ ખોરાકનાં પુદ્‌ગલો હોવા છતાં અને ખાવા છતાં જો જઠરા મજબૂત હોય તો જ તે ખોરાકને મળ અને ધાતુરૂપે પરિણમાવે. પણ જઠરા નરમ હોય તો તે ખોરાક રૂપેથી મળરૂપે ન પરિણમાવે પણ સંગ્રહણી રોગરૂપે પરિણમાવે. હવે જીવોને જે તાકાત મળેલી હોય તે તાકાતવડે આકાશમાં રહેલાં બારીક પુદ્‌ગલોને ગ્રહણ કરી શ્વાસપણે પરિણમાવી તેને છોડી શકે. આવી તાકાત ધરાવનારા જીવો જ શ્વાસોશ્વાસને ગ્રહણ કરી શકે. હવે આવી તાકાત જેને મળેલી હોય તેવા જીવોનો નાશ કરીએ અને તેને પાપ ન ગણીએ તો પાપનું સ્થાન જ નથી.

## દસ પ્રકારના પ્રાણો

હવે પાપનું સ્થાન જ એ છે કે જીવોને મળેલી શક્તિનો નાશ કરવો. તેથી કહેવું પડ્યું કે જગતમાં જે કોઇ શ્વાસને લઈ શકનારા છે તે સર્વ જીવો ગણાય. હવે મનુષ્યમાં પણ કેટલીક વખત આપણે ન દેખીએ તેવો શ્વાસ હોય છે તેમ જે જીવોનો શ્વાસ ન દેખી શકીએ તેવાને જીવ વિનાના કહેવાની વાત કરવી તે નકામી છે. આથી સર્વ જીવો શ્વાસને ધારણ કરનારા છે તેથી તે પ્રાણ કહેવાય. હવે પ્રાણને ધારણ કરવાથી જીવ છે તો પછી સીધો જીવ શબ્દ કહોને ? અહીં જે પ્રાણ શબ્દ પ્રથમ વાપરેલ છે તેનું કારણ એ છે કે વૈયાકરણો પ્રાણ શબ્દથી માત્ર• શ્વાસોશ્વાસ લે છે. પણ અહીં બીજી ક્રિયા લેવા માટે એટલે સ્પર્શ, રસ જાણવા માટે જે જુદી ઇન્દ્રિયો છે તે શ્વાસોશ્વાસથી ખબર પડે છે. વિચાર કરવાનું સાધન મન, પ્રવૃત્તિનું સાધન ક્રિયા અને આયુષ્યનું સાધન વચન આવી રીતે દસ પ્રાણો છે.

## જગતમાં બે પ્રકારના અર્થો

હવે જગતમાં બે પ્રકારના અર્થો છે. એક વ્યુત્પત્તિઅર્થ, જેમ **गच्छति इति गौ** એ હિસાબે. બીજા અર્થો ન લઇએ તો વાયરો, ભેંસ, ધૂળ વિગેરેને ગૌ કહેવાનો પ્રસંગ આવે. પણ તે વ્યુત્પત્તિ કરવા માટે ધાતુ લીધેલ છે, પણ વ્યુત્પત્તિની સાથે પ્રવૃત્તિ કરવાની નથી પણ લક્ષણ લઇએ છીએ, **सास्नादिमत्वं गौ** એટલે ગળે લટકતું કંબલ જેને હોય તે જ ગાય. ચાલવા માત્રમાં ગાય શબ્દ વાપરવો નહિ. તેમ અહીં એકલા શ્વાસમાં પ્રાણ શબ્દ ન વાપરતાં સ્પર્શાદિને જાણનારી જે દસ શક્તિ છે તે પ્રાણ શબ્દરૂપ છે. હવે પ્રાણની હિંસા થતી નથી તો પછી જીવની સ્વતંત્ર હિંસા કહી દો ને ? વાત ખરી પણ તત્ત્વને સમજો !

## પ્રાણની મુખ્યતાએ વિરાધનાનું પ્રમાણ

અહીં જીવહિંસાના નિષેધ માટે કહેવાય. પછી સર્વ જીવો સરખી કોટિના છે. વનસ્પતીના આહારી અને માંસના આહારી એ બંને સરખા ગણાય. ફરક ન રહે છતાં ફરક આવે છે ક્યાં ? પ્રાણોમાં. હવે વનસ્પતિમાં જે પ્રાણો છે તે ઘણા ઓછા છે, અને માંસના કારણભૂત જે પદાર્થો તે જબરજસ્ત પ્રાણવાળા છે તેથી વધુ નુકસાન છે. આથી બંનેને સરખા ન મૂકાય. હવે પ્રાણનો નાશ વધારે ભયંકર છે તેમાં પણ જેમ જેમ વધારે પ્રાણો તેમ તેમ નુકસાન પણ વધારે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય આદિની વિરાધનાના પ્રાયશ્ચિત્ત જુદા અને ઓછાવત્તા રાખ્યા, કારણ કે જ્યાં પ્રાણનો નાશ ઓછો ત્યાં પ્રાયશ્ચિત્ત પણ ઓછું, અને પ્રાણની અધિકતા ત્યાં પ્રાયશ્ચિત્ત વધુ. અહીં પ્રાણની મુખ્યતાએ વિરાધના પણ અધિક હોય છે.

## પુણ્યાનુસાર ઇંદ્રિયોની પ્રાપ્તિ

હવે અહીં એકલા પ્રાણ કેમ કહ્યા ? અહીં પણ એકેન્દ્રિયની વિરાધના કરી તેણે ચાર પ્રાણનો નાશ કર્યો ને ? તેવી રીતે એક પંચેન્દ્રિય મનુષ્યની હત્યા કરી તેના દસ પ્રાણનો નાશ થયો તેથી દસ

પ્રાણનું પ્રાયશ્ચિત્ત અને પેલાને ચારનું પ્રાયશ્ચિત્તને ? તો કહે છે કે ના. સ્પર્શનેન્દ્રિયના પ્રાણની જે કિંમત ગણાય તેના કરતાં રસનેંદ્રિયનો પ્રાણ અસંખ્યાતગુણી કિંમતવાળો ગણાય, તેવી જ રીતે ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્રેન્દ્રિયના પ્રાણની કિંમત વધુ અંકાય તેના કરતાં મનબળ અસંખ્યાતગુણી કિંમત ધરાવે છે. હવે જ્યાં અસંખ્યાતગુણો ક્ષયોપશમ સ્પર્શનેન્દ્રિયનો પ્રાણ પ્રાપ્ત કરતાં થાય તેના કરતાં અસંખ્યાતગુણો ક્ષયોપશમ થાય ત્યારે જ રસનેન્દ્રિયના પ્રાણની પ્રાપ્તિ. મળે એવી જ રીતે ઉત્તરોત્તર અસંખ્યાતગુણો ક્ષયોપશમ ગણી આગળ વધતા જવું તે યાવત્ સંજ્ઞીપંચેંદ્રિય સુધી. હવે વધારે પુણ્ય હોય તો જ રસનેંદ્રિય મળે અને તેનાથી અધિક પુણ્ય હોય તો જ ઘ્રાણેન્દ્રિય આદિની પ્રાપ્તિ થાય.

## સ્પર્શનેંદ્રિય કરતાં રસનેંદ્રિયમાં વધુ તાકાત

આ બાજુ દુનિયાદારીથી વિચારીએ કે ઝાડમાં વનસ્પતિના અસંખ્યાત જીવો હોય, કંદમૂળમાં અનંતા જીવો હોય છતાં રસનેંદ્રિયની તાકાત એનામાં નથી તેથી કડવું પાણી મળે તો પણ તે ઝાડ પી જાય, પછી ભલે તે પાણી પીવાથી સુકાઈ જાય. રસનેંદ્રિયની તાકાતવાળો જીવ ખરાબ પાણી પીએ જ નહિ. હવે રસનેંદ્રિયની તાકાતવાળા શંખ, કરમિયા આદિ ઘ્રાણેંદ્રિયના વિષયોને જાણી ન શકે તેથી ખરાબ વાસથી મરણને શરણ બને. આંખમાં અવાજ જાણવાની તાકાત નથી તેથી ભલભલા અવાજથી તે ખસે જ નહિ. હવે દુનિયાદારીથી સ્પર્શનેંદ્રિયી ચાહે તેટલી તાકાત હોય તો પણ રસનેંદ્રિયાદિને ન જ જાણી શકે.

## પ્રાણને આધારે જ જીવની કિંમત

અહીં પ્રાણને આધારે જ કિંમત અને તેના આધારે જ હિંસાનું પાપ લાગે, અને તેથી શુદ્ધિને માટે જે પ્રાયશ્ચિત્ત આપે તે પ્રાણને આધારે જ આપે, તેથી જણાવ્યું કે જગતમાં પ્રાણને ધારણ કરનારા જે જીવો છે તે સર્વનો બચાવ કરવો જોઇએ. આથી ચારિત્રની

વાત થઇને ? કે પ્રાણોની હિંસા ન કરવી. અહીં ખરેખર જીવોની હિંસા ન કરવી તે ચારિત્રનો વિષય અને તે સમજાવવું તે જ્ઞાનનો વિષય, પણ અહીં તે સમ્યગ્દર્શન કે સમકિતનો વિષય શી રીતે? જ્ઞાન કે ચારિત્રનો વિષય કહો તો વ્યાજબી છે. વાત ખરી, પણ અહીં જરાક વિચાર! **न हंतव्या** એ શબ્દનો અર્થ કેટલો ? અહીં એ નથી કહેતા કે **मा वध**, એ ચારિત્રનો વિષય છે. **हंतव्या** શબ્દમાં **तव्य** પ્રત્યય મૂકેલ હોવાથી તે યોગ્ય કે શક્ય અર્થમાં આવે છે, હણવાને લાયક એમ તેનો અર્થ થાય,

### न हंतव्या અને जीवो जीवस्य जीवनमની માન્યતા

હવે જગતના ઇતર મતો કે જે જૈનદર્શનને સમજતા નથી, તેઓ કોઇ પણ જીવની દરકાર કર્યા વિના આપણા ઉપયોગમાં આવે તેનો બેફિકરપણે ઉપયોગ કરી લેવો પછી તે કોઇ પણ જાતિનો કે ઇંદ્રિયવાળો જીવ હોય તે આપણે માટે જ છે, એટલે જગતના સર્વ પદાર્થો આપણા માટે જ એમ માને છે. કેટલાકો તો કહે છે કે આપણા માટે બનાવ્યું છે ને ? પૃથ્વી, પાણી યાવત્ એકેન્દ્રિયાદિથી હાથી ઘોડા સર્વ આપણા માટે છે, માટે પૃથ્વી આદિનો ઉપયોગ યથાયોગ્યપણે કરવો જ જોઇએ. આવી રીતે જેઓ એ પદાર્થો ઉપયોગમાં લેવાની માન્યતાવાળા છે તેને માટે કહે છે કે, સમ્યગ્જ્ઞાનવાળો આત્મકલ્યાણની ઇચ્છાવાળો એમ ન ધારે ને ન માને કે મારા માટે આ ઉપયોગમાં લેવાના નથી પણ જે માટે ઉપયોગમાં લેવાના છે એવી માન્યતા તે આત્માને અનર્થ કરનારી અને અધોગતિમાં પહોંચાડનારી છે. તેથી કહેવું પડયું કે **न हंतव्या** એટલે એક પણ જીવનો ઉપયોગ કરવાનો હક નથી. કરવું પડે તે વાત જુદી, અને હક જુદી વાત છે. અહીં જેઓ હક તરીકે કહે છે તેઓનું કહેવું છે કે **जीवो जीवस्य जीवनम् ।** એના માટે કહ્યું કે કોઇ પણ જીવે જીવદ્વારા જીવવાનું માંગવું તે અન્યાય છે, હક નથી. જગતના સર્વ પ્રાણીઓને હિંસાથી દૂર રાખવા અને તમારે હિંસાથી દૂર રહેવું એ તમારી ફરજ છે.

## પ્રાણોની હિંસા કરવાનો હક કોઇને નથી

હવે એટલા દૂર ન રહો એ વાત જુદી, પણ તેથી તમારો તમે હક સમજતા હો, ગેરફાયદો નથી એમ સમજતા હો તો તે આ જૈન શાસનમાં ચાલે તેમ નથી. આથી જગતમાં કોઈપણ પ્રાણી હણવા લાયક નથી. તેથી કહેવું પડયું કે જગતમાં કોઇપણ પ્રાણી હણવા લાયક નથી. તે અંગે સત્તા કે હક નથી. **જૈનશાસન કહે છે કે જગતમાં જે અનંતા જીવો છે તેમાંના કોઇના પણ પ્રાણોનો ભોગ લેવાનો તમારો હક નથી.** આ ઉપરથી સમજશો કે આ સૂત્ર સમક્તિનું કે ચારિત્રનું ? હિંસા ન કરો, હિંસા કરવાથી અનર્થ થાય છે આ ચારિત્રરૂપ છે. છતાં અહીં જગતના જીવોના જે જુદા જુદા રૂપે પ્રાણો છે તેમની હિંસા કરવાની લાયકાત કે હક કોઇને પણ નથી. હવે જેઓ હિંસા કરવાનું માને તેને સમ્યક્ત્વ છે જ નહિ, પણ જગતના અનંતા જીવોના જુદા જુદા પ્રાણો તે હણવા લાયક નથી. અભયની યોગ્યતા માની તેનું નામ-જ સમકિત છે.

## જીવ અને પ્રાણ બંનેનો પ્રયોગ કેમ ?

હવે પ્રાણના અંગે હિંસાનો નિષેધ લાયક રીતિએ જણાવ્યો છતાં **सव्वे जीवा** એમ શા માટે ? પ્રાણ સિવાય જીવ નથી અને જીવ સિવાય પ્રાણ નથી, અને તેથી જીવ શબ્દના પ્રયોગથી પ્રાણો આવી જ જતા હતા, છતાં જીવ અને પ્રાણ બંનેનો પ્રયોગ કેમ ? **सव्वे जीवा न हंतव्वा** એવું બીજું વાકય શા માટે ? વાત ખરી, પણ એક વાત શાસ્ત્રકાર બતાવે છે કે વર્તમાનકાળના પ્રાણોને અંગે નિષેધ કર્યા છતાં જીવની શ્રદ્ધા માટે ભૂત અને ભાવી કાળના ઉપર જ આધાર રહેવાનો. નાસ્તિકો વર્તમાનકાળના પ્રાણોને માને છે. સ્પર્શ, રસ, ઘ્રાણ આદિ ઇન્દ્રિયોને માને છે. અરે, દસ પ્રાણોને તો નાસ્તિકો માને છે ખરા પરંતુ તે પ્રાણો ન હણવા તે તેને માન્ય નથી.

## પ્રાણોને ન હણવાનું કારણ શું ?

પ્રાણોને ન હણવાનું કારણ શું ? બીજાના પ્રાણોને હણવાથી પાપ બંધાય અને તેથી ભવિષ્યની જિંદગીમાં પ્રાણોને નુકશાન થાય. 'સો'ની સંખ્યામાંથી આગળનો એકડો નીકળે ત્યારે શું રહે ? કંઈ નહિ. તેમ અહીં પ્રાણોનો નાશ થયા પછી તેના વિપાક તરીકે ભવાન્તરના પ્રાણોને માનવાનું નથી. હવે તે માને કોણ ? જે જીવને માને તે જ પ્રાણના નાશનું નુકશાન-પાપ માને અને તે જ વિપાક કે ફળ તરીકે ભવાંતરમાં માની શકે. હવે જેઓ જીવ જાન. પ્રણ માને અને તેના નુકશાનને. માને ખરા પણ તેનાથી રોકવાનું ન હોય તો શું કામ લાગે ?

## પ્રાણને ધારણ કરનારા કોણ ?

હવે આ પ્રાણને ધારણ કરનારા કોણ ? પાંચ ભૂતનું પૂતળું ઊભું થયું અને તેથી સ્પર્શાદિના જાણવાની તાકાત આવી ગઈ એમ નથી. હવે જેમ ચક્ષુથી રૂપ દેખી આંધળા થયા પછી દેખેલા રૂપનો ખ્યાલ તો આવે જ છે. હવે પ્રથમ જે આંખે દેખેલ તે આંખનો તો નાશ થયેલ છે પણ તેનો ખ્યાલ કંઈ જતો નથી. તેવી જ રીતે શ્રોત્રેંદ્રિય કે ઘ્રાણેંદ્રિયાદિને અંગે પણ સમજી લેવું. અર્થાત્ પ્રથમ જે સ્પર્શાદિ કરેલ હોય તેનો ખ્યાલ આવે. પણ તે શાથી ? વળી દરેકમાં મેં દેખ્યું, સાંભળ્યું, ચાખ્યું, હું અડકયો એમાં હું કોણ ? અહીં પાંચ ઇંદ્રિયથી કોઇ જુદો પદાર્થ ન હોત તો હું શબ્દનો પ્રયોગ જ ન હોત. કદાચ કહેવાય કે મન છે-પણ નહિ-લાગ્યું ત્યારે મને ભાન ન્હોતું અગર મારા વિચારો આવા થયા, મારૂં મન આમ હતું કે થયું વિગેરે જે બોલાય તે મન કરતાં પણ કોઈ જુદી ચીજ અંદર ન હોય તો આ વિચારોના પરિવર્તનને અંગે કોઇ જુદી ચીજ માનવી જ પડશે. હવે અહીં પ્રાણોના નાશનું ભયંકરપણું ગણવામાં આવ્યું તે જીવ પદાર્થ માનવાથી.

## सव्वे पाणा અને सव्वे जीवा એ બે પદ કેમ?

હવે તેથી પ્રાણોને ધારણ કરનારા જે અનંતા જીવો છે તે મારવા લાયક નથી. હિંસા કરવા લાયક પણ નથી. તેથી **सव्वे जीवा न हंतव्वा** એમ જ રાખો. **सव्वे पाणा** નામે બીજું પદ કેમ? વાત ખરી. સર્વે જીવો પ્રાણ વિનાના નથી, માટે ફરક નહિ પડે. પણ ફરક કયાં પડે છે તે જુઓ. પ્રાણવાળા એકેંદ્રિય અને પંચેંદ્રિય બંને જીવોની હિંસામાં સરખું પાપ ન થઇ જાય તે માટે **सव्वे पाणा** રાખવું પડયું. પ્રાણોની અધિકતાએ તેના નાશનું અધિક જ પાપ ભોગવવાનું રહે. હવે કોઇના હાથ કાપી નાંખ્યા તેથી આપણો પણ હાથ કાપવાથી એ પાપ ભોગવાશે એમ નથી. પણ પ્રાણો દ્વારાજ તે ભોગવવાનું રહેશે. જીવ દ્વારા જ ભોગવવાનું બને. માટે **सव्वे पाणा** અને **सव्वे जीवा** એ પદ મૂકયું.

## જીવનને ધારણ કરે તે જીવ

હવે અહીં **सव्वे जीवा** પદ કહેલ છે તેમાં જેઓ જીવનને ધારણ કરે તે જીવ. અહીં જૈન શાસનમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપે એમ બે પ્રકારે જીવો કહેલા છે. પર્યાપ્તિ એટલે શક્તિ તે આહારાદિ છ રૂપે છે. હવે કોઈકને કેટલી તો કોઈકને કેટલી. એમાં કશું નિયમિત નથી, પણ તે છ શક્તિ વિનાનો અને સર્વે પ્રાણોમાંનાં એક પણ પ્રાણ વિનાનો જીવ છે, એટલે ગત્યન્તરમાં રહેલા જીવને પ્રાણ, શ્વાસ કે ઇંદ્રિય પણ નથી.

## સત્ત્વો તરીકે ગણાતા સિદ્ધમહારાજા

હવે ભૂત શબ્દમાં પ્રાણ છે કે નહિ? થઇ હોય, ભાવિ થનાર હોય, અને વળી તે થવાની લાયકાત હોય તેવા કોઇ પણ જીવને હણવા લાયક ગણવો નહિ. આ વાત ખરી, પણ જે સિદ્ધમહારાજા તે દસ પ્રાણમાંથી કયા પ્રાણને, કયા શ્વાસને ધારણ કરે છે તે જુઓ. નથી તો પ્રાણ કે નથી શ્વાસ, છતાં તે જીવપણે વિદ્યમાન હોવાથી તેમને સત્ત્વરૂપે ગણ્યા અને તેથી તે પણ '**न हंतव्वा**' કહેવાયા. આથી સર્વ જીવો, પ્રાણો, ભૂતો અને સત્ત્વો તેની હિંસા ન કરવી

અને તેની હિંસાથી હમેશાં દૂર રહેવું. આ ઉપરથી આ સૂત્ર વિપરીત શ્રદ્ધાને ખસેડી જૈનશાસનની શ્રદ્ધાને મજબૂત કરે છે તેથી હવે આ અધ્યયનનું નામ 'સમ્યક્ત્વઅધ્યયન' રાખ્યું અને તે જીવોની હિંસાથી શું અનર્થાદિ થાય તે વગેરે અધિકાર અગ્રે કહેવાશે.

---

# વ્યાખ્યાન : ૩૫

## એકડા વિનાના મીંડાની કિંમત ન હોય

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** મહારાજ જંબૂસ્વામીજી આગળ **આચારાંગસૂત્રની** રચના કરતાં થકા આગળ જણાવી ગયા કે—**આચારાંગ**ના પ્રથમ અધ્યયનમાં કહી ગયા કે પ્રભુ **વીરે** આખા જગતને એ સંદેશો આપ્યો કે મહાનુભાવો! તમો આહાર, શરીર, ઇંદ્રિયોની તજવીજ કરી રહ્યા છો, તેનાં વિષયો અને સાધનોની તજવીજ કરી રહ્યા છો, છતાં એકડા વિનાના મીંડાની કિંમત ન હોય તેમ આત્માની તજવીજ કર્યા વિનાની બીજી તૈયારી નકામી છે. કોઇપણ જાતિ કે ગતિ એવી નહોતી મળી કે જેમાં આપણે આહારાદિની તજવીજ ન કરી હોય. વળી આત્માની ઓળખ પણ જ્યાં નથી કરી ત્યાં પછી એના અંગે બીજા વિચારો હોય જ શાના? **ગામજ નહિ તો પછી સીમાડા કયાંથી હોય?**

## આત્માને જાણ્યા પછી જ અખંડ સુખની પ્રાપ્તિ

આગળ દૃષ્ટાંત દીધું છે કે આ આંખ એવી ચીજ છે કે તે દુનિયાની તમામ ચીજોને તપાસે, અરે, કણીથી માંડીને પહાડ સુધીની ચીજોને તે તપાસે, હવે પોતાનામાં જે કાળાશ, રતાશ આદિ હોય તે ન જોઇ શકે. તેમ અહીં આ આત્મા જન્મોજન્મ આહારશરીરાદિને જોતો આવ્યો પણ પોતાને તો તે જુએ જ નહિ, પછી રખડે તેમાં નવાઈ શી? હવે પ્રથમ તમો પોતાને ઓળખતાં શીખો! અરે, જાણો!

હવે અહીં અમે તો છીએ તે છીએ જ. જ્ઞાનવાળા થવાથી અનંત પ્રદેશો થવાના નથી અને નહિ જાણવાથી કંઇ સંખ્યાતા પ્રદેશવાળા થવાના નથી. માત્ર અસંખ્યાત પ્રદેશવાળા સદા રહેવાના છીએ, તો પછી જાણ્યાથી કે ન જાણ્યાથી ફળ શું? આત્મા અસંખ્યાત પ્રદેશવાળો એકેંદ્રિયમાં અને સિદ્ધમાં એક સરખો જ રહેવાનો છે. હવે આત્માના પ્રદેશમાં ઘટાડો કે વધારો થવાનો નથી છતાં પરીક્ષા કર્યા પછી તેની કિંમતમાં તો જરૂર વધારો ઘટાડો થાય. લેનારો જાણીને લે તો જ કિંમતી તરીકે રક્ષણ કરે. હવે અહીં આત્માના પ્રદેશોમાં વધઘટ બનતી નથી એ વાત ખરી પણ આત્માને જાણ્યા પછી અખંડ સુખની પ્રાપ્તિ કરી શકાય માટે આત્માને જાણવાની જરૂર છે.

## અનિષ્ટથી ઘેરાયેલો અને ઇષ્ટથી દૂર રહેલો આત્મા

હવે તે આત્માને બે પ્રકારે જાણવો જોઇએ. આ આત્મા અનિષ્ટમાં ઘેરાયેલો અને ઇષ્ટથી દૂર રહેલો છે. હવે કયા અનિષ્ટથી ઘેરાયેલો છે તો તે માટે પ્રભુવીરે એ સંદેશો કહ્યો કે—દરેકે ધ્યાનમાં રાખવું કે, મારો આત્મા ભવોભવથી રખડવાવાળો છે. આ અનિષ્ટ જાણ્યું ખરૂં, પણ તે થાય શાથી? તે જાણ્યા પછી જ તે અનિષ્ટ દૂર કરાય. હવે અનિષ્ટનાં કારણો જણાવે છે. તે અનિષ્ટ કોઇએ વળગાડયું નથી. તે તમારી જોખમદારી અને જવાબદારીથી તમોએ વહોરેલ છે એટલે જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિના ચક્કરમાં તમોને કોઇએ નાંખ્યા નથી પણ જાણી જોઇને તમે એ લીધેલ છે. હવે તમે ગાંડા છો એમ કહેવાની જરૂર નથી પણ ડાહ્યા થાઓ એ કહેવાની જરૂર છે, તો તે શી રીતે થવાય?

## પરાધીન જીવની દશા

હવે તમારી જવાબદારીથી તમે કેવી રીતે ચક્કર વહોર્યું તે બતાવે છે. જેમ દુનિયામાં દસ્તાવેજ કરેલો હોય તે મરજીએ કે કમરજીએ પૂરો કર્યે જ છૂટકો, તેમ અહીં અજ્ઞાન દશામાં તમોએ કર્મ-

રાજાજીની સાથે કરાર કર્યો હોય પછી તે પૂરો કર્યે જ છૂટકો. હવે તે વખતે અક્કલ, હોશિયારી છતાં મનના વેગોમાં અને ઇંદ્રિયોના વિષયોમાં તે દોરાયેલી હોવાથી કર્મરાજાના—દેવાદારના કબાલામાં જોડાયા અને તેથી જન્મ, જરા, મરણ આદિ રૂપ સંસારચક્રમાં ભટકવું પડે છે. હવે જેની સત્તામાં રહ્યા હોઈએ અને જે આપણી ઉપર માલિક હોય તેને રાજીથી આપીએ કે તે બળાત્કારથી લે, તે આપ્યે જ છૂટકો. પોતાની મરજી વાપરવાનું કામ ચાલતું નથી.

## આત્મા ઉપર મન અને ઇંદ્રિયોની સત્તા

હવે એક પણ ભવ, જાતિ કે ગતિ નહોતી કે જેમાં ઇંદ્રિય અને મનને આધીન ન બન્યા હોઈએ, અર્થાત્ એવો કોઇ ભવ છે નહિ, હતો નહિ અને થવાનો પણ નહિ. સરકારી મેનેજમેન્ટ—વહીવટ—બેસે ત્યારે સરકારી લફરાં જેટલાં નાંખે તેટલાં ઓછાં, તેમ અહીં આત્મા ઉપર મન અને ઇંદ્રિયની સત્તા હોય એટલે લફરાં નાંખે તે રાખ્યે જ છૂટકો. હવે અકક્લ હોંશિયારી ઠેકાણે રાખીને કામ કરે તો યોગ્ય રીસીવરને પોતે નીમી શકે. હવે પોતે સમજદાર હોય તો ઇંદ્રિય કે મનનું મેનેજમેન્ટ હોય તો પણ તે સત્તા ઉઠાવી શકશે, એટલે જે બચ્ચું સમજદાર હોય તે દેવાદાર તરીકેની સહી અક્ષરથી નહિ જ આપે. હવે સમજદાર થયેલો સહી નથી કરતો, તેમ અહીં જો તું સમજદાર બન્યો હોય તો સહી ન કર. એટલે મન અને ઇંદ્રિયના અનુકૂળ વર્તનની સહી કર જ નહિ! પ્રથમ વિચાર કર કે હિત માટે છે કે નહિ? તપાસ કર્યા પછી જ સહી કરવી. અહીં સહીં કરવા સમજ રાખ!

## મન અને ઇંદ્રિયોને આધીન ન બનો

પછી બીજા અધ્યયનની અંદર તે જણાવ્યું કે મન અને ઇંદ્રિયને આધીન ન બનો. હવે ઇંદ્રિય અને મન જે કાંઇ કરે તેના અનુકૂળ વિષયોમાં ખુશી ન થવું તેમ પ્રતિકૂળ મળે તેમાં નાખુશ ન થાઓ. જો કે મન અને ઇંદ્રિય પોતપોતાની ફરજ બજાવે

છતાં તમો સહી ન કરો તો તેનું કંઇ ન જ ચાલે. રાજા જ્યારે યોગ્ય ઉમર લાયક થાય પછી તે પોતાના રાજ્યવહીવટની તપાસ કરાવી શકે છે, અને તેમાં થયેલી ગેરવ્યવસ્થાનો યોગ્ય બદલો લઈ શકે છે.

### કાંટો કાઢવા સોયના ગોદા કેમ વહોરાય છે!

હવે ત્રીજા અધ્યયનમાં જણાવે છે કે સહી કરતાં પહેલાં વિચારે કે એ તને અનુકૂળ છે કે નહિ? તારા ગેરલાભ માટે હોય તો તું સહી આપીશ નહિ, તેથી શીતોષ્ણ નામે અધ્યયન કહી જણાવ્યું કે અનુકૂળમાં રાજી ન થવું, પ્રતિકૂળમાં નાખુશ ન થવું. હવે દુખાવા થયેલા હોય તે સૌ કોઈ મટાડવા માગે છે પણ તે મરીને મટાડવા નથી, તેમ દુખાવાથી ડરીને મરવાનું કોઇ ઇચ્છતું નથી. હવે અનિષ્ટ દૂર કરવા સૌ ઇચ્છે પણ તે ઇષ્ટની પ્રાપ્તિની સાથેનું હોય તો. કાંટો કાઢવા માટે સોયના ગોદા વહોરી લઇએ તે ગોદા ઇષ્ટ નહિ હોવા છતાં, અનિષ્ટ હોવા છતાં, વહોરી લઇએ છીએ કારણ કે કાંટાનું નીકળવુ ઇષ્ટ છે.

### અનિષ્ટના નિસ્સરણની સાથે ઇષ્ટની પ્રાપ્તિ

હવે આ ભવભ્રમણ નિવારવાને મન, ઇંદ્રિય ઉપર કાબૂ, અનુકૂળ-પ્રતિકૂળમાં રાજી નાખુશી ન કરવી અને તેથી અનિષ્ટ નિવારણ કરવા માટે ચોથા અધ્યયનમાં ત્રણ સુંદર ચીજો બતાવી એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર, આ ત્રણ જૈન ભાષાના પારિભાષિક શબ્દો છે. દુનિયાદારીના શુદ્ધ નિશ્ચય વિના, સાધનોના શુદ્ધ બોધ સિવાય અને સાધનોનો શુદ્ધ અમલ કર્યા સિવાય કાર્ય બની શકે જ નહિ તેવીજ રીતે આ આત્માને અંગે પણ જિનેશ્વર મહારાજ એજ ત્રણ વસ્તુ રાખવા કહે છે. શુદ્ધ દર્શન, જ્ઞાન અને ચારિત્ર. આ ત્રણ શુદ્ધ સમકિત છતાં તમામ આચાર્યો કે શાસ્ત્રકારો એકલા સમ્યગ્દર્શનને જ સમકિત કહે છે, પણ જ્ઞાન અને ચારિત્રને સમકિત શબ્દથી લેતા નથી. જ્ઞાન અને ચારિત્રમાં સમકિત છતાં તે સમકિત શબ્દથી બોલાતાં નથી.

## એકલા સમ્યગ્દર્શનને જ સમકિત કેમ કહ્યું ?

ઘઉં કે બાજરી ગોળના સંસર્ગે કે તેના પાણીથી મીઠા બને તેમ છતાં ઘઉંને મીઠા કે બાજરીને મીઠી કોઇ કહેતું નથી, કારણ તેમાં જે મીઠાશ આવી છે તે ઘઉં કે બાજરીના ઘરની નથી, પણ ગોળના પ્રભાવે એ મીઠાશ છે, તેથી મીઠાપણાનો વ્યવહાર ઘઉં કે બાજરીમાં થતો નથી. શું અહીં ઘઉં બાજરી મીઠા થતા નથી ? મીઠા થાય ખરા, પણ તે તેના ઘરની મીઠાશ નથી પણ ગોળની કરેલી તે મીઠાશ છે. તેમ અહીં સમકિત જે જ્ઞાન કે ચારિત્રમાં છે તે સમ્યગ્દર્શનના ઘરનું છે. હવે સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન કે ચારિત્ર તે સમ્યક્ ન જ કહેવાય, અહીં જ્ઞાન અને ચારિત્રમાં જે સમ્યક્પણું વસેલું છે તે સમ્યગ્દર્શનનું છે પણ પોતાના ઘરનું નથી. હવે દરેક શાસ્ત્રકાર અને આચાર્ય જે એકલા સમ્યગ્દર્શનને સમકિત કહે છે તે વાજબી છે.

## સમ્યગ્દર્શન વિના પણ ધાર્મિક પ્રવૃત્તિ કરાય તો લાભ

હવે ત્રણે સુંદર ચીજોનો અધિકાર આ ચોથા અધ્યયનમાં લેવાનો છે છતાં એકલા સમ્યગ્દર્શનને જ સુંદરપણાનો અધિકાર આપેલ છે. ઘઉંના લોટમાં ગોળ ભળે તેથી તે મીઠો થાય પણ તે મીઠાશ ઘઉંના ઘરની નથી પણ ગોળના ઘરની છે. તેમ અહીં જ્ઞાન અને ચારિત્રમાં સમ્યક્પણું આવે છે ખરું, પણ તે પોતાના ઘરનું નથી, તે સમ્યગ્દર્શનનું વસાવેલું છે, હવે સમ્યગ્દર્શનવાળાના જ જ્ઞાન અને ચારિત્ર કે તપ સફળ બને, હવે સમ્યગ્દર્શન વગરના જ્ઞાન, ચારિત્ર કે તપ કરીને કામ શું ? જેનાં ફળ ન મળે તેવી પ્રવૃત્તિ કોણ કરે ? હવે સમ્યગ્દર્શન વિનાનો જીવ જ્ઞાન કે ચારિત્રમાં પ્રવૃત્તિ ન જ કરે ને ? વાત ખરી પણ એક કારણ છે કે સમ્યગ્દર્શન વિના પણ પ્રવૃત્તિ કરે. કસ્તુરીથી જેવી કિંમત મળે તેવી સુગંધી પણ મળે તેમ અહીં સમ્યગ્દર્શન વિના પણ પ્રવૃત્તિ કરે તો આહાર, ઋદ્ધિ, ઉપાધિ, દેવલોક આદિ પણ જ્ઞાન અને ચારિત્રથી મળે ખરા પણ જે સુંદરતા જોઇએ તે ન જ મળે.

## સર્વ તીર્થંકરોનો એક જ સરખો ઢંઢેરો

હવે સમ્યગ્દર્શન શબ્દ કહ્યો પણ તે ચીજ શી ? જેમ સસલાના અંગે વાત કરીએ પણ છેવટે પગ કેટલા એમ પૂછીએ તો કહે કે ત્રણ. અહીં સ્વરૂપનો જ ખ્યાલ ન હોય એવાની સાક્ષી મૂકીએ તો એનો અર્થ શો ? જેમ રત્નની ચોરીના અંગે ગમાર સાક્ષી માટીના પિંડ બનાવીને આપે પછી સાક્ષી કેવી ગણાય ? અહીં છોકરા મતે જેમ વસ્તુ નહિ જાણવાને અંગે ફેંસલાની આખી બાજી પલટાઈ ગઈ તેથી અહીં સમ્યગ્દર્શન શી ચીજ છે તે પ્રથમ જણાવો તો સમ્યગ્દર્શન ચીજ ખ્યાલમાં લેવાય, તે માટે **સુધર્મસ્વામીજી** જંબૂને કહે છે કે—હું તને **મહાવીર** મહારાજાનો ઢંઢેરો કહું છું. તે પ્રભુ **વીર**નો એકલાનો છે એમ નહિ, પણ ભૂતમાં થયા, ભાવિ થશે અને વર્તમાનમાં થાય છે તે સર્વ તીર્થંકરોનો આ એક જ સરખો ઢંઢેરો છે. વળી તે સાક્ષાત્ કહેલો છે, વળી તે હેતુયુક્તિથી કહેલો છે. વળી આચરીને ફળ પ્રાપ્ત કરીને બતાવેલો છે.

## પરજીવના સુખ-દુઃખની પણ કિંમત આંકો

હવે તે સંદેશો કયો ? તો કહે છે કે “**सव्वे पाणा जीवा सत्ता भूता न हंतव्वा।**” ચોકસી સોનાની કિંમત જાણે. તે પોતાના કે પારકા બંને સોનાની કિંમત સરખી જ કરે. ઝવેરી મોતીની કિંમત પોતાની અને પારકાની સરખી જ કરે. હવે જો દુનિયામાં ચોકસીઓ અને ઝવેરીઓ માલની કિંમત કરે તો સરખો જ ભાવ કહે, તેમ અહીં તમો જીવને માનતા હો તો પછી તમારા સુખદુઃખને અંગે જેવી કિંમત કરો તેવી જ કિંમત તમો પર જીવના માટે પણ કરો ! અહીં જો તે બંનેની કિંમત ન આંકો તો પછી તમો માત્ર પોતાના સુખદુઃખની કિંમત આંકનારા ગણાશો. પોતાને દુઃખ આવે ત્યારે પરજીવની કિંમત ન ગણો તો પછી તમે પરજીવની કિંમત ગણતા જ નથી. હવે જેમ છોકરાઓ પાંચ હીરા કહે તે કાચના કટકા હોય અને ઝવેરી હીરા શબ્દનો પ્રયોગ કરે તે તેજદાર હોય

અને પદાર્થ પણ જુદો જ હોય. અહીં બંનેનો શબ્દ એક છે પણ પદાર્થો જુદા છે તેમ અહીં ભગવાન્ જિનેશ્વર મહારાજા જીવ, પ્રાણ, ભૂત અને સત્ત્વો શબ્દો વાપરે છે તે જુદા પદાર્થોને અંગે જ વાપરે છે, અને દુનિયાદારીના મનુષ્યો તે શબ્દોનો પ્રયોગ કરે તે બીજા ધ્યેયથી.

## ઇતરોના સંસર્ગની ખરાબ અસર

જિનેશ્વરો પૃથ્વી આદિ ભૂતોને સત્ત્વ કહે છે. હવે હાલેચાલે તે જીવ એટલે ત્રસને જ જીવ માનનારા ઈતરો છે, અને તેના સંસ્કારો આપણામાં આવ્યા તેથી આપણા બચ્ચાંને તેવી ઓળખાણ આપી સમજાવીએ છીએ. જિનેશ્વર મહારાજના શાસનના સસ્કાર હોય તો પૃથ્વી આદિ વનસ્પતિના જીવોને પણ જીવ માનીએ. મિથ્યાત્વીના સંસર્ગના અંગે એવા ખરાબ સંસ્કારો પડેલા છે કે પુત્રના જન્મ પ્રસંગે, જણનાર જોરૂ, લગ્નપ્રસંગે પંડ એટલે અમે એવો નિર્ણય કર્યો છે. હવે જ્યાં ગમગીનીનો પ્રસંગ બન્યો હોય ત્યાં છેવટમાં પરમેશ્વરને ગમ્યું તે ખરૂં. પીડામાં પરમેશ્વરને રાખ્યા. આ શાથી ? કહો કે ખરાબ સંસર્ગના પ્રતાપે જ એમ બને છે. પોતાને લાગે તે પરમેશ્વરના માથે નાંખે. પરમેશ્વરનો બેલી કોઈ છે ? વકીલ છે ? પછી ચાહે તેવું તેમના માથે નાંખો. તમને કોઈ પૂછનાર નથી. અહીં પણ મિથ્યાત્વીના સંસર્ગથી એવું શીખ્યા છીએ કે હાલેચાલે તે જીવ. પણ તે ત્રસના અંગે. હવે તે ઈતરો સ્થાવરને જીવ માનતા નથી અને તેથી આપણા બચ્ચાને કહીએ કે જીવહિંસાનાં પચ્ચખાણ લે તો તે તૈયાર થઇને લેશે, કારણ કે તે કીડીમંકોડીને જીવ ગણે છે, પણ પૃથ્વી આદિને જીવ ગણતો નથી તેથી તે જૈનશાસનને પગથિયે પણ આવ્યો નથી.

## છયે જીવનિકાયોની થતી હિંસા દૂર કરવી જોઇએ

હવે છયે કાયના જીવો મારવા લાયક નથી. અહીં 'તવ્ય' પ્રત્યય મૂકીને જણાવે છે એટલે યોગ્યાર્થમાં મારવા લાયક અર્થ કરવો પડે. હવે જે મારવા લાયક છે તેને ન મારે તેથી ઘાતક પ્રાણીઓને

મારવા જોઈએ. આવું જેઓ ગણતા હતા તેને માટે જિનેશ્વર મહારાજાએ ઢંઢેરો પીટાવીને કહ્યું કે–આ હણવા લાયક જ નથી. પછી પ્રસંગે હણાય તે વાત જુદી. અહીં શરીરમાં બગાડ થવાથી ડૉકટરો કાપે ખરા પણ તે શરીર કાપવું કે કાપવા યોગ્ય છે એમ તો ડોકટરો ન જ કહે. પ્રજામાં ગુનો કરનાર ચોરને ફાંસી પણ દેવી પડે તેથી પ્રજા ફાંસીને લાયક છે એમ તો રાજાથી ન જ કહેવાય, પણ પ્રજામાત્ર રાજાને પાળવા લાયક છે. હવે કોઇક વખત કોઇને કેદ કરવા પડે કે ફાંસી પણ દેવી પડે. રાજાનો ઉદ્દેશ પ્રજા પાળવા લાયકનો જ હોય, તેવી રીતે અહીં તીર્થંકરોનો આદેશ એજ હોય કે છએ જીવનિકાયોની થતી હિંસા દૂર કરવી. તેનાથી દૂર રહેવુ જોઈએ.

## પ્રમાદના યોગથી પ્રાણનો વિયોગ તેનું નામ હિંસા

હવે હિંસા એટલે તેમના પ્રાણનો વિયોગ **प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा" ( तत्त्वा० अ० ७, सू० ८ )** અહીં બીજાના પ્રાણનો વિયોગ ન થાય તેવી રીતે હિંસા નહિ કરીએ, પણ મારવું કૂટવું તેમાં વાંધો શો? વાત ખરી, પણ આગળ "**गोबलीवर्दन्यायेन**" ગો શબ્દથી ગાય, બળદ બંને આવે છતાં બલીવર્દ શબ્દ જુદો મૂકેલ હોવાથી ગોનો અર્થ ગાય જ થાય, તેમ અહીં હણ્ ધાતુનો અર્થ મરણ સુધી જાય છે, છતાં અહીં મારવું, તાડવું વગેરેમાં હનન કરવું આવી જાય, એટલે ઘા કરવો કે તેના કારણો મેળવવા તે તમોને લાયક નથી. હવે અહીં એકલું મારવાનું જ બંધ કરવું એમ નહિ, પણ "**न अज्जावेयव्वा**" એટલે આજ્ઞા ન કરવી. "**न परिघेतव्वा**" તાબે ન કરવા તેમજ પીડા ન કરવી, તેમ મારી પણ ન નાંખવા. આવી રીતે પાંચનો નિષેધ કેમ? એક જ હણવાના નિષેધથી નિષેધ આવી જાત, છતાં પાંચ નિષેધ કેમ કર્યા? વળી કયા કયા મતવાળાઓ કઇ કઈ રીતિએ જીવોને માને છે, અને તેથી પાંચ પ્રકારે નિષેધ કેમ અને સમકિતનું લક્ષણ શું તે અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન: ૩૬

## સર્વ જીવોને એક સરખો દુઃખનો ડર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ સુધર્મસ્વામીજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે જંબૂસ્વામીને આચારાંગસૂત્ર કહેતાં થકા જણાવે છે કે—શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે કહેલ અને મેં સાક્ષાત્ સાંભળેલ છે પણ કર્ણોત્કર્ણ સાંભળીને હું જણાવતો નથી. અહીં સાક્ષાત્ સાંભળીને જણાવું છું. તેમાં પ્રથમ પ્રભુ **મહાવીરે** જગતના ઉપદેશને માટે એ ઉપદેશ કર્યો કે મહાનુભાવો, તમો દુઃખથી સદા ડરો છો, જગતના જીવોના મનોરથો જુદી જુદી જાતના હોય છે પણ એક એવી ચીજ નક્કી છે, જેથી તેના મનોરથમાં કે કોઇ પણ જીવના મનોરથમાં ફરક પડતો નથી, પછી તે જીવ એકેંદ્રિય હોય કે પંચેંદ્રિયનો હોય અગર કોઈ પણ ગતિનો હોય. કઇ ચીજમાં ફરક પડતો નથી? તો કહે છે કે—દુઃખનો ડર. સૌ કોઇને એક સરખો છે. મીઠું ખાવાથી પાંચપચીશ દિન રાજી થાય. તે સદાકાળ ખાવાની ઇચ્છા ન થાય,

## દુઃખનાં દર્દ માટે જીવમાત્રના પ્રયત્નો

હવે ઇચ્છા માત્રથી કોઈ કાર્યો થતા નથી. કાર્યો બને કયારે? નીતિકાર કહે છે કે—કોઇપણ દિન કારણ સિવાય કાર્ય બનતું નથી. વળી બીજાનું કારણ તે કાર્ય બની જાય નહિ. માટી કે તાંતણો તે કારણ છે તેથી માટી તે કાપડ ન બને અને તાંતણામાં ઘડો ન બને. અહીં અન્ય કારણથી કાર્ય ન બને. જેમ કારણ વિના કાર્ય ન બને તેમ અન્ય કારણથી પણ કાર્ય ન બને. હવે કારણ મળવું જોઇએ અને તે પણ યોગ્ય કારણ મળે તો જ કાર્યની ઉત્પત્તિ થાય. હવે દુઃખના નાશ માટે સૌ કોઈ જીવ માત્ર મથે છે, પરંતુ જગત્ કરે છે શું? બાવળિયાનો કાંટો વાગ્યો તેથી કાંટા તરફ જુએ છે અને તે

કાંટાના રજેરજ ચૂરા કરે તેથી નહિ વાગે ને? કહો કે તેથી કંઇ ન વળે. જ્યાં સુધી બાવળિયો ઊભો હશે ત્યાં સુધી તમો કાંટાથી ન જ બચી શકો,

## દુઃખનું ઝાડ કાપવાની જરૂર

હવે તમોને જે દુઃખ આવે તેને દૂર કરવા મથો ખરા પણ તે દુઃખનું ઝાડ કયું? હવે કાંટાને તપાસ્યા વિના દુઃખ મટે જ નહિ. જે કંઇ દર્દ થાય તેના નાશ માટે પ્રયત્ન કરીએ પણ તેનું જે ઝાડ તે લક્ષમાં લીધું નથી. હવે જીવે સર્વ ભવોમાં દુઃખના નાશ માટે પ્રયત્નો કર્યાં છે છતાં દુઃખોનો નાશ થયો નથી. જો દુઃખનો નાશ થયો હોય તો દુઃખ રહેત પણ નહિ; પણ અહીં તો દરેક ભવમાં દુઃખ તો રહે છે, માટે તે દુઃખના કારણભૂત જે ઝાડ છે તેને કાપવા માટે, દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

## ભવોભવની ઉત્પત્તિ તે જ દુઃખનું ઝાડ

હવે દુનિયામાં આંબા, લીંબડા કે પીપળાના ઝાડો દેખાય છે પણ દુઃખનું ઝાડ તો દેખાતું નથી. તે માટે મહાનુભાવ, તીર્થંકર કહે છે કે—તે દુઃખનું ઝાડ તમારી પાસે ખુલ્લું જ છે. હવે તે કયું ઝાડ? **अत्थि मे आया उववाइए।** **આ સંસારમાં તમારી ભવોભવની ઉત્પત્તિ તે જ દુઃખનું ઝાડ છે.** હવે દુનિયામાં મરણ એ દુઃખનું ઝાડ કહેવાય છે. વળી મરણ બંધ થતું નથી. તેને બંધ કરવાનાં કારણો પણ નથી, છતાં તે બંધ કરવાના વિચારો કરવા તે શેખચલ્લીના મોં માથા વિનાના વિચારો સરખું છે. આપણે પણ જો મોતથી ડરીએ તો પછી તે મોંમાથા વિનાના શેખચલ્લીના વિચાર જેવું છે. જગત્ આખું મોતથી ડરે. આ મોતને તીર્થંકરો પણ રોકી શકતા નથી.

## જન્મ રોકાય તો જ મરણ રોકાય

સમ્યગ્દૃષ્ટિને મરણનો ભય હોતો નથી. સમ્યગ્દૃષ્ટિને જન્મવાનો જ ભય હોય છે. જો જન્મ રોકાય તો જ મરણ રોકાય. જન્મ્યો

તે તો મરણ પામવાનો છે જ. હવે જે વસ્તુ રોકાય તેવી નથી તેના માટે ભય રાખવો તે નકામો છે. હવે જન્મ એ ઉત્પત્તિવાળી ચીજ છે અને તે રોકાય તેમ છે. મરણ તે નિયમિત થવાવાળી ચીજ નથી. "**जातस्य हि ध्रुवो मृत्युः।**" જન્મેલાને મૃત્યુ અવશ્ય છે અને તેથી હજી રોકાય તો જન્મ જ રોકાય.

## ધાર્યો જન્મ લેવાતો નથી.

વળી સિદ્ધ મહારાજની ગતિને માટે અપુનરાવૃત્તિ કહીએ છીએ. અપુનર્મરણ બોલતા નથી. કારણ જન્મ રોકાય તો જ મરણ રોકાય. અને જન્મ ન રોકાય તો મરણ ન રોકાય, તેથી અપુનરાવૃત્તિ એટલે ફરી ન જન્મવું એવું સ્થાન સિદ્ધગતિ છે. હવે આ મારો આત્મા દરેક ભવના જન્મો કરે છે તેથી આત્મા જન્મ લેવાવાળો છે, એ સમજાયા પછી તે જન્મ લે છે શા માટે? હવે ધાર્યો જન્મ લેવાતો નથી. જેમ જગતની અપેક્ષાએ વિચારીએ તો માએ છોકરાના જીવને પસંદ કરીને કૂખમાં લીધો નથી તેમ છોકરો કંઈ માને પસંદ કરીને આવ્યો નથી. તેમ બાપે કુળમાં છોકરાને પસંદ કરીને લીધો નથી. અહીં કોઇની પસંદગીએ કોઇને આવવાનું બનતું નથી. અહીં માબાપ કે છોકરો કોઈ પણ પ્રથમ દેખીને, પસંદગી કરીને કુક્ષી કે કુળમાં આવતા નથી. છતાં એ બને છે કેમ? કહો કે કર્મના સંબંધને અંગે આ સર્વ બને છે.

## કર્મ તે સંસાર અને જીવ વચ્ચેનો દલાલ.

જેમ શેર બજારમાં દેવાવાળો લેવાવાળાને જાણતો નથી અને લેવાવાળો દેવાવાળાને જાણતો નથી પણ તે સર્વ દલાલ જાણે. તેવી રીતે અહીં પણ કર્મ આ સંસાર અને જીવની વચ્ચે દલાલું કરે છે. આપણે આગળ વિચારીએ કે જ્ઞાતિમાં સેંકડો ઘરો અને તેમાં સેંકડો છોકરા છોકરીઓ હોય છતાં અમુક વર અને અમુક કન્યા આની સાથે જ વરે તેનું કારણ શું? કહો કે પૂર્વના સંસ્કારો અહીં દુઃખનું ઝાડ કર્મ, અને સંસાર અને જીવના દલાલ તે કર્મ.

## કર્મ નોતર્યા વિના આવતું નથી

હવે પારકા હાથની બાજી છે તેમાં અમે શું કરીએ ? અહીં કર્મ દુઃખ આપનાર, ભવોભવ ભટકાવનાર છતાં તમારી જવાબદારી તેનાથી ખસી જતી નથી. હવે કર્મ એવું મૂછોવાળું છે કે બોલાવ્યા વિના, નોતર્યા વિના આવે જ નહિ. નોતરા વિના પગ મૂકે જ નહિ. વગર નોતરે કર્મ વળગી શકતું હોત તો સિદ્ધ મહારાજ કે કેવલિ મહારાજને પણ વળગી જાત, છતાં કર્મ મુછાળું છે તેથી તે નોતરા વિના વળગે જ નહિ. હવે નોતરા બે પ્રકારના હોય છે. વહીવંચાને નોતરું ન દેવું પડે. એ તો ઘરે નાત કરી કે તે તો હોય જ. વહીવંચાને જુદું ન દેવું પડે. નાતીલાને નોતરું તેડું કરવું પડે. તેમ અહીં મુછાળું કર્મ ખરું પણ તે વહીવંચાની જાતનું છે.

## ઇંદ્રિયોને આધીન જીવને કર્મનો વળગાડ

તમે અહીં ઇંદ્રિયોના વિષયોને આધીન બનો, મનના વેગમાં આધીન બનો ત્યારે જ આ કર્મ આવીને વળગે. પછી તે કર્મ છોડે નહિં. નાત જમાડો અને વહીવંચાને ન આપવું એ ન બને, નાત ન જમાડો એ તમારા હાથની બાજી મન અને ઇંદ્રિયને આધીન ન બનો એ તમારા હાથની બાજી. પણ જો તેના વિકાર કે વેગને આધીન બન્યા કે કર્મ લાગવાનું જ. હવે પંચાત થઇ. મોટા ઘરના લગ્ન હોય એટલે નાત કર્યા વિના છૂટકો નહિ અને તેમાં વહીવંચા આવ્યા વિના રહે નહિ. અહીં ઇંદ્રિય અને મનના ભાણાં તો વળગેલા જ છે. દરેક ભવમાં તે ઇંદ્રિયો વળગેલી જ હતી. એકે ભવમાં એણે તમને છોડયા નથી. અહીં તે ઇંદ્રિય છેટી રહી નથી. હવે સંજ્ઞી પંચેંદ્રિયના ભવમાં મન પણ લાગેલું જ હોય છે. હવે આવી રીતે મન અને ઇંદ્રિયો બંધ થાય નહિ અને તેથી કર્મબંધ થાય નહિ અને તેથી ભવચક્ર પણ રોકાય નહિ.

## માયકાંગલા બની નાહિંમત ના બનો !

બોચીને આંખ કેમ નથી અને તેનાથી શું વધારે ફાયદો નથી ?

છતાં તે સંબંધી વિચારજ કરતા નથી. હવે જે વસ્તુ અંગે પ્રયત્ન થાય નહિ અને પ્રયત્ન કરવા છતાં ફળ જ નથી તેના અંગે વિચાર જ ન હોય, તેમ અહીં ઇંદ્રિય અને મન સદા રહેવાનાં અને તેથી કર્મ થાય, તેથી ભવચક્રમાં રખડીને દુઃખ પામવાનું. એટલે હવે શો પ્રયત્ન ? વાત ખરી. તીર્થંકરો કહે છે કે–તમો માંયકાંગલા બની નાહિંમત ન બનો ! ભલે મન અને ઇંદ્રિયની જોડે તમે રહો છતાં કર્મ ન લાગે એવો પણ રસ્તો છે. જ્ઞાતિની ગોઠમાં જમાડે પણ તેમાં વહીવંચાનો લાગો ન હોય. ગોઠની જ્ઞાતિમાં તે તો ઊડી જ જાય. તેમ ઇંદ્રિયો તમારી જોડે રહે અને તમે પણ તેની જોડે રહો છતાં કર્મ ન લાગે તેવો રસ્તો આ ત્રીજા અધ્યયનમાં જણાવે છે.

## કામ, ક્રોધ કે લોભ માન વચ્ચે ના કૂદો !

બીજા અધ્યયનમાં કર્મ લાગે છે તે જણાવી હવે ત્રીજામાં શીતોષ્ણ નામ રાખીને કહે છે કે અનુકૂળ કે પ્રતિકૂળ વિષયો આ જીવને મળે તેમાં કૂદનારો કે રોનારો ન બન ! મનના કામ, ક્રોધ કે લોભ માનની વચ્ચે તું કૂદનારો ન બન ! હવે આમ કહીને ત્રીજા અધ્યયનમાં મન અને ઇન્દ્રિયોનો પરિચય છતાં કર્મથી દૂર રહેવા માટે જણાવ્યું પણ હવે પોતાને સમજવાનો બાકી રહ્યો.

## ચેતનના ત્રણ ખજાના

અહીં ચોથા અધ્યયનમાં જણાવે છે કે ચેતનના ત્રણ ખજાના છે. તે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ છે. તે ખોદીને કાઢવા જોઇએ. હવે તે ત્રણ ખજાનામાં એક ખુદ રત્નનો છે પણ બીજો એક ખજાનો દેખીતો કોલસા જેવો લાગે પણ તેમાં અમુક ચીજ નાંખો કે રત્ન બને. હવે ત્રીજો ખજાનો લોઢાનો છે પણ અમુક રસ નાખવાથી તે પણ રત્નરૂપ બને. હવે દર્શન તે સ્વરૂપે સુંદર છે પણ જ્ઞાન અને ચારિત્ર તે સ્વરૂપે સુંદર નથી પરંતુ સમ્યગ્દર્શન તેને સુંદર બનાવે.

## સમ્યગ્દર્શનનું મહત્ત્વ

હવે આ જીવમે અનંતીવાર ન્યૂન દસ પૂર્વ જેટલું જ્ઞાન

મળી ગયું. એ નવ ગ્રૈવેયકે જઈ આવ્યો છતાં કામ ન સર્યું, કારણ કે સમ્યગ્દર્શનરૂપી દવા છંટાણી નહોતી. હવે સમ્યગ્‌જ્ઞાન કે ચારિત્ર તે સમ્યગ્દર્શનના પ્રતાપે જ કામના છે. સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન કે ચારિત્ર કામ લાગતા નથી. હવે સમકિત શબ્દથી એકલું દર્શન જ લેવાય છે, કારણ કે સમ્યગ્દર્શનમાં જે સમકિતપણું છે તે પોતાના ઘરનું છે, પરાયું નથી. જ્ઞાન અને ચારિત્રમાં જે સમકિતપણું લેવાય છે તે ખુદનું નથી, પણ સમ્યગ્‌દર્શનનું કરેલું છે.

## દેવનો ઇજારો એકલા જિનેશ્વરને જ કેમ ?

હવે સમ્યગ્દર્શન ચીજ શી? જિનેશ્વર મહારાજને દેવ તરીકે, નિર્ગ્રંથ પંચમહાવ્રતધારી ગુરુમહારાજને ગુરુ તરીકે અને જિનેશ્વરે કહેલા ધર્મને ધર્મ તરીકે માનવો તે જ સમ્યગ્દર્શન કહેવાય. હવે તે વાત જૈન દર્શનવાળા માને પણ બીજા મતવાળાઓ તે માને શી રીતે? અહીં તમે જિનેશ્વરને માનવામાં સમકિત કહો તેમ હું બ્રહ્મા, વિષ્ણુ, શંકર કે મહાદેવને પણ દેવ માનવામાં સમકિત કહી શકું. દેવનો ઇજારો એકલા જિનેશ્વરને શી રીતે? ચાહે તેને દેવ માનવા એમ નહિ. ફક્ત જિનેશ્વર મહારાજને જ દેવ માનવા, બીજાને નહિ. અહીં દેવપણું રજિસ્ટર્ડ કેમ? તેમજ પંચ મહાવ્રતધારી ગુરુને જ ગુરુ અને જિનેશ્વરે કહેલો ધર્મ તે જ ધર્મ કહેવાય. બાકીનો નહિ એમ કેમ?

## જૈનોના દેવ, ગુરુ અને ધર્મની વિશિષ્ટતા

હવે જે દસ્તાવેજ રજિસ્ટર ન થયો હોય તેની કિંમત કંઈ નહી. અહીં દેવ, ગુરુ અને ધર્મ જિનેશ્વરે કહેલ તે જ રજિસ્ટરવાળા છે. હવે અહીં રજિસ્ટર થવાનું કારણ શું? જિનેશ્વર મહારાજમાં દેવપણું, તેમણે કહેલા ગુરુઓનું ગુરુપણું અને તેમણે પ્રરૂપેલો ધર્મ તે જ ધર્મ એ ત્રણનું રજીસ્ટર કેમ? તો કહે છે કે ભૂતમાં થયા, ભાવિમાં થશે અને વર્તમાનમાં છે તે સર્વ તીર્થંકરોનો એજ આદેશ છે કે " **सव्वे भूआ जीवा पाणा सत्ता न हंतव्वा** "। હવે

પોતાના દાગીનાને સૌ કોઈ સારો કે ચઢિયાતો કહે ખરા, પણ તેથી કંઇ ન વળે, પણ જેનો કસ સારો આવે તે જ દાગીનો ઉત્તમ ગણાય. વળી અહીં દેવપણામાં કસ કયો ? તો કહે છે કે સર્વે પ્રાણીઓ ન હણવા. વાણી દ્વારા જગતમાં જેમ કુળ ઓળખાય તેમ અહીં પ્રથમ દેવની વાણી લો. જગતમાં ધર્મો ઘણા છે પણ કોઇ ધર્મમાં પ્રથમ આ વસ્તુ કહેવામાં આવી છે ખરી ? અન્ય કોઇ દેવ, ગુરુ કે ધર્મે આ વાત કરી છે ખરી કે જગતના જેટલા પ્રાણીઓ, ભૂતો, જીવો કે સત્ત્વો છે તેમાંથી કોઇને પણ મારવાનો અધિકાર કોઇને પણ નથી ? આવું બોલનાર શૈવ, વૈષ્ણવાદિમાં હોય તો બતાવો !

**બ્રાહ્મણો અને વૈષ્ણવોની માન્યતા.**

હવે બ્રાહ્મણોનો વિચાર કરીએ. તેઓ માને છે કે યજ્ઞને માટે જ બ્રહ્માજીએ આ જાનવરો બનાવ્યા છે. હવે અહીં પશુને હોમવા લાયક ગણે તે ક્યા મુખે બોલે કે સર્વ જીવો હણવા લાયક નથી ! વળી બોકડામારૂ ધાગાપંથીઓ જે જનોઇ રાખે છે તે કોઇ દિન એમ નહિ બોલે કે સર્વ પ્રાણીઓ સ્વતંત્ર છે. કોઇને તે હણવા લાયક નથી, એમ અહીં બોલશે જ નહિ. વૈષ્ણવને અંગે વિચારીએ તો તેઓ વિષયાનંદથી જ પરમાનંદી માનનારા છે. તેઓ વિષયમાં એટલા બધા રાચેલા છે તેથી તેઓ કેમ બોલે કે સર્વ પ્રાણીઓ હણવા લાયક નથી ? વળી જે હથિયાર અને સ્ત્રીઓને પાસે રાખનારા છે તેવા શંકરાદિ કેમ બોલે કે જગતમાં કોઈ પણ પ્રાણી કોઇથી પણ હણવા લાયક નથી ? હવે અહીં રજિસ્ટર વિનાનું દેવપણું છે સ્ત્રી રાખનારાને ત્યાં. હથિયાર રાખનારાને ત્યાં જે દેવપણું મનાય તે પોતાના ઘરનું છે. સર્વ જીવો ન હણવા એવું તેઓ આચરી શકે નહિ, બોલી પણ નાહ શકે.

**अहिंसा परमो धर्मः ।**

હવે અહીં '**अहिंसा परमो धर्मः**' એ વાત તો સર્વ કોઇ માને છે. વળી **न हिंस्यात् सर्वभूतानि**' એ પણ શ્રુતિવાક્ય છે,

છતાં જૈન ધર્મમાં જ આ દેવાદિ પદો રજિસ્ટર કેમ? વાત ખરી, પણ જગતમાં એક વસ્તુને અંગે કોઈ કહે કે મારી અને બીજો કહે કે મારી પણ તે મળે કોને? પુરાવાથી જેની સાબિત થાય, પુરવાર થાય તેનેજ તે મળે. વળી જે પુરાવાથી સાબિત ન કરે અને મારી કહીને આવેલો હોય તે ગળે પડનારો ગણાય. તેમ અહીં અહિંસા પરમો ધર્મઃ એ પદ બોલીને ઇતરો ગળે પડનારા છે. ખરેખર તો તે માલિક નથી. તે શી રીતે? ધારો કે એક દાગીના અંગે તકરાર થઈ હોય તો પછી પૂછવામાં આવે કે આ દાગીનાનું સોનું લીધું ક્યારે? તે બનાવ્યો ક્યારે? આ વિગેરે પૂછતાં સાચી વાત ખ્યાલમાં આવી જાય.

## જૈન શાસનમાં હિંસા ટાળવાના સાધનો

હવે હિંસા ટાળવાનાં સાધનો ક્યા વૈષ્ણવ કે બ્રાહ્મણ પંથમાં લીધા છે? જૈન શાસનમાં હિંસા ટાળવા માટે ઓઘો, મુહપત્તિ, ડંડાસણ, પલ્લાં આદિ વસાયેલાં જ છે. શ્રાવકો અંગે લાકડાં છાણાં પૂંજવા, ચંદરવા રાખવા, ગળણા રાખવા, આ સર્વ ચોપડાનો દાખલો છે. અહીં મારા જ દાગીના છે એમ કહીને બેસે તે કામ ન લાગે, તે માટે તો પુરાવા જોઇએ. કોઈપણ ઇતર ધર્મમાં ત્યાગી કે ભોગીને અંગે દયાનું સાધન હોય તો બોલો. અહીં જૈન શાસનમાં ઇર્યાસમિતિ આદિ પાંચે સમિતિઓ દયાને માટે જ રાખેલી છે, જેમ દયાને માટે જૈનશાસને આચાર બતાવી સાધનો બતાવ્યા છે તેવી રીતે ઇતર કોઇ પણ મતે તેના સાધનો કે રસ્તા બતાવ્યા હોય તો બતાવો! સાધન કે આચાર કહ્યા વિના દયા પોકારવી તે તો એક પોતાનો મત ભભળવા પૂરતું છે.

## સ્થાનકવાસીઓમાં વિકલેન્દ્રિયનું કસાઇખાનું!

સ્થાનકવાસીઓમાં આઠમ ચૌદસ પાળવા માટે દહીં ગાંઠિયા પ્રથમ વાપરે. અહીં વિકલેંદ્રિયનું કસાઈખાનું. આનું કાળવ્યતીત થયેલું ખાવાનું સુઝે છે કેમ? વળી ગાંઠિયા અને દહીં ખાવા અને

દયા પાળવી એમ કહેવું તે કેવળ શબ્દમાત્ર છે. તેમ અહીં દયાના સાધનો કે આચારો કહ્યા વિના " **अहिंसा परमो धर्मः** " પદ બોલે તે ગળેપડુ છે. જો તેમને સાક્ષાત્ અહિંસાનો ધર્મ પાળવો હોય તો તેના સાધનો અને આચારો બતાવે, અહીં જૈન શાસનમાં હિંસાથી થતાં નુકસાનોનાં દૃષ્ટાંતો સેંકડો મળશે. વળી ફાયદાના દ્રષ્ટાંતો પણ જોઈએ તેટલા મળી આવશે. હવે ઈતરોમાં સાધનો, આચાર દયા પાળવાના નથી, તેમ નુકસાન કે ફાયદાના દૃષ્ટાંતો નથી. તેથી ગળેપડુઓ દયા માટે હક કરવા આવે તેના જેવો બીજો મૂર્ખ કોણ ?

## ધાગાપંથીઓની મેલી રમત

હવે જૈનો તરફથી દયાનું જોર દેખ્યું ત્યાં ધાગાપંથીઓ સમજ્યા કે ઘૂસ્યે છૂટકો, એટલે **બુદ્ધનો** અવતાર અને **ઋષભદેવ** પણ અવતારી છે એવું, અને મુસ્લિમોનું જોર વધ્યે અલ્લા ઉપનિષદ વિગેરે તે ધાગાપંથીઓએ ઘૂસાડી દીધું. તેમ અહીં જૈનોનાં બળે પણ અહિંસા પરમો ધર્મ એ પદ ઘૂસાડી દીધું. હવે પ્રથમથી જ દયાને માનતા હોત તો તે દયાના સાધનો–આચારો કે તે અંગેના દૃષ્ટાંતો આદિ હોત ને ? પણ કંઈ જ નથી. તેથી કહીએ છીએ કે દેવપણું અહીં જૈન શાસનમાં જ રજીસ્ટર થયેલ છે તેથી સર્વે પ્રાણીઓ હણવા લાયક નથી એમ ઢંઢેરો પિટાવ છે.

## સાધુઓ નદી ઉતરે પછી ઈરિયાવહિયા શામાટે ?

હવે સમજી શકીશું કે સાધુઓ સંયમના પાલનને માટે વિહાર કરી નદી ઊતરે તેમાં ઈરિયાવહિયા કહી મિચ્છામિ દુક્કડં માગે, અહીં વિષય માટે કે રાજ્યાદિ માટે વિહાર નથી કર્યો છતાં મિચ્છામિ દુક્કડં કેમ ? વાત ખરી, પણ મૂળ સિદ્ધાંત એ છે કે કોઈ પણ પ્રાણી કોઈ પણ જીવને ન હણે. હવે એ સિદ્ધાંત હોવાથી નદી ઊતરતાં થયેલી વિરાધના જાણીને કરેલી છે એટલે ઈરિયાવહિયા કરે. હવે સો ડગલાં ચાલે તો પણ ઈરિયાવહિયા પડિક્કમે. ગુરુમહારાજને મળશું એમ બોલનારા ઘણા છે પણ તેમણે એમ વિચારવું જોઈએ કે દર્શને

જઇશું, વ્યાખ્યાન સાંભળીશું. હવે સો ડગલાં ચાલે તેમાં અજાણતાં વિરાધના થઈ. જે મરી ગયા તે જીવતા થવાના નથી છતાં ઇરિયાવહિયા કેમ કહો છો ? તો કહે છે કે સિદ્ધાંત છે કે જગતના સર્વ પ્રાણીઓ હણવા લાયક નથી એ હું નક્કી સ્વીકારું છું અને સાથે માનું છું, તેથી ઇરિયાવહિયા કહીને માફી માગું છું. તે પણ કોની ? તો કહે કે અજાણપણે થયેલી વિરાધનાની, હવે જે કાચા પાણી કે લીલોતરીનો સંઘટ્ટો થયો હોય તો તેની તો પાછી આલોયણ લો. અરે, પ્રાયશ્ચિત્ત લો છો, માટે કોઈ પણ પ્રાણી હણવા લાયક છે એ માન્યતા ન રહેવી જોઇએ.

## વિરાધના માટે આલોયણ અને પ્રાયશ્ચિત્ત

આ વાત ખ્યાલમાં રાખશો ત્યારે જણાશે કે ખુદ ભગવાનની પૂજામાં **હરિભદ્રસૂરિજી**એ કહ્યું કે–પૂજાથી પાપ થાય છે તો શું પૂજા ન કરવી ? હવે છોકરો જ્યાં જન્મે ત્યાં વિવાહનું ખર્ચ આવે. હવે આગળ વંશ ટકવાની જે કિંમત છે તેની આગળ વિવાહાદિના ખર્ચની કંઈ પણ કિંમત નથી. તેમ અહીં તીર્થંકર મહારાજનું બહુમાન કે તેના સન્માનને માટે જે શુભ પરિણામ તે અસંજમથી થાય છતાં તે બહુ ફળને આપનાર છે તેથી કર્મબંધવાળી પણ પૂજા કરવી. અહીં પૂજા જેવા ધર્મકાર્યમાં કે સંયમના પાલનમાં થતી હિંસા તેને માટે વળી પ્રાયશ્ચિત્ત. અહીં આલોયણ ને પ્રાયશ્ચિત્ત બંને કરવા પડે. નદી ઉતરીએ તેમાં સંયમાદિ માટે વિરાધના થાય અને ફળાદિ લઇએ તેમાં પૂજાદિ માટે વિરાધના થાય. હવે આવા ધર્મકાર્યમાં વળી પ્રાયશ્ચિત શું ? વાત ખરી. તમો ઉત્તમ કાર્ય કરો તેમાં જે વિરાધના થાય તે ત્યાગ કરવા લાયક છે તેથી પ્રથમ ઇરિયાવહિયા કહી પડિક્કમો એમ શાસ્ત્રકારે રાખેલ છે, તેમાં સિદ્ધાત એ છે કે જગતમાં જે જે પ્રાણીઓ છે તે સર્વનો કોઇથી ઘાત થાય નહિ, કે તેમને પીડા કરી શકાય જ નહિ. વાત ખરી, મારીએ નહિ, પણ દાબી રાખીએ તો ? તેના માટે કહે છે કે કોઇને હુકમમાં પણ

રખાય નહિ. જગતમાં સર્વ પ્રાણીઓ સ્વતંત્ર છે તેથી કોઇની પણ તાબેદારીમાં કોઇને રાખવાના નથી.

## કોઇને પણ તાબેદારીમાં ન રાખવાનું જૈનશાસનનું ફરમાન

હવે ગુરુને વંદન કરો તેમાં સીધું જ 'મત્થએણ વંદામિ' કહો તો ચાલે ને? તો કહે છે કે ના. પ્રથમ ઇચ્છામિ...પદ બોલી આજ્ઞા માગો છો ને? સુખશાતા પૂછવામાં પ્રથમ ઇચ્છકાર......પદ બોલી આજ્ઞા માગો છો તે શું? કહો કે પ્રશ્નનો ઉત્તર લેવા જેટલું દબાણ પણ નથી. આપની ઇચ્છા હોય તો જ ઉત્તર આપો. અહીં વિચારો! ફક્ત સુખશાતાના ઉત્તરની ફરજ પાડવા તૈયાર નથી. માત્ર સુખશાતાના પ્રશ્નનો ઉત્તર દેવો કે ન દેવો તેની ફરજ નહિ. મન માને તો જ જવાબ આપો! અહીં બીજા ઉપર હુકમ નાંખવા માટે શાસ્ત્રકાર કેટલી સાવચેતી રાખે છે. દસ સામાચારીમા પ્રથમ ઇચ્છાકાર નામની બતાવી છે, એટલે જે કંઈ કરો કે કરાવો તે હુકમથી નહિ. જેમ ઇરિયાવહિયામાં પણ ઇચ્છકારેણ સંદિસહ......'બોલીને પડિક્કમે' કહે ત્યારે પાછો ઇચ્છં પદ બોલે છે, તેવા પદો જૈન શાસનમાં જગો જગો પર મૂકેલા છે અને તેથી આ એક જ શાસન એવું છે કે કોઈની ઉપર કોઈ પણ હુકમ ન કરે. એવા સિદ્ધાંતને માનનારું આ જૈન શાસન છે.

## સચિત્ત પરિગ્રહ

જૈન શાસનમાં તમામ ક્રિયામાં ઇચ્છં...વિગેરે પદો રહ્યા છે. અરે, સામાયિક લેવામાં પણ તે પદો રાખ્યા છે. હવે "**न अज्जावेयव्या**" પદને જે ન સમજે તેને **इच्छं** પદ ન ગમે પણ જે મનુષ્ય બારીક દૃષ્ટિવાળો હોય અને જિનેશ્વર મહારાજનો ખરેખરો દેવપણાનો સિદ્ધાંત અબાધિતપણે સમજતો હોય તેને દરેક વચન જૈન શાસનની નિશાનીરૂપ લાગશે. આથી કોઇએ કોઇની પણ આજ્ઞામાં રહેવાનું છે જ નહિ તેમ આજ્ઞા ચલાવવાની પણ નથી. હવે ગાયો, ભેંસો પર આજ્ઞા કોણ ચલાવે છે તેમજ તેઓ આજ્ઞા ક્યાં માને છે? વાત ખરી પણ જેનો વાડો કે મકાન હોય તેના કબજામાં તો

તે કહેવાય તેથી કહેવાય છે કે "**न परियेतव्वा**" એટલે દુઃખી ન કરવા, અને તેથી સચિત્ત પરિગ્રહ જુદો કહેવો પડે.

## જાનવરોને તાડનતર્જનની મનાઇ

જગતમાં સચિત્ત અને મિશ્ર એ બે જ પરિગ્રહ કહેલા છે. જે જીવ હોય તે શરીરવાળો હોય, તે મિશ્ર હોય અને એકલું શરીર તે અચિત્ત ગણાય. આ બે પ્રકારે જ પરિગ્રહ હોય. અરૂપી જીવ તો ગ્રહણ કરી શકાય જ નહિ. અહીં પુદ્ગલ જોડે જીવ રહેલ હોવાથી જીવને સચિત્ત પરિગ્રહરૂપે માન્યો છે. શરીરના પુદ્ગલોને મિશ્રતા ન ગણી, પણ તે શરીરના પુદ્ગલોને સચેતન તરીકે માન્યા છે, કારણ કે સિદ્ધાંત એ છે કે કોઇ પણ જીવ શરીરને ધારણ કરનારો હોય તેને કબ્જામાં રાખી શકાય નહિ. આથી તાડનતર્જનની મનાઇ, હુકમ કરવાની મનાઇ, પોતાના તરીકે ગણવાની પણ મનાઈ. હવે અમારા પણ નહિં ગણીએ પણ ખાડો ખોદી દઇએ અને આવે તેમ એમાં પડે તો ચાલેને ? આમાં અમે હુકમાદિ કરતા નથી. વાત ખરી. એને લાકડીથી ન મારો, હુકમમાં ન લો, કબ્જામાં ન લો તેથી જૈન શાસનનો સિદ્ધાંત માન્યો એમ નથી પણ એવો કોઇ પણ પ્રયત્ન ન કરવો કે જે પ્રયત્નથી એ જીવોને પરિતાપ–દુઃખ ઉત્પન્ન થાય.

## પિચકારી દઇને પ્રાણ ન કઢાય.

જગતના સર્વ જીવો કિલામના કરવા લાયક નથી અને તેથી કિલામના ન કરવી તે પ્રભુનો હુકમ છે. હવે જેમ પિચકારી મારવી તેમાં હુકમ, તાબેદારી કે પીડા કંઇ પણ નથી, તેલમાં માખ પડે કે ખલાસ થાય તેમ કરી લે, પિચકારી દઇને પ્રાણ કાઢી નાંખે તે સ્થિતિ આ શાસનમાં નથી માટે કહે છે કે "**न उद्दावेयव्वा**" જીવિતનો નાશ કોઇ પણ પ્રકારે ન થાય. નાશ થાય તેનો ઉપયોગ કોઇ પણ જીવનો ન કરવો. આવી રીતે પાંચે પ્રકારથી જીવોની હિંસા અટકાવવી. આ પાંચ વસ્તુ પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ રૂપની સમજણ અને તીર્થંકરનું દેવપણું, પંચમહાવ્રતધારીનું જ ગુરૂપણું કેમ અને તેમનો

પ્રરૂપેલો જ ધર્મ કેમ ? આ સર્વ વાત **સુધર્માસ્વામી** કોની આગળ કેવી રીતે કહેશે તે અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન: ૩૭

## ધર્મ પામ્યા અગાઉની જીવની પ્રવૃત્તિ

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** જંબૂસ્વામીજી આગળ **આચારાંગ** સૂત્રની રચના કરતા થકા આગળ જણાવી ગયા કે ભગવાન્ **મહાવીરે** જગતના ઉપકારને માટે જે સંદેશો ને આદેશ કહેલો તે જ સંદેશો ને આદેશ હું અહીં કહું છું. એ મેં ઉપજાવેલો નથી. ભક્તોએ તેમની મહત્તા ખોટી ગાઇ નથી. સાક્ષાત્ ભગવાન્ **મહાવીરે** ચોખ્ખી ભાષામાં ને યુક્તિથી જગતને સંદેશો જણાવ્યો. કયો સંદેશો ? પહેલાં ભગવાન્ **મહાવીર** મહારાજા જણાવે છે કે દરેક ભવમાં, દરેક જાતિમાં આહાર, શરીર, ઇંદ્રિયો અને તેના વિષયો જાણવામાં, તપાસવામાં, મેળવવામાં આ જીવ તત્પર થયો છે. જીવના બધા ભવો વિચારીએ, ધર્મને નહિ જાણનારા જીવો તરફ નજર કરીએ તો શું માલૂમ પડે ? આપણે ધર્મ ન્હોતા જાણતા ત્યારે આપણે સવારે ઊઠીને રાતે સૂઇએ ત્યાં સુધી શું કરતા હતા તે પ્રવૃત્તિ તપાસો ! આપણે શી પ્રવૃત્તિ કરતા હતા ? આહાર, શરીર, ઇંદ્રિયો વિગેરે પાંચ પ્રવૃત્તિ ચાલુ હતી. જે પ્રવૃત્તિ જગતના જીવોની છે તે પાંચ પ્રવૃત્તિમાં પ્રવૃત્ત રહેતા હતા. આપણે ધર્મ ન્હોતા પામ્યા ત્યાં સુધી આ પાંચ પ્રવૃત્તિ હતી, તે સિવાય છઠ્ઠી ન હતી.

## જન્મથી ઘડપણ સુધીની પ્રવૃત્તિ

ભગવાને જણાવ્યું કે આહાર, શરીર, ઇંદ્રિયો, તેના વિષયો અને સાધનો એ પાંચને જાણવાનું, સાધવાનું આપણે અનાદિ કાળથી રાખ્યું છે. છોકરું જન્મે ત્યારથી ધાવણું હોય ત્યાં સુધી 'મા, મા' કરે પણ જ્યારે ગોઠિયામાં જોડાય ત્યારે મા તેને ખોળવા જાય. જે

જીવ પહેલાં 'મા, મા, મા' કરતો અને આગળ ગોઠયામાં જોડાતો, તે જ્યારે ભણવા બેઠો ત્યારે માને તેમજ ગોઠિયાને છોડીને તેણે માસ્તરને પકડ્યા અને બે અક્ષર ભણ્યો ત્યારે વેપારમાં જોડાયો. પછી ઘરડો થયો ત્યારે મા, ગોઠિયા, માસ્તર કે ધંધાની ગણતરી ન કરતાં 'મારે આમ ને મારે તેમ' એમ કહે છે.

### ભવોભવની રખડપટ્ટીથી ચેતો !

જગતમાં દિનચર્યા, માસચર્યા, વર્ષચર્યા ન દેખતાં જિંદગીની ચર્યા દેખો. અનાદિ કાળથી તમો અહાર, શરીર, ઇંદ્રિયો તેના વિષયો અને સાધનોમાં એવા તો પલોટાઇ ગયા છો કે તેના તરફ જોવાનું મન થતું નથી. તેનાં સાધનો તો દૂર રહ્યાં પણ તેને જાણવાનો ટાઇમ પણ તમને મળતો નથી માટે ભગવાન મહાવીરે પહેલો આદેશ એ કર્યો કે—આ જગતમાં તમે તમને જુઓ ! હું આ ભવોભવ રખડતો, છું તે જુઓ ! હું ભવોભવ રખડતો છું તે જોશો તો તરત ચેતશો !

### ખસ ખણીએ ને બળતરા થાય તેમાં નખ જવાબદાર ?

જગતમા બે પ્રકારે ચીજ બને. કાં તો પોતાની ને કાં તો પારકી. તેમ આ જગતનાં જીવ કાં તો પોતાની મેળે ભટકે કે પારકો ભટકાવે. આપણે ખસ ખણીએ ને બળતરા થાય તેમાં નખ જવાબદાર છે. ખસ ખણવાથી જે લોહી વિકાર થયો તેમાં આપણી ઇચ્છા નથી, બીજાએ તે કરેલ નથી. આપણે હાથ કબજામાં ન રાખ્યા તેથી આપણે જ આપણા કૃત્યો કર્યાં છે.

### મન અને ઇંદ્રિયોના કબજામાં ફસાયેલો આત્મા

આ જીવ પોતાની મેળે ભવચક્રમાં રખડે છે. બીજો કોઇ એને રખડાવતો નથી પણ પોતાના કૃત્યોથી જ એ રખડે છે, માટે શાસ્ત્રકારે બીજા અધ્યયનમાં જણાવ્યું કે મન તથા પાંચ ઇંદ્રિયો પાડોશીની ચાલે જ ચાલે છે તો તે શું ઉકાળવાના છે? આ મન માંકડું છે. વળી ઉદ્ધત ઘોડા પર ચડવું છે તો પછી માંકડાની અને ઉદ્ધત ઘોડા-

ની માફક જ થાય. હવે બીજા અધ્યયનમાં બતાવ્યું કે જો તારે આથી બચવું હોય તો મન તથા ઇંદ્રિયના કબજામાં ન જા ! આ આત્મા મન અને ઇંદ્રિયના કબજામાં ફસાઈ પડયો છે તેમાં તેની વારી ક્યાં આવે ? આત્મા ઇંદ્રિયો અને મનની સોબત ન કરે તો તેને ફસાવાનું નથી. પણ તેની પાસે એક પણ ચીજ નથી કે તે મન અને ઇંદ્રિયોમાં ફસાઈ ન પડે. જેમ વાણિયો બાંડિયાના ટોળામાં 'આ ફસા ભઇ આ ફસા' બોલે છે તેમ સંજ્ઞી પંચેન્દ્રિય જીવ મન અને ઇંદ્રિયોમાં ફસેલો હોય ત્યાં સુધી તો એ ફાંસામાંથી નીકળવાનો નથી એ ચોક્કસ છે. માટે શાસ્ત્રકારે કહ્યું કે ઇંદ્રિયોને અનુકૂળ વિષયો મળે તો નાખુશ થવું નહિ, સંજ્ઞી પંચેન્દ્રિય મન વગર ચાલી શકતો નથી, કોઇ પણ જાતિવાળો જીવ ઇંદ્રિય વગર ચાલી શકતો નથી. ઇંદ્રિયની પ્રવૃત્તિ અને મનની પ્રવૃત્તિ હમેશાં રહેવાની છે. ઇંદ્રિયોને અનુકૂળ વિષય હોય તો પણ 'આ ફસા' એમ તું કહે,

## કર્મની બાજીને સમજ !

હવે સંવેગમાં મોક્ષાભિલાષા થાય. નિર્વેદમાં ચારે ગતિના સુખ આવે તો ફસામણ અને દુઃખ આવે તો પણ ફસામણ. અનુકૂળ હોય તો પણ ફાંસો ને પ્રતિકૂળ હોય તો પણ ફાંસો. આત્માને જાણનારે સર્વ પ્રવૃત્તિમાં 'આ ફસા' ગણે તેનેજ સમકિત હોય. માટે ત્રીજા અધ્યયનમાં કહ્યું શીતોષ્ણ. ચાહે તો અનુકૂળ મળે, ચાહે તો પ્રતિકૂળ મળે તો પણ તું ફસા ના ! અનુકૂળ મળે તો અને પ્રતિકૂળ મળે તો પણ તે તારી બાજી નથી. હવે તું કર્મની બાજીને સમજ ! કોઇને ક્રોડ મળે તો કોઈના ક્રોડ જાય પણ ચોપડામાં લખવાનું નથી ને ? આત્માને સર્વાર્થસિદ્ધ જેવા સુખો મળે અથવા તો નારકીનાં દુઃખો મળે તો પણ આત્માના ચોપડામાં લખવાનું નથી.

## આત્માની પોતાની ત્રણ ચીજો

આત્માની પોતાની ત્રણ ચીજો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. સમ્યગ્દર્શન સુંદર છે તેથી તે સમકિત કહેવાય છે.

સમકિત શબ્દ જે શાસ્ત્રકાર અને આપણે કહીએ તો તે સમ્યગ્દર્શનને-જ કહીએ છીએ. સમ્યગ્દર્શન હોય તો જ્ઞાન અને ચારિત્રનું સુંદરપણું છે, પણ સમ્યગ્દર્શન ન આવે ત્યાં સુધી સમ્યગ્-જ્ઞાન અને સમ્યક્ ચારિત્રનું કાંઈ નહિ ? સમ્યગ્જ્ઞાનમાં સુંદરપણું છે તે પોતાના ઘરનું નથી. સમ્યક્ ચારિત્રનું સુંદરપણું તે પોતાના ઘરનું નથી પણ સમ્યગ્દર્શનનું જે સુંદરપણું તે પોતાના ઘરનું છે.

## સુદેવ, સુગુરુ અને સુધર્મની જ માન્યતા

તમે જિનેશ્વર ભગવાનને દેવ માન્યા, સુગુરુને ગુરુ માન્યા અને ભગવાને કહેલો ધર્મ માન્યો, તે ચોક્કસ તમારા કુલાચારે જ. આ માન્યતાએ સમકિત છે. બીજાને એટલે કુદેવ, કુગુરુ અને કુધર્મને સમજીને કુદેવ, કુગુરુ અને કુધર્મ તરીકે માનો અને સુદેવ, સુગુરુ અને સુધર્મને સમજીને સુદેવાદિ માનો તો સમકિત. બાળક રમકડા તરીકે સાચા હીરાને પકડીને પછી કાચને હીરા તરીકે પકડે છે. કોઇ વખત બળાત્કારથી કે ગમે તે રીતે કુદેવ, કુગુરુ અને કુધર્મને માનીએ છીએ. પણ ખરી વાત એ છે કે સુદેવ, સુગુરુ અને સુધર્મને કિંમતી સમજીને સાચા માને તો જ સમકિતી. કુદેવ, કુગુરુ અને કુધર્મને કુદેવ, કુગુરુ અને કુધર્મની કિંમત પ્રમાણે જ સમકિતી માને. જેઓએ 'ઊઠોરે મુરારિ' કહી, મૂર નામના દૈત્યને માર્યો તેથી પરમેશ્વર માન્યા તેઓએ મારઝૂડ, ચોરી ચકારી વિગેરેથી પોતાની મહત્તા ગવરાવી છે.

## ગોવાળિયાની સ્ત્રીઓના ચીર ચોરનારો પરમેશ્વર ?

**મુક્તાવલિના** મંગલાચરણમાં કૃષ્ણને વિદ્વાને નમસ્કાર કર્યો છે. તેમાં જણાવ્યું છે કે નવા અષાડ મહિનાના કાળા વરસાદના વાદળા જેવી કાંતિવાળા, ગોવાળિયાની જુવાન સ્ત્રીઓના પહેરવાના ચીર ( ઘાઘરા, સાલ્લા અને ચોળીઓ ) ચોરનારો. તેમને પરમેશ્વર માન્યા ? શું પરમેશ્વરની મહત્તા ગોવાળિયાની સ્ત્રીઓના ઘાઘરા અને સાલ્લા વગેરે ચોરવામાં છે ? કયે રસ્તે પરમેશ્વરપણું માન્યું ? જૈન

શાસને જગતના દેવોથી વિલક્ષણની રીતિએ પરમેશ્વરપણું માન્યું છે. જગતના જીવોને બચાવવાની રીતિએ જ પરમેશ્વરપણું માન્યું છે.

**કુદેવ અને સુદેવનું સ્વરૂપ**

નાટકિયા તરીકે શેષનાગને ગળે વીંટાળવામાં મહત્તા જણાવી. એવાને તો કુદેવ જ માનવા પડે. જેની મહત્તા આખા જગતના જીવોને અંગે અહિંસા કહેવાની છે તેથી તેમને સુદેવ માનવા અને જેની અંદર આવી અહિંસા નથી તેમને કુદેવ માનવા સંગમ જેવો ઉપસર્ગ કરનારો, જેણે આબરૂ ઉપર હાથ નાંખ્યો, જેણે તપસ્યાના પારણા અંગે આડખીલી નાંખી, તેવા પ્રત્યે પણ તીર્થંકર ભગવાન શું વિચારે છે? આ બીચારા જીવની ગતિ શી થશે? જેને જગતના રક્ષણને અંગે મહત્તા લેવી છે અને જેને જગતના ઢંઢેરા તરીકે મહત્તા લેવી છે તો તેવી મહત્તા કોની માનવી? જો કર્મનો નાશ કરવાનો મુદ્દો કોઇ પણ જગોએ રહેલો હોય તો તે સુદેવમાં જ છે, તેથી તેમને પરમેશ્વર કહેવા તે પ્રમાણે અહીં સમ્યક્ત્વનું સ્વરૂપ જણાવ્યું. તે પછીનો અધિકાર આગળ જણાવાશે.

---

# વ્યાખ્યાન : ૩૮

## તમારા સંસારનો છેડો કેમ આવતો નથી?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **આચારાંગ સૂત્રના** ચોથા અધ્યયનની રચના કરતાં થકા જંબૂસ્વામીજીને કહે છે કે-ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનશ્રી **મહાવીરે** જે કહ્યું તે પોતે આચરી, ફળ પ્રાપ્ત કરીને યુક્તિ, દલીલથી સમજાવી, જણાવ્યું તે મેં સાંભળ્યું છે અને તે હું કહું છું. ત્યાં કહે છે કે પ્રથમ એ સંદેશો કહ્યો કે મહાનુભાવો, તમો અનાદિકાળથી આહાર, શરીર, ઇંદ્રિયાદિ માટે કાળજી

રાખનારા તો છો જ. તેની કાળજી કોઇ બીજો કરાવતો નથી. આપોઆપ તમો દરેક ભવમાં ખુદ પોતે તેની કાળજી રાખો છો. હવે તે કાળજીમાં જો તત્ત્વ મળી શકતું હોય તો તમે કહો ! અનંતાનંત વખત અનંતા ભવોમાં આહાર, શરીરાદિ તેમજ ઇંદ્રિય અને તેના વિષયોની કાળજી રાખવા છતાં તેનો છેડો આવ્યો નહિ.

### ભવસાગરમાં રખડાવનાર કોણ ?

તેમાં પ્રથમ વિચારો કે આહારાદિની કાળજી રાખવાથી સંસારનો છેડો આવતો હોત તો તે કયારનો ય આવી જાત. કઇ કાળજી રાખવાથી સંસારનો છેડો આવે ? **આ મારો આત્મા ભવોભવ રખડવાવાળો છે, આથી તેની કાળજી કરૂં તો જ સંસારનો છેડો આવે.** પણ તે કાળજી તમોએ કોઇ દિન કરી જ નથી. હવે જમીનથી ખેતી ખરી પણ એકલી જમીન લેવાથી કંઇ ન વળે. એટલે જમીન લઇને બેસવાથી વગર ખેતીએ કંઇ કોઈનો નિભાવ ન થાય. હવે જમીન લેવી જરૂરી છે પણ સાથે કુટુંબના નિભાવ માટે ખેતી આદિ ક્રિયાઓ કરવી પડે. હવે અહીં હું કાળજી કરું પણ તે એકલી કાળજી કામ ન લાગે. તેની સાથે હું ભવસાગરમાં રખડું છું અને તે શાથી ? રખડાવનાર કોણ ? એ વિગેરે વિચારવું જોઇએ. મારું મન અને ઇંદ્રિયો જ મને રખડાવનાર છે.

### પ્રભુને માથે જ જન્મમરણાદની જવાબદારી ?

હવે અન્ય સર્વ મતો એ સ્થિતિમાં છે કે પ્રભુ જન્મ આપે, સુખદુઃખ પણ પ્રભુ જ આપે, ધનમાલ પણ એ જ આપે, માંદાસાજા પણ એ જ કરે, મારે તે પણ ભગવાન જ ! પણ જૈન શાસનમાં એક પણ ચીજ ભગવાનની જોખમદારીવાળી નથી. હવે અહીં જોખમદારી કોની ? ઇતર મતમાં તો પરમેશ્વરની જોખમદારી હતી તે ખસેડી પણ અહીં તમો જોખમદારી કોના ઉપર નાંખશો ? કોઇને કોઈએ પથ્થર માર્યો અને તેમાં નામ બીજાનું લેવાય તો પછી તે માણસ લુચ્ચો ગણાય એટલે પોતે તોફાન કરે અને નામ બીજાનું લેવાય તે જુલમ-

માં જુલમ ગણાય. તેમ અહીં જન્મમરણાદિની જવાબદારી અને જોખમદારી પોતાના શિરની હોવા છતાં ભગવાનનાં શિરે નાંખવી તે તો મોટામાં મોટો જુલમ ગણાય. અહીં સામાન્ય મનુષ્યનું નામ લેવામાં થોડી જોખમદારી અને બીજા મોટા મનુષ્યના નામ ઉપર આરોપ મૂકવાથી વધુ જોખમદારી અને પ્રભુનું નામ લેવાથી તો જોખમદારી વધુ બને છે. અહીં જન્મ, મરણ, કર્મ, સુખ, દુર્ગતિ કે સદ્‌ગતિ આ સર્વ વાતો પોતપોતાના કર્મને લીધે બને છે અને તે પ્રભુના નામે જે નાંખે તેનું નામ જ **મિથ્યાત્વી.**

## સમકિતી જીવનું લક્ષણ

હવે જે જોખમદારી પોતાની હોય તે પોતાના ઉપર ચડાવે તો સમજવું કે આ જીવડો સમકિતી છે. હવે આ સંસારચક્રમાં આવતી ઉપાધિઓ અને તે અંગે કરવા પડતા જન્માદિ અંગે અન્ય કોઈપણ જવાબદાર નથી પણ આપણે પોતે જ જવાબદાર અને જોખમદાર છીએ. હવે જેમ કોઇને દસ્તાવેજ કરી આપીએ તેમાં જવાબદાર અને જોખમદાર આપણે જ છીએ તેમ અહીં આપણા કરેલા કર્મોને અંગે જવાબદારી અને જોખમદારી આપણી પોતાની જ ગણાય. હવે તે અંગે જણાવ્યું કે-તું આ **ભવચક્રમાં જે રખડે છે તેમાં તારી જ જવાબદારી અને જોખમદારી છે. અહીં બને કેમ? તો કહે છે કે-કરવાના વખતની જવાબદારી તારી છે તેમ ભોગવવાના વખતની જવાબદારી પણ તારી જ છે.**

## ઇંદ્રિયો અને મનના ચાળાનું પરિણામ

હવે અહીં પોતાને શિરે જ જવાબદારી અને જોખમદારી છે તો પછી એમ કર્યું કેમ? તો કહે છે કે માણસ નિર્બુદ્ધિ થાય, ગાંડો થાય, ત્યારે પોતાનું માથું પોતે જ ફોડે છે અને છાતી પણ પોતે જ કૂટે તેમ અહીં તે કર્મો તું પોતે જ કરનારો હોવાથી જવાબદાર અને જોખમદાર તું જ છે. હવે તે જવાબદારી અને જોખમદારી મેં કેમ ઉઠાવી? તો કહે છે કે-ઇંદ્રિયો અને મનના ચાળાના

કારણે ? ઇંદ્રિયો અને મનના ચાળાએ તું ચાલ્યો, વિષયોને આધીન બની તે પ્રમાણે તું વર્ત્યો અને મનના વિકલ્પોએ ચઢયો માટે જ જવાબદારી અને જોખમદારી ઉઠાવીને ભોગવવી પડે છે. હવે અહીં જીવને જન્મમાં ભટકવાની જવાબદારી કે જોખમદારી વહોરવી પડે છે તે ફક્ત મન અને ઇંદ્રિયોને આધીન બનવાથી જ વહોરવી પડે છે.

## જગતમાં બે પ્રકારના શીત, ઉષ્ણ

હવે જગતમાં કેટલીક વસ્તુઓ કોઇની કરેલી હોય છે પણ કેટલીક તો સાધારણ બનેલી હોય છે. જેમ તાપણી કરવાથી ગરમી થાય તે બનાવેલી કહેવાય, પણ ગરમીની સીઝનમાં-ઋતુમાં તો ગરમી સ્વાભાવિક થાય છે તેના અંગે શું થાય ? તે ઊકળાટમાં તો માત્ર પોતાનો બચાવ કરીએ પણ દુનિયાના ઉકળાટ માટે કંઈ ન બની શકે. હવે જગતમાં ટાઢ, તડકો, શીત અને ઉષ્ણ તે બંને પ્રકારના છે, એક તો નવા થતા અને બીજા ઋતુને આધીન બનતાં. હવે તેમાં ઋતુને આધીન થનારા જે ટાઢ તડકો તેને નાબૂદ ન કરી શકીએ પણ જો આપણને શરદી લાગે તો ઉકાળો પીઇએ, ગરમી લાગે તો પંખાનો પણ ઉપયોગ કરીએ; પરંતુ જગતના અંગે કંઇ ન બને. હવે અહીં મન અને ઇંદ્રિયો તે ઋતુની માફક છે એટલે તે જગતમાં લાગેલા મન અને ઇંદ્રિયોને ખસેડી શકીએ તેમ નથી.

## ઇષ્ટમાં રાજી ન થવું, અનિષ્ટમાં નાખુશ ન થવું.

હવે જે મન અને ઇંદ્રિયો છે એ તો વળગેલા જ છે. તેને ખસેડવા માંગીએ તો પણ ખસે તેમ નથી, હવે ચારે ગતિમાંથી કોઇ પણ ગતિ મનઇંદ્રિય વિનાની નથી, તેમજ કોઈ જાતિ એવી નથી કે જેને ઇંદ્રિય ન હોય. હવે અહીં આત્માને મન અને ઇંદ્રિય લાગેલા છે તેની જવાબદારી કે જોખમદારી શી રીતે બંધ કરવી? તો કહે છે, કે–મહાનુભાવ, જેમ ઋતુને અંગે થતા બનાવોને અંગે આપણો બચાવ કરી શકીએ છીએ તેવી રીતે અહીં પણ મન અને ઇંદ્રિયને તું રોકી નહિ શકે પણ તારે તેનો બચાવ કરવાનો. હવે

તે કઇ રીતે ? તો કહે છે કે ઇંદ્રિયોને અનુકૂળ વિષયો આવે ત્યારે તું કૂદીશ નહિ તેમજ તેને પ્રતિકૂળ વિષયો મળે ત્યારે તું નાખુશ થઇશ નહિ. એટલે જો તું રાજી અને નાખુશ નહિ થાય તો તો વાંધો નહિ જ આવે. એટલે ઇષ્ટમાં રાજી નહિ થાય, અનિષ્ટમાં ઇતરાજી નહિ કરે તો પછી તારા આત્માને તું સ્થિર રાખી શકીશ.

## મોક્ષમાર્ગમાં પ્રથમ મૂળ કારણ શું ?

હવે મોક્ષને પામવા અંગે આવતા અંતરાયો બતાવી તેને દૂર કરવાના રસ્તા બતાવ્યા પણ મોક્ષનો રસ્તો તો બતાવ્યો જ નહિ. હવે ધાડ કે લૂંટારુ બંધ થવા છતાં સામે ગામ પહોંચી ગયા એમ તો નહિ. એ તો જવાનો પ્રયત્ન કરીએ તો જ બને. હવે અહીં ઇંદ્રિય અને મનરૂપી લૂંટારુ અને ધાડુપાડુઓને જીતી ન શકીએ ત્યાં સુધી આપણે મોક્ષમાર્ગ ન પામી ન શકીએ. હવે પ્રથમ મોક્ષમાર્ગ માટે જણાવ્યું કે-પ્રથમ સમ્યગ્દર્શન જોઇએ. આટલા બધા શાસ્ત્રોમાં એકલા દર્શનને જ સમ્યક્ કહેવાય છે પણ જ્ઞાન કે ચારિત્રને કોઇ સમ્યક્ કહેતું નથી. સમ્યગ્જ્ઞાન્ આવ્યા છતાં મોક્ષને વાર લાગે છે. સમ્યક્ચારિત્ર આવ્યા પછી મોક્ષમાર્ગને વાર લાગતી નથી. જગતમાં ખ્યાલ છે કે દાણો તે બીજ, અંકુરા કે છોડમાંથી ન થાય પણ તે તે તો ફળમાંથી થાય, છતાં જગતમાં તો દાણાનું કારણ બીજ જ કહેવાશે. અહીં બીજનું સ્થાન ફણગો છે પણ તે સર્વનું કારણ બીજ છે. હવે અહીં મોક્ષના અંગે કારણ સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર ભલે હોય પણ તે બંને વાનાં થાય શાથી ? તો કહે છે કે-સમ્યગ્જ્ઞાન પણ સમ્યગ્દર્શન વિનાં બનતું નથી, હવે સમ્યક્ચારિત્ર તે પણ સમ્યગ્જ્ઞાન વિના ન જ બને. અહીં મૂળ કારણ સમ્યગ્દર્શન છે, અને તે ચોથા અધ્યયનમાં જણાવ્યું.

## સુદેવને ઓળખવા શી રીતે ?

હવે સામાન્ય રીતે સમ્યગ્દર્શનનું લક્ષણ કરતાં કહ્યું કે-સુદેવાદિને માનવા તે, જીવાદિ તત્ત્વોને તે રૂપે માનવા તેનું નામ

સમ્યગ્દર્શન. આ વાત કહીએ છીએ અને તેની ના નહિ પણ જિનેશ્વર મહારાજ જન્મે ત્યારે કપાળમાં એમ તો લખેલું હોતું નથી, કે સુદેવ. હાથી, ઘોડા, સ્વસ્તિકાદિ લંછન હોય છે. પણ તીર્થંકરને સુદેવ તરીકેનું લંછન નથી. પછી ઓળખવા શી રીતે ? અહીં કુદરતે સુદેવ તરીકેના અક્ષરો તેમના કપાળમાં લખ્યા નથી. હવે તે જ સુદેવ અને બીજા કુદેવ એ કેમ બને ? હવે રેખાને તો જે જાણવાવાળો હોય તે જ જાણે. સુદેવ તરીકે જે તીર્થંકર હોય તેને રેખા ૧૦૦૮ હોય અને તે જાણવાવાળો હોય તે જ જાણે. હવે અહીં તુ જાણે તેવી રેખા બતાવીએ.

## અહિંસાની એક સરખી પ્રરૂપણા કરે તે જ સુદેવ

જેની આ પ્રરૂપણા હોય કે જગતના જે સર્વ ભૂતો, પ્રાણો, જીવો, સત્ત્વો એ કોઇને કોઇએ મારવા લાયક નથી. તાબેદારી લાયક બળાત્કાર કરવા લાયક અને દુઃખી કરવા લાયક પણ નથી. આવો સિદ્ધાંત જેનો હોય તેવા જે કોઇ પણ હોય તે સર્વમાન્ય છે. અમારે કૃષ્ણ, બુદ્ધ, મહાદેવ આદિ વ્યક્તિઓથી વેર નથી. ભગવાન્ તીર્થંકર સુદેવ છે અને તે કુદેવ થઈ જાય અને બ્રહ્માદિ જે કુદેવ છે તે સુદેવ થઈ જાય તેની અમને પડી નથી. પણ દરેકની પ્રરૂપણા એક જ સરખી હોય. કઇ પ્રરૂપણા ? જે ઉપર કહી તે જ પ્રરૂપણા જેની હોય તે જ સુદેવ, અમારે માન્ય છે. પછી તે કૃષ્ણ હોય કે **મહાવીર** હોય તેની ફિકર નથી,

## તીર્થંકરોની સ્તવના શાથી ?

હવે અહીં જગતના સર્વ પ્રાણીઓ જીવવાને માટે હકદાર છે. કોઇને પણ તેને અંગે બળાત્કાર કરવાનો, તેને તાબેદાર કરવાનો કે મારવાનો હક નથી. હવે અમે તીર્થંકર મહારાજને સ્તવીએ છીએ. શાથી ? જેના વચનમાં અભયપણાનો આદેશ છે, તાડન–તર્જનનો નાશ કરવાનો, પીડા બંધ કરવાનો અને અંતમાં મરણ બંધ કરવાનો આદેશ છે તેથી જ અમે એમને સ્તવીએ છીએ. અહીં વ્યક્તિ ઉપર

સંબંધ નથી પણ આવાં વચનોની પ્રરૂપણા કરનાર કોઈ પણ હોય તે તે સર્વ માન્ય છે.

## જિનેશ્વર દેવોની પૂજાનો વિરોધ નથી

હવે અહીં કેટલાકો કહે છે કે–સર્વ ભૂતો, પ્રાણીઓ, આદિને મારવા નહિ, તેમને કિલામના કરવી નહિ, તેમને તાબેદાર કરવા નહિ એમ કહીએ તો પછી પૂજા કરવાનું બને જ ક્યાંથી? પણ વિચારો કે કોઈ પણ પૂજા કરનારો એમ તો નથી જ કહેતો કે મને આ જીવોને મારવાનો હક છે અને તેમ માનીને કોઈ પૂજા કરતો નથી. ઇતરોમાં તો યજ્ઞને માટે પશુઓ મારવાનો હક છે કારણ કે યજ્ઞમાં હોમવા માટે જ પશુઓ ઇશ્વરે બનાવ્યાં છે. એમ તે હક છે એમ મનાય છે ત્યારે અહીં જણાવે છે કે–જગતના સર્વ જીવો પૈકી કોઈ-ને કોઇએ મારવાનો હક નથી, કોઇને તાબેદાર કરવાનો કે પીડા કર-વાનો કે બળાત્કાર કરવાનો હક જ નથી. હવે જો આનાથી પૂજા વિરુદ્ધ હોય તો તો આ સૂત્ર પાણીમાં પલાળવા કામ લાગશે. કેવી રીતે પાણીમાં પલાળવું વાત તો સમજાવો!

## અર્હંત ભગવંતોમાં અર્હંત એટલે શું ?

અતીત કાળમાં થયેલ અને વર્તમાનમાં છે અને ભાવિ થશે તે સર્વ અર્હંત ભગવંતો. અહીં અર્હંત શું ? તો કહે છે કે–આઠ પ્રાતિહાર્યરૂપી પૂજા જે ઇંદ્રો વિગેરે કરે તેને લાયક, હવે જો પૂજા આ સૂત્રથી વિરુદ્ધ હોત તો 'અર્હંત' શબ્દ કહેવાનું બનત જ નહિ. વળી અશોક વૃક્ષ, દિવ્ય ધ્વનિ, આસન, ચામર, સિંહાસનાદિ આ સર્વ વાયુ આદિની હિંસામાં કે પરિગ્રહમાં આવશે. પછી 'અર્હંત' શબ્દ બોલવાનો વખત ક્યાં રહ્યો ? કહો તત્ત્વ એમાં છે કે જેઓ જગતના જીવોને હણવા આદિમાં હક ધરાવે છે તેના નિષેધ માટે આ સૂત્ર છે ? અને તેથી 'હંતવ્યા'માં તવ્યપ્રત્યય શાસ્ત્રકારે વાપરેલ છે, એટલે હણવાને લાયક છે એમ નહિ. પરિતાપ કરવાને લાયક છે એમ નહિ તો જે લાયકાત માનેલી હોય તો કોના અંગે ?

તો કહે છે કે હિંસાદિના અંગે લાયકાત અને હક માનેલા હતા તેનો નિષેધ કર્યો.

## મારી નાંખવા આદિના હકોનો નિષેધ

હવે અહીં સંજમના માટે નદી ઊતરવી પડે તો પછી નદી ઊતરવાનો નિષેધ પણ આ સૂત્ર જ કરશે ને? "**सव्वाओ पाणाइवायाओ वेरमणं**" નાં પચ્ચક્ખાણ કરેલા સાધુઓ નદી ઊતરી શી રીતે શકે? આ સૂત્ર વિધિરૂપ છે, અને તેથી જે યોગ્યતા હતી તેનો નિષેધ કર્યો. ઇતરોમાં તો કૃષ્ણ મહારાજે કંસને મારવો જ જોઇએ, માર્યો તે ઠીક કર્યું એમ મનાય છે. અહીં તેમ નથી. અહીં તો મારી નાંખવા આદિના હકોનો નિષેધ કરેલ છે. વળી કુદેવાદિની વાતને ન સમજે તેને શું કહેવું?

## સમ્યકત્વ તે એકલા દેવનું કે ગુરુ અને ધર્મનું પણ ખરું?

હવે અહીં સમ્યક્ત્વ કહેવાતું છે તો પછી તે એકલા દેવનું જ કે? ગુરુ અને ધર્મનું પણ ખરું કે નહિ? વાત ખરી. દેવનું સમકિત જણાવ્યું પણ તેવી રીતે ગુરુ અને ધર્મનું પણ સમ્યક્ત્વ કહેલ છે અને તેથી અધ્યયનનું નામ સમ્યક્ત્વ રાખેલ છે. હવે વાત ખરી છે પણ એક વાત ધ્યાનમાં રાખો કે પ્રથમ જગતમાં અપેક્ષા કોની? દેવદ્વારા ધર્મની ઉત્પતિ કે ધર્મદ્વારા દેવની અગર ગુરુદ્વારા દેવની ઉત્પત્તિ કે દેવદ્વારા ગુરુની ઉત્પત્તિ? આ ત્રણ તત્ત્વત્રયીમાં પ્રથમ ઉત્પત્તિ કોની? તો કહેવું જ પડશે કે દેવ જ્યાં ઉત્પન્ન થયા હોય તેઓ શુદ્ધ આચારને પ્રકાશે અને તેનું આચરણ થાય તેનું જ નામ ધર્મ. શુદ્ધ આચારને કહે તે દેવ. દેવે કહેલા આચારનો પ્રચાર કરે તે ગુરુ અને તેવા શુદ્ધ આચારનું પ્રતિપાદન તેનું નામ જ ધર્મ.

## દેવ, ગુરુ અને ધર્મ એટલે શું?

હવે જગતના સર્વ જીવો એક સરખા છે અને કોઇ કોઇના ઉપર બળાત્કાર કરવા હકદાર કે તેને તાબેદાર કરવા સ્વતંત્ર નથી. હવે આવા ધર્મને કહેનારા તે જ દેવ છે, અને તેને પ્રચારનારા તે જ

ગુરુ છે. હવે અહીં ધર્મની કિંમત વધુ છે કે? મોતીની કિંમત પાણીને અંગે, હીરાની કિંમત તેજને અંગે. સોનાની કિંમત કષને અંગે છે, અહીં પાણી, તેજ કે કષ લેવા દેવામાં કામ નથી લાગતા પણ તે મોતી, હીરા કે સોનું જે આધારરૂપ પદાર્થો છે તે જ કામ લાગે છે પણ આધેયરૂપ ગણાતા પાણી, તેજ કે કષની લેવડદેવડ કામ ન લાગે. હવે ધર્મનો આધાર ગુરુ અને દેવ છે તેથી પ્રથમ દેવનું સ્વરૂપ બતાવ્યું ત્યાર પછી જ ધર્મનું સ્વરૂપ કહ્યું અને ગુરુનું સ્વરૂપ આપોઆપ આવી ગયું, કારણ કે દેવના કહેલા આચાર પ્રમાણે વર્તે તે જ ગુરુ કહેવાય.

## ખરો ધર્મ કયો ?

હવે અહીં સર્વ જીવો પૈકી કોઇને મારવા નહિ કહે તે જ ખરો ધર્મ છે. ધર્મને માટે તો સામાયિક, પ્રતિક્રમણ કે પૌષધાદિ ગણાય છે પણ આ ધર્મ ક્યાંથી કાઢયો ? વાત ખરી પણ સામાયિકાદિ ધર્મ શાથી ? તો કહેવું પડશે કે આવતા કર્મો રોકવા અને આવેલા કર્મોને રોકી દેવા. જેમ કોઇ મૂર્ખે કહ્યું કે આંબાની કેરી ખાવા કામ લાગે. મોર કાને મૂકવા કામ લાગે, લાકડું પાટિયા માટે અને પાંદડા તોરણ માટે વપરાય, પણ આ જે મૂળિયાં છે તે બિનજરૂરી છે. કોઇને પણ ખાવાના કામમાં કે બીજા કોઇ પણ કામમાં આ મૂળિયાં આવતાં નથી. હવે મૂર્ખ અહીં આમ જ બોલે. સમજુ જો કે પાંદડાં, ફળ, મોર આદિને કામવાળી ચીજો ગણે ખરો પણ મૂળ વિનાના ઝાડમાં તો તે પાંદડાં, મોર કે ફળ કંઈ યે ન રહે, એ સમજે જો મૂળિયું ન હોય તો ફળ કરમાઈ જાય, મોર કે પાંદડાં કે ઝાંખરાં કાંઇ પણ ન રહે.

## ધર્મ બિનજરૂરી કોણ કહે ?

અહીં જગતમાં કોઇ આવું વિચારે તો તેને મૂર્ખો જ કહીએ. કેવું વિચારે તો મૂર્ખો કહીએ ? ખોરાક, પાણી, વસ્ત્ર, મકાન આદિ સર્વ જરૂરી ચીજો છે તે કામ લાગે પણ આ ધર્મ જ એવી ચીજ

છે કે જે ખાવા, પીવા, પહેરવા, ઓઢવા, પાથરવા કે બીજા કોઇ પણ કામમાં લાગતી નથી તેથી તે બિનજરૂરી છે. આવું બોલે કોણ? અહીં ખાવાપીવાનું, ઓઢવાપાથરવાનું અને યાવત્ ધનમાલ, મકાનાદિ મળે છે કે પુણ્યથી અને તે જરૂરી ચીજ છે, બિનજરૂરી નથી.

### ધર્મ જરૂરી છતાં ફળ શું?

આમ ધર્મ જરૂરી છતાં તેનું ફળ શું? ખાવાપીવાનું મેળવી આપે તેથી જરૂરી કહો છો? તો કહે છે કે ઘોડો શબ્દ પદાર્થ રૂપ છે તેમ તે જરૂરી હોવા સાથે પોતાનું સ્વરૂપ જણાવે તેમ અહીં ધર્મ શબ્દ પોતાનું સ્વરૂપ કહી આપે છે. સમજુ સમજી શકે કે દુર્ગતિએ જવું નહિ અને સદ્ગતિ મળે એટલે મારો આવતો જન્મ બગડે નહિ. આવતો ભવ સુધરે એ દરેક વિવેકીની જિજ્ઞાસા કે ઇચ્છા હોય. આવી બે ઇચ્છાને તૃપ્ત કરનાર ધર્મ જ છે. તે વિના બીજી કોઇ ચીજ નથી કે જે એ બે ઇચ્છા તૃપ્ત કરે. હવે તે 'ધર્મ' શબ્દ શાથી અને કયા ધાતુથી બન્યો તે અગ્રે જણાવાશે.

---

## વ્યાખ્યાન: ૩૯

### 'હું કોણ' એ જાણવા પ્રયત્ન કર્યો નથી.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** શ્રી **જંબૂસ્વામીજીને આચારાંગસૂત્રના** અધ્યયનને જણાવતાં થકા આગળ જણાવી ગયા કે 'હે જંબૂ, ત્રિલોકનાથ તીર્થંકર મહારાજે જગતના ઉદ્ધારને માટે જે આદેશો આપેલા છે તે મેં સાંભળેલા છે તે કર્ણોત્કર્ણ સાંભળ્યા છે એમ નહિ પણ સાક્ષાત્ સાંભળ્યા છે. વળી તે તેમણે હેતુ, યુક્તિ, દૃષ્ટાંતાદિથી કહીને સાબિત કર્યા છે. વળી તેને આચારમાં મૂકીને ફળપ્રાપ્તિ સુધી આચરણ કરીને તે સંદેશા જણાવેલા છે. પ્રથમ સંદેશો એ આપ્યો

કે તમો અનાદિ કાળથી આહાર, શરીર, ઇંદ્રિય અને તેના વિષયો અને સાધનોને જાણો છો અને તેના અંગે ઇષ્ટ-અનિષ્ટરૂપ પ્રવૃત્તિ કરો છો પણ તમોએ કોઇપણ ભવમાં તમને પોતાને જાણવાનો પ્રયત્ન કર્યો નથી. 'હું કોણ ?' એ જાણવાનો પ્રયત્ન તમે એકે ભવમાં કર્યો નથી.

### સર્વ સ્થળે અનંતી વાર જન્મ મરણ.

હવે તમને તમે જાણો. એમાં જાણવાનું શું ? તો કહે છે કે–મારો આત્મા જુદા જુદા ભવમાં જુદી જુદી રીતે ઉત્પન્ન થવાવાળો છે. દરેક ભવમાં ઉત્પત્તિ ધ્યાનમાં લો તો જણાશે કે આ જીવ કેટલી જગો પર ઉત્પન્ન થયો તેનો પાર નથી. તેથી કહીએ છીએ કે આખા જગતમાં તેવું સ્થાન કે કુલ નથી કે વળી વાળ કે તેનો અગ્ર ભાગ કે તેમાંનો ખૂણો પણ એવો નથી કે જ્યાં સર્વે જીવો ઉત્પન્ન થયા ન હોય અગર મર્યા પણ ન હોય. અર્થાત્ જગતના સર્વ જીવો ચૌદ રાજલોકમાં વાળના અગ્ર ભાગના ખૂણા જેવા સ્થાનમાં ન ગયા હોય, વળી તે અનંતી વખત ન જન્મ્યા હોય કે મરણ ન પામ્યા હોય એવું કોઇ સ્થાન જ નથી.

### હાથના કર્યાં હૈયે વાગે છે.

આ આત્મા અનંતી વખત ઉત્પન્ન થયો છે. હવે તે થયો શાથી? શું તે બળાત્કારથી જન્મ્યો કે બળાત્કારથી ચૌદ રાજલોકમાં રખડયો ? તો કહે છે કે–ના. આ જીવ પોતાનાં કૃત્યોના પ્રતાપે જ રખડયો અને જન્મ્યો છે. આ જીવના અંગે કોઇ કુટુંબી, ઇશ્વર કે અન્ય કોઇ જોખમદાર નથી. સારાં કે નરસાં કૃત્યોને અંગે જવાબદારી કે જોખમદારી જીવની પોતાની છે પણ અન્ય કોઇની કે પરમેશ્વરની નથી. હવે જ્યાં જીવની પોતાની જોખમદારી છે તો પછી આ રખડવાનું કામ શા માટે કર્યું ? વાત છે ખરી. જીવ રખડવાનું કામ કરે નહિ, પણ જેમ રવૈયાનો સ્વભાવ લાકડાનો હોવાથી ચીકાશને પકડે પણ દોરડું તેને વળગીને ભમાવે ત્યારે ચીકાશ મળવી તો દૂર

રહી પણ તે દહીંને જ મથી નાંખે. અર્થાત્ રવૈયો દોરડાની ચાલે ચાલીને દહીંની ગોળીને મથી નાંખે, તેમ આ જીવ જન્મમરણના સ્વભાવવાળો નથી તેમ તેને તેવી ટેવ કોઇએ પાડી નથી પણ હાથના કર્યાં હૈયે વાગે એટલે મન અને ઇંદ્રિયને તું કબજે રાખતો નથી અને તેના પરિણામે તેં અનંતા જન્મો અને અનંતા મરણો કર્યાં છે. હવે આ જીવ મનના વેગે અને ઇંદ્રિયોના ચાળે ન ચાલ્યો હોત તો આ જન્મમરણ કરવાનું બંધ થાત પણ અહીં તે મન ઇંદ્રિયના ચાળે ચાલવાથી રખડવાનું બન્યું છે. હવે એક પણ જન્મ એવો નથી કે જેમાં તે મન અને ઇંદ્રિય લાગેલાં ન હોય.

## ઇંદ્રિયોના ઘરે ગીરો મૂકાયેલ જ્ઞાનગુણ

હવે જ્ઞાન તે આત્માનો ગુણ છે પણ તે ગીરો મૂકેલ છે. આત્માનો ગુણ હોવા છતાં ગીરો મૂકવાનું કારણ શું ? તો કહે છે કે સ્પર્શનેંદ્રિયના પુદ્દગલો મળે તો જ સ્પર્શનું જ્ઞાન થાય તેવી જ રીતે રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિન્દ્રિય કે શ્રોત્રેન્દ્રિયને પુદ્દગલો મળે તો જ તે તે વિષયનું જ્ઞાન થાય. અહીં જ્ઞાન આત્માના ઘરની ચીજ છે છતાં ઇંદ્રિયોના ઘરે અડાણે કે ગીરો મૂકાયેલી છે, તેથી તેની મહેરબાનીએ તેનો ઉપયોગ થાય. આવી રીતે આત્મા મન અને ઇંદ્રિયો સાથે જોડાયેલો છે. હવે કોઇ પણ જાતિ એવી નથી કે જ્યાં સ્પર્શનેન્દ્રિય વિના સ્પર્શનું જ્ઞાન થાય. હવે જો ઇંદ્રિયને ખસેડીએ તો જ્ઞાન ચાલ્યું જાય. જ્ઞાન જેવી ચીજ જ ન રહે. વાત ખરી, પણ અહીં ઇંદ્રિયને ખસેડવાનું કહેતા નથી. જેમ નખ એ નકામા વધે છે તેથી કાપો છતાં તેને ઉગાડનાર જે આંગળી તે કપાય નહિ. તેમ અહીં મન અને ઇંદ્રિયોથી ચૌદ રાજલોકમાં જન્મવાનું ને રખડવાનું બને છે ખરૂં. વળી તે જુલમ કરનારા છે તેથી તેમને ખસેડવા જોઇએ પણ તે ખસેડાય તેમ નથી.

## બગીચાના પાંજરાના વાઘ જેવા મન અને ઇંદ્રિયો

હવે એક વાત ધ્યાનમાં લો કે, બગીચાના પાંજરામાં વાઘ રાખેલો

હોય તેને માતો પણ ન કરાય અને ભૂખ્યો પણ ન રહેવા દેવાય તેથી તેને જીવનપૂરતો જ ખોરાક દેવો પડે. તેમ અહીં શરીરરૂપી બગીચામાં મન અને ઇંદ્રિયરૂપી વાઘો પૂરાયેલા છે તે મરે નહિ અને માતા પણ ન થાય તેવી રીતે વર્તે કે જેથી ઇંદ્રિય અને મનના ચાળે ચાલવું નહિ. મન અને ઇંદ્રિયને કામમાં લો ખરા પણ તેના ચાળે ન ચાલો ! હવે ચાળે ચાલવું નહિ તે શું ? ઇંદ્રિયોને અનુકૂળ વિષયો મળ્યા અને રાજી થાય તો સમજવું કે તેના ચાળે ચાલ્યા, અને તે ઇંદ્રિયોને પ્રતિકૂળ વિષયો મળ્યા કે ઇતરાજી થઈ તો અહીં તેના ચાળે ચાલ્યા એમ સમજવું.

## મનમાં વિકલ્પોને રોકવામાં જ ધર્મ

હવે અહીં વિવેકીઓનું કૃત્ય શું ? મનના વિકલ્પોને રોકવા. ઇંદ્રિયોના વિષયોને આધીન ન બનવું, પણ અહીં કોઇ કહે કે મનના વિકલ્પ પ્રમાણે વર્તવું અને તેથી શાંતિ મળે અને તે જ ધર્મ, પણ શાસ્ત્રકાર તેને ધર્મ કહેતા નથી, મનને રોકવામાં ધર્મ છે. સામાયિકમાં પણ અતિચાર કહીને મિચ્છામિ દુક્કડં કહેલ છે. મન, વચન અને કાયાના દુષ્પ્રણિધાનને અતિચાર ગણાવી મિચ્છામિ દુક્કડં દીધા. હવે મનના વિચારને અનુકૂળ થવાનું હોત તો દુષ્પ્રણિધાન અને એ અંગે અતિચાર ન હોત. માટે કહો કે મનના વિકલ્પોને રોકવામાં જ ધર્મ રહેલ છે. હવે અહીં અનુકૂળ કે પ્રતિકૂળ વિષયોમાં રાજી કે ઇતરાજી ન થાય તો મન અને ઇંદ્રિયો નુકશાન કરી શકે નહિ. હવે જો મન અને ઇંદ્રિયોનો કબજો ન લીધો હોય તો નુકસાન કરે તેથી તે મન અને ઇંદ્રિયના ચાળે ન ચાલવું અને તેથી ચોથા અધ્યયનમાં ત્રણ ચીજો મેળવવાં માટે જણાવ્યું.

## કોઇને પણ મારવામાં મોટાઇ શી ?

હવે સમ્યગ્જ્ઞાન અન સમ્યક્‌ચારિત્ર સ્વતંત્રપણે મેળવ્યું, મળવાનું નથી એટલે નહિ મળવાવાળી ચીજ છે એમ નહિ, પણ એમ કહેવા માગીએ છીએ કે સમ્યગ્દર્શન વિના તે જ્ઞાન અને ચારિત્ર મળતા

નથી. પ્રથમ જો સમ્યગ્દર્શન મેળવ્યું હોય તો જ જ્ઞાન અને ચારિત્ર મેળવ્યા કામ લાગે છે. હવે તે સમ્યક્ત્વને મજબૂત કરવા માટે તે શી ચીજ છે તે જાણવું જોઈએ, છતાં જિનેશ્વરે કહેલા દેવ, ગુરુ અને ધર્મને માનવા તેનું નામ સમકિત, લોકમાં વધારે પ્રચલિત છે પણ ઇતિરો બ્રહ્મા, વિષ્ણુ, શિવ કે ગોસાંઇજી વિગેરેને માનવામાં સમકિત કહે છે તો એમાં કયા સમકિતને સાચું ગણવું ? વળી જિનેશ્વરને જ દેવ કેમ ? નિગ્રંથ ગુરુને જ ગુરુ કેમ ? અને તેમના કહેલા ધર્મને જ સમ્યગ્ધર્મ કેમ કહ્યો ? તો કહે છે કે–ભગવાન જિનેશ્વર મહારાજ જગતમાં આ એક જ વાતને જાણનારા છે કે ચૌદ રાજલોકમાં જે અનંતાનંત જીવો છે તે અંગે હું કહું છું કે કોઈપણ જીવને કોઇએ પણ મારવાનો હક નથી. ઇતરો મારવાનું કહેતા હોય, તેમાં સારાપણું જણાવતા હોય તો ભલે જણાવે પણ જૈન દર્શનકારે તો હકની જ મનાઈ કરી છે. પણ ઇતિરોમાં કંસ, જરાસંધ વિગેરેને મારવામાં કૃષ્ણજીની મોટાઈ, રાવણને મારવામાં રામની મોટાઇ ગણાઇ છે. આમ મારવામાં મોટાઇ ગણાવીને જબરાપણું કહેલ છે ત્યારે અહીં જૈન દર્શનકાર મારવામાં પ્રથમ હક નથી રાખતા.

## સર્વ જીવોની આબાદી ચાહનારા જિનેશ્વરો

હવે સર્વની આબાદી ચાહવી તેવી રીતે વિચારીએ તો ચૌદ રાજલોકના જીવોની આબાદી કોઇએ પણ ઇચ્છી હોય તો આ ત્રિલોકનાથ તીર્થંકર મહારાજે જ. ઇતરો તો **जीवो जीवस्य जीवनं** જીવ જીવનું ભક્ષણ છે કહી ખાય તેમાં નવાઇ શી ? આમ જ્યાં કહેવામાં આવે ત્યારે ખુદ ભગવાન જિનેશ્વર મહારાજ એ કહે છે કે–ચૌદ રાજલોકમાં સર્વ જીવો પૈકી કોઇને કોઇએ પણ મારવાનો હક નથી. હવે એક મારવાની જ બાબત નહિ પણ હુકમ કરવાનોય હક નથી. આજકાલ તો બોલનારા બોલે છે કે અમને રાજ્ય ચલાવવા પરમેશ્વરે મોકલ્યા છે. વળી કોઇને તાબેદાર રાખવાનો હક નથી, તેમ પીડા કરવાનો પણ હક નથી. મારવું, બલાત્કાર કરવો, તાબેદાર

બનાવવા, પીડા દેવી, યાવત્ ઉપદ્રવ કરવો એવો કોઇ પણ હક કોઇ જીવને કે કોઇના અંગે નથી. આવી રીતનો જિનેશ્વર મહારાજનો ઢંઢેરો સર્વ જીવને અંગે છે.

## જિનેશ્વર જ સુદેવ કેમ ?

હવે આ વસ્તુ તપાસવાથી કયા દેવ સુદેવ ગણાય તે સમજાશે. શૈવો શિવજીને, વૈષ્ણવો વિષ્ણુને અને ઇતરો પણ પોતપોતાના દેવને સુદેવ ગણાવવા ચાહે છે પણ આવી રીતે સર્વ જીવોને સ્વાતંત્ર્ય કે સરખી રીતે જીવવાનો હક ફક્ત જિનેશ્વર મહારાજે જ આપેલો છે અને આ ઉપરથી પ્રભુ જિનેશ્વરનું જ સુદેવપણું મનાવે અને તેમનું જ વચન ધર્મ તરીકે લેખાશે. જગતમાં જીવો પોતાનાં બાળબચ્ચાં બૈરાંનો વિચાર કરે છે, સામાન્ય રીતે 'હું ન હોઇશ ત્યારે આનું શું થશે?' એમ વિચાર કરે છે. પણ હું આગળ જઇશ ત્યારે મારું શું થશે ? એનો વિચાર સરખોય કોઈ દિન કર્યો છે ખરો ? જીવને આ વિચાર આવતો નથી. પોતાના બાળકના અંગે 'ભણ્યો નથી, શું થશે?' 'બાયડી આંધળી છે તેનું શું થશે?' 'માતા અપંગ છે તેનું શું થશે?' આ વિચારો આવે પણ અહીંથી ગયા પછી પોતાનું શું થશે તેનો વિચાર આવતો નથી.

## કંચન, કામિની, કુટુંબ અને કાયારૂપી જીવનસ્થંભો

હવે ભવિષ્યમાં પોતાનું શું થશે એવો વિચાર જેને આવે તેનામાં કંઇક ધર્મ છે એમ સમજવું. હવે જે ડાહ્યો હોય તે પોતાનો વિચાર કરે કે હું ચાર થાંભલાની દીવાલમાં રહ્યો છું. હવે ભૂખરી માટીમાં, હવામાં હવાની શરદી પેસે તો નીકળવા માંડે તેમ આ જીવ ચાર થાંભલાની બનેલી ઇમારત ઉપર આધાર રાખે છે. **કંચન, કામિની, કુટુંબ અને કાયારૂપી ચાર થાંભલા જગતમાં પોતાના જીવન કે વ્યવહારને અંગે સૌ** કોઇ ગણે છે. આ સિવાય બીજો થાંભલો છે ખરો ? વળી તે થાંભલા કઇ સ્થિતિના છે તે વિચાર કર્યો છે ખરો ? જેમ મુસાફરીમાં કોઇની ઓળખાણ થવાથી

તે સ્ટેશને ઉતરતાં પ્લેટફોર્મ સુધી પણ વળાવવા આવે, પણ અહિં તો આખી જિંદગી જે ધન મેળવવા માટે તનતોડ મહેનત કરી છતાં મરણ સમયે તે ધન એક ડગલું પણ વળાવવા ન આવે. હવે આવા ધનને આધાર તરીકે શી રીતે ગણવું ?

**અંતિમ વાટે વહેતા આ જીવનો સાથી કોણ ?**

વળી સ્ત્રી પણ ઘરથી નીકળીને ચકલા સુધી રૂકાવટ કરે પણ પાછી ઘરે જ આવે. કુટુંબીઓ પેલાને લઇ જાય. અહીં સ્ત્રીની સાથે ચાહે તેવી માયા તે જન્મની નહિ પણ કરેલી સગાઇ ગણાય. માબાપની સગાઇ તે બનાવટી ન ગણાય. જન્મની સગાઈ ગણાય. હવે અહીં સ્ત્રીમાં તો બનાવટી સગાઇ છે એટલે પાછી વળે પણ કુટુંબની સગાઈ તો જન્મની છે ને ? પણ ચિતામાં આવે પછી શું ? **કાકામામા કહેવાના, ઘરમાં હોય તો ખાવાના,** પણ તે કંઇ સુખદુ:ખના ભાગીદાર તો નહિ. એ સુખદુ:ખના ભાગીદાર તરીકે તો કાયા છે એટલે આત્માના સુખદુ:ખે સુખી કે દુ:ખી રહેનારી માત્ર કાયા જ છે. તે સિવાય બીજી કોઈ ચીજ નથી. હવે અહીં અન્ય દરેક કરતાં કાયા વધી ખરી, પણ અંતે તે બળીને તો રાખ થનાર છે. હવે જ્યાં જીવ વાટે વાટે વહેવા માંડયો ત્યાં દ્રવ્ય, કુટુંબ, કામિની કે કાયામાંથી કોઇ જોડે જાય નહિ. હવે દોરનાર નસીબ રહ્યું. હવે જો નસીબ સારું હોય તો સદ્ગતિ અને જો નસીબ જ ખરાબ હોય તો દુર્ગતિ જ આવે.

**લુચ્ચા સથવારાને રોકી રાખે તેનું નામ જ ધર્મ**

આમ છતાં અહીં કુટુંબનો, ઘરબારનો કે સ્ત્રીપુત્રનો વિચાર આવે છે પણ તારું પોતાનું શું થશે તેનો વિચાર કર ! તારો સથવારો સારો થાય, લુચ્ચો ન થાય તેવી ગવેષણા તું કરતો રહેજે ! **લુચ્ચો સથવારો આગળ ન થાય તેની સાવચેતી રાખ! તેનું નામ જ ધર્મ.** એ કેમ ? તો કહે છે કે જીવો દુર્ગતિ તરફ ધસી રહ્યા છે. પૈસો પેદા કરીને પાપ મેળવ્યું, સ્ત્રી, કુટુંબ કે કાયા-

ના મમત્વને અંગે પણ પાપ જ મેળવ્યું છે. આ ચારે મેળવવામાં ધંધો તો પાપનો જ કર્યો છે, માટે કહે છે કે—જીવ દુર્ગતિ તરફ ધસી રહ્યો છે. હવે તેને બંધ કરે એટલે લુચ્ચા સથવારાને રોકી રાખે તેનું નામ જ ધર્મ.

## ધર્મ શાને અંગે જરૂરી છે?

હવે ધર્મ શાને અંગે જરૂરી છે? તો કહે છે કે—દ્રવ્યને અંગે નહિ. તે તો શેઠ કે રાજાની વાહવાહ કરો કે હાજી હા કરો તો પણ મળે. આંગે અંગે ધર્મ કરતા હો તો તેમ પણ નથી. એ તો વરા કે લાણી કરો તો મળે. કુટુંબ કે કાયાને અંગે પણ ધર્મ કરતા નથી, એ પણ પરિચય અને ડાકટરથી નાડી સારી રહે. હવે આ ધર્મ ચાર વાનાં અંગે નથી, પણ તે છે ફક્ત દુર્ગતિને બંધ કરવા માટે, એટલે દુર્ગતિ **થતી રોકે તેનું નામ જ ધર્મ.**

## નિયમપૂર્વક ચોવીસે કલાક નિત્ય વિચારવાનો ધર્મ.

હવે તેવો ધર્મ કયો? તે માટે અહીં જણાવે છે કે—પ્રભુ **તીર્થંકર મહારાજે જે સ્વાતંત્ર્ય, આઝાદી કે આબાદીનો હક જણાવ્યો છે તે જ ધર્મ.** કયો? જગતના સર્વ જીવોમાંથી કોઇને મારનાર, તાડન કરનાર, પીડા કરનાર, બળાત્કારથી દુઃખી કરનાર તરીકે હક નથી. આ તેમનો મૂળ પાયો છે. આ પાયો કબૂલ કરવો જોઇએ. આનું નામ જ ધર્મ. વળી તે કાદાચિત્કનો નહિ. સામાયિકાદિ તો બે ઘડી રૂપ, પૌષધ તો અમુક દિને કરો તે જ દિવસ પૂરતા. અતિથિસંવિભાગ વ્રત તે અમુક વખતે જ. આ સર્વ અમુક વખત પૂરતા છે. પણ આ ઢંઢેરો તેવી રીતે સમજવાનો નથી કે અમુક દિને કે વર્ષમાં અમુક તહેવારે વિચારવો. આ ધર્મને તો નિયમપૂર્વક ચોવીસે કલાક નિત્ય વિચારવાનો છે. સામાયિકાદિની જેમ અનિયમિતપણે નહિ.

## કાનના પ્રશ્નને અંગે કેડે હાથ દે તે મૂર્ખ

હવે સુંદરતા હોય તો જ નિત્યપણાની સુંદરતા. તેથી કહે છે કે– **આ ધર્મ સર્વથા નિર્દોષપણે કરવો.** હવે જેમ સાધુ મહારાજે મૃગલાં જતાં જોયાં અને વ્યાધે આવીને પૂછ્યું પણ તેમણે તે જોયાની ના કહી. અહીં દેખેલ વસ્તુને અંગે ના કહી તેથી મૃષાવાદનો ધક્કો ખરો, પણ તે ક્ષમ્ય છે. કારણ કે મરનાર અને મારનાર બંનેની સાધુ મહારાજના સત્ય બોલવાથી દુર્ગતિ થનારી હતી તેથી તેમને જૂઠું બોલવું પડ્યું, હવે '**कर्णे पृष्टे कटिं प्रचालयति**" એટલે **કાનના પ્રશ્નને અંગે કેડે હાથ દે તે મૂર્ખ ગણાય.** તેમ અહીં હકના અંગે પ્રશ્ન છે. કોઈ પણ સાધુ એમ બોલતા નથી કે આવી રીતે નદી ઊતરીને મારે જીવો મારવાનો હક છે.

## ત્રિલોકનાથ તીર્થંકરે જાહેર કરેલો જીવોના હકોનો પટ્ટો.

હવે સમકિતી છે તે અવિરતિવાળો હોવાથી સર્વ પાપો કરી હિંસા કરે છે તેથી તેના સમક્તિમાં શો વાંધો ? અહીં જગતમાં કોઈ પણ જીવને મારવાનો, તાબેદાર કરવાનો કે હુકમ કરવાનો હક નથી. જૈન શાસનમાં કોઈને એવો હક નથી. આમાં ક્ષમ્ય અવકાશને સ્થાન નથી, એટલે આ જૈન શાસનમાં મારવાના કે પીડા કરવાના હક તરીકે કોઈ પણ જીવને અંગે બનતું નથી. એવો હક કોઈને પણ અપાયો નથી. અહીં આ વાત કૃત્યને અંગે નથી. તમો કરો છો તે વાત જુદી, અશક્યપરિહાર છે એ વાત જુદી, પણ તમો તમારા હક તરીકે માનો છો એમ નથી. બિનહક તરીકેની જે તમારી કબુલાત તે જ શુદ્ધ ધર્મ. હવે જીવોની હિંસાદિ કે વિરાધનાદિ જે થાય છે તે બિનહક તરીકે. હવે માનો કે મિથ્યાત્વી દેવ કે ગુરુને માનવા પડે તો તે સકારણ હોય અને તેથી આ હકને વાંધો ન આવે. સર્વને સરખી રીતે રહેવાનો હક છે. તાબેદારીમાંથી મુક્ત રહેવાનો, પીડારહિત રહેવાનો અને મરણ રહિત રહેવાનો હક છે.

આવી રીતે હકોનો પટ્ટો જો કોઈ જાહેર કરતું હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર છે, માટે કહે છે કે **આ જ** ધર્મ.

## શુદ્ધ એટલે સર્વથા નિર્દોષ જ ધર્મ જોઇએ

વળી તે ધર્મ કેવો છે? તો કહે છે કે–એમાં ક્ષમ્ય અવકાશને સ્થાન જ નથી. શુદ્ધ એટલે સર્વથા નિર્દોષ જ ધર્મ જોઇએ. હવે વીજળી જેમ તત્કાળ અજવાળું કરી બીજી ઘડીએ અંધારું કરે તેના જેવો શુદ્ધ ધર્મ હોય તો શું કામ લાગે? હવે સેંકડો દીવા-સળીઓ બાળીએ છતાં તે વીજળીના પ્રકાશને પહોંચી ન વળે. તેમ ધર્મ શુદ્ધ છતાં આવ્યો ને ગયો તેમ હોય તો શું કામ લાગે? વાત ખરી, પણ તે નિત્ય એટલે કોઈ પણ કાળ એવો નહોતો કે ભૂત, ભાવિ કે વર્તમાનમાં આ હકનો પટ્ટો જગતને તીર્થંકરોએ ન આપ્યો હોય. મરણરહિત રહેવાનો, તાબેદારી વિનાનો હક સૌ કોઇ જીવને સર્વ કાળને માટે સર્વ તીર્થંકરોએ આપેલો છે, એટલે સર્વ ચોવીસી-માં અને સર્વ ક્ષેત્રોમાં તેવો પટ્ટો આપેલો છે. પાંચ **ભ**રત અને પાંચ **ઐ**રવતોમાં દુષ્ષમાદુષ્ષમા નામનો છઠ્ઠો આરો તો જરૂર થતો આવ્યો છે એટલે તે રહેવાનો છે. વળી તે શાશ્વતો છે. **મહાવિદેહ** ક્ષેત્રમાં સર્વ કાળમાં નિયમિતપણે ચાલતો જ આ પટ્ટો હોય છે.

## બનાવેલી નહિ પણ બતાવેલી વસ્તુ, માટે નિત્ય

હવે નિયમિત ચાલે છે તો પછી હંમેશની વસ્તુ છે, તો પછી તે કોઇની બનાવેલી ન હોય ને? વાત ખરી. જેમ આંધળાને અને દેખતાને વિરોધ ગણાય તેમ અહીં હંમેશની હોય તો બનાવેલી ન હોય અને બનાવેલી હોય તો હંમેશની ન રહી. અહીં શાશ્વતી છે તો પછી પટ્ટક સાથે જિનેશ્વરને શું વળગે? વળી જો જિનેશ્વરે એ પટ્ટો કહીને બતાવ્યો તો પછી તે શાશ્વતો ન રહે ને? વાત ખરી, પણ બતાવેલી વાતને નિત્યપણું કહેવામાં વાંધો નથી. બનાવ-વામાં અનિત્યપણું આવે પણ બતાવવામાં અનિત્યપણું ન આવે.

સમકિતી તીર્થંકરોએ બતાવેલું માને ત્યારે મિથ્યાત્વીઓ તો બનાવેલું માને.

## અનાદિના પટ્ટકનું નિરૂપણ

હવે અહીં પટ્ટો શાશ્વતો હોય તો બનાવેલો કેમ અને જો બનાવેલો હોય તો શાશ્વતો કેમ? તેના અંગે સમાધાન કરે છે કે-જે પટ્ટો વંચાઇને જાહેર થતો બંધ હતો તેને જ જાહેર વાંચન તરીકે ખુલ્લો મૂકનાર તીર્થંકર જ છે. પ્રથમના રાજ્યની જે છાપ કે પટ્ટા હોય તે બદલાઇ જાય, તેથી નવેસરના પટ્ટકની જૂની માલિકીને બાધ ન આવે. હવે અહીં પટ્ટકને નિરૂપણ કર્યો તેથી તે અનાદિનો છે. હવે જે પટ્ટકને નિરૂપણ કર્યો તે ઠીક પણ વસ્તુને, તેના ફાયદાને કે રીતરિવાજને સમજે નહિ અને જો તેના અંગે કાયદો કરે તો સાત સાંધે અને તેર તૂટે, તેમ અહીં જિનેશ્વરે જગતના જીવોને અંગે જે કાયદો કર્યો તે જાણી જોઇને કે વગર વિચારે? તો કહે છે કે—આ કાયદો તેમણે ઘણી જ બારીકાઇથી કરેલો છે. હવે તે કોને માટે કર્યો છે તે વગેરે અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન ૪૦

## ચોરાસીના ચક્કરમાં ભમી રહેલા જીવો

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** ભગવાન્ **જંબૂસ્વામીજીને આચારાંગસૂત્રની** રચના જણાવતાં થકા આગળ જણાવી ગયા કે 'હે જંબૂ! હું તારી આગળ જે કથન કરું છું તે પ્રભુ **મહાવીર** મહારાજે મને કહેલું છે, તે ઇસારાથી નહિ પણ સાક્ષાત્ કથન કરેલ છે. વળી તે હેતુ, યુક્તિ કે દલીલથી સાબિત કરેલ છે. વળી તે નાટકિયાની જેમ નહિ પણ પોતે આચરીને સંપૂર્ણ ફળ મેળવીને તે કથન કરેલ છે.' હવે પ્રથમ પ્રભુ **વીરે** એ જણાવ્યું કે—સર્વ જીવો પ્રથમ ચોરાસીના ચક્કરમાં ભમી રહેલા છે. હવે

તળાવમાં પાણી પીઇને ડૂબેલો માણસ ક્યાં પડ્યો છે તેનો ખ્યાલ તેને પોતાને હોય નહિ, તેમ દારૂના ઘેનમાં ચઢેલો મનુષ્ય હોય તેને પણ પોતાની ખબર ન જ હોય. તેવી રીતે આ જીવને પણ અજ્ઞાનના પ્રવાહમાં તણાવાનું હોવાને લીધે, મોહમદિરાનો છાક લાગેલો હોવાથી પોતાની સ્થિતિનો ખ્યાલ હોતો નથી.

### આત્માનું ભાન ભૂલાવનાર ઇંજેકશન

હવે અંગ બહેર મારી જાય તો તે સ્થાને ઇંજેકશન લગાવે તો ખબરેય ન પડે, પણ સારા અંગમાં તે ઇંજેકશન લગાવે તો ખબર પડે. હવે અહીં દુનિયામાં સ્પર્શનેન્દ્રિયાદિના વિષયો જાણવામાં જીવનું પોતાનું ડહાપણ છે, ત્યાં સમજણ છે. મોહરાજા પોતે સમજે છે કે– આ બધું આના પ્રતાપે મારે વધવાનું છે. શરીરમાં ઇંજેકશન લગાવે, કાળજું બંધ કરવાનું કે શ્વાસ બંધ કરવાનું ઇંજેકશન લગાવે તો આ જીવ હા પાડે. અહીં મન કે ઇંદ્રિયના વિષયોનું ઇંજેકશન લગાવે તો મોહની જડ ઊંડી જાય અને તેથી આત્માનું ભાન ન થવા દે તેવું ઇંજેકશન મારે. હવે કહે છે કે દારૂ પીઈને ચકચૂર બનેલો હોય તેને તો ઊંધવાનો જ રસ્તો, તેમ અહીં આત્મા અજ્ઞાનમાં ડૂબેલો છે, મોહમાં છાકેલો છે અને મોહનું ઝેર તેમાં વ્યાપેલું છે, તેને જગાડવા માટે તો જો તેને ઊંધે માથે લટકાવીએ તો જ કામ લાગે. તેને માટે કહે છે કે–જે મોહમલ્લને જીતી ગયા છે એવા જિનેશ્વર મહારાજનો એક જ સોટો બસ છે.

### એક જ વચનથી ચંડકોશિયાને પ્રતિબોધ

ચંડકોશિયાને "**बुज्झ, बुज्झ**" સમજ સમજ ! કહેવું પડેલ છે. એ સર્પ હતો. જાતનો જંગલી હતો. વળી તે દૃષ્ટિવિષવાળો હતો. એવાને પણ બૂઝવવા માટે એક જ વાક્ય. આવા દૃષ્ટિવિષ જંગલી ભયંકર જાનવરને જે એક જ વચનથી છદ્મસ્થપણામાં સમજાવી શકે છે, તેમનું અહીં "**अत्थि मे आया**" એ વચન આપણને ગળે કેમ ન ઊતરે ? અહીં કેવલીપણામાં આ મહાપુરુષ આપણને

કહે છે તો આપણે સમજવું જોઇએ, અને જો ન સમજીએ તો પછી આપણે સર્પ કરતાં પણ ભૂંડી જાતના છીએ એમ જ ગણાય. હવે સર્પને કંઇ કારણ સમજાવાયું નથી, પણ તેને પૂર્વભવનું સ્મરણ થયું. હવે જે મહાપુરુષને અંગે હું આર્થિક, શારીરિક વગેરે તમામ પ્રકારના ભોગો આપી ચૂકયો છું, તે મહાપુરુષનો સંજોગ મને મળ્યો અને હું તેમને જ ડંખવા ગયો. હવે જે ચિંતામણિ ઘેરઘેર ભમવા છતાં ન મળ્યો હોય, અતિ ઉધમના પરિણામે પણ ન મળ્યો હોય તે મહાભાગ્યયોગે અનાયાસે મળી ગયા પછી શું તેનાથી આંખ ફોડાય કે ચક્કરમાં ચઢીને કપાળ ફોડાય? જો આમ કરાય તો તેવા જીવના કમનસીબની સીમા જ નથી. હવે અહીં તીર્થંકરના વચન ઉપર જે પોતાના કુટુંબકબીલાનો ત્યાગ કરી શરીરના તમામ ભોગોનો ત્યાગ કરનાર હતો, તેવાને સાક્ષાત્ પ્રભુ મળ્યા. તે વખતે તેમને ફાયદો કરવાની વાત તો દૂર રહી પણ ઉલટો ડંખ દેવા ગયો. ખરેખર, એ કમનસીબી જ ગણાય. અહીં ચંડકોશિયાને ભાન કરાવવા માટે ફક્ત 'બૂજ, બૂજ' કહ્યું છે. અહીં એ સર્પ ચંડકોશિયો સમજી શકયો કે તે પૂર્વભવમાં જબરદસ્ત સાધુ હતો.

## પોતાની ભૂલના પરિણામે જ ચોરાસીના ચક્કરમાં રખડપટ્ટી

અહીં આપણું જે રખડવું થાય છે તે જાણી જોઇને થાય છે એમ નથી, તેમજ કોઈ સત્તા એ કરાવતી નથી, પણ આ રખડપટ્ટી તે પોતાની ભૂલનું જ પરિણામ છે. જેમ ભૂલ કરવાથી ઉંબરાની ઠેસ વાગે અને પડીએ તેથી માથું ફૂટે કે કપાળમાં વાગે તેમાં જવાબદારી આપણી પોતાની જ છે. આંખથી જોઇને ચાલ્યા હોત તો આ ઉંબરો જોવાની જવાબદારી અંગે કરેલી ચૂકનું પરિણામ જે વેદના તે ભોગવવી ન પડત. હવે તમો ભવોભવ સમુદ્રમાં રખડો છો તે કોઈનું કરેલું કે લાદેલું નથી, પણ તમારી ભૂલનું જ એ પરિણામ છે. આ ભવભ્રમણ, અરે, ચોરાસીના ચક્કરમાં રખડપટ્ટી તે તમારી ભૂલનું જ પરિણામ છે.

## પાડોશી તે ઘરધણી અને ઘરધણી તે નોકર !

હવે તે ભૂલ કઈ ? એ પણ સમજાવવી પડે ને ! વિદ્યાર્થીને પ્રશ્ન ન આવડે તો ડેપ્યુટી ચોકડી મૂકીને ચલાવે, પણ માસ્તરને ચોકડીથી ચલાવાય નહિ. ભૂલ કેમ ? ખોટું કેમ ? સાચું કયું ? એ બધું સમજાવવું પડે. તેમ અહીં જગતના જીવોને તીર્થંકર મહારાજા એવું જાહેર કરે કે આ ભવસમુદ્રમાં ભટકવું તે ભૂલનું પરિણામ છે. તો પછી તે ભૂલ કઇ તે સમજાવવી પડે. હવે ભૂલ ક્યાં ? પાડોશીને પાડોશી તરીકે સમજતા નથી. આ જીવ પાડોશીને ઘરધણી સમજે છે અને ઘરધણીને નોકરિયાત તરીકે માને છે. હવે તો પાડોશીને પાડોશી તરીકે માને, ઘરધણી તરીકે ન માને તો ભૂલ ન થાય. હવે ઘરધણી નોકર થાય તે ભૂલ ખરી, પણ તે કેમ તે સાબિત તો કરશો ને ? આમાં ઘરધણી કોણ અને નોકર કોણ ?

## પોતાના હાથે સહી કરી આપેલ ગુલામીનો દસ્તાવેજ.

તે માટે બીજા અધ્યયનમાં જણાવ્યું કે—મન અને પાંચ ઈંદ્રિયો તે આત્માના પાડોશી છે. તે લેણદેણમાં, ખાવાપીવામાં, ઓઢવા પાથરવામાં સાથે જ રહેનારા. પાડોશી ને કુટુંબીનો સંબંધ સુખદુઃખનો કે આર્થિક સંબંધ હોતો નથી. તેમ આ મન અને ઇંદ્રિયો આત્માની સાથે ઘણા વખતથી રહે છે, છતાં તે ઇંદ્રિય અને મનરૂપી જડ પદાર્થમાં ચેતના ન આવી અને ચેતનરૂપી આત્મામાં જડતા પણ ન આવી. હવે અહીં આ બંનેને કંઈ લાગતુંવળગતું નથી, છતાં આ આત્માની દશા શી થઇ છે ? મન દોરાય ત્યાં આપણે દોરાઇએ, ઈંદ્રિયોને અનુકૂળ વર્તીએ. હવે ગુલામીનો દસ્તાવેજ આત્મા પોતાના હાથે ઇંદ્રિયો અને મનને સહી કરી દે, પછી ભૂલ કોની ગણાય ? આત્માની જ. હવે સહી કરી તે કરી, પણ હવે થાય શું ? પથ્થર નીચે હાથ આવ્યો હોય તો કાઢી લેવો જોઇએ ને ? તેમ અહીં તું પણ પાડોશીના પંજામાં બરાબર સપડાયો છે અને તેનું જ આ પરિણામ છે.

## ચૌદ રાજલોકમાં કર્મરાજાનો એકસરખો કાયદો

હવે આ પાડોશીના પંજામાંથી નીકળી શકાય તેમ છે કે નહીં? જેમ મિયાં છોડવા માગે પણ બીબી ન જ છોડે, તેમ અહીં આ ઈંદ્રિયો અને મન દરેક જાતિમાં ઓછાવત્તા પ્રમાણમાં સાથે લાગેલ જ છે. ભૂલ કરી અને આત્મા પાડોશીને સોંપ્યો ખરો, પણ હવે તે છોડે તેમ નથી. હવે જબરા શત્રુ આગળ બળકળ કામ લાગતા નથી. જબરા શત્રુ આગળ શામ કામ ન લાગે. ઓછી શક્તિવાળા આગળ દંડ કામ લાગે. પણ આ શત્રુ એવો છે કે એનામાં લગીર પણ દયાનું નામ નહી. જેમ એક દુઃખ ઉપર બીજું અને બીજા ઉપર ત્રીજું એમ દુઃખ ઉપર દુઃખનું આવવું બને જ છે તે કર્મ રાજાને પ્રતાપે છે—કર્મ રાજાને દયા નથી. તે કર્મ રાજાનો કાયદો ચૌદ રાજ-લોકમાં એક સરખી રીતે ચાલી રહ્યો છે. હવે તેના ઉપર તમે બળ શી રીતે અજમાવો? તેને દંડ કેમ કરી શકો? શામને માટે, દંડને માટે તે કર્મ રાજા લાયક નથી. વળી તે દામને અંગે પણ લાલચુ નથી. હવે આ શત્રુને અંગે કરવું શું? અહીં કર્મ રાજારૂપી શત્રુ અને મન અને ઈંદ્રિયોરૂપી પાડોશીને કરવું શું?

## શામ, દામ, દંડ ને ભેદનીતિ

અહીં મન અને ઈંદ્રિયોના હલ્લાથી આ જીવ શાંત રહે છે અને એને આધીન બને છે. હવે અહીં સ્પર્શ, રસ, ગંધાદિનું જ્ઞાન પણ તે ઈંદ્રિયો દ્વારા જ લેવાનું છે, પછી દાન તો દેવાય શી રીતે? અહીં દંડ તો તમારી પાસેથી લેવાય જ નહી. જેમ ઈંદ્રિય ઉપર દંડ નાંખો તો ભોગવવો તો તમારે જ પડે, કારણ કે જવાબદારી તો તમારી જ છે ને? જેમ મુનીમના હાથમાં શેઠની હુંડી હોય અને શેઠ તે ફાડે તો નુકશાન શેઠને કે મુનીમને? કહો કે શેઠને. તેમ અહીં કર્મ રાજાને અંગે શામ, દામ કે દંડ કામ લાગે તેમ નથી, તેમ પાડોશીને અંગે પણ તે નીતિ કામ ન લાગે. વાત ખરી, પણ ચોથો ભેદ તો કામ લાગશે ને? સમૃદ્ધ બળવાળા વ્યાપેલા શત્રુનો નાશ

કરવા માટે જો કોઈ ઉપાય હોય તો ભેદ જ છે.

## ભેદનીતિ અખત્યાર કરવાથી ઇષ્ટફળપ્રાપ્તિ

આ વાત ખ્યાલમાં લેશો તો માલમ પડશે કે શાસ્ત્રકાર મહારાજે પણ કર્મના બે ભેદ પાડ્યા છે. એક પુણ્યકુંવર અને બીજો પાપકુંવર; હવે તેમાં પર્યાપ્તા, ત્રસ, મનુષ્યપણું, વજ્રઋષભનારાચ સંઘયણાદિ પુણ્ય પ્રકૃતિઓને પક્ષમાં લઇને પાપને પછાડ્યું, પછી પુણ્ય તો પછાડાય જ. હવે ઘાતી કર્મરૂપી પાપનો ક્ષય કર્યા પછી પુણ્ય અઢળક હોય. અરે, ચૌદ રાજલોકમાં એકઠું થયેલું પુણ્ય એક જ આત્મામાં હોય તો પણ તે ખપાવવા માટે આઠ સમયો બસ છે. ઘાતિ કર્મ સિવાયના કર્મ પુદ્ગલોને ખપાવવા માટે આઠ સમય બસ છે. આ શક્તિ શાથી ? પાપને તોડી પાડેલ છે તેથી. હવે કેવળજ્ઞાનની તાકાતથી પુણ્યને પડખે લેવાથી અને પાપને નબળું પાડ્યાથી છેવટે પુણ્યને પણ ઠેકાણે પાડ્યું. આવી ભેદનીતિ અખત્યાર કરાય ત્યારે જ ઇષ્ટ ફળ પમાય છે. " **सव्वपावप्पणासणो** " એ પદ નવકારમંત્રમાં રાખવાનું કારણ જ એ છે કે—સર્વ કર્મનો ક્ષય કરનાર તો હતા, પણ આ ભેદનીતિ કર્મરાજા સાથે રાખવાની હતી, તેથી પુણ્યને પડખે રાખવાથી જ પાપનો ક્ષય કરી શકશો.

## ઇંદ્રિયો અને મનના અંગે ભેદનીતિથી જીત

હવે અહીં ઇંદ્રિય અને મનને અંગે પણ ભેદનીતિ કરો તો જ પહોંચી વળાશે. સામાવળિયામાં શામાદિ નીતિના ઉપયોગથી બચાશે નહિ, પણ તેની સામે એક ભેદનીતિ જ કામ લાગશે. હવે તેમાં કરવું શું ? ઇદ્રિયોને બાંધવી નહિ, તેનો નાશ ન કરવો, કાને બહેરા ન થવું, આંખ ફોડવી નહિ. આવું કાર્ય કંઈ ભેદનીતિ ન કહેવાય. તેને પ્રવૃત્તિ તો કરવા દેવી. જેમ ઘોડા ઉપર બેસનારાએ લગામનો કબજો રાખવો. તેમાં અહીં તેનું પૂંછડું પકડ્યું નથી, તેમ તેના પગ બાંધ્યા નથી, પણ જ્યાં ચલાવીએ ત્યાં એ ચાલે. તેમ અહીં મન અને ઇદ્રિયોની લગામનો છેડો પકડીએ એટલે ચાહે તેટલી તે કૂદાકૂદ કરે તો પણ

તું એમાં કૂદીશ નહિ. તેને અનુકૂળ વિષયો મળે તો તું રાજી થઈશ નહિ. પ્રતિકૂળ વિષયો મળે તો ઈતરાજી કરીશ નહિ. આવી રીતે મન અને ઇંદ્રિયનો લગામનો છેડો લઇ લે. આવી રીતે ભેદનીતિ કરવામાં તેમનો નાશ નહિ કરતાં કૂદવા નાચવાના પ્રસંગમાં આપણે ભળવું નહિ, તોજ આપણે ખરેખર જીત્યા છીએ. તેથી જણાવ્યું કે શીતોષ્ણ પ્રસંગોમાં તું એક સ્થિર રહે, રાજી કે ઇતરાજીપણામાં ન જા!

## આત્માની આઝાદી અને આબાદીના રસ્તા

હવે આત્મામાં આઝાદી અને આબાદી ન આવે તો પછી આ બધું કર્યાનું ફળ શું? મુસ્લિમ રાજ્યમાં હિંદુ નોકરોએ પોતાના હિંદુ દેશનું નખોદ વાળ્યું હતું. જે દેશ પોતાની આઝાદી કે આબાદીનું ધ્યાન ન રાખે તે ચાહે તેવી નીતિ રાખે તો પણ તે શ્રાપરૂપ બને. તેમ અહીં મન અને ઇંદ્રિયોને કબજામાં રાખી આત્માનું ધ્યાન રાખે તો આત્માની આઝાદી કે આબાદીમાં વાંધો ન આવે. હવે આઝાદી હોવા છતાં આબાદી ન હોય તો શું કામ લાગે? તેટલા માટે આત્માને તમે આબાદીવાળો-સમૃદ્ધિવાળો બનાવો! હવે તે માટે ત્રણ રસ્તા છે: સાચો નિશ્ચય, સાચું જ્ઞાન અને સાચું ચારિત્ર. એટલે નિશ્ચય, સમજણ અને વર્તન આ ત્રણે વસ્તુ સાચી હોય. હવે શાસ્ત્રમાં તેના સાંકેતિક શબ્દો છે તે સમજો!

## સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. હવે સાચો નિશ્ચય તેનું નામ જ સમ્યગ્દર્શન અને સાચી સમજણ તેજ સમ્યગ્જ્ઞાન છે. વળી સાચું વર્તન તેનું નામ જ સમ્યક્ચારિત્ર છે. આ ત્રણ આત્માની આબાદીના રસ્તા છે. હવે સાચા નિશ્ચય વિના સાચી સમજણ આવે નહિ અને સાચા નિશ્ચય વિના સાચું વર્તન પણ આવે નહિ. તેથી પ્રથમ આત્માને અખંડ ખજાનાવાળો બનાવવા માટે સાચો નિશ્ચય જોઇએ, હવે સાચો નિશ્ચય કયો? તો કહે છે કે દેશના અંગે કહ્યું કે-દેશ આબાદ થવો જોઈએ, તેમ અહીં જગતના જીવોને

પીડા કરવાનો હક કોઇને છે જ નહિ. આ એક જ નિશ્ચય જિનેશ્વર મહારાજા પ્રથમ જણાવે છે. સર્વે પ્રાણો, ભૂતો, જીવો કે સત્ત્વો પૈકી કોઈપણ કોઇને હણવા, કોઇપર બળાત્કાર કરવા, કોઇને તાબેદાર કરવા, મારવા કે કિલામના કરવા હકદાર નથી. આ પાંચ વસ્તુ કોઇ કોઇને ન કરી શકે. આ જિનેશ્વરનું શાસન છે.

## સ્વતંત્રવાદ અંગે બધા હકો યુરોપને !

આજકાલ સ્વતંત્રવાદને અંગે બોલાય છે કે બધા હકો સર્વને મળવા જોઇએ પણ છેવટે કહે કે તે યુરોપને માટે. અહીં એક જ શબ્દથી આખી સભા ચકિત થાય. તેમ અહીં ચૌદ રાજલોકમાં જેટલા જીવો હોય, કોઇ પણ જાતિનો કે કોઇ પણ ગતિનો જીવ હોય, પર્યાપ્તા કે અપર્યાપ્તા હોય તેને હણવાનો, મારવાનો કે તાબેદાર કરવાનો એ વિગેરે પાંચે બાબતનો હક જ નથી. હવે 'નકામાપણે' એટલો શબ્દ મૂકો, તો કામ ન હોય તો મારવા આદિપણાનો હક નથી એમ અર્થ થાય. અહીં દસ્તાવેજ આખો કરીને પાછળથી લુચ્ચાઈથી બીજા શબ્દો નંખાય તે ઠીક ન ગણાય.

## વર્તમાન અને ભાવિ જિંદગીની આઝાદી અને આબાદી

હવે પ્રભુ વીરે જે ઢંઢેરો પીટ્યો છે તેમાં દૂષણ કરનારી એક પણ કલમ નથી, પણ સર્વ જગતને સમાન ગણીને આ ઢંઢેરો કહેલો છે. આયંદે તમારી જિંદગી બગડે નહિ, ગતિ સુધરે, ઊંચામાં ઊંચી રહે તે માટે જ આ ઢંઢેરો જિનેશ્વર મહારાજે પીટ્યો છે. અહીં આખી ભવિષ્યની જિંદગી ન બગડે તે માટે તેને રજિસ્ટર કરે છે કે આ ઢંઢેરો માનનારો, અરે, તેને શિરસાવંદ્ય ગણનારો હોય તેની ભવિષ્યની જિંદગી ખરાબ નથી જ આવવાની. હવે ખરાબ જિંદગી ન આવે એટલું જ ને ? તો કહે છે કે ના. આ ઢંઢેરાને માનીને તેને જાહેર કરી વિસ્તૃત કરવાવાળો ભવિષ્યની જિંદગી આઝાદી અને આબાદીવાળી મેળવનારા બનશે. વળી ભયની મુક્તિ, તેમ જ આઝાદી અને આબાદીનો રસ્તો રજિસ્ટર કરનાર આ ઢંઢેરો છે. વળી એમાં

કાળભેદે કલંક નથી, જાતિ, દેશ કે કુલભેદે પણ કલંક નથી. વળી બીજાઓના ઢંઢેરામાં કલંકની કાલિમા લાગેલી હોય છે તેવી કાલિમા અહીં લાગેલી નથી.

## ધ્રુવ, નિત્ય અને શાશ્વત ઢંઢેરો

હવે મોટા અધિકારીઓને એમ કહેવું પડે છે કે વખત આવે ત્યારે વચનને પણ વેતરી કાઢવું. શુદ્ધ વચન બોલેલા હોઇએ તો તે વખત પૂરતું જ, પછી નહિ. શુદ્ધ ઢંઢેરાઓ સ્વરૂપે શુદ્ધ, કલંક વગરના હોય. પણ તે વખતે વહેવડાવી દેવાય તેવો ઢંઢેરો તીર્થંકરોનો નથી પણ નિત્ય છે. સર્વકાળને માટે આ ઢંઢેરો છે. કોઈ પણ કાળે, કોઇ પણ દેશે, કોઇ પણ જ્ઞાતિએ કે કુલે એમાં ફેરફાર કરાય જ નહિ. આવો ઢંઢેરો હોવા છતાં એમાં સુધારો કરી નાંખવામાં આવે તો શું થાય? તો કહે છે કે સર્વ જાતિ તેમજ કુલને તે લાગુ પડે પણ સરકારને લાગુ ન પડે તો? અહીં જગતના જીવોના ઉદ્ધાર માટેનો તીર્થંકરનો જે ઢંઢેરો છે તેમાં સુધારા માટે કે ફેરફાર માટે અવકાશ નથી. તે ઢંઢેરો ધ્રુવ છે, નિત્ય છે. વળી જગતમાં જેની મર્યાદા ન બાંધી હોય અને યાવચ્ચંદ્રદિવાકર જેવું લખેલ હોય તો પછી તેમાં દેશ—કાળની મર્યાદા ગણી લેવી પડે તેવો ઢંઢેરો આ નથી, પણ આ ઢંઢેરો શાશ્વતો છે. કોઈ દિન ન હોય એમ નહિ. આ ઢંઢેરો તે જ ધર્મ, અને તે ધ્રુવ, નિત્ય, શાશ્વતો છે. હવે આ ઢંઢેરો કોણે જાહેર કર્યો, શું સમજીને કયા મુદ્દાથી જાહેર કર્યો? વળી પોતાની લાયકાત, મુરાદ, તેના ફાયદાને ન જણાવે ત્યાં સુધી તેની કિંમત ન અંકાય, માટે અહીં ઢંઢેરો જાહેર કરનાર તીર્થંકર મહારાજ કેટલા લાયક છે? તેનું ફળ શું? કોને ઉદ્દેશીને કહે છે એ વગેરે અધિકાર અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન : ૪૧

## પ્રભુ વીરનો જગતના ઉદ્ધારનો સંદેશ

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** મહારાજ જંબૂસ્વામીને **આચારાંગસૂત્રની** રચના જણાવતા થકાં આગળ જણાવી ગયા કે-પ્રભુ **વીરનો** સંદેશો હું તને કહું છું. તે તેમણે સાક્ષાત્ શબ્દોથી, હેતુ, યુક્તિ અને દષ્ટાંતપૂર્વક જણાવેલ છે. વળી પોતે આચરીને સંપૂર્ણ ફળ પામીને જ જણાવેલ છે. શું જણાવેલ છે? તો કહે છે કે જીવોની ઉત્પત્તિ, મન અને ઇંદ્રિયોનું આધીનપણું, તેમાં રાજી અને ઈતરાજી ન થવાનું જણાવવા સાથે આત્માની ત્રણ અખૂટ વસ્તુઓ જણાવ્યા બાદ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને ચારિત્ર તે સમ્યક્ ન ગણાય, માટે જ્ઞાન અને ચારિત્ર એ બેની અંદર સુંદરતા લાવનાર દર્શન નામની ચીજ છે. હવે તે સમ્યગ્દર્શન શી ચીજ છે? તો કહે છે કે-જે દુનિયાનો હક એક સરખી રીતે માનવો તેનું નામ જ સમ્યગ્દર્શન, એટલે દેવ, ગુરુ અને ધર્મ તેમે આધારે. સમ્યગ્દર્શન તે હકને આધારે. વળી આશ્રવ, સંવર, નિર્જરા કે મોક્ષ પણ તે હકને આધારે જ માનવાના છે. હવે જીવોને અમુક હક છે તે હકને આધારે તત્ત્વત્રયી અને આશ્રવાદિની માન્યતા રહેલી છે.

## અહિંસાનો સર્વ જીવોનો હક

હવે એ હક કયો? જગતના સર્વ જીવો તાડન, મારણ, તાબેદારી આદિ પાંચ હકોથી રહિત છે. અર્થાત્ સર્વ જીવો પૈકી કોઈ કોઇને મારવાનો હકદાર નથી. બળાત્કાર કરવાનો, તેમજ મારી નાંખવાનો કોઇ જીવને કોઇ પણ જીવ અંગે હક નથી. આ હકો માનવા અંગે કે તે જાળવવા અંગે વિક્ષેપ કરવાનો કોઇને પણ હક નથી. હવે આવી જે માન્યતા તે જ સમ્યક્ત્વ.

## તીર્થંકર મહારાજા કેવલી શાથી ?

હવે તીર્થંકર મહારાજા કેવલી શાથી ? અઢાર દોષથી રહિત થયા માટે. જેવી રીતે તીર્થંકર કેવલી અઢારે દોષ રહિત હોય તેવી જ રીતે બીજા કેવલીઓને પણ અઢારે દોષ હોતા નથી. બંનેમાંથી કોઇને પણ અઢાર દોષમાંનો એક પણ દોષ હોતો નથી. વળી કોઇને વર્તમાનમાં એ દોષો ગયા અને બીજાને ભવિષ્યમાં જનારો હોય એવું નથી. બીજા કેવલિઓને ભૂતમાં દોષો હતા પણ વર્તમાનમાં નથી અને ભવિષ્યમાં થનારો પણ નથી. તેવી જ રીતે તીર્થંકર મહારાજના આત્માને ભૂતમાં દોષ હતા પણ વર્તમાનમાં કે ભાવિમાં તે દોષો છે નહિ અને થનાર પણ નથી.

## તીર્થંકરો અને સામાન્ય કેવલી વચ્ચે ફેર શો ?

હવે અહીં સર્વ તીર્થંકરો કેવલજ્ઞાનવાળા અને અઢારે દોષ રહિત છે; છતાં તેમાં એક મુદ્દો છે કે-આવો જે ઢંઢેરો પીટવો તે તીર્થંકરોમાં જ હોય છે પણ સામાન્ય કેવલીમાં તે હોતો નથી. જગતના સર્વ જીવો તાડન-તર્જનથી રહિત રહેવા માટે હકદાર છે. તાબેદારી વિના, પીડા વિના જીવવાનો તેમને હક છે. અરે, નિર્ભયપણે જીવન જીવવા માટે તેઓ હકદાર છે. હવે જગતના સર્વ જીવો કોઇના પણ આ હકની આડે આવે નહિ. વળી આવો ઢંઢેરો પીટાવી દેવ-મનુષ્યમાં પહોંચાડનાર કોઇ હોય તો તે તીર્થંકર મહારાજ છે, એટલું જ નહિ પણ જગતને જિનેશ્વર દેવનો આ સંદેશો જણાવવા ગણધર મહારાજ જંબૂસ્વામીને કહે છે કે-મનુષ્યમાત્ર પોતાની ભવિષ્યજિંદગી ન બગડે તે માટે કટિબદ્ધ હોય પણ મરણ પછીની પોતાની ભવિષ્યની જિંદગી કેવી થશે તેના માટે તેઓ વિચાર કરતા નથી. આ ચાલુ જિંદગીના ભવિષ્યને માટે વિચાર કરે તેના કરતાં આચરણ પછીની ભવિષ્યની જિંદગીનો વિચાર કરે તેનું નામ જ ધર્મ. આ સિવાય ધર્મ નામની બીજી કોઇ પણ ચીજ નથી.

## ભવિષ્યની જિંદગી સુંદરતર કરનાર ધર્મ

આ જીવન પછી ભવિષ્યની જિંદગી સુંદરતર રહે એવું રજિસ્ટર કરવાની જે ઓફિસ તેનું નામજ ધર્મ. હવે તમે મુલ્લાજીની માફક સત્તા હાથમાં રાખો છો એમ જણાય છે, એમ કોઇ કહે તો આ કોઇની સત્તાથી આપેલી ચીજ નથી, પણ તે પોતે પોતાના હાથે જ નક્કી કરી શકે છે. ભવિષ્યની જિંદગી મારી ચોખ્ખી જ નિવડે તેના માટે કયું કાર્ય કરવું ? જે કાર્ય તમને ધર્મ તરીકે ઓળખાવેલ છે તે. વળી ભવિષ્યની જિંદગી સુધારે તે કાર્યરૂપે મેં જે ઓળખાવેલ છે તે આ ઢંઢેરો જ છે, પણ તે રોમેરોમ ઓતપ્રોત થવો જોઇએ. તે ઢંઢેરાની આડે આવવાનો કોઇને હક નથી, અને તેનું નામ જ ધર્મ છે.

## ગઠડીની ચોરી અને સોયની શાહુકારી

હવે ત્રિલોકનાથ તીર્થંકર મહારાજના વચનરૂપ જે આ ઢંઢેરો તે જ ધર્મ છે. જો તમારા રોમરોમમાં આ ઢંઢેરો ઓતપ્રોત ન થાય, તો પછી ચાહે તેટલા ધર્મકાર્યો કરો પણ તે વાસ્તવિક ધર્મ નથી, એટલે ગઠડીની ચોરી અને સોયની શાહુકારી જેવું છે. કોઇની સોય પડી હોય તો લઇ લેવા કહે અને પાપનો ડર બતાવે, પણ આખી ગઠડી હજમ કરી જાય. હવે જે જીવો જગતના જીવોનાં હકને કબૂલ ન કરે અને તેની આડે આવે તો તે શાહુકાર નથી, પણ ગઠડીના ચોર જેવો દેખીતો ચોર છે.

## જીવોના પાંચ હક રૂપ આ ધર્મની વિશિષ્ટતા

હવે જિનેશ્વરે કહેલો જે ઢંઢેરો તેની માન્યતા તે જ ધર્મ છે, હવે આક્રમણ કરનારાને મારી નાંખવાનો ક્ષત્રિયોનો ધર્મ છે, તેમ અમુક અમુક અપેક્ષાએ કોઈ ધર્મ ગણતો હોય, તેમ અહીં જાતિ, કુળ કે કાળને અંગે ઉપાધિરૂપ આ ધર્મ ગણવામાં આવ્યો નથી. જગતના જીવોના પાંચ હકરૂપ જે આ ધર્મ છે તે ધ્રુવ નિશ્ચય રૂપ છે. તેમાં જાતિ, કુળ કે અન્યને અંગે કશા વાંધા નથી. હવે

નિશ્ચય રૂપે એમ કહો ખરો, પણ ધ્રુવ એટલે લાગલાગટ અમુક મુદ્દત-ની જ મર્યાદા ગણાય છે, સંવચ્છરીએ ગાયના રૂંવાડાથી વધુ વાળ સાધુને મસ્તકે ન રહેવા જોઇએ. અહીં જુવાનને ચાર માસે અને સ્થવિરને છ માસે લોચ કરવાનો છે, પણ જિનકલ્પી સાધુએ તો હંમેશાં લોચ કરવો. હવે અહીં રોજેરોજ લોચ કરવો કેમ બને? તો કહે છે કે–આજે હાથમાં આવ્યા તેને આજે, કાલે હાથ આવે તેને કાલે એટલે ચાર માસ સુધી વધતા જતા વાળનો લોચ કરે તે ધ્રુવ શબ્દથી કહેવાય, તેવી જ રીતે અમુક ઋતુ સુધી રહે તે પણ ધ્રુવ શબ્દથી કહેવાય. ઠંડી અને ગરમીને અંગે પણ લાગલાગટ હોય તેમ ધ્રુવ શબ્દથી કહેવાય. અહીં તેવા ધ્રુવરૂપે આ ઢંઢેરો નથી પણ નિશ્ચય રૂપે છે, એટલે શ્રાવક કે જાનવરને કે નારકી કે દેવને માનવાને જરૂર નથી એમ નહિ, પણ સર્વ જાતિ અને ગતિમાં હક માનવાનું નક્કી જ છે.

## अवध्यो ब्राह्मण : એ ઇતરોની માન્યતા

બીજામાં કહેવાય છે કે "ब्राह्मणो न हंतव्यः" તેમજ "अवध्यो ब्राह्मणः" અહીં બીજાઓને મારવાનો હક રખાય અને બ્રાહ્મણ માટે છૂટ છે એવું અહીં જૈન શાસનમાં નથી. અહીં જૈન શાસનમાં તો સર્વ જીવો માટે એક સરખો હક છે. હવે અહીં નિત્ય શબ્દ વિવક્ષાને આધીન છે. જીવ પ્રથમ સિદ્ધપણામાં જાય ત્યાં નિત્ય પણું કેમ? કારણ કે પ્રથમ સિદ્ધના જીવો તો સંસારી હતા છતાં હવે સિદ્ધપણામાં રહેનાર છે તેથી નિત્ય કહીએ. તેમજ તીર્થંકર મહારાજા વોસરાવી છે કાયા જેમણે એવા છે, તો અહીં પ્રથમથી સંસારી-પણામાં કાયા વોસરાવી નહોતી, છતાં નિત્ય. માટે જેણે કાયા વોસરાવી છે એમ કેમ બોલાય? તેમજ જીવો અનાદિના શુદ્ધ હોતા નથી, છતાં કહી શકીએ કે **निच्चवोसट्ठकाया** એટલે કર્મનો સર્વથા ક્ષય કરીને સિદ્ધપણાને પામ્યા છે તે સિદ્ધપણું કોઇ દિન જનાર નથી. તેથી નિત્ય છે. તેવી જ રીતે તીર્થંકર મહારાજે શરીરની દરકાર છોડીને

શરીરને વોસિરાવ્યું છે અને હવે પછી પણ શરીરની દરકાર કરનાર નથી તેથી નિત્ય શબ્દનો પ્રયોગ કરાય છે.

## ધ્રુવ, નિત્ય અને શાશ્વતો જીવનહક

હવે તેવી જ રીતે સર્વ જીવોને તાડના–તર્જના પામ્યા વિના બળાત્કારમાં આવ્યા વિના, તાબેદાર બન્યા વિના કે જિંદગીના અંત સુધીનું મારવાનું બન્યા વિના જીવવારૂપે પાંચે પ્રકારનો જે હક છે તે અમુક ઋતુના અંગે કે કાળને અંગે છે એમ નહીં, પણ આ હકરૂપ જે ધર્મ તે ધ્રુવ અને નિત્ય હોવા સાથે અમુક કાળને માટે વિવક્ષિત નથી પણ શાશ્વતો છે, એટલે અમુક કાળે નથી કે નહોતો, અગર નહી રહે તેમ નથી, પણ આ પાંચે હકો સર્વ અતીતકાળમાં હતા, વર્તમાનમાં સર્વ ક્ષેત્રોમાં છે અને ભવિષ્ય કાળમાં સર્વ ક્ષેત્રોમાં રહેશે.

## દેવ, ગુરુ, ધર્મ તથા આશ્રવ, સંવર.

આવા હકોને માને અને તેનો ધર્મ કહે તે દેવ, અને તેનો પ્રચાર કરે અને અમલમાં મૂકે તેનું નામ ગુરુ, અને તેને જ સાચો માનવો તેનું નામ ધર્મ છે. હવે અહીં આ હકોને માનવા, તે પ્રમાણે વર્તવું તેનું નામ સંવર. તેને ન માનવા તેનું નામ આશ્રવ. વળી તે હકોને ન માનીએ અને તેનાથી વિરુદ્ધપણે વર્તીએ તેનું નામ આશ્રવ. આવી રીતે ત્રણે તત્ત્વો, ત્રણ રત્નોનો આધાર આ હકની કબૂલાત ઉપર છે.

## આ સર્વે કહેનાર કોણ?

હવે આ સર્વને કહેનાર કોણ? જેને જેટલી ખબર હોય તેટલી વાત કહે તે પ્રામાણિક મનાય, પણ બે ચોપડી ભણેલો બેરિસ્ટરપણાની વાત કરે તે ન મનાય. તેવી જ રીતે અહીં સર્વ અનાદિ કાળમાં આ જીવોને આ હક છે, ભાવિમાં પણ હક છે. આવું કહેવાની સત્તા કોને? જેઓ ભૂત અને ભવિષ્યકાળને સારી રીતે જાણી શકતા હોય

તે જ આવું કહેવાને હકદાર છે, પણ જેને ભૂત કે ભાવિ કાળનું જ્ઞાન નથી તેઓ બબડે તો કોઇ પણ માને નહીં. હવે અહીં સર્વકાળને ન જાણે, તેના હકો, ફળો કે નુકશાનોને ન જાણે તેઓ સર્વકાળના હકની વાત કરે તે નકામી છે.

## કેવલજ્ઞાની તીર્થંકરે જણાવેલ ધર્મ

હવે આ પવિત્રમાં પવિત્ર ઢંઢેરો તે જ ધર્મ. વળી તે ધ્રુવ, નિત્ય અને શાશ્વતો હોવા સાથે કોઇ રેંચિયાપેંચિયાએ જણાવેલો નથી, પણ જેઓએ ચૌદ રાજલોકના અનંતાનંત જીવોનું સર્વ પ્રકારે જ્ઞાન મેળવેલું છે, વળી અનાદિ-અનંત સ્થિતિ તરીકે તેટલા કાળના પર્યાય તરીકે જેને જ્ઞાન છે તેમણે એ જણાવેલું છે.

## "**समेच्च**" શબ્દ મૂકવાનું કારણ

હવે અહીં લોકને જાણેલ છે, તો પછી "**जाणित्तुलोयं**" ન કહેતાં "**समेच्च**" શબ્દ નવો કેમ વાપર્યો ? અહીં સમ્ શબ્દ એકીભાવમાં છે, તેના દ્રવ્ય, ગુણ, પર્યાયોનું તન્મયપણું જણાવે છે. એટલે દ્રવ્ય પર્યાય જુદા નથી એમ જણાવવા માટે, સમ્યક્ જાણવા માટે "**समेच्च**" શબ્દ મૂકેલ છે. તેથી કેવલજ્ઞાન પામીને ચૌદ રાજલોકને જાણેલ છે. હવે અનંત કાળના અનંત દ્રવ્ય પર્યાયોને તેજ જાણી શકે કે જેને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ હોય તેથી અહીં આખા લોકને, સ્થાવર અને જંગમ બંને પ્રકારના જીવો-પદાર્થો-ને સર્વ કાળના અવસ્થાએ જાણીને તીર્થંકર મહારાજે ધર્મરૂપે આ ઢંઢેરો કહેલ છે.

## વીતરાગ અને સારા ગામની પીડા એ કેમ ?

હવે અહીં તીર્થંકર મહારાજને પઞ્ની શી પડી હોય ? આખું જગત્ મરે કે જીવે અથવા જગતની ઊથલપાથલ થાય તેથી તેમને શું ? પારકી પંચાતમાં પડે તેથી શો ફાયદો ? ઘરધણી ઘરનું, દેશધણી દેશનું સંભાળે પણ અહીં આખા જગતનું સંભાળીને કામ શું ?

તેમને હક હોય કે નહી ? કોઇ આડા આવે કે ન આવે, મંજૂર કરે કે ન કરે તેમાં તેમને શું ? કાજી કેચાં દૂબળા ? તો સારે ગાંવકી પીડા. અહીં વીતરાગ માનવ અને સારા ગામની પીડા એ કેમ બને ? ઘરવાળાને ઘરની પડી હોય, કુળવાળાને કુળની પડી હોય તેમ અહીં વીતરાગને આખા જગતની પડી હોય છે. હવે જે કુટુંબનું કે જ્ઞાતિનું હિત કરવા તૈયાર થયેલો હોય તેને બીજાની દરકાર ન હોય તેને પોતાનો રાગ તેટલામાં જ છે. અહીં વીતરાગ પરમાત્માને સ્વપરનો પક્ષ નથી તેથી આખા જગતના હિતની કામના વર્તે છે, તેમ આખા જગતની દયા આવવાથી તેમણે આ ધર્મ-નિરૂપણ કરેલ છે તેતી તેમણે ઉપાધિ વહોરી નથી.

## જગતના સર્વ જીવોની દયા

આ જગતને જન્મ, જરા, મરણથી પીડાયેલું દેખીને પોતાને દયા આવી તેથી જિનેશ્વરે આવો ધર્મ નિરૂપણ કરેલ છે. વળી આ જગત્ માત્ર પીડાય છે એમ નહીં, પણ દુઃખીદુઃખી થઇ રહેલ છે. અહીં વળી જગતમાં સાર પણ નથી. તેવા જગતના ઉદ્ધાર, બચાવ કે રક્ષણને માટે જેઓ તૈયાર થયા છે તે જ વીતરાગ તીર્થંકર છે. હવે સરાગપણું હોત તો અમુક કુટુંબ, ઘર કે જાતિ માટે તૈયાર થાત, પણ અહીં આખા જગતમાં થયેલ ખેદ, દુ;ખ કે પીડા અગર તેના હકનો થતો લોપ-તે પીડા જાણીને પ્રભુ તીર્થંકરે આ હકનો પટ્ટો નિરૂપણ કરેલ છે.

## પટ્ટક બનવનાર નહિ પણ બતાવનાર જિનેશ્વર

હવે અહીં પટ્ટક અનાદિનો કહેલો છે, વળી પ્રભુ વીરે લખેલો છે. આ બે વાત કેમ બને ? વાત ખરી. પ્રભુ વીરે તો નકલ કરી છે. કોર્ટમાં પ્રથમના દસ્તાવેજની નકલ કારકૂન કરી દે તેથી દસ્તાવેજની તારીખ કંઈ નકલના દિનની નહિ જ ગણાય. તેમ અહીં હક અનાદિનો છે. પ્રભુ વીરે તો તે જાહેર કરીને માત્ર નકલ કરી દીધી

છે. 'જગતના સર્વ જીવોને આવી રીતે જીવવાનો હક છે' એ પટ્ટકની તેમણે નકલ કરી દીધી. " **पवुच्चइ** " એટલે જણાવેલ છે. અર્થાત્ તીર્થંકરો ધર્મને કરનાર-બનાવનારા નથી. અધર્મને પણ બનાવનારા નથી પણ તેઓ બતાવનારા છે. જગતમાં સ્વાભાવિક રીતે જે પ્રકારે સર્વ થતું હતું, પણ લોકોને જાણમાં નહોતું તેથી તેમણે તે બતાવ્યું. દીવાએ હીરો બતાવ્યો તેથી તે દીપક હીરાનો ઉત્પાદક નથી પણ દર્શક છે. તેમ અહીં પ્રભુ વીરે પટ્ટક કરી દીધો નથી, પરંતુ તેમણે તો તે જાહેર કરેલ છે.

## અમને એ પટ્ટક સાથે શું લાગેવળગે ?

હવે તે પટ્ટકને માનવો તે જ ધર્મ. તે પ્રમાણે ચાલવું તેનું નામ ગુરૂપણું, અને જો તે પટ્ટક જગતમાં લુપ્ત થયો હોય તો તેને જાહેર કરવો તેનું નામ જ દેવપણું. અહીં પટ્ટક અનાદિનો છે. તેની નકલ પ્રભુ વીરે કરી. હવે અહીં એક માણસે જૂના દસ્તાવેજની નકલ કરી આપી તેથી નકલ કરનારો માલિક બનતો નથી, જેણે જેને લખી આપ્યો હોય તે જ હુકમનામું બજાવી નાણાં વસુલ કરી શકે પણ બીજો ન જ કરી શકે. અહીં પ્રભુ વીરે જેને આ હક કર્યો હોય તે જ હકદાર. પ્રભુ **વીરે ગૌતમસ્વામીજી કે સુધર્મ-સ્વામીજી**ને કહેલ છે તેઓ તે પ્રમાણે ચાલવાને હક્કદાર, પણ અમને શું લાગેવળગે ! જેમ રસ્તામાં ચાલનારને બીજાના દસ્તાવેજ સાથે હક્ક હોતો નથી, તેમ અહીં પ્રભુ વીરે કહેલો હક્ક સાંભળે તેથી બીજાને શું ?

## સમોસરણમાં હાજર કે ગેરહાજર બધાય માટેનો હક.

હવે ઉપર્યુક્ત પ્રશ્નના સમાધાનમાં જણાવાય છે કે પ્રભુ વીરે આ હકપટ્ટો કહેલ છે તે કોને ઉદ્દેશીને કહેલ છે ? એકલા ગૌતમ કે સ્કંદિ-લાદિ માટે નહિ, તેમજ આણંદાદિ શ્રાવક માટે કે ચંદના આદિ સાધ્વીજી માટે કે રેવતી આદિ શ્રાવિકા માટે કહેલ નથી, પણ જેઓ

હકપટ્ટાનો અમલ કરવાવાળા હતા તેઓ કહે છે કે "**इच्छामो अणुसट्ठिं**" કહીને "**कि तत्त्वं**" એમ કહીને ઊઠેલ. આવા ગણધર મહારાજાઓને પણ આ હક છે. વળી જે ગણધર પદવીને લાયક નથી તેવાઓ માટે પણ આ હક છે. હવે તે કેમ ? તો કહે છે કે–સમુદાય તરીકે જે જાહેરાત કરાય તેમાં એક બોલે તો પણ તે સર્વને માન્ય ગણાય, પણ તે સમુદાયમાં જે એકઠા થયેલ હોય તે જ તે માન્ય રાખે, પણ અહીં પ્રભુ **વીર**ની સભામાં કે પરિષદમાં હોય તેઓ તે હકને માને એ વાજબી છે, પણ જેઓ તે કાળમાં તે સભામાં નહોતા તેમને શું ? હવે જે પ્રભુ **વીર** આગળ ઊભેલા હોય કે ઊભેલા ન પણ હોય એટલે સમોસરણમાં અનુપસ્થિત હોય તેઓને માટે પણ આ હક છે.

## વિરતિ અને અવિરતિ સૌ માટે સરખો હકપટ્ટો

હવે જે રાજગૃહી નગરીમાં હોય અને પ્રભુ વીરને પોતાનાં મન-વચન પણ આપી ચૂકેલા હોય તેઓ તો એમ કહે કે–પ્રભુ **વીર**! આપ ધર્મને કહો ! જેમ આપણા બહુવેલ સંદિસાહુ આદિ પદોમાં શું તત્ત્વ છે ? આ મારા મનવચનકાયાના યોગો જે છે તેની પ્રવૃત્તિ આપને પૂછ્યા વિના ન કરાય, પણ જે પ્રવૃત્તિ ક્ષણે ક્ષણે થનારી છે તે પૂછવાનો ટાઇમ–વખત નથી, તે આજ્ઞા વિના કરી લેવી પડે, તેની છૂટ મંગાય છે. આંખની પાંપણનું ચલન, શ્વાસની ગતિ, નાડીની ગતિ એ પરાધીન છે અને સમયે સમયે પૂછાય તેમ નથી, તેથી તે સિવાયની સર્વ પ્રવૃત્તિમાં પૂછવાનું રાખેલ છે. અહીં સર્વ સત્તા એટલે મન, વચન અને કાયાની આધીનતા જો ગુરુના કબજામાં ન મૂકીએ તો લોઢાની તિજોરી ઉપર ખાલી ચાવીઓ સોંપવા જેવું છે. અહીં જેઓએ યોગો સોંપેલા છે તેઓની આગળ આ ધર્મપટ્ટ કહે તે ઠીક, પણ જેમણે મન, વચન અને કાયાના યોગો સોંપેલા નથી એટલે વિરતિધર્મમાં જેઓ આવ્યા નથી તેમને માટે પણ આ હકપટ્ટો સરખો છે.

## સમસ્ત જીવોને લાગુ પડતો કાયદો

હવે જ્ઞાતિનો કાયદો પોતાનીજ જ્ઞાતિમાં ચાલે. ઓસવાળની જ્ઞાતિમાં થયેલા ઠરાવનો વર્તાવ પણ એ જ્ઞાતિએ જ કરવાનો; નહિ કે શ્રીમાળીને. તેમ અહીં નિર્ગ્રંથ અને અચેલક એવા પ્રભુ વીરે કાયદામાં કહ્યું કે આ કાયદો આપણે પાળવાનો છે તેથી જેઓ સચેલક હોય તેમને આ કાયદા સાથે સંબંધ નથી. તેથી કહે છે કે-જે સાધુઓ ઉપધિવાળા છે, જે ઉપધિ વિનાના છે, જે જીવો સાધન સામગ્રીવાળા છે કે સામગ્રી વિનાના છે તે સર્વને અંગે આ કાયદો છે. ત્યાં ઉત્થિત-અનુત્થિત, ઉપસ્થિત-અનુપસ્થિત એમ બંને પ્રકારના જીવોને આ કાયદો લાગુ પડે છે. હવે ઉપધિવાળાને અને ઉપધિવિનાનાને એ કાયદો લાગુ પડે એ વાત ખરી, પણ અહીં વીતરાગ તેમાં જે વીતરાગમાં ઉપધિવાળા હોય અગર ઉપધિવિનાના હોય તેને આ કાયદો લાગુ થાય પણ વીતરાગ જ નથી તેને શું ? કહે છે કે-જેઓ ચૌદ પ્રકારના અભ્યંતર સંજોગવાળા સંજોગવિનાના હોય તે સર્વને આ કાયદો લાગુ પડે છે. ઉપસ્થિત કે અનુપસ્થિત, દંડવાળા કે દંડ વિનાના તે સર્વ જીવોને લાગુ પડે છે.

## જગતમાં સત્યરૂપ-તત્ત્વરૂપ ઢંઢેરો

વાત ખરી, પણ જયાં રાજ્યની રૈયત જ ન હોય એટલે જે કાયદો રાજ્ય કારભાર, નોકરચાકર કે પ્રજાજનને લાગુ પડે, પણ જે તેના ડિસ્ટ્રિકટ-જિલ્લા-માં કે રાજ્યમાં ન હોય તેને શું લાગે-વળગે ? પરરાજયમાં ગયેલાને તે કાયદાથી શું થાય ? અહીં આ કાયદો જાતિ, કુલ કે સંયોગવિશેષને અંગે નથી પણ તે સર્વને અંગે છે. આ તો ગળે વળગાડવા જેવી વાત છે એમ કોઇ કહે તો કહે છે કે ના, તેમ નથી. ખરેખર જગતમાં જો સત્ય-સાચેસાચું-કંઇ હોય, તત્ત્વરૂપ જો કંઇ પણ હોય તો આ ઢંઢેરો છે અને તે તત્ત્વરૂપ છે, અને તેના અંગે જે અધિકારીઓ તે એકેક કેમ લીધા, વળી તે ઢંઢેરો સાચો અને તત્ત્વરૂપ કેમ છે તે અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન : ૪૨

## ઇતરો નવો ઈશ્વર થવાનું માનતા નથી

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** મહારાજ **જંબૂસ્વામીજીને આચારાંગસૂત્રની** રચના જણાવતાં થકા આગળ જણાવી ગયા કે ' હે **જંબૂ!** ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ **મહાવીર** મહારાજે જે નિરૂપણ કર્યું, સાક્ષાત્ યુક્તિ, દલીલ કે દૃષ્ટાંતથી સાબિત કર્યું, અને જે વસ્તુ આચરીને ફળ સુધીની તેની આરાધના કરી તે જ વસ્તુ તેઓ દુનિયા આગળ કહે છે.' હવે પ્રભુ વીરે જગતને શું આપ્યું ? હીરા, મોતી કે રત્નો આપ્યા નથી, સોનુંરૂપું કે હાટહવેલી આપ્યાં નથી, પરંતુ ભગવાન્ મહાવીર મહારાજે એ જ આપ્યું છે કે આ આત્માને ઓળખતા શીખો. હવે જગતમાં આત્માને કોઈપણ ઓળખી શકતું હોય તો તે તીર્થંકર મહારાજ ઓળખી શકે. હવે જગતમાં જેમ ઇતર મતવાળાઓને ત્યાં ઈશ્વર થવાને અંગે રજિસ્ટરપણું છે તેમ અહીં શું રજિસ્ટર છે ? ઇતરોના ગુરુઓને પૂછાય કે ઇશ્વર થવાનો રસ્તો તમારા શાસ્ત્રોમાં બતાવો ને ? તો તેઓ એમજ કહેશે કે બીજો ઈશ્વર થઈ શકે નહી. ઈશ્વર છે તેજ છે. નવો ન થાય. તેથી તે ઇશ્વરપણું ઇતરોમાં રજિસ્ટર છે, તેમ અહીં તીર્થંકર પ્રભુએ પોતાના ઘરે આત્મા ઓળખાવવાની રીતિ રજિસ્ટર કરી છે કે શું ?

## આત્માની ઓળખાણ તીર્થંકરો જ કરાવે ?

પ્રશ્નકારના સમાધાનમાં કહેવાય છે કે-તેમ નથી; એટલે એકલા તીર્થંકરો જ આત્માને ઓળખાવી શકે તેમ નથી. એટલે રજિસ્ટર નથી. તો પછી એમ કેમ બોલો છો કે તીર્થંકરો જ આત્માની ઓળખાણ કરાવે ? બંને રીતે કેમ બોલાય છે ? રજિસ્ટરની ના પણ કહેવાય અને વળી રજિસ્ટરની વાત પણ કરાય. આ બંને વસ્તુ કેમ

બને ? તો કહે છે કે તે એવી રીતે બને છે કે જે વસ્તુ બીજાને ઓળખાવવા માગે તે વસ્તુને પ્રથમ પોતે તો ઓળખવી જોઇએ. જે વસ્તુનું જ્ઞાન પ્રથમ પોતાને ન હોય તે વસ્તુ બીજાને ઓળખાવવાનો દાવો કરવો તે નકામો. હવે જે પોતાના આત્માને જાણે ત્યારે જ તે બીજાને જાણે અને તેમની મલિનતાને જાણે. તેથી જેઓ આત્માને ઓળખતા નથી તેઓના આત્માને ઓળખાવવા માટે આત્માને જ્ઞાન કરાવવું પડે. હવે તેથી આત્માને ઓળખનાર બીજાના આત્માની ઓળખ કરાવી શકે. આથી તીર્થંકરો જ બીજાના આત્માની ઓળખ કરાવી શકે, કારણ કે કેવલજ્ઞાન થયા વિના બીજાના આત્માને દેખી ન શકાય અને તેથી કેવળજ્ઞાન થાય તો આત્મજ્ઞાન પછી તેના આત્માની મલિનતા પણ જણાય. હવે કેવલજ્ઞાન દ્વારા પોતાને, બીજાને અને તેની માલિનતાને જાણી તેઓ ઓળખાવી શકે.

## કેવળજ્ઞાનનો માર્ગ વહેતો કરે કોણ ?

હવે કેવલજ્ઞાની જે તીર્થંકર હોય તે જ બીજાના આત્માના જ્ઞાનને કરાવી શકે કે તીર્થંકર ન હોય તેવા કેવલજ્ઞાની પણ તેમ કરાવી શકે ? તો કહે છે કે કેવલી માત્ર આત્માને ઓળખે છે એ વાત ખરી, એમાં ના નહિ, પણ એક વાત ખ્યાલમાં લો ! કેવલજ્ઞાનનો રસ્તો ઉઘાડે કોણ ? અને વળી કેવલજ્ઞાનનો માર્ગ વહેતો કરે કોણ ? કહો કે તીર્થંકર મહારાજ જ કેવલજ્ઞાનનો માર્ગ વહેતો કરે. અતીર્થસિદ્ધ થાય, અજિનાસિદ્ધ થાય. તીર્થ પ્રવર્ત્યા વિના પણ કેટલાક જીવો મોક્ષે જાય. અજિનસિદ્ધ બને એટલે મોક્ષે જાય. તીર્થંકરો તીર્થ સ્થાપે તેની પહેલાં પણ કેટલાક જીવો મોક્ષે જાય. તેથી અતીર્થઅજિનસિદ્ધ બને ખરા પણ, માર્ગ વહે નહિ. અતીર્થસિદ્ધથી માર્ગ વહેતો ન હોય. માર્ગને વહેતો મૂકનાર તો તીર્થંકરો જ હોય, અને તે પુણ્ય કે ભાગ્ય તેમના જ હાથમાં હોય. કઈ વસ્તુ ? મોક્ષ માર્ગને વહેતો મૂકવો તે. મોક્ષને પામવો તે તો અતીર્થસિદ્ધ કે અજિનસિદ્ધનાય હાથમાં હોય, પણ મોક્ષમાર્ગ વહેતો મૂકવાનું

કામ તો તીર્થંકર સિવાય બીજા કોઈથી ન જ બને.

## તીર્થંકરની બે પ્રકારની મોક્ષભૂમિ

**કલ્પસૂત્ર**માં તીર્થંકરની મોક્ષભૂમિ બે પ્રકારની કહી છે. પર્યાય મોક્ષભૂમિ અને પરંપરા મોક્ષભૂમિ. પર્યાયમાં એવું છે કે તીર્થંકરના કેવળજ્ઞાન પછી અમુક કાળે જ મોક્ષમાર્ગ પ્રવર્તે, અને બીજી અમુક પાટો સુધી મોક્ષમાર્ગ વહેતો રહે. આ વાત મગજમાં લેશું તો આત્માની ઓળખ કરાવવાની યોગ્યતા કે સત્તા માત્ર તીર્થંકરોને જ છે એ સમજાઈ જશે અને તેથી જ પ્રભુ **વીર** જગતને આત્માની ઓળખ આપે છે.

## આત્મા એ શી ચીજ છે ?

હવે એ ઓળખમાં પ્રથમ એ જણાવ્યું કે—આ આત્મા તે શરીર, ઇન્દ્રિય, ધનમાલ કે કુટુંબકબીલો ન હોય, એટલે આ સર્વ વાનાં તે આત્મા નથી. આત્મા એ અંદર આવીને રહેલી, ઉત્પન્ન થવાવાળી, ભવચક્રમાં જન્મ લેવાવાળી એવી એક નોખી ચીજ છે. બાહ્ય આત્માથી જુદો પાડી અભ્યંતર આત્માને ઓળખાવવાનું કામ આ જિનેશ્વર મહારાજનું છે. ભવોભવ ઉત્પન્ન થવાવાળો એક જુદો પદાર્થ 'તું' છે એટલે મન, ઇંદ્રિયો, શરીરાદિથી ભિન્ન પદાર્થ છે. વળી તું કર્મને આધીન છે. એટલે એક ભવથી બીજે ભવે રખડવાવાળો છે. હવે તે કર્મોથી તારે મન અને ઇંદ્રિયોને આધીન થવાનું થાય છે, તેથી બંધાય છે. હવે ઇંદ્રિયોની આધીનતા એટલે અનુકૂળ અને પ્રતિકૂળ એવા ઇંદ્રિયોના વિષયોમાં રાજી થવું કે ઇતરાજી ધારણ કરવી. એનું નામ જ આધીનતા.

## બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા

આવી રીતે બહિરાત્માનો ત્યાગ ઓળખાવવા છતાં અંતરાત્મા ચીજ શી ? બહિરાત્મા તો મિથ્યાત્વી હોય. જે સમ્યગ્દષ્ટિ હોય તે અંતરાત્મા જ હોય. આપણે આત્મા ત્રણ પ્રકારે લીધા છે.

**બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા.** ધન, શરીર, કુટુંબાદિને ' હું ' તરીકે ગણનાર હોય તે **બહિરાત્મા.** ભવોભવ ઉત્પન્ન થવાવાળો ' હું ' છું, આવી રીતે જે ગણે તે **અંતરાત્મા.** હવે અહીં અંતરાત્માવાળો જે છે તે લે શું ? વેપારી જેમ કોથળી છોડે ત્યારે અંદર શું છે તે ગણી લે. તેવી રીતે અંતરાત્મા થવાવાળો આત્મામાં શું છે તે તપાસે. હવે અહીં આ આત્મામાં ત્રણ રત્નભંડારો છે. એક સમ્યગ્દર્શનરૂપી, બીજો સમ્યગ્જ્ઞાનરૂપી અને ત્રીજો સમ્યક્ચારિત્રરૂપી ભંડાર છે. આ ત્રણ રત્નોના ભંડારોનો ખ્યાલ ન આવે ત્યાં સુધી આત્માનો ખ્યાલ ન જ આવે.

## પારસમણિ જેવો સમ્યગ્દર્શનરૂપી રત્નભંડાર

હવે સમ્યગ્દર્શનરૂપી રત્નભંડાર તે પારસમણિ જેવો છે. પારસમણિ પોતે સુંદર રહે અને બીજાને તેવા કરે. તેવી જ તાકાત સમ્યગ્દર્શનમાં છે એટલે પોતે સુંદર રહે અને બીજાને સુંદર બનાવે. જ્ઞાન અને ચારિત્રને સમ્યગ્દર્શન સુંદર બનાવે છે. જ્ઞાન કે ચારિત્રમાં એવી તાકાત નથી કે પોતે સુંદર રહે અને બીજાને સુંદર બનાવે. આ સમ્યગ્દર્શનમાં એવી તાકાત છે કે તે અજ્ઞાનને જ્ઞાન બનાવે, અવિરતિને વિરતિ બનાવે. હવે તે સમ્યગ્દર્શન ચીજ શી ? તેનું રૂપ, રંગ, ગંધ કંઈ છે કે નહિ ? તે રૂપ કે આકારવાળી ચીજ નથી. અરે, એમાં ગંધાદિ પણ નથી, તો વળી એ વસ્તુ શી હશે ? જગતમાં વસ્તુ તે જ મનાય કે જેને આકાર, રૂપ, રસ, ગંધાદિ હોય. અહીં સમ્યગ્દર્શનને તેમાંનું એકે નથી પછી માનવા શી રીતે ? હવે અહીં તારામાં અક્કલ જેવી ચીજ છે કે નહી ? જો અક્કલ જેવી ચીજ માનતો હોય તો પછી તેનો રંગ, રૂપ, આકાર બોલ ! હવે જો તું અક્કલના આકાર, રૂપાદિ નહિ બોલે તો પછી અક્કલને મનાવીશ કઈ રીતે ? શોક એ ચીજ છે કે નહિ ? સુખ–દુ:ખ છે કે નહી ? તેનું રૂપ, આકાર કે રંગ કયાં ? તો પછી કહો કે જડ ચીજો, પૌદ્ગલિક ચીજો રૂપ, રંગ કે આકારાદિવાળી હોય, પણ અહીં અરૂપી

એવી આત્માની ચીજ છે, તેના વળી રૂપ, રંગ કે આકાર લેવા જાય તે બને કેમ ?

## અવધિજ્ઞાની પણ સમ્યગ્દર્શનના અંગે પ્રભુને પૂછે છે

અહીં સમ્યગ્દર્શનમાં રૂપ, રંગ કે આકાર નથી તો પછી તે છે કે નહિ, થયું કે નહિ તે જાણવું શી રીતે ? વાત ખરી. તેમાં નવાઈ નથી. હવે તે કારણથી અવધિજ્ઞાની પુરુષોને પણ પ્રશ્ન કરવો પડે છે.સૂર્યાભદેવ અવધિજ્ઞાની છતાં પ્રભુ **વીરને** પ્રશ્ન કરે છે કે ' પ્રભુ, હું સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદષ્ટિ ? ' અહીં આવો દેવ પ્રશ્ન કરે તેથી તે રૂપ, રંગાદિથી નથી જણાતી માટે અગમ્ય એવી સમ્યગ્દર્શન નામની ચીજ માટે પ્રશ્ન કર્યો ને ? હવે તે રૂપ, રંગાદિ વિનાની ચીજ છે એમ માનવું અને તે અમારે છે કે નહિ તે વળી જ્ઞાનીને પૂછવું એ કેમ બને ? અહીં હવે અક્કલ, સુખદુ:ખ એ અનુભવોની ચીજો છે તેથી મનાય. પછી તેના રંગ, રૂપ કે આકાર ન હોય તો પણ માનવામાં હરકત નથી. સુખ, દુ:ખ કે બુદ્ધિ થાય છે ત્યારે તેમાં હકાર ભણાય છે, પરંતુ આ સમ્યગ્દર્શન અનુભવની ચીજ ક્યાં ? ચેતના, સુખ, દુ:ખ તે અનુભવવાળી ચીજો અને રંગાદિ વિનાની હોવાથી તેનું અસ્તિત્વ મનાય પણ આ સમ્યગ્દર્શન અનુભવવાળી ચીજ નથી તેથી મનાય કેમ ?

## લૂંટારુપણું કબૂલો તે જ સમ્યગ્દર્શન

સમ્યગ્દર્શન એ જ ચીજ છે કે જગતમાં સર્વ જીવો જે લૂંટારાપણું કરી રહ્યા છે, તેમને લૂંટારાપણું કરીએ છીએ તેનું ભાન થાય અને તે બંધ કરે તે પ્રથમ નંબરે જરૂરી છે. હવે એ જ સમ્યગ્દર્શન છે. સૂત્રકાર મહારાજ પણ ઉપરની વાતને જ સમ્યગ્દર્શન કહે છે. હવે અક્કલ જેમ અનુભવની ચીજ છે તેમ આવી વાતનો અનુભવ થાય તેનું નામ સમ્યગ્દર્શન. હવે જગતમાં ચોરી કરવી અને ચોર શબ્દથી ભડકવું તે ચોરી ઉપર શિરજોરી કરનારને શોભે. તેમ અહીં તમારે જગતના જીવોના હકો લૂંટવા, લૂંટારાપણું કરવું અને

પછી કોઇ લૂંટારુ કહે તેમાં ચીડવું એ કેમ બને? અહીં લૂંટારુ-પણું કબૂલો તે જ સમ્યગ્દર્શન.

## કઇ સત્તાથી અન્ય જીવોનું સુખ લૂંટો છો?

હવે કયું લૂંટારુપણું તે સાબિત કરો તો પછી અમો તે નહિ કરીએ! તે માટે પ્રભુ વીર જગતને કહે છે કે-તમો શું લૂંટો છો? ધાડપાડુઓ ધન, મિલ્કતાદિને લૂંટે છે. તે વળી કેવી મિલ્કત? જે બહારથી મેળવી શકાય, તે પણ તમો તો એવી મિલ્કતને લૂંટો છો કે જે બીચારો ફરી ન મેળવી શકે. તમે આ જગતની અંદર બીજા જીવોને હેરાન કરો તેમાં તમને હક શો છે? કબૂલ કરો કે હેરાન કરવાનો અમને હક નથી અને સાથે અમો હેરાન કર્યા વિના રહેતા નથી, કારણ કે એક પણ ભવમાં છયે કાયના જીવોને મારે હેરાન ન કરવા એવી પ્રતિજ્ઞા કરી નથી. હવે જો તમે કહો કે નથી પ્રતિજ્ઞા કરી, તેમ નથી હેરાન કરતા બંધ થયા, વળી પરહેજી પણ રાખી નથી. હવે કહો કે તમોને કઇ સત્તા? બીજા જીવોને મારવાની, હણવાની, દુઃખી કરવાની, તાબેદાર બનાવવાની, શેકવાની કે પીસવાની આદિ સત્તા તમને છે ખરી? કઈ સત્તાની રૂએ તમે એમ કર્યું અગર કરો છો? કહો જીવનું જે સુખ તે સુખના લૂંટારુ તમે છો કે નહિ?

## જીવોને મારવાનો હક નથી એવી માન્યતા તે સમક્તિ

અહીં જગતના જીવોને છયે કાયના જીવોમાંથી કોઇને પણ મારવાનો, કોઈના પર બળાત્કાર કરવાનો, હુકમ કરવાનો, પીડા કરવાનો કે મારી નાંખવાનો હક નથી. આમ હક નહિ છતાં જે ડગલે ને પગલે છયે કાયના જીવોને તાડન-તર્જન કરવામાં આવે, તેમની પાસે પરાણે પ્રવૃત્તિ કરાવવામાં આવે, તેમને કબ્જામાં રાખવામાં આવે, અરે, તેમને દુઃખી કરવામાં આવે અને પ્રાણવિયોગ કરવામાં આવે તે કયા હિસાબે? માટે છયે કાયના જીવોને તાડનાદિ કરવાનો

કોઇને હક નથી એવું જે માનવું તેનું નામ સમકિત. આવું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન અને તેવી પ્રવૃત્તિ તે સમ્યક્ ચારિત્ર.

## બ્રહ્માની મહેરબાનીથી બ્રાહ્મણોની માલિકીનું જગત્!

હવે કોઈના ઘેરથી ચોરી કરીને ચીજ ઉપાડી લાવવી અને વળી તે ચીજ પેલા માણસની છે એમ જે નથી માનતો એ કામ કોનું? ભરાડી ચોરનું કામ. એટલે કોઈની ચીજ ઉઠાવી લાવે અને તેની માલિકીય માને નહિ. તેમ અહીં પણ પૃથ્વી આદિ છયે કાયોને મારે, હેરાન કરે છતાં તેને જીવ તરીકે જ ન માને, એટલે જેમ બ્રાહ્મણો કરે તેના જેવું થયું. બ્રાહ્મણ જો કોઇનું ઉપાડીને ખાઇ લે તો તે ચોરી નથી, કારણ તે પોતાનું હતું. કોઇના લૂગડાં લઇને બ્રાહ્મણ પહેરી લે તો તે પોતાનાં જ છે, એ ચોરી નથી. તેમજ કોઇનું ઉપાડી બીજાને આપે તેમાં પણ ચોરી નથી. અહીં સર્વમાં પોતાનું કેમ? તો કહે છે કે બ્રહ્માની મહેરબાનીથી જ આ આખું જગત્ ઉત્પન્ન થયેલ છે. અને તેની મહેરબાનીથી આ સર્વ ભોગવાય છે. અહીં બ્રાહ્મણ પણ માલિક બને છે.

## ભરાડી ચોર જેવું વર્તન

હવે એવી જ રીતે છયે કાયના જીવોને અંગે તાડનાદિ કરીએ અને છેવટમાં કહીએ કે તે જીવ જ ક્યાં છે? એટલે ભરાડી ચોર ચોરી કરીને ઊલટો ગળે પડે તેમ અહીં જીવોની વિરાધના કરીને તેને જીવ તરીકે જ ન માનવા એ ભરાડી ચોર જેવું છે.

## સિદ્ધસેનદિવાકરજીએ કહેલા સમકિતના લક્ષણો

હવે સિદ્ધસેનદિવાકરજી સમકિતના લક્ષણમાં જણાવે છે કે–છયે કાયના જીવોને જીવ તરીકે માને તેનું નામ જ સમકિત. આ માને ક્યારે? ભગવાન જિનેશ્વર મહારાજના વચનની પ્રતીતિ કે શ્રદ્ધા થયા વિના પૃથ્વી, પાણી આદિને જીવ માનવાનું બને જ નહિ. પૃથ્વી આદિને જીવ ત્યારે જ માને કે જ્યારે જિનેશ્વરના વચન ઉપર પૂર્ણ

શ્રદ્ધા હોય. છ યે જીવનિકાયને માનીએ તો પછી તેને " તાડન, માર-ણાદિ કરવાને આપણે હકદાર નથી " અને એ જ માન્યતા સમકિત છે.

## ઇતરો કરતાં જૈનદર્શનમાં વધુ શું છે ?

૩૫, રંગ કે આકાર વિનાનું આ સમ્યગ્દર્શન છે. છતાં તે પ્રભુ વીરે ઓળખાવ્યું. " જગત્ છએ કાયના જીવોના હકોને લૂંટી લે છે " એવી માન્યતા થાય ત્યારે જ સમ્યગ્દર્શન. તેનાથી જ સાચા દેવ, ગુરુ કે ધર્મને માનીશું, છએ કાયના જીવોનું લૂટારાપણું ન માનીએ તો સમક્તિ જ નથી, અને તેથી જિનેશ્વરાદિને દેવાદિપણે મનાય જ નહિ. હિંસા, જૂઠ કે માયાનો ત્યાગ આદિ સર્વ મતવાળાઓ બોલી રહ્યા છે. મન અને ઇંદ્રિયને દમવાની વાત પણ દરેક મતવાળા કરે છે, છતાં જૈનશાસનમાં વધુ શું છે ? જેવું ઇતરોમાં છે તેવું જ જૈન-દર્શનમાં છે ને ? તો કહે છે કે–ના, છએ જીવ નિકાયોને માનવી અને તેનું લૂંટારાપણું માનવું તે વાત જૈનદર્શન સિવાય બીજામાં નહિ મળે. ઇતરો હિંસા કીડી મંકોડીની ગણે છે, પરંતુ પૃથ્વી આદિની હિંસા ગણુતા નથી; તેથી છએ જીવનિકાયનું અસ્તિત્વ જૈનદર્શનમાં છે અને તેનું લૂંટારાપણુ માનવું તેનું નામ જ સમ્યગ્દર્શન છે.

## સમ્યગ્દર્શનની માન્યતા કોના માટે ?

હવે આ સમ્યગ્દર્શનની માન્યતા કોના માટે ? તો જે ઊઠેલા હોય તેના જ માટે કે ? ધર્મ કરનારા જીવો બે પ્રકારના છે. એક ધર્મ તરફ લાગણીવાળા થયેલા તે ઉત્થિત એટલે તૈયાર થયેલા, અને જેમને ધર્મ પ્રત્યે લાગણી નથી તે અનુત્થિત કહેવાય. તેવાઓને પણ આ સમ્યગ્દર્શનનું સ્વરૂપ જણાવ્યું. અહીં એમ પ્રશ્ન થાય કે–તમો નીતિને પણ ઓળખતા નથી. ખરેખર, જે મનુષ્યને વાયુનો રોગ થયો છે તે લબાડો કરે તેમ અહીં આ બોલનારો પણ લબાડો જ કરે છે. લબાડામાં પણ અંદરના જે સંસ્કારો હોય તે જ કામ કરે. તેના કુલાદિનું જે વર્ણન થયું હોયતે જ નીકળે. લબાડામાં પ્રથમ સંસ્કારો

જ કારણ છે. ભૂત વળગ્યું છે એમ કહેવાય તો પછી સંસ્કારોને સંબંધ ન રહે. અને જેમ તેમ બોલે પણ ખરો. અહીં કયા મનુષ્યને વાયુરોગ કે ભૂત વળગ્યાનું જણાવ્યું ? તો કહે છે કે—જે સાંભળવાવાળો અર્થી થયો નથી તેની આગળ બોલવું તે વાયુરોગવાળો કે ભૂત વળગ્યાવાળો જ બોલે. આવી રીતે નીતિનો નિયમ છે તો પછી ધર્મને માટે તૈયાર નહિ થયેલાને પણ ધર્મનો સંદેશો આપ્યો કેમ ? અહીં તૈયાર નહોતા થયા તેને તૈયાર પણ આ સંદેશાએ કર્યા.

## ક્રોધથી નુકશાન અને ક્ષમાથી ફાયદો

જેમ પ્રભુ **વીરે 'बुज्झ बुज्झ'** એમ **ચંડકોશિયાને** કહ્યું, તેમાં ક્રોધથી થતું નુકશાન અને ક્ષમાથી થતો ફાયદો જણાવ્યો. તેમ અહીં ધર્મને માટે જે તૈયાર નહોતા થયા તેમને તૈયાર કર્યા અને સાથે આ સંદેશો આપ્યો. કયો ? તો કહે છે કે જગતના જીવોને તાડન, મારણ આદિ કરાય તે લૂંટારાપણું છે અને તેવી જે માન્યતા તેનું નામ જ સમકિત.

## ઉત્થિત અને અનુત્થિત ધર્મી જીવો

**ગૌતમસ્વામી, અગ્નિભૂતિ** આદિ તો પ્રભુ **વીરને** જીતવા માટે આવ્યા હતા પણ સમજવા માટે નહિ; જ્યારે **વાયુભૂતિ** વગેરે ગણધરો જીતવા માટે નહોતા આવ્યા પણ સમજવા જ આવ્યા હતા. પ્રથમના બે જીતવા આવ્યા હતા અને બાકીના નવ સમજવા આવ્યા હતા એમ સમજવાનું છે. પ્રથમના બે અનુત્થિત હતા અને બાકીના ઉત્થિત હતા, કારણ કે 'ચાલો જઇએ, આપણા મનનું સમાધાન કરીએ.' એ ભાવનાથી તેઓ આવેલા હતા. પ્રથમ બે જીત મેળવવા આવેલા હોવાથી તે ધર્મને માટે અનુત્થિત હતા. તેથી જીવ ધર્મ કરવાને માટે તૈયાર થયેલો હોય અગર આળસુ હોવાથી તૈયાર ન પણ થયેલો હોય તો તેવા બંનેને સરખી રીતે ધર્મનો સંદેશો આપ્યો કે—

**उप्पन्नेइ वा, विगमेइ वा धुवेइ वा.**

ઉત્થિતમાં પણ બે પ્રકાર છે. જે તમારી પાસે ન આવવાવાળા છે તે કંઈ ધર્મને માટે તૈયાર નથી એમ નહિ કહી શકાય, તેમ જેઓ પાસે આવેલા છે તે સર્વ કંઇ ધર્મ માટે તૈયાર છે એમ પણ નહિ કહી શકો. પ્રભુ વીરની પરિષદમાં કાળિયો કસાઈ પણ આવતો હતો ને ? જેમ **નેમિનાથની** પણ પરિષદમાં **સાંબ** ન આવ્યા તેમણે ઘરે રહીને જાણીને વંદન કર્યું એટલે તેઓ ધર્મ કરવા તૈયાર હતા અને **પ્રદ્યુમ્ને** આવીને રૂબરૂ વંદન કર્યું. પ્રભુ **વીર**ની પાસે આવીને ધર્મનો પ્રતિબોધ થયો ત્યારે વિનયપૂર્વક અગિયારે ગણધરોએ પ્રદક્ષિણા કરીને પૂછયું કે ' પ્રભુ ! તત્ત્વ શું ? ' તો " **उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा** " એમ પ્રભુએ કહ્યું: આવી રીતે ત્રણ 'પ્રદક્ષિણા કરી ત્રણ પ્રશ્નો પૂછયા તેના નિષધારૂપ ત્રણ ઉત્તરો તે જ ત્રિપદી છે.

## ત્રિપદીના આધારે પ્રવચન પુરુષ

જિનેશ્વર મહારાજને ત્રણ પ્રશ્નો કર્યા અને તેના જે નિષધારૂપ ઉત્તરો મળ્યા તે ત્રિપદીના આધારે ગણધર મહારાજાઓ એક મનુષ્ય ખડો કરે છે. કયો પુરુષ ? **પ્રવચનરૂપ પુરુષ** ખડો કરે છે. અહીં પુરુષ કેમ ? તો કહે છે કે **આચારાંગાદિ** સૂત્રોને છેડે 'અંગ' શબ્દ મૂકયો છે તે પુરુષ માન્યા વિના અંગ કહેવાનો હક શી રીતે ? માટે કહેવું પડશે કે ભગવાન્ પાસેથી ગણધર મહારાજાઓ ત્રિપદી સાંભળીને **પ્રવચનપુરુષ** ઊભો કરે. તેમાં **આચારાંગ–સૂયગડાંગ–** તે બે પગો, ઠાણાંગ સમવાયાંગ તે ઢીંચણરૂપ છે.

## ઉપસ્થિતના બે પ્રકાર

અહીં પ્રભુ **વીર**ની પરિષદમાં અગિયારે ગણધરોની જોડે ૪૪૦૦ શિષ્યો હતા તે સર્વેએ પ્રદક્ષિણા દઇને નિષધા લીધી નથી, એટલે એ સર્વ અનુપસ્થિત છે, તો પણ તે સર્વને એક સરખો સંદેશો આપ્યો છે. કયો ? તો કહે છે કે–જગતના જીવોનું થતું જે લૂંટારાપણું તે

બંધ કરો ! તેમાં ઉપસ્થિતના બે પ્રકારો છે. કેટલાકો હુકમને માનીને અમલમાં મૂકે. કેટલાકો હુકમને માને ખરા પણ અમલમાં ન મૂકે. ગૌતમાદિ અગિયાર ગણધરોએ હુકમને માની છએ કાયની જીવ વિરાધનાને બંધ કરી અને **આનંદાદિ** શ્રાવકોએ હુકમ માન્યો ખરો પણ આચર્યો નહિ. જેણે હુકમ માન્યો, સાંભળ્યો અને ઠોકરે પણ માર્યો તેવાઓને હુકમ પાછો કરવો કેમ ? તો કહે છે કે–તેવાઓને પણ પ્રભુ **વીરે** સંદેશો આપ્યો, એટલે જે ગૃહસ્થપણામાં રહ્યા છે તેમને પણ સંદેશો આપ્યો. જેઓ દંડના ત્યાગી નથી તેમને પણ સંદેશો આપ્યો.

## જિનકલ્પી અને સ્થવિરકલ્પી સાધુ

ઘરમાં જેનું ચાલતું હોય તેનો હુકમ સર્વ માને ખરા, પણ બે વર્ષના છોકરાને હુકમ દે તો ન પણ માને.અહીં ઘરમાં હુકમ ચાલે એમ કહેવાય છતાં બે વર્ષનો છોકરો ન માને તેથી ઘરમાં હુકમ નથી ચાલતો એમ ન જ કહેવાય, કારણ કે જે હુકમને જ સમજતો નથી તે માને નહિ અને અમલમાં પણ ન મૂકે તેમાં નવાઈ નથી. તે માટે કહે છે કે–સાધુ બે પ્રકારે છે. જિનકલ્પી તે નિરુપાધિક અને સ્થવિરકલ્પી તે સોપાધિક છે. આવા બંને પ્રકારના સાધુઓને આ જ સંદેશો આપ્યો.

## આ તો ગાંડા હાથી જેવો હુકમ !

જેઓને જિનેશ્વર મહારાજની પાસે રહેવું હોય તેને તો આ હુકમ માન્યે જ છૂટકોને ? તો કહે છે કે ના. હવે જે ગચ્છની મર્યાદાવાળા હોઇ સંયોગવાળા કે સંયોગ વિનાના હોય તે સર્વ માટે આ હુકમ પ્રભુ **વીરે** ફરમાવેલો છે. હવે આ બધું કરવાની પ્રભુ વીરને શી જરૂર ? સામો કેવો છે તે જોયા વિના સીધો હુકમ જ ફરમાવવો તે ગાંડા હાથી જેવું ગણાય. એવો હાથી મહાવત, શેઠ કે નોકરને ન દેખે અને એકસરખી રીતે પ્રવર્તે. અહીં ગાંડાની નીતિ નિરપેક્ષ હોય છે. તેને

સ્વપરનો વિવેક હોતો નથી. નિર્વિવેકપણાને બાદ કરીએ તો વીતરાગ મહારાજની પ્રવૃત્તિ પણ તેવી જ છે. એટલે સ્વ-પર કે સોપાધિક નિરુપાધિકવાળાને જોતા નથી. જગતમાં લૂંટારાપણું બંધ થાય તે જ તત્ત્વરૂપ તેમના મનમાં છે.

**જૈનશાસનમાં જ છએ કાયના લૂંટારાપણાના ત્યાગનો ઉપદેશ**

હવે તત્ત્વ એ શી ચીજ ? જેમ જુગારી જૂગટામાં જ તત્ત્વ માને. ચોપટમાં જ તત્ત્વ ગણે તેમ અહીં આ સંદેશો તત્ત્વની સાથે સત્ય વસ્તુ છે. એવા સત્યના ઓળખવાવાળાઓ તો ઘણા આવે અને બોલતા કોને નથી આવડતું ? જેમ બોલતા સર્વને આવડે ખરું, પણ હિસાબ નહિ આવડનારને હિસાબ પૂછાય તો તે ન જ બોલે. કહો કે જગતમાં બકતા સર્વને આવડે પણ બોલતાં તો ન જ આવડે. આ સત્ય સંદેશો તો જગતમાં બીજો કોઈ ન જ બોલે. છએ કાયના અંગે થતું લુંટારાપણું જણાવી, મનાવી તેનો ત્યાગ તે અંગે ઉપદેશ બીજા કોઈ પણ શાસનમાં કહેવાયેલ નથી પણ જૈન શાસનમાં જ છે, અને તે અંગે **સુધર્મસ્વામીજીએ જંબૂસ્વામીજીને** જે કહ્યું તેની ટીકા **શીલાંકાચાર્યજી** શી રીતે કરશે તે અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન : ૪૩

## ગૌતમસ્વામીજી અને સુધર્મસ્વામીજીની એકસરખી વાચના

**શાસ્ત્રકાર** મહારાજા શ્રીમાન્ **સુધર્મસ્વામીજી** મહારાજ ભવ્યજીવોના ઉપકારાર્થે મૂળમાં આગળ જણાવી ગયા તેવી જ રીતે ટીકાકાર શ્રીમાન્ **શીલાકાંચાર્યજી** મહારાજ **આચારાંગ સૂત્રના** ચોથા અધ્યયનની ટીકામાં જણાવી ગયા કે **से बेमि** અર્થ આ પ્રમાણે છે. '**से बेमि**' એટલે શું ? **તે હું કહું છું**. માગધી ભાષામાં **से**નો અર્થ તે થાય. અહીં "**तत्**" શબ્દના અર્થમાં '**से**' લઇએ, અથ શબ્દના અર્થમાં **से** લઇએ તો શો અર્થ થાય ? તે બંને

અર્થો અહીં ટીકાકાર જણાવે છે, પણ આ કહે છે ગણધરો, કારણ ગણધરોને જ અંગો રચવાનો અધિકાર છે. ગણધરોમાં જેમ સરખા બુદ્ધિશાળીઓનો પદાર્થ એક સરખી રીતે નીકળે તેમ અગિયારે ગણધરોની દેશના એકસરખા અધિકારવાળી છે તેથી **ગૌતમસ્વામીજીની** વાચના અને ભગવાન્ **સુધર્મસ્વામીજીની** વાચના એક સરખી હોય છે. જેમ **ભગવતીસૂત્રમાં** ' હે **ગોયમા** અને **જ્ઞાતાજીમાં** ' હે **સુધર્મ** !' આ રીતે વાચનાઓ ચાલેલી છે તેથી બંને એકસરખા અધિકારમાં હોય છે. અહીં બંનેમાથી કોઇ પણ બોલે તે કહે છે કે **से बेमि** એટલે ' **सोऽहम्** ' એટલે અહીં ' **अहम्** ' ક્યાંથી લીધું ? વાત ખરી, પણ '**ब्रवीमि**' એટલે હું એ અર્થને કહેનાર **अहम्** શબ્દ લેવો પડે અને તેથી અહીં ' **सोऽहं ब्रवीमि** ' એમ કહીને ' તે હું બોલું છું એમ કહે છે. અહીં પોતાના શિષ્યો આગળ કહેવું તેમાં વળી 'તે' 'હું' એ બધું બોલીને કામ શું ? વાત ખરી પણ હું જ્યાં કહેનાર છું તેથી વસ્તુસ્થિતિનો નિશ્ચય કરીને હું કહું છું.

## આપ્ત એટલે ભરોસાદાર પુરુષ

દુનિયામાં આપ્તને એટલે ભરોસાદાર પુરુષને જાણવા માટે કંઈ તિલક હોતું નથી, મૂર્ખને શિંગ હોતું નથી. છતાં તે ભરોસાદાર અને મૂર્ખને ઓળખવા શાથી ? તો શાસ્ત્રકાર જણાવે છે કે— દુનિયામાં આપણે " **अभिधेयं वस्तु यथावस्थितं यो जानीते** " એટલે કહેવા યોગ્ય પદાર્થો યથાસ્થિતપણે જાણીને પછી બોલે તે જ ભરોસાદાર ગણાય, આજકાલ દુનિયામાં બધા માણસો અધિકારી થવા ઇચ્છે છે, પણ તે અધિકારીઓ બે બાજુનું જોઇને ફેંસલો આપે. વાદીપ્રતિવાદીનું જાણી, સાંભળી પોતાની બુદ્ધિ સાથે તુલના કરીને પછી જ જજમેન્ટ—ચુકાદો—આપે. આપણે તો વગર જાણે કે સાંભળ્યે ચુકાદો આપીએ તેથી ભરોસાદાર ન જ ગણાઇએ. ભરોસાદાર તે જ ગણાય કે જે અથથી ઇતિ સુધીની તમામ બાતમી જાણીને પછી જ વસ્તુના નિર્ણયને જાહેર કરે. અહીં પણ આપ્ત—

ભરોસાદાર—ના લક્ષણમાં શાસ્ત્રકારે એ જ જણાવ્યું કે—જે વસ્તુ પોતાને જણાવવાની કે બોલવાની છે તેને અથથી ઇતિ સુધી જાણે, પછી યથાવસ્થિત જાણે એટલે કહેવા યોગ્ય વસ્તુને સત્યપણે પ્રથમ જાણે, પછી જાણ્યા પ્રમાણે જ કથન કરે તેનું નામ જ **આપ્ત.** આવા પુરુષોના વચનો સર્વને કબૂલ કરવા લાયક થાય.

## ગૌતમસ્વામીજીનું અભિમાન નહિ પણ તીર્થંકર મહારાજની સ્તુતિ

અહીં **ગૌતમસ્વામીજી** પોતાની આપ્તપણાની સ્થિતિ જણાવવા માટે શિષ્ય આગળ કહે છે કે તીર્થંકરની સેવાથી જેમ માર્ગ પામ્યા અને જે રીતે માર્ગ સેવ્યો છે એટલે તેમની પાસેથી જેવી રીતે પામ્યા છીએ તેવી જ રીતે કહું છું. એટલે **ગૌતમસ્વામીજી** કહે છે કે " **सोऽहं ब्रवीमि** " તે હું કહું છું. અહીં તત્ શબ્દ પ્રથમની વાતને આગળ કરે છે. 'તે' શબ્દ પ્રથમની વાતના પરામર્શ વિના કામ નથી લાગતો. અહીં તત્શબ્દનો પરામર્શ શી રીતે? જે હું તીર્થંકર મહારાજના વચનથી સંપૂર્ણ તત્ત્વોને જાણી શકયો છું એવો જે સંપૂર્ણ તત્ત્વોને જાણનાર હું **ગૌતમ** કહું છું. અહીં કહેવાશે કે **ગૌતમસ્વામીજી** ઘોડે જ ચઢયા ને? એટલે અભિમાનમાં આવ્યા ને? તો કહે છે કે—ના, આમાં ઘોડે ચઢવાનું નથી પણ તીર્થંકર મહારાજની પ્રશંસા છે. જે તીર્થંકરના વચનને આધારે જ હું પામેલો છું અને તેના નિશ્ચયથી શંકાવગરનું, ન્યૂનતાવિનાનું, વળી સંપૂર્ણ એવું જે છે તે જ હું કહું છું. અહીં શ્રધ્ધેય વચનના હેતુ તરીકે આ બધું છે. અહીં સંપૂર્ણ સત્ય શંકા વિનાનું જાણનારા તમે છો. તે સંપૂર્ણ સત્ય નિઃશંકપણે જાણવામાં મારું પોતાનું સ્વાતંત્ર્ય નથી પણ ખુદ તીર્થંકર મહારાજનો પ્રતાપ છે. આથી તીર્થંકર મહારાજની સ્તુતિ થઇ, નહિ કે પોતાનું અભિમાન.

## તીર્થંકર મહારાજના વચનોનો જ અનુવાદ કહે છે

હવે 'તે હું તમોને કહું છું.' તે કોણ? જેણે તીર્થંકર મહા-

રાજના વચનથી સંપૂર્ણજ્ઞાન થયેલ છે તે જ હું કહું છું. આટલું બધું લાંબું બોલીને શું કામ? "**पीनो देवदत्तो दिवा न भुंके**" એટલે લઠ્ઠપુષ્ટ શરીરવાળો દેવદત્ત દિવસે ખાતો નથી એટલે અર્થાપત્તિથી સહેજે સમજાય કે રાત્રિએ ખાય છે અને તેમ ન હોય તો પુષ્ટપણું ન સંભવે. પણ સર્વજીવો અર્થાપત્તિથી સમજનારા હોતા નથી. તેમ અહીં પણ તીર્થંકરના વચનને આધારે જ **ગૌતમસ્વામીજી** બોલનારા છે તેથી અર્થાપત્તિથી હું પ્રભુના વચનોને આધારે બોલનારો છું, એટલે હું વિશ્વાસપાત્ર છું એમ આવી જાય, છતાં જેઓ ન સમજે તે માટે કહે છે કે–હું શ્રદ્ધેય છું, મારું કહેવું માનજો. અહીં શ્રદ્ધેયપણું પોતાપણાને આધીન નથી રાખતા. મારું વચન માનવા લાયક છે, માનવું જોઈએ, હું શ્રદ્ધેય જ છું. આ બધું બોલે ખરા છતાં કર્યું શું? મારા તરીકે જો તમે વચન માનતા હો એટલે મારી સ્વતંત્રતાએ કે મહિમાએ માનતા હો તો માનવાનું નથી. અહીં ઘડીકમાં કહેવું છે કે માનો, વળી મારા તરીકે ન પણ માનો એમ કેમ? અહીં જે સંપૂર્ણ પદાર્થને જણાવનાર વચન કહું છું તે મારા તરીકે કહેતો નથી પણ તીર્થંકર મહારાજના વચનોનો અનુવાદ કરીને કહું છું એટલે મારા ઘરનું કહેતો નથી. આમ **ગૌતમસ્વામીજી** તથા **સુધર્મસ્વામીજી** કહે છે.

## સ્વરૂપમાં ગૌતમસ્વામીજીનું પણ અર્થાપત્તિથી તીર્થંકરનું જ વચન

હવે અહીં સત્ય, સંપૂર્ણ, નિઃશંક આવું જે વચન મને તીર્થંકરથી જાણવા મળ્યું છે તે જ કહું છું. અહીં સ્વરૂપમાં વચન માનવાનું **ગૌતમસ્વામીજી**નું પણ ભાવાર્થમાં તો અર્થાપત્તિથી તીર્થંકરનું જ વચન માનવાનું ઠરે છે. અહીં તીર્થંકર મહારાજના વચનથી તત્ત્વને માનનારો હું કહું છું કે તેમનું કહેલું તત્ત્વરૂપ વચન તમારે માનવા લાયક છે તે હું તમોને કહું છું. અહીં '**ब्रवीमि**' એક જ પદ કહેલ હોત તો પણ ચાલત. એટલે અતીત અનાગતના તીર્થંકરો

કહે છે તે હું કહું છું એટલાથી જ ચાલત. છતાં '**તત્**' શબ્દ મૂકીને કામ શું? તીર્થંકરના વચનથી તત્ત્વને માનનારો તત્ત્વને સંપૂર્ણ સત્ય અને નિઃશંકપણે માને એમ જણાવ્યું છે, તેવી જ રીતે બીજા પ્રકારે કહે છે કે જૈન દર્શનકારો જેમ પોતાને અનુસરનારાઓને ઉપદેશ આપે છે તેવી જ રીતે દરેક મતવાળા અહિંસાદિ પાંચ વસ્તુઓ પવિત્ર તરીકે કહે જ છે. ખુદ **હરિભદ્રસૂરિજી** જણાવે છે કે–દરેક મતવાળાને એ કહેવું પડે છે કે હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રી અને પરિગ્રહ તે પાપરૂપ છે, છોડવા લાયક જ છે. આમ દરેક મતવાળા બોલે છે ખરા. પણ ફરક ક્યાં? તો કહે છે કે જગતમાં કષની શુદ્ધિવાળા સર્વ ધર્મો હોય તે સર્વમાન્ય.

## સાચા સુવર્ણની કષ, છેદ તેમજ અગ્નિથી પરીક્ષા

જેમ સુવર્ણની પરીક્ષા માટે કસોટી ઉપર કષ આવે તો જ તેને સુવર્ણ માને. પિત્તળ કે ત્રાંબા ઉપર સુવર્ણ હોય એટલે બનાવટી દાગીના ઉપર કષ લાવવા સુવર્ણ જોઈએ. તેમ દરેક મતવાળાને કષ પૂરતો તો ધર્મ રાખવો જ પડે. કષરૂપ પદાર્થમાં જ્યાં છીણી મૂકવામાં આવે તો મઢેલા કે રસેલા હોય તે ન ટકે. નક્કર હોય તે જ છીણી લાગતાં સુવર્ણરૂપે ટકી શકે. રસેલા કે મઢેલા સુવર્ણો કષમાં ટકે પણ છીણીમાં ન ટકે. ઇતર મતકારો તો કષમાં નીકળી જાય પણ કેટલાક મતો તમારા જ સંસર્ગમાં રહેલા હોય. જેમ નિહ્નવો તે કષમાં ચોખ્ખા નીકળશે, છેદમાં જાઓ તો આચારો પણ એ જ બોલશે. મહાવ્રતના આચારો કે સાધનો પણ તે જ બોલવાના. જમાલિ કે ગોશાળા સરખા કષ કે છેદમાં નાપાસ નથી જ થવાના એટલે તેવાઓમાં ફરક ક્યાં પડવાનો? તો કહે છે કે–તત્ત્વવાદમાં ફરક પડે. અગ્નિમાં નાંખવામાં આવે ત્યારે તો સોનાની લગડી જ ટકે પણ રસેલું, મઢેલું કે ભેળસેળવાળું પણ સુવર્ણ ન જ ટકે. ચોખ્ખે ચોખ્ખું હોય તે જ રહે. ખરેખરું સુવર્ણ જ ભઠ્ઠીમાં રહે.

## ક્ષણિકવાદના પરિણામે ગોટાળો

અહીં હિંસાદિની વિરતિવાળા એટલે નિષેધવાળા આચારવિચારને પ્રરૂપવાવાળા હતા છતાં માન્યું શું ? તત્ત્વવાદની અપેક્ષાએ ક્ષણિકવાદમાં ઊતર્યા એટલે ક્ષણમાં ઉપજે અને ક્ષણમાં નાશ પામે. ભૂખ્યો કોણ થાય અને ખાય કોઈક બીજો ! એક જ દ્રવ્યની અંદર તેને અનેક ગુણો કે પર્યાયોનો સમાવેશ કરવાનો વખત જ ન આવે. **જમાલિના** અંગે જેમ '**कडेमाणे कडे**' એમ ન માને, તેથી આશ્રવાદિ સર્વ તત્ત્વોમાં ગોટાળો જ થાય. કેવળ **જૈન** મતવાળો હોય તે જ એમ બોલી શકે કે 'તે હું', એટલે અતીત અનાગતકાળને માનનારો હોય તે જ એમ બોલી શકે કે 'તે જ હું'. અહીં ભૂત અને ભાવિના પર્યાયરૂપ આત્માને જાણે કે માને તે જ બોલી શકે. અર્થાત્ પ્રભુની પાસેથી જે તત્ત્વોને હું પામી શક્યો હતો તે જ હું **ગૌતમ** કે **સુધર્મસ્વામી** કહું છું. જે ક્ષણે ક્ષણે દ્રવ્યનો નાશ માનનારા છે તેમનાથી આ રીતે બોલી શકાય જ નહિ.

## બૌદ્ધમતનું ખંડન

સમ્યક્ત્વની કે મિથ્યાત્વની દશા પણ આ જ આત્મામાં હતી. વળી તીર્થંકરના વચનથી સંપૂર્ણ તત્ત્વ પામી જે દ્વાદશાંગીની રચના કરી તે પણ આ જ આત્મામાં હતી અર્થાત્ શ્રોતાવક્તારૂપ જે આ આત્મા છે તે જ આ છે. આથી 'તે હું' એમ **ગૌતમસ્વામીજીએ** કહ્યું. અહીં બૌદ્ધોએ માનેલ જે ક્ષણિકપણું તે જગતમાં છે નહિ, ચાલ્યું નથી તેમજ ચાલવાને યોગ્ય પણ નથી; કારણ કે આત્માને જ્ઞાન જ ન થાય. જેમ એક શબ્દ બોલ્યો. તેમાં સમયો અસંખ્યાતા હોય પછી તે ક્ષણવારમાં તો નાશ પામે તેથી બીજો સાંભળે નહિ. પછી તેનું જ્ઞાન પણ ન થાય. ઉપદેશ પણ ન બને. અહીં બૌદ્ધમતનું ખંડન કરાયું. કેવી રીતે ? તો કહે છે કે પ્રથમ મેં બાર અંગો કહ્યાં છે. અર્થાત્ ત્રણ અધ્યયનો કહ્યા તે જ હું, બીજો નહિ. તેના અંગે જણાવતાં કહે છે કે—તે જ હું કહું છું. એક બાજુ જણાવતાં કહે

છે કે તીર્થંકરના વચનો પામીને જે કહેનારો અને બીજી બાજુ બાર અંગને કહેનારો અને ત્રણ અધ્યયનો કહીને કહેનારો તે જ હું. અહીં **ગૌતમસ્વામીજી** શિષ્યોમાં પોતાના વર્તાવ દ્વારા છાપ તો એવી પાડી ચૂકયા છે, છતાં શબ્દથી પોતે 'તે હું' એમ કહીને કામ શું ? અને તેથી તેની ટીકા ન પણ કરીએ એમ ટીકાકાર કહે છે, કારણ કે ખુદ પ્રભુ વીરથી પ્રતિબોધ પામેલા આ **ગૌતમસ્વામીજી** છે.

## સમ્યક્ત્વ પ્રાપ્તિરૂપ તત્ત્વ જણાવનાર તત્ શબ્દ

તેથી અહીં **से** નો અર્થ તત્ શબ્દમાં લો. અહીં તત્ શબ્દનો અર્થ તે કરવો. અહીં **स** શબ્દથી **ગૌતમસ્વામીજી**નો સંબંધ નથી. ક્ષણિકવાદનો પણ સંબંધ નથી કારણ શ્રદ્ધાને અંગે જો આ શબ્દ હોય તો દરેક અધ્યયનમાં તે હોવો જોઇએ. ક્ષણિકવાદને અંગે આ **से** શબ્દ હોય તો બીજાં અધ્યયનોમાં તે શબ્દ કેમ ન બોલ્યા ? આથી **ગૌતમસ્વામીજી**ના સ્વરૂપના માટે કે ક્ષણિકવાદના ખંડનને માટે તે **से** શબ્દ છે એમ મનાય નહિ, તો પછી તે **से** શબ્દ કોના માટે ? તત્ શબ્દ નપુંસકલિંગવાળો અહીં છે 'તે વાત' હું કહું છું. અહીં તે વાત એટલે જે વાત. એટલે કઈ ? તો કહે છે કે–હે મહાનુભાવ ! જે પદાર્થની માન્યતા કરવાથી સમ્યક્ત્વ થાય તે પદાર્થ તત્ત્વરૂપ છે તેને જ હું કહું છું. અહીં યત્ અને તત્ શબ્દનો પરસ્પર સંબંધ છે. દુનિયામાં જે ડાહ્યો તે કામકરંદો અને જે કામકરંદો તે ડાહ્યો. આથી અહીં 'જે તે' શબ્દો પરસ્પર સંબંધવાળા છે. અહીં તે વાત કહું છું. એમાં તે કઈ ? તેના અંગે જણાવ્યું કે–**જે તત્ત્વની શ્રદ્ધા કરવાથી સમ્યક્ત્વ થાય તે જ વસ્તુ કહું છું.** અહીં છેવટે તત્ શબ્દ સ્વરૂપ માટે, ક્ષણિકવાદ માટે ન રહ્યો પણ સમ્યક્ત્વના કારણરૂપ જે બને તે તત્ત્વને જણાવનાર આ તત્ શબ્દ છે.

## સર્વકાળના તીર્થંકરોની એક સરખી પ્રરૂપણા

હવે જેને માનવાથી સમ્યક્ત્વ થાય તેવી વસ્તુ કહો છો, પણ આ વાંકયથી જૈન શાસનનો આખો પાયો માર્યો જાય છે, **गणधरपन्नत्तं**

**तत्तं'** કોઇ જગ્યાએ કહેવાયું નથી, પણ " **जिनपन्नत्तं तत्तं** " "**केवलिकहिओ सुहावओ धम्मो** એમ જિનેશ્વરે કહેલા જ તત્ત્વો છે તે વાજબી નહિ રહે. વાત ખરી, પણ હું ' **तत्** ' શબ્દના અર્થમાં આગળ જણાવી ગયો હતો કે જે હું કહું છું તે તીર્થંકર મહારાજના વચનના આધારે જ કહું છું. અહીં જે તત્ત્વ સમ્યક્ત્વના કારણરૂપ છે તે અહીં ગણધરો પોતાના ઘરનું કહેતા નથી પણ ખુદ તીર્થંકર મહારાજે કહેલ કહે છે. અહીં અતીત કાળમાં થયેલા અને વર્તમાનકાળમાં વિદ્યમાન છે તેવા તીર્થંકરો તેમજ જે ભવિષ્યમાં **પદ્મનાભાદિ** તીર્થંકરો થવાના છે તે સર્વ તીર્થંકરો આવી રીતે પ્રરૂપણા કરે છે. એટલે વર્તમાન કાળના તીર્થંકરો આ પ્રરૂપે છે, એ વાક્ય વાજબી ગણાય, પણ ભૂત અને ભવિષ્યના તીર્થંકરો માટે ' આ પ્રરૂપે છે ' એ વાક્ય કેમ વાજબી ગણાય ? આ વાત તમે મૂળમાં પણ કહી ગયા છો. ટીકામાં તે ત્રણને વર્તમાનકાળ શી રીતે જોડ્યો ? ભૂતના કહી ગયા, ભવિષ્યના કહેશે એમ કહો તો ઠીક, પણ આ ત્રણે કાળના કહે છે એ શી રીતે ? અતીતકાળાદિ ત્રણને ભેગા કર્યા અને ક્રિયાપદમાં "પ્રરૂપે છે" એમ વર્તમાન કાળનું ક્રિયાપદ કેમ ?

## વ્યાકરણ અંગે પ્રશ્નનું સમાધાન

અહીં હાલ ભૂત કે ભાવિના તીર્થંકરો વિદ્યમાન નથી એ વાત ખરી, પણ ધાતુને સંબંધી પ્રત્યયો લગાડાય છે ' **गोमान् आसीत्** ' એટલે જેની પાસે ગાયો છે તે ગોવાળિયો. **अस्** ધાતુના આગળ ભૂતકાળનો પ્રત્યય લગાડ્યો, તેની અપેક્ષાએ છે અને આપણી અપેક્ષાએ હતો એ કાળ લીધો. અહીં જે અતીતકાળની અપેક્ષાએ અને ભવિષ્યકાળની અપેક્ષાએ **પણ** જે વર્તમાન લીધેલો છે તે તે કાળની અપેક્ષાએ જ વર્તમાનકાળ લીધો છે. આ સર્વ આવી રીતે પ્રરૂપણા કરે છે. ભૂતકાળના તીર્થંકરો કેટલા ? તે સર્વ એક સરખા પ્રરૂપણા કરે છે કે મતભેદ હોય ? તેવી જ રીતે ભવિષ્યકાળના તીર્થંકરો કેટલા ?

વળી તે સર્વ સરખા મતવાલા કે તેમાં મતભેદ ખરો? તે વિગેરે ટીકાકાર મહારાજ અગ્રે જણાવશે.

---

# વ્યાખ્યાન : ૪૪

## ભગવાન્ વીર મહારાજની પ્રરૂપણા જ કહું છું

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકસૂરિજી** મહારાજ **આચારાંગસૂત્રની** ટીકા કરતાં થકા ચોથા અધ્યયનનું પહેલું સૂત્ર સમજાવતાં આગળ જણાવી ગયા કે ભગવાન્ ગૌતમ સ્વામીજી અને **સુધર્મસ્વામીજી** જેવું કહે છે તેજ હું કહું છું. ભગવાન્ **સુધર્મસ્વામીજી** જંબૂસ્વામીને કહે છે કે 'તે કહું છું.' '**से बेमि**' એટલે શું? ભગવાન્ **વીર** મહારાજની પ્રરૂપણા જ હું કહું છું. ભગવાન્ વીર મહારાજની પ્રરૂપણાને જાણનારો કોઇ બીજો જ હતો અને હું કોઈ બીજો જ છું એમ નહિ.

## ગોશાળાનો પરિમતવાદ(?)નો પડદો

ગોશાળાની અપેક્ષાએ ગોશાળાનો મુખ્ય મત પરિમતવાદવાળો હતો. જેમ બીજા મતવાળાઓને ઈશ્વરનો બચાવ કરવા માટે લીલો પડદો કરવો પડે છે, તેમ ગોશાળો પોતાની જાતના–કુળના બચાવ માટે–ભિક્ષાચરપણાના બચાવ માટે પરિમતવાદનો પડદો આડો કરતો હતો. આવી રીતે પરિમતવાદ એ લોકોએ આગળ કરેલો હતો. આપણે પરિમતવાદમાં છીએ જ નહી.

## 'હું' અહંકારદર્શક નથી

હવે ભગવાન્ **સુધર્મસ્વામીજી** તેમજ **ગૌતમસ્વામીજી** જે 'હું કહું છું' વગેરેમાં હું શબ્દ વાપરે છે તે પોતના અહંકારને માટે નહી પણ ક્ષણિકવાદના નાશ માટે કહે છે.

## પ્રશ્નો અને તેના ઉત્તરો

**પ્રશ્ન:** તીર્થંકર મહારાજની દેશના પહેલા પહોરે હોય અને બીજા પહોરે ગણધર મહારાજ દેશના આપે તેમાં શું તીર્થંકર ભગવાન્ થાકી ગયા ?

**ઉત્તર:** શું અનંતજ્ઞાનના ધણી થાકી જાય ખરા ? ગણધર મહારાજ પાસે તીર્થંકર જે દેશના દેવડાવે છે તે શા માટે ? પોતાનું વીર્ય ચાલતું નથી એમ નહિં. જગતમાં ગુરુશિષ્ય અને તીર્થંકર ગણધર એમાં ફરક નથી, એ બંને એક જ તત્ત્વને કહેનારા છે એ બતાવવા. અહીં તીર્થંકર અને ગણધરમાં ફેર હોય તો શાસન ચાલી શકે જ નહિ. તીર્થંકર અને ગણધરમાં એકમન પ્રવર્તતું હોય તો જ શાસન ચાલી શકે. તીર્થંકર મહારાજ નિરૂપણ કરે છે તેમજ ગણધર મહારાજ નિરૂપણ કરે છે.

**પ્રશ્ન:** એ બંનેના નિરૂપણમાં ભલે ફરક ન હોય પણ પહેલા પહોરે આવેલા અને બીજે પહોરે આવેલા તેમની શંકાનું શું થાય ? શ્રુતકેવલી ને કેવલી મહારાજ તત્ત્વની પ્રરૂપણા કરે તેમાં ફરક ન જ હોય, પરંતુ સંશયનો છેદ જે કેવલી મહારાજ કરી શકે તે શ્રુતકેવલી કેમ કરી શકે ?

**ઉત્તર:** કેવલી મહારાજ પ્રત્યક્ષ જ્ઞાનવાળા છે અને શ્રુતકેવલી મહારાજ પરોક્ષ જ્ઞાનવાળા છે, તેથી તેઓ છદ્મસ્થ હોવાથી તેમની પાસેથી શંકાનું સમાધાન થાય જ નહિ. ગણધર મહારાજ અસંખ્યાતા ભવોની વાત જાણે એટલું જ નહિ પણ નિરૂપણ પણ કરી શકે. અસંખ્યાતા ભવોની નિરૂપણ કરવાની વાત ગણધર મહારાજના જ્ઞાનમાં રહેલી છે. વળી એકલા અસંખ્યાતા ભવોનું નિરૂપણ કરે તેમ નહિ પણ શ્રોતા જે પૂછે તે સર્વનું નિરૂપણ કરે છે.

જગતમાં સર્વ છે તેથી બધા પદાર્થો ઓઘરૂપે આવી ગયા. તત્ત્વનું નિરૂપણ, ભવનું નિરૂપણ એવી રીતે કરે કે એને કેવલજ્ઞાન

નથી એમ બીજા જાણે નહિ. આ છદ્મસ્થ છે એમ જાણે જ નહિ એવી રીતે તેઓ તત્ત્વનું નિરૂપણ કરે છે.

**સગર, બ્રહ્મદત્ત, સુભૂમ** એ ચક્રવર્તી થવાના હતા, તે એમ કહેતા હતા કે હું ચક્રવર્તી છું ? અને ચક્રીપણાને તેઓ શોધવા ગયાં હતા ? નહિ જ. સર્વ જીવોના અસંખ્યાતા ભવને જાણનારો અને શંકાનું સમાધાન કરનારો હું તમને કહું છું તે જ હું.

**પ્રશ્ન:** આખું **આચારાંગ** શરૂ કરતાં '**सोऽहम्**' કહેવું જોઇતું હતું તો આ વચ્ચે કેમ કહ્યું ? ૧-૨-૩ અધ્યયનમાં '**अथ**' નહિ અને ચોથા અધ્યયનમાં '**अथ**' કેમ કહ્યું ?

**ઉત્તર:** પ્રથમ અધ્યયન શરૂઆતનું છે માટે '**अथ**' 'હવે' ન કહેવાય. પહેલાના ત્રણ અધ્યયનો અનિષ્ટ નિવારણવાળા હતા. ચોથા અધ્યયનમાં આ ઇષ્ટપ્રાપ્તિ જણાવી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રરૂપણા જણાવી તેમ પહેલા ત્રણ અધ્યયનોમાં તો એકની એક જ વસ્તુ જણાવવાની હતી તેથી **अथ** કહેવાની જરૂર નહોતી.

" તીર્થંકરોનું કહેલું જ સાચું " એ સમકિત માનવું. **શ્રદ્ધા એ જ સમકિત** કહ્યું.

**પ્રશ્ન** : ભૂતકાળમાં તીર્થંકરોએ કહ્યું, વર્તમાનમાં તીર્થંકરો કહે છે તે ઠીક, પણ ભવિષ્યકાળમાં કહેશે તે કેમ મનાય ?

**ઉત્તર** : તે તે કાળની અપેક્ષાએ વર્તમાનપણું લઈ કૃદન્ત કરવું પડે છે તેથી અહીં તે તે કાળનું વર્તમાનપણું લઇ વર્તમાન-કાળનો પ્રયોગ કર્યો છે. તે ભવિષ્ય તથા ભૂતકાળમાં પણ તેમજ પ્રરૂપણા કરે છે.

## ક્ષાયોપશમિક ભાવ અને ઔદયિકભાવ

હવે જે જે મતવાળા પોતાના માલિકને કર્ત્તાપણું માને તેને તીર્થંકર તરીકે લઇ લેવાય નહિ તો અહીં કયા લેવા તે માટે કહે છે કે-સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપણાને પ્રાપ્ત કરવાની કોઈ કર્મની પ્રકૃતિ નથી, પણ તે ક્ષાયોપશમિક ભાવથી જ પ્રાપ્ત થાય છે.

**તીર્થંકરપણું એ એક જ પદ ઔદયિકભાવનું છે.** કર્મને વશ કરવામાં, દાબવામાં સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ-પણું તે ઔદયિક નથી.

**પ્રશ્ન** : ઔદયિક ભાવનું તીર્થંકરપણું તેને તમે પહેલું મૂકો તેનો અર્થ શો ?

**ઉત્તર** : જગતના સ્વભાવે તેઓને તીર્થંકરપણું આવેલું છે. ક્ષાયિકપણું તે પોતાના ઉદ્યમની વાત, ક્ષાયોપશમિકપણું એ પોતાના ઉદ્યમની વાત તે પ્રમાણેનું તીર્થંકરપણું નથી પણ **તીર્થંકરપણું તો જગતના સ્વભાવે જ આવે છે.** જગતના સ્વભાવે તીર્થંકર કૂખમાં આવતાની સાથે જ માતાને ચૌદ સ્વપ્નો આવે. તીર્થંકર મહારાજા કાળ કરે ત્યારે આખા જગતમાં અંધારૂં, અને જન્મ થાય ત્યારે નારકીમાં સહે જ ટાઇમ સુધી અજવાળું થાય, એવા જગતના સ્વભાવવાળું તીર્થંકર પદ છે.

## ૧૫૮ કર્મપ્રકૃતિમાં ત્રણ જ બંધ, સત્તા અને ઉદયે શુભ

૧૫૮ કર્મપ્રકૃતિમાં ત્રણ જ પ્રકૃતિ એવી છે કે જે બંધે શુભ, સત્તાએ શુભ અને ઉદયે પણ શુભ છે. બાકીની ૧૫૫ પ્રકૃતિ બંધે અશુભ, સત્તાએ અશુભ અને ઉદયે અશુભ છે. પરંતુ આ ત્રણ બંધ, સત્તા અને ઉદયે શુભ કહી તેમ આહારક શરીર અને આહારક અંગોપાંગ તે બંધ, સત્તા અને ઉદયે શુભ. તે સંયમના જોરે બાંધી શકે, ટકાવી શકે ને ફોરવી શકે છે, તે બે પ્રકૃતિ સંયમ મૂળભૂત તથા તે સંયમ હેતુથી હોવાથી બંધ ને સત્તાએ શુભ. વળી ત્રીજી પ્રકૃતિ તીર્થંકર-નામકર્મ તે પણ બંધે, સત્તાએ અને ઉદયે પણ શુભ જ છે. આ તીર્થંકરનામકર્મ શુભ જ છે. તે બંધે, સત્તાએ અને ઉદયે શુભ છે. અશુભ તો છે જ નહિ.

## અનંતા તીર્થંકરોની વાતથી ઇતરોને મૂંઝવણ

ચતુર્વિધ સંઘની સ્થાપના, દ્વાદશાંગીની રચના કરનારા જે જે થઈ ગયા તે કેટલા ? તો કહે છે કે—અનંતા તીર્થંકરો થઇ ગયા.

આ જગ્યાએ નહિ સમજનારા ઇતરો બિચારા કહે કે–જૈનોને તો અનંતા શબ્દ ઠીક લાગ્યો, તેથી જ્યાં હોય ત્યાં અનંતા ને અનંતા શબ્દ ખૂબ જ વાપરે છે, જેનું ભવિષ્ય ફૂટેલું છે ને જેના સંસારનો આરો આવવાનો નથી તેવા મનુષ્યને અનંતા તીર્થંકરો શબ્દોનો અર્થ ન સમજાય. એવાનું ભવિષ્ય સ્વાભાવિક રીતે જ બગડેલું સમજવું. આ ચતુર્વિધ સંઘને સ્થાપનારા થયા તે તો નક્કી જ છે ને? ભલે તે ગમે તે રીતે સ્થાપ્યો, પણ સ્થાપ્યો એ વાત તો નક્કી જ છે ને? હવે આ વર્તમાનમાં ચતુર્વિધસંઘ સ્થાપનારા થયા તેવા ભૂતકાળમાં ન હતા તેનો પુરાવો શું? વર્તમાનમાં સ્થાપ્યું તો ભવિષ્યમાં સ્થાપ્યું જ છે. આ બીજ છે તે નિર્વિવાદ છે. આ સંસાર અનાદિનો હોવાને લીધે દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં દરેક વખતે તીર્થંકરો થઈ ગયા છે. અનન્તી અવસર્પિણીમાં અનંતા થયા જ છે અને ભવિષ્યના અનંતા કાળમાં અનંતા તીર્થંકર થવાના છે, કોઇ પણ અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં ચોવીસ તીર્થંકરો થાય જ છે તેથી જે દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણી અનંતી થઇ ગઇ તેમાં તીર્થંકરો થયા અને જે અનંતી અવસર્પિણી અને ઉત્સર્પિણી થશે તેમાં પણ અનંતા તીર્થંકરો થશે તે વિગેરે અધિકાર ટીકાકાર મહારાજા આગળ કહેશે.

---

# વ્યાખ્યાન : ૪૫

## અનિષ્ટ નિવારણ પછી ઇષ્ટપ્રાપ્તિની જરૂર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ **આચારાંગ સૂત્રના** વ્યાખ્યા કરતાં થકા આગળ જણાવી ગયા કે પહેલા, બીજા અને ત્રીજા અધ્યયનમાં આ જીવને અનિષ્ટ કયા કારણથી વળગેલું છે તે જણાવ્યા પછી તેને નિવારીએ કઈ રીતે એ અધિકાર જણાવ્યો, એટલે કે અનિષ્ટ દૂર કરવાનો અધિકાર જણાવ્યો. તેમાં

ઇષ્ટપ્રાપ્તિ જણાવવામાં ન આવે તો તે સંપૂર્ણ ન ગણાય તેથી ચોથા અધ્યયનમાં ઇષ્ટપ્રાપ્તિ જણાવી. આ આત્માને ઇષ્ટ શું છે? આ આ આત્માને અંગે ખરેખર સાથે રહેનારી ત્રણ જ વસ્તુ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર અને તેમાં અખંડપણે રહેનારી, સર્વકાળમાં રહેનારી જે મુખ્ય ચીજ તે સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન પોતે સુંદર છે અને જ્ઞાન તેમજ ચારિત્રને સુંદર બનાવે છે. સમ્યગ્દર્શન ન હોય તો જ્ઞાન અને ચારિત્ર સુંદર બની શકે જ નહિ. આ જ સમ્યગ્દર્શન; એ જ સાચી શ્રદ્ધા. શી? જિનેશ્વરનો અહિંસાનો ઢંઢેરો.

## સર્વ જીવોની ભાવદયાવાળા જિનેશ્વરદેવો

જગતમાં જેટલા જીવો છે તેનો આ હક છે. સર્વ જીવોને પાંચ પ્રકારની આપત્તિ વગર જીવવાનો હક છે. કોઇને પણ કોઈ પણ જીવને એ પાંચ પ્રકારની આપત્તિમાં મૂકવાનો હક નથી. જિનેશ્વર મહારાજ સર્વે જીવોની ભાવદયાવાળા તથા તેમને બચાવવાવાળા કેમ કહેવાય છે? બીજા કોઇ પણ મતવાળાએ ઉપર્યુક્ત હક સ્વીકાર્યા જ નથી. કોઇને મારવો, બળાત્કારથી આધીન બનાવવો, આજ્ઞામાં રાખવો, પીડા કરવી અને મારી નાંખવો એ પ્રકારનો હક કોઇને ય નથી. આનું નામ જ સમ્યક્ત્વ છે. આને લીધે જ તીર્થંકરો તથા ગુરુઓ તેમજ ધર્મનું જૈનો બહુમાન કરે છે. જેઓ ચૌદ રાજલોકમાં અહિંસાનો આ હક કબૂલ ન કરે તે સમકિતી નથી. આ હક કબૂલ કરે તે જ સમકિતી. જેઓ આ હકનો ઢંઢેરો પિટાવે તેઓ જ ગુરુ. જેઓ આ હકને પહેલવહેલો જાહેર કરે તે જ દેવ.

## અનંતા તીર્થંકરોનો એક જ ઢંઢેરો

**ગૌતમસ્વામીજી** તેમજ **સુધર્મસ્વામીજી** કહે છે કે—આ ચૌદ રાજલોકના ઢંઢેરાની અને હકની જે વાત હું કરું છું તે મારી કલ્પેલી નથી, મારા ઘરની નથી કહેતો. ત્યારે શું તે મહાવીર મહારાજે કહી? તો કહે છે કે—ના. અતીતકાળમાં થયેલા, વર્તમાનકાળમાં વિચરતા અને ભવિષ્યમાં થનારા તીર્થંકરો આજ ઢંઢેરો

પીટનાર થયા છે. થઇ ગએલા તીર્થંકરો કેટલા? ચક્રવર્તીની અપેક્ષાએ બમણા, પણ કાળનું અનંતપણું હોવાથી અનંતા તીર્થંકરો થઇ ગયા છે.

### અપાર, અનાદિ, અનંત એ બધું શું?

જેમાં આપણી પૂરી શક્તિ હોય નહિ, જેનો આપણે પાર પામી શકીએ નહિ તેને અંગે આપણે અપાર શબ્દ વાપરીએ છીએ. આપણે જેનો પાર ન પામીએ તેને અપાર કહીએ. જગતમાં અપાર શબ્દ કહેવાવાળાની જ ન્યૂનતા જણાવાય છે, તથા કહેનારમાં પૂરું જ્ઞાન નથી તેથી તે અપાર કહે છે. તમે પણ અપાર શબ્દ વાપરીને તમારી ન્યૂનતા જણાવી. તમે આદિ ન જાણવાથી અનાદિ કહો છો તે તમારા જ્ઞાનમાં ન્યૂનતા છે. કાંઈ આદિ જાણો છો ખરા? જે અનાદિ તમે કહો છો તેમાં તો તમે સર્વને ઠગો છો. તેમ ભવિષ્યમાં તીર્થંકરો અનંતા છે તેમ ભવિષ્ય પણ અનંતો છે. તમારા જ્ઞાને તમે છેડો જાણ્યો છે ખરો? જો છેડો જાણ્યો નથી તો અનંતા કહી શકો જ નહિ. જેનો છેડો નથી તે અનંત કહેવાય છે. અહીં અનાદિ ને અનંત આ બે શબ્દો જગો જગો પર વાપરો છો તે તો તમારા જ્ઞાનનો ઢંઢેરો છે.

### ઘડિયાળના વલયાકારમાં આદિ ને અંત ક્યાં?

અનાદિ ને અનંત શબ્દો અને અનાદિઅનંત શબ્દ વાપર્યા છે તે તો જૈનોએ જ. જૈનો કબૂલ કરે છે કે "અમારું જ્ઞાન પહોંચ્યું નથી અને અમારું જ્ઞાન પહોંચ્યું હોય તો અમે છેડાને શોધી કાઢત પણ તેમ નથી." આવું કેટલાકો જૈનોની વિરુદ્ધમાં ભરમાવે છે. હવે આ ભરમાવેલુ ક્યાં સુધી રહે? જ્યાં સુધી તે જગો જાણનારો ન હોય ત્યાં સુધી તે રહે. ઘડિયાળના વલયાકારને સંપૂર્ણ જાણ્યો છે અને દેખ્યો છે, તેમાં એની આદિ અને અંત ક્યાં છે તે કોઈ કહે છે? **જે ચીજ આપણા જોવામાં ને જાણવામાં આવી હોય તેની આદિ ને અંત** કહેવા જ જોઇએ એમ

નથી. જેમ પદાર્થ અનાદિ છે તેમ જ્ઞાન પણ અનાદિ જાણવાવાળું છે. જેમ પદાર્થ અનંતા છે તેમ કેવલજ્ઞાન પણ અનંતતાને જાણવાવાળું છે તેમાં લેશ માત્ર ફરક જ નથી. એક એક સમય વર્તમાન બનેલો હોય તે જ અતીત કહેવાય. જે વર્તમાનપણાને પામશે તે અનાગત. એમ વર્તમાન ઉપર અતીતનો અને ભવિષ્યનો આધાર, ને વર્તમાનપણું તે આદિ ને અંતવાળું છે તેમ ચાલુ સમય પણ આદિ ને અંતવાળો છે જે વર્તમાન કાળના સમયમાં આદિ ને અંતવાળી વસ્તુ છે તેનાથી ભવિષ્યનો અનંતો કાળ બન્યો શી રીતે ? અને અતીતકાળ બન્યો શી રીતે ? જે વર્તમાનપણું વર્ત્યું, અનાદિકાળથી વર્ત્યું–પછી ભલે તે આદિ ને અંતવાળું હોય છતાં તે વર્તમાનપણું વર્ત્યું અને પ્રવર્ત્યું. અનાદિકાળથી પ્રવર્તે છે અને અનાદિકાળ પ્રવર્તશે તેથી ભવિષ્યકાળને તેમજ અતીતકાળને અનંત કહેવાય છે.

## કાળનું અનાદિ–અનંતપણું

જેઓ કાળને અનાદિ ન માને તેને માથે જવાબદારી છે. ઇશ્વરને, જીવને તો અનાદિ માનવા જોઇએ ને ? ઇશ્વર અને જીવ તારેય નવા થયા નથી માનવા; તેથી અનાદિ માનવા જોઇએ. પ્રાગ્ભાવને અનાદિ માને છે. પ્રધ્વંસને અનંત માને છે. આ બે શબ્દો સૂચક જ છે. અહીં તીર્થંકરનું અનાદિપણું બતાવવા માટે ઈશ્વરને અનાદિ તથા ધર્મને અનાદિ માનવામાં ના પાડશે પણ કાલને અનાદિપણું માનવામાં કોઇપણ ના પાડી શકે તેમ નથી, ચાહે તો નૈયાયિક હોય, નાસ્તિક હોય કે ગમે તે હોય, તેમણે કાળને તો અનાદિ માનવો જ પડશે. દરેક મતવાળા કાળને અનંતો માને છે, અને ભવિષ્ય અનંતો માને છે તેવી રીતે ભવિષ્યમાં થવાવાળા તીર્થંકરો પણ અનંતા માનવા પડશે, તેમ અનંતા તીર્થંકરો અતીતકાળમાં થઇ ગયા તે પણ માનવું પડશે.

## વર્તમાનકાળ અનંત કેમ નહિ ?

પૃથ્વી, અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય એ પાંચ

કાયના જીવોને આવી રીતે જીવવાનો હક્ક છે. કેવી રીતે? બીજાની આધીનતા વગર, પીડા પમાડયા વગર, દુ:ખ દીધા વગર, તાડના કર્યા વગર જીવવાનો હક છે. આવો ઢંઢેરો ત્રિલોકનાથ તીર્થંકર દેવનો જ છે. ભૂતકાળનું અનાદિપણું હોવાથી, ભવિષ્યકાળનું અનંતપણું હોવાથી ભૂતકાળ ને ભવિષ્યકાળના તીર્થંકરોની વાત જણાવીને વર્તમાનકાળ ઉડાડી દીધો તેનું શું? અહીં અતીતકાળનું અનાદિપણું હોવાથી ભવિષ્યનું અનંતપણું હોવાથી અનંતા જણાવ્યા તેમ વર્તમાનને પણ અનંતા શબ્દ લગાડવાનો નથી. અહીં વર્તમાનને એટલા માટે જુદો પાડ્યો કે વર્તમાન તીર્થંકરો કોની અપેક્ષાએ? જે વસ્તુને જે માણસ કહેતો હોય તેને માટે વર્તમાનકાળ. ભૂત ને ભવિષ્યનું અનંતપણું સર્વપણે સરખું પણ વર્તમાનની સંખ્યા સરખી નથી તે કેમ? જેમ **ભગવાન્ આદીશ્વર** પ્રભુ વિચરતા હોય તથા ભગવાન્ **અજિતનાથ** પ્રભુ વિચરતા હોય તથા **મહાવીર** ભગવાન્ વિચરતા હોય તો તે અપેક્ષાએ જ વર્તમાનના તીર્થંકરો ગણવા અને તે વખતની અપેક્ષાએ જ વર્તમાનના તીર્થંકરો ગણાય.

### વર્તમાન કાળમાં ઉત્કૃષ્ટથી તીર્થંકરોની સંખ્યા ૧૭૦

વર્તમાન કાળ પ્રરૂપણા કરનારની, વ્યાખ્યા કરનારની પ્રરૂપણા પર આધાર રાખે છે તેથી તેનો નિયમ નહીં. તેથી વર્તમાનકાળે વધારેમાં વધારે તીર્થંકરો કેટલા અને ઓછામાં ઓછા કેટલા તે કહે છે. ઉત્કૃષ્ટથી જો તીર્થંકરોની સંખ્યા લઇએ તો અઢી દ્વીપના બધા લેવા જોઇએ, અને તે બધા લઇએ ત્યારે કુલ ૧૭૦ સંખ્યા હોય, તેથી વધારે કદાપિ હોય જ નહિ. અહીં ઉત્કૃષ્ટ તીર્ચ્છા લોકમાં તથા ચૌદ રાજલોકમાં કહો પણ તેમ નહિ. જેમાં દિવસે જાગવું અને રાતે ઉંઘવું થાય છે તેવા કાળના સમયક્ષેત્રમાં જે તીર્થંકરો થાય છે તે ૧૭૦ થાય છે, પાંચ મહાવિદેહ ને ભરત ઐરવતના છે. મહાવિદેહ અખંડ છે. તેમાં વચ્ચે મેરુપર્વતે બે ભાગ કર્યા અને આજુબાજુ સીતા અને સીતોદા એ બે નદીએ પણ બે ભાગ કર્યા.

તેમાં વચ્ચે અંતરનદીઓ તથા વક્ષસ્કારે આઠ આઠ ભાગ પાડ્યા તેથી કુલ ૩૨ વિજયો ગણાય. તેથી પણ મહાવિદેહમાં ૧૬૦ વિજય થાય તેથી તેમાં ૧૬૦ તીર્થંકરો તથા પાંચ ભરત અને પાંચ ઐરવતમાં મળી ૧૭૦ તીર્થંકરો ઉત્કૃષ્ટથી થાય. કોઇ પણ કાળ લઇએ અને વિવક્ષા લઇએ તો ૧૭૦થી વધારે ન હોય,

## જઘન્યથી વર્તમાનકાળના ૨૦ તીર્થંકરો

ઓછામાં ઓછા તીર્થંકરો કેટલા? ઓછામાં ઓછા તીર્થંકરો વીસ હોય. કોઇ પણ કાળ એવો ગયો નથી અને જશે પણ નહિ કે વીસથી ઓછા તીર્થંકરો હોય. સીતા–સીતોદાના ઉત્તર–દક્ષિણમાં ચાર તેથી ૫ મહાવિદેહમાં કુલ ૨૦ તીર્થંકરો થાય, આમાં ભરત ઐરવતનો હિસાબ જ નહિ કે? ના, એમ નહિ. પણ અહીં ભરતમાં ઉત્સર્પિણી તેમજ અવસર્પિણીમાં અમુક આરામાં જ તીર્થંકર હોય છે. બાકીના આરામાં હોતા નથી તેથી તે વખતે ન હોય.

## વિહરમાનનો અર્થ વિદ્યમાન

એકેક તીર્થંકર પાસે ૮૪ તીર્થંકરો લેવા જોઇએ એવું કેટલાકો કહે છે પણ તેમાં તીર્થકાળ રહેતો નથી. તેથી કેવળીપણે કે સાધુપણે વિચરવું તેવું માનનારાઓનું માનવું યોગ્ય નથી પણ **વિદ્યમાન હોય તેવો વિહરમાનનો અર્થ કરવો–પછી ચાહે તો જન્મ તરીકે કે છદ્મસ્થપણે હોય** પણ વિદ્યમાન શબ્દ લેવો તેથી ઉત્કૃષ્ટથી વર્તમાનમાં ૧૭૦ તીર્થંકરો હોય અને જઘન્યથી ૨૦ હોય. અતીતકાળમાં અનંતા અને ભવિષ્યના અનંતા, વર્તમાનમાં તે ૧૭૦ ઉત્કૃષ્ટથી અને ૨૦ જઘન્યથી હોય તેઓ એવો જ પડહો વગાડે છે.

## ટીકાકારોનું નિરાગ્રહપણે કથન

એક બાજુ આપણને શ્રદ્ધામાં હચમચાવશે અને બીજી બાજુ શ્રદ્ધા મનાવશે તો આમાં સાચું શું માનતું? ટીકાકાર નિષ્પક્ષપણે જે વસ્તુ જે રૂપે તેમને માલુમ પડે તે પ્રમાણે જણાવે તેથી

ટીકાકાર જણાવે, તેમાં જેનું ભવિષ્ય અવળું હોય તેને " આમાં કાંઈ નહિ ", અને જેનું ભવિષ્ય સારું હશે તેમને "ઠીક" એમ લાગશે. જેનું ભવિષ્ય જાગતું હોય તેનું મન દૃઢ થાય, તેથી ટીકાકારો નિરાગ્રહપણે કહે છે કે–આ વસ્તુ અમે આવી રીતે કહીએ છીએ. બીજાઓ આવી રીતે કહે છે, તેમાં **તત્ત્વ તો કેવલિગમ્ય** વગેરે પોતે નિરાગ્રહપણે કહે છે. ટીકાકાર ૨૦ વિહરમાન જિનની સંખ્યા વગેરે તથા ઢંઢેરાની વ્યાખ્યા વગેરે કહેશે, તે હવે પછી જણાવાશે.

---

# વ્યાખ્યાન ૪૬

## આ ધર્મ કહેવાનું કારણ ?

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે **શ્રી આચારાંગસૂત્રની** વ્યાખ્યા કરતાં થકા આગળ જણાવી ગયા કે પહેલા, બીજા, ત્રીજા અધ્યયનમાં અનિષ્ટનું નિવારણ કરવાનું કારણ જણાવ્યું અને ચોથા અધ્યયનમાં ઈષ્ટની પ્રાપ્તિ જણાવવા માટે **'અથ'** શબ્દ વાપર્યો છે. તેથી જેણે ભગવાનના વચનથી બારે અંગની રચના કરી ને જેણે તીર્થંકર ભગવાને ગણધરની પદવી આપી તે હું કહું છું, વળી જે હું **( સુધર્મસ્વામી )** કહું છું તે ભગવાન્ **મહાવીર** મહારાજાએ કહ્યું છે તે જ કહું છું. તમારી ને **મહાવીરપણાની** એકતાના કારણે જ આ ધર્મ જણાવ્યો છે.

## જીવોની અહિંસાનું નામ જ સમકિત

જે અતીતકાળમાં અનંતા થઇ ગયા અને ભવિષ્યમાં અનંતા થશે અને વર્તમાનકાળમાં જે તીર્થંકરો છે તે ભગવાન્ મહાવીર મહારાજે કહેલી વસ્તુનું નિરૂપણ કરનારા છે. આખા જગતમાં જે કોઇ-

પણ જીવ છે તેને કોઇની પણ તાડના, તર્જના વગેરે પાંચ વસ્તુ વિના જીવવાનો હક છે. કોઈ પણ જીવને કોઇ પણ અન્ય જીવને મારવાનો, પીડા ઉપજાવવાનો, તાડના કરવાનો, તાબેદાર કરવાનો કે હણવાનો હક નથી. આ પ્રમાણે **મહાવીર** મહારાજાએ તથા બીજા તીર્થંકરોએ પણ જણાવ્યું છે તેથી તેનું નામ સમક્તિ છે.

## બ્રાહ્મણને ન મારવા વગેરે મંતવ્યનું નિરસન

જીવ જીવદ્વારા જ જીવે છે પણ બ્રાહ્મણને ન મારવા અને અન્ય જીવોને મારવા એવું જે ઈતરોનું મન્તવ્ય હતું તે મન્તવ્યના નિરસન માટે અહીં જણાવ્યું કે કોઇ પણ જાતિનો, કોઈપણ ગતિનો, કોઈ પણ વર્ણનો ચાહે તે જીવ હોય તો પણ તેને અન્યની તાબેદારી, તાડના, તર્જના, માર કે પીડા વિના જીવવાનો હક છે. આ પ્રમાણેનો ધર્મ અતીતકાળના તીર્થંકરો તેમજ ભવિષ્યકાળના તીર્થંકરો અને વર્તમાન-કાળના તીર્થંકરોએ જણાવ્યો, જણાવશે અને જણાવે છે. આનું નામ જ સમકિત. **આ જ પૂરી ને સાચી શ્રદ્ધા જણાવી.**

## મહાવિદેહમાં વિહરમાન તીર્થંકરો ૨૦

અતીતકાળ **અનંતો** છે અને **ભવિષ્યકાળ** અનંતો છે, માટે તીર્થંકરો અનંતા છે તો ભલે તેમ હો પણ વર્તમાનકાળમાં તેમ નથી ને ? અતીતકાળ સર્વને અનંતો આવવાનો અને ભવિષ્યકાળ સર્વને અનંતો આવવાનો પણ વર્તમાનકાળ તે નિયમ વગરનો છે, માટે અનિયમિત છે. અહીં તીર્થંકરની અપેક્ષાએ વર્તમાનકાળ અનિયમિત છે. વર્તમાનમાં ઉત્કૃષ્ટથી ૧૭૦ અને જઘન્યથી ૨૦ તીર્થંકરો હોય. મહાવિદેહમાં ૧૬૦ અને ૫ ભરતમાં તથા ૫ ઐર-વતમાં મળી કુલ ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો હોય. જ્યારે જ્યારે અહીં તીર્થંકરો હોય ત્યારે ત્યારે ૧૭૦ હોય તેમ નથી, પણ તે ૧૭૦ તો અજિતનાથને વારે જ હતા. તેમાં એક પણ ઓછા ન હતા; તેથી ઉત્કૃષ્ટકાળે ૧૭૦ જ હોય તેમાં એક પણ ઓછા ન હોય. જઘન્યથી

૨૦ તીર્થંકરો હોય તે સર્વ કાળે હોય. દરેક મહાવિદેહમાં ૪ એટલે ૫ મહાવિદેહમાં મળી કુલ ૨૦ તીર્થંકરો તો જરૂર હોય; તેથી ઓછા હોય જ નહિ.

## વિહરમાન તીર્થંકરો ૧૦ ની માન્યતાનું શું ?

આવી રીતે સૂત્રની વાચનાદ્વારા વીસ વિહરમાન તીર્થંકરો જણાવ્યા. કેટલાક આચાર્યો ૨૦ ને બદલે ૧૦ માને છે અને તે કઈ રીતે માને છે ? મહાવિદેહની પૂર્વ દિશામાં એક અને પશ્ચિમ દિશામાં એક તીર્થંકર હોય તેથી પ્રત્યેક મહાવિદેહમાં બે તીર્થંકર ગણતાં કુલ ૫ મહાવિદેહમાં ૧૦ તીર્થંકર તેવી વ્યાખ્યા કરે છે, તે મનસ્વી છે કે તેમની પાસે કોઈ આધાર છે ? '**सत्तरीसय उक्कोसं**' ગાથામાં ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકર હોવાનું જણાવ્યું છે. **इय हि दस**...ગાથામાં જઘન્યપદમાં ૧૦ તીર્થંકરો હોય એમ કહ્યું છે. આમાં મેરુનો પૂર્વ ભાગ આખો લઇએ તેમાં ૧૦ આવે તેવું હતું, છતાં અહીં બધા મળીને દસ ગણતરી કરતાં દરેક મહાવિદેહમાં ૨ તીર્થંકર લીધા છે.

## જંબૂદ્વીપમાં ૩૪, ધાતકીખંડમાં ૬૮ અને પુષ્કરાવર્ત દ્વીપમાં ૬૮

**समयं हि पत्त जिणमाणं** ગાથામાં અઢી દ્વીપમાં આ પ્રમાણે છે. મહાવિદેહના ૩૨+૧ ભરત+૧ ઐરવત=૩૪ એમ જંબૂદ્વીપમાં ૩૪, ધાતકીખંડમાં ૬૮ પુષ્કરાવર્તદ્વીપમાં ૬૮ કુલ ૧૭૦ ઉત્કૃષ્ટ તીર્થંકર થયાં. આવી રીતે ગાથાથી તેઓ ૧૦ તીર્થંકર માને છે. શાસ્ત્રકારો તો જે વસ્તુ હોય તે જણાવી દે છે. "**तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं**"તેજ સાચું, શંકા વિનાનું જે જિનેશ્વરે પ્રરૂપેલું છે. કોઈપણ જૈન મતવાળો આ વસ્તુ માન્યા સિવાય રહેતો જ નથી. સવ આ પ્રમાણે સાચું માને તો સર્વને સમકિત જ છે એમ અહીં નથી પણ અહીં શંકા ટાળવાની છે માટે સમકિત નથી.

## મહાન્ આચાર્યોની જુદી જુદી માન્યતા

આના માટે **ભગવતીજી**માં એ જ પ્રકારે પૂછવામાં આવ્યું કે જે વખતે બે સરખા મનમાં આવે ત્યારે કયું સાચું માનવું ? શ્રી **જિનભદ્રગણિ** ક્ષમાશ્રમણ પહેલે સમયે કેવલજ્ઞાન અને બીજે સમયે કેવલદર્શન એમ સમયે સમયે કેવલજ્ઞાન અને કેવલદર્શન માને છે. **શ્રી સિદ્ધસેનસૂરિની** માન્યતા એ છે કે લબ્ધિકાળનો ઉપયોગ હોય જ નહિ માટે તે જ સમયે જ્ઞાન અને તે જ સમયે દર્શન હોય. **મલ્લવાદીજી** માને છે કે જ્યારે વિશેષનો મુખ્યતાવાળો બોધ થઇ જાય ત્યારે સામાન્ય બોધ થઇ ગયેલો છે. વિશેષ બોધ તે જ્ઞાન જ. તેમ વિશેષ બોધ થયો એટલે સામાન્ય તો સાથે સમાઈ ગયું જ ગણાય. કેવલજ્ઞાનથી સર્વવ્યાપક જ્ઞાન થઇ જાય ત્યાં કેવલદર્શન જુદું પડતું નથી.

## ત્રણમાંથી કયો પક્ષ સાચો માનવો ?

આપણને આ ત્રણેના શાસ્ત્રોના સ્પષ્ટ ખુલાસાવાળા વાકયો મળી જતા હોય ત્યારે શું કરવું ? **જિનભદ્રગણિ**–જ્ઞાનદર્શન એમાંથી એક સમયે એક જ ઉપયોગ હોય તેથી એક સમયે બે ઉપયોગ ન હોય. **સિદ્ધસેન** : સંસારી–છદ્મસ્થ જેટલા જીવો હોય તો એમાંથી એક જ ઉપયોગવાળા છે. કેવલિઓને તો બે ઉપયોગ સાથે જ હોય. **મલ્લવાદી** : જ્યારે બે ઉપયોગ સાથે હોય ત્યારે જ્ઞાન સાથે દર્શન સમાઈ જાય, માટે એક જ્ઞાનની જ મુખ્યતા છે.

## જિનેશ્વરે કહેલું કહે તે જ સાચો પક્ષ

જ્યાં સુધી સ્પષ્ટ ખુલાસાવાળા પાઠો કહેવાવાળા પૂર્વધરો ન હોય કે પાઠો મળતા ન હોય ત્યારે શું કરવું ? જિનેશ્વર ભગવાને કહ્યું એ જ સાચું માનવું. ત્યારે શું આ ત્રણે વસ્તુઓ જિનેશ્વર ભગવાને જણાવી હશે ? **આ ત્રણમાંથી તે સાચું કે જે જિનેશ્વર ભગવાને કહ્યું હોય એટલે નિર્દેશથી જણાવવાના પદાર્થો**

**આવી ગયા હોય તેનો નિર્ધાર કરવો પડે.** આ ત્રણમાં તે એક પક્ષ સાચો કે જે જિનેશ્વરે કહ્યો હોય.

જ્યારે એક **આચાર્ય** કહે કે જઘન્ય ૨૦ તીર્થંકર **હોય** અને બીજા આચાર્ય કહે કે જઘન્ય ૧૦ હોય તો અહીં પણ **શીલાંકાચાર્યજી** તે પ્રમાણે જણાવે છે.

## અર્હત્ શબ્દનો અર્થ શો?

'**अर्हत्**' જેઓ આગળ પાછળના વિચાર વગર માત્ર ધાતુના અર્થો કરનારા હોય તેઓ પૂજનારા, પૂજા કરનારા એવો અર્થ કરે છે; ત્યારે તમે તો પૂજા કરવાને લાયક એમ કહો છો; અહીં લાયકને યોગ્ય પ્રત્યય નથી અને તમારે અર્થ પણ લાયકપણાનો લાવવો છે તેનું શું કારણ? '**अर्ह**' ધાતુમાં જે '**शतृ**' પ્રત્યય આવે તે જ યોગ્યને અર્થ આવે. જ્યાં '**शतृ**' પ્રત્યય કર્તા તરીકે ત્યાં પૂજનારા એવો અર્થ થાય. જે પૂજાને લાયક છે તે **પણ** અર્હત્ કહેવાય. દેવતા, અસુરો વગેરેની પૂજા આદિ સત્કારોને જે લાયક બને તે અર્હત્. વંદન અને નમસ્કારને જે લાયક બને તે જ અર્હત્ કહેવાય. અષ્ટ પ્રાતિહાર્યરૂપી નિત્ય પૂજા, બીજી પૂજા અનિત્ય. અષ્ટ પ્રાતિહાર્યની પૂજા નિત્ય હોવાથી તે પ્રાતિહાર્ય કહેવાય. જેમ ૨૪ કલાક, આઠ **પહોર** હોય તે પ્રાતિહાર્ય પહેરગીરનું કાર્ય કરનારા. આઠે પ્રાતિહાર્ય એવી ચીજ કે જે ચોવીસ કલાકમાં એક પણ મિનીટ એવી ન **હોય** કે તે સાથે ન હોય. તેથી તે ગુણમાં દાખલ કર્યા.

## નવકારમાં પ્રથમ અરિહંત પદ કેમ?

**નવકાર**મંત્રમાં પ્રથમ અરિહંત પદ કેમ રાખ્યું? કર્મની ૧૫૮ પ્રકૃતિમાં જિનનામ કર્મને બદલે અર્હત્ નામકર્મ રાખવું હતું ને? જેમ અર્હત્ શબ્દ ને જિન શબ્દ તીર્થંકરોને જણાવનારો, તીર્થંકર શબ્દ તીર્થ કરવારૂપ ક્રિયા એક વખત થઇ ગઈ એમ જેને જણાવે તે તીર્થંકર. જિનેશ્વરપણું લેવાની અપેક્ષાએ સામાન્ય

કેવલી પણ આવે. અહીં અર્હત્પણું જિનનામ કર્મના ફળરૂપ હોવાથી તે પદ પ્રથમ લીધું. આટલા માટે નવપદની અંદર નમો અરિહંતાણું પદ રાખેલ છે. અવધિ, મનઃપર્યવ અને કેવલજ્ઞાન ધરાવનારા અર્હત્ કહેવાય છે ને? અહીં ઐશ્વર્યાદિ સહિત એવા અરિહંત લેવા, અશોકવૃક્ષાદિ સહિત લેવા, રૂઢ અર્થમાં ન લેવા.

### તીર્થંકરોએ નિરૂપણ કરેલા અધિકારો

અતીતકાળનાં તથા ભવિષ્યકાળના તેમજ વર્તમાનકાળના તીર્થંકરો આ પ્રમાણે જ જણાવે છે. શું જણાવે છે? કોઈ પણ જીવને કોઈ પણ જીવે મારવો નહિ એ વગેરે પાંચ વસ્તુઓના હક્કની બાબત જણાવી તે જ અધિકારો તીર્થંકરોએ નિરૂપણ કર્યાં છે તે કેવી રીતે નિરૂપણ કરે છે તે વગેરે આગળ કહેવામાં આવશે.

---

## વ્યાખ્યાન ૪૭

### સંસારચક્રના ભ્રમણની આપત્તિ

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ **આચારાંગસૂત્રના** ચોથા અધ્યયનની વ્યાખ્યા કરતાં થકા આગળ જણાવી ગયા કે–ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ મોક્ષમાર્ગ બતાવતાં ભવ્ય જીવોને આપત્તિનું નિવારણ અને સંપત્તિની પ્રાપ્તિ એ બે વસ્તુ જણાવે છે. તેમાં જીવને મોટામાં મોટી આપત્તિ કઇ? તો કહે છે કે સંસારચક્રનું ભ્રમણ. કારણ કે એના ઉપર કોઇથી પણ કબજો મેળવી શકાતો નથી. ચાહે ચક્રવર્તી હોય, વાસુદેવ કે બળદેવ હોય પણ સંસારચક્રના ભ્રમણ ઉપર તેનાથી કબજો મેળવી શકાતો નથી. એ ભ્રમણ બંધ કરવાની તાકાત કોઈનામાં નથી. મરણ સૌને લાગેલ છે. સંસારચક્રમાં ભમવાવાળાને જન્મ અને મરણ લાગેલા છે તેથી રોગ, શોક, વ્યાધિ ને ઉપાધિ પણ લાગેલી જ છે. કોઈથી ન વારી શકાય

એવી એ આપત્તિ આખા જગતને ઘેરી રહેલી છે. આમ છતાં તે આપત્તિ એવી નથી કે ખસેડી ન શકાય. એ ખસેડી શકાય તેવી છે.

## ઘર ફૂટે તેથી જ આપત્તિ થાય છે

તે આપત્તિ થાય શાથી? ઘર ફૂટે છે તેથી જ આપત્તિ થાય છે. અહીં પાંચ ઇંદ્રિયો અને મન તે આપણું ઘર છે. ઇંદ્રિયો વિકારના માર્ગે અને મન આવેશના માર્ગે જાય તો જ જીવને ભટકવાનું બને છે. જો જીવની ઇંદ્રિયો અને મન ભટકે નહિ તો જીવને ભટકવાનું બંધ ન થાય તેથી **આચારાંગના પ્રથમ અધ્યયનમાં** જણાવ્યું કે મારો જીવ ભવોભવ ભટકવાવાળો છે, **બીજા અધ્યયનમાં** કહ્યું કે–આ ઇંદ્રિયો અને મનથી વિકારો થવાથી તે આવેશમાં જાય છે. શ્રોત્રેંદ્રિયે આવેલો શબ્દ સંભળાયા વિના રહેશે નહિ તેમ બીજી બીજી ઇંદ્રિયોથી થવાવાળા વિષયો આવેલા હશે તે નિવાર્યા બંધ થશે નહિ. પાંચ ઇંદ્રિયો અને મનના ઉત્પાતને લીધે જીવને રખડવું થાય છે. વળી તે પાંચે જોડે રહેલ છે. રસ્તો શો કરવો? તો કહે છે કે–એનો રસ્તો છે.

## ઇંદ્રિયો અને મન ગાંડા થાય તો શું કરવું?

ઇંદ્રિયોના વિષયો ભલે આવે, ઇંદ્રિયો પણ ભલે આવે. તે રોકવાનું કામ તારી શક્તિનું નથી, પણ એક વાત તારી શક્તિની છે. સારા વિષયો આવે ત્યારે ખુશ ન થવું અને પ્રતિકૂળ વિષયોમાં નાખુશ ન થવું. જો તું આમ કરશે તો તારે ભવચક્રમાં રખડવું પડશે નહિ. ઘરમાં છતાં બાયડી, છોકરાં આદિ ગાંડા થાય ત્યારે તિજોરીએ તાળું વાસી ચાવી કબજે રાખીએ તો પછી નુકસાન થાય જ ક્યાંથી? અહીં ગાંડા થયેલાઓ ખાલી ઓરડામાં શું કરે? તેઓને માટે નુકસાન કરનારી જે ચીજો હોય તેનો કબજો લઇએ તો નુકસાન ન થાય તેમ અહીં મન અને ઇંદ્રિયો ગાંડી થયેલી છે તે સારાનરસાને જુએ જ નહિ. બંને બાબતો કરવામાં તેને કશો વિચારભેદ હોય જ નહિ, માટે આપણે કરવું શું? નુકશાન થાય તે ચીજોનો કબજો

લેવો. તે ઇન્દ્રિયો ઇષ્ટ કે અનિષ્ટ વિષયોને ગ્રહણ કરે પણ તું તેની પાછળ તેવો થઇશ નહિ. ઘરમાં બાયડી છોકરો ગાંડા બને તેથી ઘરધણી ગાંડો બને તો ઘરનું ખેદાનમેદાન જ થાય. અહીં ઇંદ્રિયો અને મન ગાંડા બને છતાં જો આત્મા સાવચેત રહે તો કંઈ પણ ન થાય. તે માટે **ત્રીજા અધ્યયનમાં** કહ્યું કે–અનુકૂળ ને અંગે રાજી થયા વિનાનો અને પ્રતિકૂળના અંગે નારાજી કર્યા વિનાનો તું રહીશ, એટલે કે તું રાગદ્વેષનો કબજો લઇશ તો તારે ભવચક્રમાં ભટકવાનું થશે નહિ.

## બધું અહીં મૂકીને જવાનું છે.

આટલું બધું કરવું શાને માટે? કંઈ મળવાનું છે? **મળવાનું હોય તો મકકે જવાય, પણ કંઇ ન મળવાનું હોય તો ભાગોળે પણ ન જવાય.** આત્માનું આટલું બધું મક્કમપણું રાખવાનું કહ્યું તો તેથી મળવાનું શું? તેના માટે **ચોથા અધ્યયનમાં** જણાવ્યું કે-જગતમાં જે સુંદર ચીજો ગણાય તે મેળવાય છે. મહામહેનતથી પણ મૂકાય છે મિનિટમાં, જેમ કે આપણું શરીર. તેને સો વર્ષ સુધી પાળીપાળી–પોષીપોષીને મોટું કરીએ પણ છોડવામાં તો એક જ મિનીટ બસ. તેવીજ રીતે ધનમાલ, કુટુંબ સંબંધી સમજવું. તિજોરીમાં કરોડો રૂપિયા હોય તેથી શાહુકારી તિજોરીની નહિ પણ શેઠની જ ગણાય. તેમ અહીં આ શરીર, કુટુંબ હોવા છતાં આત્મારામની કિંમત શી? કંઈ નહિ, મીંડું માત્ર. જેમને મૂકીને જવાનું તેની અને આત્માની કશી ગણતરી જ નહિ. અહીં તો આત્મા સિવાય સર્વ મૂકીને જ જવાનું છે.

## આત્મા મેળવવાની ચીજો કઇ અને કેટલી?

આત્માને મેળવવાની ચીજો કેટલી અને કઈ? તો કહે છે કે–ત્રણ. ચોખ્ખો નિર્ણય, ચોખ્ખો બોધ અને ચોખ્ખું વર્તન, આ ત્રણમાં જો કે ચોખ્ખાપણું છે, પણ તેમાં એકના ઘરનું ચોખ્ખાપણું પોતાનું છે, અને બેના ઘરમાં ચોખ્ખાપણું ભાડૂતી આવેલ છે. સમ્યગ્દર્શનનું ચોખ્ખાપણું તે તેના ઘરનું છે. પણ જ્ઞાન અને ચારિત્રમાં

આવેલું ચોખ્ખાપણું તે દર્શનના ઘરનું આવેલું છે, માટે તે ભાડૂતી છે. અનંતીવાર ઓઘા મુહપત્તિ કર્યા છતાં મોક્ષ કેમ નહિ ? અનંતી વખત દશ પૂર્વ સુધી ભણી ગયા છતાં મીંડું, તેમજ નવગ્રૈવેયકે પહોંચી શકાય તેવું ઉચ્ચ ચારિત્ર પાળ્યું છતાં મીંડું કેમ ? કહો કે તે જ્ઞાન અને ચારિત્ર સમ્યગ્દર્શન વિનાના હતા તેથી તે જ્ઞાન ચરિત્ર ગણાયા જ નહિ, માટે **ચોથા અધ્યયનમાં** સમ્યગ્દર્શનનો અધિકાર લીધો. પ્રથમમાં ભટકવાનો, બીજામાં મન ઇંદ્રિયનો અને ત્રીજામાં રાજી ઇતરાજીનો લીધો.

**સારું કહેવું તેમાં નહિ, પણ સારું થવું તેમાં નવાઇ છે.**

ચોથામાં સમ્યગ્દર્શન શી ચીજ છે ?-જૈન માત્ર તેને પોકારે છે. બીજા મતવાળાઓ પણ પોતાના દર્શનને મિથ્યા માનવાને તૈયાર જ નથી. પોતાનું દર્શન સમ્યક્ અને ઇતરોનું મિથ્યા એમ તમે બોલો તે માનવા તૈયાર નથી. પોતાની "મા"ને સર્વ કોઇ સારી જ કહે, તેમ સર્વ મતવાળાઓ પોતપોતાના દર્શનને સારા કહે તેમાં નવાઇ નથી, પરંતુ સારું હોવું તેમાં નવાઇ છે. સારો હોય શામાં ? અને તે થાય શી રીતે ? તો કહે છે કે–તે માટે એક જ રસ્તો છે. સમ્યગ્-દર્શન. કોનું નામ ? શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મને જે માનીએ તે સમ્યગ્-દર્શન વળી નવ તત્ત્વને માનીએ તે સમ્યગ્દર્શન. શુદ્ધ દેવ જન્મથી કપાળે તિલક સાથે અવતરતા નથી. કુદેવને કંઈ શિંગડા હોતા નથી. તેવી જ રીતે ગુરુમાં સમજી લો. બીજાના કુદેવ, કુગુરુ કેમ ? વાત ખરી. દરેક મનુષ્ય પોતાના સોનાને સો ટચનું સોનું કહેવા માગે, પણ કસોટીએ મૂકે તો તેમાં કોઇને બોલવાનું રહે જ નહિ. આપોઆપ સૌ કોઇનો નિર્ણય થાય.

## સુવર્ણની જેમ આત્માની કસોટી

જેમ સોનાના નિર્ણય માટે વગર પક્ષપાતે સિદ્ધાંત કરાવવા-વાળી કસોટી છે, તેમ તને તારા આત્માની કસોટીએ ઉતારીએ. તને કોઈ મારે તો તે તને સારું લાગે છે ? તારા પર કોઈ

બલાત્કાર કરે, હુકમ કરે, પીડા કરે કે તને મારી નાંખે, આ સર્વ પૈકી કંઇ તને સારું નથી લાગતું તો તે કસોટી મૂકીને તું વિચાર કર, કે જે ધર્મ એમ કહેતો હોય કે ચૌદ રાજલોકમાં રહેલા સર્વ જીવોમાં પૃથ્વી આદિ પાંચ સ્થાવર, બેઇન્દ્રિયાદિ ત્રસ તેમજ પચેન્દ્રિયાદિ જીવો જે કોઈ હોય તેમને હણવાનો કોઇને હક નથી તેમ તેમને પીડા કરવાનો, મારવાનો કે તેમના પર બળાત્કાર કરવાનો કોઈને હક નથી, આવો ઢંઢેરો ચૌદ રાજલોકમાં જેઓ એક સરખો કબૂલ રાખે તેનું નામ જ સમ્યગ્દર્શની. સમ્યગ્દર્શનને અંગે કંઈ તિલકાદિ કહેવા નથી માગતા.

## હિંસાના ત્યાગરૂપ સમ્યગ્દર્શન

આ માટે સૂત્રકારે જણાવ્યું કે ભૂતમાં જે થાય, વર્તમાનમાં જે વિચરે છે અને ભવિષ્યમાં જે વિચરશે તે સર્વ તીર્થંકરો આ સમ્યક્ત્વને જણાવનારા છે. કયા સમ્યક્ત્વને? તો કહે છે કે હણવાનો, તાબે કરવાનો, બળાત્કારનો, હુકમનો કે મારવાનો હક કોઇ પણ જીવના અંગે કોઇને પણ નથી. અહીં આવો ઉપદેશ દેનારા સાધુઓ નદી ઉતરીને અસંખ્યાતા જીવની વિરાધના પણ કરે છે તે કેમ? વળી ટેકરો ઊતરતાં કદાચ વૃક્ષની ડાળને પણ પકડે છે તેનું શું? મહાનુભાવ, વાત સમજ. અહીં હકની વાત થાય છે અને તમો લઈ જાઓ છો ક્રિયાની વાતમાં. ક્રિયામા આપત્તિધર્મને સ્થાન છે. હકમાં તે આપત્તિધર્મનું સ્થાન નથી. જેમ ડોક્ટર હાથ પગનું ઓપરેશન શસ્ત્રક્રિયા—કરે તેથી તે જગતને કાપવા તૈયાર નથી થયા. હક તો સાજા કરવાનો રાખેલ છે. પ્રયત્નો પણ તેવા છે છતાં અંગ સડે છે, બીજાને નુકસાન કરે છે ત્યારે કાપવું પડે છે એમ કહે છે. અહીં કાપવું પડે છે એ જુદી વાત છે અને કાપવાનો હક છે એ જુદી ચીજ છે. એ શિરજોરી કહેવાય. કાપવું પડે છે તે આપત્તિધર્મ ગણાય. સાધુને સંયમ નિર્વાહ કરવો પડે છે અને તેથી નદી

ઊતરતાં વિરાધના થાય તે સંયમનિર્વાહ માટે, નહિ કે વિરાધનાનો હક છે તેથી.

## પ્રભુપૂજામાં થતી હિંસાનું શું ?

આવા સમ્યકત્વને માનનારા શ્રાવકો પ્રભુની પૂજા શી રીતે કરે? પૃથ્વી આદિ ભૂતોની અને ત્રસકાયની પણ હિંસા પૂજામાં જાણતાં કે અજાણતાં થાય છે ને? વાત ખરી, પણ હક જુદી વસ્તુ છે, વર્તન જુદી વાત છે. પૂજા કરનારા હક ગણીને જીવોની વિરાધના કરતા નથી પણ ભક્તિ કરતાં વિરાધના થાય છે એમ માને છે. હવે બીજા દર્શનકારો એમ માની લે તો તેમને પાલવે તેમ નથી. તેઓ તો માને છે કે બ્રહ્માએ જે જાનવરો બનાવ્યાં તે સર્વ યજ્ઞમાં હોમવા માટે છે. તેઓ જાનવરોને મારે તે હક બુદ્ધિએ, જ્યારે જૈનશાસનમાં આવું માનનાર કોઈ નથી. ક્રિયા વસ્તુ જુદી છે અને હક વસ્તુ જુદી છે.

## શત્રુના વધ કરનારને દેવ કેમ મનાય?

જેઓ જાનવરોને મારવાનો હક મને છે અને તેમાં જ પોતાની ઉત્તમતા માનવા સાથે તેવાને દેવ માને. એવાઓ કૃષ્ણને દેવ કેમ માને? કંસનો વધ કર્યો, જાદવકુળનો નાશ કર્યો એમાંના ગાણાં ગાતાં બોલે છે કે "ચીર કોણ ખેંચશે? જૈન દર્શનમાં દેવાદિને માનવામાં કોઈ પણ જીવની વિરાધનાને સ્થાન જ નથી. વ્યાકરણને સમજનારા સમજશે કે યોગ્ય અને શકયાર્થમાં આવતો 'તવ્ય' પ્રત્યય મૂકીને '**न हन्तव्या**' એટલે હણવાને લાયક નથી એમ જણાવ્યું. અહીં સર્વ જીવોને હણવાની માન્યતા નથી. આવો ઢંઢેરો ત્રિલોકનાથનો છે. સર્વ જગતના જીવોને અંગે કોઈને હિંસા કરવાનો હક જ નથી. આનું નામ જ સમ્યગ્દર્શન, આનું નામ જ સુદેવ, એટલે આવો ઢંઢેરો પીટનારા તે સુદેવ અને તેનો પ્રચાર કરી તે પ્રમાણે વર્તનારા તે સુગુરુ. આવો જે ઢંઢેરો અને તે માટેનો પ્રયત્ન તે જ સુધર્મ. આ ત્રણથી જે વિરુદ્ધ તેનું નામ જ કુદેવ, કુગુરુ કે કુધર્મ છે.

### એકથી વધુ ક્રિયાપદો કેમ જોડયાં ?

સર્વ કાળના તીર્થંકરો સર્વ ભૂતો, જીવો, સત્ત્વોને મારવાનો કે તાબેદાર કરવાનો કોઇને હક નથી એમ કહેતા હતા તે વાત ખરી, પણ એક વાતને આખો દિન બોલવી તે સમજુને ન શોભે, તેમ અહીં '**एवमाइक्खंति**' કહ્યું તે બસ હતું પણ '**एवं भासन्ति**' આદિ ક્રિયાપદો જોડાયા કેમ ? તો કહે છે કે તે જોડવાનું કારણ છે, અને તેથી આ ઢંઢેરાની કેટલી મજબૂતી છે તે અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન ૪૮

### દસપૂર્વ અને તેની ઉપરનું જ્ઞાન તે સમ્યક્ શ્રુત કેમ ?

શાસ્ત્રો ભણાવવામાં આવે અને કંઇક ન્યૂન દસ પૂર્વ સુધીનું જ્ઞાન થાય તો પણ તે સમ્યગ્દર્શન વિનાનું હોય તો તે સમ્યગ્જ્ઞાન ન જ કહેવાય. જ્ઞાનમાત્રને જ્યારે સમ્યગ્દર્શનથી સુધારવાનું હોય તો સંપૂર્ણ ચૌદપૂર્વ, ૧૧, ૧૨ આદિને સુધારનાર કોણ ? તે સ્વયં સમ્યક્ છે કે નહિ ? તો કહે છે કે–શ્રુત સ્વયં સમ્યક્ નથી, તો પછી શાસ્ત્રકારો નિયમ કેમ બાંધે છે કે ચૌદપૂર્વનું શ્રુત યાવત્ ઉતરતો સંપૂર્ણ દશપૂર્વનું શ્રુત નક્કી સમ્યક્ જ છે ? ચૌદ કે દસ પૂર્વવાળાને અંગે પણ સમ્યક્ શ્રુત મિથ્યાશ્રુત એવા ભાગો પાડો ! તેવા ભાગો તો પાડતા નથી. જ્યાં દસ પૂર્વ છે ત્યાં મિથ્યાશ્રુત ન રાખતાં સમ્યક્ શ્રુત જ રાખો, તે કેમ ? અહીં પ્રશ્ન વ્યાજબી છે એટલે ચૌદ પૂર્વવાળાને અને દસપૂર્વવાળાને સમ્યક્ શ્રુત હોય છે પણ મિથ્યાશ્રુત ન હોય. દસ પૂર્વની અંદરવાળાના માટે ભેદો પડે, પણ તેનાથી આગળવાળા માટે તો સમ્યક્ શ્રુત જ કહેવાય.

### સમ્યગ્દર્શન વિનાનાને કેટલું જ્ઞાન થાય ?

અહીં શાસ્ત્રકાર વસ્તુ જણાવે છે કે એક પૂર્વનું જ્ઞાન વગર શ્રદ્ધાએ પણ થઈ જાય. દસપૂર્વમાં ન્યૂન એવું જ્ઞાન અભવ્ય કે

મિથ્યાત્વીને પણ થાય, પણ દસથી આગળના જે જ્ઞાનો છે તે સમ્યગ્દર્શન વિનાનાને થાય જ નહિ. જગતમાં ભાગ્યશાળી ન હોય તેને ચઢતા બજારે વેચવાનું મન જ ન થાય, અને ઉતરતા બજારે લેવાનું મન પણ ન થાય. અહીં વેચવું લેવું તે ભાગ્ય ઉપર આધાર રાખે છે. જેના આત્મામાં સમ્યગ્દર્શન વસેલું હોય તેને દસમું પૂરૂં થાય. બાકીનાને દસ પૂર્વનું જ્ઞાન થાય જ નહિ. માટે તેવા દસ પૂર્વના કે તેથી આગળના જ્ઞાનો પણ સમ્યગ્ દર્શનવાળાને જ હોય તેથી તે જ્ઞાનો સમ્યગ્જ્ઞાન કહેવાય.

## તે ચોદે પૂર્વો સુંદર છે તે સમ્યગ્દર્શનના પ્રતાપે છે

બીજા જ્ઞાનો તો સમ્યગ્દર્શન વિના પણ થાય. દસ પૂર્વાદિના જ્ઞાનો જે થાય તે સમ્યગ્દર્શન વિના ન જ બને. અહીં જ્ઞાનમાં અને ચારિત્રમાં જે સુંદરપણું છે તે સમ્યગ્દર્શનના ઘરનું છે અને તેથી શાસ્ત્રકારે ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિમાં પ્રથમ દર્શન મોહનીયનો ક્ષય કરે એ વિકલ્પ ન લીધો; કારણ કે સમ્યગ્દર્શન વિના ચારિત્રની સુંદરતા છે જ નહિ. તેમ અહીં સમ્યક્ત્વ નામનું ગુણઠાણું લઇને પાંચમું કે છઠ્ઠું ગુણઠાણું સમ્યક્ત્વના નામે ન લીધું. કારણ કે સમ્યગ્દર્શન વિના દેશવિરતિ કે સર્વવિરતિની સુંદરતા નથી. દેશવિરતિ કે સર્વવિરતિની સુંદરતા સમ્યગ્દર્શનને જ આભારી છે.

## સમ્યગ્દર્શન કહેવું કોને ?

આવો પડહો કે સંદેશો જેને મંજૂર હોય તેને જ શુદ્ધદેવાદિ આરાધવાનો અધિકાર છે અને તેને જ જીવાદિ તત્ત્વો માનવાનો અધિકાર છે. તે પડહો કયો ? જગતના સર્વ જીવોને મારવાનો હક કોઇને છે જ નહિ. આવો જિનેશ્વર મહારાજનો ઢંઢેરો જેમને કબૂલ હોય તેઓ જ શુદ્ધ દેવ, ગુરુ અને આશ્રવાદિ તત્ત્વોને માનનારા ગણાય. જેમને આ ઢંઢેરો કબૂલ ન હોય તેવાઓ ચાહે તેટલા દેવાદિને માને કે તત્ત્વોને ગોખે તો પણ તે માર્ગમાં કે સમ્યક્ત્વમાં આવી શકતા નથી.

## પ્રશ્ન પૂછે તેના ઉત્તરમાં આ ઢંઢેરો

આવી રીતે જે મૂળ ઢંઢેરો જણાવ્યો તેમાં ટીકા કરતાં **શીલાંકાચાર્યજી** કહે છે કે–આ કોઇએ ઉપજાવી કાઢેલા નથી. અરે, ખુદ વીર ભગવાન કહે છે કે–આ અમુક ટાઇમ માટેનો ઢંઢેરો નથી. જેમ મકાનના અંગે ભાડાચિઠ્ઠી લખાય તેમ આ નથી. અતીતમાં થયા. વર્તમાનમાં થાય છે અને ભાવિ જે તીર્થંકરો થશે તે સર્વ આ જ ઢંઢેરાને જણાવનારા છે. હવે કેવી રીતે? તો કહે છે કે–**પરપ્રશ્નને** અંગે. જો કોઇ તત્ત્વ પૂછે તેના ઉત્તરમાં તીર્થંકરો એ જ જવાબ દે કે જગતના જીવોમાં એવી સરખાવટ હોવી જોઇએ કે કોઈ કોઇને મારવાને, તાબે કરવાને, પીડા કરવાને હકદાર નથી એવો ઢંઢેરો જણાવે.

## જણાવવાના બે પ્રકાર

હવે જણાવવામાં બે પ્રકાર છે. જેમ કોઇ વખતે મૌનપણે જણાવે. જેમ ભોજન માટે આમંત્રણ આપીએ ત્યાં સામો મનુષ્ય મુખે હા ન ભણે પણ કબુલાત આપે. ન આવે તો ઠપકારૂપે પણ કહેવાય. તેમ આ જિનેશ્વર મહારાજ શું મૌનની કબૂલાતવાળા છે? તો કહે છે કે જ્યાં સુધી તેમનું છદ્મસ્થપણું છે તે વખતના જે આચારો કે પ્રવૃત્તિ છે તે મૌનની છે અને તેથી જે ઉપસર્ગો પડે છે અને સહે છે તે અંગે માનપણે જણાવે છે કે કલ્યાણની ઇચ્છાવાળાએ પરીષહો, ઉપસર્ગો સહન કરવા. અહીં ઢંઢેરો જાહેર પીટયો નથી પણ મૌનપણે તે જણાવેલ છે. આવી રીતે મૌનપણે કેટલીક કબૂલાતો હોય છે તેવી રીતે આ મૌનપણાનો ઢંઢેરો નથી પણ હંમેશાં ચોખ્ખા શબ્દોમાં એ ઢંઢેરો જાહેર કર્યો છે. જાહેર કરવામાં કોઇ મનુષ્ય જંગલમાં જઇને ઊંચે સ્વરે બોલે તેમાં પણ જાહેરાત તો છે ને? તો કહે છે કે નહિ. સાંભળનારાઓની સન્મુખ જઇને ઊંચે સ્વરે બોલે તે કામનું, પણ પહાડ ઉપર જઇને જાહેર રીતે, ઊંચે સ્વરે બોલે તે કામ ન લાગે. જિનેશ્વરો જે ઢંઢેરો જાહેર કરે છે

તે મનુષ્યની પર્ષદામાં જાહેર કરે છે, જંગલમાં કે પહાડ ઉપર નહિ.

## અઢારે દેશોની ભાષામાંથી બનાવેલી અર્ધમાગધી ભાષા

અહીં પર્ષદા ખરી પણ જેમ કોંગ્રેસમાં બે મત પડ્યા ત્યારે ક્રીડ-સિદ્ધાંત-ઉપર સહી લેવી પડી કે જેને આની કબૂલાત હોય તે જ સભામાં આવજો ! અહીં પોતાની માન્યતા મુજબની સભા ભરીને બોલાય તો તેની કિંમત ન અંકાય તેમ અહીં દેવો અને મનુષ્યો સર્વ એકઠા થયેલા છે તેથી પર્ષદામાં બોલેલા છે. ગુજરાતી આખો વર્ગ ઊભો કરે અને કોઈ નવીન ભાષામાં બોલે તો તેથી લોકો ન સમજે તો પછી તે બોલવાની કિંમત શી? તો કહે છે કે તેમ નહિ. આ ઢંઢેરાની ભાષા સર્વ જીવોને અવગત છે. અઢારે દેશોની ભાષા ભેગી કરીને જે ભાષા બનાવવામાં આવી છે તેવી અર્ધમાગધી ભાષા જે સર્વ દેશવાળા સમજી શકે તેવી ભાષાએ કરીને પ્રભુ બોલે છે.

## પ્રભુનું વચન સર્વ જીવોને પોતપોતાની ભાષાપણે પરિણમે

ભલે પ્રભુ અર્ધમાગધી ભાષામાં બોલે. તે ભાષા તો આર્ય દેશવાળાની સમજમાં આવે પણ પ્રભુની પર્ષદામાં એકલા આર્યો જ હતા એમ નહિ. પ્રદેશી રાજા વગેરેની સાથે આવનારી રાણીઓની સાથે આવનારી દાસીઓમાં ચીન, અરબસ્તાન આદિ દેશોની પણ હતી અને તેવીઓ આ ઢંઢેરાથી બેનસીબ જ રહેને ? કારણ કે તેમને ભાષાનો ખ્યાલ નથી. તેથી તેઓ એમ બોલેને કે અમો ઢંઢેરા વખતે ગયા ત્યારે આ બોલાયું નથી ! તો કહે છે કે-ના, પર્ષદામાં જે જીવો આવેલા છે તે આર્ય હો કે અનાર્ય હો, ચાહે મનુષ્ય હો કે પશુ-જાનવર હો તે સર્વ જીવોને પ્રભુનું વચન પોતપોતાની ભાષાપણે પરિણમે છે. તે કેમ બને ? તે માટે જ અમો કહીએ છીએ કે આ કંઈ સમાધાન ન કહેવાય, કારણ કે જગતની દૃષ્ટિએ વસ્તુ બનવા પામે તેમ નથી, કારણ કે મનુષ્ય બોલે અને જાનવર સમજે તે કેમ બને ? વાત ખરી, પણ અતિશય કોનું નામ તે સમજો.

## તીર્થંકર દેવના વચનાતિશયનો પ્રભાવ

અતિશય એટલે અમુક ભાગ્યશાળીના ભાગ્યથી જ બને તે, અને તેવો અતિશય અહીં પ્રભુને હોવાથી અર્ધમાગધી ભાષાએ બોલે છતાં ચાહે તે હોય તે સર્વને પોતપોતાની ભાષામાં તે પરિણમે. હવે તીર્થંકર દેવોએ સર્વ જીવોને પોતપોતાની ભાષારૂપે પરિણમવાવાળી એવી અર્ધમાગધી વાણીએ કરીને આ ઢંઢેરો જાહેર કર્યો છે. પ્રભુ કે ઇશ્વર તરીકે પોતે જે જાહેર કરે તે માનવાને સભા તૈયાર જ હોય **"આનંદ કામંદ કંઇ ન જાણે, શેઠ વચન પરમાણે"** એટલે કે શેઠે કહેલું નોકરને પ્રમાણ જ હોય, તેમ અહીં જિનેશ્વરે કહેલો ઢંઢેરો ભલે કબૂલ થયો પણ ખાતરી વિના મન કબૂલ ન કરે. જેમ આશાથી, ભયથી, ત્રાસથી લોકોની જીભ 'રાજી' કહી દે પણ અંદરથી મન કોઈ દિન ખાતરી વિના કબૂલ કરે જ નહિ, તેમ અહીં પણ જિનેશ્વર મહારાજના વચનને કોઇ આશાથી, ભયથી કે ત્રાસથી કબૂલ કરે તો શું સમજવું ? તો કહે છે કે-ખુદ ભગવાન્ કહે છે કે મારી મોટાઇથી તમે આ વચન ગ્રહણ ન કરો ! હે સાધુઓ ! હું જે કહું છું તે પરીક્ષા કરીને તપાસીને લેજો ! મારું ગૌરવ સમજીને કે મને મોટો ગણીને તમો આ વચન લેશો નહિ !

## પ્રશ્નકારને ઉત્તર દેવાની પ્રભુની ફરજ

અહીં **મહાવીર મહારાજા** સરખા કેવલી કહેનારા અને **ગૌતમસ્વામીજી** સરખા સાંભળનારા છતાં પ્રશ્ન પૂછાય છે કે **"से केणट्ठेणं भंते ! एवं उच्चइ"** એમ **ગૌતમ** પ્રભુજીને પૂછે છે. અહીં મારીને મનાવવાનું નથી. શંકા કરીને સમાધાન મેળવવાનો હક છે કે નહિ ? અહીં જેને જે કંઈ પણ શંકા થાય તે શંકા પૂછવાનો હક દરેકને છે. જીવ તે ચેતના અને ચેતના તે જીવ. આમ પણ પૂછી શકે અને ઉત્તર પણ પ્રભુ તે જ પ્રમાણે આપે, તેથી **ભગવતીજીમાં** પ્રશ્ન થયો એટલે ઉત્તર દેવાની પ્રભુની ફરજ પણ છે.

## લૂલી ગાયના ઘરાક જેવું નહિ

અહીં ગાયના ઘરાક જેવું નહિ. એક મનુષ્યને ગાયનો ખપ હતો તેથી તે વેચાતી લેવા ગયો છે. એક લૂલી થયેલી ગાયની બહાર ખરીદી કરી પણ પોતે ફસાયો તેવી રીતે બીજાને ફસાવવા ગયો. ત્યાં સામાવાળાએ ઊભી કરી બતાવવા કહ્યું. ત્યાં પેલાએ કહ્યું કે મેં તો બેઠેલી જ ખરીદી છે. તેમ અહીં નથી. અહીં તો પ્રભુના વચનો સાંભળેલા કે લખેલા કહેવાતા નથી પણ જેનો જે સંશય હોય તે કહી દેવો, સમાધાન કરવું એમ છે.

## સાત તત્ત્વોનું નિરૂપણ

આ જે ઢંઢેરો હું કહું છું તે કયો? બળાત્કારના, પીડાના કે મારી નાંખવાના સંબંધમાં હું જે ઢંઢેરો કહું છું તેમાં કોઇ પણ જીવ કોઇને પણ મારે તો તેના પાપ બાંધે. પાપથી બચે કયારે? આ ઢંઢેરાના પરિણામ કહી તેની કબૂલાત આપે તો જ બચે. એવી કબૂલાત આપે ત્યારે જ સંવર ગણાય અને એ ઢંઢેરો ન માનવો તેનું નામ આશ્રવ. જીવ, અજીવ, આશ્રવ (કર્મબંધનાં કારણો) બંધ (આત્મા અને કર્મનું એકમેક થવું.) એવી રીતે જીવકર્મનું એકમેક થવાનું રહે તો સંસારમાં કર્મનાં પુદ્ગલો જ ન રહે અને તેથી બાંધવાનું બને જ કેમ? તો કહે છે કે–મહાનુભાવ, કોઇ જીવો એવા છે કે જેમને કર્મનો સંવર હોવાથી નવાં કર્મો લાગતા નથી. વારૂ, પણ લાગેલા તો છે ને? વાત ખરી, પણ લાગેલા કર્મો અમુક મુદતે છૂટા પડે છે. દુઃખ ભોગવાતાં કર્મો છૂટા પડે તેનું નામ નિર્જરા. કર્મો આવે, રોકાય, વેદાય અને છૂટા પણ પડે છે. જીવની એવી પણ દશા છે કે જેમાં કર્મનું આવવું નથી, બંધાવું નથી, રોકવાની કે તોડવાની ક્રિયા પણ કરવાની નથી પણ માત્ર આત્મસ્વરૂપ જ છે. એવી દશાનું નામ મોક્ષ છે.

## શિષ્યોની શંકાના નિરસન માટે કહેવાતા તત્ત્વો

આવી રીતે સાત તત્ત્વો જિનેશ્વર મહારાજને પ્રરૂપવા પડે છે.

શાને માટે ? શિષ્યોની શંકાના નિરસન માટે આ તત્ત્વો કહેવાં પડે છે. મોક્ષ તે ઢંઢેરાનો ઉદ્દેશ છે. ઢંઢેરા પ્રમાણે વર્તન થાય એવો નિયમ મોક્ષમાં જ રહી શકે. બાકી તેરમા ગુણઠાણા સુધી તો યોગથી વિરાધના થાય જ. મોક્ષ માટે તેના સાધનો નિરૂપણ કરતાં પોતાની પ્રરૂપણા નક્કી કરી, તે પ્રરૂપણા કઈ અને તત્ત્વો કયા અને તેથી ઢંઢેરો સમજાય તેવી પ્રરૂપણા કેવી રીતે કરી તે અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન ૪૯

## જૈનશાસનનો ગુરૂમંત્ર

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ **આચારાંગસૂત્રના ચોથા અધ્યયનની** વ્યાખ્યા કરતાં થકા આગળ સમ્યક્ત્વના અધિકારમાં જણાવી ગયા કે જૈનશાસનનું સમ્યકત્વ તે અહિંસાનો ઢંઢેરો જ છે. કોઈમાં પ્રેમ–ભક્તિ એ ગુરુમંત્ર હોય છે. કોઇમાં પરભવની ચિઠ્ઠી લેવારૂપ ગુરુમંત્ર હોય છે ત્યારે જૈનદર્શનમાં પ્રેમ–ભક્તિ કે ગુરુમંત્ર આદિ પ્રાસંગિક હોય છે. જૈનદર્શનમાં ગુરુમંત્ર તરીકે જો કોઈ પણ ગણવામાં આવતો હોય તો તે માત્ર એક જ છે. સર્વજીવોએ સર્વજીવોને માટે તે સિદ્ધાંત કબૂલ કરવો. કોઇ પણ જીવને મારવાનો, હુકમ કરવાનો, તાબે કરવાનો, પીડા કરવાનો કે મારી નાંખવાનો હક કોઇને પણ નથી આજ સિદ્ધાંત, આ જ ગુરુમંત્ર અને આ જ સમ્યક્ત્વ છે. આ કંઇ ઘડી કાઢેલો ગુરુમંત્ર નથી પણ અનંતા અતીત કાળના તીર્થંકરોએ, ભવિષ્યકાળના તીર્થંકરોએ અને વર્તમાનકાળના તીર્થંકરોએ પણ આ સિદ્ધાંતને જાહેર કર્યો છે.

### સમજદારની ભાષામાં પીટેલો ઢંઢેરો જ કામનો

જે દેશમાં ઢંઢેરો પીટવો હોય તો તે દેશની ભાષામાં જ તે પીટવો જોઇએ. દેશ જુદો અને ભાષા જુદી એવો ઢંઢેરો કામ ન લાગે. જેમ "**धावत धावत मम गुरुः कूपे पतितः**" આવી

રીતે ચેલો મદદ માટે બોલ્યો પણ અહીં સમજનારા કોઇ નથી. તેની ભાષા સંસ્કૃત હતી. તે કહે છે, 'દોડો દોડો, મારા ગુરુ કૂવામાં પડી ગયા છે.' કોઇ ન સમજ્યું તેથી વિદ્યાર્થીનો અવાજ તેના મુખમાં જ રહ્યો. જગતને ન પહોંચ્યો. તેમ અહીં સમજદારની ભાષામાં ઢંઢેરો પીટાય તો કામ લાગે અને જગતને તે પહોંચે પણ ખરો. અહીં કેવળજ્ઞાન અવસ્થામાં જે દેશના દે તેમાં એક અતિશય નિયમિત હોય. કયો ? સર્વને તે તે ભાષાપણે તેમનું વચન પરિણમે. અહીં જે ઢંઢેરો પીટયો છે તે તમામ જાતિના જીવ અને જગત્ માટે છે. તે સર્વ સમજી શકે તેવો ઢંઢેરો તેવી જ ભાષામાં પીટાવવો જોઇએ.

## જિનેશ્વરના ઢંઢેરાની સર્વગમ્ય ભાષા

કાયદો હંમેશા ચાર ચોવટિયા ભેગા મળીને કરે. પછી જે કોઈ પણ એમ કહે કે હું કાયદો નથી જાણતો તો તે બચાવ કામ નહિ લાગે. એવું છેવટે લખે તો તેનો અર્થ શો ? અહીં જિનેશ્વર મહારાજનો ઢંઢેરો દેવ, મનુષ્ય, આર્ય, અનાર્ય સર્વ જીવો પોતપોતાની ભાષામાં સમજે અને તેથી ભગવાનની દેશના તે સર્વ ભાષાને અનુસરવાવાળી મનાય છે. હવે આ ઢંઢેરો દુનિયાને જાણવા કે જણાવવાને માટે પીટેલો હોવાથી જેમ શહેનશાહી ઢંઢેરો દરેક ભાષામાં ટ્રાન્સલેશન-તરજૂમો અનુવાદ કરીને મોકલાય છે તેમ અહીં જણાવ્યું કે સર્વ જીવો આ હકને મંજૂર કરે. કોઇને મારવા, તાબેદાર કરવા, હુકમ કરવા, પીડા કરવા કે મારી નાંખવારૂપ કંઈ પણ ન કરી શકાય. આ પાંચ વસ્તુ ઢંઢેરારૂપે સમજાવી છે, જણાવી છે તેથી દરેકને તે પોતપોતાની ભાષામાં જ પરિણમે તેવી ભાષામાં જ કહ્યો.

## ઢંઢેરો જાહેર કરવાનો મુદ્દો શો ?

અહીં શાસ્ત્રકાર કહે છે કે અત્રે એવી શંકા થાય કે ઢંઢેરો જાહેર કરવાનો મુદ્દો શો ? ખોદ્યો ડુંગર અને કાઢયો ઉંદર એના જેવું છે. અહીં આર્ય, અનાર્ય, દેવ, મનુષ્ય સર્વને એકસરખી ભાષામાં સમજાય તેવો ઢંઢેરો પીટવાનું કારણ શું ? તો કહે છે કે-ઢંઢેરાના

ફળ કે હેતુને અંગે કે સ્વરૂપને અંગે જે સંશયો થાય તેના માટે કહે છે. એ ઢંઢેરો ઝીલે શા માટે ? તમને અને દુનિયાને આમાં ફળ શું ? તેના નિવારણ માટે સમાધાન ન થાય ત્યાં સુધી ઢંઢેરાની કિંમત કોડીની પણ ન જ થાય. એક વળી બીજાને સંભળાવીએ અને તેમાં શંકાનું સમાધાન ન થાય તો વાતની કિંમત જ નથી. અહીં જગત કે તમને નિસ્બત શી ?

## અનેક ભવોના ભોગોનું પરિણામ

તે અંગે જણાવતાં તીર્થંકર ફરમાવે છે કે—આ ઢંઢેરા માટે મેં મારી જિંદગીઓ ખતમ કરી. અંતઃ કોટાકોટિ સાગરોપમ સુધી તીર્થંકરનામકર્મ ચાલે છે, તે નિકાચિત ભલે ત્રીજા ભવે થાય છતાં અહીં અંતઃ કોટાકોટિ સાગરોપમ સુધીના કાળમાં જે ભવો થયા તે સર્વ તીર્થંકરનામકર્મના પોષણમાં આપેલા છે અને તેથી જ અનેક ભવોના ભોગોનું આ પરિણામ છે. શું ? કે '**બધા મારું બોલેલું વચન સમજી શકે** છે.' આર્ય, અનાર્ય કે દેવ, મનુષ્ય બધા તીર્થંકરનું બોલેલું વચન સમજે છે પણ તમારું બોલેલું વચન તો મનુષ્ય જાતિના તમારા ભાઈઓ પણ ન સમજે, અરે ગણધર મહારાજા તેનું તે વચન બોલે તે બધા તો ન જ સમજે પણ ચતુર્વિધ સંઘની પર્ષદા જ સમજે. ત્યારે તીર્થંકરો બોલે તે તો જાનવર, નારકી, મનુષ્ય અને દેવોય સમજે. જ્ઞાનની કિંમત ગણવામાં આવી છે કે જે અક્કલ અને જ્ઞાન મોક્ષના સાધનોને જાણવા તરફ વધતા જાય, વળતા જાય તેનું જ નામ સમ્યગ્જ્ઞાન છે. તે સિવાયના જ્ઞાનને સમ્યગ્જ્ઞાન ન મનાય. સારી અક્કલ, સારું જ્ઞાન તેને જ કહેવાય જે મોક્ષના સાધન તરફ વળેલું હોય. આ હકની રૂએ વર્તાય તે જ સદ્દવર્તન ગણવું. મોક્ષના અંગે પીટાયેલો ઢંઢેરો તેની અનુકૂળ રીતિએ વર્તાય તો જ સદ્દવર્તન એટલે ચારિત્ર આપે. આવી જાહેરાત જો કોઈએ કરી હોય તો તે જૈન દર્શન જ છે. ઇતર દર્શનમાં મોક્ષમાર્ગના સાધન સિવાયની અક્કલ, બુદ્ધિ કે જ્ઞાનને અજ્ઞાન તરીકે ગણવામાં આવ્યું નથી.

## અહિંસા રૂપી અનાજના રક્ષણ માટે વાડરૂપ સત્યાદિ

આ ઉપરથી સમજશો કે પાંચ મહાવ્રતોમાં પ્રથમ પ્રાણાતિપાતનું સ્થાન કેમ? આ ઢંઢેરો "**सव्वे पाणा सव्वे भूआ जीवा सत्ता न हंतव्वा** એ પ્રથમ મહાવ્રતનો છે. વળી હરિભદ્રસૂરિજી જણાવે છે કે સત્ય શાને માટે છે? અહિંસાના પાલનને માટે જ સત્ય છે. ચોરી નિવારવી તે શાને માટે? હિંસાના ત્યાગને માટે. હવે અહીં અહિંસા તે અનાજ છે અને તેના રક્ષણને માટે વાડરૂપ સત્યાદિ છે. વાડનું બનાવવું કે રક્ષણ કરવું અને તેને ટકાવવું તે વાડના રક્ષણના મુદ્દા માટે નથી પણ અનાજના રક્ષણના મુદ્દાએ છે. તેમ અહીં સત્ય સત્યના મુદ્દાએ નથી પણ હિંસાના ત્યાગના મુદ્દાએ છે. અહીં અહિંસા અનાજ છે અને બાકીના વ્રતો તે વાડરૂપ રક્ષણને માટે છે. અહિંસા પ્રથમ મહાવ્રત રૂપે લીધી. આ સર્વ જીવને અંગે ઢંઢેરો છે.

## મનુસ્મૃતિમાં માંસાહારની છૂટ

હવે ઢંઢેરાના વિવેચનમાં કે નવતત્ત્વના સત્યમાં આવીએ. સમ્યગ્દર્શનાદિ રત્નત્રયી તે મોક્ષમાર્ગ છે. સ્માર્ત લોકો જેવું થાય તો શું થાય? તે કેવી રીતે? તો કહે છે કે **મનુસ્મૃતિ** એટલે જેને ધાબાપંથીઓ જૈનનીતિનો ગ્રંથ મનાવે છે તે શું કહે છે? તે કહે છે કે–માંસ ખાવામાં દોષ નથી, બાવાજી બોલ્યા બાર વર્ષે તેમાં ફળ પૂછ્યું તો કહે–જાયફળ. અહીં મનુસ્મૃતિમાં જણાવ્યું છે કે–માંસ ખાવામાં દોષ નથી. મુળજીભાઇએ બોલ્યું એટલે અહીં મૂળજી બોબડો હતો. બાપાએ બોલવા ના પાડી હતી. અહીં લાકડેમાંકડું વળગાડવું છે એટલે ચોરીમાં બોલ્યા કે બાપા બઉ. એમ કરતાં બોબડાનો ખ્યાલ આવ્યો એટલે અહીં છાકમાં બોલ્યો, અહીં દારૂ પીવામાં પણ દોષ નથી. આ મનુસ્મૃતિકાર ધાબાપંથીઓ જેને માને છે તે બોલે છે. વળી મૈથુનમાં પણ દોષ નથી એમ મનુસ્મૃતિકાર કહે છે. આમ કહીને તમે કરવા શું બેઠા છો? જગતમાં જે દુષ્ટમાં દુષ્ટ ચીજ છે તેમાં

પાપ ન માનો તેનું કારણ ? એવા પ્રશ્નના જવાબમાં તેઓ કહે છે કે–આ તો જીવોની પ્રવૃત્તિ છે અને તેમાં જ રખડતા રહ્યા છે. ખરી વાત એ છે કે-મૈથુનથી નિવર્તવામાં ફાયદો છે, પ્રવર્તવામાં ફાયદો નથી. અહીં સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્ર મળે તો મોક્ષનો ફાયદો છે, ન મળે તો નુકશાન નથી એમ અહીં નથી.

## મિથ્યાદર્શન કર્મબંધનું કારણ

સમ્યગ્દર્શન ન હોય અને મિથ્યાદર્શન હોય તો કર્મબંધનું કારણ તેવી જ રીતે વિરતિ ન થાય અને અવિરતિ ચાલુ રહે તો પણ કર્મબંધ. વળી યોગોની જે પ્રવૃત્તિ થાય તેમાં પણ કર્મબંધ થાય છે. અહીં સમ્યગ્દર્શનાદિ મોક્ષના કારણો છે એ જણાવવા સાથે મિથ્યાદર્શનાદિ કર્મબંધના પણ સમજે તે ફક્ત તેમના યોગોનું પરિણામ છે.

## તત્ત્વોનું નિરૂપણ કરવાનું કારણ

અહીં લોકોને ફળ શું ? શા માટે તત્ત્વોનું નિરૂપણ કરવું પડયું ? એટલા માટે કે આ હકથી વિરુદ્ધ જનારો કર્મ બાંધે છે એટલે આશ્રવ, તે હકને અનુસરનારો કર્મથી બચે છે એટલે સંવર કરે. પ્રથમના બાંધેલા તોડે તેથી નિર્જરા અને તોડતાં તોડતાં જ્યાં જીવ આગળ વધે કે આત્માના સ્વસ્વરૂપમાં આગળ પહોંચે છે ત્યારે મોક્ષ મેળવે છે. આ ઢંઢેરાના અંગે થયેલી શંકાના સમાધાનને માટે જીવ, અજીવ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષરૂપી સાત તત્ત્વો કહેવા પડયા. અહીં શ્રોતા અને શિષ્યોની શંકાના નિરસન માટે આ તત્ત્વો કહેવા પડ્યા, કારણ કે પરમ ફળ કયું અને પરમ અનિષ્ટ કયું તે જણાવવા માટે સાતે તત્ત્વોનું નિરૂપણ કરવું પડે છે.

## નવ તત્ત્વોની સાચી પરખ

આ સાત તત્ત્વોમાં અન્ય મતવાળા કયું તત્વ નથી માનતા ? આસ્તિક મતવાળો દરેક જીવ, જડ, કર્મનું આવવું, બંધાવું તેમાં નાસ્તિકમતવાળો થાય તેમ નથી. તેમ કર્મનું રોકાવું, તૂટવું અને યાવત્

મોક્ષ મેળવવો તેમાં તે નામંજૂર થાય તેમ નથી. આ સાત તત્ત્વો ફક્ત તીર્થંકરને ત્યાં રજીસ્ટર્ડ નથી, પણ દરેક મતવાળા તે સાતે તત્ત્વો માને છે. આ સાત પુણ્યપાપ સાથે મેળવતાં નવ તત્ત્વો તે કંઈ તીર્થંકરને ત્યાં રજિસ્ટર્ડ થયા નથી. ઇતરો અને આપણે બંને કહીએ છીએ. વાત ખરી, પણ દરિદ્રનો છોકરો કાચનો હીરો લઇને રમે તો પણ હીરો જ બોલે તેમ ઝવેરીનો છોકરો જો હીરાથી રમે તો હીરો જ બોલે. અહીં દરિદ્રનો છોકરો રમે કાચથી અને બોલે હીરો તેમ અહીં ઇતર દર્શનકારો જીવ, અજીવાદિ નવે તત્ત્વોને બોલે ખરા પણ તે કાચ અને પથ્થરને બોલે છે. જૈનો, ઝવેરીનો છોકરો જેમ સાચા હીરા શબ્દને જ હીરો કહે તેમ સાત કે નવ તત્ત્વોને સાચા પારખીને જ બોલે.

### મોક્ષ જ મળો અને મોક્ષ પણ મળો એટલે શું ?

દરેક જીવે મોક્ષ પામવા કટિબદ્ધ થવું જોઇએ. મોક્ષ સિવાય જગતમાં બીજુ કંઈ સાધ્ય નથી. તે સાધ્ય બે પ્રકારે છે. મોક્ષ જ મળો અને મોક્ષ પણ મળો. અહીં મોક્ષ જ મળો તે ખડાઉતારની હુંડી ગણાય એટલે દેખાડની સાથે સ્વીકારાય. મોક્ષ પણ મળો એવી માન્યતાના જીવો પણ છે એટલે ધન, માલ, કુટુંબ, કબીલો પણ મળો અને સાથે મોક્ષ પણ મળો, તેવાને એક પુદ્ગલપરાવર્ત પછી મોક્ષ મળે. જે મોક્ષ જ જોઈએ એવી માન્યતાવાળા જીવો હોય તેવાને અર્ધપુદ્ગલપરાવર્તમાં મોક્ષ મળે. આવી રીતની માન્યતા જો કોઈ ધરાવતું હોય તો તે જૈનદર્શન જ ધરાવે છે. ઈતર દર્શનકારોમાંથી કોઇ પણ આવી માન્યતા ધરાવતા નથી. આવો ઢંઢેરો પણ માનતા નથી ત્યારે કહો કે તેમના જીવાદિ તત્ત્વોને જે માનવાનું તે કાચના કટકાને હીરા મોતી કહેવા જેવું છે. અહીં હીરા આદિને માનવાનું જે છે તે સાચા તરીકેના.

### કઇ અક્કલ અને કયું જ્ઞાન કીમતી ?

દેશોન પૂર્વ ક્રોડ સુધીનું જ્ઞાન થઇ જાય પણ અહીં તે અક્કલ અને કારણો છે એ પણ જણાવ્યું. ખોટી માન્યતા, સાચે રસ્તે ન પ્રવર્તવું,

વ્યસનાદિ કે ક્રોધાદિમાં પ્રવર્તવું તે કર્મબંધનું કારણ છે અને તમે બોલો છો, તો પછી તેમને એમ બોલવામાં વાંધો શો ? એ લોકો પણ કર્મબંધના કારણ તરીકે બોલી શકે. પ્રશ્નકારની આવી શંકાના સમાધાનમાં કહે છે કે બોલવામાં વાંધો છે. એક માણુસ વિલાયતમાં એમ બોલ્યો કે વિલાયતની બધી સ્ત્રીઓ ખરાબ છે. અહીં મારી "મા" અને એક સ્ત્રી એ સારા છે. માને ખરાબ નથી કહેતો. કેમ? એમ કહે તો જાત વગોવાય. બાયડીને કોઈ ખરાબ કહે તો તે છોડીને ચાલી જાય.

## ઇતરો કર્મબંધ માને તો લીલા ક્યાંથી ટકે ?

અહીં મિથ્યાત્વ, અવિરતિ, યોગ અને કર્મબંધ માનવામાં ઇતરોને અડચણ નથી. તેમને પડદાબીબી તરીકે કામ કરવું છે. એટલે બાયડી સાથે રહે, શસ્ત્રાદિ રાખે તો કહે કે એ તો લીલા છે. અહીં મિથ્યાત્વાદિથી કર્મબંધ માને તો તેના ભગવાનના ઘરે જે લીલા થયેલી છે તેને ધક્કો પહોંચે. જાદવકુળની લીલા એટલે ગોપીઓની સાથેની જે રમત તેને કર્મબંધ તરીકે માને તો તે લીલા ટકે જ નહિ. જૈનો સિવાય બીજાએ પરમેશ્વર માન્યા છે એટલે જેણે જગત્ બનાવ્યું, જન્મ આપ્યો, સુખી કર્યા, પૃથ્વી, પાણી આદિ આપ્યા તેવા પરમેશ્વરને મિથ્યાત્વાદિ હોય જ નહિ ! હવે તે પરમેશ્વરને મિથ્યાત્વાદિ ન હોય પણ તે સિવાયનાને તો લાગે એમ અહીં જૈનશાસનમાં ભાણાનું આંતરું નથી. અહીં તો ચાહે પરમેશ્વર હોય કે જગતનો કોઇપણ જીવ હોય તે મિથ્યાત્વી, અવિરત, કષાયી કે યોગવાળો હોય તો તે સર્વ કર્મને બાંધે. **જગતમાં આવી રીતનો વ્યાપક સિદ્ધાંત જૈનોનો જ છે.**

## ઢંઢેરાનું અથથી ઇતિ સુધી નિરૂપણ

તે સિદ્ધાંત ટકે ક્યારે ? તો કહે છે કે—જીવનું સ્વરૂપ પલટાય છે અને નથી પણ પલટાતું. એટલે સ્વરૂપે દરેક તત્ત્વનું પરિવર્તન થાય છે. શુદ્ધનું સત્ત્વ અને અશુદ્ધનું અસત્ત્વ દરેક જીવમાં રહેલ છે.

ઇશ્વરમાં શુદ્ધનું સત્ત્વ અને અશુદ્ધનું અસત્ત્વ લાવવું ક્યાંથી? અને તેથી ઇતરોએ સ્યાદ્વાદને આખો ઉડાવી દીધો. શુદ્ધ, અશુદ્ધ, સત્ય, અસત્ય, ભિન્ન અભિન્ન આદિને માને અને સાથે મિથ્યાત્વાદિ ચારને માને તે જ ઢંઢેરાને માને. શરીરથી આત્માને નિત્યાનિત્ય, ભિન્ન-અભિન્ન માને તે જ આ ઢંઢેરાનેકે તત્ત્વોની સ્થિતિને માને. તે સિવાયના જીવો આ તત્ત્વોને ન માની શકે. આ ઉપરથી ભગવાનને તત્ત્વો પ્રરૂપવા પડયા છે. આવી રીતે આખા ઢંઢેરાનું અથથી ઇતિ સુધી જેઓ નિરૂપણ કરે તેઓ જ પ્રરૂપણા કરનારા કહેવાય. અને આવી પ્રરૂપણા તીર્થંકરોએ કરેલી છે. જૈનદર્શનકારે આ ઢંઢેરાનો "**सव्वे पाणा भूआ.**" એ વિષય રાખેલો છે, તેમ ઇતર દર્શનકારો એવો ઢંઢેરો રાખે કે "**सर्वे ब्राह्मणा न हन्तव्या:**" તો તે કામ ન લાગે. મર્યાદાવાળો જ ઢંઢેરો શોભે. તે ઢંઢેરાને અંગે ટીકાકાર કે વ્યાખ્યાકાર શું કહે છે તે અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન : ૫૦

## ભવાંતરથી સાધેલો સર્વજીવહિતકર સંદેશો

**શા**સ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ **આચારાંગસૂત્રના** ચોથા અધ્યયનની ટીકા કરતાં થકા આગળ જણાવી ગયા કે—સમ્યક્ત્વઅધ્યયનની અંદર મૂળ સૂત્રકારે જણાવ્યું કે અતીત, અનાગત અને વર્તમાનકાળના સર્વ તીર્થંકરો એવી રીતે કહે છે, બોલે છે અને નિરૂપણ કરે છે. કઈ રીતિએ? જગતના સર્વ જીવો સર્વ જીવોની સાથે તાડના, તર્જના નહિ કરવા-રૂપ હકદાર છે. કોઈ પણ જીવને મારવો તે હકની રૂએ યોગ્ય નથી. આ પ્રરૂપણા જે કરવામાં આવી છે તે મૂળ સૂત્રકારે કહી છે. ભૂતના, વર્તમાનકાળના ચોવીસ, વીસ કે એકસો સિત્તેર એ સર્વે તીર્થંકરો આ પ્રમાણે કહે છે. અર્હન્તો ભવાંતરથી આ સંદેશો જાણીને

જ–લઈને જ જન્મે છે. કોઈ પણ જીવને કોઈ પણ જીવે મારવા વિગેરેનો હક નથી. આ સંદેશો કહો કે સમ્યક્ત્વ કહો તે પ્રથમ ભવથી લઈને જ આવે છે. તે સંજોગને આધીન કે સ્વાર્થને આધીન નથી પણ ભવાંતરથી સાધેલો, સર્વ જગતના હિતને માટે ધારેલો આ સંદેશો છે.

## શંકાના સમાધાન માટે તત્ત્વોનું નિરૂપણ

તે કહે છે તેમાં '**आख्यायंति**' આદિ ચાર શબ્દો કેમ? માત્ર 'કહે છે' એમ કહોને? સંદેશો કહેવામાં એ વાત ચોક્કસ છે કે જે શ્રોતાના સંદેહનું સમાધાન ન કરે તેનું ફળ ન થાય, તેનો અમલ ન થાય. ફળ ત્યારે જ મળે કે જેટલી શંકા થાય તે દરેકનું સમાધાન કરાય. કરવાથી ફાયદો, ન કરવાથી નુકસાન આદિ સર્વ જણાવે ત્યારે જ શ્રોતાઓને તેની અસર થાય અને તેને આધારે તેઓ પ્રવર્તી શકે. ત્યાં સુધી આપેલો સંદેશો કાર્યને કરનારો થાય જ નહિ. ટીકાકાર કહે છે કે–નવે તત્ત્વોનું નિરૂપણ તે આ સંદેહના નિરાકરણ માટે છે અથવા તેની સિદ્ધિ માટે જ છે. તે વિના સંદેહની સિદ્ધિ ન થાય.

## જીવતત્ત્વ સાબિત કરવાની જરૂર

જો જીવ છે એમ માને તો જ તે અંગે ઉપદેશપણું, શ્રોતાપણું રહે, પણ જીવ જ ન માનવામાં આવે તો પછી મારવાદિનું થાય જ ક્યાંથી? માટે પ્રથમ જીવ પદાર્થ જ આ ઢંઢેરાને અંગે સાબિત કરવો પડે. તે વિના અધિકારી કે અધિકારનું વર્ણન કરી શકાય નહિ એટલે આજ્ઞા કરનારા અને આજ્ઞા પાળનારા નક્કી ક્યારે થાય? જીવતત્ત્વ નક્કી કરાય તો જ. જો જીવતત્ત્વ નક્કી ન કરાય તો તેમને તાડનાદિ ન કરવાનો અધિકાર વિગેરે કહેવાનું કંઈ પ્રયોજન નથી. આથી હવે પ્રથમ જીવતત્ત્વ સાબિત કરવાની જરૂર છે.

## જીવ પદાર્થનું નિરૂપણ

એકલું જીવતત્ત્વ સાબિત કરવામાં પરિણામ એ આવે કે ડાંગરના બદલામાં ચોખા આપવા જેવું થાય. અહીં એકલા જીવ

પદાર્થને માને તો સંદેશા ઉપર છીણી જ ફરી વળે. જીવને માનવો કેવો? અનંત જ્ઞાનદર્શનાદિવાળો, અમૂર્ત્ત કે જે બોલે નહિ, મારે નહિ, એને મરાય નહિ, એ સાંભળે નહિ. ઇતરો કહે છે કે આ જીવને હથિયારો છેદતાં નથી, અગ્નિ બાળતો નથી, એને ભેદી શકાય નહિ, એમાં વિકાર થાય નહિ. આવી રીતે જીવના સ્વરૂપમાં તમારા હકની વાત જ ઊડી ગઇ એટલે કોઇથી કોઇને તાબેદારી, પીડા કરવાપણું વિગેરે થતું જ નથી. અહીં જીવપદાર્થ સંદેશાને તોડનાર બન્યો. કારણ કે પોતે અરૂપી હોઇ મારે નહિ અને મરે નહિ. ઇતરો કહે છે કે હું એને મારું છું અથવા મરું છું એમ જે કહે તે મૂર્ખ છે. એ બે મરતા જ નથી. કારણ કે જીવ એવી ચીજ છે કે કોઇ દિન હણતી નથી અને હણાતી પણ નથી. અહીં સંદેશાની સિદ્ધિ માટે જીવપદાર્થનું નિરૂપણ તે તે સંદેશાને જડમૂળથી ઉખેડી નાંખે છે. કારણ કે જીવ અરૂપી છે. ભેદાય છેદાય નહિ, પછી કહેવાનું રહે જ કેમ કે " કોઇને મારશો નહિ ! "

## આકાશના ચૂરેચૂરા થવાનું કહેનાર હાંસીને પા૦

કોઇ કહે કે આકાશના ચૂરેચૂરા થવાના છે અને તેથી સાવચેત રહેજો. એમ કહેનાર વક્તાને લોકો હાંસીપાત્ર ગણે. તેમ અહીં જે જીવ કોઇને મારતો નથી કે પોતે મરતો નથી તેવાને અંગે મારણ, તાડન, તર્જનાદિ કહો તે બને કેમ? અહીં બીજાને પીડા કરે કે બીજો પીડા પામે તે સર્વ વાતો અજીવ પદાર્થને અંગે છે. ઔદારિકાદિ શરીરો જે અજીવરૂપે છે તે જીવને લાગેલા છે તેથી આજ્ઞા, પીડા, બળાત્કાર, મારણ, તાડન આદિ થાય જ છે. આ સર્વ અજીવ ઉપર છે. જીવ એકલો હોત તો આ સંદેશાની જરૂર નહોતી, પણ અજીવ પદાર્થ માનેલો છે, જગતમાં સિદ્ધ છે અને આત્માને વળગેલો છે તેથી તાડન, તર્જનાદિ માનવાં પડે છે.

## અજીવ પદાર્થ કહેવાની જરૂર શી?

કહો કે અજીવપદાર્થ ન મનાય તો સંદેશાની સિદ્ધિ થાય

નહિ, માટે સંદેશાની સિદ્ધિ માટે અજીવપદાર્થ માનવો રહ્યો. જીવ, અજીવને તત્ત્વો માનવાથી ભગવાનને બોલવા લાયકપણું થયું. આ જે હક્કનો વિષય કહ્યો તે અને સાંભળનારા જીવો પણ છે એ બે વાત બની.

## અનિષ્ટનિવારણ અને ઇષ્ટપ્રાપ્તિ માટે કાયદો

જગતમાં પ્રવૃત્તિમાત્ર ઇષ્ટની સાધક છે. નિવૃત્તિમાત્ર અનિષ્ટને સાધનારી છે, કોઇપણ મનુષ્ય કાર્યની નિવૃત્તિ ત્યારે જ ઇચ્છે કે જ્યાં આપત્તિનો સંભવ હોય. તેવી જ રીતે પ્રવૃત્તિ પણ જો ઇષ્ટને આપનારી હોય તો જ કરે. અહીં સંદેશા પ્રમાણે ચાલનારને શું ફળ કે નુકસાન થાય તે જણાવો. જેમ શાહુકારી અને ચોરી બંનેમાં ફળ કે નુકસાન ન હોય તો કોઇ ફેર ન રહે અને પ્રવૃત્તિ પણ ન કરે. જગતમાં પ્રવૃત્તિ ઇષ્ટની સિદ્ધિ દેખીને જ કરાય અને તેથી જગતમાં કહેવાય કે જે કાયદાની પાછળ તેના ભંગની શિક્ષા ન હોય તો તે કાયદો કાગળનું ચીંથરું જ ગણાય. અથવા કંઇપણ રાજ્યના હિતનું કરવાનું હોય તેમાં ફાયદો ન જણાવાયો હોય તો તે હુકમનો કંઇ અર્થ જ નથી. જે કાયદો પાળવાથી અનિષ્ટનિવારણ, ઇષ્ટપ્રાપ્તિ ન હોય તે કાયદાનો કંઇ અર્થ જ નથી.

## બે તત્ત્વો કહેવાથી કામ ન સરત?

ચૌદ રાજલોકના જીવો અનંતાઅનંત છે, તેમાંથી કોઇને પણ મારવા આદિનો કોઇને ય હક્ક નથી. જે હુકમનું ખંડનાદિ કરવામાં નુકસાન ન હોય અને પાલનમાં ફાયદો ન હોય તે હુકમની કિંમત જ નથી. જે હુકમના અંગે પાલનમાં જબરજસ્ત ફાયદો હોય અને ભંગમાં ગેરફાયદો હોય તેની જ કિંમત છે. આ જિનેશ્વર મહારાજનો ઢંઢેરો છે તેમાં પ્રવૃત્તિ કરવાથી ફાયદો ન હોય અને તેનાથી વિરુદ્ધ વર્તનારને નુકસાન ન હોય તો પછી તે ઢંઢેરો હવામાં જ ઊડી જાય. આશ્રવ, સંવર માનો! આ ઢંઢેરામાં એ બે તત્ત્વો માન્યા સિવાય એક ડગલું પણ આગળ ચાલી શકાય તેમ નથી. અહીં કોઈ કહે કે

જીવ, અજીવ એ બે જ તત્ત્વોમાં સર્વ તત્ત્વો આવી જાય છે. એ બે તત્ત્વની બહાર તો કંઇ નથી. **જેટલું વધારે ચેતરે તેટલા વધારે બખિયા દેવા પડે.** અહીં તત્ત્વો વધારે માનો તો દરેકની સ્થાપના કરવી પડે. અહીં સાત કે નવ કહીને કામ શું ? જીવ, અજીવ એ બેને જ તત્ત્વો કહો. જડ અને ચેતન એ બેની પરિણતિ થયા પછી જગતમાં રહો કે વનમાં. જગતમાં એવો કોઈ કાયદો ન હોય કે કાયદો કરો પણ તેના ફળ–નુકસાનને ન જ જણાવો એ બને જ નહિ. તેમ અહીં જીવ, અજીવ બે તત્ત્વોનો સંદેશો તાડન, તર્જનાદિ બંધ કરવા માટે છે.

## આશ્રવ સંવર તત્ત્વ એટલે શું ?

તે ઢંઢેરાથી વિરુદ્ધ વર્તનારને નુકશાન શું ? તે પ્રમાણે વર્તનારને ફળ શું ? તેનું નિરૂપણ કર્યા વિના તે બે તત્ત્વો નકામાં થાય, તેથી તેના ફળ માટે બે તત્ત્વો જણાવવા પડયાં. હવે ઢંઢેરાથી વિરુદ્ધ વર્તન કરે તે ત્રણે પ્રકારના પાપ બાંધે એટલે મનથી વિરુદ્ધ વર્તે, વચનથી, કે કાયાથી ઢંઢેરાની વિરુદ્ધ વર્તે તે સમયેસમયે અનંતાં કર્મો લાવવા-વાળો થાય. જેમ પેલા વાંદરાએ કહ્યું કે હું ઘર કરું નહિં પણ કરેલું ભાંગી તો નાંખું, તેમ અહીં જે ન માને તેને કર્મબંધ થાય પણ જે ઢંઢેરો માને તેને પાપબંધ થાય ખરો ? તો કહે છે કે ના, તે પાપ બાંધે જ નહિ તેથી તેને સંવર થાય. અહીં ઢંઢેરા પ્રમાણે મન, વચનને કાયાથી વર્તે તેનું નામ જ સંવર.

## મુસ્લિમ ક્રિશ્ચિયન માન્યતા

પાપ બાંધે તેથી ગુનો, તેની શિક્ષા અને છેડો હોય. તેમ અહીં કર્મ બાંધેલાં હોય તે દુઃખો ભોગવીને પણ છોડી શકે છે. કર્મ-બંધ કર્યા પછી તે છૂટી શકે જ નહિ એમ મુસ્લિમ કે ક્રિશ્ચિયન જેવું નથી. તેઓ માને છે કે દુનિયાનો પ્રલય થશે ત્યારે પયગંબર આવશે. કબરમાંથી દરેકને ઉઠાડીને સારા કર્મો કરનારાને સ્વર્ગમાં અને ખરાબ કાર્ય કરનારાઓને જહન્નમ એટલે નરકમાં મોકલશે. પણ

પછી ત્યાંથી છેડો ક્યારે આવશે? આવું કોઇ પૂછે તો કહેશે કે તુમ કાફર હો. મોગલાઇ રાજ્યમાં ' **डाल दो जेलमें** ' એમ અહીં નથી. કર્મો ભોગવાય તેટલી નિર્જરા થાય એટલે આવેલા કર્મો આત્મા સાથે બંધાય, પછી તે ભોગવાય એટલે છૂટે.

## મેલ કરવતિયા કરવત કે મોચીડાના મોચીડા

એક મોચી કાશી કરવત મૂકાવવા ગયો. ધાગાપંથીઓનો ધંધો એ હતો કે જાતવાળાઓને કાશીમાં ફાડવા અને સ્ત્રીઓને સતી તરીકે બાળવી. હજી કાશીમાં કરવત છે. અને ત્યાં લાખો મનુષ્યની હત્યા એ કરવતથી થયેલી છે. ધાગાપંથીઓના અંગે દોરવાયેલા મોચી કાશીની કરવતથી મરી જાય તો તેને ધારેલો જન્મ મળી શકે તેમ મનાતું હતું. આજકાલ ફાંસી દેતી વખતે અધિકારી પૂછે કે તારે કાંઇ જરૂર છે? તેમ ત્યાં કરવત આગળ મોચી ગયો, ત્યાં તેને કરવતવાળાએ પૂછ્યું ત્યારે મોચી વિચારે છે કે–જોર હોય ત્યાંસુધી રાજા અને જોર ઘટે તો કેદી થવાય માટે તે તો નકામું. લડાઈ વિના વિચારીએ તો પોતાનું ચાલે ત્યાં સુધી રાજા, પછી તો નાસભાગ કરીને ભાગી ગયે જ છૂટકો થાય છે. હાલના રાજાઓ કે મહારાજાઓ જે જે કહો તે સર્વ પ્રથમવાળાઓનો ખાંડો જ કાઢે માટે આપણે રાજાપણું નહિ જોઇએ પણ પ્રધાન થઇએ, કારણ કે ચલાવવું હોય ત્યાં સુધી ચલાવીએ પણ પછી એ પદ સોંપી પણ દેવાય, પણ પ્રધાનનું સ્થાન લેવાય તોય રાજાનો હુકમ થતાં કાળી રાત્રે જયાં તે કહે ત્યાં જવું પડે તો નગરશેઠની પદવી લો. ફક્ત ગામનું સંભાળાય પણ અહીં તો ધોબીના કૂતરા જેવું થાય છે. કારણ કે પ્રજાનું સારૂં કરીએ તો રાજા ખરાબ કહે અને રાજાનું સારૂં કરીએ તો પ્રજા ઉપાલંભ આપે. માટે તેણે અંતે વિચાર કર્યો કે અંતે મોચીડો ને મોચીડો થવા દે. આવી

ઇચ્છા તે મોચીએ કરી. તેમ આ ઢંઢેરો માનવા છતાં જીવની દશા જો એની એ રહેતી હોય તો તે ઢંઢેરાનું ફળ શું ?

## ભયરહિત મોક્ષની સ્થિતિ

ઢંઢેરાના ભયનો પ્રસંગ આવે નહિ, પાપનું જોર ચાલે નહિ તેવી એક સ્થિતિ મોક્ષની છે. અહીં સાત તત્ત્વ નિરૂપણ ન કરે તો સંદેશો કોઇ દિન ચોખ્ખો ન જ થાય. અહીં સંદેશાને સુધારાના ફરફરિયાં લાગી જાય પણ આ નવ તત્ત્વોની કલમોથી સુધારાયેલો સંદેશો ગોટાને લાયક ન થાય. અંતેવાસીઓને આ સંદેશો સમજાવવા માટે જીવ, અજીવાદિ સાતે તત્ત્વો સમજાવ્યા. વળી તેમાં શંકાનું સમાધાન કરવુ તેનું નામ **प्रज्ञापयन्ति** પ્રજ્ઞાપન કરવું, સર્વને સર્વ ભાષા પ્રમાણે પરિણમે તેવું બોલવું કહેવાય. શંકાના સમાધાનપૂર્વક કહેવું તે પ્રરૂપવું. અહીં પાલન, ભંગ આદિ અને છેડો જણાવ્યા તે પ્રરૂપણા કહેવાય. અહીં સાધન પ્રાપ્ત કરવા દ્વારા તત્ત્વનું સ્વરૂપ જણાવવા દ્વારા આ સંદેશો સાચો ઠરાવવા માટે તે ભગવાન્ કેવી રીતે જણાવે છે તે અગ્રે કહેવાશે.

---

# વ્યાખ્યાન : ૫૧

## सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः ॥

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **શીલાંકાચાર્યજી** મહારાજ ભવ્ય જીવોના ઉપકારાર્થે **આચારાંગ સૂત્રના** ચોથા અધ્યયનની ટીકા રચતા થકા આગળ જણાવી ગયા કે " **सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** " " **मिथ्यात्वाविरतिप्रमादकषाययोगा बन्धहेतवः** । " જગતમાં જ્ઞાન એ સુંદરમાં સુંદર ચીજ, પરંતુ તેની સુંદરતા, બુદ્ધિ, અક્કલ, હોશિયારી ને પ્રામાણિકતાને અંગે જ રહેલી છે. જો તે અપ્રામાણિક મનુષ્યમાં આવે તો તે શ્રાપરૂપ ગણાય છે,-

પણ પ્રામાણિક પુરુષની જ બુદ્ધિ, અક્કલ વખણાય છે. તેવી જ રીતે જગતમાં વિનય, વિવેકની કિંમત છે પણ તે પ્રામાણિકને અંગે જ, જેઓ બેઇમાન હોય તેઓનો વિનય, વિવેક નકામો ગણાય. જગતમાં બુદ્ધિ આદિની સુંદરતા કોને આધીન ? ઉપર કહ્યું તેમ પ્રામાણિકતાને આધીન. એ સુંદરતા પ્રામાણિકતાને આભારી છે, ઈમાનદારીને આભારી છે. અપ્રામાણિક પુરુષની બુદ્ધિ, અક્કલ ઇમાનદારી કે સુંદરતા ન ગણાય.

## મોક્ષમાર્ગે જવાનો નિશ્ચય તે જ સમ્યગ્દર્શન

અહીં એ જ વાત શાસ્ત્રકાર જણાવીને કહે છે કે જે મનુષ્યને આત્મકલ્યાણની, મોક્ષ મેળવવાની, કે પાપનો ડર રાખવાની, પુણ્યનું અર્થીપણું મેળવવાની બુદ્ધિ થઇ નથી તેમજ કર્મબંધ તોડવાની જેઓની બુદ્ધિ થઈ નથી તેવાઓનું વર્તન સુંદર ગણાય નહિ. સુંદર કોને કહેવાય ? જે આત્મા નિર્મળ થવાનાં પગલાં લે, મારો આત્મા મોક્ષરસ્તે જવો જોઇએ એવો નિશ્ચય જેનો હોય તેનું નામ જ સમ્યગ્દર્શન. તેવો સમ્યગ્દર્શનવાળો જે હોય તેનું જ્ઞાન તે સદ્જ્ઞાન, તેનું વર્તન તે જ સમ્યક્ચારિત્ર.

## આત્માને કર્મરહિત આનંદમય બનાવવાનો રસ્તો

સમ્યગ્દર્શનનો ઢંઢેરો પીટનારું પેલું તમારું સૂત્ર કયું હતું ? જગતના સર્વ જીવો, પ્રાણો, ભૂતો કે સત્ત્વો આ હક ન ધારી શકે. કયો ? જીવો તાડન તર્જન કરવા લાયક નથી, મારવા લાયક નથી, તાબેદાર બનાવવા લાયક નથી, આજ્ઞા કરવા લાયક નથી કે પીડા કરવા લાયક નથી. એ જે પાંચ હક્કો કોઈ પણ જીવને અંગે કોઇપણ જીવ ધારણ કરવાને હક્કદાર નથી. આવો મારણ તાડન તર્જન આદિનો કોઇ જીવને કોઈ પણ જીવ અંગે હક નથી. એવી માન્યતા તે જ સમ્યગ્દર્શન. તે શાસ્ત્રનું જ્ઞાન મેળવે તેવો મનુષ્ય સમ્યગ્જ્ઞાની કહેવાય, અને આવો મનુષ્ય જે વર્તન કરે તે સમ્યક્ચારિત્ર કહેવાય. મારવા,

બળાત્કાર આદિનો હક નથી એવો જે સંદેશો માનવો તેનું નામ સમ્યગ્દર્શન. તેનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન અને તેનું વર્તન તે જ સમ્યક્ચારિત્ર. આથી વળ્યું શું ? તો કહે છે કે ' **मोक्षमार्गः** ' આ ત્રણ વસ્તુ જ મોક્ષનો માર્ગ છે. આત્માને કર્મરહિત આનંદમય બનાવવો હોય તો આ રસ્તો છે.

## મિથ્યાત્વ કોને કહેવાય ?

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આવે કે મોક્ષમાર્ગમાં આવ્યો ગણાય અને તે માર્ગ મળે. તેના માર્ગે ન આવ્યા તેથી મોક્ષ નહિ મળે ને ? બીજું તો કંઈ નુકસાન નથી ને ? મોક્ષ મળવારૂપ અર્થકાર્યની સિદ્ધિ નહિ થાય એજ ને ? મહાનુભાવ ! હજી તું જૈન થીઅરી–સિદ્ધાંત સમજ્યો નથી. મોક્ષ ન મળે એટલું જ નહિ પણ આત્મા કર્મથી બંધાય અને લેપાય, તેથી કર્મબંધનાં કારણો જણાવવાં પડે. પ્રાણીઓ પરસ્પરને મારે કે આજ્ઞા કરે, બળાત્કાર કરે, પીડા કરે કે યાવત્ હણે તે તેમનો હક છે–જીવો, સત્ત્વો ભૂતો પણ આવી રીતે કરે તે તેમનો હક છે–એમ માનવું તેનું નામ મિથ્યાત્વ. જેઓ **એ હકને નથી વિચારતા તેનું નામ મિથ્યાત્વ નથી. મારવા વિગેરેનો હક છે એવી જે માન્યતા તેનું નામ મિથ્યાત્વ.** કોઇ પણ પ્રાણીને કોઇને પણ મારવા વગેરેનો હક નથી એવા ઢંઢેરાને ન માનવો તેનું નામ જ મિથ્યાત્વ છે એમ નથી પણ સંદેશને ન માનવો તેનું નામ પણ મિથ્યાત્વ છે. વળી **હરિભદ્રસૂરિજી** કહે છે કે તત્ત્વની શ્રદ્ધા ન થાય તેનું નામ મિથ્યાત્વ છે.

## કર્મબંધનું પ્રથમ કારણ મિથ્યાત્વ

કર્મબંધનું પ્રથમ કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્ત્વ તે કર્મબંધનું કારણ કેમ ? સમ્યક્ત્વ નિર્જરાનું કારણ ભલે હોય. સાચી માન્યતા તે આત્માનો ગુણ છે કે નહિ ? જો તે સાચી માન્યતા આત્માનો ગુણ

મનાય તો પછી સાચી માન્યતા ન થવા દેવી એ પણ આત્માના ગુણનું રોકાણ છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે અને તે જ્ઞાન ન થાય તે કર્મનો દોષ ગણાય, તેમ અહીં પણ સાચી માન્યતા ન થાય તો કર્મનો જ દોષ છે, આપણે રીતસર ખોરાક લેતા હોઇએ, હવાની અનુકૂળતા છતાં ખોરાક પચે નહિ ત્યારે જઠરાનો દોષ જ કહેવો પડે. તેમ અહીં પણ સાચી માન્યતા આત્મીય ગુણ છે અને તે ન થાય તો તે કર્મનો દોષ છે એમ માનવું પડે.

## રસોળી અને ગૂમડું થાય ત્યારની દશા

સામાન્ય નિયમ છે કે રસોળી થઇ હોય તો પછી ખાનારને એમ નથી થતું કે હું આ ખોરાક લઉં છું તેનું પરૂ થાય. રસીને ઔષધી લગાડીને બંધ ન કરાય ત્યાં સુધી ખોરાકનો રસ્તો જરૂર પાક તરફ જશે જ. થયેલો વિકાર પોતાનો હિસ્સો વગર ઇચ્છાએ લીધા વિના રહે જ નહિ. જેમ રસોળી કે ગૂમડું પોતાની મેળે તમારી અનિચ્છાએ પણ પોતાનો ભાગ લે છે તેમ અહીં સાચી માન્યતા માનવા અંગે તમારા આત્મામાં જ્યારે વિકાર થાય તેથી એ ખોટી માન્યતાને રોકવાનો વિકાર પણ થાય. ખોટી માન્યતા ન થવી તે પાપરૂપી વિકારોને નોતરું દેનાર; તેથી આગળ ચાલીએ ત્યારે લોકસ્થિતિ અને ધાર્મિક સ્થિતિ એ બંનેમાં આંતરું.

## લોકસ્થિતિ ધાર્મિક સ્થિતિ, પરમ ધાર્મિક સ્થિતિ

લોકસ્થિતિમાં કરે તે ગુનેગાર. જેમ ચોરી કરનારને પકડાવ્યો તેમાં ગુનેગાર તો ચોર જ. તેને ન પકડયા હોય તો ચોરનું આખું કુટુંબ તે ચોરીનો માલ ખાય, પણ પકડાય ત્યારે દંડાય ચોર જ. લોકસ્થિતિમાં ફળ ભોગવનારને કે અનુમોદનારને કોઈ ગુનેગાર ગણતું નથી. ધાર્મિક સ્થિતિમાં કરનાર, કરાવનાર અને યાવત્ અનુમોદનાર એટલે વખાણનાર પણ ગુનેગાર. આ સામાન્ય ધાર્મિક સ્થિતિ. પરમ ધાર્મિક સ્થિતિએ વિચારીએ તો રાજીનામું આપે નહિ ત્યાં સુધી ગુનેગાર.

એનાર્કિસ્ટની ટુકડી પકડાય અને તેમાં કોઈ મેમ્બર વર્ષમાં એક દિન પણ હાજરી ન આપતો હોય છતાં તે ગુનેગાર ગણાય. જો કે તે રાજીનામું આપીને છૂટા થવાનું જાહેર કરે તો જ તે બિનગુનેગાર ગણાય.

## વિરતિ એટલે શું ?

આ જીવ અનાદિથી પાપમય ટોળીમાં જ રહ્યો છે. એક પણ ભવમાં પાપથી જુદો પડયો નથી. અઢારે પાપસ્થાનકોને કરનારી આ દુનિયાદારીની ટોળી છે તેમાં આપણે સામેલ હતા. તેમાંથી રાજીનામું આપીએ–વિરતિ કરીએ તો જ બચાવ થાય. અવિરતિ એટલે પાપથી નિવૃત્તિ ન કરવી તે. બૂરી માન્યતા, ખોટી માન્યતા કર્મબંધનું કારણ છે. તેમ પચ્ચકખાણ ન લેવાય તે પણ કર્મબંધનું કારણ છે. ધારો કે અહીં વાઘ આવ્યો હોય તો તે એક બેનો જ શિકાર કરશે, સર્વનું ભક્ષણ નહિ કરે. આમ છતાં હિંસક પ્રાણી દેખીને દરેકનું કાળજું ધમધમે. વાઘ આપણી હિંસા કરવા તત્પર થાય, તેમ આપણે પણ હજારો કે લાખો પ્રાણીઓના હિંસકરૂપ વાઘ બનીએ છીએ. જેમ સિંહને અંગે કે વાઘને અંગે તેનો પંજો ન ચાલે તેવી જગાએ જઇએ તો જ નિર્ભય બનીએ અને ભયકારક પ્રસંગથી છૂટીએ તેનું નામ જ વિરતિ. ભયકારક દશાનું પાણી મેલવું તેનું નામ જ વિરતિ.

## અવિરતિ, કષાય એ પણ કર્મબંધનાં કારણો

જેની વિરતિ ન થાય તે સર્વનું પાપ બંધાય. આથી અવિરતિ એ પણ કર્મબંધનું કારણ છે. માન્યતા સાચી હોય અને સર્વથા પચ્ચક્ખાણ કર્યાં હોય તો તે મનુષ્ય બચ્યો ને ? તો કહે છે કે ના. હજી ઘણી વાર છે, કારણ કે કષાયકાકો અંદર હોય એટલે ક્રોધ ધમધમતો હોય, માન ઉપર ચડયો હોય, માયામાં આપણને મૂંઝવી નાંખતો હોય. લોભને અંગે સમુદ્રમંથન કરતો હોય. જેમ ચંડકોશિયાની ક્રોધની સ્થિતિ જોઇને ! બાહુબળજી બાર માસ અભિમાનમાં

ઊભા ને ઊભા સૂકાય ! મલ્લિનાથજીનો પ્રથમ ભવ વિચારો ! તેઓએ છની સાથે દીક્ષા લીધી. પોતે મોટા છે. વિચાર આવ્યો કે મારી મોટાઇ રહેવી જોઇએ. તે ઘટવી ન જોઇએ. તે આવતા ભવે કેમ રાખવી ? ઘણો વધુ ધર્મ આ બધા કરતાં કરું તો તેમ બને. ધર્મ કરવો કેવી રીતે ? પ્રથમ છએની પ્રતિજ્ઞા છે કે બધાએ સરખું કરવું પણ મારે અહી અધિક ધર્મ તપરૂપ કરવો છે. અહીં લૂંટવાનું નથી. જર, જમીન કે જોરૂ નથી જોઈતી, માત્ર ધર્મગ્રહણ અધિક કરવું છે. પ્રતિજ્ઞા પણ છે, છતાં રસ્તો કાઢયો કે પારણાના દિને મને આજે ઠીક નથી, માટે નથી વાપરવું એમ કરી પારણું ન કરે અને બીજે દિવસે પેલા લોકોની સાથે ઉપવાસ કરે એટલે અઠ્ઠમો કરે છે. શાસ્ત્રકાર આનું નામ માયા કહે છે. એ માયાએ મલ્લિનાથના જીવને મિથ્યાત્વમાં લઇ જઈ સ્ત્રીવેદ બંધાવ્યો. આવી ધર્મરૂપી માયા પણ સ્ત્રીવેદ બંધાવે, તો પછી બીજી માયા શું ન કરે ? કહો કેવો જુલમ ? અહીં ઠગીને તપ કર્યો તેમાં પ્રથમ ગુણસ્થાનકે પટકાયા. સ્ત્રીવેદ બાંધ્યો કહો અહીં સમ્યક્ત્વ, વિરતિ છતાં આ કષાયના પરિણામે નીચ દશાએ આવ્યા.

## ધર્મના ઉપકરણના લોભનું પરિણામ

એવી રીતે લોભને અંગે વિચારો શાસ્ત્રકાર કહે છે કે અગિયારમે ગુણઠાણે સાધુ ચડયા છે. તેમાં કયો લોભ કર્યો કે જેના પ્રતાપે આવીને પ્રથમ ગુણસ્થાનકે પટકાયા. 'મારે મુહપત્તિ સારી જોઇએ. દાંડો સારો જોઇએ' આવા મમત્વભાવના પ્રતાપે અગિયારમાંથી પટકાય, તો પછી બીજા લોભની તો વાત જ શી કરવી ? ધર્મનાં ઉપકરણને અંગે કરેલો લોભ આમ કરે, તો પછી મિથ્યાત્વ અવિરતિ ટાળ્યા છતાં કષાયરૂપી કાકાને ન ટાળે તો અંતે મોચીડાનો મોચીડો રહે.

## પ્રમત્ત, અપ્રમત્તદશા અને યોગ

સર્વ જગ્યાએ મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એ ત્રણ જ કહે, પણ ગુણઠાણાની અપેક્ષાએ પ્રમત્ત અપ્રમત્તદશાની અપેક્ષાએ વિચારે છે ત્યારે યોગને પણ કર્મબંધનું કારણ માને છે. દસમે ગુણઠાણે કષાયનો ક્ષય માનો છો અને અગિયારમે ગુણઠાણે પણ કર્મબંધ તો માનો છો ને? તો કહે છે કે પ્રથમના મિથ્યાત્વાદિ ન હોય પણ યોગનું ચલન થાય એટલે આત્માને સ્થિરતા ભાવ ન રહ્યો તેથી કર્મબંધ થાય.

## આનો આ જ જીવ અને આનો આ જ શિવ

આવી રીતે કર્મબંધના કારણો સમજાવ્યા છતાં મિથ્યાત્વ તે જીવના ઘરનું કે જડના ઘરનું તેવી જ રીતે સમ્યક્ત્વ કોના ઘરનું? જડના ઘરનું મિથ્યાત્વ કહો તો તે જીવને કેમ હોય, અને જીવના ઘરનું હોય તો તે સિદ્ધને જ હોય? અહીં મથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ તે પણ જીવના ઘરનાં કે જડના ઘરના? તેને માટે કહે છે કે વાત ખરી, પણ જે સ્વરૂપે સત્ત્વ અને પરરૂપે અસત્ત્વ માનનારા છે તેમને આ ચાર માનવામાં વાંધો નથી. જીવ કર્મસહિત હોય ત્યારે તે સંસારીપણે અસત્ અને સિદ્ધપણે સત્ થાય. સ્વપર-ભાવે કરી એટલે સ્વપણાની અપેક્ષાએ મિથ્યાત્વાદિ સહિત હોય ત્યારે કર્મબંધ છે. સિદ્ધદશાએ જશે ત્યારે મિથ્યાત્વાદિની અપેક્ષાએ કર્મબંધ-પણું નહિ રહે. આનો આ જ જીવ અને આનો આ જ શિવ.

## વસ્તુને સામાન્ય વિશેષ સ્વરૂપથી ઓળખો!

અહીં કર્મબંધ કેમ? સંસારમાં જીવરૂપે કર્મનું અસત્ત્વ અને સિદ્ધપણામાં જીવરૂપે સત્ત્વ, આવી રીતે સ્વરૂપે સત્ત્વ અને પરરૂપે અસત્ત્વ માનવામાં આવે ત્યારે જ બંધના હેતુઓ મનાય. તે બીજા રૂપે સત્ત્વ અને બીજારૂપે અસત્ત્વ હોય તો જીવ અજીવ બને અને અજીવ તે

જીવ થાય. અહીં શિવસ્વરૂપ જીવ અજીવરૂપે બને અને કાળાંતરે અજીવ પણ જીવ થાય અને જીવ પણ અજીવ થાયને? વાત ખરી, પણ જોડે એક વાત ધ્યાનમાં રાખવી કે, સામાન્યવિશેષ સ્વરૂપથી વસ્તુ ઓળખવી. દુનિયામાં જે મનુષ્યપણું તે સર્વસામાન્ય, તેમાં પુરુષપણું, સ્ત્રીપણું તે વિશેષ. આપણામાં અહીં મનુષ્યપણું અને પુરૂષપણું એ બંને સામાન્યવિશેષ ધર્મો એક જ વ્યકિતમાં રહેલા હોય છે, જેને અંગે સામાન્યપણું ન હોય તેમાં પલટો ન થાય. જીવને અંગે સામાન્યપણું નથી, તેથી તે અજીવ થાય જ નહિ. અહીં સંસારી અને સિદ્ધદશાને અંગે જીવપણું સામાન્યપણે રહેલ છે. અહીં સામાન્ય અને વિશેષ રૂપે તત્ત્વ ન હોય તો જીવ અજીવના ભેદો જ ન હોય.

## સમષ્ટિ અને વ્યક્તિસ્વરૂપ દરેક પદાર્થ

સમષ્ટિ અને વ્યકિતસ્વરૂપ દરેક પદાર્થ છે. આર્યસ્વરૂપ મનુષ્યસ્વરૂપ, અનાર્યસ્વરૂપ મનુષ્યસ્વરૂપ જાતિપણે લેવાય, એટલે વ્યકિતરૂપે પણ છે અને સમષ્ટિરૂપે પણ છે. અહીં સામાન્યવિશેષરૂપ, હોવાથી અજ્ઞાની જ્ઞાની, અવિરતિ વિરતિ બની શકે છે, કષાયી મટીને અકષાયી બને છે. આ સર્વ કયારે બને? દરેક પદાર્થ સામાન્યવિશેષપણે મનાય તો જ. આવી રીતે સંદેશો નિરૂપણ કરે ત્યારે આખ્યાન પ્રરૂપણ અને પ્રજ્ઞાપન એ બધી વસ્તુઓ જુદા રૂપે કહેવી પડે, તે ન વિચારીએ તો આખ્યાનાદિ એક જ અર્થમાં છે, તે અતીતકાળના, વર્તમાનના કે ભવિષ્યકાળના તીર્થંકરો એક જ વાતને કહે છે, જણાવે છે. તે વાત કઇ અને કેવી રીતે જણાવે છે તે અગ્રે જણાવાશે.

णमोऽत्थुणं समणस्स भगवओ महावीरस्स

# ષોડશક-પ્રકરણ

—→※(०)※←—

દેશનાકાર

## આગમોદ્ધારક આચાર્યશ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી

## વ્યાખ્યાન ૧

**बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।**
**आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ (षो० १, श्लो० २)**

### દુનિયાના જીવો એટલે સગીર

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજ ભવ્ય જીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા સૂચવી ગયા કે—

આ જગતમાં પોતાની માલિકીની જે ચીજ તેને જે ન સમજી શકે તે તેનો સદુપયોગ શી રીતે કરે ? તથા તેનો દુરુપયોગ પણ શી રીતે કરી શકે ? કારણ ? હક્કદાર કે માલિક છતાં પણ વસ્તુ શી ચીજ છે તે વાત સમજનારા બહુ જ ઓછા હોય છે.

અર્થાત્ સ્વતંત્ર માલિક છતાં પણ તેને વસ્તુના માલિક તરીકે જગતમાં સ્વીકારનારા ઓછા હોય છે અને આથી સગીર શબ્દ વાપરીએ છીએ. જેમ સગીર એ મિલ્કતનો માલિક છતાં કબૂલ કરાતો નથી અને માલિક છતાં કબજો સોંપાતો નથી. કારણ કે મિલ્કતનો સદુપયોગ કે દુરુપયોગને નથી સમજતો માટે માલીકી તેને સોંપાતી નથી. જ્યારે તે સદુપયોગાદિ સમજે ત્યારે જ તેને માલિકી સોંપાય. અહીં વ્યવસ્થા કરવાનો હક્ક માલિક છતાં પણ રહેતો નથી. આ દુનિયાની વાત. જ્યારે બીજી બાજુ દુનિયાના જીવોને સગીર ગણવા, પણ ઉંમર લાયક ન ગણવા એમ હરિભદ્રસૂરિજી કહે છે.

## ભરવાડ ને મોતીનું પાણી

દુનિયાના જીવોને મળેલી મિલ્કતનો જ ખ્યાલ નથી. કારણ ? કોઇ પણ મનુષ્ય જન્મે છે તે સર્વ ખાલી મૂઠીએ જ અવતરે છે. બલ્કે ભરેલી મૂઠીએ જન્મતા નથી. હવે કેટલાઓ ' લઇને જન્મે છે, ' એમ કહે છે તે વાત ખરી છે પણ તે વિચારવા જેવું છે. જેમ ચાર ઝવેરી છે. જાય છે. એક રસ્તામાં ભીલો ભેગા થયા છે, ત્યાં ઝવેરીઓ વાત કરે છે કે આ મોતીમાં પાણીનો તો દરિયો છે. આ સાંભળી ભીલો પરીક્ષા કરે છે. લૂગડું મૂકી ભીંજાવવા ગયા પણ ભીંજાયું નહિ. અહીં હકીકત એ છે કે ભીલ તળાવ કે નદીના પાણીને પાણી સમજે છે પણ તે મોતીનું પાણી સમજતો નથી. તેમ આ દુનિયા પૈસો-સોનું-ઘર-મકાન આદિને જ મિલ્કત સમજે છે, બીજી કોઇ પણ ચીજને તે મિલ્કત તરીકે સમજતો નથી.

## જીવ આગળ કેમ વધ્યો ?

પ્રથમ તે જીવ મન, વચનની કંપની વિનાનો હતો. કાયા પણ સૂક્ષ્મ, તે પણ કેવી તો આંગળના અસંખ્યાતમા ભાગે જ હતી. વળી તે અનંતા જીવોની મિલ્કત હોય છે. અનાદિથી આ જીવ આવી

મિકલકતવાળો હતો. સૂક્ષ્મ–આંગળના અસંખ્યાતમા ભાગની. તેમાં અનંતમો ભાગીદાર આ જીવ છે, તેમાંથી પુણ્યજોગે વધ્યો ત્યારે જ એક શરીરનો સ્વતંત્ર ભાગીદાર થયો એટલે પ્રત્યેક થયો. દૃષ્ટિએ દેખી શકાય તેવો બન્યો. તેનાથી આગળ વધ્યો એટલે રસ જાણવાની શક્તિવાળો બન્યો. જો પાછળ પડયો હોત તો પાછી તે જ દશા–મૂળની આવે. જેમ દરિયાના વળમાં જે ચીજ ગુમે તે પાછી કાંઠે આવવી મુશ્કેલ બને. તેમ અહીં પણ સમજવું. પુણ્યયોગે બે-ઇન્દ્રિયમાં અને તેનાથી આગળ વધે તો તેઇન્દ્રિયમાં આવી જાય, ત્યારે ઘ્રાણ એટલે ગંધ જાણવાની તાકાત મળે. તે વખતે જો પાછો ચક્કરમાં પડે તો પાછો એકેન્દ્રિયાદિમાં આવે અને જાય, પણ કોઇક પુણ્યસંજોગે તે રખડપટ્ટીમાંથી ચક્ષુરિન્દ્રિયની તાકાતવાળો–ચાર ઇંદ્રિયવાળો બને. ત્યાં પણ ચક્રાવો ખાય તો પાછો એકેન્દ્રિયાદિમાં જાય અને વળી કદાચ પાછો શ્રોત્રેન્દ્રિયની તાકાતવાળો બને. આ પાંચ શક્તિઓ કોઈ પણ બચ્ચું જન્મે છે ત્યારે સાથે લઇને આવે છે. બાકી રોડાં કે રોકડા તો ભલે નહિ લાવતો હોય. એ તો એના ભાગ્યમાં હશે તેવાં મળશે.

## મનુષ્યપણું ક્યારે ?

આ પાંચ તાકાત છતાં પણ જેમ વરસાદનાં દેડકાં છે, તેને વિચારની તાકાત એટલે મન નથી. અહીં પંચેન્દ્રિય મનુષ્ય રૂપે જે બાલક જનમે છે, તે વિચારની શક્તિ વિના જન્મતું નથી, એટલે પાંચ શક્તિ સાથે મન લઇને અવતરે છે અને તેથી મનુષ્યત્વનું દુર્લભપણું બતાવ્યું છે. આપણે જોઇએ છીએ કે અગ્નિમાં પ્રવેશ કરનારા બધા મરી જતા નથી પણ એક બે જીવી પણ જાય. તેમ પાણીમાં તરનારા બધા ડૂબી ન જાય. અહીં સેંકડે એક બેને બચનારા જાણીએ છીએ, છતાં ત્યાં ભય નથી લાગતો ? અહીં અનંતા

જીવોમાંથી એક બે જીવો મનુષ્યપણે આવે છે એમ ચોક્કસ નથી, પણ અનંતામાંથી અનંતમો ભાગ બચવાવાળા હોય છે, તેની ગણત્રીમાં આપણે આવેલા છીએ. જો એમ ન હોત તો આ મનુષ્યપણામાં આવી શકત જ નહિ. આવું પંચેન્દ્રિયયુક્ત મન સહિતપણું જે આપણા જેવા ભાગ્યશાળીઓને મળેલું છે તે ભાગ્યયોગે આવી સ્થિતિ જ્યારે જીવોને અંગે દેખે છે ત્યારે કહે છે કે–ન હોય તેને થશો નહિ પણ હોય તેનું જશો નહિ. તેના કરતાં શાસ્ત્રકાર કહે છે કે–મિલ્કતને અવળે રસ્તે ફના કરે તેના કરતાં બીજી રીતે જાય તે બહુ જ ખરાબ ગણાય. વ્યાપારમાં ખોટ જાય તો હજી વ્યાપારમાં ગયા એમ કહેવાય, પણ જે રાંડોમાં કે જૂગટામાં ખોએ તે તો બહુ જ ખરાબ ગણાય.

## સગીરના વાલી તીર્થંકર

કોટિધ્વજનો છોકરો દુર્વ્યસનોમાં મિલ્કતને ઉડાવે, તેથી સજ્જનને તો દયા જ આવે. જેમ ગધેડો પારકા ખેતરની દ્રાક્ષ ખાય છતાં સજ્જનને તો દયા જ આવે, તેમ અહીં પણ ભવ્ય જીવો પોતાને મળેલી અપૂર્વ ચીજ જે પાંચ શકિતરૂપી ઇન્દ્રિયો, મન તેમજ મનુષ્યપણું આદિનો દુર્ગતિમાં જવારૂપે ઉપયોગ કરે, અગર તે મળેલી મિલ્કતને સમજે નહિ, તેમજ પોતાની મિલ્કતના સદુપયોગ કે દુરુપયોગને સમજે નહિ તેઓ બીજાના વચનના આધારે પ્રવર્તવાવાળા ગણી શકાય. હવે જેઓ ન સમજે તેઓને પંચેન્દ્રિયપણા આદિ, સંજ્ઞીપણા આદિનો ઉપયોગ સદ્‌ગતિમાં કરવા માટે ઉપદેશ દેવાવાળા તરણતારણહાર તીર્થંકર મહારાજ હોય છે. જેમ સગીરની માલમિલ્કતનો વહીવટ કરવો પડે પણ સગીરને તો જોવા પૂરતું હોય, ધ્યાન તો તે રાખે. અહીં પોતાની જાત અને માલ માટે બીજો જ ઉપરી હોય, તેમ અહીં આપણી જાતમિલ્કતના માલિક તીર્થંકર મહારાજ છે. જો ત્રિલોકના નાથ તીર્થંકર મહારાજ માલિક

બન્યા છે તો પછી તેઓએ પોતાના કબજામાં આવેલા સગીરને ઊંચી સ્થિતિએ લાવવો જોઈએ. વાલીનું કામ શું? સગીરનું હિત તપાસવું તે, નહિ તો વાલીપણું રદ કરાય. જો સગીરનું હિત ન સચવાય તો વાલીપણું રદ કરાય. તેમ અહીં સંસારના જીવોના વાલી કોણ? તીર્થંકર મહારાજા. કેમ? જીવોને મિલ્કતનો ખ્યાલ નથી, તેમજ સદુપયોગ કે દુરુપયોગનો પણ ખ્યાલ નથી. હવે જે જે અવસ્થામાં જે વાલી હોય તેને તે તે અવસ્થાનું હિત જાળવવું જોઇએ. જે રીતે હિત જળવાય તે રીતિએ વાલીએ જાળવવું. ભગવાન્ જિનેશ્વર મહારાજ ત્રણ જગતના માલિક તરીકે વાલી હોવાથી યોગ્યતા પ્રમાણે જીવોના હિતને માટે તેમને ધ્યાન રાખવું જોઈએ. તેમના હિતને માટે કટિબદ્ધપણું ન રહે તો નવું ન મળે અને મળેલું હોય તો તે જાઉં રહે. તેમ અહીં તીર્થંકર મહારાજ જગતના જીવોની મિલ્કત અને માલિકી સમજાવી તેનો જો સદુપયોગ ન કરાવે તો વાલીપણું ન રહે.

## સર્વ મળે ત્યાંસુધીના વાલી તીર્થંકર મહારાજ

સૂર્ય દયા લાવીને અજવાળું ખૂબ ફેંકે પણ આંખ જ ન ઉઘાડે ત્યાં શું થાય? તેમ અહીં જિનેશ્વર મહારાજે તો આખા જગતના જીવોના ઉદ્ધારને માટે શાસનની પ્રવૃતિ કરી પણ જે શાસનમાં જ ન રહે તેનું શું થાય! તેમ અહીં આ જીવ સગીર હોય પણ વાલીના કબજામાં ન રહે ત્યાં શું વળે? કંઇક સગીર કબ્જામાં રહે તેવો હોય, કહ્યા પ્રમાણે ચાલે તેવો હોય તો કામ લાગે, પણ વાલીના માથાના વાળ કાઢે તેવો સગીર હોય તો પછી તેનું હિત ન થાય. જેમ વાલીને અમુકનું જ સંભારવું. પાંચ કે દસ વર્ષ સુધી સંભારવું અને પછી નહિ, એમ નહિ પણ કાયદા પ્રમાણે નીમાયેલો વાલી એકવીસ વર્ષ સુધી સંભારે–નહિ તો

અઢાર વર્ષે સ્વતંત્ર સગીર થવાથી પછી જરૂર ન જ રહે. એકવીસ પછી તો લાયકાત હોય કે ન હોય તો પણ ચાલે-સ્વતંત્ર ગણાય. અહીં તીર્થંકર મહારાજનું વાલીપણું તેવું નથી. અહીં તો મિલ્કત સંપૂર્ણ-પણે, સર્વ કાળ સ્થાયીપણે, તેમાં જરા યે ઓછું ન કરે તો જ સગીર-પણામાંથી છૂટે. દુનિયામાં એકવીસ વર્ષ પછી સગીરતા ટળે ત્યારે તીર્થંકરના વાલીપણામાં સંપૂર્ણ મિલ્કત મેળવે, કોઇ દિન આત્માના ગુણોમાં ન્યૂનતા નહિ થાય, આત્માના સંપૂર્ણ ગુણો મળેલા છે એવી ખાતરી થાય તો જ તે તીર્થંકરના વાલીપણામાંથી નીકળી શકે.

## રસ્તો તન્મયતાનો

આવી અક્ષય, અવ્યય, અવસ્થિત મિલ્કત મેળવે ત્યારે જ તીર્થંકર મહારાજના વાલીપણામાંથી સ્વતંત્ર થાય. તેથી ઉપાધ્યાયજી કહે છે કે-પોતાનામાં સર્વ ગુરુપણું ન આવ્યું-પ્રાપ્ત ન થયું તો તેની પ્રાપ્તિ શાથી ? તીર્થંકરનાં જે વચનો-ઉપદેશો કે શિક્ષામાં આ આત્મા તન્મય બને તો. હવે તન્મય શી ચીજ ? તો દુકાને ઘરાક કાપડ માટે આવે, તે રાત્રિએ સ્વપ્નામાં આવે તો પણ તમો છાતી ઠોકીને એ જ બપોરનો ભાવ કહો. અહીં ઘરાક નથી, કાપડ વેચવાનું નથી, છતાં તન્મયતા તેની છે. આપણને બેભાન અવસ્થામાં કે શૂન્ય ઉપયોગમાં પણ તીર્થંકરના વચનોનો, આચારનો કે ઉપદેશનો કે શિક્ષાનો ખ્યાલ આવે ત્યારે તન્મયતા. આ તન્મયતા થાય તો જ માલિકી મળે. પછી પોતાના આત્માનું સંપૂર્ણ તત્ત્વ તેનો ખ્યાલ આવે અને જ્યાં સુધી આત્માનો ખ્યાલ ન આવે ત્યાં સુધી ઉત્તમ ગુરુઓની સેવા કરવી જ જોઇએ. અહીં તીર્થંકર મહારાજના વાલીપણાની વાત ચાલે છે. તેમાં સંપૂર્ણ જ્ઞાનવાળા તમો ન થાઓ ત્યાં સુધી તીર્થંકરના વાલી-પણામાંથી સ્વતંત્ર નહિ થાઓ. દુનિયાદારીમાં પણ એકવીસ વર્ષ સુધી વાલીપણાએ રહેવું જ પડે. હવે જે મનુષ્યો પોતાના આત્માનું

જ્ઞાન મેળવે નહિ અને વાલીપણું પણ ન રાખે, ત્યાં શું થાય ? તો જંગલીપણામાં કુટાય. મિલ્કતની મરામત કે રક્ષણ ન હોય તો જંગલીપણાની સ્થિતિ ગણાય. તેમ અહીં આત્માની સ્થિતિને અંગે તીર્થંકરના વાલીપણા વિના જંગલી તરીકે ગણાય. અહીં હવે એક જ માર્ગ છે, કોના માટે ? સર્વ જીવો માટે તીર્થંકર મહારાજરૂપી વાલીના કબ્જામાં રહેવું તે. તે સિવાય તો જંગલીપણાની સ્થિતિ સમજવી.

## સગીરના ત્રણ પ્રકાર

હવે સગીરો બધા એક અવસ્થાવાળા હોતા નથી. તાજો જન્મેલો હોય, દૂધ પીતો હોય, કોઇ વળી ધૂળમાં રમતો હોય, તેમ કોઇ શિક્ષણવાળો હોય. તેમ અહીં શાસ્ત્રકારો પણ સગીરના ભેદો પાડે છે. ષોડશકના કર્તા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે–બધા સગીરો સરખી રીતે રખાતા નથી. જેમ રબારી બધા બકરાઓને લાકડીએ ન જ હાંકે. જેવા ઢોરો હોય તેવી જ રીતે હાંકે. તેમ અહીં તીર્થંકર મહારાજા એક લાકડીએ અનંતા જીવોને હાંકતા નથી. તેમ હાંકી પણ ન જ શકે, માટે તેના ત્રણ પ્રકાર છે. જેમ દુનિયામાં બાળ, જુવાન અને વૃદ્ધ છે. તેમ અહીં પણ સગીરના ત્રણ ભેદો છે. કયા ? તેમાં એક વાત તો ચોકકસ છે કે દરેક જાનવરો ચરવાના સન્મુખ છે. હવે દેહમાં જાડા, મધ્યમ, દુબળા એ સર્વ ચરવાના તો સ્વભાવવાળા છે. હવે અહીં જીવો પણ ધર્મની સન્મુખ છે એટલે બાલ, જુવાન કે વૃદ્ધ એ પણ ધર્મના સ્વભાવવાળા છે.

## ધર્મની કિંમત કોને ?

ખાવા પીવા ઓઢવા વગેરે ચીજોનો ઉપયોગ પ્રત્યક્ષપણે દેખાય, પણ આ ધર્મ એવી ચીજ છે કે જેનો વપરાશ કે ઉપયોગ જણાતો નથી. ખાવા–પીવા–ઓઢવાદિની જરૂર ડગલે ને પગલે જોઇએ, પણ

ધર્મ તો તે ચારમાં ઉપયોગ આવતો નથી. અડચણને ભાંગતો નથી, પછી તે ધર્મની જરૂરી શી રીતે ગણાય? દુનિયામાં જરૂરી તે જ છે કે જે ખાવા પીવા ઓઢના પહેરવાની અડચણને નાબૂદ કરે. હવે જે ચાર અડચણને ભાંગે તે વસ્તુની ઉપયોગિતા તો જાનવર પણ ગણે. આ ધર્મ તો કોઇ પણ અડચણને ભાંગનાર જણાતો નથી. તેને ઉપયોગી કે જરૂરી શી રીતે ગણીએ? ફક્ત તમારા કહેવાથી માની લઇએ એ જ કે બીજું ખરું? મહાનુભાવ! વાત ખરી, પણ પ્રથમ જે કહેલ છે તે ભેંસ આગળ ભાગવત કે બીજું કંઈ? કારણ? શ્રોત્રેન્દ્રિય કે રસનેન્દ્રિયાદિની તાકાત કઇ ચીજથી મળી? તેવી જ રીતે ઘ્રાણ કે ચક્ષુરિન્દ્રિયની તાકાત પણ કયાંથી મળી? આવી રીતે જો જગતમાં ચક્ષુરિન્દ્રિયની તાકાતવાળી કોઈ ચીજ હોય અને તે કીડીને અડકાવ કે જેથી તે દેખતી થાય? કહે કે કોઇ એવી ચીજ નથી. ફક્ત આ ધર્મરૂપી ચીજ છે કે જેને પ્રતાપે આ સર્વ ઇંદ્રિયોની પ્રાપ્તિ થઇ શકી છે અને તેથી તેં જણાવેલ સર્વ આ ભેંસ આગળ ભાગવત જેવું લાગ્યું. ધર્મના પ્રતાપે જ સર્વ દુનિયાદારીની સામગ્રી મળી આવે છે. જેમ ગમારે જ મોતીના પાણી ઉપર લૂગડું ફેરવ્યું પણ છેડો ભીનો ન જ થયો અને તેથી ઝવેરીને ગપ્પીદાસ જ માને. તેમ અહીં ખાવા પીવા ઓઢવાને જરૂરી માનનારો ધર્મને નિરુપયોગી માને તેમાં આશ્ચર્ય નથી. જેમ ઝવેરી મોતીના પાણીને સમજે, તેમ અહીં જેઓ સમજુ છે, આત્માના તત્ત્વને વિચારનારા છે, તેનો સદુપયોગ, દુરુપયોગ કે અનુપયોગને સમજનારા છે તેઓ તો ધર્મને ઉપયોગી ગણે પણ દુરુપયોગી કે નિરુપયોગી તો ન જ ગણે.

## જરૂરી ચીજ કઈ?

હવે એક વાત ખ્યાલમાં રાખીએ કે ચાર જણા રસ્તામાં જતા હતા. વચમાં એક ઝાડ આવેલ ત્યારે દરેકે ફળ, ફૂલ, પાંદડા, થડને

ઉપયોગી ગણુાવ્યાં, પણ તેના મૂળાડિયાં શું કામ લાગે? કહો આને શું કહેવું? મૂર્ખના સરદાર સિવાય શું કહેવાય? આ થડ, પાંદડા કે ફળ કોના પ્રતાપે? કહો કે મૂળાડિયાના પ્રતાપે જ. તે ચારમાં મૂળાડિયા નકામાં કહેનારો મૂર્ખ ગણુાય. તેમ અહીં ખાવાપીવામાં કામ ન લાગે તેવો આ ધર્મ છે તેથી તે નકામો છે એમ કહેનાર મનુષ્ય મૂર્ખ છે, પણ તે નથી સમજતો કે ખાવા પીવા કે ઓઢવાના સંજોગો અનુકૂળ કરનાર કોણુ? કહો કે પુણ્યના પ્રતાપે. એટલે જ ધર્મ. તમે તપાસો તો ખાતરી થશે કે પુણ્યના પ્રતાપ વિના કેટલાક જીવો ખાવા પીવા વિનાના, અરે ઓઢવા પાથરવા વિનાના હોય છે. શાથી? કહો કે પુણ્યની ઓછાશને લઇ વસ્તુની પ્રાપ્તિ થઈ નથી. આથી દુનિયામાં જરૂરી ચીજ ધર્મ અને પુણ્ય જ છે.

## પરભવની બેંક કઈ?

શાસ્ત્રકાર કહે છે કે જેમ વિલાયતમાં બેન્કો હોય છે તેથી અહીં રૂપિયા ભરો કે ત્યાંની સ્લીપ મળે. પરદેશી બેન્કો નાણુાંની હેરફેરી કરવામાં સફળતા મેળવે છે. તેમ આ ધર્મ એ પણ પરદેશી બેંકની જેમ પરભવની બેંકરૂપ છે. અને જે પરદેશી બેંકમાં નાણું જમે ન કરાવે તે વ્યાપાર ન જ કરી શકે. તેમ આ ધર્મ એ પણ પરદેશી બેંક પરભવ માટે છે. તેમાં જેટલું જમે તેટલું જ મલવાનું છે, માટે આ જીવને અંગે પુણ્ય એ જ પરભવની બેંક છે. તે વિના પરભવની બેંક જ નથી. અમુક દેશનું નાણું ભેગું થયેલું જમે કરાવ્યું હોય તો જ ત્યાં મળે. હવે પુણ્ય, પાપ, સ્વર્ગ ને નરકાદિ કેટલાકો માનનારા છે અને કેટલાકો માનનારા નથી, પણ ઉઠાંતરીમાં મતભેદ નથી. એટલે દરેક જીવને મરવાનું છે એમાં મતભેદ નથી. હવે કહો કે અહીં કાયદો છે—જેમ અમેરિકામાં સોનાની લેવડદેવડ બધી ત્યાં કરો પણ બંદરે તો પ્રતિબંધ. એક તોલો પણ સોનું લઇને ન જ આવવા દે. જેમ

રાજ્યોએ બંદરમાં પ્રતિબંધ કર્યો, તેમ કર્મ રાજાએ પણ પ્રતિબંધ રાખેલો છે. ભલેને જેટલી મિલ્કત, સ્ત્રી, ધન હોય તો પણ તે સર્વ છોડીને જવાનું. ચ્હાય તો અબજોની મિલ્કત હોય કે પછી સ્ત્રીઓ ઘણી હોય તો પણ લઈ ન જ શકાય, પણ બેંકમાં જમે કરાવી શકાય. અહીં પરભવમાં મેળવવા માટે ધર્મરૂપ બેંકમાં જમે હોય તો જ મળે. પ્રથમ તમો અહીં જ વિચારો કે આ પંચેન્દ્રિયપણું, ધન, માલમિલ્કત આદિ શાથી મેળવ્યાં? કહો કે પરભવની ધર્મરૂપ બેંકમાં નાણું છે તેથી. વિચારો જે ધર્મરૂપી બેંકે તમારા ચેકને સ્વીકારી દીધો છે. તેને માનવાને તમો તૈયાર ન થાઓ, તો પછી દેખેલા ફળને ન માનો એવી દશા આવીને? આ સર્વ પ્રત્યક્ષ જોઈ રહ્યા છો. કહેશો કે માતપિતાના કુલમાં આવ્યા છો, પણ તેમણે જન્મવા પહેલાં પારખીને કૂખમાં લીધા એમ નથી. તેમ તમો માતાપિતાને જોઈ વિચારોને તો નથી આવ્યા ને? કહો કે બન્નેએ પારખ્યા નથી છતાં ત્યાં લાવ્યું કોણ? એમાં નથી માતાનો પ્રયત્ન કે નથી તમારો પ્રયત્ન. માટે કહો કે વીમાવાળી ધર્મની કંપની તમોને લાવી દે છે. જેમ વીમો ઉતરાવેલો હોય છતા નુકસાની માટે માલિક ન લડે, પણ વીમા કંપનીવાળો જ નુકસાનકારકથી બચાવી લે. તેમ અહીં પ્રથમના પુણ્ય સિવાય કોઈ વસ્તુ બચાવી શકાતી નથી. હવે જે બેંકમાંથી ક્ષણે ક્ષણે નાણાં મળે છે તે બેંકને ન માનો તો પછી કમઅક્કલ સિવાયની શી વાત કરવી? ક્ષણે ક્ષણે બેંકનું દીધેલું નાણું જે છે તેનો જ ઉપયોગ કરીએ છીએ છતાં ધર્મ શી ચીજ એમ થાય છે?

## ધર્મ એ મુદતિયા બેંક

કેટલાકો મુદતિયા બેંકને નામે તેને વગોવે છે. રોકડી બેંક નથી. જૂઠ, ચોરી સર્વ આ ભવમાં કરીએ પણ ભોગવીએ પરભવમાં. આ મુદતિયા બેંકનો મોટો ગોટાળો છે. અહીં સરકારે

જેમ વોરના અંગે લોન કાઢી છે, તમે વચમાં વ્યાજ ખાઓ પણ નાણા તો એક વર્ષે જ મળે. તેમ અહીં પણ ધર્મરાજાએ મુદતિયા લોનો રાખી છે, તે જ પંચાત છે. સવારે હિંસા કરી કે સાંજે મર્યો, લંપટપણું કર્યું કે નપુંસક થયો, એની તત્કાળ શિક્ષા થાત તો તે દુનિયા બંધ કરી જ દેત. નાણું મુદતિયા ભરે તો પછી રોકડિયો હિસાબ ક્યાંથી મળે ? અમુક તારીખે નાણું મળે તેવી રીતે ચેક લખો, પછી નાણું તે જ મુદતે મળે, તેમ પુણ્ય પણ અમુક સાગરોપમનું બાંધો, પછી તેટલા સમયે જ મળે. વીતરાગ મહાત્મા જ રોકડિયું નાણું મેળવે છે એટલે પ્રથમ સમયે બાંધે, બીજે સમયે ભોગવે. મુદતિયું ભરાવે અને રોકડિયું માગે તે તો માંગનારની મૂર્ખાઇને ? હવે પ્રથમ ભવનાં જે નાણું મુદતનાં મૂકેલાં છે તે વેદાય, પછી જ પરભવનાં વેદવાનાં થાય. જેમ દુનિયામાં આપણે બચપણમાં પડી ગયા, ચોટ લાગી, પછી આરામ થયો. જુવાની આવી ત્યાં સુધી ખબર ન પડે પણ લોહીનું જોસ ગયું કે પછી ઘડપણ આવે, ત્યારે તે કળતર આવે. તે ક્યારે આવી? જેમ બાલપણામાં વાગેલા ઘાની કળતર જુવાનીમાં હોય નહિ, પણ ઘડપણમાં જ આવે. તેમ અહીં પરભવના બાંધેલાં વેદાયાં ન હોય ત્યાં સુધી આ ભવનાં બાંધેલાં ભોગવવાનો પ્રસંગ ન જ આવે, અને તેથી ધર્મની બેંકની રીતિ સમજ્યા સિવાય હવે રહેશો નહિ.

## શબ્દ, આકાર, ને વર્તાવથી માનનારા બાળકો

એક વાત ચોક્કસ છે કે દરેક બાળક પોતાની મા સામે દૃષ્ટિ રાખે પણ તદ્દન નાનું બચ્ચું શબ્દને સમજે પણ આકારને ન સમજે. મધ્યમ બાળક શબ્દને, આકારને સમજે પણ વર્તાવને ન સમજે, પણ ત્રીજા નંબરનું બાળક શબ્દ, આકાર ને વર્ત્તાવને પણ સમજે. જેવી રીતે અહીં ત્રણે બાળક માને માપણે જ જુવે છે તેવી જ રીતે અહીં પણ ધર્મને

દેખવાવાળા જીવો ત્રણ પ્રકારના છે. કેટલાકો બાહ્ય વર્ત્તાવને દેખનારા છે, ત્યારે કેટલાકો સાધુને કે ખુદ તીર્થંકરના શારીરિક વર્ત્તાવને દેખવાવાળા છે, ત્યારે કેટલાકો દેવગુરુની પરિણતિને જોવાવાળા હોય છે. એના માટે હરિભદ્રસૂરિજી કહે છે કે-ચ્હાય તો દેવ, ગુરુ કે ધર્મની પરીક્ષા કરવાવાળા જીવો હોય, તો પણ તે ત્રણ પ્રકારના હોય છે. જેમ માતાની પરીક્ષાને અંગે ત્રણ વસ્તુ જોવા મળી, તેમ અહીં તત્ત્વત્રયીની પરીક્ષા જુદા જુદા રૂપે કરે છે.

## ધર્મપરીક્ષામાં બાળક કોણ ?

હવે કયા કયા મનુષ્યો કયા કયા રૂપે કરે છે. "बालः पश्यति लिंगं" એટલે ઘોડિયામાં સુનારો નહિ પણ મધ્યમ વિચારનો જે નથી થયો તેવો બાલક લેવો, અસંજ્ઞી નહિ લેવા, પણ જે મધ્યમ બુદ્ધિ પણ ધરનારા ન થયા હોય; જેમ હજાર કોને કહેવાય? તો લાખ ન થાય ત્યાં સુધીની સંખ્યાને, તેમ અહીં બાલક મનગમતા ન લેવા, પણ જેઓ મધ્યમ બુદ્ધિને પણ ધારણ ન કરી શકયા હોય તે જ બાળક. આવાઓને દેવગુરુધર્મની પરીક્ષામાં લિંગને એટલે બાહ્ય વર્તાવ જે તપસ્યાદિ તેને જુએ. લિંગ શબ્દથી ભેખ લઈએ છીએ પણ અહીં આગળ તો લિંગ શબ્દથી વિહાર-તપ આદિ પણ કહેવાશે અહીં આગળ બહારની રીતિભાતિને દેખનાર બાળક હોય છે.

## પાંચ સમિતિ જોનાર મધ્યમ

"**मध्यमबुद्धिर्विचारयति वृत्तं ।**"-લાખ પૂરેપૂરા થયા એટલે હજાર નહિ. એટલે તત્ત્વને વિચારવાળો ન થાય ત્યાં સુધી મધ્યમ કહેવાય. તે ખુદના ચાલવાના, ખાવા-પીવાના વર્ત્તાવને જુએ. શાસ્ત્રના શબ્દો તમોને ભારે નહિ લાગે, કારણ ચાલવાના ઢંગને જુએ એટલે ઇરિયાસમિતિ, બોલવાના વર્ત્તાવને

જુએ એટલે ભાષાસમિતિ અને ભોજનનો વર્તાવ એટલે એષણા-સમિતિ. લેવા મૂકવાની વાત એટલે વિવેક તે અહીં આદાન-ભંડમત્તનિક્ષેવણા સમિતિ. ફેંકતાં પણ આવડવું જોઇએ. જેમ કચરો ઘરમાંથી ફેંકતાં વાયરો સામો આવે તો આંખમાં પડે અને આંધળો થાય. તેથી અક્કલ ફેંકવામાં પણ જોઈએ. આથી પારિષ્ઠાપનિકા સમિતિ છે. આ શાસ્ત્રીય શબ્દ તમોને ક્લિષ્ટ લાગશે. જેને ચાલતાં, મૂકતાં અને ફેંકતાં વગેરેમાં વ્યવસ્થા આવડે તેને ગુરુ માને, તેવી જ રીતે તીર્થંકરમાં અને ધર્મમાં પણ વર્તાવને મધ્યમ બુદ્ધિવાળો દેખે.

### આગમના અંગે તત્ત્વદૃષ્ટિ

હવે તત્ત્વદૃષ્ટિવાળો શું કરે ? તો આ સારું છે. એમાં કોઇથી ના કહેવાય નહિ. બ્હારનો ત્યાગ, વર્ત્તાવ સારો છે એમાં ના નહિ, પણ કર્મનો બંધ અને નિર્જરા થવી તેમાં બાહ્ય આચાર સાથે સગાઇ છે કે નહિ ? તો સગાઇ છે પણ તે રબારીની નાત જેવો નહિ. "લે તારી છાલી, આ તો હું ચાલી." તેને જીવનના જોખમે ભરતાર કે ઘર ન હોય. અનુકૂળતાના અભાવે ઘર એને છોડવાનું બને. અહીં આ ચીજ વર્ત્તાવને અંગે સારી હોય, ઊંચામાં ઊંચી સ્થિતિનો વર્તાવ હોય પણ આત્માની પરિણતિ ન હોય તો શું વળે ? જેમ અભવ્ય જીવનો વર્તાવ ઠેઠ નવગ્રૈવેયક સુધી જવાનો છે પણ સરવાળે તો મીંડું ! તત્ત્વદૃષ્ટિવાળો જુએ શું ? આગમને અંગે કેટલા વિચારવાળો છે ! તે જોઇ તપાસી-ને પછી જ દેવ, ગુરુ અને ધર્મને માને. આગમવિરુદ્ધ તે ત્રણે-માંથી એક પણ નહિ. પરિણતિ જ્ઞાનવાળો જ તત્ત્વદૃષ્ટિએ વસ્તુ કે માર્ગને જુએ.

આવી રીતના ત્રણે પ્રકારના જીવો ત્રણે તત્ત્વની પરીક્ષા કરે છે. હવે તેમાં દેવ, ગુરુ અને ધર્મને અંગે જુદી જુદી રીતે શી પરીક્ષા કરાશે તે અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન ૨

## મિલ્કતનો ખ્યાલ ન હોય તે સગીર

**શાસ્ત્ર**કાર મહારાજા શ્રીમાન હરિભદ્રસૂરિજી મહારાજા ષોડશક **પ્રકરણ**ની રચના કરતા થકા જણાવી ગયા કે–**बालः पश्यति लिङ्गम्**–ભવ્ય જીવોમાં જે શ્રોતાઓ છે તેઓએ પોતાને મળેલી મિલ્કતનો વિચાર કરવો જોઇએ. પોતાને મળેલી મિલ્કતનો સદુપયોગનો વિચાર કરી શકતા નથી, અગર તેના સદુપયોગ કે નિરુપયોગનો વિભાગ ન કરી શકે તે સગીર ગણાય. તેમ અહીં જે ભવ્ય જીવો તે આત્માની સ્વાભાવિક ઋદ્ધિને સમજતા નથી તો પછી તેને મેળવીને તેના રક્ષણ માટે સદુપયોગ વગેરે તો સમજે જ શી રીતે! કારણ? જેને મિલ્કતનો જ ખ્યાલ નથી.

## આસ્તિક દર્શનો જુદે રસ્તે પણ નવ તત્ત્વો માને

સામાન્ય રીતે દરેક આસ્તિકો નવે તત્ત્વ માને. વૈષ્ણવો પણ જીવ, અજીવાદિ ચીજો નથી એમ કહેવાને તૈયાર નથી. પુણ્યના દળિયાં આવવાં અને બંધાવવાં, એ નથી થતું એમ કહેવાને તો તે પણ તૈયાર નથી. હવે ભોગવવાથી પુણ્ય, પાપનો ક્ષય થાય છે એમ પણ માને છે. એ રીતે સંવરને અર્થાન્તર તરીકે, તેમજ મોક્ષને પણ માને છે. એટલે શૈવ કે વૈષ્ણવ વગેરે કોઇ પણ આસ્તિક વર્ગને અંગે વિચારીએ તો દરેક નવે તત્ત્વોને માને છે. ક્યું તત્ત્વ એ આસ્તિક

વર્ગ નથી માનતો? કહો કે નવેને માને છે. નવ તત્ત્વોની શ્રદ્ધાને તમો સમ્યક્ત્વરૂપે કહો છો કે જેના પછી સંસાર અર્ધ-પુદ્ગલપરાવર્ત રહે છે. તે નવે તત્ત્વોને તો દરેક આસ્તિક વર્ગ માને જ છે. ઓછું માનનારો નથી, તેમજ ઓછું માને પાલવે તેમ પણ નથી. કારણ—નવે તત્ત્વોનો સાર ગ્રહણ કર્યા વિના છુટકારો નથી. અરે ! બૌદ્ધો પણ તે તત્ત્વોને માને જ છે. બુદ્ધના પગે કાંટો વાગ્યો ત્યારે શિષ્યે પૂછયું કે શાથી વાગ્યો ? તો બુદ્ધે કહ્યું—આ એકાણુંમો કલ્પ છે. તે પહેલાં મ્હેં જીવને માર્યો હતો. તે કર્મે કરી કાંટો વાગ્યો. આ ભોગવવો પડયો. અહીં ક્ષણિક માનીને પર્યાયોને માને. હવે સર્વ આસ્તિક મતવાળાને નવે તત્ત્વો માનવાં જ પડે છે, તો તમે જ ઇજારો કેમ લઈ બેઠા ? બીજા બધા મિથ્યાત્વી એમ કેમ બોલો છો ? નવે તત્ત્વોને માને એટલાથી શ્રદ્ધા અને સમ્યક્ત્વ કહો તો દરેક નવ તત્ત્વોને માનવાવાળા આસ્તિક મતવાળાને સમ્યક્ત્વ હોય જ, છતાં મિથ્યાત્વી કેમ કહો છો ?

## બચ્ચાનો અને ઝવેરીનો હીરો

વાત ખરી, પરન્તુ નાનુ બચ્ચું રમતાં કાચના કટકાને હીરો કહે તેથી ઝવેરી કાચના કટકાને હીરો ન કહે અને તેને સંગ્રહે નહિ. અરે! પેટીમાં મૂકી તાળું ન જ મારે. નાનું બચ્ચું પોતાના કાચના ટુકડાને પેટીમાં મૂકી સંગ્રહે તેથી તે ઝવેરી ન ગણાય. કારણ ? સાચા હીરાને હીરારૂપે જાણે અને ગણે તો જ ઝવેરી કહેવાય. પેટીમાં મૂકવા માત્રથી ઝવેરીપણું નથી આવતું, પણ હીરો સ્વરૂપે હોય અને તે રૂપે ઓળખે, કિંમત કરી લે અને પછી રક્ષણ કરે તો ઝવેરી ગણાય.

## જ્ઞાનમય આત્મા

સ્વરૂપે આ જીવ કેવળજ્ઞાન ને દર્શનવાળો છે, તે રૂપે બીજા દર્શન-

કારો માનતા નથી. આવા સ્વરૂપવાળા જીવની માન્યતા માત્ર જૈન દર્શનકારે જ કરી છે, અર્થાત્ છોકરાની માફક કાચના કટકાને હીરો કહેવા રૂપે નથી. કેવળજ્ઞાનસ્વરૂપ આ આત્માને જૈન દર્શનકારે જ માન્યો છે. બીજાઓ જ્ઞાનનો આધાર જીવ કહે છે. જેમ તિજોરી તે હીરાનો આધાર. જ્ઞાનમય આત્મા નથી માનતા. કોણ? વૈશેષિક અને નૈયાયિક, અર્થાત્ જ્ઞાનનો આધાર આત્મા એટલે જ્ઞાન ઉત્પન્ન થાય તો આમાં જ થાય. જેમ તિજોરીમાં હીરો મુકાય તેમ. દરેક દર્શનકાર જીવને માને પણ જ્ઞાનનું સ્થાન, જ્ઞાન વગરના આત્માને માને. આપણે જૈનો જ્ઞાનમય આત્માને માનીએ છીએ. જીવ છે એ માન્યતા સર્વ તત્ત્વકારોની સરખી છે, પણ જીવના સ્વરૂપમાં ભેદ છે. હીરાનું સ્વરૂપ જાણવું, તેની પરીક્ષા કરવી, એ બાળકમાં ન હોય. તેમ અહીં જીવને જાણવો ખરો પણ તેના સ્વરૂપને ન માનવું. આત્માનાં જે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યરૂપ લક્ષણો તે માનનાર તો જૈન દર્શન જ છે. જીવ નામની શ્રદ્ધાને સમ્યક્ત્વ કહીએ તો દરેક દર્શનકાર સમ્યક્ત્વી બને, પણ તેમ નથી. અહીં તો "**तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्**" એટલે સ્વરૂપે કરીને જે જીવાદિક પદાર્થોની શ્રદ્ધા કરવી તેનું નામ સમ્યક્ત્વ. ત્યારે હવે કહો કે ઇતર દર્શનો—નૈયાયિક, સાંખ્ય, બૌદ્ધ, શૈવ કે વૈશેષિક આદિ કોઇ પણ દર્શનમાં કેવળજ્ઞાનવાળો જીવ માનવામાં આવ્યો નથી. કેવળજ્ઞાનવાળો જીવ જેણે માન્યો હોય તેણે જ્ઞાનને રોકનારાં કર્મો માન્યાં હોય. દીવાને તેજસ્વરૂપ માને તે જ તેના આચ્છાદનને માને. હવે ફક્ત—જૈનોએ જીવને કેવળજ્ઞાનસ્વરૂપ માન્યો છે, તેથી જ્ઞાનાવરણીય કર્મ માન્યું છે અને તેથી ઇતર દર્શનમાં આવારક કર્મો છે જ નહિ અને તેથી જ કેવળજ્ઞાનસ્વરૂપ જીવને માનતા નથી એમ નક્કી થયું. હવે આવરણો માનતા નથી તેમ કેવળજ્ઞાનસ્વરૂપ જીવને માનતા નથી. માત્ર જીવ શબ્દ પકડી કે મર્યાદા કરનારો પદાર્થ કોઇક છે. શાની મર્યાદા? તો ગતિની. હવે

રાખ્યો છે તેથી સ્વરૂપે શ્રદ્ધા થઇ ન ગણાય. આથી સમ્યક્ત્વ પણ ન હોય. જેમ બચ્ચાએ કાચના કટકાને હીરો શબ્દ કહીને પેટીમાં રાખ્યો તેથી ઝવેરી ન ગણાય. તેમ અહીં પણ જ્ઞાન રહિત–કેવળજ્ઞાનસ્વરૂપ વિનાના જીવને માનવાવાળા તે સમ્યક્ત્વ વિનાના છે.

## ઇતરો ને અજીવ પદાર્થો

હવે અજીવ પદાર્થને તો સૌ માને છે. અરે ! નાસ્તિક પણ પ્રત્યક્ષ દેખાતા ભૂતોમાં પૃથ્વી, પાણી આદિ પદાર્થોને માને છે. તેમ ઘટપટાદિ પદાર્થોને પણ દરેક દર્શનકારો માને છે, પણ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ એ પાંચ અજીવના ભેદો માનવાની રીતિ કોઇનામાં નથી. હવે જો ઇતર દર્શનકારો ધર્માસ્તિકાયાદિને માને તો પછી વ્યવસ્થા લોક, અલોકની કરવી પડે. શંકા—જીવ અરૂપી હોવા છતાં સુખ, દુઃખરૂપ અનુભવો થવાથી માની લઇએ. અજીવતત્ત્વમાં ઘટપટાદિનું પ્રત્યક્ષ હોઈ માનીએ, પણ આ ધર્માસ્તિકાયને તો મનાય શી રીતે ? કારણ તે પ્રત્યક્ષ છે જ નહિ. એ તો ઘરની બાજી છે. કોઇની સાક્ષી મળી શકે તેમ નથી. વૈષ્ણવ, શૈવ, સાંખ્ય આદિ કોઇ પણ દર્શનમાં ધર્માસ્તિકાયાદિ અજીવતત્ત્વો મનાયેલાં જ નથી. અરે ! કોઇ નામથી પણ જાણતું નથી, છતાં તે મનાવવા હોય તો તમો કહો તે જ માનીએ. સમા૦–વાત ખરી, પણ જરાક શાંતિથી વિચાર કરો કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયની સ્થિતિ જેવી કોઇક ચીજ છે. કારણ ? અનંતા પુદ્ગલો એકઠાં થઇને એક ટેબલ બનેલ છે, તેમાં અનંતા પરમાણુઓ એકઠાં થયેલાં છે. એમાં કોઇનાથી ના પડાય તેમ નથી. અને તેમાં ધર્માસ્તિકાય આવી ગયો. જગતનો છેડો છે અને તેવી મર્યાદાવાળી જગ્યા હોવાથી તેમાં આપણે રખડવું પડે છે. જો મર્યાદા ન હોય તો પરમાણુને કે જીવને ભેળા થવાનો પ્રસંગ આવે જ નહિ, પણ આવું નિયમિત સરકલ છે એટલે

તેમાં જ ભટકવાનું થાય છે અને ભેગા થવાનું બને છે. આથી સ્કંધરૂપે ભેગા થવાય છે. બસો માઈલનો દરિયો હોય અને તેમાં પૂર્વ-પશ્ચિમ બે બાજુએ દેડકાં બે મૂકયા હોય તો કયારેક ભેગાં થાય, પણ આ અનંત લોકના જીવો ભેગા કેવી રીતે થાય ? જો લોકનો છેડો જ ન હોત તો આગળ ને આગળ ચાલ્યા જાત અને ભેગા ન થાત, પણ કહો કે ભેગા થવાનું બને છે, સ્કંધરૂપે થવાય છે. એટલે માનો કે મર્યાદા કરનારો પદાર્થ કોઇ છે. શાની મર્યાદા ? તો ગતિની. જો ગતિની મર્યાદા કરે તો પછી સ્થિતિની મર્યાદા કરનાર પણ કોઇક બીજો પદાર્થ જોઇએ. ગતિની મર્યાદા કરનારનું નામ જ્યારે ધર્માસ્તિકાય છે, ત્યારે સ્થિતિની મર્યાદા કરનારનું નામ અધર્માસ્તિકાય છે.

## અજીવતત્ત્વની શ્રદ્ધા એ સમ્યક્ત્વ

આ ધર્માસ્તિકાયાદિ ભેદોરૂપે અજીવને માને ત્યારે જ સમ્યક્ત્વ સાચું ગણાય, નહિ તો સામાન્ય અજીવને માનનાર તો દરેક દર્શનકાર છે, પણ આવી રીતે-ધર્માસ્તિકાયાદિ પાંચ જડ પદાર્થોને પણ અજીવતત્ત્વ તરીકે માને ત્યારે જ સમ્યક્ત્વી ગણી શકાય. જેમ કાચના ટુકડાને હીરો કહેનાર છોકરો ઝવેરી ન ગણાય, તેમ ઘટપટાદિ પદાર્થોને અજીવ માનનારો સમ્યક્ત્વી ન ગણાય. તત્ત્વે કરીને પદાર્થનું શ્રદ્ધાન વાસ્તવિકપણાએ-સ્વરૂપે કરી પદાર્થોનું શ્રદ્ધાન તેનું નામ જ સમ્યક્ત્વ છે. નામ માત્રે કરી સમ્યક્ત્વ ન હોય. અર્થાત્ ધર્માસ્તિકાયાદિ ભેદોએ કરી અજીવ પદાર્થોનું શ્રદ્ધાન થાય તો જ સમ્યક્ત્વ. જીવ અને અજીવ એ બે પદાર્થોનું સ્વરૂપ જુદું અને નામ પણ જુદું છે. જેમ હીરાનું સ્વરૂપ જુદું અને નામ જુદું અને કાચના ટુકડાનું નામ પણ હીરારૂપે જુદું.

## વિરમે નહિ તે ડૂબે

દરેક આસ્તિક દર્શનવાળા સુખના સાધનને પુણ્ય માને અને દુઃખના સાધનને પાપ માને એમાં બે મત નથી, તેમજ ફરક પણ નથી. જેવો જીવના સ્વરૂપને અંગે ફરક હતો તેવો સ્પષ્ટ દૃષ્ટિએ

પુણ્ય-પાપમાં ફરક નહિ લાગે, પણ જરાક વિચાર કરો! જેમ દુનિયા કહે છે કે-'કરશે તે ભોગવશે, કરશે તે પામશે,' પણ જૈન દર્શનને પ્રથમ પગથિયે ચઢેલો મનુષ્ય તેમ ન બોલે કે કરશે તે ભોગવશે કે ભરશે. હવે આશ્ચર્ય થશે કે ત્યારે જૈનો શું બોલે? તો વાંધો ત્યાં જ છે. 'જેઓ નહિ વિરમે તે ડૂબશે.' એટલે પચ્ચક્ખાણ નહિ કરે-વિરતિ નહિ કરે તે ડૂબશે જ. 'કરે તે ડૂબે' એ તો અન્યમતમાં છે.

## ઓનારરીસ્ટની ટોળી

દૃષ્ટાન્ત તરીકે-ઓનારરીસ્ટની ટોળીમાં જેનું નામ હોય અને મેમ્બર થઇ ગયો હોય, પછી તે ઘરે બેસીને કંઇ પણ ન કરે તો પણ તે ગુનેગાર છે, પણ તે બચે કયારે? તો રાજીનામું આપીને નામ પેશ (બાટલ) કરેલ હોય ત્યારે. જે ટોળીને ગેરકાયદેસર ગણી છે તે ટોળીમાંથી રાજીનામું આપી ખસ્યો ન હોય તો તેની પણ ધરપકડ થાય જ. અર્થાત્ સપડાય. તેમ અહીં આપણે કોણ છીએ? અઢારે પાપસ્થાનકની ટોળીના મેમ્બર છીએ. કયા ભવમાં તે ટોળીમાંથી નીકળ્યા હતા, તે તો કહો? હિંસકપણાની કે જૂઠની ટોળીમાંથી કે ઉઠાઉગીરની ટોળીમાંથી કયારે નીકળ્યા હતા? કહો કે અઢારે પાપસ્થાનકોની ટોળીમાં રહ્યા હતા. હવે તે મનુષ્ય ઘરે બેસી રહ્યો હોય છતાં તેને ગુનો આવ્યેથી પકડે જ છૂટકારો થાય. અર્થાત્ ટોળીમાં રહેવાવાળાને હાથકડી થાય જ. જેમ રાજીનામું ન આપે ત્યાં સુધી ગુનેગાર જ ગણાય, તેમ અહીં અઢારે પાપસ્થાનકની ટોળીમાંથી રાજીનામું ન આપે તે ધર્મરાજાનો ગુનેગાર છે.

## તીર્થંકરોને પણ રાજીનામાં

આ વાત જયારે ધ્યાનમાં લેશો ત્યારે શાસ્ત્રકારો જણાવે છે. કે-તીર્થંકરના જીવોને પણ રાજીનામાં પેશ કરવાની જરૂર પડી છે. મહાનુભાવો! દરેક પર્યુષણમાં કલ્પસૂત્ર તમે સાંભળો છો તેમાં કહે છે કે "**अगाराओ अणगारिअं पव्वइए**" એટલે ઘેરથી નીકળીને

સાધુપણું લીધું ' એમ કેમ બોલો છો ? સીધું કહો કે સાધુપણું લીધું એમ નહિ કહેતાં ગૃહસ્થપણાનું રાજીનામું આપીને સાધુપણું લીધું એમ કહો છો. આવી રીતે તીર્થંકરના જીવોને પણ રાજીનામું અઢારે પાપસ્થાનકનું આપવું પડે છે. આ વાત કુદરતે પણ સ્વીકારી છે. જેમ **મહાવીર** મહારાજ પૂજ્ય રાજકુમાર છે. દેવ-દેવેન્દ્રોથી પૂજાયેલા છે. જેની સેવામાં જન્મથી ચંડપ્રદ્યોત, ઉદાયન, શ્રેણિક આદિ રાજાઓ હાજર છે. તે રાજકુમાર એ પ્રતિજ્ઞા લે કે– "મારા નિમિત્તે કરેલો ખોરાક નહિ ખાવો. અરે એકકે દિન સ્નાન નહિ કરવું. અરે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પાળવી. તેમ સચિત્ત પાણી પીવું નહિ એટલું જ નહિ પણ વાપરવું કે સ્પર્શ પણ ન કરવો." આવી અડગ પ્રતિજ્ઞાઓ જેમણે બે વર્ષ સુધી સતતપણે પાળી છે, છતાં કુદરત નાકબૂલ કરે છે કે નહિ? કારણ ? મનઃપર્યવ જ્ઞાન થયું નહિ તેથી. જો કુદરતને તે ત્યાગ કબૂલ હોત, તે સાધુપણું કબૂલ હોત તો મનઃપર્યવ જ્ઞાન થાત. અરે ! શાસ્ત્રકારે પણ ગૃહસ્થપર્યાયનાં ૨૮ વર્ષ નહિ માનતાં ત્રીસ વર્ષ માન્યાં. કારણ ? રાજીનામું પેશ થયું નથી તેથી. શાસ્ત્રકારો ત્યાગ ત્યારે જ માને કે અઢારે પાપસ્થાનકની ટોળીમાંથી રાજીનામું પેશ કરે તો જ. હવે કેટલાકો કહે છે કે-ઘરે ત્યાગધર્મ શું નથી થતો ? અરે ! કુદરત પણ ઘરના ત્યાગને ત્યાગ માનતી નથી. ખુદ તીર્થંકર મહારાજે ઘરે ત્યાગ કરેલો હોવા છતાં કુદરત કબૂલાત રાખતી નથી. અરે ! રાજીનામા વિના લેખું ન ગણાયું. હવે શાસ્ત્રકારો પણ રાજીનામા વિના ત્યાગને લેખે ગણતા નથી, તેથી જ ગૃહસ્થપર્યાય અઠ્ઠાવીસ ન માનતાં ત્રીસ જ માન્યો. પૂજ્ય રાજકુંવરની અવસ્થામાં ત્યાગધર્મને સ્વીકાર્યો, છતાં ગૃહસ્થપર્યાય ત્રીસ વર્ષનો ગણ્યો અને તેથી જ "**अगाराओ अणगारियं०**" એમ લખ્યું અને કહ્યું. પુણ્ય-પાપ આખી દુનિયા માને છે. હવે પુણ્યપાપ જૈન દર્શન સ્વીકારનારને ભોગવવું પડે એમ નહિ, પણ પચ્ચક્ખાણ ન કરે તે સર્વને ભોગવવું પડે. હવે જેટલું વિરમાય નહિ તે સર્વ

કર્મનું કારણ છે. પાપથી ન વિરમાય તેથી કર્મબંધ. જો અન્યમતના હિસાબે 'કરશે તે ભરશે' એમ લઈએ તો આખી જૈન 'થીઅરી' મરી જાય.

## નિગોદિયો હિંસાનું કારણ ન બને

નિગોદની વાત ઊડી જાય. નિગોદની વાત ત્યારે જ કબૂલ કરાય કે 'વિરમે નહિ તે કર્મબંધ કરે' એમ થાય ત્યારે. અનાદિના નિગોદિયા જીવની કાયા સૂક્ષ્મ છે. એની કાયામાં કેવળજ્ઞાનીની કાયા પણ 'નીચી' ગણાય. અહીં અપેક્ષા ધ્યાનમાં રાખજો. કેવળી મહારાજની કાયા અયોગીપણામાં હોય, તો પણ તેનાથી જીવની વિરાધના થાય. ભલે પછી પોતાના પ્રયોગથી વિરાધના અટકેલી છે, પણ આ સૂક્ષ્મ નિગોદની કાયા કોઈના ઘાતમાં કારણ ન બને. અજવાળું કોઈને ધક્કો ન મારે. તેનાં પુદ્ગલો આપણા બહારનાં પુદ્ગલોથી બારીક છે એટલે ધક્કો લગાડી શકતાં નથી. તેમ આ સૂક્ષ્મ નિગોદના જીવોનાં પુદ્ગલો કોઈની અથડામણમાં આવે નહિ અને બીજાની હિંસા પણ ન જ કરી શકે. આવી ઉચ્ચ સ્થિતિ કાયા જો કોઈની હોય તો તે સૂક્ષ્મ એકેન્દ્રિયની છે. કારણ? તેનાથી પર જીવોની હિંસા ન થાય. તેમ બીજા જીવોને હિંસાના કારણરૂપ પોતે ન જ બને. આ વાત સૂક્ષ્મ એકેન્દ્રિયમાં ઘટે. બીજામાં તો પોતે હિંસા કરે અને હિંસાના કારણ પણ બને. આથી ઉચ્ચ કાયાની સ્થિતિ માત્ર સૂક્ષ્મ એકેન્દ્રિયની છે. આવી સ્થિતિ કેવળી મહારાજ અયોગી થાય ત્યાં પણ નથી, તો પછી આવી એકેન્દ્રિયની સ્થિતિમાં—નિગોદમાં કેમ પડી રહ્યા છે?

## પુણ્યબંધ શામાં?

વચન, મન તો છે જ નહિ અને કાયા તો સૂક્ષ્મ છે. એટલે 'કરે તે ભરે' એ ઇતરના મતે તો આ અતિઉચ્ચ ગણાય, છતાં નીચેના સ્થાનમાં કેમ? જૈન દર્શનકાર તો મિથ્યાત્વની માફક અવિરતિપણાને કર્મબંધનું કારણ માને છે. સર્વ દર્શનકારો પાપને માને છે

પણ 'પાપથી ન વિરમે તો પણ પાપ બંધાય' એવું માનનાર તો જૈન દર્શનકાર જ છે. 'પ્રતિજ્ઞા ન કરે તો બંધાય જ' એવું માનનારો જૈનમત છે, અને તેવા સ્વરૂપે પાપ માનનારો ઈતર દર્શનકાર નથી. પાપની જેમ પુણ્યમાં તો વાંધો નથી ને ? તો દુનિયાએ જે પુણ્ય-બંધન માન્યું છે તે શામાં ? વસ્ત્રપાત્રાદિના દાનમાં, પણ આશ્રવના રોકાણને લઈ યોગની શુભતા, તેને લીધે પુણ્ય બંધાય એવી માન્યતા કોઈની નથી. એવી માન્યતા માત્ર જૈન દર્શનની છે.

## સંવર, નિર્જરા

આપણે શુદ્ધ ચારિત્રના પાલનથી વૈમાનિકપણું યાવત્ પાંચ અનુત્તરવાસી બની શકાય છે. સર્વ સંવરવાળા યોગોમાં ઊંચામાં ઉચ્ચપણું મનાયું છે. જો સંવરને ન માને તો પછી ઊંચામાં ઉચ્ચપણું રહે જ ક્યાંથી ? જ્ઞાની ત્રણ ગુપ્તિવાળો—એટલે મન, વચન અને કાયાના રક્ષણવાળો એવો જ્ઞાની—'ક્ષણમાં સાગરોપમનાં પાપો ખપાવે છે,' એવી નિર્જરાની વાત કોણ માને ? કહો કે એવી નિર્જરાની માન્યતા અન્યોની નથી.

## જૈનદર્શનનો મોક્ષ

શંકા—ભલે તે ન હોય, પણ મોક્ષની માન્યતા તો છે ને ? ગ્હાય જેવા રસ્તે પણ મૂળ ધ્યેયે તો આવ્યો ને ? એટલે મોક્ષ નક્કી છે, પણ સંવર નિર્જરા ગમે તે રીતનાં માને તેથી શું વાંધો ? મુખ્ય ધ્યેય સાચું હોય તો બસ ? સમાધાન—આટલા માટે કહે છે કે-મોક્ષનું ધ્યેય માન્યું પણ બીજાઓએ મોક્ષ કેવો માન્યો છે ? જેમાં જ્ઞાન—દર્શન, વીર્ય કે સુખ અનંતાં હોય તેવો મોક્ષ કોઈએ માન્યો નથી. આત્માનાં જન્મ-મરણ ન થાય તેવી રીતનો મોક્ષ ઈતરોએ માન્યો છે. પણ સર્વ કાળ અક્ષય અને અવ્યાબાધ હોવા સાથે અનંત ઋદ્ધિસિદ્ધિનો ધણી જેમાં થાય, તેવો મોક્ષ કોઈએ માન્યો નથી. અને તેથી કહેવું પડે છે કે "कृत्स्नकर्मक्षयो मोक्षः"

એ લક્ષણ મોક્ષનું બાંધવું પડે છે, એટલે સર્વ કર્મનો ક્ષય છે જેમાં તેવો મોક્ષ હોય. આવા લક્ષણવાળો મોક્ષ કોઇ દર્શનકારે માન્યો નથી.

## બાળક પણ ભાગ્યશાળી

આથી આત્માની ઋદ્ધિ કેવી છે તેને જેણે ઓળખી કે જાણી નથી, કે સમજ્યા નથી, તો પછી તેનો સદુપયોગ કે દુરુપયોગને તો શી રીતે જાણે ! સદુપયોગ કે દુરુપયોગને ન જાણે કે ન સમજે તો પછી તેને સગીર જ કહેવો પડે. મિલ્કતનો માલિક અને હક્કદાર છતાં છોકરાને ઉંમર લાયક ન થાય ત્યાં સુધી સગીર ગણીએ. શાને માટે ? વ્યવસ્થા માટે. છોકરાને જેમ વ્યવસ્થા માટે નાલાયક ગણીએ છીએ, તેમ અહીં આ આત્માની ઋદ્ધિ જે અન્ય દર્શનકારોએ જાણી, માની કે કહી પણ નથી, તેવી આત્માની ઋદ્ધિને જાણ્યા, માન્યા કે વ્યવસ્થા કર્યા વિનાના હોઇએ તો પછી સગીરમાંથી આપણે છૂટતા નથી. સગીર બાળક પણ જન્મતાં નસીબ લઇને જ આવેલ છે. નહિ તો ઉચ્ચ કુળમાં આવે જ ક્યાંથી ? ભલે તે બાળક મિલ્કતને કે તેની વ્યવસ્થાને કે સદુપયોગ કે દુરુપયોગને ન સમજતો હોય પણ જન્મ્યો માટે ભાગ્યશાળી છે. તેમ આ જીવ પણ ભાગ્યશાળી છે. કારણ ? બાદર એકેન્દ્રિયમાં આવ્યો ત્યારે તેં તેનો વિચાર ન હોતો કર્યો. યાવત્ મનુષ્યપણા સુધી આવવા માટે તેં વિચાર ન હોતો કર્યો, છતાં અહીં કુદરતે તને તે રસ્તે જોડ્યો અને આવી પહોંચ્યો.

## મનુષ્યપણું પણ તિર્યંચપણું કેમ નહિ ?

કષાયની પરિણતિ મંદ કરી, પરિણામો સુંદર બનાવ્યા, અને તેથી મનુષ્યાયુષ્ય બંધાયું છે. કષાયની તીવ્રતા હોય તો નરક, તિર્યંચ ગતિ બંધાય અને કષાયની મંદતાએ મનુષ્ય કે દેવગતિ થાય. શંકા—એ શાથી કહો છો ? "બાબાવાક્યં પ્રમાણં" નહિ

બને. તમો કહો તો માની લઇએ, પણ કઇ રીતેએ તે સમજાવો તો ઠીક. સમાધાન–વાત ખરી. એક વાત ધ્યાનમાં રાખો કે જેને અફીણનું વ્યસન છે તેને ઘરે જમવા બોલાવો, તેને પાંચ પકવાન્ન આપો અને અફીણનો કાઢો ન આપો તો બધું ફોક, પણ અફીણનો કાઢો આપીને છાશને રોટલો જમાડો તો પણ તે સારું જ કહેશે. કારણ કે તે પોતાની ટેવનો રસિયો હતો અને તે ચીજ તેને મળી છે. તેમ અહીં તીવ્ર ક્રોધાદિવાળા કોણ હોય કે જેણે મગજનો કાબૂ ગુમાવ્યો હોય. અહીં મનુષ્યપણામાં તો મગજનો કાબૂ ગમે તે ભયથી રાખવો પડે. કાબૂ ન રાખવો હોય તો સર્પાદિની ગતિમાં જવું પડે, એટલે તિર્યંચ કે નરક ગતિમાં જવું પડે. ગાય, ઘોડા આદિ ક્રૂરતાવાળાં કહેવાય. તે છોકરાને શીંગડુ માર્યા વિના ન રહે હવે 'છોકરો લાકડી મારે તો ગાયને કેટલું નુકશાન' આવો વિચાર જાનવરને ન હોય, પણ મનુષ્યને હોય છે. એને તો મગજ ઉપર કાબૂ છે જ નહિ. ગુસ્સો કરે કે પછી શું પરિણામ આવે તેનો વિચાર ન કરે. તે જીવોનું સ્થાન નીચ ગતિ હોય. અફીણિયાની બેઠક તો કાવાખાનામાં એટલે જ્યાં આખો દિન અફીણ જ ઘોળાતું હોય. તેમ જે જીવો ક્રોધને આધીન થાય તેવાઓનું ઘર કયાં હોય? કાબૂ વિનાનો ક્રોધાદિ હોય ત્યાં. હવે તેવી જાતિ કઇ? તો નરક અને તિર્યંચ. હવે ક્રોધાદિ કંઇક મંદતાવાળા હોય અને આયુષ્ય બાંધ્યું, તેથી મનુષ્યપણામાં આવ્યા. આ કુદરતે કર્યું.

### મનુષ્યપણાથી આગળ કુદરત નહિ લઇ જાય

હવે અન્યમતનું પકડોને કે કુદરત અહીં સુધી લાવી તો હવે ઠેઠ પહોંચાડશે. 'જેને દાંત આપ્યા તે ચાવવાનું પણ આપશે જ,' પણ ખેતરમાં કોઇ જગાએ રોટલા પકવ્યા? જેમ વરસાદે અનાજને પકવ્યું, તેમ દળીને રોટલા પણ તે કરી દેશે? વરસાદનું કામ તો અનાજ વાવેલું હોય તેને ફલ તરીકે કરી દેવાનું. અનાજને લણવું વગેરે કામ તો મનુષ્યનું છે. ત્યાં કુદરતનું કામ નથી, કદાચ

અનાજ સુધી કુદરતે કર્યું પણ રોટલા તો કુદરત નહિ જ કરે. હવે તમે માનો કે મનુષ્ય સુધીમાં કુદરતે લાવી દીધા, એટલે આગળ પણ લઇ જશે એમ નહિ બને. આ એક વચન ભગવાન્ મહાવીરનું વિચારશો તો ખ્યાલ આવશે.

## મનુષ્યપણા પછી ઉદ્યમની જરૂર જ

ભગવાન્ મહાવીર મહારાજ ઉદ્યોગ, નિયતિ, કર્મ, કાળ અને સ્વભાવ એમ પાંચ વસ્તુને માનતા હતા છતાં "**अत्थि बले० वीरिए**" આદિથી એક જ કેમ બોલ્યાં? '**सहावे**' આદિ કેમ ન બોલ્યા? કહો કે પાંચે કારણોને માનનારા છતાં એકનો જ પોકાર કેમ? "**संते बले, संते वीरिए**" એમ પક્ખિસૂત્રમાં બોલીએ છીએ, પણ **ते संसहावे**' એ કેમ નથી બોલતા? કાલે, સ્વભાવે કરી જીવે કર્મ કરવાનું કરી લીધું છે, તેમાં અત્યારે તારી સાધ્યતા નથી રહી. જીવોમાં ત્રસપણું તેમાં પણ પંચેન્દ્રિયપણું, તેમાં મનુષ્યપણું, ઉચ્ચ કુળ, સામગ્રી, બળ આદિ મળેલાં જ છે. તે સર્વ કુદરતના પ્રતાપે થવાનું થયું, પણ હવે જે બાકી છે તે તો તારે જ કરવાનું છે. જેમ ખેતરમાં વરસાદ તો વરસી ગયો પણ ખેડીને વાવવું, લણવું કે દળાવી 'રોટલા' બનાવી ખાવું, તે તો પુરુષને આધીન છે. તેમ અહીં સર્વ વસ્તુઓ કુદરતે આપેલી છે, પણ હવે તો તારે કરવાનું રહ્યું, અને તેથી ભગવાન્ મહાવીર મહારાજને કાળ-સ્વભાવ-નિયતિ-ભાવિ એ ચાર કબૂલ છતાં વાત એક જ કહે છે કે '**अत्थि बले० पुरिसकारपरक्कमे**' ઊઠવાની ક્રિયા, ઇચ્છાની ક્રિયા-બળ-કર્મ-વીર્ય-પુરુષકાર ક્રિયાનું ફળ વગેરે તમારામાં છે, માટે તમારે સફળ કરવાની જરૂર છે, એટલે આ ઉપરથી તમારા વીર્યને ફોરવો એ જ ઉપદેશ છે. આ તમારું કર્ત્તવ્ય બાકી છે. તેથી '**अत्थि बले**' આદિ વચનો બોલ્યા. આ ઉપરથી તેઓ ઉદ્યોગ, નિયતિ આદિ માનનારા ન હતા તેમ નથી. એક વેંતની જગામાં કોલસા હોય અને ચારે બાજુ ચાર ચાર આંગળ રાખોડો છે. વચમાં

કોલસા છે તેમાં અગ્નિ નાખીએ તો કોલસા જ બળશે, પણ રાખોડો નહિ બળે. કારણ કે અગ્નિનો સ્વભાવ છે કે 'નહિ બળેલાને બાળવુ', તેમ ઉપદેશકોનો સ્વભાવ છે કે–નહિ સિદ્ધ થયેલાની સિદ્ધિ માટે જ ઉપદેશ આપવો. તેમ અહીં આ મનુષ્યપણા સુધી કુદરતે લાવી દીધા. તેમાં આવતાં કેટલી મુશ્કેલિતા આવી છે તેનો ખ્યાલ કરી, તેમાં આત્માની ઋદ્ધિ જાણી તેનો સદુપયોગ કે દુરુપયોગ સમજવા સાથે વ્યવસ્થા કરતાં શીખીએ તો જ ખરા માલિક ગણાઇએ.

## મળેલી મહેરમાં પણ ત્રણ વર્ગ

કુદરતે જેને સાધન મેળવી આપ્યાં, તેમાં ત્રણ કલાસના વિદ્યાર્થીઓ હોય. જેમ કલાસમાં ત્રણ વર્ગ હોય. તેમ અહીં કુદરતે જેના ઉપર સંપૂર્ણ મ્હેર કરી છે, તેનામાં પણ ત્રણ વર્ગ છે. બાળ, મધ્યમ બુદ્ધિ અને બુદ્ધ એમ ત્રણ વર્ગો છે.

## લિંગ, વર્ત્તન અને તત્ત્વથી બાળાદિ

કોઇને બાલ કે મધ્યમ રહેવું નથી ગમતું. સહુને બુધ કે પંડિત થવું ગમે છે. બાળ કોને કહેવો, તે સમજીને આત્મા તે સ્થિતિમાં છે કે નહિ તે વિચારો. તેવી જ રીતે મધ્યમ બુદ્ધિવાળા અને બુધ કોને કહેવા તે વિચારો. દ્રષ્ટા અને દર્શનીયના સ્વરૂપના અંગે વિચારીએ તો બાહ્ય વર્તનના અંગે વિચારનારા બધા 'બાળક'. શારીરિક પ્રવૃત્તિ દ્વારાએ વિચારનારા તે 'મધ્યમ' અને તત્ત્વ દૃષ્ટિએ વિચારનારા તે 'તત્ત્વજ્ઞ' એટલે ઉત્તમ તરીકે ગણાવ્યા. આ બધા દર્શનીય તરીકે જોયા. દેવ, ગુરુ અને ધર્મને અંગે બાહ્ય પ્રવૃત્તિ આદિ જોઇને જે ગણી લે, તે દર્શનીય પદાર્થને અંગે બાળ, મધ્યમ અને ઉત્તમ પણ એ રીતે કહેવાય. હવે સ્વરૂપે ગણીએ તો કેવી રીતે ? ધર્મમાં લિંગ, વર્તન અને માર્ગદ્વારાએ પરીક્ષા છે. તેમ ગુરુ અને દેવમાં પણ સમજવું એટલે દેખવાની જે ચીજ તેની અપેક્ષાએ ભેદો થયા. હવે દેખનારાઓની અપેક્ષાએ ભેદ પાડીએ. જેમ લીલા કાચના ચસ્મા પહેર્યા હોય તેથી તે ચીજો લીલી દેખાય. અહીં

મૂળ ભેદ ક્યાંથી? ચશ્માથી છે. કારણ? જેવા ચશ્મા તેવા પદાર્થો દેખાય. તેમ અહીં બાળ, મધ્યમ અને બુધ એ ત્રણમાં જો ફરક હોય તો દર્શનીયમાં ફરક થાય. હવે બાલકાદિ ત્રણનું સ્વરૂપ કેવું ગણવું? તો તે માટે જણાવ્યું કે દૃષ્ટિપ્રધાન બાલક હોય, તે લિંગદ્વારાએ પરીક્ષા કરે. મધ્યમ બુદ્ધિવાળો વિચારપ્રધાન-વાળો હોય અને તત્ત્વવાળો તો માર્ગ ઉપર દૃષ્ટિ રાખી પરીક્ષાપ્રધાન હોય તેથી બુધ ગણાય. આ ત્રણ ભેદો સ્વરૂપે પાડયા. દર્શનપ્રધાન માટે બાળ, વિચારપ્રધાન માટે મધ્યમ અને પરીક્ષાબુદ્ધિ હોવાથી બુદ્ધ. હવે તે ત્રણ શું? લિંગ, વૃત્ત અને તત્ત્વ એ ત્રણ દર્શનીયના ભેદો છે, તેમ અહીં દર્શન, વિચાર અને પરીક્ષા એ ત્રણ ભેદો શી રીતે? તે અગ્રે સમજાવાશે.

---

# વ્યાખ્યાન : ૩

## તેર કાઠિયા જાણ્યા વિના તેનાથી બચવું મુશ્કેલ

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મહારાજ ષોડશક પ્રકરણને કરતા થકા આગળ જણાવી ગયા કે જે કોઈ ભવ્ય જીવ આ મનુષ્ય ક્ષેત્રમાં આવી પંચેન્દ્રિય, સંજ્ઞીપણું, ઉચ્ચ કુળ, દેવ, ગુરુ અને ધર્મની જોગવાઇ પામેલો છે તે હવે તેર કાઠિયાઓથી ઘેરાયેલો ન હોય, તે જ દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષામાં જોડાય. અને તેના સ્વરૂપને જાણે પણ ખરા. સામાન્ય રીતે ‘ તેર કાઠિયા ’ એ શબ્દ આપણામાં પ્રસિદ્ધ છે, પણ તે ક્યાં? એ પૂછે તો કહેવા કોઇ તૈયાર નથી. અરે! ડગલે ને પગલે તેનો વ્યવહાર કરતા હોઇએ, પણ તેને ન જાણીએ. તે ન જાણીએ ત્યાં સુધી તેનાં નિવારણનો ઉપાય શી રીતે? જેમ ગ્રહ જાણ્યા વિના તેની પીડાથી દૂર રહી શકીએ નહિ, પણ જ્યાં ગ્રહો જ ન જાણતાં હોઈએ ત્યાં શું થાય? તેમ કાઠિયાઓ માથા ઉપર આવીને રાજ્ય કરી જાય ત્યાં

સુધી ખબર પણ ન પડે. કારણ ? કાઠિયા કયા તે જાણતા નથી, માટે કાઠિયાઓને જાણવાની જરૂર છે.

## સંખ્યાથી મનુષ્યપણું મુશ્કેલ

આથી મનુષ્યપણા આદિની દુર્લભતા જણાવતાં જણાવ્યું છે કે ચૌદે રાજલોકમાં આ વસ્તુ અતિમુશ્કેલ છે. કઈ અને કેમ ? તો નારકી, તિર્યંચપણામાં મુશ્કેલ કહો તો ઠીક ? પણ દેવગતિમાં મુશ્કેલિતા. કેમ ? તો મનુષ્યપણું દેવગતિને મેળવે. એટલે દેવપણું મળવું સહેલું છે. દુનિયાદારીની દૃષ્ટિએ મનુષ્યપણું સહેલું લાગે, પણ 'જેની જગ્યા મોટી તે સ્હેજે મળી શકે,' પણ 'જેની જગ્યા ઓછી તે મળવાની મુશ્કેલી'. આ વાત દુનિયામાં દેખીએ, સમજીએ અને માનીએ પણ છીએ, તો હવે દેવની સંખ્યા એટલી બધી જબરજસ્ત છે કે મનુષ્ય કરતાં સંખ્યાતગુણી. ત્યારે ગર્ભજ મનુષ્યની સંખ્યા ઓગણત્રીસ આંકવાળી છે. આ હિસાબે કહો કે મનુષ્યની સંખ્યા ઘણી જ ઓછી, વેઢે ગણાય તેવી. ત્યારે દેવની સંખ્યા અસંખ્યાતી. આથી દેવપણું મળવું સહેલું છે.

## સ્થાનની અપેક્ષાએ મનુષ્યપણું મળવું મુશ્કેલ

વળી દેવના ઉમેદવાર કેટલા ? એટલે તે પામવાને લાયક કેટલા ? તો કહો કે એકેન્દ્રિય તો નહિજ ને ? તેમજ વિકલેંદ્રિય પણ નહિ જ ને ? દેવતા કે નારકીઓ પણ મરીને દેવગતિમાં ન જ ઉપજે. ફક્ત રહ્યા મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય. જ્યારે દેવનાં ઉત્પન્ન થવાનાં સ્થાનો અસંખ્યાત ગુણાં. ત્યારે ઉમેદવાર માત્ર બે જ. પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય એ બે જ છે. આ બે જ ઉમેદવાર દેવગતિના છે. અહીં મનુષ્યનાં સ્થાનો વેઢે ગણાય તેટલાં છતાં ઉમેદવારો ઘણા, દેવગતિવાળા, નરકગતિવાળા તેમજ એકેન્દ્રિયાદિ પણ મનુષ્યપણાને મેળવી શકે, એટલે સર્વ ગતિવાળા લાયક છે. જેના ઉમેદવાર ઘણા હોય ને જગ્યા થોડી તે મળવી મુશ્કેલ કે જેના ઉમેદવાર ઓછા અને સંખ્યા ઘણી તે મળવું મુશ્કેલ ? આ બન્નેમાં મુશ્કેલ કયું ?

હવે મનુષ્યપણું સંખ્યામાં ઓછું હોવાથી અને ઉમેદવાર ઘણા હોવાથી મળવું મુશ્કેલ છે ત્યારે દેવપણાનું સ્થાન મોટું અને ઉમેદવાર ઓછા એટલે તે મળવું સહેલું છે. તેથી મનુષ્યપણું ચૌદ રાજલોકમાં મળવું મુશ્કેલ છે.

**મુશ્કેલ એવું–આર્યપણું, ઉત્તમ કુલ, પંચેન્દ્રિય સંપૂર્ણપણું**

તે મનુષ્યપણું પામ્યા છતાં આર્યપણું મુશ્કેલ છે. બત્રીશ હજાર દેશમાં ૨૫ાા દેશ માત્ર આર્ય છે. હજારમાં ભાગ કરતાં પણ આર્યના દેશો ઓછા છે. તેવું આર્યપણું પામ્યા છતાં ઉત્તમ કુળમાં આવવું મુશ્કેલ. કદાચ અધમ કુળમાં ગયા તો સીંગમાંથી જ સળ્યા. હવે ઉત્તમ કુળમાં આવવા છતાં ગળથુથી પડતી હોય તો તે માતા તરફથી. તેનાથી બાલ્યપણામાં સંસ્કાર પડે, કારણ કે સમજણું આવ્યા પછી તો પિતાના સંસ્કારો પડે, માતા જો ઉત્તમ સંસ્કારવાળી ન હોય તો ઉત્તમ સંસ્કાર બાળકમાં ન આવે, તેમ છતાં પંચેંદ્રિય સંપૂર્ણપણું મળવું મુશ્કેલ એ મળવા છતાં તેર કાઠિયાઓ મળે તો મુશ્કેલ. કયા ? આલસ્ય, મોહ આદિ જે તેર છે તે.

આ તેર કાઠિયાઓ જ્યાં સુધી હૃદયમાં વસ્યા હોય ત્યાં સુધી દેવ, ગુરુ ને ધર્મ પ્રત્યે ઝુકવાનું મન ન થાય. કેટલાક જીવો એવા આળસુ હોય છે કે જરાકે હરવુંફરવું હોય તો ઘણું જ મુશ્કેલ થાય.

**આળસુ જાંબુ ખાનાર ?**

જેમ જાંબુ માટે ઘોડેસ્વારને એક મુસાફરે બોલાવ્યો. શા માટે ? પેલું પડેલું જાંબુ લઈ મુખમાં નાખવા માટે. હવે પેલો કહે છે કે– આળસુપીરના 'પીર'. ત્યારે પેલો કહે છે–તમો કે હું. વાડ ઓળંગી ખેતર વટાવી અહીં આવ્યા અને એક નજીકમાં રહેલા જાંબુને આપતાં શું થાય છે ?

**ત્રણ યોગે આળસ કરાવનાર કાઠિયો 'આળસ'**

આવા મનુષ્યો દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષા શી રીતે કરી શકે ? હવે જેઓ મનુષ્યપણું આદિ પામેલા હોય પણ કાઠિયો એવો

જબરજસ્ત હોય છે કે ઊઠવા જ ન દે. આપણે શું ? 'કરશે તે ભરશે' એ આપણે વિચારવાનું ન હોય. આમ આળસ પોતાની દશાને બતાવે. આવી રીતે કાયાની જ દશા છે એમ નહિ પણ વિચારમાં ય તે 'આળસ' નામનો કાઠિયો આગળ થાય જ. કાઠિયો એકલો કાયિક આળસ કરે તેમ નહિ પણ વાચિક અને માનસિક પણ આળસ કાઠિયો કરે. આવી રીતે કાઠિયો કરાવે. આ બધું કયો કરાવે ? તો 'આળસ' નામનો કાઠિયો જ કરાવે. **એટલે ધર્મથી દૂર જ રાખે. (૧)**

## કર્મના ફળમાં ઇશ્વરની જરૂર નથી

આલસ્ય છોડયું અને પરીક્ષામાં ઊતરે ત્યાં બુદ્ધિ પરોવવી પડે ત્યાં મૂંઝવણ થાય. સીધો રસ્તો ન કાઢી શકે. જેમ જગત્ પરમેશ્વરે કર્યું હશે તો ? **હવે જો જગતને પરમેશ્વરે બનાવ્યું હશે તો જૈન ધર્મ માનવો નકામો, અને જો પરમેશ્વરે નહિ બનાવ્યું હશે તો ઇતર ધર્મો માનવા નકામા.** કારણ ઇશ્વર જ સર્વ ચીજો-નો અને કર્મોનો કર્તા બને છે. પોતાની જવાબદારી હોતી નથી, એમ ઇતર ધર્મમાં ફરમાવ્યું છે, ત્યારે જૈન દર્શન તો પોતાની જવાબદારી રાખવા સાથે—'કર્મના કર્તા તમો પોતે જ છો અને સદ્‌ગતિ કે દુર્ગતિના ભાજન તમો પોતે'. તમારા કર્મના હિસાબે તમે સુખી—દુઃખી થયા છો. આવતો જન્મ કેવો લેવો એ પોતાના હાથમાં છે, એટલે 'જેવી કરણી કરો તેવો જન્મ મળશે'. તમો કરણી સારી કરો તેથી ખરાબ જન્મ ઇશ્વર આપે એમ બનતું નથી. જો કરણી સારી કરી હશે તો સદ્‌ગતિ જ મળશે, એટલે કરણીની જવાબદારી પોતાના શિરે જ છે. શંકા—ગુનેગારને આપોઆપ સજા જ થતી નથી, તેને માજીસ્ટ્રેટ કે રાજા હોય તો જ સજા કરે, નહિ તો બને શી રીતે ? તેમ અહીં કર્મ કરનારને સજા કરનાર કોઇક બીજો જોઇએને ? સમાધાન—વાત ખરી, પણ તું મરચું ખાય છે અને તને બળતરા બળે છે. તે સજા કરવા કોણ આવ્યું ? તેમ હરડે ખાવાથી રેચ. ઘી સાકર ખાવાથી ઠંડક—આ

કોણે કરી ? કહો કે ન્યાયાધીશ વિના આ બન્યું શાથી ? તારા હિસાબે તો ઝાડો કરવા પણ ન્યાયાધીશ જોઇશેને ? જગતના પદાર્થો પોતાની મેળે પોતાનુ કાર્ય કરે જ છે. તેમ શુભ કે અશુભ પુદ્દગલો બંધાય તે પોતાનું કાર્ય કરે જ, તેમાં ન્યાયાધીશની જરૂર ન હોય. જો તું કર્મમાં ન્યાયાધીશને લાવીશ, તો પછી બળતરા, ઠંડક આદિમાં પણ જોઇશેને ? કહો કે પદાર્થ જડ હોવા છતાં તેનો સ્વભાવ છે કે તે તે રૂપે પરિણમે છે. તેમ અહીં કર્મોનો સ્વભાવ છે કે જે જે રૂપે હોય તે તે રૂપે પરિણમે. એટલે પાપના પુદ્દગળનો સ્વભાવ છે કે-તે દુ:ખરૂપે પરિણમે જ. તેવી જ રીતે પુણ્યના પુદ્દગળનો સ્વભાવ છે કે તે સુખ રૂપે જ પરિણમે. અરે ! ક્ષણે ક્ષણે આપણી પરિણુતિ ફેરફાર થાય છે. તેમજ ક્ષણમાં કોઈના પ્રત્યે ક્રોધ થયો અને તેને ગાળ દીધી. તેથી ઇશ્વરે ગાળ કહેવડાવી એમ કહેવાય કે ?

## બીજાના સંસ્કાર—ભૂંડામાં ભગવાન્

હવે જેને લોકો પાસેથી ભગવાનના નામે ધૂતી ખાવું છે તે લોકો જ ઇશ્વરને કર્તા કહે છે. ઇશ્વરના દલાલરૂપે વચ્ચે રહેવાથી બ્રાહ્મણો શ્રાદ્ધ આદિમાં કમાઇ ખાય છે અને તેથી જ પોતાના કુટુંબના નિભાવ માટે વચ્ચે ઇશ્વરને ગોઠવે, એટલે જવાબદારી બધી તેના શિરે નાખે. સારાં—નરસાં કરવાનું કામ ભગવાનને માથે. આપણામાં પણ તેવા સંસ્કારો છે. જેમ 'ભગવાન કરશે.' કાળિયાની જોડે ધોળિયો રહે તો સાન ન લે પણ વાન તો લે. એટલે તમો મિથ્યાત્વી ભલે ન થયા પણ વાન તો તેની લીધી. જેઓ નિરંજન નિરાકાર છે, જેણે જગતને પોતાના કર્મોથી ઉદ્ધાર કરવાના રસ્તામાં જ જોડયું છે, તેને માટે જવાબદારી સુખ—દુઃખની નંખાય જ કેમ ? કાગળ લખવામાં પણ જુઓને—

## પરણાવવામાં પંડ, જણવામાં જોરુ અને ભૂંડામાં ભગવાન્

જેમ કોઇની કાળોતરી લખે ત્યારે લખે કે મરી ગયા, પાછળ

બાળ સંતાન છે, કોઈ બીજું છે નહીં. 'ભગવાનને ગમ્યું તે ખરું.' હવે અહીં મિથ્યાત્વીના પરિચયમાં આવવાથી મિથ્યાત્વી ન થયા પણ સંસ્કારો લીધા. કહેઃ કે ભૂંડાંમાં જ ભગવાનને આગળ કરવા છે. પરણાવવામાં પંડને આગળ ધરે. જણવામાં સ્ત્રીને આગળ કરે છે. અહીં જૈનમતમાં પોતાની કરણી માટે પોતેજ જવાબદાર છે, તેમાં ઇશ્વરને કંઇ સબંધ નથી. હવે તમો કહેશો કે– જો ઇશ્વર કંઈ સુખ, દુઃખ કે સદ્‌ગતિ કે દુર્ગતિ નથી કરતો તો પછી તેને માનવો શા માટે?

## તીર્થંકર મહારાજ કુમાર્ગ, સુમાર્ગને બતલાવે

માસ્તરો સ્કૂલમાં જે શિક્ષણ આપે છે તે શા માટે? માસ્તરનો અધિકાર શિક્ષણ આપવાનો અને તે પણ ઉત્તમ. પણ પછી જીવન-નિર્વાહ કેમ કરવો તે વિદ્યાર્થીનો અધિકાર છે. માસ્તરે તો ઉપાયો કીર્તિ મેળવવાના કહ્યા હતા, પણ વિદ્યાર્થી પછી કીર્તિ મેળવે કે અપકીર્તિ મેળવે, તેમાં માસ્તરની જવાબદારી ન ગણાય. સૂર્ય કે અજવાળાની જવાબદારી કેટલી? કાંટા કે કાંકરાને બતાવી આપે તેટલી, પણ તે ત્યાંથી ઉપાડી બીજે ન મૂકે. ખાડો, ટેકરો કે કૂવો આદિ તે બતાવે, પણ તેનાથી દૂર રહેવું કે બચવું, એ કામ દેખનારનું છે. તેમ અહીં ત્રિલોકનાથ તીર્થંકર મહારાજ માસ્તરની જેમ કુમાર્ગ, સન્માર્ગ બતલાવે, અને તેના ફાયદા જણાવે.

## બોલવાનું ડહાપણ એટલે મોકાણ વાલવા બેઠેલી બાઈ

બોલવાનું ડહાપણ સહુને આવડે. હવે ચોરીનો માલ પકડાયો અને કોર્ટે પણ વાત સાચી માની, છતાં ગુનેગારે તો 'પોતાને બીનગુનેગાર કહી, પુરાવા વકીલને જ ભળાવે છે, એટલે કોઇપણ વચનથી દેવાળિયો થવા માંગતો નથી, 'આજે ભીડ પડી છે પણ કાલે તો આપીશ' એમ કહી વચનની શાહુકારી તો લોકોએ રાખી છે, તેમ સન્માર્ગનો ઉપદેશ તો સર્વ કોઇ આપે જ છે. ઉન્માર્ગે જવા કોઇ મનુષ્ય પ્રેરશે નહિ, માટે દુનિયામાં તો સર્વ કોઇ પ્રકૃતિ ઉપર

[ વ્યાખ્યાન ૩જાનું બાકીનું મેટર ન
મળવાથી અધૂરું રહેલ છે. ]

# વ્યાખ્યાન ૪

## ખેડુત વગેરે ધર્મી ગણાય ?

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિ મ. ભવ્યોના ઉપકારને માટે ષોડશક પ્રકરણની રચના કરતાં થકા આગળ જણાવી ગયા કે—" **बालः पश्यति लिङ्गं** " મનુષ્ય માત્ર ધર્મને લાયક. પણ ધર્મને લાયક છતાં તે ધર્મને મેળવે કેવી રીતે ? પોતપોતાની દૃષ્ટિએ પરીક્ષા કરીને મેળવે. સામાન્ય રીતે ધર્મની પ્રીતિ આખા જગતને રહેલી છે. જગતમાં જે વસ્તુ વ્હાલી તેના જૂઠા પણ શબ્દો પ્રીતિ કરનારા થાય છે. જગતમાં ઋદ્ધિ સમૃદ્ધિ વ્હાલી હોય તોય બ્રાહ્મણના આશીર્વાદથી મળી જાય એમ નથી હોતું, છતાં તેથી ખુશ જ થાય, નાખુશ ન જ થાય. કોઇ અષ્ટસિદ્ધિ કે નવનિધાન કે ચિરંજીવી કહી દે, તેથી ભંડાર કે મૃત્યુ થવાનું હશે તો બચશે નહિં, છતાં ખુશી જ થાય. વળી કોઈ ગાળો બોલે તેથી નખ્ખોદ થતું નથી. એટલે તેના કહેવા પ્રમાણે બનવાનું નથી, છતાં જૂઠા શબ્દો અનિષ્ટવાચક હોવાથી પોતાને ક્રોધ કરનારા નિવડે છે. આવી જાતની સ્થિતિ છે, એટલે કલ્પેલો જૂઠો શબ્દ પણ અનિષ્ટ લાગે છે. તેવી રીતે અહિં પણ આર્યમાત્રને ધર્મિષ્ઠ—ધર્મી કહે તો રાજી રહે. જેમ " અખંડ ઋદ્ધિવાળા થાઓ " એમ જૂઠું બોલે છે, કારણ સમૃદ્ધિ કરવાનું તેના હાથમાં નથી છતાં તે કહેવાથી ક્રોધ ચઢતો નથી. તેમ અહિં ધર્મનું આચરણ ન કરતો હોય છતાં જૂઠો પણ ધર્મિષ્ઠપણાનો શબ્દ ક્રોધ કરાવનાર થતો નથી. તેવી જ રીતે અધર્મી શબ્દ કહેવામાં આવે તો ક્રોધ ચઢે છે, કારણ અનિષ્ટ શબ્દ છે. માટે પુણ્યવાન્ કહેવાથી રાજી થવાય, પાપી કહેવાથી નાખુશ થવાય છે. આમ

કેમ બને છે ? તો ધર્મ ઇષ્ટ છે, પાપ અનિષ્ટ છે. હવે તે ધર્મને કરી શકે કે નહિ, પાપને છોડી શકે કે નહિં તે વાત જુદી. આર્ય મનુષ્યમાત્રને ધર્મ ઇષ્ટ છે. પાપ અનિષ્ટ છે તે ચોક્કસ થયું. આચરણ ચ્હાય જેવું કરતો હોય તે જોવાનું નથી, પણ માન્યતા તો ઉપર પ્રમાણે છે. આમ છતાં બધાં ધર્મી છે તે ન કહી શકાય, પણ ધર્મને સારો ગણનારા છે. ધર્મને સારો કેવી રીતે ગણે ? શ્રેણિક રાજાની સભામાં લોકો વાત કરે કે, "લોકે અધર્મી થયા, પાપ કરતાં ડરતા નથી, ધર્મનું નામ પણ નથી." ત્યારે અભયકુમારે કહ્યું કે આ લોકો માત્ર સફાઇની જ વાત કરે છે. પછી વિચાર્યું કે એક વખતે સ્વપ્નમાં "હું રાંડયો" એવું મને લાગ્યું, એટલે બાયડી કહે કે હું મરી એના કરતાં તમે જ મરોને ! અહિં દુનિયા અધર્મી છે, એટલે હું તો ધર્મી ને ! અભયકુમારે કહ્યું કે જૈનધર્મનો મુદ્દો એ છે કે– પોતે પાપથી વિરમ્યો ન હોય ત્યાં સુધી તે પોતાને પાપી જ ગણે, આ વિચાર નથી આવતો તેથી પોતાને ધર્મી માને, અને લોકોને પાપી માને છે તે વાત સમજાવવી કેવી રીતે ? માટે એક કોયડો કર્યો. એટલે અભયકુમારે કહ્યું કે–પાપી થોડા હોય છે અને ધર્મી ઘણા હોય છે. પ્રધાન તરીકે અહિં અભયકુમાર છે. એટલે બે માસ ગયા પછી લોકો કાર્તિક માસે ઓચ્છવની ઉજવણી કરવા જાય છે. ત્યાં બે મહેલ રંગાણા. એક સફેદ, બીજો કાળો. જે લોકો ધર્મિષ્ટ હોય તે સફેદમાં જાય અને અધર્મી હોય તે કાળામાં જાય, એમ જાહેર કરાયું. બધા ધોળા મહેલમાં ગયા. ફક્ત ચારેજ શ્રાવક કાળા મહેલમાં ગયા. અહિં ખેતીવાળો સફેદ મહેલમાં ગયો છે. તેને ધર્મ માટે પૂછયું, તો કહે છે કે ખેતી કરવાથી અનાજ થાય તે લોકો ખાય અને જીવે છે તે ધર્મ છે, ખાટકી આવેલો તેને પૂછયું કે તું અહિં કેમ ? તો હિંસકપ્રાણી એટલે માંસાહારી પ્રાણીઓનું હું પોષણ કરૂં છું, નહિ તો તેમનું શું થાય ? હવે ચોર આવેલ તેને પૂછયું કે તું કેમ ધર્મીપણામાં આવ્યો ? તો દરેકને ઉપકાર મારો છે. કારણ

અમારા લીધે લોકો જાગતા રહે. વળી સુથારલુહારને તો અમારા લીધે કમાણી છે. જો ચોર ન હોય તો પછી કમાણી શાના ઉપર થાય?

એમણે ધર્મ સારો માન્યો, પણ કયો? પોતાની દૃષ્ટિનો. અહિં સર્વ વાનાં કરવાના છે પોતા માટે છતાં કહેવો ધર્મ. હવે અહિં કાળા મહેલ ઉપર આવી જોયું તો ચાર શ્રાવક હતા. પૂછ્યું કે-અહિં કેમ? તો અમે પાપી છીએ-અઢારે પાપસ્થાનકોમાં પ્રવર્તેલા છીએ. પછી અમે ધર્મી શી રીતે હોઇએ? આ બન્ને ઉપરથી લોકોને ધર્મઅધર્મની ખબર પડી. તેમ અહિં ધર્મની દૃષ્ટિદૃષ્ટિમાં ફરક હોય.

## બાળજીવોની બાહ્યલિંગથી દેવપરીક્ષા

અહિં જે "બાળક" શબ્દ સામાન્ય દુનિયાદારીમાં વપરાય છે, પણ શાસ્ત્રકાર કહે છે કે રાગ અને દ્વેષથી ભરાયેલો એટલે રાગદ્વેષની પ્રવૃતિ ઉપર કાબૂ ન રાખી શકે તે બાળક. જુગલીયા પ્રથમ જેમ આગ્નને પકડવા ગયા હતા, પણ તેમાં અનર્થ શો થશે તેની ખબર ન પડી. બાળક કામ પડે તો માના પણ ઝીંટીયાં ખેંચે, એટલે રાગ અને દ્વેષે કરીને વ્યાપ્ત હોય, પણ તેને દૂર કરવાનો અવસર ન હોય તેનું નામ બાળક. એટલે વિચાર પ્રમાણે વર્તન કરનાર, પરિણામ જુવે નહિ તે. અર્થાત્ જેની રાગદ્વેષવાળી અશુભ પ્રવૃત્તિ તેનું નામ બાળ. હવે તેવો બાળક ધર્મની પ્રવૃત્તિ કે દેવગુરુ આરાધનાની પ્રવૃત્તિ કરે તે વ્યવહારથી. વ્યવહાર પૂરતી દૃષ્ટિ હોય. હવે મધ્યમ બુદ્ધિવાળો શું વ્યવહારને નહિ દેખે? તત્ત્વદૃષ્ટિવાળો શું વ્યવહારને નહિ દેખે? તો તે વ્યવહારને જરૂર જોશે. મધ્યમબુદ્ધિવાળો મુખ્યતાએ વર્તનને દેખે અને વ્યવહારને તો સહાયક તરીકે જ દેખશે, તેમજ બુધ તત્ત્વનેજ જોશે. એટલે દેવને અંગે વ્યવહાર, વર્તન અને તત્ત્વને જોશે. હવે પ્રથમ દેવને અંગે શું જોશે? ચાર અતિશય અને આઠ પ્રાતિહાર્ય. ચોત્રીસ અતિશય વગેરે બાહ્ય લક્ષણો જેમાં હોય તેને જ દેવ તરીકે માને. તે સિવાયનાને દેવ તરીકે ન માને. આઠ પ્રાતિહાર્ય તે શું છે? બાહ્ય લક્ષણો જ છે. બાહ્યદૃષ્ટિવાળાને દેવપણાની પરીક્ષા

માટે ઉપરની ચીજો જ જોવાની હોય, અને તે દ્વારા જ દેવને પારખી શકે. આ દેવનું બાહ્યલિંગ થયું, તેથી શાસ્ત્રકારોએ પણ બાહ્યલક્ષણ-વાળા દેવને નમસ્કાર કરવા જણાવ્યું છે. વળી–" **चउतीसअइसयजुआ अट्ठमहापाडिहेरकयसोहा** " એવું વિશેષણ આપીએ છીએ. વળી ચૌદ સ્વપ્ન સહિત, તીર્થંકર કુળમાં અવતર્યો હોય તેજ વીતરાગ થઈ શકે. હવે કલ્પસૂત્રમાં જેમ ગોશાળાને અંગે વાત ચાલી છે ત્યાં " ગૌશાળા "માં જન્મેલો છે–એટલે જ ગૌશાળામાં જન્મેલો હોય તે. એક સદ્ગૃહસ્થ જેવાના ઘરે પણ નહિં–સુમંગળા અને મંખલિના ઘરે જન્મેલો હતો. હવે ભગવાન્ મહાવીર મહારાજા ગોશાળાનું તત્ત્વજ્ઞાન કે વર્તન કેવું ખરાબ છે તે જણાવવું જરૂરી હતું, તે જ જણાવતા તેના જન્મનું સ્થાન, માબાપનું દરિદ્રપણું વિગેરે જણાવે છે. કેમ? તો તેમનું તીર્થંકરનું ગૃહસ્થપણાનું બહારનું લિંગ જે હોય તે તપાસવાનું હોય. એટલે રાજકુળમાં જેનો જન્મ નથી તે આવી રીતે તીર્થંકર બની શકે નહિ. વળી ગર્ભ-સંહરણ વખતે ઇંદ્રમહારાજા બોલે છે કે–રાજયકુળાદિ જે ઊંચા કુળો હોય અને રાજ્યલક્ષ્મી વધતી હોય ત્યાંજ તીર્થંકરનું ગૃહસ્થપણામાં પાલન થાય. અરે! ખુદ વીતરાગપણામાં અશોકાદિ પ્રાતિહાર્યના ચિન્હો હોય. વળી ઉવવાઇજીમાં–તીર્થંકરના વિહારને અંગે જણાવાયું કે–આકાશમાં ચક્રાદિ વિગેરે લક્ષણો યુક્તજ તીર્થંકર હોય. આ ઉપરથી દિગમ્બરો કહે છે કે–ત્યાગને માનીએ, ભોગને ન માનીએ. તો પછી તીર્થંકર કેવલીને દરિયાને કિનારે મોકલવા, કારણ પ્રાતિહાર્યાદિ વિનાના જે હોય તે સામાન્ય કેવલી છે તેને તીર્થંકરથી ચઢુચ્ચ માન. પ્રાતિહાર્યાદિ સહિત જે તીર્થંકર હોય છે તેમને તું ત્યાગી માનીશ નહિ. અને તેથી " **नमो अरिहंताणं** " પદ તું માનીશ નહિ કે જપીશ નહિ. વળી તેથી " **નમો કેવલીણં** " એ પદ બોલવું પડશે,, કારણ કર્માદિ શત્રુઓને જીતેલાને નમસ્કાર નહીં કરાય, કારણ તીર્થંકરમાં બાહ્યસમૃદ્ધિ જરૂર હોય. અતિશયો દેશના વખતે હોય અને પ્રાતિહાર્યો

તે કેવલજ્ઞાનથી તે ઠેઠ મોક્ષ સુધી હોય. પહેરેગીર જેમ આઠે પહોર હાજરી આપે તેમ આ પ્રાતિહાર્યો ચોવીસે કલાક હાજર રહે, અને તેથી જ તેનું નામ પ્રાતિહાર્ય. આવી રીતે દેવતત્ત્વની પરીક્ષા માટે બાળક જે બાહ્યલિંગ જુએ તે આઠ પ્રાતિહાર્ય અને ચોત્રીસ અતિશય આદિ. તેથી વળી હરિભદ્રસૂરિજીને કહેવું પડયું કે "**यस्य संक्लेशजननो रागो नास्ति**" અર્થાત્ સંક્લેશજનક રાગ નથી, એટલે આત્માને દુર્ગતિમાં લઇ જનારો રાગ છદ્મસ્થપણાની દશામાં પણ ન જ હોય. એટલે આવી સ્થિતિ જેની છદ્મસ્થપણામાં હોય છે. ભગવાન્ તીર્થંકર મહારાજા જે દેવ, તેમનું બહારનું લિંગ પ્રાતિહાર્યાદિ છે. હવે વર્તન કેવું ? તો "**પ્રશમરસનિમગ્નં દષ્ટિયુગ્મં પ્રસન્નં**" એટલે–સ્ત્રી કે રાગ, અજ્ઞાનથી વિમુક્ત, હથિયારાદિથી રહિત, અને બન્ને દ્રષ્ટિ જેની શાંતરસમાં મગ્ન હોય. તે માટે **હેમચંદ્રસૂરિજી** કહે છે કે–જગતમાં નાટકીયા જે હોય તે મૂલ પ્રમાણે વર્તન તો કરે, એટલે **શિવાજી** થઇને આવનારો દક્ષિણી પાઘડી આદિ પહેરીને અનુકરણ કરે. પણ આ બીજા મતવાળાઓ તો સાચા દેવ તરીકે ન બને એ તો ઠીક, પણ નાટકીયા દેવ પણ નથી બની શકતા. **वपुश्च० जिनेन्द्रमुद्रा तवान्या**–" આત્મકલ્યાણના આદર્શરૂપ બનવું હોય તો બહારના શરીરના અવયવો તો ઠીક રાખવા પડે. જેમને ક્રોધ નથી, એમ કહેનારના હોઠ ફફડતા હોય, આંખ લાલ હોય, તો પછી ક્રોધ નથી એ કેમ મનાય ? વળી, અહીં શરીરના જે અવયવો હસ્તાદિ તે ઊંચા કેમ ? ક્રોધ, રાગ, લોભ, હાસ્યાદિ નથી તો આ શરીરને દેખીને બીજો કેમ માની શકશે કે આમાં ક્રોધાદિ નથી ? વળી શરીર પલ્યંકાસને જોઇએ તે છે નહીં, એટલે હાથ પગાદિ ઊંચા છે. પ્રથમ તો શરીરની જે વીતરાગપણાની દશા તે પણ નથી. વળી દ્રષ્ટિ–તે જે માણસને કંઇ લેવાદેવા ન હોય તેની દ્દષ્ટિ સ્થિર હોય, તેની જગો આ નાસિકા ઉપર દ્રષ્ટિ જ નથી, આવી જે દેવપણાની મુદ્રા તે પણ

શીખ્યા નથી. અરે ! આત્માને આદર્શ રૂપ રાખી શકતા નથી એટલે નાટકિયો જેમ ઢબછબમાં દાખલ થઇ તે વેશને ભજવે, પણ આ તો વેશને ભજવી જાણતા નથી. પછી તેમને દેવ કેવી રીતે કહેવા ? એટલે શરીર–નાસિકા–દૃષ્ટિ આદિ મુદ્રાને જેઓ ન સાચવી શકે તેને દેવ મનાય કેમ ? આના વર્તનની પરીક્ષા થઇ. મુખરૂપી કમલ જેમનું પ્રસન્ન હોય, વળી જેનો ખોળો સ્ત્રી વિનાનો હોય, આ વર્તનદ્વારા વીતરાગ દેવની પરીક્ષા થઇ. એમ પ્રથમ લિંગ દ્વારા દેવની પરીક્ષા થઇ.

## મધ્યમબુદ્ધિ અને બુધની દેવપરીક્ષા

હવે તેથી આગળ વધેલા જીવો કહે છે કે એમ નહીં. કારણ રાજકુટુંબમાં કોઇ એવા અવતરે છે. વૈક્રિયબુદ્ધિ ફેરવે, ઢોંગીઓ પણ હોય, તેથી કહે છે કે–આગમતત્ત્વવાળો અશોકવૃક્ષાદિના લીધે દેવતત્ત્વ ન માને. તે હોવા જોઇએ એ વાત જુદી. વ્યતિરેક ખરો, અન્વય નહીં એટલે જ્યાં જ્યાં અશોકાદિ હોય ત્યાં ત્યાં દેવ એમ ન માને, પણ જ્યાં જ્યાં અશોક ન હોય ત્યાં દેવ નહીં એમ તો માને. વળી મધ્યમ દૃષ્ટિવાળાની અપેક્ષાએ પ્રશમરસનિમ૦ દેવ વગેરે વર્તનને જુએ ખરા, પણ તે વિનાનાને દેવ ન માને. માળા, હથિયાર, સ્ત્રી આદિ ચિહ્નો પૌષધવ્રતી શ્રાવકને કે સાધુને પણ ન હોય. તેથી તેમને દેવ ન મનાય, પણ જ્યાં દેવપણું હોય ત્યાં પ્રશમાદિ હોય. વળી સર્વજ્ઞો "**ત્રૈલોક્યપૂજિતઃ**" આ વાત જ્યાં હોય ત્યાં જ દેવપણું. બધા સર્વજ્ઞ હોય તે કેવલીઓ હોય જ. આ સર્વજ્ઞો જુદી જાતના. કેવલજ્ઞાન જ્યારે એક પ્રકારનું માને છો તો પછી કેવલિપણાના એ ભેદ કેમ ? વાત ખરી, પણ એક ગુફામાં બધા ગયા છે. અંધારૂં ઘોર છે ત્યાં એકે દીવાસળી સળગાવી કાકડો કર્યો, તેનાથી બીજાઓએ પણ કાકડાઓ કર્યા. અહિં કાકડાના સ્વરૂપમાં ભેદ નથી છતાં બધાનો તારક કાકડો પ્રથમવાળાનો જ ગણાય. તે સ્વરૂપે જુદો નથી, છતાં તારક તો તે મુખ્ય ગણાય. નહિતર નવાણું કાકડાવાળા ગુફામાં હેરાન થાત, તેમ અહિં મોક્ષ માર્ગ પ્રવર્ત્તેલો નહોતો, એટલે

દુનિયામાં ત્યાગમાં સુખ એ સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. પણ ભોગમાં જ સુખ એ વાત મનમાં હતી. ભગવાન્ ઋષભદેવજી જન્મ્યા હતા તે પહેલાં અઢાર કોડાકોડી સાગરોપમ સુધી લોકોની એ જ માન્યતા હતી કે મેળવવામાં સુખ, મઝા—છોડવામાં. ત્યાગમાં સુખ કે મઝા ? એ થીઅરી કાઢી કોણે ? બહારના પદાર્થોને છોડવામાં જ સુખ નિરૂપાધિકપણું કરો તેમાં જ મજા. આવી વાત ઉભી કરનાર કોણ ? પ્રથમ જોઇ કે સાંભળી હોય તો વાત જુદી. સ્વપ્નામાં નહિ એવી ત્યાગમાં ધર્મ એ વાત જેણે ઊભી કરી તેનો ઉપકાર કેટલો ? વળી ચારિત્ર લઇને સર્વજ્ઞપણાનું દૃષ્ટાંત પૂરું પાડનાર તીર્થંકર સિવાય બીજો કોઇ નહિ. પ્રથમ દૃષ્ટાન્ત તરીકે આ તીર્થંકર છે, અને તેથી તેનું સવર્જ્ઞપણું તે દૃષ્ટાન્તરૂપ છે. હવે પહેલવહેલાં સર્વજ્ઞપણું પ્રથમ તીર્થંકરનું છે. હવે પાર્શ્વનાથ પ્રભુ પછી કેવલજ્ઞાનની શરૂઆત થાય તો તે મહાવીર પ્રભુ જ, આટલા માટે શાસ્ત્રકારોએ મોક્ષની સ્થિતિ બે પ્રકારની, એટલે એક તીર્થંકર મહારાજની પાટની પરંપરાએ અને બીજી અમુક કાળસુધી. એમ બે પ્રકારની ભૂમિ કેવળીપણા માટે કહી છે. વળી રાગ, દ્વેષ અને મોહ એ ત્રણનો સર્વથા ક્ષય જે પ્રથમ કોઇ કરે તો તે તીર્થંકર જ. વળી "ત્રૈલોક્યપૂજિતઃ" અર્થાત્ રાગાદિનો ક્ષય કરી સર્વજ્ઞપણું મેળવવાથી દુનિયામાં પૂજ્ય બને અને ન પણ બને. જેમ ઝવેરીના હાથમાં બધા હીરા આવી ગયા હોય એવો નિયમ નથી. તેમ જે ગુણી હોય તે દેવેન્દ્રોથી પૂજાયા હોય એવો નિયમ નથી અને તેથી તે ગુણી નહિ એમ તો નહિ ને ? જેમ ખંધકમુનિ આદિ કેવલી થયા પણ દેવેન્દ્રોથી પૂજાયા નહિ એટલે તે કેવલી નહિ ? હવે અહીં કોઇપણ તીર્થંકર રાગ, દ્વેષ અને મોહનો ક્ષય કરીને થયેલા હોય તો તે દેવેન્દ્રોથી પૂજાયેલા જ હોય. અહિં ગુણી ઘણા હોય પણ તે "દેવેન્દ્રોથી પૂજાયા હોય તો ગુણી" એવો નિયમ નથી, પણ તીર્થંકરો માટે તો દેવેન્દ્રોથી પુજાયાનો નિયમ છે, અને તેથી કેવલજ્ઞાન થાય ત્યારે એક ક્રોડ દેવોને પ્રથમ સમવસરણ બનાવવું જ પડે. પણ હા

હોય કે ન હોય અને તેથી ઋજુવાલુકામાં જઇને પ્રભુનું સમોસરણ બનાવવું પડયું. ત્યાં નથી સભા કે પર્ષદા. વળી મહાસેન વનમાં સમોસરણ કર્યું તે વ્યાજબી, કારણ ત્યાં ગણધરાદિની સ્થાપના થઇ. અહિં ઋજુવાલુકામાં સમોસરણની રચના થઇ તે વખતે સાધુ સાધ્વી કે શ્રાવક શ્રાવિકા નહોતા થવાના તે પ્રભુ જાણવા છતાં બેઠા કેમ? કહો કે તીર્થ પ્રવર્તે કે ન પ્રવર્તે તેમ જ સાધુ, સાધ્વી કે શ્રાવક કે શ્રાવિકા બને કે ન બને પણ તીર્થંકર થયા એટલે દેવોથી પૂજનિક બન્યા અને તેથી સમોસરણની રચના થાય જ. હીરો ઝવેરીના હાથે પડયો એટલે ચોપડે તો નોંધાય જ, તેમ અહિં કેવલજ્ઞાન થાય એટલે તીર્થંકરો દેવેન્દ્રોથી પૂજાય, અને તે નિયમિત પૂજાય. તેથી જેનું હંમેશા ધર્મમાં મન છે તેને દેવો પણ પૂજે છે તે કોની અપેક્ષાએ ? તીર્થંકરની અપેક્ષાએ. સંપૂર્ણ કેવલી થવા છતાં બિચારા ઉપાધિમાં ઘેરાયેલા હોય છે. જેમ અરણિક મુનિવર કેવલી થવા છતાં દેવોથી પૂજાયા નહિ. કેવલીઓ પૂજાય જ એવો નિયમ તો માત્ર તીર્થંકર માટે જ લેવાય. કોઇ પણ તીર્થંકર દેવોથી પૂજાયા વિના હોય જ નહિં. એટલે જન્માભિષેકથી લઇને યાવત્ મોક્ષ સુધી પૂજાય છે. તત્ત્વદૃષ્ટિવાળો વળી. "યથાસ્થિત૦" એટલે શાસન પ્રવર્ત્તાવવું, મોક્ષ માર્ગ પ્રવર્ત્તાવવો તેના અંગે પદાર્થોની યથાર્થ દેશના આપે. બીજાઓ કહે તે યથાસ્થિત નહિ અને તમે કહો તે પદાર્થો બધા યથાસ્થિત છે તેની ખાતરી શી ? વળી દરેક આસ્તિક નવે તત્ત્વોને માને છે. કોઇ પણ આસ્તિક જીવાદિ તત્ત્વોને માન્યા વિના રહી શકતો નથી, તો પછી તે યથાસ્થિત તત્ત્વવાદી નહિ અને તમે સાચા-બોલા એ શી રીતે ? બોલવામાં ફરક કેમ પડે છે ? જૈન શાસ્ત્રકાર જીવાદિ તત્ત્વો બોલે ત્યારે બીજાઓ પ્રમાણાદિ ને દ્રવ્યાદિદ્વારા તત્ત્વોને કહે છે. આમાં કારણ શું ? તો અભ્યંતર દૃષ્ટિ અને બાહ્યદૃષ્ટિ જીવાદિરૂપે ઓળખે તે અભ્યંતર દૃષ્ટિએ અને બાહ્ય દૃષ્ટિએ બોલે ત્યારે દ્રવ્યાદિ. એટલે ઇતરો ગુણનું વિવેચન કરતાં સ્પર્શાદિ કહેશે,

ત્યારે જૈનો સ્પર્શાદિ ગુણો બોલશે. એટલે જ્ઞાનાદિ ગુણો જે આત્માના સાધ્યરૂપ છે, તેને મુખ્ય રાખે છે. બીજાઓને આશ્રવ સર્વથા છોડવો, સંવર આદરવો તે પાલવનું નથી. તેનું નિરૂપણ જ નથી. ત્યારે જૈનોને આશ્રવ છોડવો, સંવર આદરવો વિગેરે પાલવે છે અને તેની પ્રરૂપણા સાચી ગણી. તેથી યથાસ્થિત રૂપે જીવાદિ તત્ત્વોની પ્રરૂપણા કરનારને દેવ. આવી રીતે બાળ કે મધ્યમબુદ્ધિએ અને બુધે પણ પરીક્ષા ત્રણ રૂપે કરી, છતાં બાળક ને મધ્યમ બુદ્ધિમાં ફરક કયાં પડે ? તો બાળક તો પ્રાતિહાર્ય હોય ત્યાં જ દેવ માને, પ્રાતિહાર્ય વિના દેવ ન જ માને, મધ્યમ બુદ્ધિવાળો શાંતરસાદિ જુએ ત્યાં જ દેવ માને. જ્યારે બુધ સર્વજ્ઞપણાદિને મુખ્યતાએ જુએ ત્યાં જ દેવ માને. બુધ ચાર મૂળ અતિશયોમાં આવ્યો. અપાયાપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશયાદિને તપાસે.

## ગુરુ અને ધર્મની પરીક્ષા.

આવી રીતે દેવતત્ત્વની પરીક્ષાને અંગે ત્રણે જણા જુદી રીતે તપાસે તેવી રીતે ગુરુતત્ત્વને અંગે ત્રણે જણા જુદી રીતે જ તપાસે. બાળક ગુરુપણું શામાં ગણે ? વેશ હોય, વિહાર કરતા હોય, ગોચરી લાવતા હોય, માસખમણાદિ તપ, પ્રતિક્રમણાદિ કરતા હોય કે લોચ કરાવતા હોય. આવો ત્યાગ જોઇને સાધુ તરીકે માને. જ્યારે મધ્યમ બુદ્ધિ જો કે એ દેખે, પણ સાથે બોલવા—ચાલવાની વ્યવસ્થા તેમજ ગોચરી લાવવામાં પણ વ્યવસ્થા છે કે નહિ ? એટલે પારિષ્ઠાપનિકા સમિતિ સાચવે છે કે નહિ, તેમજ મનોગુપ્તિ આદિ ત્રણ ગુપ્તિ પાળે છે કે કેમ ? અર્થાત્ આઠ પ્રવચન માતાને જોઇને મધ્યમ બુદ્ધિવાળો ગુરુ તરીકે માને. હવે બુધ—બાહ્ય ત્યાગને જરૂર માને, ઈરિયાસમિતિ આદિ પણ જુએ. એ બે હોવા માત્રથી માને એમ નહિ; છતાં શાસ્ત્રવચન માનવા સાથે ઉત્સર્ગ અપવાદને માનનારા છે કે નહિ. એ વિગેરે તપાસીને ગુરુ તરીકે માને. આવી રીતે ત્રણે જુદી જુદી દૃષ્ટિએ ગુરુતત્ત્વ માને, અને શાસ્ત્રકારે કહ્યું છે કે—સાધુઓએ

ત્રણે વાતો ધ્યાનમાં રાખવી. દેવને અંગે લિંગ, વર્તન અને તત્ત્વ; તેમ ગુરુ અને ધર્મને અંગે પણ સમજવું. ધર્મના લિંગમાં કહેવાય છે શું? અઢારે પાપસ્થાનકોનો ત્યાગ છે કે નહિ? વળી અધ્યયનાદિ છે કે નહિ? એમ જોઇને બાળક ધર્મને માને. વળી "જબ લગ ઘટમેં પ્રાણ" ત્યાંસુધી દયા પાળવી એમ નહિ, પણ દયાના સાધનો શા? કોઈપણ ધર્મમાં દયાના સાધનો નથી. ફક્ત જૈન ધર્મમાં જ દયાના સાધનો છે. રજોહરણ, મુહપત્તિ, કાંબળી, પલ્લાં વિગેરે. અરે! શ્રાવકને અંગે પણ ચરવળો, ગળણાં વિગેરે દયાના સાધનો છે. "જા બિલ્લી કુત્તેકુ માર," એમ બોલ્યા માત્રથી જેમ બનતું નથી, પણ પ્રથમ દયાના સાધન બતાવે, પછી જબ લગ ઘટમેં પ્રાણ બોલે તે યથાર્થ ગણાય. બીજે દયાના સાધન ન હોય અને તેની ક્રિયા ન હોય, પણ જૈનોમાં ઇરિયાસમિતિ આદિ સાધન હોય, તેમજ પાળવાના ઉપાયો હોય માટે જબ લગ૦ એમ બોલતાં વિચાર કરી લેવો. જ્યાં માત્ર વચનનું કથન છે, પણ સાધન, ઉપાય નથી તેને ધર્મ ન કહેવાય. હવે મધ્યમ બુદ્ધિવાળો સાધનાદિને તપાસે અને બુધ તત્ત્વ દ્વારા ધર્મને તપાસે. નિહ્નવો બધું રાખે છે. મહાવીરના સાધુઓ અને જમાલિના સાધુઓમાં ફરક શું? કહો કે તે પ્રતિક્રમણાદિ કરતા, તેમજ ગોચરી આદિ લાવવા સાથે આઠ પ્રવચન માતાનો વર્તાવ પણ કરતા હતા. આ બધું રાખતા છતાં ખાટલે મોટી ખોડ શી? **कडेमाणे कडे.** કર્યા પછી કર્યું કહે પણ કરાતું હોય તે કર્યું ન કહે. સ્થૂલ દૃષ્ટિવાળાને કર્યા પછી કર્યું કહેવું ગમે, પણ બારીક દૃષ્ટિએ વિચારે તો ખ્યાલ આવે કે સમય પછીની વાતોમાં શુભ પરિણામ આવે અને નિર્જરા થશે કે પરિણામ પૂર્ણ થયા પછી નિર્જરા થશે? કહો કે જે શાસ્ત્રકારનો સિદ્ધાંત છે કે બગડી ગયો. એટલે **जं जं समयंमि** જે જીવ જે જે સમયે શોક અગર અશોક પરિણામમાં આવે તે વખતે શુભ અશુભ કર્મોનો બાંધનાર છે. એટલે આખી નવે તત્ત્વની સ્થિતિ બગડી જાય. જાણવા

માંડયું તે વખતે જાણ્યું ન કહેવાય તો પછી બીજે સમયે દર્શન થયું. એટલે આખા કેવળજ્ઞાન અને દર્શનની સ્થિતિ પલટાઇ જાય. આઠ કર્મસહિત થાય તે વખતે મોક્ષ નહિ પણ બીજે સમયે મોક્ષ થાય એમ માનવા જતાં આખા શાસનની પરિસ્થિતિ બદલાય. હવે સમય જુદો લઇએ તો પછી કેવળજ્ઞાન કે દર્શનને લેવા ન પડે. અહિં બુધ પુરુષ તત્ત્વનો વાંધો પડે તો ન જ માને, કારણ તત્ત્વનો વાંધો આવ્યો. અહિં લિંગ કે વર્તનનો વાંધો નથી. આવી રીતે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણની લિંગ વૃત્ત અને તત્ત્વ દ્વારા તપાસ કરનાર બાળક, મધ્યમ અને બુધ હોય છે, આમ છતાં હરિભદ્રસૂરિજી એકલા ગુરુતત્ત્વને અંગે લિંગ, વૃત્ત અને તત્ત્વ છે કેમ કહે છે ? એટલે સાધુને અંગે કેમ કહ્યા ? જો હવે એકલા સાધુને અંગે હોત તો "**सद्धर्मपरीक्षकादि०**" એ પદ મૂકયું તે ન મૂકત, પણ સદ્ગુરુની પરીક્ષા કરનારા કરત. હવે પોતાને ઇષ્ટ ધર્મો અને ધર્મની પરીક્ષા આવી જાય અને તેની જ પ્રતિજ્ઞા કરેલી છે, છતાં ગુરુ માટે ત્રણ કહ્યા તેનું કારણ છે. જગતમાં ગુરુને આધારે જ દેવ કે ધર્મ છે. તમો એ જિનેશ્વરને દેવ શાથી માનવા લાગ્યા ? કહો કે તમને ગુરુએ શીખવ્યું. કદાચ શૈવ કે વૈષ્ણવને માનતા હોત તો તે ગુરુઓ મહાદેવને દેવ તરીકે મનાવત. દેવ અને ધર્મ એ બોલનારી ચીજો નથી. દેવ બોલનારા હોય પણ તેમની હયાતીમાં એ પોતાના ક્ષેત્રોમાં બોલે. પછી તો ગુરુઓ જ કહે અને તેથી **અધ્યાત્મકલ્પદ્રુમમાં મુનિસુન્દરસૂરિજીએ** કહ્યું-સર્વ તત્ત્વોને લાવનાર ગુરુમહારાજ છે. અને તેથી લિંગ, વૃત અને તત્ત્વપરીક્ષા ગુરુદ્વારા જ છે. તેના આધારે દેવ અને ધર્મ સમજાશે. તેમાં બાળકાદિ ગુરુતત્ત્વની પરીક્ષા શી રીતે કરે ? તે અધિકાર અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન ૫

## ધન, સ્ત્રી અને કુટુંબનું સ્વરૂપ

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મ૦ ભવ્યોના ઉપકારાર્થે અષ્ટકજી પ્રકરણને રચતાં થકા આગળ જણાવી ગયા કે "**बालः पश्यति लिङ्गं**" આ સંસારમાં સામાન્યરીતે ચોરાસી લાખ જીવાયોનિ કહેવાય, પણ ભ્રમણની અપેક્ષાએ ગણીએ તો સંખ્યાનો પાર નથી. સાત લાખ પૃથ્વીકાય કહ્યા પણ તેમાં કેટલી વખત આવ્યા તેનો પાર નથી. ચોરાસી લાખ જીવાયોનિ તે તે જાતિની અપેક્ષાએ છે. સાત લાખ પૃથ્વી આદિ સ્થાનો છે તેવી રીતે અનંતી પુદ્ગલપરાવર્તોની સ્થિતિ સુધી રખડયો છે. રખડતાં રખડતાં કોઈક ભવિતવ્યતાને યોગે બાદરમાં યાવત્ ત્રસમાં પણ મનુષ્યપણું પંચેન્દ્રિય સંજ્ઞિપણું યાવત્ ઉત્તમ કુળ આદિ સર્વ ભવિતવ્યતાએ આવ્યું પણ જેમ વરસાદનું કામ અનાજ પકવવાનું છે પણ રોટલો થઇ કોળિયો કરવાનું નહીં અર્થાત્ આગળ પ્રયત્ન ખાવાવાળાનો જોઇએ તેમ અહીં પણ મનુષ્યપણા સુધીની લાયક સામગ્રીએ મૂકયા તે કામ ભવિતવ્યતાનું હતું. હવે આપણું કામ છે તે શું ? મનુષ્યમાત્રનો સિદ્ધાંત સુખની ઇચ્છા. કોઈ પણ સ્થિતિમાં જીવનું સાધ્ય સુખ જ હોય છે. કુટુંબ કે ધનનું સાધ્ય હોય તો પણ પરિણામ તો સુખ જ સરજાયેલું હોય છે. એટલે સાધ્ય સુખનું જ હોય. તે માગે કેવી રીતનું ? ગળ્યું ખાતાં મુખ ચાકી જાય તો ખારું કે તીખું ખાવાની ઇચ્છા થાય પણ આ સુખને ભોગવતાં અનંતો કાળ વ્યતીત થવા છતાં તેના વળાંવિયા તરીકે સાથે કોઇને ઇચ્છો નથી. અરે ! લાગલાગટ સુખ ભોગવવાની વાચ્છા કરે છે અર્થાત્ સુખનો છેડો નથી. તેને આડો હાથ ન દેવાય, ભોજન પાણીમાં તો આડો હાથ દેવાય. ટાઢ તાપને માટે આડો હાથ ખરો પણ સુખમાં આડો હાથ નથી તેવું સુખ જોઇએ-એટલે દુઃખ ન

થાય તેવું. હવે તેવું સુખ છે ક્યાં તે વિચાર્યું? હીરાની ઇચ્છા હોય તો ખાણ તરફ જવું જોઇએ. પ્રથમ ખાણનો ખ્યાલ ન હોય તો હીરા ક્યાંથી મળે? દુઃખ ન થાય, નાશ ન પામે અને સંપૂર્ણ તેવું સુખ છે ક્યાં? સ્થાનના નિશ્ચય વિના ઉપાયનો નિશ્ચય કરે કોણ? ઉપાયના નિશ્ચય વિના પ્રવૃત્તિ પણ કોણ કરે? ધન માલ મિલકત આદિ જે દુનિયામાં મેળવે છે તેના માટે સર્ટિફિકેટ છે કે તે મૂકી જવાનું. તે (મૂકાવવા) રૂપે કાયદો આડે આવશે. જે કંઈ વસ્તુની પ્રાપ્તિ આ દુનિયામાં કરો તે સર્વ મેલી જવાનું, પણ લઇ જવાનું નહીં. ધનમાલરૂપ જે સુખનાં સાધનો તે તો મૂકી જવાનાં છે એટલે પાછા નિરાધાર બન્યા. વળી કહીએ છીએ કે "**द्रव्याणि तिष्ठन्ति गृहे**" એટલે કરોડો ભેગા કર્યા અને મમ્મણ શેઠ જેવાએ અબજો ભેગા કર્યા, છતાં રહે તો ઘરે. બે દિવસમાં કોઈની સાથે એવી મહોબ્બત થાય છે કે તે વળાવવા આવે પણ આ દ્રવ્ય તો મરતાં સમયે ઘરે જ રહે છે. જેની પાછળ તમોએ તમારી જિંદગી વેડફી નાખી છે. "આવજો" કહેવા પણ નથી આવતું. હવે તે જડ છે એટલે ન બોલે પણ ચેતન હોય તો વિચારને. તે માટે કહે છે કે "**नार्यो विश्रामभूमयः**" સ્ત્રી ચેતન છે એટલે તે પણ ચોક આવે કે પાછી વળે. ચકલાથી પાછી જ ફરે. સ્ત્રી સુખદુઃખની ભાગીદાર છે. આબરૂની ભાગીદાર તે નહિ પણ કુટુંબ છે. ખાવા પીવાની ભાગીદાર સ્ત્રી છે. "અમારું કુળ વંશ કે કુટુંબ" કહેનાર તો કુટુંબી જ નીકળે, પણ તે સ્મશાન સુધી જ આવે. હવે તે કોઇક આબરૂના—ભોગના ભાગીદાર છે પણ સુખ દુઃખના ભાગીદાર કોઇ નથી. અંગુઠો કપાય તેની વેદનાનું ફળ તો માત્ર શરીર જ ભોગવે. ધન, સ્ત્રી કે કુટુંબ ન લે.

શરીર તે જન્મથી જોડાયું અને મરણની છેલ્લી ઘડી સુધી રહ્યું અને છેવટે ચિતામાં બળી ગયું. બધામાં મતભેદો છે. એટલે પુણ્યપાપ માને અને ન પણ માને, પણ મેલવું એમાં મતભેદ નથી. નાસ્તિક પણ સમજે છે કે જે મેળવ્યું તે મેલવાનું જ છે. આપણે ધનમાલ કુટુંબ-

કબીલાના રહેવાના નથી તેમ તે પણ આપણા હમેશાં રહેવાના નથી. જિંદગીમાં જે પોતે કર્મો કરેલાં છે તેને અનુસારે જ જીવને જવું પડે છે. એટલે આવતી ગતિને માટે દોરનારો કોણ? એટલે શરીરભવ-ધન-માલ, કુટુંબ કે સ્ત્રી જુદાં પડશે તે વખતે આપણાં કર્મો જ આગળની ગતિ માટે દોરશે. કર્મો વિના કોઈ બીજું દોરનાર નથી. સર્વ મેલીને જવાનું છે. તેના ઉપર સુખની ઈચ્છા રાખી તે આ ભવ પૂરતી-જિંદગીના છેડા સુધી. પણ આગળ શું? કહો કે સુખ જોઈએ સર્વકાળનું અને સાધન મેળવે છે આ ભવનું, તો એ કેમ બને? તો સાધન એવું મેળવો કે સર્વકાળ માટે સુખ એક સરખું રહે. તે સાધન કયું? તો ધર્મની બેંક. જે આવતા ભવમાં જવાબ દેશે, ધન-માલ, કુટુંબ, સ્ત્રી આદિ પરભવમાં જવાબદાર નથી માટે ધર્મ જ પરભવમાં જવાબદાર છે અને તેથી લોકોની લાગણી ધર્મ પ્રત્યે થાય તો આશ્ચર્ય નથી અને તેથી આર્ય માત્ર ધર્મશબ્દ સાંભળી ખુશ થાય છે, ક્રોધે ભરાતો નથી. હવે ધર્મ આટલો વહાલો છતાં એક વાત ધ્યાન રાખવી કે જેમ વસ્તુ કિંમતી વધારે તેમ ઠગાઈનો ડર વધારે. હીરા, મોતી, સોના-ચાંદી સર્વ બનાવટી થયા પણ ત્રાંબું, લોઢું કે ધૂળ બનાવટી નથી થતાં કારણ કે કિંમતી નથી. જેની કિંમત વધારે હોય તે વધારે બનાવટવાળું હોય. હવે અહિં ધર્મ કિંમતી છે. કિંમતી કેમ? તો પૈસાની ત્રણ પાઈઓ હોય તો તેમાં કિંમતી પૈસો જ ગણાય, કારણ એકથી અનેક થયો તેમજ રૂપીઆના આના-માં-રૂપીઓ કિંમતી. જેનાથી વધારે મળે તે વધુ કિંમતી ગણાય, તેમ અહિં પણ આ ધર્મ એ મનુષ્યપણું, પંચેન્દ્રિયપણું, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, જાતિ, ધનમાલ, સ્ત્રી કુટુંબ અને તમામ સુખની સામગ્રી મેળવી દે એટલે તે ધર્મને પછી કિંમતી કહેવો જ પડે. હવે જેના-થી અનેક વસ્તુ મળતી હોય તે મૂળ વસ્તુ કિંમતી લેખાય. સામાન્ય દૃષ્ટિએ વિચારીએ તો પણ ધર્મ કિંમતી લાગ્યા વિના ન જ રહે. હવે ધર્મ જ પરભવમાં સાથે આવનાર અને તે ધર્મ જ ભવોભવ માટે

બેંકરૂપ છે. હીરામાં જેટલો દગો ન હોય તેનાથી વધુ દગો ધર્મમાં રહેલો છે, કારણ તેની કિંમત સર્વશ્રેષ્ઠ છે. પાઇમાં ઠગાયા તો પાઇ ગઇ. પૈસા આના કે રૂપીઆમાં ઠગાયા તો તેટલું જ નુકશાન પણ ધર્મમાં જો ઠગાયા તો ભવોભવનું નુકસાન થાય. શાકમાં ઠગાયા તો દિન પણ બાયડીમાં ઠગાયા તો જિંદગી બગડે પણ ધર્મમાં ઠગાયા તો ભવોભવ બગડે. ત્યારે કરવું શું ? તો ધર્મની પરીક્ષા કરવી. હવે શાકભાજી, કાપડ કે દાગીના લાવવા માટે બીજાને ભળાવે. પણ મોતી જેવી કિંમતી વસ્તુ લાવવાની હોય અને ઠગાવાનું જણાતું હોય તો પોતે જ જાય. જ્યારે પાઇ પઇસો કે રૂપૈયા ઠગાવાનું હોય તો સાવચેત થઇએ છીએ તો જેનાથી ભવોભવ સુધી ઠગાવાનું થાય તો પરીક્ષા કરવી જોઇએ. હરિભદ્રસૂરિજી કહે છે કે-ધર્માર્થી પ્રાણીએ સૂક્ષ્મ બુદ્ધિએ ધર્મને તપાસવો જોઈએ. **સૂક્ષ્મબુદ્ધ્યા સદા જ્ઞેયઃ** હીરામોતી પારખવામાં જે બુદ્ધિ રાખો તેના કરતાં પણ અતિ સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મને જાણવો જોઇએ. શા માટે ? કારણ ભવિતવ્યતા સારી હશે તો ધર્મ સારો મળશે અને ભવિતવ્યતા વાંકી હશે તો ખરાબ પ્રાપ્ત થશે. વળી સારો મળવા છતાં ભવિતવ્યતા વાંકી હશે તો પાછો ખરાબ પ્રાપ્ત થશે, માટે ભવિતવ્યતા ઉપર જ આધાર રાખવો તો કહે છે કે નહિં. ભવિતવ્યતાનું કામ તો યોગ્ય સ્થાને પહોંચાડી દેવું. પછી પ્રવૃત્તિ જીવે પોતે કરવાની છે. યથાપ્રવૃત્તિકરણ સુધી ભવિવ્યતતા પણ અપૂર્વકરણ તો આત્માના ઉદ્યમ સિવાય બને જ નહિં. અપૂર્વકરણ ભવિતવ્યતાને ન જ બનાવે. પછી અનિવૃત્તિકરણ તો ભવિતવ્યતાને બનાવે જ ક્યાંથી ? તે સર્વ પુરુષ પ્રયત્નનાં કાર્યો છે. તમે માનો છો કે ભવિતવ્યતા અનુકૂળ થશે પણ તેમ નહિં બને.

## બુદ્ધિ વિના ધર્મના પરિણામ છતાં અધર્મ થશે.

સૂક્ષ્મબુદ્ધિએ ધર્મને તપાસો. હવે 'ક્રિયાએ કર્મ' અને 'પરિણામે ધર્મ.' અહિં અમારા પરિણામ ધર્મના હશે એટલે કર્મબંધ નહિં થાય ને ? શાસ્ત્રકાર કહે છે કે—જો પરિણામ કામ નથી લાગતા તો આ

વાકય અનુપયોગી છે ? તો ના, છે તો ઉપયોગી, પણ પ્રસંગે. જેમ કોઇક આકસ્મિક યોગે જીવહિંસા થાય ત્યારે પરિણામ સારા હતા તેથી કર્મબંધ થાય પણ ધર્મ જ ગણાય. હવે કોઇક જીવને મારવાના હિસાબે વિષ આપ્યું પણ તેના શરીરમાં રોગ હતો અને તેથી બચી ગયો, પણ અહિં આકસ્મિક યોગે બન્યો છે, છતાં તે ધર્મ ન ગણાય, પણ કર્મબંધ જ ગણાય. આકસ્મિક યોગે "ક્રિયાએ કર્મ" અને "પરિણામે બંધ" એ વાકય સર્વ જગે આગળ કરાય તો મુસ્લીમો ગાયની કતલ કરે તે પણ ધર્મ ગણાય. અહિં તેના પરિણામ તો ધર્મના ગણાય, છતાં ધર્મ ન જ ગણાય. તેમ ધાગાપંથીઓ બકરા કે ઘોડા ગધેડાના હોમો કરે, તેથી પરિણામ તો ધર્મના છે, છતાં તે ધર્મ ન જ ગણાય. આવા વિચારો ઉપર ધોરણ નહિં રાખવું પણ સૂક્ષ્મબુદ્ધિએ ધર્મને તપાસવો. હવે જો નહિં તપાસીયે તો ફલ નહિં મળે ને ? તો ના. બુદ્ધિ ધર્મની હોવા છતાં એ પ્રમાણે વર્તવાથી ધર્મનો નાશ થશે. બીજી રીતે ધર્મની બુદ્ધિએ રહેલા છતાં ધર્મનો નાશ ડગલે ને પગલે થશે તે કેવી રીતે બનશે ? ત્યારે **હરિભદ્રસૂરિજી મહારાજે** બે દાખલા આપ્યા છે. તેમાં એક એ છે કે–કોઇક રાજા મહારાજા છે. તે જંગલમાં ગયો છે. ત્યાં કોઇક ગરીબ ભૂખ્યો તરસ્યો ભટકતો હતો. તે ગરીબને સાધન મળ્યું છે તેવામાં પેલો રાજા હતો તેને દેખ્યો પણ તે મૂર્ચ્છાગત હતો. અન્તે ભટકતાં ભટકતાં એક વખત ગરીબને રાજાએ વાઘવરૂથી બચાવ્યો. અહિં ગરીબે વિચાર કર્યો કે–જગતમાં અનાજ એ ખાવાની ચીજ ખરી પણ ઉપકાર તો વાળવાની ચીજ છે, ખાવાની નથી. હવે આ રાજાનો ઉપકાર શી રીતે વાળું ? કારણ આ તો છે રાજા. હવે તેણે વિચાર કર્યો કે–કોઇક ભવિતવ્યતાએ આ રાજા પદભ્રષ્ટ થઇ ગરીબપણે જંગલમાં રખડે અને હું રાજાની સ્થિતિમાં આવી તેને ઉપકાર કરું તો, સરખો ઉપકાર વળે. અહિં આવા વિચારવાળાને હિતચિંતક ગણવો ? જો કે દૃષ્ટિ તો ઉપકારની છે પણ ઉપકારની જગ્યા અહિં

અપકાર વિચારવામાં કંઈ કમીના છે ? અહિં અહિતચિંતનનો પાર નથી. કેમ ? બારીક બુદ્ધિ નથી. યાને તીર્થંકર મહારાજે આપણને ધર્મ આપ્યો છે પણ તેમનો ઉપકાર વળે શાથી ? ફરી પાછા તે સંસારમાં આવે, રખડતા થાય અને હું ધર્મ સ્વરૂપ બની તીર્થંકરપણે થઇ દેશના આપું તો બદલો ઉપકારનો વળે. અહિં પણ વિચાર ઉપકારનો બદલો થવારૂપ છે, પણ દૃષ્ટિમાં અપકારનો પાર નથી. હવે એક આચાર્ય વિહાર કરતા ગામમાં ગયા છે. ત્યાં વ્યાખ્યા ચલાવી છે કે-એક જ્ઞાન એવી ચીજ છે કે અપ્રતિપાતી છે. સમર્થ જ્ઞાનીએ એમ વિચાર્યું કે હું ક્યાં આ ભણ્યો ? આ તો ચૌસપરોણો બધા કરે છે. આ વિચારથી બીજા ભવે જ્ઞાનનો છાંટો ન આવ્યો અને મૂર્ખ બન્યા. અપૂર્વ શ્રદ્ધાવાળા હોય, ચારિત્ર પણ પ્રતિપાતી હોય છતાં અગીઆરમા ગુણઠાણેથી પડી જાય. અપ્રતિપાતિ કોઇ ગુણ હોય તો વૈયાવચ્ચ છે. વૈયાવચ્ચ કર્યા પછી તેનું ગર્હણ, નિંદન કરે તો પણ તેને તો તેનું ફલ મળ્યા વિના ન જ રહે, અભિમાને જ્ઞાન જાય. ક્રોધે તપનું ફળ જાય પણ વૈયાવચ્ચનું ફળ તો અભિમાને ક્રોધે કે માયાથી પણ ન જાય, તેનું ફળ તો જરૂર મળે, મળે ને મળેજ, એટલું જ નહિ પણ ભગવાન મહાવીર મહારાજ ગૌતમને જણાવે છે કે—જે બીમાર સાધુની માવજત કરનારો તે જ મને માનનારો, અને મને માનનારો તે અવશ્ય માંદાની માવજત કરનારો હોય જ. હવે ચક્રવર્તી દુનિયામાં શૂરવીરમાં શૂરવીર, પણ તેને ચૂરી નાંખવાની તાકાત કોનામાં ? કહો કે બાહુબલજીમાં. પણ બાહુબલજીમાં એ તાકાત શાથી ? કહો કે વૈયાવચ્ચના પ્રભાવે. અહિં જો કે ચક્રવર્તીપણાના પ્રભાવે મૂઠી પડી નહિ, અને કદાચ ઉપાડતાંની સાથે જો પડી હોય, તો ભરત અને ચક્ર બન્નેનો ઘાણ વળી જાત. અહિં આવી તાકાત વૈયાવચ્ચના ગુણે જ મળી છે. હવે આવી રીતે વ્યાખ્યા કરી ત્યારે કોઈક ભદ્રિકે પચ્ચકખાણ માગ્યાં કે મારે વૈયાવચ્ચ કરવી,

અહિં ગુરૂ આપે અને પેલો પચ્ચકખાણુ લે. એટલે ઉપાશ્રય ઘણા હોય, સાધુની જોગવાઇ હોય એટલે સ્હેજે લાભ મળે, પણ કોઇક દિન એવો આવ્યો, કે જ્યાં કોઈ માંદો જ નહિં. સાધુ અહિં વિચારે છે કે આચાર્ય મહારાજે વૈયાવચ્ચનું ફળ કેટલું બધું બતાવ્યું હતું, મારો ઉત્તમ અભિગ્રહ પણ છે, છતાં કોઇ સાધુ માંદો ન પડયો. અહિં બુદ્ધિ વૈયાવચ્ચની હોવા છતાં કોઇ સાધુ માંદો ન પડયો અને તેથી હું નિર્ભાગી છું. " **अहो मेऽधन्यता** " એમ બોલે છે. અહિં સાધુ માંદા ન થયા તેથી પોતાનું વાંછિત ન થયું. એટલે વૈયાવચ્ચનો વખત ન મળ્યો. અહિં આની બુદ્ધિ વૈયાવચ્ચની એટલે શ્રેષ્ઠ અભિગ્રહ પાળવાની, છતાં શાસ્ત્રકાર તેને અધર્મ જ કહે છે. કારણ બીમાર સાધુ થાય તેમાં પોતાનું ભાગ્ય માને છે. અહિં ધર્મની બુદ્ધિ છતાં ધર્મનો-જ નાશ થાય છે. હિંદુઓ બીજાને મારે ત્યારે ધર્મનું કામ સમજે પણ થાય છે અધર્મ. કેમ ? તેથી કહે છે કે-**જો તમને ધર્મની ઇચ્છા હોય તો ધર્મને બારીક બુદ્ધિથી જોવો પડશે.** બુદ્ધિ ધર્મની છતાં ધર્મનો નાશ કરનારા થશો. આ ઉપરથી એ નક્કી કર્યું કે-ધર્મના અર્થીઓએ ધર્મની પરીક્ષા કરવી જોઇએ. ધર્મ તે રખડતી ચીજ નથી કે વગર પરીક્ષાએ તે આવી જાય. વળી **ધર્મબિન્દુ**માં પણ લખ્યું છે કે-ધર્મની પરીક્ષા કરીને ગ્રહણ કરવો. ધર્મની પરીક્ષા કરવામાં, જીવો બધા એક સરખા હોતા નથી. કેટલાકો બાળક જેવા લિંગદ્વારાએ પરીક્ષા કરે. મધ્યમો વર્ણનથી અને તત્ત્વોદ્વારાએ બુધ લોકો પરીક્ષા કરે. એટલે પરિણામ, તત્ત્વ અને ભાવનાએ ધર્મની પરીક્ષા પંડિતો કરે. આ કંઈ ધ્યાનમાં ઉતર્યું નહિં, કારણ આ આખું શાસન લિંગઉપર જ આધાર રાખીને બેઠેલું છે. ભગવાન્ ઋષભદેવજી 'સો 'એ પુત્રોને સો રાજ્યો આપીને વિહાર કરતા ભિક્ષાને માટે ભમે છે, છતાં કોઇ ભિક્ષા નથી આપતું. હવે તેમની સાથે ચાર હજાર સાધુ હતા, તે ભિક્ષા નહિં મળવાથી એક જ વર્ષમાં બધા ખસી ગયા અને તાપસો થયા. છતાં શ્રેયાંસે, ભગવાન્ ઋષભદેવ-

જીને પારણું કરાવ્યું તેમાં હેતુ શો ? પારણામાં તે સમજ્યો. શી રીતે ? કહો કે ભગવાન્ ઋષભદેવજીનો બાહ્યત્યાગ કે ચિન્હ દેખીને તેણે વિચાર્યું અને તેથી જાતિસ્મરણ થયું. પછી સાધુ આચાર જાણ્યો અને રસ વહોરાવ્યો. આ સર્વની જડ બાહ્યલિંગ છે. આ શાસનમાં જે દાનાદિ ધર્મો સાધુપણાની લાઇનના પ્રવર્તાવ્યા છે તે બાહ્યલિંગના પ્રતાપેજ. વળી શાસન કહે છે કે-તત્ત્વ હોય પણ બ્હારનાં લિંગ ન જણાતાં હોય તો માનવા નહિ. જેમ ભરત મહારાજને આરિસા ભુવનમાં કેવળજ્ઞાન થયું. ઇંદ્રો દેવલોકમાંથી આવ્યા છતાં વંદન ન કર્યું. અહિં કેવળજ્ઞાન જેવી તાત્ત્વિક દશા છતાં બ્હારના ત્યાગનાં ચિન્હો ન હોવાથી વંદન ન કર્યું. અને મુખે જણાવ્યું કે, તમો ત્યાગ કરો તો જ વંદન કરું. જ્યાં સુધી ત્યાગ ન કરો ત્યાં સુધી વંદનને લાયક નથી અને હું પણ વંદન કરવાને લાયક નથી. અહિં બાહ્ય લિંગને શાસ્ત્રકારોએ કેટલું બધું પ્રાધાન્ય આપ્યું ? કહો કેવળજ્ઞાન છતાં પણ બ્હારના ત્યાગ વિના ન જ માન્યા. તેમ શ્રેયાંસકુમારનું તીર્થંકરના ત્યાગધર્મ પ્રત્યે લક્ષ ગયું. પછી જ જાતિસ્મરણ થયું અને દાન ધર્મ પ્રવર્ત્યો. ન્યાયની દૃષ્ટિએ વિચારીએ તો સાધ્ય હોય ત્યાં સાધન હોય, ન પણ હોય; પણ સાધન હોય ત્યાં સાધ્ય હોય જ. અનુમાનની દૃષ્ટિએ વિચારશો તો ધૂમાડો હોય ત્યાં અગ્નિ જરૂર હોય પણ અગ્નિ હોય ત્યાં તો ધૂમાડો હોય કે ન.પણ હોય. જેમ લાકડા છાણાના અગ્નિમાં ધૂમાડો હોય પણ લોઢાના અગ્નિમાં ધૂમાડો ન હોય. તેમ અહિં સમ્યક્ત્વ હોય ત્યાં પ્રશમાદિ ચિન્હો હોય અને ન પણ હોય, પણ પ્રશમાદિ હોય ત્યાં સમ્યક્ત્વ જરૂર હોય એટલે સાધન કે હેતુ હોય ત્યાં સાધ્ય જરૂર હોય. હવે સાધનં દ્વારા સાધ્યને માનનારાને તમો બાળક શા રીતે કહો છો ? સાધ્ય શિવાય સાધન હોતું નથી. નિયમ હોવા છતાં બાળકપણું કેમ ? પણ અમે એકલા લિંગ દ્વારાએ બાળક કહીએ છીએ એમ નહિં, પણ દૃષ્ટિ પ્રધાન છે, એટલે શ્રેયાંસકુમાર એકલા દેખવા માત્રથી દાન નથી

આપ્યું, પણ વિચાર્યું અને જાણ્યું. પછી દાન ધર્મ શરૂ થયો. ત્યાગ તો બાર માસથી લોકોએ દેખ્યો હતો પણ કોઇએ દાન ધર્મ ન પ્રવર્તાવ્યો. પણ કહો કે વિચાર અને પરીક્ષાને અવકાશ બીજાને નહોતો મળ્યો, તે વિચાર અને પરીક્ષાનો અવકાશ તો શ્રેયાંસને જ મળ્યો. તેમ અહીં ઇંદ્રમહારાજે ત્યાગ માટે ભરતને કહ્યું. હવે અહિં ભરત પાસે ઇંદ્ર આવ્યા કેમ? અને દીક્ષાદિની વિનંતિ કરી કેમ? કહો કે બાહ્ય ત્યાગરૂપ તત્ત્વદૃષ્ટિ ધ્યાનમાં છે. માટે વિચાર વગરના બાહ્ય ત્યાગ ને નથી જોતા. હવે બાલક માત્ર દેખે અને તેથી **पश्यति** કહ્યું, અને તેથી વિચાર કે પરીક્ષા બાલકને ન હોય. દુનિયામાં ન્હાનાં બચ્ચાં ઢીંગલીને મારી છોડી કે બ્હેન કહી ઉપાડી ફેરવે. માત્ર અહિં બાહ્ય આકારને જ જોઇને ફેરવે છે. જીવન કે પ્રાણ જોતાં નથી. તેમ ધર્મની પરીક્ષામાં જેઓ બાહ્ય ત્યાગને તત્ત્વ તરીકે ગણીને તેના આધારે વિચાર અને પરીક્ષા કરનાર હોય તે જ બુધ ગણાય, પણ જેઓ વિચારપરીક્ષા કર્યા વિના માત્ર બાહ્ય લિંગને જ જુએ તે બાળક. સાધન દ્વારાએ સાધ્યનો નિશ્ચય કરનારો છે તેને બાળક કેમ? અન્વયવ્યતિરેક વ્યાપ્તિ વિચારી અને કાર્યકારણ ન વિચાર્યાં તેથી થયું શું? ધૂમાડો છે એટલે અગ્નિ છે એટલો વિચાર તો ખોટો નથી ને! વાત સાચી. પણ હવે ચિન્હો બે પ્રકારનાં છે. એક અભ્યંતર બીજું બાહ્ય. અભ્યંતર કયા? જેમ રાજાના રાજ્યની પ્રાપ્તિ અને સંચાલન શકિત તે અભ્યંતર અને છત્ર ચામરાદિ તે બાહ્ય ચિન્હ. નાટકીયામાં પણ બાહ્ય ચિન્હ હોય તેથી રાજા ન ગણાય. તેમ અહિં ધર્મમાં પણ અભ્યંતર ચિન્હો હોય છે. જે વિચાર કે તત્ત્વરૂપ અભ્યંતર ચિન્હ ન જુએ, તે માત્ર બાહ્ય ચિન્હ જુએ તે બાળક. જેમ ગૌતમસ્વામીજી બહારથી ધમધમી પ્રભુ વીર પાસે આવ્યા ત્યાં ગૌતમ એ શબ્દ કહ્યો તે શાથી? દુનિયા જાણે છે. માત્ર અહિં શંકાનું જ્ઞાન થાય તેથી પ્રભુ વીરના સર્વજ્ઞપણાનો નિર્ણય કરે છે. તેથી બાલક ગણવાને? કયા લિંગ દ્વારાએ બાળક? બાહ્ય લિંગ દ્વારા. રાજાના અંગે બાહ્ય

અને અભ્યંતર ચિન્હો હોય છે. તેમ અહિં બાલક તેનું નામ કે જે દેખવા માત્રથી સાધ્ય માને. તે બાહ્ય લિંગ દ્વારા જુએ, વિચાર કે પરીક્ષા ન જ કરે માટે બાલક. અહિં બાહ્ય લિંગ લેવું છે તે ધર્મ સાથે સંબંધવાળું નથી. મધ્યમ કે બુધ કેવી રીતે ધર્મને માનનારા હોય તે અગ્રે વર્તમાન.

---

# વ્યાખ્યાન ૬

## આપણે જેલમાં કે મહેલમાં!

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી** મ. ભવ્ય જીવોના ઉપકારાર્થે ષોડશક પ્રકરણની રચના કરતા થકા આગળ જણાવી ગયા કે "**बालः पश्यतिःलिंगं**" આ સંસારમાં જીવ સ્પર્શ, રસ, રૂપ, ગન્ધ અને સારા શબ્દોવાળા પદાર્થોની પરીક્ષા કેઇ કાળથી કરતો આવ્યો છે. જ્યારે જ્યારે તિર્યંચ પંચેન્દ્રિય થયો કે સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય થયો ત્યારે સારાસારા સ્પર્શાદિને ખોજતો રહ્યો છે, પણ પોતાની તપાસ કરી નથી. દુનિયામાં આંખ રત્ન ગણાય પણ તે કમનસીબ ગણાય છે. કારણ તે આંખ આખા જગતને જુએ પણ પોતાને ન જોઈ શકે. પોતાની આંખમાં રતાશ હોય છતાં તે આરિસો લે તો જ જોઈ શકે, નહિં તો નહિં. હવે પોતાનું કાળું ધોળું જે ન જોઇ શકે અને દુનિયાની તમામ પ્રત્યક્ષ થતી વસ્તુઓને જોઈ શકે છે તેથી આ જીવ, દરેક ભવમાં કમનસીબ રહ્યો. કારણ જન્મ્યો ત્યારે "મા, મા", જરાક મોટો થયો ત્યાં "ગોઠીયા," અને તે પછી વ્યાપારમાં જોડાયો કે ગોઠીયાને વિસાર્યા અને છેવટે કુટુંબકબીલામાં માચતાં યાવત્ છેલ્લી ઘડીયે "હું જીવું" એ આશા રહે. છતાં તે જીવ પોતાને જોવાવાળો ન થયો. દરેક ભવમાં બીજી ત્રીજી ચીજોને

એટલે પૌદ્‌ગલિક પદાર્થોને જ જુએ છે. હવે પોતાને જોતો નથી. હવે પોતાને જોઈ શકે ક્યારે ? ધર્મિષ્ટ થાય તો જ પોતાને જોઇ શકે. હવે અહીં ધર્મિષ્ટ પ્રથમ થવું જોઈએ. ગણધર મહારાજા **સુધર્મસ્વામીજી**એ જ્યારે અંગોની રચના કરી ત્યારે પ્રથમ **આચારાંગ**ના પ્રથમ શ્રુતસ્કંધનું પ્રથમ સૂત્ર રચ્યું. હું બીજેથી આવીને અહિં ઊગ્યો એ ખ્યાલ ધરાવવાવાળા જીવો બહુ જ ઓછા છે. હવે કેદ અને મહેલમાં ફરક કેટલો ? કેદમાં જગતને જોવાનું ન હોય. જો કે તેમાં ઓરડા–ઓરડી, બારી–બારણા સર્વ હોય, છતાં જગતની સાથે વ્યવહાર ન હોય. અને જ્યાં જગતની સાથે વ્યવહાર હોય તેનું નામ છૂટાપણું અને તે જ મહેલ કહેવાય. હવે આ આખું જગત્ જન્મમરણની ભીંતના વચ્ચે કેદ થયેલું છે. તે ફક્ત જન્મમરણના આંતરાને જ દેખે છે. જાનવર હોય કે મનુષ્ય હોય તે આગળનો વિચાર કરે પણ તે મોત સુધીનો. પરભવમાં શું થશે તેનો વિચાર જગતમાં કોઈ નથી કરતા. જુવાનીના–ઘડપણના આદિ સર્વ વિચારો કરાય પણ તે જન્મમરણની ભીંત વચ્ચેના સમજવા. તેની બ્હારના વિચારો આવ્યા નથી અને આવતા નથી તે માટે **સુધર્મસ્વામીજી**એ ઢંઢેરો પીટ્યો કે–જો તમો કેદી તરીકે ન હો, સદ્‌ગૃહસ્થ તરીકે હો તો બ્હાર જવાની છૂટ, અર્થાત્ કર્મરાજાની કેદમાં ન હો તો જન્મમરણની ભીંતની બ્હાર જુઓ ! એટલે અહિં હું ક્યાંથી આવ્યો ? અને હવે મરીને પછી હું ક્યાં જઈશ આવી રીતે જે જુએ તપાસે તે જ જાણકાર. આવાને **સુધર્મસ્વામીજી** જાણકાર કહે છે. જન્મમરણના પહેલાંની સ્થિતિ ઉપર જેની દૃષ્ટિ જાય તે જ જાણકાર. સ્થળનો નિશ્ચય ન થાય એ કબૂલ, પણ બીજા ચિહ્નોથી માણસ જાણી જોઈ શકે કે હું આ ગતિમાંથી આવેલો છું અને અમુક ગતિમાં જનારો છું. આ વિશેષ જ્ઞાન ભલે ન હોય પણ આટલું જ્ઞાન તો જરૂર હોવું જોઇએ કે હું ક્યાંથી આવેલ છું, અને ક્યાં જવાનો છું ? અરે ! અહિં ભાડુત તરીકે આવેલ છું.

## ભાકુત જીવે ભાડે રાખેલો પ્લોટ

આ જીવનું કમનસીબ છે કે આવું ભાડે રાખે છે. કર્મરાજાએ આપણી પાસે ભાડાચીઠ્ઠી લખાવી છે કે હું જે પ્લોટ આપું છું તેમાં મારા આપેલા નકશા પ્રમાણે મકાન કરવું. વળી દરેક ક્ષણે, દિવસે કે મહિને તેને વધારવું ને સમારવું. જો ગફલત થાય તો દંડ તરીકે વસુલ કરવું, અને તે જીવને ન જણાવવું. વળી ભાડાચિઠ્ઠી પૂરી થાય કે ખાલી કરાવું અને નોટીસ પણ ન આપું. વળી પછી તું ચ્હાય જેટલું વધારે ભાડું આપે તો પણ તને ત્યાં તો ન જ રહેવા દઉં. આવી શરત પ્રમાણે કર્મરાજા આપણને પ્લોટ આપે. નોટીસમાં તો અઠવાડિયા પંદર દિનની મુદત કે મર્યાદા હોય. પણ અહિં તો જે સમયે કહું તે સમયે ખાલી કરવાનું. વળી તેનો રાજકબાલો જે કંઈ સગવડો ઊભી કરી હોય તેના ઉપર તમારો હક્ક નહિ. આવી રીતનો પ્લોટ તમને ભાડે આપવાનો છે. હવે જો આવો પ્લોટ સરકાર પાસેથી લેવાનો હોય તો કોણ કબૂલ કરે? કહો કે કોઇ ન નીકળે, છતાં આ જીવ નીકળ્યો છે. એટલે આ જીવ માતાની કૂખરૂપ પ્લોટમાં રહ્યો છે. ક્ષણે ક્ષણે વધારે અને નવું બનાવે. આયુષ્ય તો પ્રથમથી જ બાંધેલ છે. એટલે ભાડું તો પ્રથમથી જ ભરવાનું છે. વળી તે આયુષ્ય પૂરું થવાનું છે તે જાણવાનું નહિં પણ જે ક્ષણે પૂરું થાય તે જ ક્ષણે નીકળવાનું. આ શરીરના અંગે જે પાપસાધન કર્યું હોય અને જે રસાલો કે કુટુંબ સામગ્રી વસાવી હોય તે લેવાનું નહિં. અરે! તમારો હક્ક નહિં. આવો પ્લોટ સરકાર આપવા માંડે તો દુનિયામાં કોઈ ન લે, છતાં અહિં મકાન લીધું છે તો હવે કંઇક સાર્થક તો કરવું જોઇએ ને? જેમ રેલ્વેનાં ભાડાં ખરચીએ છીએ તે શાને માટે? બીજા મોટા વ્યાપારોમાં ફળ દેખીએ છીએ માટે. તેમ અહિં મનુષ્યપણામાં આવું ભારે શરીર મળવા છતાં જો એક ફળ મેળવે તો જરૂર તે સફળ છે. કયું ફળ મેળવે એમ સુધર્મસ્વામીજી પૂછે છે? તો બહાર દૃષ્ટિ કરવી તે. બહાર તે ક્યાં? તો જન્મની પહેલાં અને મરણની આગળ જે દૃષ્ટિ

કરે તે જ ભાગ્યશાળી. આવી રીતનું બ્હાર આચારાંગના પહેલા અધ્યયન પ્રથમ ઉદ્દેશ, પ્રથમ શ્રુતસ્કંધ અને પહેલા જ સૂત્રમાં જણાવે છે. હવે આપણી ચીજ હોય અને તે ખોવાઇ ગયેલી છે, પણ તે કોઇને જડેલી માલમ પડે તો પછી લીધા વિના ન જ રહીએ. માલમ ન પડે તે વાત જુદી, પણ મારી છે એમ માલમ પડી એટલે તો લેવાની જ. તેમ અહિં અગ્નિ જાણ્યા પછી તેના ઉપર કોઈ પગ નહિં જ મૂકે. કારણ તેનાથી બળવાનું જ છે માટે, તેમ અહિં **સુધર્મસ્વામીજી** કહે છે કે–જન્મમરણની ભીંતની બ્હાર જાઓ અને જુઓ તો બસ છે. જેમ જાણ્યા પછી અગ્નિ ઉપર પગ મૂકવો મુશ્કેલ છે તેમ અહિં જન્મતા પહેલાંની સ્થિતિ, મરણ પછીની સ્થિતિને જો જાણો તો તમો ધર્મ કર્યા વિના અને પાપથી દૂર ખસ્યા વિના રહો નહિ. અગ્નિ જાણ્યા પછી બીજો માણસ હાથ નાંખવા જાય તો પણ ખેંચી લો. તેમ પોતાનો દાગીનો પાછો મળતો હોય તો લેવા કેટલા ઉત્સુક બનો છો ? અહિં જન્મમરણની દીવાલની બ્હાર દૃષ્ટિ ગઇ એટલે પાપથી ડરવાના અને ધર્મ કરતા થશો. જો જોવાનું ન બને તો કંઇ ન થાય. જેમ કેદખાનાના કેદીઓ ભેગા બેસીને ખાય, ઉઠે, બોલે–ચાલે તેના જેવું સમજવું. જે જન્મની કે મરણની ભીંતથી બ્હાર જુએ, તેનો આત્મા કોઇ પ્રકારે પાપથી બંધાશે નહિં અને ધર્મનું આચરણ કર્યા વિના રહેશે નહિં. દુનિયામાં વૈરાગ્યની વાતો બધા કરે છે. પણ એક જ વૈરાગ્યનો શબ્દ ગોખી રાખે તો વૈરાગ્યની ખરી જડ સમજાય. જડ શી ? જવું. ક્યાં ? એટલે જ આગલા ભવમાં જવું છે એટલું નિશ્ચિત રાખો તો તે ખરેખર વૈરાગ્યનું સ્થાન છે. જન્મમરણની ભીંતમાં કાણું રાખીને જોતાં શીખો, અને હું આવ્યો તે જવાનો છું આવો નિશ્ચય કરો તો તમો કોઈ દિન દેવ, ગુરુ અને ધર્મને વળગ્યા સિવાય રહેશો નહિ, પણ તેમાં કેટલાક બાળબુદ્ધિવાળા, કેટલાક મધ્યમ બુદ્ધિવાળા અને કેટલાક વિચક્ષણો હોય છે. બધા બાળકો કે બધા વિચક્ષણો હોતા નથી. જેમ માતાને ૯–૧૩-૨૩ વર્ષના

છોકરા હોય છતાં બધાને પાળવા પડે. ૨૩ વાળાએ જેમ પીરસેલી થાળી ફેંકી દીધી હોય છતાં તેને સમજાવીને ખવરાવે. તેરવાળો હોય કે ત્રણુવાળો હોય છતાં પોષણુ કરવું એ જ માતાની ભાવના હોય. જેઓ આત્મકલ્યાણુની ભાવના રાખે તે (તીર્થંકરો) તો દરેકનો ઉદ્ધાર કરવાની ભાવનાવાળા હોય "એ આત્મતત્ત્વ સમજવું હોય તો સમજો, ન સમજો તો કંઇ નહિ" એવી રીત અખત્યાર કરવી તે મને ન પાલવે. એટલે. બાળ, મધ્યમ કે વિચક્ષણુમાંથી જે કોઈ હોય તે દરેકને ધર્મમાર્ગે જોડવા અને ધર્મ પમાડવા શાસ્ત્રકારો કટિબદ્ધ રહે છે, અને તેથી ત્રણે ચીજો રાખવી પડી.

## ધર્મીએ કરવાની ત્રણ વસ્તુ

જો તમો ધર્મી ઠરાવવા માંગતા હો તો **ત્રણ વસ્તુ કરવાની** જરૂર છે. સંયોગી પ્રવૃત્તિ. શારીરિક પ્રવૃત્તિ અને આત્મીય પ્રવૃત્તિનો સુધારો. કારણુ શાસ્ત્રીય દૃષ્ટિએ વિચારીએ તો સંયોગી પ્રવૃત્તિનો સુધારો કેમ ન રહે? આત્માનો સ્વભાવ કોઇપણુ ત્રણુ પ્રવૃત્તિમાં શુદ્ધ રહેવાનો છે. જો આત્માનો સંયોગની પ્રવૃત્તિમાં શુદ્ધ રહેવાનો સ્વભાવ હોય તો ચારિત્ર મોહનીય કર્મ માનવાનું હોત જ નહિ. ચારિત્ર-મોહનીય કર્મ શાને આધારે, શા રૂપે માનવું? કહો કે પહેલવહેલાં સમ્યક્ત્વ એટલે શુદ્ધ શ્રદ્ધા. એટલે જ્હાય જેવા સંજોગો હોય. છોડી શકે કે ન છોડી શકે પણુ ધર્મને ધર્મ અને પાપને પાપ માનનારો થા! સંયોગો ઉપર કાબૂ રાખવો. એટલે પાપમાં પ્રસંગવશાત્ પ્રવર્તવું થયું હોય તો પણુ પાપને પાપ માન! તેમ મોક્ષમાર્ગને અંગે શંકાકારે શંકા કરી હતી કે જગતમાં એવું કોઇ કામ નથી કરતું કે જે થયું કે નથી થયું. તેવું કામ કરવા કોઇ તૈયાર થતું નથી. સ્ત્રીઓ રાંધવા બેસે ત્યારે કાચું, અર્ધપક્વ, કે પૂર્ણુ પાકું સમજે તો જ રાંધવા બેસે. જેને સીઝયું ન સીઝયું કે કાચું રહેલની ખબર ન હોય તે રાંધવા ન બેસે, તો પછી તમો અમને શી રીતે દોહો છો? મોક્ષ મોક્ષ બોલો છો

તે શું ? અમને ખબર નથી કે આ મોક્ષમાર્ગની શરૂઆત છે કે આ વચલો ગાળો છે ! મોક્ષનું સ્થાન કયું છે તે પણ ખબર નથી, તો 'હાલો મોક્ષ માર્ગે' કહો એ શી રીતે બને? જેવું કરાવવા તમો માંગો છો તે તો આંધળીયા લાગે છે. હવે જેમ ન્હાની છોડીને માતા રંધાવે. તે સીઝયા ન સીઝયાની ખબર પાડે. તેને રાંધવા બાબત સમજણ કે માહિતી આપે. એટલે માતાના કહેવા પ્રમાણે છોકરી કરે. તેમ અહિ અમને છોડીની સ્થિતિમાં મૂકો છો ? કારણ અમે મોક્ષમાર્ગ સંબંધી કાંઇપણ જાણતા નથી.

## ચાર ખીંટાઓમાંથી આપણે ક્યાં ?

હવે અમે ખીંટા ઠોકી દીધા છે, છતાં ન દેખે તો અમારો ઉપાય નથી. જેમ અમદાવાદથી આણંદ જવા માટે માઇલે માઇલે ખીંટા ઠોકેલા છે છતાં ન જોઇએ તો વાંક કોનો ? ન જોનારનો જ વાંક કહેવાય. સડકવાળાનો કે ખીંટા ઠોકનારનો વાંક ન જ ગણાય. તીર્થંકર મહારાજે મોક્ષમાર્ગ જવા માટે બોર્ડો લગાવેલાં જ છે, પણ તે ન જોઇએ તો વાંક કોનો ? પ્રથમ ખીંટો એ ઠોકયો છે કે અઢારે પાપોને પાપસ્થાનક તરીકે માનો તો પ્રથમ ખીંટે આવ્યા ગણાઓ. છોડો કે ન છોડો તે વાત દૂર રાખો. પ્રથમ પાપના દરેક કાર્ય કે પ્રવૃત્તિને પાપ તરીકે માનો. સંવરના દરેક કાર્યને સંવર તરીકે માનો ત્યારે જ મોક્ષમાર્ગના પ્રથમ ખાટે આવેલા કહેવાઓ. બીજા સંયોગમાં જોડાયા એટલે પાપપ્રવૃત્તિમાં જોડાયા હો, છતાં તેને પાપરૂપ ન માનો તે ન બને. જેમ અફીણીયાને ત્યાં કાવાખાનું થાય છે અને તેમાં જે ખર્ચ થાય છે તેનું ફળ શું ? એમ દિવાને બાદશાહને પૂછયું. કારણ કઇ સંપત્તિથી તે ચલાવાય છે ? બાદશાહ શારીરિક, કૌટુમ્બિક કે પ્રજાકીય સંપત્તિથી પણ કહી શકે તેમ નથી. અહિં ત્રણમાંથી એકે કારણ નથી, પણ ફોગટ ખર્ચ છે. એટલે જેનાથી એક પણ ફાયદો જણાતો નથી તે નકામું છે, પણ હવે તેને બંધ કરવું જોઇએ. ફેંકવામાં પણ અક્કલ જોઇએ નહિ તો અંધા થાય. જેમ કચરો ઘરમાંથી નીકળ્યો

અને સ્હામા પવનમાં નાંખવા જાય તો પાછો આંખમાં પડે અને અંધો થાય. એટલે ફેંકવામાં પણ અક્કલ જોઇએ. અક્કલ વિના ફેંકી દેવું તેમાં તો નુકશાન છે. તેમ અહિં કાવાદાવાખાતું બંધ કરવું વ્યાજબી છે. પણ તે આસાનીથી કરવું. જે માણસોએ આમાં કામ કરીને પોતાનું જીવન ગાળ્યું છે તેનું શું થાય? વાત સાચી છે પણ પ્રથમ આપ બંધ કરવાની વાત કબૂલ કરો, પછી તે માણસોની વ્યવસ્થા હું કરીશ, એમ કહી રાત્રિના સમયે લાકડાની ભારીઓ લાવીને દિવાને મૂકાવી. અને સળગાવી ત્યાં અધકચરાઓ તો પોટકી લઇને ચાલતા થયા, પણ જે મક્કમ હતા તેઓ લ્હાયને મોટી દીવાળી ગણનારા છે તેથી મોઝમઝાહ માને છે. અહિં જીવ પાપના સંજોગોથી ડૂબવા છતાં માને છે હા...શ! જેમ કાવાદાવામાં કેળવાયેલો લ્હાયને આનંદરૂપ માને છે, તેમ આ જીવ મોહમદિરામાં ચકચૂર બનેલો હોય ત્યારે પાપની પ્રવૃત્તિઓને હા...શ કહેનારો હોય છે. તેથી સંયોગી સંબંધોમાં સાવચેત થાઓ. શારીરિક કે આત્મિક સંબંધોની વાત દૂર રાખો, પણ પ્રથમ અઢારે પાપમાંથી કોઈપણ પાપની પ્રવૃત્તિને પાપરૂપ માન્યા શિવાય ન જ રહો. સાધુ સંયમનિર્વાહ માટે અહિંથી સો ડગલા ઉપર ગયો, જ્ઞાન માટે કે દેવદર્શન માટે ગયો. આ સર્વમાં ધર્મ સિવાય બીજું કંઇ નથી, છતાં આવો એટલે ઇરિયાવહિયા પડિક્કમો. કહો કે સાધુના પવિત્ર આચારને લીધે પણ થયેલી વિરાધના શાસ્ત્રકારોને ક્ષમ્ય નથી. વાત ધ્યાનમાં લો. જોતો ચાલ્યો છે, જ્ઞાનાદિક કારણના અંગે ચાલવું થયું છે, છતાં પણ સો ડગલાંની અંદર વિરાધનાની સંભાવના છે. ત્યાં પણ ઇરિયાવહિયા કરવા પડે. કહો કેમ? શાના અંગે? જ્ઞાનાદિક કારણને અંગે જ આવસ્સહી કહીને નીકળ્યો છે. આગળ ગુરુમહારાજ છે, છતાં ત્યાં જઇને ઇરિયાવહિયા પડિક્કમવા પડે. એટલે જૈન શાસન, અજાણે થયેલી પણ જીવની વિરાધનાને ખમાવ્યા વિના ન જ ચાલે એમ માને છે. અહિં ઇરિયાવહિય પડિક્કમે એટલે જ દંડ થયો. સમિતિગુપ્તિપૂર્વક વર્તેલો છતાં અને જ્ઞાનાદિક માટે નીકળી

તે જ કાર્ય બજાવે છતાં પણ " જે મે જીવા વિરાહિયા "દિ પદો બોલવા પડે. તેથી જૈનશાસન ધર્મને નામે પણ વિરાધનાને ક્ષમ્ય નથી ગણતું. વિરાધનાના ભયે ધર્મના કાર્યો બંધ કરવા નહિ જ કહે. જો કે ધર્મ-પ્રવૃત્તિ સર્વ વિરાધનાવાળી છે, તેથી તેને બંધ કરવા નહિ જ કહે. નહિ કરો તો દૂષણ માત્ર લાગવાનું એમ શાસ્ત્રકાર કહેશે. તો જે જ્ઞાનાદિની પ્રવૃત્તિ શાસ્ત્રકાર કરાવે તે ન કરવામાં દૂષણ કહે, તેવી પ્રવૃત્તિમાં લાગતી વિરાધનાને ફજુલ ગણતા નથી. પ્રતિક્રમણ કરવામાં પણ ઇરિયાવહિયા પડિક્કમવી જોઇએ. સો, બસો કે તેથી પણ વધારે ડગલા આગળ જાઓ તેટલામાં વીર્યોલ્લાસ વધારે ગણાય, પણ દંડ તરીકે તો ઇરિયાવહિયા સર્વને કરવાની. આવી વિરાધના પણ જૈન શાસનમાં ક્ષમ્ય નથી. હવે કોઇ વખત વચનનો દંડ આપે એટલે માફી મંગાવે અને કાયિક દંડમાં કાયોત્સર્ગ કરાવે. જેવો ગુન્હો તેવો દંડ આપી શકે. જ્યારે આવી રીતે વિરાધના નિયમિત નથી, તો પછી તેનું કાર્ય શું ? ખાવા માટે હાથ ધોવો પડે અને એંઠો પણ કરવો પડે, કારણ ખાધા વિના પોષણ નથી. એ વાત નક્કી હોવાથી હાથ ધોવરાવવાના જ છે. બચ્ચાનું પોષણ તેમાં છે. એટલે પોષણનો વિચાર અને ધોવાનો ઓર્ડર માબાપ જરૂર કરશે. હવે જ્ઞાન, દર્શન અને ચારિત્રના માર્ગો આત્માના ઉદ્ધાર માટે કહેવાશે તેની સાથે વિરાધનાની માફી માટે ઇરિયાવહિયા પણ કરવાનાં રહેશે. વળી બીજી બાજુ પણ શાસ્ત્રકાર કહે છે કે જગતમાં પગ ઉઠાવવો આપણા હાથમાં છે, પણ ઉઠાવ્યા પછી મૂક્યો તે વખતે હાથની વાત નથી. કારણ આખા શરીરનો બોજો તેના ઉપર આવેલો છે માટે ઊંચો નહિ જ રખાય. અહિં ઇરિયાસમિતિથી પ્રથમ પગ જોએલો છે. વળી નકામો પગ આમ કરે છે એમ નહિં પણ આગળ જવા માટે સંક્રમણ થાય છે. ત્યાં કોઇ જીવ આવ્યો. જેમ ચાલતાં ખિસકોલી આવી તે મોટો જીવ હોવાથી કદાચ બચી જાય, પણ કોઈ ન્હાના જીવની વિરાધના થઈ, તે તો પગ પડવાથી મરી જ જાય, છતાં તેને તેના નિમિત્તે ઉત્તમ,

બંધ જ નથી. કારણ કે પ્રયોગથી તે નિરવદ્ય છે એટલે બંધ નથી. છતાં તમો ઈરિયાવહિયા કરવા કહો છો એટલે લાગેલા પાપોનું આલોવવું. અહિં પાપ લાગવાનીજ ના પાડો છો તો પછી બંધ જ નથી તો આલોવવાનું કેમ? વાત ખરી, પણ તેમાં બે પ્રકારો છે. ભવાંતરે હિંસાના ફળો ભોગવવાં પડે એવો સાંપરાયિક જે બંધ છે તે આ ઇરિયાસમિતિવાળાને થતો નથી, પરન્તુ એક વાત જોડે જુદી સમજાવે છે કે–ઇરિયાસમિતિવાળાને ઇરિયાવહિયા માત્રથી વિરાધના ચાલી જાય આનો અર્થ શો? ભવાંતરે ભોગવવો પડે તેવો બંધ નહિ પણ ઇરિયાવહિયા પડિક્કમવાથી તે વિરાધનાના બંધનો નાશ થાય. કેવળી હોય અને તેનાથી વિરાધના થઇ તો પ્રથમ સમયે બાંધે, બીજે સમયે વેદે અને ત્રીજે સમયે ક્ષય કરે. આટલા માટે ઇરિયાવહિયા રાખી. હવે મૂળ વાત ઉપર આવીએ કે અઢારે પાપસ્થાનકોને પાપ તરીકે માનવા અને શ્રદ્ધા કરવી તે મોક્ષનો પ્રથમ ખીંટો છે. આ ખીંટે જ્યારે તમારો આત્મા આવે ત્યારે સમજજો કે પ્રથમ ખીંટે આવ્યા. તેના બે પ્રકારો છે. કેટલાક એવી સ્થિતિના હોય છે કે મહાજન મારો માથા ઉપર પણ ખીંટી મારી ખસે નહિ. એટલે શારીરિક, કૌટુમ્બિક આદિ સંયોગોના કારણો સિવાયના પાપસ્થાનકોથી નિવર્ત્તે. બીજો વર્ગ શરીર કે જીવનના ભોગે પણ સર્વથા હિંસાદિનો ત્યાગ કરે. પહેલો પ્રકાર સંયોગી છતાં શારીરિક, જ્યારે બીજો આત્મીય. તે વીતરાગ ને ક્ષીણમોહી બને જેનું સ્હાય જેવા સંજોગોમાં રૂવાંડું ન ફરકે. પ્રથમ ખીંટો પાપસ્થાનકોને તે રૂપે માને. બીજો આર્થિક શારીરિક સંજોગો છાડીને પાપ નહિ કરે. ત્રીજો ખીંટો શરીર કે જીવનના ભોગે પણ ત્યાગ, અને ચોથો મનથી પણ હિંસા ન જ કરે. આવી રીતના ચાર ખીંટામાંથી ક્યાં ખીંટે આપણે છીએ તે વિચારો.

## બાહ્ય લિંગથી પરીક્ષા કરનાર બાળક કેમ?

અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાનીની ચોકડી જે છે તે શા માટે? કહો કે દેશથી કે સર્વથી પાપને રોકવા માટે જ છે. જે બાળક છે

તે બાહ્ય સંયોગની સુધરેલી સ્થિતિને દેખે. અને તે શાસ્ત્રકારોને ઇષ્ટ છે અને તેથી અપ્રત્યાખ્યાનાવરણીય અને પ્રત્યાખ્યાનાવરણીયની ચોકડીઓ માનવી પડી, તેથી એ શાસ્ત્રકારોએ નક્કી કર્યું કે– "**બાલઃ પશ્યતિ લિંગં**" એટલે સંયોગની સ્થિતિને જ જુએ. તે ત્રણમાં નિર્ણય શો? જેમ "રૂપી પુદ્‌ગલો" એટલે વર્ણાદિ વિના પુદ્‌ગલો હોય નહિ. જે રૂપવાળા હોય તે જ પુદ્‌ગલો અને પુદ્‌ગલો જ રૂપી. આ બે નિશ્ચય જેમ કર્યા તેમ અહિં બાળકના અંગે ત્રણ વસ્તુ છે. તેમાં કોનો નિર્ણય? બાળક જ લિંગને દેખે એમ કહો તો શાસ્ત્રકારે સાધુપણાને અંગે જે વેશાદિનું નિયમિતપણું રાખ્યું, તેથી બાળકજ લિંગને દેખે એ ન રહ્યું. વિદ્વાનો પણ લિંગને જુએ છે. તીર્થંકરો પણ સર્વ સાવદ્યના ત્યાગને જ જુએ છે. કેવળજ્ઞાનાદિ પછી અહિં તો સંસારત્યાગ જ માત્ર છે. બાળકો લિંગને જ જુએ છે એટલે બાળકને દેખવાનું જ હોય, વિચારવાનું કે પરીક્ષાનું ન હોય. "**एव**" કાર "**पश्यति**"માં મૂકવાનો છે. સંયોગિક સુધારાને દેખનારો બાળક હોય. એ વાત ચોક્કસ છતાં બહારનો સંયોગ તે ખરેખર કાર્ય છે. જેમ અગ્નિનું કાર્ય ધૂમ, જેમ અગ્નિની પહેલાં ધૂમાડો ન હોય પણ પછી જ હોય. તેથી ધૂમાડાને આધારે ચાલનારો હોય તે અગ્નિથી ઠગાય નહિ. તેમ અહિં બહારની પ્રવૃત્તિનો બગાડ શાથી? આત્માને પાપનો ઉદય છે માટે કહો કે તે કાર્ય છે. તેનો સુધારો તે ધર્મિષ્ઠોનું કાર્ય છે. આવી રીતે કાર્યદ્વારાએ દોડનારો છે તે ઠગાય કેમ? વિચાર કરી દોડનારા નહિ જ ઠગાય એ નિયમ નથી. કારણ વસ્તુ કયા રૂપે હોય અને વિચારે કઈ રીતે? તેમાં અનિયમિતપણું છે, તેમ પરીક્ષામાં પણ જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે થાય. વિચાર અને પરીક્ષા ઉપર આધાર રાખનારને તમે ઊંચા ગણો અને બાળકને નીચે ગણો તે કેમ? લિંગ એ કાર્ય છે. કાર્ય દ્વારા નિશ્ચય કરનારો ઠગાય જ નહિ, પણ વિચારદ્વારા કે પરીક્ષાદ્વારા પ્રવર્ત્તવાવાળો

તો ઠગાય. વાત સાચી, પણ શાસ્ત્રકાર કહે છે કે—**व्याख्यातो विशेषार्थसंपत्तिः ।** ફુલાણુભાઇ છાણીના. એ વાત બોલનારો જે બોલ્યો તેનો ખુલાસો કર્યો ત્યારે સાચી વાત ખ્યાલમાં આવી. પ્રત્યક્ષ બેઠેલા નગીનભાઈ છતાં છાણી કેમ ? તો તે જુદા. હવે અહિં લિંગદ્વારાએ પરીક્ષા કરવાનું કહેલ છે તે બાહ્ય લિંગ પણ અનિયમિત. જેમ અગ્નિની સાથે ધૂમાડો તે અનિયમિત ચિહ્ન. પણ તાપ કે અજવાળું તે નિયમિત ચિહ્ન ગણાય, અગ્નિનું સ્થાન સગડી એ નિયમિત નથી. એકબીજાના પારસ્પરિક સંબંધો છે. ચૂલામાં જ અગ્નિ હોય, સ્થાન વગર અગ્નિ ન હોય, આધારમાં જ હોય. પણ તે સંબંધ બ્હારનો હોય. કાર્યરૂપ લિંગ ન લે તો બાહ્યલિંગ લેવું એટલે બાહ્ય લિંગને અસાર કહેશે અને તેથી બાળક બ્હારના સંયોગોની પ્રવૃત્તિને જોઇને તેને જ ધર્મનું સ્થાન ગણે. મધ્યમ બુદ્ધિવાળો વિચારોને જોઈને ધર્મપ્રવૃત્તિ કરે, પણ તે પરીક્ષકના વિચારો નથી લેતા, પણ ધર્મીઓના વિચારો લેવાના છે એટલે ખાવાપીવામાં, મૂકવામાં, બોલવામાં મન, વચન અને કાયામાં કેવા વિચારો રાખે છે તેના અંગેના વિચારો લેવાના છે. જેમ પરીક્ષાને અંગે પણ પરીક્ષ્યમાં રહેલ જે તત્ત્વ હોય તેની પરીક્ષા. જે તપાસે તેનું નામ બુધ. તેના વિચારો સુધી પહોંચે તે મધ્યમ બુદ્ધિ અને બાહ્ય લિંગને જુએ તે બાળક. હવે બાહ્ય વર્તાવથી દેખનારાને બાળક કેમ ગણાય ? તો બાળક જે વસ્તુ દેખે તેને અને ધર્મને કેટલો સંબંધ છે, તે મધ્યમ અને બુધના અંગે કેટલો ધર્મ સાથે સંબંધ છે તે તપાસો. બાહ્ય પ્રવૃત્તિ, વર્તન અને તત્ત્વ આદિની તપાસ કેમ કરવી તે અગ્રે જણાવાશે.

---

# વ્યાખ્યાન ૭

## જાનવર એક ઘરના ગુલામ, આપણે અનેક ઘરના ગુલામ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મ૦ ભવ્ય

જીવોના ઉપકારને માટે ષોડશક પ્રકરણને રચતા થકા આગળ જણાવી ગયા કે–

"બુધસ્તુ માર્ગાનુસારી યઃ"

આ સંસારમાં અનાદિકાળની રખડપટ્ટી કરતા કરતા મનુષ્ય-ભવની પ્રાપ્તિ થવી મુશ્કેલી હતી છતાં તે પ્રાપ્ત થયો, પણ મુશ્કેલીએ મળેલી ચીજનો ઉપયોગ ન કરે તો તે મુશ્કેલી વેઠી નકામી. જેમ એક મનુષ્ય દોડી દોડીને સ્ટેશને પહોંચી પ્લેટફોર્મ ઉપર બેસી રહે અને ટીકીટ ન લે, તો તેની બુદ્ધિની ખામી ગણાય. તેમ આ મનુષ્ય-ભવ મુશ્કેલીથી મળેલો છે અને જો તેનો ઉપયોગ ન થાય તો મૂર્ખાઇ ગણાયને ! આ મનુષ્યભવમાં ખાનપાન, મોજશોખ સર્વ થાય છે તે જ તેનો ઉપયોગ છે ને ! એમ માનનારા ભૂલ ખાય છે, કારણ તમારે જોઇતા હતા વિષયો, તેણે તમને કબ્જામાં રાખ્યા. જેમ સ્ત્રીને અંગે મનુષ્ય ભરણપોષણની જવાબદારી ઉઠાવે ત્યારે વિષયવાસના તૃપ્ત કરે, એના કરતાં જાનવરને તો વિષયને અંગે જવાબદારી જ ન્હોતી એટલે તેમાં તું હોત તો સારું. અહિં મનુષ્યમાં તો સ્ત્રી છોકરાની જવાબદારી વેઠવી પડે છે. શાના અંગે ? વિષયને અંગે. પણ જો જાનવરમાં હોત તો તે જવાબદારી ન ભોગવવી પડત. પણ વિધાતાએ ભૂલ કરી કે તને મનુષ્યપણામાં નાંખ્યો. રસનેન્દ્રિયના અંગે વિચારીએ તો મહેનત કરી પૈસા કમાવીએ પછી ખાવા પામીએ. પણ કીડી મંકોડામાં જન્મ્યા હોત તો વાંધો જ નહિ. ઘ્રાણેન્દ્રિયને અંગે વિચારીએ તો સુગંધી પદાર્થ માટે પૈસો ખરચીએ તે મનુષ્યપણામાં મોંઘો થાય, પણ જો ભ્રમરરૂપ બન્યા હોત તો સ્હેજે રાજમહેલના બગીચામાં સૂર્યવિકાસી કમળ ઉપર બેસી શકત. તેમજ પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્પન્ન થયો હોત તો પોપટ આદિ-રૂપે રાજમહેલમાં રહી શકત, પણ આ મનુષ્યભવને અંગે સાધ્ય જો વિષયભોગનું હોય તો સારું શું ? કહો કે એવી કોઇ સ્થિતિ હોવી જોઇએ કે જ્યાં ધર્મ, અગર પુણ્યપાપનો વિચાર આવે. એકેન્દ્રિય-

પણામાં અનંતા જન્મો થાય તો પણ ત્યાં આવે નહિં. અરે ! ધર્મની સાધના કેવળ મનુષ્ય જન્મવાળો કરી શકે, બીજાથી ધર્મ સધાતો જ નથી. હવે જેમ યુદ્ધમાં તરવાર જ કામ કરે તેમ ધર્મસાધનમાં મનુષ્ય જ કામ કરે. ઘાસને તો દાતરડું પણ કાપે અને તરવાર પણ કાપે, તેમ અહિં મનુષ્યપણામાં વિષયસાધનાનું કામ તો સહુ કોઇ કરે પણ ધર્મસાધનાનું કામ કરે તે જ સાર્થક. મનુષ્યપણા સિવાય ધર્મની ઉત્પત્તિ થઈ શકતી નથી અને તેથી તિર્યંચની ગતિમાં તીર્થંકરો ન માન્યા. અરે ! દેવગતિ કે નરકગતિમાં પણ ન માન્યા. ફક્ત મનુષ્યપણામાં જ તીર્થંકરો માન્યા અને તેથી ધર્મનું આચરણાદિ મનુષ્યગતિમાં જ થઈ શકે. બીજે સાધી શકાય જ નહિં. જેમ યુદ્ધમાં જીત તરવારથી થાય. તેમ ધર્મની સિદ્ધિ મનુષ્યગતિથી જ થાય. ધર્મની સાધના કે સિદ્ધિ કરનારા મનુષ્યભવથી, જો વિષયની સાધના કે ખાવા-પીવાના પદાર્થની સિદ્ધિ કરી તેને સફળ ગણીએ તો મૂર્ખા જ છીએ, કારણ તરવારનું કામ તણખલું કાપવાનું નથી. તણખલું તો ચપ્પાથી પણ કપાય. જાનવરો પણ પાંચે વિષયોને સાધે છે, પણ મનુષ્ય તરીકે કામ હોય તો ધર્મસિદ્ધિ. જે જેનાથી બને તે તેનું જ પ્રયોજન. એટલે ધર્મ મનુષ્યપણાથી જ બને અને તેથી મનુષ્યપણાનું સાધ્ય પણ ધર્મ જ હોય. પુણ્ય પાપ પણ મનુષ્યપણામાં જ સમજાય. એક આંધળો માણસ વારે ઘડીયે અથડાય છે. એટલે આંખદ્વારા કામ નથી કરી શકતો. તેમ હવે શાસ્ત્રકાર વિચારવાળા કોને ગણે ? કીડી ગન્ધરસના વિચારવાળી છે. જાનવરો પણ કુટુંબકબીલાના વિચારવાળા છે. કૂતરું સ્થાન અને શેરીની પણ રક્ષા કરે છે. આ સર્વ જાનવરો પણ કરે છે. તેથી મનુષ્ય વધારે શું કરે ? કહો કે ક્ષાયોપશમિક સંજ્ઞાવાળા જીવો સર્વ કંઈ કરી શકે છે. મનની સંજ્ઞાવાળા છતાં મનનું કાર્ય ન કરે તે અસંજ્ઞી. કયું કાર્ય ? પોતાના હિતના વિચારો કરવા. હવે જે શરીર કુટુંબના વિચારો કરે પણ આત્મકલ્યાણના

વિચારો ન કરે તેથી અસંજ્ઞી કહેવો પડે. ગુલામી એટલે શેઠની અનુ-જ્ઞાએ ચાલવું. શેઠનું હિત જેમાં થાય તેવું વર્તન કરવું, પોતાના હિત અહિતની દરકાર કર્યા વિના શેઠના કહેવા પ્રમાણે વર્તવું તેનું નામ ગુલામી. તેમ અહિં આત્મા ધન કુટુંબ અને બાયડી છોકરાની ગુલામી કરે છે, તેનું હિત તપાસે છે પણ પોતાનું હિત ન જુએ અને તેથી તે જાનવરનો અવતાર છે એમ માનો. જેમ આપણા ઘરે ગાય કે ઘોડો હોય તો ચારો ચરે, દૂધ આપે અગર ભાર વહે અને છેવટે જિંદગી ખતમ કરે, તેમ અહિં આપણે કુંટુંબમાં જાનવરરૂપ છીએ. કારણ વેઠ કરીને દહાડા પૂરા કરીએ છીએ. ગાય કે ઘોડો પોતાનું હિત ન જુએ પણ દૂધ આપે, કામ કરે અને જિંદગી પૂર્ણ થયે જાય, તેમ આપણે પણ ગુલામ જ છીએ. ગાય ઘોડો તો એક ઘરનો ગુલામ, પણ આપણે તો અનેક ઘરના ગુલામ છીએ. કારણ પિત્રાઇ–કુટુંબ સંબંધી દરેકની વેઠો કરીએ છીએ અને છેવટે મરી જઈએ છીએ પણ કંઇ મેળવતા નથી માટે કંઇ ફરક નથી. તેથી જેઓ પુણ્ય પાપનો વિચાર ન કરે. આત્મકલ્યાણનો વિચાર ન કરે, તેમ જ જન્મ–મરણની ભીંતમાં કાણું ન હોય એટલે જન્મની પ્રથમ દશા અને મરણ પછીની દશા ઉપર ધ્યાન ન રાખે, તે સંજ્ઞી પંચેન્દ્રિય છતાં શાસ્ત્રકાર કહે છે કે તે અસંજ્ઞીજ છે, પછી તે કોઈ પણ ગતિવાળો હોય. અને તેથી દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાના હિસાબે અમે સંજ્ઞી જુદા કહીએ છીએ. સંજ્ઞી કોણ ? જેઓ ધર્મ, પુણ્ય, પાપ, જીવાદિ તત્ત્વોને સમજે કે જાણે તે જ સંજ્ઞી હોઈ શકે. જેને ધર્મનો કે પુણ્યપાપનો વિચાર નથી, આત્મકલ્યાણનો વિ-ચાર ન હોય તે સંજ્ઞી ગણાતા જ નથી, મનુષ્યપણું એક અપૂર્વ ચીજ છે તે આપણને મળી, છતાં તેનાથી સાધ્ય ન સાધી શક્યા. તો પછી અઠ્ઠમ કરી દેવની આરાધના કરી અને વરદાન માંગવા જણાવ્યું હોય અને ચિન્તામણિ પ્રાપ્ત કરવા છતાં માંગવા વખતે બાવળીયો માગીએ તો શું કહે ? જેમ દુર્લભ મનુષ્યભવ મળવા છતાં છેવટે વિષયોની જ

માગણી, કે જે સંસારભરમાં રખડાવનાર છે, આથી ભીંત જ ભૂલ્યો છે. મનુષ્યપણું મેળવ્યા પછી ધર્મની સાધના રાખી, છતાં માન્યતા એક સરખી રહે પણ બુદ્ધિ ક્ષયોપશમની વિચિત્રતાને લીધે જુદી રહે છે. બારમે ગુણઠાણાને છેડે શ્રુતજ્ઞાનનું કેટલું જ્ઞાન હોય? તો અષ્ટ પ્રવચનમાતા જેટલું જ હોય. કેવળજ્ઞાન થવાના પ્રથમ સમયે કોઇને ત્રણ ચાર પણ હોય એટલે બુદ્ધિની તીવ્રતા મંદતા બારમાના છેડા સુધી હોય, અને તેથી ચોથે કે પાંચમે ગુણઠાણે બુદ્ધિની તીવ્રતા મંદતા હોય તો તેમાં આશ્ચર્ય શું? જઘન્યથી બારમે કેટલું જાણે તો અષ્ટ પ્રવચનમાતાનાં નામ માત્ર, આખું તેનું અધ્યયન નહિં. કેટલાકો એમ કહે છે કે તેનું અધ્યયન પણ જાણે, અહિં તો નામ માત્રજ બારમે છેડે કોઇક જાણે. એટલું હોય તો પણ ક્ષીણમોહનીય હોય. અહિં બારમાના છેડા સુધી જ્ઞાનની તીવ્રતા અને મંદતા હોય. એટલે ત્રણ અને ચાર જ્ઞાનવાળા અને શુદ્ધ કેવળી તેમજ અષ્ટ પ્રવચન માતાના નામ માત્રવાળો પણ બારમાના છેડે હોઇ શકે. ધર્મ સાધવાને તૈયાર થયેલા મનુષ્યમાં તીવ્રતા મંદતા હોય તેમાં નવાઇ નથી. અને તેથી શાસ્ત્રકારે ત્રણ પ્રકાર કર્યા, એટલે બાલ, મધ્યમ અને બુધ પણ હોય. એક જ પ્રકારના હોય એવો નિયમ નથી. નવમાથી શ્રેણીની શરૂઆત કરે તેને પણ વિચાર એ જ હોય કે મારાથી બીજા જીવને વિરાધના ન થાય. જેમ અર્હન્નક મુનિને દેવે ઉછાળ્યો છે. કેવી રીતે? જાણે ફેંકીને, અને તેથી લોહીની ધારા અપૂકાય ઉપર પડે છે અને તેથી જીવની વિરાધના થતી હોવાથી તેમનો આત્મા કંપે છે. આવી પર જીવ ઉપર અનુકંપા છે, તેથી ધર્મને સાધવાવાળા સર્વ જીવો સરખા ન હોય.

## જમાલીના મતે નવે તત્ત્વોમાં મુશ્કેલી.

બધા બુધ ન હોય, જુદા જુદા હોય તેથી તે ઓળખવા શી રીતે? તો બાળક હોય તે સંયોગિકે રિવાજોને જોઇને ધર્મને માને, શારીરિક સંયોગોને જોઈ વિચારીને ધર્મને માને તે મધ્યમ, અને

શાસ્ત્રીય વિચારોને જોઈ તપાસીને આગમ તત્ત્વને માને તે બુધ, એટલે પરીક્ષામાં પ્રધાન હોય તે બુધ, આત્મીય પરીક્ષામાં ઉતરે તે બુધ. આવી રીતના ત્રણ પ્રકારો આગળ પણ જણાવી ગયા છીએ. આમ હોવાનું કારણ ? બાળક આવું જુએ અને આ જ જુએ, તેમ મધ્યમ અને બુધ માટે પણ નિયમ બાંધવાનું કારણ શું ? શું તમો રોકવા માંગો છો ? તો અમે બાળકને વિચાર કરવા જતો હોય તો રોકતા નથી તેમ નિષેધ પણ કરતા નથી, પરંતુ એ કહે જ નહિં એની એ તાકાત જ નથી. કારણ બાળક કહેવાય ત્યાં સુધી કે જેના પ્રયત્નોમાં સુંદરતાનો નિયમ નહિ. જેમ હોળીના દહાડે ધૂળ ઉછાળે અને દીવાળીના દિને લુગડાં લત્તા શણગારીને પહેરે. તેનો પ્રયત્ન સર્વથા શુભ જ હોય એ ન બને. તેમ અહિં જે બાળક ધર્મપરીક્ષામાં ઉતરતો હોય છતાં તેના પ્રયત્નનું સુંદરપણું ન હોય, એટલે જેના વિચારોની સુંદરતા ન હોય તે પરિણામવાળો તો હોય જ કયાંથી ? તેને તો માત્ર બ્હારના સંયોગો જોઇને કહેવું પડે. જેમ કે તપવાળો, ચઉવિહારવાળો, રાત્રિભોજન ત્યાગવાળો દેખીને ધન્યવાદ આપે. માત્ર બ્હારના સંયોગો જોઇને ધન્યવાદ આપે પણ અંદરખાનાની કોઇ પણ બાબત ન જુએ, અને તેથી તે પંચાગ્નિ તપસ્યાદિની ફસામણમાં આવી જાય. તમારી તપસ્યા દેખીને દુઃખ થાય, તેના કરતાં પંચાગ્નિ તપ જુએ તો વધારે દુઃખ દેખી તેને ધર્મ માને એટલે બાળક સુંદર જ પ્રયત્નમાં હોય એવો નિયમ નહિ. એટલે બાહ્ય સંયોગિક આચારને દેખી જ્યાં ધસવાનું થાય ત્યાં ધસે. **પ્રભુવીર**ના વખતે, એક ગામમાં તળાટી છે તેનો છોકરો વડેરાની સેવાના સિદ્ધાંતવાળો છે, જ્યાં માબાપની સેવા કરે છે ત્યાં અભયકુમાર આવી ચડ્યા, ત્યારે આ અભયકુમારની સેવામાં પડ્યો. કારણ માબાપ પણ તેમની સેવા કરે છે. તેમ શ્રેણિકની સેવાનો પ્રસંગ આવ્યો યાવત્ પ્રભુ વીરની સેવા કરી. જેની સેવા કરવી હોય તેના ઘરની મર્યાદા જાળવીને થાય, નહિ તો બલાડીને બગલા જેવું થાય. બલાડીએ થાળીમાં પીરસીને બગલાને ખાવા કહેલું તે કામ ન

લાગે. લાયક સાધન અપાય તો જ ભક્તિ થાય, તેમ અહિં જેના ઘરની સેવા કરવી હોય તેના ચિન્હો લેવા પડે, અહિં સેવા કરવી છે એ સિદ્ધાંત હતો એટલે ચિન્હો **પ્રભુ વીરે** આપ્યાં તે લીધાં. તલાટીમાંથી પ્રધાન અને યાવત્ રાજાપણે આવ્યો તેટલું તેનું ભાગ્ય હતું, છતાં બાળકનો સુંદર જ પ્રયત્ન થાય એ નિયમ નથી. જે મધ્યમ બુદ્ધિવાળો હોય તે આચારમાં મધ્યમ રહે, એટલે નિયમિત સુંદર આચારવાળો હોય ખરો અને ન પણ હોય. એટલે ઈરિયાસમિતિ આદિ નિન્હવોમાં ન હોય એમ ન કહી શકીએ. તેથી મધ્યમ જુએ કે છે, અને તેથી શારીરિક સંજોગોમાં સાધુપણું જુએ એટલે ખાવાપીવામાં, બોલચાલમાં, વર્તનમાં, પરઠવવામાં જુએ, પણ તેને એ ખ્યાલ ન આવે કે પચ્ચકખાણ, ઉપવાસ કરેલા જુએ પણ બીજે દિને સવારે ચાર વાગે ચૂલો સળગાવે. એટલે તત્ત્વજ્ઞ આચાર, બહારના સંજોગો અને અંદરનું પણ જુએ, જેમ સોનાની કસોટી માટે કસ અને પતરું પણ જુએ, તેમ અહીં બહાર વિચાર, સંયોગો, ચિન્હો–પિંડવિશુદ્ધિ આદિ તપાસવા સાથે અંદરનું પણ જુએ એટલે માર્ગને અનુસરે. એનો માર્ગ કેવો છે એટલે જિનેશ્વરે કહેલા માર્ગને અનુસરે છે કે નહિ? ઈરિયાસમિતિ આદિને જુએ, બહારના ત્યાગને પણ જુએ, છતાં ખરી કસોટી ક્યાં? તો માર્ગને અનુસરે છે કે નહિ. હવે જેમ **જમાલી** અને **મહાવીર**માં ફરક શો? લોકોની અપેક્ષાએ **જમાલિ** મોટો. કારણ કર્યા પછી કર્યું કહે અને **વીર પરમાત્મા** કરવાની શરૂઆતથી કર્યું કહે. હવે કર્યું તે તો ચોક્કસ છે પણ જે કરવા માંડયું તે તો થાય તો જ કર્યું ગણાય, નહિ તો અધકચરું ગણાય. શરૂ કર્યાને કર્યું કહીએ તો અધૂરું રહ્યું હોય ત્યારે મુશ્કેલી, જેમ મુંબઇ જવાને નીકળેલો વચમાં રોકાય તો મુંબઈ ગયો એ વાકય ખોટું પડે અને સંદિગ્ધ રહે. અહિં જમાલીના મુદ્દા પ્રમાણે સ્થૂલદષ્ટિએ આપણને કર્યા પછી કર્યું બોલીએ તે ઠીક લાગે, પણ સોના ચાંદી, કંઇ તોલના માપવાળા ત્રાજવાએ ન તોલાય, એ તો રતી કે ચવથી તોલાય. જરા સૂક્ષ્મદષ્ટિથી આગળ

ચાલે તો જમાલિના મત પ્રમાણે નવે તત્ત્વો બગડી જાય. જેમ મનુષ્ય મરીને દેવમાં ઉપજ્યો, તે મરતાંની સાથે દેવપણે થયો અને આયુષ્ય ભોગવ્યું તેથી દેવપણે ન કહેવો ને ? કારણ અહિં મનુષ્યનું આયુષ્ય છે નહિ અને દેવપણે હજી થયો નથી તો પછી તેને કહેવો શો ? ઉત્પન્ન થયા પછી જ દેવ કહેવાનો ? નારકીમાં કે તિર્યંચપણામાં ઉત્પન્ન થાય ત્યારે જ તે ગતિવાળો કહીએ તો મુશ્કેલી. જેમ અજીવ દ્વચણુક આદિ જે સમયે ભેગા થાય તે સમયે દ્વચણુક ન કહીએ. કહો જીવતત્ત્વમાં મુશ્કેલી. અજીવતત્ત્વમાં પણ મુશ્કેલી. પુણ્યમાં સારા પરિણામ થવા માંડયા ત્યારે ન બંધાય, પણ તે પરિણામ પૂરા થઇ જાય પછી જ પુણ્ય બંધાય અને તેવી જ રીતે પાપમાં સમજવું. "**कडे-माणे कडे**" ન માને તો મુશ્કેલી. આશ્રવના અને સંવરના અંગે તેમજ સંવર નિર્જરાને અંગે પણ સમજવું. યાવત્ મોક્ષ તે આઠે કર્મો છૂટે તે સમયે મોક્ષ નહિ પણ છૂટયા પછી મોક્ષ. એ રીતે એક પણ તત્ત્વ જમાલિના મતે ટકતું નથી. અહિં બાહ્ય સંજોગોમાં વિહાર, પિંડવિશુદ્ધિ, સમિતિ, ગુપ્તિ આદિ આઠે પ્રવચનમાતા અને આવશ્યકાદિ બાહ્ય અનુષ્ઠાનો જમાલિને પણ હતાં, છતાં એક તત્ત્વમાર્ગે ખસી ગયેલા હોવાથી શાસન બહાર ગણ્યા. તાત્ત્વિક દૃષ્ટિવાળો ભગવાન્ જિનેશ્વર મહારાજે બતાવેલો સમ્યગ્દર્શનાદિ રૂપ રત્નત્રયી જે બતાવેલી છે તેને તપાસે તેજ પંડિત કે બુધ કહેવાય. બાળક, મધ્યમ અને બુધ એ રીતે ત્રણે પ્રકારો જીવોના ધર્મની આરાધના માટે જણાવ્યા.

### જમાલી સર્વ બાહ્ય ક્રિયા કરવા અનુસરતા નહોતા

ક્ષણ અને લવ પણ પ્રમાદ ન આવવો જોઇએ, અને તેથી **મહાવીરમહારાજે** જે ઉપદેશ આપેલો છે તે કયો ? અસંભવિત, એટલે હે **ગૌતમ** ! એક સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ. આ ઉપદેશ વગર વિચાર્યો-નકામો ભેંસ આગળ ભાગવત જેવો. કેમ ? બાટલે મોટી ખોડ કેમ ? તો **ગૌતમને** સમયનું જ્ઞાન હતું ? સમય કે પ્રદેશ-

નું જ્ઞાન તો કેવળીને હોય. અરૂપીનું જ્ઞાન તો સર્વજ્ઞ શિવાય બીજાને હોય જ નહિ. વ્યવહારિક કાળાદિનું પ્રમાણ છદ્મસ્થને હોય. સમય તો સર્વજ્ઞ સિવાય બીજાને જણાય તેમ જ ન્હોતો, છતાં **પ્રભુ વીરે ગૌતમ-સ્વામીજીને** સમયનો પણ પ્રમાદ ન કરવા ઉપદેશ કેમ આપ્યો? સમયનું જ્ઞાન તો છે નહિ. છદ્મસ્થનો ઉપયોગ પણ અંતર્મુહૂર્તનો હોય, સમય અરૂપી છે. આ ઉપરથી **પ્રભુ વીર** જણાવે છે કે—સમય પણ પ્રમાદ ન થવો જોઇએ. જેમ દુનિયામાં કહીએ છીએ કે એક બદામનો પણ ફરક ન પડવો જોઇએ તેમ અહિં ક્ષણ કે લવમાંય અપ્રમત્તપણું રહેવું જોઇએ, તેથી સમયનો પણ પ્રમાદ કરીશ નહિ તેમ ફરમાવ્યું અને તેથી વીસ સ્થાનકમાં તીર્થંકરપણાને બાંધવાની વાત્ત કરી છે ત્યાં પણ ક્ષણ કે લવની વાત કરી પણ સમયની ન કરી. અહિં ગૌતમસ્વામી-જીને સમયનો ઉપયોગ છે તેથી ઉપદેશ આપ્યો છે એમ નહિ પણ ક્ષણ લવ પણ પ્રમાદ ન કરે તે માટે જણાવ્યું છે. હવે બુધ આવી રીતે તત્ત્વને જુએ એટલે ક્ષણ—લવ જેટલો કાળ પણ પ્રમાદમાં જઇશ નહિ. અહિં વિષયના અંગે સમય શબ્દ નથી કહ્યો તેથી બુધ તે માર્ગને અનુસરે, તે પ્રમાણે ચાલે. આ ઉપરથી એક સમયના શુભ પરિણામ આત્માને નિર્જરા કરાવવાવાળા અને પુણ્ય બંધાવનારા છે, અને તેમાં પ્રથમ પરિણામ થાય અને પછી પુણ્ય બંધાય, તો શાસ્ત્રકારે કહેલ છે કે જે જે સમયે દુનિયામાં જેવો વ્યવહાર હોય તેવું બોલાય. કાછિયો પૈસાભાર પણ ઓછું નથી આપતો. દાણા-વાળો અધોળ, અને મોતી હીરા કે સોનાના વ્યાપારવાળો રતિથી વાત કરશે. તેમ જૈન શાસ્ત્રકારોનો વ્યવહાર સમયથી છે તેથી જે જે સમયે જીવ આશ્રવ, સંવર, નિર્જરા કે બંધના ભાવમાં પ્રવેશ કરે તે તે સમયમાં ( સમયાન્તર નહિ ) " **કડેમાણે કડે** " ન માને તો તે અનંતર સમયે થઈ જાય, તેથી શાસ્ત્રકાર ચોકખા શબ્દમાં કહે છે કે તે તે સમયે શુભ અશુભ કર્મોને બાંધી લે છે. જે વખતે જેવા પરિણામ થાય તે તે વખતે તેવાં કર્મો બંધાય છે. બંધાય

છે કેમ કહ્યું ? તો જીવ જ્યાં સુધી યોગમાં પ્રવર્તેલો છે ત્યાંસુધી બંધ છે અને તેથી સયોગીપણામાં યોગની પ્રવૃત્તિ છે અને બંધ પણ છે. તેથી જે જે સમયે જે જે ભાવમાં પ્રવર્તે તે તે સમયે બાંધે વિગેરે. **જમાલી** સર્વ બાહ્ય અનુષ્ઠાનોને કરતો. પંચસમિતિ અને ત્રણ ગુપ્તિને પણ આચરતો હતો, છતાં માર્ગને અનુસરવાનું તેનામાં ન્હોતું, માટે કહે છે કે તાત્ત્વિક માર્ગની અંદર આવીને તેને જ અનુસરે તે જ પંડિત. એટલે ઇરિયાસમિતિ આદિ કે ત્યાગાદિ ન પણ હોય તો પણ માનવામાં વાંધો નથી. જેમ એક સાધુ નદીમાં ઉતરે, બીજો કાંઠે છે. બન્નેમાં ઉતરે છે તે સંયમ પાલનની દૃષ્ટિમાં છે. અને કાંઠાવાળા પણ તેવા છે. જે તત્ત્વદૃષ્ટિવાળો છે તે વિચારે કે માર્ગમાં છે અને તેથી તે પંડિત ગણાય.

## ધર્મની સ્વરૂપથી પરીક્ષા

પ્રથમ ત્રણેને અંગે બબ્બે નિર્ણયો કર્યા હતા. લિંગમાત્રને દેખવાવાળો બાળક, વિચારવાળો મધ્યમ બુદ્ધિ, તત્ત્વને તપાસે તે બુધ. આવી રીતે પરીક્ષ્ય અને પરીક્ષા દ્વારાએ વિભાગ કર્યો હતો તેમ અહિં સ્વરૂપ દ્વારાએ નિર્ણય કર્યો છે. એટલે દેખવું, વિચાર અને માર્ગની તપાસ. એ ત્રણવાળાનું બાલ, મધ્યમ અને બુધનું સ્વરૂપ જણાવ્યું છતાં આને બાલક કેમ કહેવો ? જેમ એક મનુષ્ય કસદ્વારા, તોલદ્વારા કે અગ્નિદ્વારા પારખે તે પણ સોનું કહેવાય તેમ બાલક સંયોગદ્વારા પારખી દેવગુરુધર્મની તપાસ કરે. તેમ મધ્યમ અને બુધ બીજી રીતિએ પારખીને દેવગુરુની તપાસ કરે, પણ તે બધાને છેવટમાં સાધ્ય તો દેવ, ગુરુ અને ધર્મની સાધનાને ! કોઈ ચાલીને, કોઇ ઘોડા ઉપર કે ગાડીમાં આવ્યા તે બધાનું સાધ્ય મકાનમાં જવું તે. તેમ અહિં ત્રણમાં ફરક શો ? આટલું પિંજણ કેમ ? આવી પંચાતથી શું કામ છે ? રોટલા થયા એટલે બસ. ટપટપથી મતલબ શી ? દેવગુરુ કે ધર્મની પ્રાપ્તિ થાય એટલે બસ. બીજી પંચાત કરીને કામ શું ? વાત ખરી. દેવગુરુ અને ધર્મની પરીક્ષા ઉપર જ તત્ત્વ છે પણ જે પરીક્ષા કરવાની દૃષ્ટિ

છે તેમાં કોઇ મનુષ્ય કાળા ચસ્મા પહેરીને ઘડો દેખે તો તે કાળાપણાને જ જુએ, કારણ ચસ્મા કાળા છે. જેવું સાધન દેખવામાં મળે તેવું દેખાય. લાલ કે પીળા ચસ્મા હોય તો તેમાં તેવું દેખાય. કાચ ઊંચો નીચો હોય અને ઘડો આડો રાખેલ હોય તો પ્રતિબિંબ કાચના જેવું પડે, એટલે કાચના સ્વરૂપ ઉપર પ્રતિબિંબનો આધાર રહે છે. તેમ અહિં પણ દેવ, ગુરુ અને ધર્મ એક જ સ્વરૂપે છે. દેખનાર આત્મા ધર્મિષ્ઠ છે. તેમાં ફરક નથી, પણ દેખવાની દૃષ્ટિ જુદી હોય તેથી ફરક પડે. લિંગદ્વારાએ દેખે તે બાળક, વર્ગને વિચારવા દ્વારાએ જુએ તે મધ્યમ અને તત્ત્વદ્વારાએ દેખે તે બુધ. હવે ત્રણે કઇ દશાનું દેખવા માગે છે, તે શી રીતે, અને તે સંયોગિક આદિ ત્રણે સ્થિતિ કેવી હોય, એ ત્રણે પરીક્ષામાં ફેર જણાવી, બુધપણું સમજી દેશના દેવાવાળે કેવી રીતે દેશના દેવી તે અધિકાર અગ્રે વર્તમાન.

---

# વ્યાખ્યાન ૮

## જૈન અને અજૈનોની દૃષ્ટિએ ધર્મસ્વરૂપ

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **હરિભદ્રસૂરિજી મ.** ભવ્યોના ઉપકારાર્થે ષોડશક પ્રકરણને રચતા થકા આગળ જણાવી ગયા કે— "**बालः पश्यति लिङ्गं**" આ સંસારમાં આર્ય માત્ર ધર્મની ઇચ્છાવાળા છે. કોઈપણ આર્ય ધર્મની ઇચ્છા વગરનો નથી અને તેથી પોતે ધર્મ કરતો હોય કે ન કરતો હોય પણ તેને ધર્મિષ્ઠ કહો ત્યારે તે ખુશી થાય, અને અધર્મી કહો તો નાખુશ થાય. એટલે જૂઠો એવો પણ વ્હાલો શબ્દ સાંભળી ખુશ થાય છે. વળી પાપ અળખામણું હોવાથી પાપી કહેવાથી પોતે નાખુશ થાય છે. આર્યોને પાપ અનિષ્ટ છે અને પુણ્ય ઇષ્ટ છે. હવે જેમ જેમ વસ્તુ કિંમતી તેમ તેમ તેનામાં ગોટાળો હોય. ધૂળ, લોઢું, તાંબા વિગેરેની બનાવટ કોઈ ન કરે. કારણ તેની કિંમત છે જ નહિં. જે કિંમતી હોય તેની જ

લોકો બનાવટ કરે. ચાંદીના અંગે જર્મન સિલ્વર તેમજ સોના, હીરા-મોતી માટે બનાવટ થઇ પણ ધૂળ લોઢા માટે બનાવટ ન થઈ. કારણ શું બનાવટ નહિં થવાનું? કારણ તે કિંમતી નથી. બનાવટ કે નકલીનો ભય કિંમતની પાછળ છે. આ બાજુ ધર્મ એ કિંમતીમાં કિંમતી ચીજ છે. કેમ? તો પૈસાની ત્રણ પાઈ મળે તો પૈસો પાઇ કરતાં કિંમતી. તેવી જ રીતે આના રૂપિઆના સોળ આવે તેથી આના કરતાં રૂપિઓ કિંમતી. હવે ધન, માલ, કુટુંબકબીલો આદિ તમામ વસ્તુ ધર્મથી મળે છે. દુનિયામાં ન મળતી ચીજો પણ ધર્મથી મળે છે અને મળતી ચીજો પણ ધર્મથી જ એટલે પુણ્યથી જ મળે છે. પાઈ લઇને કોઈ પૈસો ન આપે પણ ત્રણ પાઇઓ લઇ જાઓ તો પૈસો આપે તેમ પૈસાથી ત્રણ પાઇઓ પણ આપે. અહિં એક પુણ્ય જ એવી ઉચ્ચતમ ચીજ છે કે જેનાથી સર્વ ચીજો મળે. જગતમાં કોઈ એવી ચીજ નથી કે જીવને પંચેન્દ્રિયપણું, મનુષ્યપણું અને લાંબી આવરદા તે સર્વ ધર્મથી જ મળે છે. દુનિયામાં મળતી ચીજો ધનમાલ કુટુંબ આદિ પણ તેનાથી જ મળે છે. એક શેઠિયાને જશની ઇચ્છા પણ પોતાને અપજશનો ઉદય છે તેનું શું થાય? નાત જમાડવી તે હાથની બાજી છે, તેમાં ચોવટીયાને બોલાવી નાતનું ખર્ચ પૂછયું તો દોઢસો કહ્યા. પણ શેઠે બસો મંજૂર કર્યા અને જશ ખાટવાની વાત કરી. આ બાજુ તૈયારી કરી. કાલે નાત જમવાની છે. "હાથનું બાળ્યું" અને "ઘરનું સમાર્યું." અહિં ચોવટીયામાં કોઈ માલિક નથી છતાં જોઇ આવું તો ખરો. શિયાળાનો દિન હોવાથી ઘીથી કઠણ થયેલા લાડુઓ જોયા. અહિં શેઠ ખીજાયા, અને ઘી પાછું નંખાયું. ઘીની તપેલી સાથે દીવેલની તપેલી હતી તે પણ નખાણું અને રાત્રે લાડવા તો વળાઈ ગયા. સવારે જમવા ટાણે ઓરડી લાડવાની ખોલી ત્યારે લોકો દીવેલના લાડવા એમ બોલવા લાગ્યા તેથી શેઠને જશ ન મળ્યો. અહિં ભાગ્ય વિના જશ પણ મળતો નથી. હવે સર્વ વસ્તુ પુણ્ય કે ધર્મને આધીન છે અને તેથી જગતમાં કિંમતીમાં

કિંમતી ચીજ ધર્મ છે અને તે કિંમતી થયો, તો પછી તેની પાછળ જરૂર નકલી થવાના. અને તેથી જ ધર્મના ફાંટાઓ ઘણા છે. જો આ કિંમતી ન હોત તો ફાંટા થાત જ નહિં. જેને જોઇએ તે આંખ ઉઘાડી રાખે તો જ અસલી માલ મળે. ખબરદારી રાખવી જોઇએ. એટલે જેની સેંકડો નકલ થઈ હોય અસલી માલ લેવો હોય તો ખબરદારી રાખવી જોઇએ. અહિં ધર્મ આર્યોને ઇષ્ટ છે, પણ તે ખબરદારી રાખે તો જ લઈ શકે, તે વિના અસલી ધર્મ ન જ મળે. સર્વ દર્શનકારો ધર્મને તપાસીને લેવાની વાત કહે છે, પણ સારો ગણવાનો કઇ દૃષ્ટિએ ? છોકરો છાપના રંગ સારા દેખે, પણ છાપ બરાબર ન નિરખે. એનાથી ચઢિયાતો હાવભાવ તપાસે. ત્રીજાએ કોઇની છબી તપાસી, જેની છબી છે તે બરાબર છે કે નહિ એ પણ જુએ. તેમ અહિં ધર્મ લેવાવાળા જુદી જુદી દૃષ્ટિએ વિચાર કરે. જેમને લાંબી બુદ્ધિ નથી, અક્કલ કે વિચાર નથી તે માત્ર બાહ્ય લિંગ માત્ર દેખીને ધર્મની તપાસ કરે. એટલે સાધુમહારાજના બાહ્ય વર્તન–લોચાદિ, ગોચરી, ઇર્યાસમિતિ આદિ સર્વને તપાસે. મધ્યમ બુદ્ધિવાળો એ તપાસે કે ત્યાગ લેવામાં ડૂબી જવાનું થાય તો સારું. એમ કેમ ? તો પ્રાચીનકાળમાં એક શેઠે બહારગામ જવા માટે એક સાર્થવાહ લીધો. એક માણસ ભીખારી રસ્તામાં મળ્યો, અને તેને રસ્તામાં ખાવાનું સારું મળ્યું. એટલે તે બીજે દિને ભિક્ષા માટે ફર્યો નહિ. બીજે દિને એથી સારું ખાવાનું આપ્યું. અહિં સાર્થવાહે દેખ્યું કે આણે જરૂર છઠ્ઠ કર્યો હશે. અહિં પેલો વિચારે છે કે મેં બે દિન ન ખાધું એટલે પેલો ભક્તિ કરે છે. અહિં બબે દિનને આંતરે છઠ્ઠ કરે છે. અહિં ઇદ્રનાથે વિચાર કર્યો કે હવે મારે અહિં રહી કામ શું ? સાર્થનું કામ શું છે ? બ્હારગામની ભાગોળે ઝૂંપડી બાંધી રહ્યો. બધા ભક્તો થયા. ભોજન પણ પેલો એક લાવે છે તેને લાભ મળે છે, બીજાને આંટા મારવાના થાય છે તેથી જે ભોજન કરાવે તે આહ ઝાલર વગાડે. અહિં આ સાધુનું નામ એકપિંડિયો.

તેવામાં પ્રભુ વીર પધાર્યા. ત્યારે સાધુઓ કહે છે કે–ગોચરી જઇએ. ત્યારે પ્રભુએ ના પાડી. કેમ ? તો પેલા બધા સામા લઇને આવ્યા હતા. પછી વીરે અનુમતિ આપી. ત્યારે ગૌતમસ્વામીજીએ પૂછ્યું કે કેમ પ્રથમ મનાઇ કરી હતી અને હવે કેમ જવાનું કહો છો ? એટલે આખી વાત સમજાવી. અને છેવટે કહ્યું કે–તું ઇન્દ્રનાથને કહે કે–હે એકપિંડિયા ! તને અનેકપિંડિયો જોવાને ઇચ્છે છે. આવી રીતે ગૌતમસ્વામીજીએ કહ્યું. પછી પોતે વિચારમાં આવે છે કે–મને કહેવાનું તત્ત્વ શું ? ક્રોધ શમ્યા પછી પણ વિચાર આવે તેનું નામ જ માણસાઇ. તે વિચારે છે કે–તે સાધુઓ તો ઘણે ઘરે જઇને લે છે, મારે માટે પારણાની તૈયારી ઘણી જગે થાય છે તેથી હું અશુદ્ધ પિંડ લેવાવાળો છું. તેઓ માધુકરી વૃત્તિથી લે છે. બાળ–છદ્મના પારણાની વાટ જ જુએ, ગોચરી શુદ્ધ છે કે અશુદ્ધ તે પણ ન તપાસે. બાળક માત્ર બાહ્ય સંયોગોને જુએ પણ નિયમોને ન તપાસે. બાળક ધર્મીની પરીક્ષા બ્હારના સંજોગોથી કરે ત્યારે મધ્યમ સંયોગો અને નિયમોને પણ તપાસે. નિયમો કયા ? પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને પણ પાળે તે. હવે તે સમિતિ શું ? પારિભાષિક શબ્દોનો અર્થ કહીએ તો ચાલવામાં, બોલવામાં, ખોરાક લેવામાં, વસ્તુને મૂકવામાં અને તેને છોડવામાં પણ મર્યાદા. આનું જ નામ પાંચ સમિતિ. પાંચની મર્યાદા સાથે મન, વચન અને કાયા ઉપર કાબૂ હોય એટલે સંયોગિક સ્થિતિ સારી હોવા સાથે આ શારીરિક સ્થિતિ સારી હોય તો જ ધર્મ ગણાય. જો શારીરિક સ્થિતિ સારી ન હોય તો ધર્મ ન ગણાય. મધ્યમ આ બન્નેને જુએ, અને બુધ પુરુષ બન્ને જોવા સાથે સિદ્ધાંત સારો છે કે નહિ એ મુખ્યતયા તપાસે. હિંસાદિ પાંચનો ત્યાગ તો સર્વ દર્શનકારોએ માન્યો છે, પણ કોઇએ તેને ઓતપ્રોત કર્યો નહિં. અન્ય મતવાળાએ નવ તત્ત્વો માન્યા. પણ મુખ્યમાં જીવાદિ નહિ લેતાં દ્રવ્ય–પ્રમાણ–પ્રકૃતિ–સ્કંધાદિ રૂપે તેનો વિભાગ કર્યો. જૈન ધર્મમાં કર્મને આવવાનું કારણ તેનું નામ આશ્રવ. કર્મને રોકવાનાં

કારણ તેનું નામ સંવર. કર્મને તોડવા તેનું નામ નિર્જરા. આ જ તત્ત્વો જૈનોએ માન્યાં છે. ઇતિરોમાં દ્રવ્યાદિકની મુખ્યતા છે ત્યારે જૈનમાં મુખ્યતા જીવાદિની છે. હવે તત્ત્વાર્થભાષ્યકારે પણ જીવાદિ તત્ત્વો કહ્યા, પણ દ્રવ્યાદિ ન કહ્યા. જો કે જગતમાં સર્વ દ્રવ્ય-પર્યાયો છે ખરા, પણ સાધ્ય અને સાધનદૃષ્ટિ જેમાં હોય તે જ તત્ત્વ કહેવાય. તેવા વિભાગ વિનાના તત્ત્વો મોક્ષ માટે ઉપયોગી ન થાય. નૈયાયિકોએ પ્રમાણાદિરૂપે, સાંખ્યોએ પ્રકૃત્તિ રૂપે, બૌદ્ધોએ વેદાદિરૂપે તત્ત્વોના ભેદો કર્યા. પણ જેનાથી બાધક-સાધક માલમ પડે, તેને દૂર કરવાના સાધનો હોય તેવી તત્ત્વ તરીકેની વહેંચણી તો જૈનશાસને જ કરી છે. નાનો છોકરો કાચના કટકાને મૂકે તો પણ હીરો કરીને કબાટને તાળું વાસે છે. અહિં નામ માત્રથી હીરો છે, વસ્તુથી નહિ. શબ્દમાત્ર છે. ઝવેરી હીરો લઇને પેટીમાં મૂકી તાળું વાસે છે, અને તેથી તે શબ્દરૂપ હીરો હોવા છતાં વાસ્તવિક છે. જીવતત્ત્વને સર્વ આસ્તિકો માને છે, પણ તે જીવ કેવળજ્ઞાન સ્વરૂપવાળો છે એવી રીતે માનવાવાળો એક પણ વર્ગ નથી. કેવલજ્ઞાન સ્વરૂપવાળો જીવ નથી, તો તે જ્ઞાનને ઉત્પન્ન કરવાનું અથવા જ્ઞાનાવરણીયાદિને તોડવા માટે સાધનો પણ માનવાનું ક્યાંથી બને ? અન્ય મતોમાં સંયોગિક કે શારીરિક સ્થિતિ સુધરવા છતાં, તત્ત્વમાં શૂન્ય, એટલે કેવલજ્ઞાન સ્વરૂપવાળો કે વીતરાગ સ્વરૂપવાળો જીવ ન માને. તેથી ફરક શું ? તેથી નાસ્તિક કહેવાય એજ ને ? પણ નાસ્તિક પાપ નથી એમ કહે, અને પાપ કરે તેથી દુર્ગતિ જવાનું અટકી પડવાનું નથી. પોતે માને કે ન માને પણ સત્કાર્યોનું ફળ તો મળે જ. મિથ્યાદૃષ્ટિ દેવલોકને તો માનેને ? ગૃહસ્થવેશવાળો મિથ્યાદૃષ્ટિ અને સાધુ પણ નવ ગ્રૈવેયક સુધી જઇ શકે છે, જેની સુગન્ધ આવી તે ચાલી જવાની નથી. ફળ માનો કે ન માનો. એવી જ રીતે પુણ્ય પાપ માને તો પણ ફળ તો ભોગવવાના છે. ન માનવાથીય તેના ફળ તો ભોગવવાના જ છે. તેથી આસ્તિક નાસ્તિકમાં ફરક શો ? જરાક લગીર આગળ

આવ ! જીવના સ્વરૂપને જાણે ત્યારે તેને પ્રગટ કરવા ઉદ્યમ કરે, અને તેને રોકનારાં કર્મને જાણી તેને રોકવા ઉદ્યમ કરે. હવે જે જાણશે જ નહીં તે ઉદ્યમ શો કરશે? અહિં જીવને કેવલજ્ઞાન સ્વરૂપવાળો માને, તેને રોકનારા કર્મો માને તે જ પ્રગટાવવા ઉદ્યમ કરે. બાકીનાઓ તો ઉદ્યમ જ નહિ કરે, તેથી પંડિતો ત્રણે પ્રકારની સ્થિતિથી તત્ત્વ તરીકે તપાસ કરે. એટલે સિદ્ધાંતદ્વારા બધું તપાસે. બાળક, બાહ્ય સંજોગ જુએ. મધ્યમ શારીરિક સ્થિતિનો વિચાર કરે. જે પંડિત તે શાસ્ત્રના તત્ત્વની પરીક્ષા કરે. આવી રીતે ત્રણેને પરીક્ષાનું સાધન કયું ? અને પરીક્ષ્ય કયું ? એકને દૃષ્ટિએ–વિચારે અને પરીક્ષાએ સાધન. પરીક્ષ્ય સંયોગ. શારીરિક અને તત્ત્વ એ ત્રણ છે, પણ મૂળનું સ્વરૂપ ક્યાં જણાવ્યું છે ? એટલે બાલક કોણ, મધ્યમ કોણ અને બુધ પણ કોણ ? તેનું સ્વરૂપ શું ? તો બાળકની સ્થિતિ એ હોય કે–પ્રયત્ન કરવો, પણ ફળ થશે કે નહિ તે વિચારવાનું બાળકને ન હોય. બુદ્ધિશાળીઓના પ્રયત્નો ફળના અનુમાને હોય. ફળદ્વારાએ પ્રયત્નનો નિશ્ચય કરે. એટલે ફળની અપેક્ષાએ જ પ્રયત્નોની મંદતા તીવ્રતા રહેલી હોય છે. જંગલમાં ગયા હોઇએ, અને હાથમાં મોહર, રૂપીઓ અને હીરો હોય તો ત્રણેને બચાવવાના પ્રયત્નો જુદા જુદા હોય છે. કારણ, કિંમત એકબીજાની તારતમ્યતાવાળી છે. હવે અહિં રૂપિયાની, મહોરની અને જીવનમૂડીની કિંમત સમજી નુકશાન કેટલું થશે તે ઉપરથી જ પ્રયત્નનું તીવ્ર, મંદ અને મધ્યમપણું થાય છે. તે કોને ? બુદ્ધિશાળીને, પણ બાળકને તો ફળ કે તેના સાધનોનો નિશ્ચય કરીને પ્રવૃત્તિ કરવાની ન હોય. બાળકને તો માત્ર ધર્મ કરવો એ એક જ ધ્યેય કે લક્ષ્ય હોય. ફળ તપાસવાનું બાળકને ન જ હોય. **मध्यमबुद्धिस्तु मध्यमाचारः** મધ્યમ બુદ્ધિવાળો મધ્યમ આચારમાં પ્રવૃત્તિ કરે. જે પંડિત છે, તે ફળ, સાધન તરફ પ્રવૃત્તિને ન દેખે પણ મોક્ષનો માર્ગ છે કે નહિ એ એક જ ધ્યેય રાખે. દુનિયામાં ગાંધીવાદવાળાને

પૂછીશું તો કહેશે કે–ધ્યેય શું ? તો દેશની આબાદીમાં અહિંસા. તેમ અહિં તિલકવાળાઓ આબાદી જ ઇચ્છે. હિંસા થાય કે ન થાય તે જુએ, તેમ અહિં પંડિત પુરૂષો તો પ્રભુના માર્ગને જ તપાસે. દ્રવ્ય-વિરાધનાના ત્યાગરૂપે માર્ગ હોય તો તેનું આચરણ કરે.

## આઠ પ્રવચન માતામાં પણ મોક્ષની દૃષ્ટિ જેની હોય તે પંડિત

મોક્ષમાર્ગ સિવાય બીજું ધ્યેયજ ન હોય. સર્વ પ્રવૃત્તિ મોક્ષમાર્ગ માટે જ. કોઇ પણ પ્રવૃત્તિ માટે સિદ્ધાંત એક જ, પછી તે નદી ઊતરવાનું હોય કે વિહાર કરવાનું હોય પણ માર્ગ તો મોક્ષનો જ છે. શારીરિક, સંયોગિક સ્થિતિઓ પણ માર્ગ વધારનારી હોય તો જ કામ લાગે. તે વિના તે પણ કામે નથી લાગતી. કોઈ કહે કે સવારનું પ્રતિક્રમણ કરું. અને તેમાં ચાર પાંચ કલાક કાઢું. અહિં તે પ્રતિક્રમણના સૂત્રોની શુદ્ધિની સ્થિતિમાં છે, સંવરમાં જ છે. તેમજ વિહારના અંગે હું ધીમે ધીમે કરીને જાઉં. અહીં ભિક્ષા કરીને ગામમાં ફરે કે બહાર ફરે તેનું મને તત્ત્વ નથી. મોક્ષમાર્ગ વ્યવસ્થિત થાય, આપણા આત્માને ચઢાવે. ઇરિયાસમિતિ તે પણ માર્ગ માટે. માર્ગનો ભેદ થતો હોય તો તે કામ ન લાગે. તે કેમ ? તો કોઇ ટેકરા ઉપરથી સાધુને ચક્કર આવ્યાં. અહીં જો ઇરિયાસમિતિમાં ધીમે ધીમે ચાલીને જાય તો જવા પહેલાં ચકરી ખાઈ પેલો પડી જાય તે કામ ન લાગે. તેમ જ ભાષાસમિતિને અંગે કોઇ ખોટી વાત કરે અને તેમાં ઘણું જ સારું કહીએ તો ઠીક નહિ. કારણ માર્ગ ભેદાય. તેવી જ રીતે પંચ-સમિતિ અને ત્રણ ગુપ્તિમાં પણ માર્ગની દૃષ્ટિ જેની હોય તે પંડિત હોય. આવી રીતે પરીક્ષા કરનારા ત્રણ, તેની રીતિઓ પણ ત્રણ જણાવી.

## ગોચરી વિહાર પડિક્કમણું આતાપનાદિ અસાર છે ?

બાળક દેખવાદ્વારા પરીક્ષા કરે. શાથી ? સંયોગિક સ્થિતિએ. મધ્યમ વિચારદ્વારા પરીક્ષા કરે તે શારીરિક સ્થિતિએ, અને બુધ

પરીક્ષા કરે તે આત્મિક સ્થિતિએ જુએ. જે સંયોગિક સ્થિતિ છે તે આત્માની શુદ્ધિ વિના થતી નથી. વિહાર–ત્યાગ–આતાપના આદિ જે કાર્યો છે તે આખી દુનિયા કરતી નથી. પણ સાધુઓ કરે છે. અને તેને દેખનારા તે બાળક જ કેમ? સંયોગિક સ્થિતિ બે પ્રકારે ઉત્પન્ન થાય છે. જેમ અગ્નિને અંગે, ઉષ્ણુતા, દાહકતા, પ્રકાશતા એ પણ ચિન્હો છે, તેમ સગડી એ પણ ચિન્હ છે. કારણ શિયાળામાં કોઈ સગડી લઇને જાય તો કહી શકાય કે આમાં અગ્નિ છે. પણ તે સગડી બાહ્ય સાધન છે. અહિં બાળક જે સંયોગિક સ્થિતિને તપાસે તે બહારનાં ચિન્હો તપાસે. એટલે જેમ રાજાને અંગે મુકુટ, કુંડલ. તે રાજા હોય તો પણ ધારણ કરે અને નાટકીયો પણ ધારણ કરે. બાહ્ય સ્થિતિ તે અસાર છે. તે કેમ? તો તે નવ ગ્રૈવેયક સુધી બ્હારની સ્થિતિ લઈ જાય. જૈન ધર્મમાં પળાતાં મહાવ્રતો મોક્ષબુદ્ધિએ ન લે પણ કેવલ દેવલોકની પ્રાપ્તિ માટે સર્વ વર્તનો રાખે. અરે! પૂજાવા માટે રાખે. જેનાથી દેવલોક મળે તે સ્થિતિને અસાર કેમ કહેવાય? અહિં પુણ્ય કરીને સાર મળે છે, તે અસાર નથી; પણ આત્મીય દૃષ્ટિએ–મોક્ષમાર્ગની અપેક્ષાએ અહિં વાત છે, એટલે સંયોગિક સ્થિતિથી પુણ્ય બંધાય પણ ધર્મ ઉત્પન્ન થવાનો આધાર નથી.

**વિહાર, ગોચરી, આતાપના, પડિક્કમણાદિ જે બ્હારની સંયોગિક સ્થિતિ તે ભગવાને કહી છે. છતાં અસાર કેમ? તે એક જ મુદ્દાથી કે તેનાથી ધર્મીપણું આવવું મુશ્કેલ છે. તેની સાથે ધર્મ ઉત્પન્ન થવાનો સંબંધ નથી.**

વાછરડાને રંગ્યો અને શોભ્યો પણ સારો, પણ તેનાથી દૂધ ઉત્પન્ન થવાનો સંબંધ નથી. તે તો ગાયની સાથે છે, તેમ અહિં સંયોગિક સ્થિતિને ધર્મ ઉત્પન્ન થવાનો નિયમ નથી. કારણ તે બાહ્ય સંયોગિક સ્થિતિને ધર્મીઓ ધારણ તો કરે છે. પણ તેમાં અવિડંબકો હોય છે, છતાં તેવી રીતે વર્તવાવાળા–અવિડંબકોજ હોય એમ નહિં પણ વિડંબકોય હોય છે. વિડંબક શાસ્ત્રમાં કોને કહ્યા છે? અભવ્ય અને દુર્ભવ્ય

હવે લાજે કે શરમે પ્રવૃત્તિ થતાં પાછો માર્ગે આવી જાય. પણ આ વિડંબકને તો અત્યારે ભાવશૂન્ય પ્રવૃત્તિ છે અને આગળ પણ ભાવ નહિ થાય. તેવા અભવ્ય સરખા વિડંબકો એટલે શાસનની વિડંબના કરનારાઓ પણ આ સંયોગિક સ્થિતિને ધારણ કરે છે. તેમને વળી તપસ્યા, વિહારાદિ કરવાનું કામ શું ? તો કાર્યવશ– એટલે જિનેશ્વર મહારાજા જે વખતે વિચરતા હોય તે વખતે દેવોનું આવવું થાય તેથી અભવ્યાદિને એમ થાય કે આ કોઇક સમર્થ જીવ હશે ત્યારે જ દેવ આવે છે. આવું સમર્થપણું તે તો સાધુપણાના આચાર સિવાય ન જ મળે. આવી વાત દેવો પાસેથી પણ સાંભળે કે અમે સાધુ આચારથી દેવપણાને પામ્યા છીએ. તેમજ શાસનમાં પણ કહેવાય. પછી શંકાને સ્થાન ન જ રહે. આ ચારિત્ર દેવલોકનું કારણ છે એમ માની અભવ્ય અને દુરભવ્યો પણ સંયોગિક સ્થિતિને સુધારવા માગે. **બાહ્ય સંયોગિક સ્થિતિના સુધારા ઉપર ધર્મનો નિશ્ચય નથી એમ હરિભદ્રસૂરિજી કહે છે.** શાથી નિયમ નથી ? તો દુનિયામાં જેમ ધૂમ હોય ત્યાં અગ્નિ હોય પણ અગ્નિ હોય ત્યાં ધૂમ હોય એવો નિયમ નથી. જેમ લોઢાના ગોળામાં. આવી રીતે બાહ્ય સંયોગિક સ્થિતિ સુધરી હોય ત્યાં ધર્મ હોવાનો નિયમ નહિ, પણ ધર્મ જ્યાં હોય ત્યાં તો બહારની સંયોગિક સ્થિતિ સુધરેલી જ હોય એમ એ નિશ્ચય કરવાનો. ધર્મી હોય તેની જ બાહ્ય સ્થિતિ સુધરેલી હોય. જો આત્મા સુધરેલો ન હોય તો બાહ્ય સ્થિતિ સુધરેલી ન હોય. ગૃહિલિંગે કે અન્યલિંગે સિદ્ધ કોણ ? જેને બહારના આચારની માન્યતા હોય તેની તીવ્ર ભાવના થઇ હોય. તે લેવાની તૈયારીમાં આકસ્મિક ભાવના વિચિત્ર થઇ હોય તો તે જ લિંગે સાધુ થઈ મોક્ષે જાય. અન્ય લિંગે સિદ્ધ પણ કેવળજ્ઞાન પછી બે ઘડી જ આયુષ્ય હોય તો. વધારે હોય તો સ્થવિરમાં આવી જ જાય. મરુદેવા માતાને જેમ કેવલજ્ઞાન થયું

અને આયુષ્ય પણ તૂટયું. એટલે અતીર્થંસિદ્ધ થયા. અન્યલિંગે સિદ્ધ થાય તે ભાવનાથી બન્યું છે. અહિં ત્યાગની ભાવના સારી હતી માટે કેવલજ્ઞાન થાય. "નકામા ત્યાગ"વાળાને કેવળજ્ઞાન થયેલું સાંભળ્યું છે? જેને ત્યાગ નકામો લાગે તે માર્ગમાં રહી શકતો નથી, પછી કેવળજ્ઞાન તો હોય જ કયાંથી? હવે સંયોગિક સ્થિતિ સુધરે અને ભાવના ન પણ સુધરે તે બને, પણ ભાવના સારી હોય તેની સંયોગિક સ્થિતિ સારી હોય જ. વિડંબકો ચારિત્ર કેમ સારું પાળે છે. અરે? માખીની પાંખ પણ ન દૂભાય તેવું ચારિત્ર પાળે. **"બાવાના નાના બચ્ચાં પણ ધૂણીએ જ બેસે."** તેમ સર્વજ્ઞ ભગવાન્ શાસનના ધોરી તરીકે શાસનને ચલાવતા હોય તે વખતે સાધુઓનો આચાર કયો? કહો કે ક્ષીણમોહનો. તે વખતે અભવ્ય કે દૂરભવ્ય પણ જોડાય તે શાથી? દેવલોકાદિની ઈચ્છાએ. અને તેથી તે વિડંબકો સંયોગિક સ્થિતિને ધારણ કરનારા હોય છે, માટે તેમનો ધર્મનો નિયમ ન ગણાય એટલે બાળક સંયોગિક સ્થિતિને નિરખીને ધર્મ તપાસે છે. શરીરમાંથી અણસમજુપણે નીકળેલું ઝેર જરૂર જીવાડનારું છે. તમે તો હિંસા, ચોરી, જૂઠ આદિ કાર્યવશે છોડ્યાં કે મોક્ષને માટે છોડ્યાં પણ તેથી તમારી સદ્ગતિ તો થવાની જ છે ને? અભવ્યોને ઇચ્છા પુદ્ગલની, ધ્યાન આર્ત્તધ્યાન છે, છતાં તેવી રીતે પાળેલું સાધુપણું પણ નવ ગ્રૈવેયક સુધી લઇ જાય. મન ભલે ન સુધર્યું હોય છતાં આટલી ઉચ્ચ સ્થિતિએ સાધુપણાના બાહ્ય સંયોગ લઇ જાય છે. ત્યાગ પોતે ત્યાગ છતાં ત્યાગનું સત્યાનાશ વાળે. જેમ સુભૂમ બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તી સરખાએ પ્રથમ ભવમાં સાધુપણાં લીધાં તે ત્યાગ ખરો, પણ પરિણામ શું? ત્યાગનો સત્યાનાશ થયો તે? એટલે બીજા વાસુદેવના ભવમાં પ્રત્યાખ્યાન જ ન પામે. વળી એક ત્યાગ પોતે ત્યાગનું ઝાડ જ ઉગાડે. જેમ વજ્રસ્વામીજી આગળ પાડોશી આવેલા તે કહે છે કે– "આના બાપે દીક્ષા ન લીધી હોત તો તે મહોત્સવ કરત." અહિં

દીક્ષાને ધિક્કારતો શબ્દ કહેવો તે વજ્રસ્વામીજીના રૂવાંડે રૂવાંડે સળગી રહ્યો છે. જો આ મા પોતાનો રાગ છોડે તો મારી દીક્ષા થાય. "મા"નો રાગ છોડાવવા માટે છ મહિના સુધી રુવે છે. છ માસની ઉંમરે સાધુને આપે છે ત્યારે રોતો બંધ થાય છે. અહિં કેટલાક **ત્યાગો એવા હોય છે કે આવતા ભવે ત્યાગનું ઝાડ ઊભું કરે છે.**

અહિં બે પ્રકારના ત્યાગમાં બાળક કયા ત્યાગને દેખે છે. પોતાને લાગે ન વળગે તેવો ત્યાગ ન જ હોય. ત્યાગને અંગે લાગણી હોય તો પછી ધર્મને અંગે પ્રતિબંધ ન હોય. જાણીને કરે એટલા માત્રથી ત્યાગ કહેતો હોય તો તે ત્યાગ. તેના ફળ વિગેરેને ન જુએ, તે સાચો ત્યાગ ન ગણાય વિગેરે અગ્રે કહેશે.

---

# વ્યાખ્યાન ૯

## જન્મવા છતાં કર્મ ન બાંધવું એ હાથની વાત છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મ૦ ભવ્યજીવોના ઉપકારને માટે **ષોડશક પ્રકરણની** ટીકા કરતા થકા આગળ જણાવી ગયા કે આ સંસારમાં **બાહ્યવસ્ત્યાગ** આદિ અનાદિકાળથી આ જીવ રખડપટ્ટી કરતો આવ્યો છે. કદાચ કહેવામાં આવે કે અમને આ જન્મની કે ભવની પણ ખબર નથી. દરેક મનુષ્ય ગર્ભમાં નવ માસ રહ્યો. વળી તિર્યંચ કરતાં વિચિત્ર સ્થિતિમાં રહ્યો. તિર્યંચોની ગર્ભસ્થિતિ કોઈની ત્રણ માસ કે ચાર માસની અને તે અવસ્થા સીધી, પણ અહિં તો નવ માસ દુર્ગંધીની સ્થિતિમાં અને ઊંધે માથે. જન્મ્યા પછી દુર્ગંધ સહન ન થાય, પણ ત્યાં તો નવ માસ સુધી રહ્યો, તેનો ખ્યાલ ક્યાં આવે છે? દરેક જાણે છે કે અમે જન્મ્યા છીએ. ઘોડીયામાં હીંચ્યા છીએ અને માતાનું દૂધ પણ પીધું છે. એ વાત ખરી પણ કઈ જગે ઘોડિયું હતું તેમજ કઈ દાઈયણ હતી

વિગેરે ગર્ભમાં આવ્યા તે અને જન્મ્યા પછીની બાળકની અવસ્થાનો પણ ખ્યાલ નથી. જેને આ ભવના જન્મ સંબંધી હેવાલનો ખ્યાલ નથી તેને ગયા ભવની વાત મુશ્કેલ છે, તો પછી અનાદિની રખડપટ્ટીની વાત કરવી તે ભેંસ આગળ ભાગવત છે. વાત ખરી, પણ નહિ દેખાયેલો પદાર્થ પણ ચિહ્નદ્વારાએ મનાય છે. જેમ દાદાના દાદા દેખ્યા નથી તો પણ તે માનવા પડે છે, કારણ કે નહિં તો પિતાદિ હોત જ નહિ. એટલે દાદાનાં દાદાનાં નામો પણ કેટલી વખત ન જાણીએ તો પછી દેખવાની કે ઓળખવાની વાત જ શી કરવી ? છતાં આપણી હયાતિ છે એટલે પિતાદિની ખાતરી માનવી પડે છે. વગર દેખ્યા ખ્યાલમાં ન આવે તેવી ચીજ કાર્યદ્વારા માનવી પડે. તેમ અહિં પણ જન્મ અને કર્મ એ બેની પરંપરા છે. બીજ અને અંકુરાની જેમ પરંપરા છે એટલે બીજ વિના અંકુરા ન હોય અને અંકુરા વિના બીજ પણ ન હોય, તેથી અનાદિની તેની ઉત્પાદક શક્તિ માનવી પડે. જો બેમાંથી એકની શરૂઆત કરીએ તો બને નહિ. બન્નેની પરંપરા અનાદિની છે. કોઇની પણ આદિ કહી શકીએ તેમ નથી અને તેથી બન્ને અનાદિના છે. પરસ્પર કાર્યકારણવાળા તે બન્ને છે. એટલે પ્રથમના બીજનો અંકુરો તે કાર્ય અને બીજા અંકુરાનું બી તે કાર્ય છે. તેમ અહિં શરીરદ્વારાએ જન્મ માનો છો કે નહિ ? અને જો માનો તો કર્મજન્મની પરંપરા માનવી પડે. પ્રથમ કર્મ માને તો કર્મ વિના જન્મ થયો કેમ ! કર્મ વગર જન્મ થાય તેમ નથી, કારણ જીવ તો પ્રત્યક્ષ સિદ્ધ છે. ચ્હાય જેવો મૂર્ખ એમ નહિ કહે કે હું નથી. પણ સર્વ કોઇ હું છું એમ જ કહેશે. સુખી દુઃખી પણ સર્વ કોઈ કહે છે તેથી જ જન્મ છે એ માનવું પડે અને જન્મ તે કર્મ વિના હોય નહિ અને કર્મ તે પ્રથમના જન્મ વિના હોય નહિ. આવી રીતે જન્મકર્મની પરંપરા અનાદિની છે અને તેથી જીવ કર્મ દ્વારાએ અનાદિની રખડપટ્ટી કરે છે. જેમ બીજ અને અંકુરાની પરંપરા અનાદિની માનવી પડે છે તેમ કર્મ અને જીવની

સમજવી, છતાં કેટલાંક બી ચવાઇ જાય-ભુંજાઇ જાય તો અંકુરો ન થાય. એટલે અંકુરાને ઉત્પન્ન કરવાની શક્તિ બીજમાં નષ્ટ-થાય છે. તેમ અહિંઆ આત્મામાં જન્મ કરવાની શક્તિ કર્મદ્વારાએ છે તેમ અહિં કર્મનો ઘાત કરવાનો રહેશે. બીજના નાશે અંકુરાનો નાશ અને અંકુરાના નાશે બીજનો નાશ થાય છે તે તેમ અહિં જન્મના નાશે કર્મનો નાશ થાય એમાં ના નહિ, પણ કર્મનો નાશ થવો જોઇએ. એટલે પ્રથમ કર્મનો નાશ થવો જોઇએ. નૈયાયિકોએ પણ જન્મ વીતરાગતા સિવાયનો માન્યો છે, એટલે જન્મ સમયે વીતરાગ હોય જ નહિં. એટલે કર્મ સિવાય જન્મ થવાનો નથી. અને તેથી જન્મ કર્મ બન્નેનો નાશ થાય પણ તેમાં પ્રથમ કર્મનો નાશ જોઇએ. જન્મ તે કર્મ વિના થતો નથી. કર્મ છતાં જન્મનો નાશ થાય જ નહિ. પણ જન્મ છતાં કર્મનો નાશ શક્ય છે. જન્મ છતાં **કર્મ ન બાંધવું તે આપણા હાથની વાત છે, પણ કર્મ છતાં જન્મવું નહિ તે આપણા હાથની વાત નથી.** આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે શાસ્ત્રકાર કહે છે કે-આવતા ભવનું આયુષ્ય જેણે બાંધ્યું તે ક્ષપકશ્રેણિ માટે નકામો ક્ષપકશ્રેણિવાળાથી પરભવનું આયુષ્ય બંધાય નહિ. ક્ષપકશ્રેણિએ ચઢનાર તે જ હોય કે જે આવતા ભવનું આયુષ્ય ન બાંધે તેથી કર્મ હોય તો જન્મ રોકવો શક્ય નથી, પરંતુ જન્મ થવા છતાં નવું કર્મ ન બાંધવું તે શક્ય છે. કર્મ તે ઇચ્છા માત્રથી રોકાતું નથી. જો ઇચ્છા માત્રથી રોકાય તેમ હોત તો જગતની સ્થિતિથી કોઇ દુઃખી થાત નહિ. તેમ કોઇને પાપ બાંધવાની ઇચ્છા નથી. અને તેથી ઇચ્છા પ્રમાણે કર્મ-બંધ થતો હોત તો કોઇ કર્મ બાંધત નહિ. ઇચ્છા હોય કે ન હોય પણ સાધનો હોય એટલે કર્મબંધ થાય. જેમ નાના બચ્ચાને ચકરી ખાવાની ઇચ્છા ન હોય તેથી ચકરી ખાવાથી મગજ પણ વેગમાં રહે છે અને પૃથ્વી ઝાડાદિને વેગમાં ફરતાં જુએ છે. તેમ અહિં કર્મના વેગમાં રહ્યા છતાં કર્મ બાંધવા નથી એ ન બની શકે

મરચાં ખૂબ ખાય અને કહે કે મારે બળતરા ન જોઇએ એ ન બને. તેમ અહિં પાપકર્મ બાંધે, અશુભ પ્રવૃત્તિ કરે અને કહે કે હું પાપ ન બાંધું, દુઃખી ન થાઉં એ કેમ બને ? જેને પાપ ન બાંધવું હોય તેણે તેના રસ્તા બંધ કરવા જોઇએ. આનું નામ જ ધર્મ છે. બીજી કોઈ ચીજનું નામ નથી. તેમજ તેને રૂપરસગન્ધાદિ નથી. હું પાપ બાંધનારો ન થાઉં એમ ધારીને પાપના કારણોને દૂર કરવાં તેનું નામ જ ધર્મ. પાપના કારણોને દૂર ન કરે તેનું નામ અધર્મ. અધર્મને કંઇ શીંગ–પૂંછ નથી. જાનવરને તો શીંગ–પૂંછ પણ હોય છે. અહિં પાપની પ્રવૃત્તિ કરવી તેનું નામ જ અધર્મ. બીજું ચિહ્ન નથી. રૂપ, રસ, ગન્ધાદિ પણ તેમાં નથી. આવી રીતે અનાદિ કાળથી આ જીવની થતી રખડપટ્ટીને ટાળનાર જો કોઇ ચીજ હોય તો પાપની પ્રવૃત્તિ બંધ થવી જોઇએ અને ધર્મનો આદર થવો જોઇએ.

## પણ ધર્મ મળે કયાં ?

કાછીયાની વખારમાં જાય અને મોતી માગે કયાંથી મળે ? તેમ જેઓ ગુરુતત્ત્વને ઓળખી શકે નહિ તે ધર્મને પામી ન શકે. ગુરુઓને કેમ ધર્મના આપનાર કહો છો ? ધર્મના ઉત્પાદક, દેનાર, ચક્રવર્તી તો દેવ છે. શુદ્ધ દેવ મળે તો જ શુદ્ધ ગુરુ અને ધર્મ મળશે. માટે કહો કે ત્રણેની જડ જ દેવતત્ત્વ છે. વાત ખરી, પણ ઉત્પત્તિની અપેક્ષાએ ત્રણે તત્ત્વની જડ દેવતત્ત્વ છે, પરંતુ બોધની અપેક્ષાએ કે જ્ઞાનની અપેક્ષાએ વિચારીએ તો ત્રણે તત્ત્વોમાં મુખ્ય તત્ત્વ ગુરુતત્ત્વ છે. કારણ કોના પરિચયમાં કોની સેવામાં રહેવાના ? કહો કે ગુરુના. આખું શાસન ગુરુમહારાજને આધીન છે અને તેમના જ પરિચયથી ધર્મને સમજવાના. ઉત્પત્તિની અપેક્ષાએ દેવતત્ત્વ છે, પણ પ્રતિબોધની અપેક્ષાએ કે શાસનની અપેક્ષાએ જો શરૂઆત થાય તો કયાંથી થાય ? ગુરુતત્ત્વથી. હવે વિચારીએ કે જન્મથી જૈનધર્મમાં છીએ અને જૈન સાધુના જ પરિચયમાં આવેલા છીએ તેથી વીતરાગને જ દેવ માની-

એ છીએ અને પંચમહાવ્રતધારીને જ સાધુ માનીએ છીએ, પણ કદાચ ઢીંગલાપંથીમાં કે બીજા કોઇ દર્શનમાં જન્મ પામ્યા હોત તો તે જ માનત. પણ આપણને જૈન ગુરુ મળ્યા એટલે જ શુદ્ધ દેવાદિને માનવા લાગ્યા. અહિં સર્વના કારણ ગુરુ છે. તેથી મુનિસુન્દરસૂરિજી જણાવે છે કે-સર્વ તત્ત્વોમાં ગુરુતત્ત્વ જ મુખ્ય છે, આમ કહીને દેવતત્ત્વને હલકું કહો છો અગર અપમાન કરો છો ને ? તો હલકું પાડવા ગુરુતત્ત્વને મુખ્ય નથી કહેતા પણ હિતના અર્થી થવું, હિતનાં જે કાર્યો તે ગુરુમહારાજના વચનથી જ સધાય. તેમના વચન સિવાય હિતકાર્ય કરી શકીએ જ નહિ, સાંભળીને જ જાણી શકીએ છીએ. અવિરતિ, દેશવિરતિ, સર્વવિરતિપણું આદિ સર્વ વાર્તા ગુરુમહારાજના મુખથી સાંભળીને જ જાણી શકીએ. સાંભળ્યા સિવાય જાણવાનો હક તીર્થંકર સિવાય બીજાને છે નહીં. તીર્થંકરમાં સ્વયં જાણવાનું ન લઇએ તો સ્વયંસંબુદ્ધ કહેવાય નહિ. તીર્થંકરો તો સ્વયંબુદ્ધ હોવાથી તેમને ગુરુ ન હોય. શાસ્ત્રકાર કહે છે કે-ગુરુઓ વગર જાણી શકાય નહિ પણ ગુરુ એટલે કુળગુરુ, વિદ્યાગુરુ આદિ નહિ પણ જે મોક્ષમાર્ગે પ્રવર્તાવે, આત્મકલ્યાણમાં મગ્ન, પાપથી દૂર રહેલા તેવા ગુણના ભંડાર તે જ ગુરુઓ હોય. જગતમાં અંધકાર હોય તો વસ્તુને જોવા આંખ કારણ છે. પણ દીવા સિવાય દેખી શકાતું નથી તેમ ધર્મનો પ્રતિબોધ કે દેવતત્ત્વનો પ્રતિબોધ પણ ગુરુદ્વારા જ મળે છે. તેમના વિના જણાય જ નહિ. આ કારણથી ભગવાન્ હરિભદ્રસૂરિજી બાળક, મધ્યમબુદ્ધિ અને બુધ માટે દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વને સમજાવતા હતા પણ છેવટે ધર્મ કે દેવની પરીક્ષાનું સાધન ન જણાવ્યું પણ ગુરુની પરીક્ષાનું સાધન જણાવ્યું, તેના ત્રણ ભાગો છે. કોઇક બાલ, કોઈ મધ્યમ અને બુધ, તે કેવી રીતે ? તે માટે કહે છે કે-બાળક હોય તે ફળ દેખીને પ્રવૃત્તિ ન કરે પણ પ્રયત્ન કર્યા કરે. નાનાં બાળક ધૂળના મકાન કૂવા કે વાવડીઓ કરે પણ તેમાં ફળ ન હોય એ દૃષ્ટિ પણ ન હોય. મોટાઓને મહેલ

વાવડી કરતા જુએ તેથી તેઓ રેતીના પણ બનાવે છે પણ ફળને ન જ વિચારે. કારણ બાળકને પોતાની પ્રવૃત્તિનું શું ફળ થશે તે વિચારવાનું હોતું નથી. **असदारंभः** એટલે ફળનો નિશ્ચય કરી પ્રવૃત્તિ કરે તે સદારંભ. પણ તેવી પ્રવૃત્તિ જેની ન હોય તે બાળકો સમજવા. તેવા બાળકો હોવાથી તે ગુરુની પરીક્ષા કરવામાં ત્યાગને દેખે, એટલે સંયોગિક સ્થિતિ જુએ. તેના બે પ્રકાર, એટલે વેશ અને બાહ્ય વર્તન દેખે. વેશ જોઈ જે ગુરુ કે ધર્મને માનનારા હતા તેને અંગે કહી ગયા કે–આ બહારનું લિંગ તે અસાર છે. લિંગ બાહ્ય ચીજ છે, અસાર છે. તે કેવી રીતે ? આ વાત બે પ્રકારે છે. એટલે ધર્મ હોય ત્યાં બાહ્ય લિંગ હોય કે બાહ્ય લિંગ હોય ત્યાં ધર્મ હોય ? તો કહે છે કે–ધર્મ હોય ત્યાં બાહ્ય લિંગ હોય, પણ બાહ્ય લિંગ હોય ત્યાં ધર્મ હોય એ નિયમ નહિ. ધૂમાડો હોય ત્યાં અગ્નિ હોય એ નિયમ ખરો પણ અગ્નિ હોય ત્યાં ધૂમાડો હોય એવો નિયમ નહિ, જેમ અયોગોલક. તેમ અહિં બાહ્ય લિંગ કે ત્યાગની સાથે ( સંયોગિક સ્થિતિની સાથે ) ધર્મનો પ્રતિબંધ નથી. જો કે ધર્મના કે દેવ, ગુરુની સાથે બાહ્યનો પ્રતિબંધ છે. નહિ તો વગર ત્યાગીને પણ ગુરુ માનવા પડે. બાહ્ય હથિયારવાળાને પણ દેવ માનવા પડે અને આરંભ પરિગ્રહવાળાને પણ ગુરુ માનવા પડે, પણ અહિં બાહ્ય વર્તન તો જોઇએ. તેથી સ્ત્રી હથિયાર છે તેને દેવ માનવાનું કહેતા નથી અને તે ન હોય તેથી દેવપણું આવી જાય એમ નથી, પણ જ્યાં દેવપણું હોય ત્યાં સ્ત્રી, હથિયાર કે માળા હોય જ નહિ. આરંભ પરિગ્રહ ન હોય તેથી ગુરુ માની લેવા એમ નહિ. પણ જ્યાં જ્યાં ગુરુપણું હોય ત્યાં આરંભ–પરિગ્રહ ન જ હોય. તેવી જ રીતે ધર્મને અંગે પણ આરંભ–પરિગ્રહનો અભાવ હોય ત્યાં જ ધર્મ હોય એમ નહિ, પણ ધર્મ ત્યાં આરંભપરિગ્રહ ન જ હોય. કહો કે આવશ્યક ક્રિયા, તપ, કાયોત્સર્ગ આદિને અંગે ગુરુપણાનો પ્રતિબંધ નથી પણ જ્યાં ગુરુપણું છે ત્યાં

આવશ્યક ક્રિયા તપ કાયોત્સર્ગાદિ હેય જ. એટલે બાહ્ય સંયોગિક સ્થિતિની સાથે ધર્મ વ્યાપેલો નથી પણ ધર્મ હોય ત્યાં તે વ્યાપેલાં છે. જ્યાં જ્યાં કષ હોય ત્યાં ત્યાં સોનાપણું અને સોનાપણું હોય ત્યાં ત્યાં કષપણું હોય. બાહ્ય વર્તન હોય ત્યાં ધર્મ હોય એ નિયમ રાખીએ કયારે? કે બીજા કોઈ વર્તન ન કરતા હોય તો. જેમ નાટકીયા નાટક ભજવવા રૂપો બનાવે, જેમ બહુરૂપી બહુરૂપ કરી આજીવિકા ચલાવે છે. એક વખતે સાધુમહારાજ તે ગામે પધાર્યા છે તે વખતે તે વિચારે છે કે મારું નામ બહુરૂપી, તેથી આ સાધુપણું એ પણ એક રૂપ છે. તેથી તે કરવા માટે તેમની પાછળ ફર્યો. સાધુની દરેક પ્રવૃત્તિ પોતે જોઇ અને તે પ્રમાણે કરી. છેવટે વેશ લેવા તૈયાર થયો. એ ભજવવા માટે નિષ્ણાત બન્યો. તે બીજા ગામમાં જઈ રાજા આગળ સાધુનો વેશ ભજવવા લાગ્યો. અહિં દાન દેવા ખુશ થયો છે પણ તેથી બીજા રૂપો જાણવા નહિ મળે. મોહ રાજાએ સર્વરૂપો જાણવા નવાણું કરાવ્યાં. છેવટે સાધુનું રૂપ આવ્યું. અહિં ચરપુરુષોએ રાજાને જણાવ્યું છે કે આ છેલ્લું રૂપ છે. તે પછી હવે નથી. તેથી સાધુ ધર્મલાભ દઇ પધાર્યા પછી રાજા ભંડારીને દસ હજાર આપવા કહે છે. અહિં સાધુ ના પાડે છે. અમારે ખપ નથી. ધર્મલાભ દઇ પાછો ગયો સ્થાને આવી વેશ ઉતારીને પાછો આવ્યો. રૂપીઆ માગ્યા. રાજાએ કહ્યું તે વખતે કેમ ન લીધા? તો રૂપ લજવવા નથી આવ્યો. રૂપની કિંમત ન રહે. પછી રાજાએ આપ્યા. બાહ્ય સંજોગને આધીન જો ગુરુને માનીએ તો બહુરૂપી જેવા ગુરુને પણ માની લેવા. આજકાલ નાટકમાં કૃષ્ણના રૂપો આવે તેથી તેને દેવ તરીકે માનવા લાગી જાય છે પણ તે દેવરૂપે નથી. જેમ સ્ત્રી-હથિયાર કે માળાના ત્યાગ સાથે દેવપણું બંધાયેલું નથી પણ દેવપણાની સાથે તેનો ત્યાગ તો બંધાયેલો જ છે. એટલે જ્યાં દેવપણું હોય ત્યાં સ્ત્રી, હથિયારો કે માળાનો અભાવ બંધાયેલો છે. તેમજ ગુરુને

અંગે વિહાર, પિંડવિશુદ્ધિ બંધાયેલા છે એમ નહિ. માત્ર સુગુરુને અંગે તે બંધાયેલા છે. તેવીજ રીતે ધર્મને અંગે જયણા બંધાયેલી છે પણ જયણાને અંગે ધર્મ બંધાયેલો નથી. દેવગુરુ કે ધર્મને અંગે સંયોગિક સ્થિતિ બંધાયેલી નથી. પદપંડિત, શ્લોકપંડિત, ગાથાપંડિત કે પોથાપંડિતથી જ્ઞાની કહેવાઇએ છીએ તો પછી જે જન્મથી ત્રણ જ્ઞાન લઇને આવનારા છે તેમને સંસાર છોડવાની જરૂર શી? કહો તેમણે કેમ છોડયો? અહિં સંસાર છોડે તેટલા માત્રથી સાધુ હોય એ નિયમ નહિ. પણ જે સાધુ હોય તે સંસારના ત્યાગી જ હોય એ નિયમ છે. જેમ પ્રભુવીર ૨૮ વર્ષ પછી રાજકુંવર છતાં સ્નાનાદિ ન કરવા, પ્રાસુક ખાનપાનાદિ લેવા, બ્રહ્મચર્ય પાળવું, આ ગૃહવાસમાં સર્વ ત્યાગ કરે છે છતાં તેમને ગૃહસ્થ ગણીએ છીએ. અને તેથી તેમનો ગૃહસ્થપર્યાય ત્રીશ વર્ષનો ગણાય છે. જો કે પોથાપંડિતો તો અઠ્ઠાવીસ જ માનતા હશે. બે વર્ષ સુધી ત્યાગધર્મ સારી રીતે પાળ્યો છે છતાં શાસ્ત્રકારે કે કુદરતે અઠ્ઠાવીસ વર્ષ સુધીનું ગૃહસ્થપણું ન માન્યું, કારણ તીર્થંકરોને મનઃપર્યવ જ્ઞાન સાધુપણાની સાથે જ હોય. મનઃપર્યવ કુદરતથી ૨૮ મા વર્ષે કે ત્રીશમા વર્ષે થયું. કહો કે ત્રીશમા વર્ષે જ મનપર્યવ થયું. બે વર્ષ ત્યાગના હતા છતાં કુદરતે તે ત્યાગ ન જ સ્વીકાર્યો. આ ઉપરથી કહેવું જોઇએ કે સાધુપણાની સાથે બાહ્ય ત્યાગ હોવો જ જોઇએ, તેવી જ રીતે જયણા હોય ત્યાં ધર્મ હોય જ એ નિયમ નહિ પણ ધર્મ હોય ત્યાં તો જયણા હોય જ. કાર્યને અંગે–દેવગુરુ અને ધર્મને છોડીને બીજા કોઇ કાર્યને અંગે જેમાં બહુરૂપી આદિ કાર્ય હોય, સ્વપ્રપંચ પૂર્ણ કરવા માટે પણ વેશોને ઉદાયીનૃપમારક જેવા વિડંબકો ધારણ કરે છે. જેઓ જાવજીવને માટે ત્યાગ કરનારા છે. એટલે હિંસા, જૂઠ, ચોરી આદિના ત્યાગ સાથે તેનું પાલન તે જિંદગી સુધી બન્ને કરે ત્યાં શું સમજવું? કહો કે તેને તો સાધુ માનવો ને? બાહ્ય સંયોગિક સ્થિતિની સાથે પણ સાધુપણું

બંધાયેલું છે ને ? મહાનુભાવ, એક વખત માની પણ લે કે-આવતા ભવને માટે બાહ્ય સ્થિતિ સુધરેલી હોય, પછી તે ભવ્ય કે અભવ્ય હોય, સમ્યગ્દષ્ટિ હોય કે મિથ્યાદષ્ટિ હોય, અને તે જિંદગી સુધી સાધુપણું પાળનારા હોય. છતાં અમો તેને સાધુ તરીકે માનતા નથી. તો કેમ ? આજકાલ કાયદો છે કે સાધુપણું લે તે હકની અપેક્ષાએ મરેલો. દુનિયાદારીનો હક ગયો. પાછો આવે તો પણ ન જ મળે. તેણે યાવજ્જીવ સુધી ધનાદિની માલિકી છોડેલી છે તેવાને ગુરુ માનવા કે નહિ ? વાત ખરી, પણ બાહ્ય સંયોગિક સ્થિતિનો ત્યાગ જો આભ્યંતર સ્થિતિના ત્યાગ વિનાનો હોય તો તે નકામો જ છે. પુલાક, બકુશ, કુશીલાદિ પાંચને નિર્ગ્રંથ કહીને ગ્રંથના ત્યાગમાં જ સાધુપણું કહે છે, તેમાં અમારી ના નથી; પણ ગ્રંથના ત્યાગને જ સાધુપણું નહિ કહે. કારણ બાહ્ય ગ્રંથ જે ધન, કુટુંબાદિનો ત્યાગ. તે તો પરમ ત્યાગી પુરુષો માત્ર કરે છે. જેમ રંગે સોનું કહેવાથી કષે સોનું નથી એમ તો નહિ. પણ તેથી વસ્તુનો રંગ માત્ર જ અહિં સુવર્ણનો લેવાનો છે. તેથી રંગ સિવાય બીજું કંઇ પણ સુવર્ણનું ન મળે વેશે સાધુ કહેવાથી વર્તનાદિ ન હોય. તેમ અહિં ગ્રંથ માત્રનો ત્યાગ નહિં કહેતાં બાહ્ય ગ્રંથત્યાગની વાત કરી. એટલે અભ્યંતર ગ્રંથના ત્યાગની વાત જ ન કરી. પણ બાહ્ય ત્યાગ જે વિહાર, આવશ્યકાદિ કે કાયોત્સર્ગ આદિ કરવાથી મનોહરપણું આવતું નથી. કારણ આ જગતમાં આપણે જોઇએ છીએ કે બાહ્ય ત્યાગ તો જે સાચાગુરુઓ નથી તેમને પણ હોય છે. જેમ "**कञ्चुकमात्र-त्यागात् नहि निर्विषो भवति**" સર્પે કાંચલી ઉતારી તેના ત્યાગથી દાઢ વિનાનો થયો અને નહિ કરડે એમ મનાય નહિ, ઝેર વગરનો ગણાશે નહિ, તેમ અહિં બાહ્ય વર્તન માત્ર રાખવાથી, પરિણતિ થયા વગર સાધુ, ધર્મ કે દેવ થઈ શકતા નથી. સ્ત્રી, હથિયાર કે માળા ન હોય પણ કેવલજ્ઞાનાદિ તો દેવનાં લક્ષણ હોવાં જ જોઈએ. હવે જ્યાં દેવપણું હોય ત્યાં સ્ત્રી હથિયારાદિ ન જ હોય. ગુરૂ હોય ત્યાં

લોચાદિક હોય જ. ધર્મબુદ્ધિ હોય ત્યાં જયણા પણ હોય. આવી રીતે સર્પની કાંચળી જેવા બાહ્ય સંજોગો માત્રથી દેવગુરુ કે ધર્મ ન મનાય. તેવી રીતે આરંભ સમારંભાદિની પ્રવૃત્તિ ન હોય તેથી ગુરુપણું આવતું નથી. અને તેથી જ કહ્યું કે કાંચળી માત્ર છોડવાથી સર્પ નિર્વિષ થતો નથી તેવી જ રીતે બાહ્ય સંયોગિક સ્થિતિ સુધરવાથી દેવગુરુ કે ધર્મપણું આવતું નથી. તો હવે તે આવે ક્યારે? જેમ સર્પમાં દાઢ તૂટે તો જ નિર્વિષપણું આવે તેમ દેવમાં મોહાદિ તૂટે તો જ આવે, ગુરુમાં અપ્રત્યાખ્યાની કે પ્રત્યાખ્યાનાવરણીય તૂટે તો આવે, તેમ ધર્મમાં પાપબુદ્ધિ મટે તો જ આવે. બાહ્ય સંયોગિક સ્થિતિ જોયા વગર દેવગુરુ કે ધર્મને માનવા તે શી રીતે બને? તે કરવા માત્રથી સાધુપણું નથી. પણ સાધુપણા આદિથી તે તો છે જ. એનાથી સાધુપણું ઉત્પન્ન નથી થતું પણ સાધુપણું હોય ત્યાં તે તો હોય જ. એકલાં બાહ્ય ચિન્હો હોય ત્યાં દેવાદિ ન જ માનવા. જગતના પદાર્થોમાં માયાવીપણું ન જ હોય. જેમ સોના, ચાંદીમાં મૂળમાં કે છેવટમાં જે પીળાશ કે સફેદાઈ હોય તે આખા ભાગમાં જ હોય. એટલે જેવું અંદર તેવું બાહ્ય અને જેવું બહાર તેવું અંદર, આ જડ પદાર્થમાં હોય છે. પણ આ ચેતન પદાર્થોમાં ચક્રાવો છે. કારણ અંદર કંઇ તો બહાર જુદું. અને બહાર જુદું તો અંદર કંઈ ત્રીજું જ હોય. જડ પદાર્થોથી ઠગાવાનો સંભવ જ નથી. માત્ર ચેતનથી ઠગાવાનો સંભવ હોય છે. કારણ તેની બહાર અને અંદરની સ્થિતિ ભિન્ન હોય છે. બીજાઓમાં બહાર અને અંદર એક જ હોય છે. તમારામાં બહારનું ચારિત્ર દેખાવા છતાં અભવ્ય કે દૂરભવ્ય માનીએ. વાત ખરી, પણ બીજાની તને ખબર સરખી પણ નથી. ખબર હોય અને બોલે તેની કિંમત, પણ વગર ખબરે જે બોલે તે દોઢડાહ્યો કહેવાય. કારણ ઇતરોમાં પણ બાહ્ય કે અંદરના બે વિભાગ રાખેલા છે. તે કયા અને કેવી રીતે વિગેરે અધિકાર અગ્રે જણાવાશે.

# વ્યાખ્યાન: ૧૦

## ભણવાના બ્હાને તપને રોકનાર દીક્ષાના ય બ્હાને રોકશે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિજી મ૦ ભવ્ય જીવોના ઉપકારાર્થે, ષોડશક પ્રકરણની રચના કરતાં થકા આગળ જણાવી ગયા કે-આ સંસાર સમુદ્રમાં મનુષ્યનો ભવ પ્રાપ્ત થવો એજ મુશ્કેલ હતો. કારણ આપણે આગળ સામાન્ય સમજાવી ગયા કે દેવભવ પામવો સહેલો છે પણ મનુષ્યભવ પામવો દોહીલો છે. કારણ દેવપણું પામવાનાં સ્થાનો અસંખ્ય છે. પણ મનુષ્યપણું પામવાના સ્થાનો તો ગણત્રીનાં એટલે ૨૯ વેઢા કહો કે છન્નુ સુધી ગણત્રી કરો તેટલાં જ છે. આ ઉપરથી દેવપણું સહેલું છે. વળી દેવપણાના ઉમેદવારો થોડા છે એટલે મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિય જ મેળવે. પૃથ્વી આદિ કે નારક, દેવો પણ દેવપણે ન ઉપજે. મનુષ્યને અંગે ઉમેદવારો ઘણા છે. એટલે એકેન્દ્રિયના સર્વ જીવો એટલે અનંતકાયપણ મનુષ્યપણે ઉપજી શકે-એટલે તેના ઉમેદવારો અનંતાનંત છે. જેના ઉમેદવારો અનંતાનંત છે અને સ્થાનો વેઢે ગણાય તેટલા છે. જેના સ્થાનો અસંખ્ય છે અને ઉમેદવારો થોડા છે તેવું દેવપણું તે પામવું સહેલું છે કે મનુષ્યપણું ? કહો કે દેવપણું સહેલું છે. એક બળદ તૃષાથી વ્યાપ્ત છે ત્યાં પાણી ભરીને બાઈઓ જાય છે છતાં કોઈ પાતી નથી. સર્વની આશાએ રહે છે તેવી જ રીતે શ્વાસને અંગે આશા રાખે છે. આ સ્થિતિમાં ભૂખ તરસને જે વેઠી તેનાથી જે કર્મની નિર્જરા થઈ તેનું ફળ મળે જ છે. આ ઉપરથી તપસ્યાના જે કટ્ટાશત્રુઓ છે તે શું બોલે કે પેટને બાળવાનું સાધન છે ! હવે બ્હારના ચોરથી બચવું સહેલું પણ ઘરના દુશ્મનથી બચવું કઠિન છે. કારણ બ્હારના તો તમને લાંઘણ કહીને રહે, પણ ઘરવાળા તો કહે કે-"કર્મનું બાંધવું તે પરિણામ ઉપર આધાર છે. પછી તમે ઉપવાસ કરીને ખાવાની ઇચ્છા કરી તેના કરતાં ઉપવાસ ન કરવો

સારો. એક માણુસે ખાવા પીવાની ઇચ્છા ન કરી અને ઉપવાસ કર્યો તેને પુણ્ય થયું." આવા વિચારોથી તપસ્યાનું નિકંદન કાઢે છે. વળી મને કોઇએ ખાતાં રોકયો નહોતો પણ મારા મનથી જ ખાધા વિના રહ્યો છું તેથી ઉપવાસ છે. અને તેથી ભૂખનો વિચાર હતો તેને માર્યો કોણે એ કહે ને? પાણિયારૂં કે દાભડો તૈયાર હતો. તેની આગળ કોઇની ચોકી પણ ન્હોતી. એટલે ઇચ્છા થતાં ખાઇ શકતો હતો, છતાં ન ખાધું તેનું કારણ શું? કહે કે મનથી બંધ કરી મનથી પાળવું છે ને? તો એક બાજુ ભૂખ લાગે છે છતાં બીજી બાજુ "મારે ઉપવાસ છે" એવું કહેવું તે કેટલું બધું સારું છે? અહિં જે ભૂખને તોડવાની વાત કરે છે તે તપસ્યાને તોડવાના ઇરાદાવાળા છે. અહિં તપસ્યાના વિચારે ભૂખને દાબી દીધી. તપ કરવા પહેલાં ભૂખને જાણતો હતો, તેથી આવી પડેલી ભૂખને દબાવી છે. અણુસમજથી નથી કરતો, અને તેથી તેના તપ દ્વારા કર્મની નિર્જરા થશે. તપની બુદ્ધિથી તપ કરે તે સકામ નિર્જરા હોવાથી 'સ્વ' કહેતાં પોતાના કર્મનો ક્ષય કરે છે. જે ઉપર બળદ જીવે તે-(ઘાસ–પાણી)ની આશામાં છે છતાં કંઇ મેળવી શકતો નથી, અને ભૂખ–તરસની પીડા વેઠી તે માત્રથી દેવ થયો. વગર ઇચ્છાએ કે વિરુદ્ધ ઇચ્છાએ ભૂખ અને તરસનું દુઃખ વેઠયું. તેનાથી પણ આવી કર્મની નિર્જરા થાય અને દેવલોકપણાનું ફળ પામે તો પછી ઇચ્છાએ કરેલી તપસ્યા અને તેથી જે સકામ નિર્જરા તેનું ફળ આત્મકલ્યાણ-રૂપ સર્વ કર્મનો ક્ષય કેમ ન થાય? આત્મગ્લાનિ કરવારૂપ તપ કરનારને શાસ્ત્રકારે ખોડયા છે. તેથી તપસ્યાના કટ્ટા દુશ્મનો જ આવું બોલે છે. કેટલાકો તપસ્યાને અંગે ના ન કહે, પણ સ્વાધ્યાય બગડે છે એમ કહે. સ્વાધ્યાય તે કારણનું કારણ છે. તપસ્યા તે નિર્જરાનું અનન્તર કારણ છે. મોક્ષનો માર્ગ જાણો અને આદરો પછી તે નિર્જરાનું કારણ, પણ તપસ્યા તો સીધી નિર્જરાનું કારણ. શાસ્ત્રકારે અમુક તપ ન થાય તો પ્રાયશ્ચિત્ત જણાવ્યું છે. જેમ પકખીનો

ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ, પર્યુષણનો અટ્ઠમ આદિ નિયમિતપણે કરવા કહેલું છે. ચારે કાળ સ્વાધ્યાય ન કરી હોય તો આલોચન છે. એટલે ભણવું જરૂરી છે એ વાત માની છે, પણ આચારાંગાદિ સૂત્રોને જો ન ભણે તો પ્રાયશ્ચિત્ત, એમ છે નહિ. પણ તપને ન કરવાથી તો પ્રાયશ્ચિત્ત જણાવેલું છે. આજે ભણવાના નામે તપને રોકશો તો કાલે વળી કોઇક ભણવાને નામે દીક્ષાને પણ રોકશે. અને તેમાં એમ પણ કહેશો કે દીક્ષા નહિ લે તો હજારોને બોધ આપશે પણ દીક્ષા લેશે તો તે સમુદાયને અગર થોડા ઘણા બીજાઓને બોધ આપશે, માટે દીક્ષા રોકો એમ પણ બોલશો. શાસ્ત્રકારે તપ કરવાનું કહ્યું છે તે કયું ? જેનાથી આર્ત્તધ્યાન કે ગ્લાનિ ન થાય, ઇંદ્રિયો નિર્બળ ન થાય અને યોગો પણ નકામા ન થાય એવી તપસ્યા કરવી કહી, પણ તપના નિષેધ માટે કહે છે ? શાસ્ત્રકાર તપના નિષેધ માટે તો કંઈ કહેતા જ નથી. અકામ નિર્જરા એટલે ઇચ્છા વિના. અને ઇચ્છા સહિત એટલે મારા કર્મની નિર્જરા થશે એમ માની દુઃખને સહન કરે તે સકામનિર્જરા. અહિં વિરુદ્ધ ઇચ્છાએ બળદ ભૂખ અને તરસનું દુઃખ સહન કરે છે તેથી આવું દેવલોકપણું પામે છે, તો પછી સકામ નિર્જરાએ તપસ્યા કરી આત્મકલ્યાણ કેમ ન સાધે ? જ્ઞાનદર્શનને માટે જેમ ઉપસંપદાઓ લીધી છે, તેમ તપસ્યા અને વૈયાવચ્ચ નામની બે ઉપસંપદાઓ ચારિત્રને માટે લીધી છે. જે તપસ્યાના માટે ગચ્છમાં આશ્રય કરીને રહેવાનું છે તે તપસ્યા આપણને કડવી લાગે તો સમજવું કે માર્ગ ભૂલ્યા છીએ. જ્યારે તપસ્યા ઉપર અનાદર કે અરુચિ થાય તો સમજવું કે માર્ગ જ ભૂલ્યા છીએ. ખાવા પીવાની ઇચ્છા થતાં તેને રોકી હોય તો પણ નિર્જરા જ છે. એટલે અકામ નિર્જરામાં આવે અને તેથા દેવપણું મળે. વગર ઇચ્છાના કે વિરુદ્ધ ઇચ્છાના દુઃખોથી દેવપણું મેળવાય પણ મનુષ્યપણું વગર ઇચ્છાના દુઃખોથી મેળવાય નહિ. મનુષ્યપણા માટે આ ત્રણ વસ્તુ હોય તો જ મેળવી શકાય. ત્રણ વસ્તુ કઇ ? મનુષ્યને સામાન્ય જે

વ્યસન હોય તે વસ્તુ મળે તોજ આનંદ. જેમ રાજાને જીતની ઇચ્છા હોય અને તે વખતે પ્રજા, રાજ્ય પાયમાલ થઇને પણ જીત મેળવે તો તે આનંદ પામે, તેમ અહિં પણ જે મનુષ્ય ક્રોધ, માન, માયા અને લોભ ઉપર કાબૂ મેળવનારો હોતો નથી તેને મનુષ્યપણું મળતું નથી. આ મનુષ્યપણાની જાતિ એવી છે કે ક્રોધાદિને દબાવી શકે. એટલે ક્રોધને સફળ કરવા પહેલાં તેના પરિણામના વિચારો કરવા પડે. એટલે રસ્તામાં જતાં કોઇ અધિકારીની કોણી વાગી હોય ત્યારે આપણે જ માફી માગીએ. અહિં વગર જોઇને એ ચાલ્યો છતાં તેના અધિકારના હિસાબે આપણે જ માફી માગીએ. કારણ રખેને ભવિષ્યમાં તે આપણને હેરાન કરે ! જેમ ગામમાં લ્હાય લાગેલી હોય અને બોંબર જતાં રસ્તામાં કોઇને એકસીડેન્ટ થાય તો પણ તે બોંબર ગુન્હેગાર ગણાતો નથી, કારણ દરજ્જો મોટો છે. ગાય ભેંસાદિ રસ્તામાં કંઇ વગાડે તો સમજવું કે તેનો ક્રોધાદિ કાબૂમાં રહી શકે તેમ નથી. માત્ર મનુષ્ય જાતિમાં જ ક્રોધાદિ કાબૂમાં રહી શકે. એટલે ક્રોધ આવે તો મગજ ઉપર કાબૂ રાખવો જ પડે. જેણે ટેવ પાડી હશે, શાની ? તો ક્રોધ ઉપર દાબની. તે જ પ્રાણી આ મનુષ્યગતિમાં આવશે. નારકી અને તિર્યંચની ગતિમાં જ ક્રોધ ઉપર કાબૂ નથી. પલ્યોપમના પલ્યોપમ સુધી યાવત્ સાગરોપમના સાગરોપમ સુધી લડ્યા કરે. કોણ ? નારકી આદિ. તમારે તો લડતાં લડતાં બાર વાગ્યા તો ખાવાના જ મતમાં જાય અને ક્રોધાદિને છોડે. ક્રોધમાં કાબૂ ન લેવો પડે કે ન રાખવો પડે તો તિર્યંચ અને નરકની ગતિ છે, બાકી મનુષ્ય અને દેવમાં તો ક્રોધ ઉપર કાબૂ રાખવો જ પડે. દેવતાઓમાં સર્વને ઇંદ્રને આધીન રહેવું પડે, તેની મર્યાદા પાળવી પડે. મનુષ્યને રાજા કે કુટુંબ અગર જ્ઞાતિ આદિના કબ્જામાં રહેવું પડે. ફક્ત જાનવરાદિને કાબૂ ન હોય. જેને મનુષ્યગતિમાં જવું હોય તે ક્રોધાદિ ચાર ઉપર કાબૂ મેળવે, તો જ લાયક બને. અહિં કર્મની થિઅરી પણ એ જ કહે છે કે-જેની ક્રોધાદિની સ્વાભાવિકપણે મંદતા

હોય તે જ મનુષ્યપણું મેળવી શકે. જેના ક્રોધાદિની તીવ્રતા હોય તે મનુષ્યપણાને ન મેળવી શકે. અકામ નિર્જરાએ મનુષ્યપણું ન મળે. મગજ ઉપર કાબૂ રાખવાથી મળે છે. મનુષ્યનું જીવન પદાર્થની અપેક્ષાએ ગુલામીભર્યું છે.

દુનિયામાં પૃથ્વી–પાણી–અગ્નિ યાવત્ બેઇન્દ્રિયાદિ જીવોને મનુષ્યની ગરજ નથી પણ મનુષ્યને તો સર્વની ગરજ છે. પૃથ્વી–પાણી–અગ્નિ–વનસ્પતિ કે જાનવરાદિ વિના ન જ ચાલે. આથી જાનવર આદિના જીવન સ્વતંત્ર એટલે દરકાર વિનાના છે, જ્યારે મનુષ્ય જીવન દરકારવાળું છે. જીવન મનુષ્યનું મળ્યું, પણ સાધન ન મળે તો શું કરવું ? જેમ તાનસેન ગવૈયાને હાથી એક ભેટ તો આપ્યો, પણ તે હાથીના ખોરાક માટે કોઇ ગામ પણ ન આપ્યું. તેથી તે હાથીને કરે શું ? અહિં હાથીને ત્રણેક દિન ભૂખ્યો રાખ્યો, પણ હવે તે હાથીને ગળે તોબરો બાંધીને બજારમાં છોડ્યો. ત્યાં કંદોઇ આદિની દુકાનમાં પડ્યો. સફાચટ કરી નાંખતો ગયો. અહિં લોકો રાજા પાસે જઈ કહ્યું તાનસેનનો હાથી જુલમ કરી રહ્યો છે. તાનસેનને બોલાવ્યો. તારા હાથીએ શું કર્યું ? ક્યાં ગયો હાથી ? તો સાહેબ તે માગવા ગયો છે. શું ? તો તે ખાવાની ચંદી માગવા ગયો છે. હું પણ માગીને જ ખાઉં છું. આ હાથી તો માગીને જ પેટ ભરશે. આપ જો ગામ આપો તો ખાઇ શકશે. અહિં મનુષ્ય જીવન મળવા છતાં તેનાં સાધનો ન મળે તો તે ટકાવવું શી રીતે ? જેમ હાથી તાનસેનને મળવા છતાં ખોરાકી વિના હાથીને રખાય કેમ ? આ મનુષ્યપણું બીજા પણ કારણથી મળે છે. 'લેવું લેવું' એ જ વિચાર જેના મગજમાં રહેલો હોય છે. જેમ કીડી મંકોડી લઇને દરમાં જ મૂકી રાખે. દુનિયામાં સર્વ જીવ સ્વર્ગ નરક આદિ માને કે ન માને અગર મતભેદ રહે, પણ જે

મેળવીએ છીએ તે મૂકીને જવાના છીએ એમાં મતભેદ નથી, છતાં જે મેળવવાનું તે મેલવાનું હોવા છતાં આપણે કેટલા લોભ વગરના છીએ ? સાડા ત્રણ હાથ જગ્યા, શેર અનાજ અને એક જોડ કપડાં જોઇએ, છતાં લોભ આખી દુનિયાનો છે, કારણ કર્મના ઉદયને લીધે જીવને લેવાની જ ટેવ પડેલી છે, જેમ નાના બચ્ચાના હાથમાંથી જાગ્રત અવસ્થામાં આવેલી કોઈ પણ ચીજ ન લઇ શકો, પણ નિદ્રાવસ્થા-માંથી તે ચીજ અગર કપડાંય ઉતારો તો પણ લેવા દે, ધમાલ ન કરે, તેમ આ જીવની આંખ મીંચાય ત્યારે સર્વ છોડે, છતાં પોતે લોભને થોભાવી શકતો નથી. વળી લેવાની દૃષ્ટિ જ જ્યાં મુખ્ય હતી, તેના કરતાં દેવામાં કલ્યાણ, દીધું તેટલું કલ્યાણ આવી દૃષ્ટિ જ્યાં આવે ત્યારે મનુષ્યપણામાં આવવા લાયક. પર્યુષણમાં મેઘકુમારના દૃષ્ટાન્તમાં સાંભળીએ છીએ કે મારા જીવનના ભોગે પણ હું એને જીવવા દઉં. અહિં પોતાના જીવનના ભોગે પણ બીજાને જીવાડવાની ઇચ્છા થાય તો જ મનુષ્યપણું મળે એટલે હાથીનો જીવ મનુષ્યપણે થયો. દાનના સ્વભાવવાળો હોય તે મનુષ્ય થાય. અહિં દાન દેવાવાળો કહોને ? નહિ, ફરક છે. જેમ ગામમાં એક શેઠીયો છે. તે દાન દેવાનો છે. ૨૫૦ ના કામ માટે પ્રથમ સોથી વાત કરે. છેવટે ૨૦૧ માં સોદો થયો ત્યારે શેઠ કહે કે પચાસ બચ્યા. અહિં બસોને એક જે આપ્યા તે એળે ગયાને ! દુનિયામાં કહે છે કે— શેઠીને વાવે તેથી મનુષ્યપણું ન આવે. અહિં તો દાનરૂચિ હોય. એટલે યોગ્ય પાત્ર, યોગ્ય સાધન છતાં ન દીધું. તેથી પરિગ્રહ ઉપરની મમતાનો ત્યાગ કરવાનો વિચાર કરે, તે કોણ કરે ? તો દાનરુચિવાળો હોય તે જ. તે કષાયની મંદતાને લીધે. મનુષ્ય જીવન બાંધી શકયો. તેમજ દાનરૂચિને અંગે મનુષ્ય જીવનના સાધનો મેળવી શકયો, પણ ઉપઘાત બંધ ન થાય તો, વસ્તુ મળેલી હોય પણ તેને ટકાવવાનું સાધન ન મળ્યું હોય તો નાશ જ થાય. હવે મનુષ્યજીવનના ઉપ-

ઘાત કરનારા જે દુર્ભ્યંસનો આદિ છે તે ન હોવા જોઇએ, એટલે મધ્યમગુણવાળો હોય તે જીવનના ઉપઘાતોને દૂર કરી શકે. આવી ત્રણ વસ્તુઓ જેને પૂર્વભવમાં મળી હોય તે જ મનુષ્યપણું મેળવી શકે. અ પણે પંચેન્દ્રિય મનુષ્યપણું પામી ઉત્તમ કુળ, જાતિ અને દેવગુરુ ધર્મની સામગ્રી પામવા છતાં ક્રોધાદિ ઉપર કાબૂ રાખવો મુશ્કેલ છે તો પછી બીજા જીવોને મુશ્કેલી પડે તેમાં નવાઇ શી? આથી મનુષ્યપણું મેળવવું તે વગર ઇચ્છાએ, દુ:ખને સહન કરવાથી નહિ મળવાનું, પણ ક્રોધાદિ ઉપર કાબૂ, દાનરૂચિ, મધ્યસ્થ વગેરે ગુણ હોય તો જ મળે તે આ મનુષ્યપણાથી કચરા સાટે કોહીનૂર મેળવવા જેવું છે. જેમ એક જગા એવી કે રજવાડો છે, તેમાં માટી બહુ ભરેલી છે, તેથી હુકમ કર્યો કે બહાર જાય તે એક મણ માટી લઈ જાય. આગળ જતાં બીજો દેશ એવો છે કે કેવળ દરિયાનો કીચડ. ત્યાં એમ રાખેલ છે કે અહિંથી જે કોઇ જેટલી માટી વહે તેટલા સોનાની ચિઠ્ઠી લખી દેવી. તેવામાં બે મુસાફરો નીકળ્યા. તેને હુકમ કર્યો કે આ માટી જે લઇને નાંખે તેને સોનું મળે છે. એકે વિચાર કર્યો કે આગળ કદાચ સોના કરતાં વધુ કિંમતી ચીજ નહિ મળે? એમ માની અર્ધી નાંખી, બીજાએ રાખી. તેને આગળ મળ્યો બીજો દેશ. તેનો હુકમ થયો કે અહિંથી માટી લઇ જવાની મનાઇ છે. અહિં સોનું આપ્યું, લેનારા બે જણ થયા. ત્રીજો માટી નાંખીને સોનું લીધા વિના રહ્યો, તેમ અહિં કર્મરાજાએ ચેકી બેસાડી છે કે દરેક જીવને શરીરની માટી બંધાવવી. કોઇ જીવ શરીર વિનાનો છે જ નહિ. આવી કર્મ રાજાની ચોકી છે. અહિં ધર્મરાજાએ ચેકી રાખી છે કે જે પ્રમાણે શરીરને કસે તેને પુણ્યની ચિઠ્ઠી લખી આપું. એટલે મહાત્માઓએ સર્વ શરીર કસવાની ચિઠ્ઠી લખાવી. ત્યારે દેશવિરતિવાળાઓએ અર્ધી કાયા કસવાની વાત લખાવી એટલે ધનમાલ સંભાળવા રોકાણા. ત્રીજા નંબરના માણસો તો શરીર-

ને જ પોષવામાં સમજ્યા છે. જ્યાં જીવનનો છેડો આવ્યો ત્યાં તો યમરાજા આવ્યો. અહિં ત્રણે પ્રકારના જીવો શરીરને છોડવાના છે. સંપૂર્ણ પુણ્યવાળા, અધકચરા કે પાપીઓ એ ત્રણે પ્રકારના જીવો યમરાજાની પાસે જાય છે. નરકમાં ગયેલા સમ્યગ્દૃષ્ટિઓ તો ઝૂરે જ. દેવલોકમાં ગયેલા જીવો પણ ઝૂરે છે કે અમે સાધુપણું ન લીધું. ત્યાગ ન કર્યો, અર્ધી માટી કચરા પેટે ગયેલી હોય તેને અફસોસ થાય. તેમ શ્રાવકોને દેવપણામાં જઇને પણ અફસોસ થાય. અહિં મનુષ્યપણામાં કચરા સાટે કોહિનૂર લેવાનો છે. એટલે દેવગુરુ અને ધર્મની પરીક્ષા કરી શકે તેજ સાચા કોહિનૂરને પામી શકે. એ પરીક્ષા લિંગ, વર્તન અને તત્ત્વદ્વારા કરે. પરીક્ષા ચ્હાય તે રીતિએ કરે, પણ સર્વને આવવાનું સ્થાન તો એક જ ને? કોઈ વ્યાખ્યાન સાંભળવા પાંચ ડગલાથી, કોઈ સો ડગલ થી આવ્યા તે સર્વ સાંભળવાના આ વાત ખરી, પણ કેટલીક વખત ભરોંસે ભૂ પીવડાવાય છે. એટલે આ બાહ્ય સંયોગિક સ્થિતિ કોઈક વખત ભૂલમાં પાડે છે. આ બ્હારની સ્થિતિ તત્ત્વવાળી નથી. એને અસાર કહો છો તો પછી પ્રભુએ આવી નકામી વસ્તુ કહી કેમ? વિહાર, લોચ, ગોચરી આદિ સર્વ વાનાં—બ્હારનો ત્યાગ જણાવ્યો છે તે નકામો કહ્યો નથી, પણ તે કરનારા નકામા હોઇ શકે. તે માટે જણાવ્યું કે—બાહ્ય સંયોગિક સ્થિતિ સુધારી લો! એટલે અંદરના ત્યાગ વિના આત્મપરિણતિ થયા વિના બ્હારનો ત્યાગ, બીજાને ફાયદો નહિ કરે, તેવા બ્હારના ત્યાગથી સદ્ગતિ, અકામ નિર્જરા ભલે થાય, પણ સાચું રૂપ જે મોક્ષનું તે ન જ મળી શકે. કાંચલી ઉતરવા માત્રથી સર્પ ઝેર વિનાનો થતો નથી, તેમ બાહ્ય સંયોગિક સ્થિતિ સુધારવા માત્રથી ધર્મ નથી, જો કે ધર્મીઓએ તો એ પ્રમાણે વર્તવાનું જ છે. જે કોઇ છોડે છે તે વિચાર વિના તો ન જ છોડેને? વિહાર, લોચ, ભૂમિશયન આદિ કાર્ય વિચાર્યા વિના ન જ બને. વાત ખરી, પણ

અભ્યંતર વિરુદ્ધ ઇચ્છા જ્યાં પડી છે ત્યાં શું થાય ? જેમ મિથ્યાદૃષ્ટિ કે અભવ્ય જીવ સાધુપણું લે પણ શા માટે ? તો દેવલોક માટે. સો વર્ષનો દીક્ષા પર્યાય, પણ પરિણામ તો દેવલોકના છે. અહિં સો વર્ષના ત્યાગમાં પલ્યોપમ કે સાગરોપમનો લેપ (દેવભવની ઇચ્છા) છે. આવા ત્યાગો કામના નથી, અને બીજાઓએ પણ તે મિથ્યાચારનું જ ફળ બતાવ્યું છે. બાહ્ય ત્યાગ જરૂરી છે, ધર્મ માટે છે, પણ કોને ? તો જેના શુભ ભાવો છે તેના માટે. જેનો વધારે મેળવવા માટે બાહ્ય ત્યાગ છે, તે અશુભ માટે છે માટે નકામો. બગલાનો બાહ્ય ત્યાગ સ્થિરતામાં કેવો છે ! પણ મનમાં તો કયારે મત્સ્ય આવે તેનો ઘાટ જ જોઇ રહ્યો છે. તેમ અહિં બહારના ત્યાગવાળાઓ મનથી દેવલોકના સુખની વાંછા કર્યા જ કરે. અહિં બગલા જેવો ત્યાગ છે, એટલે દેવતાઇ ઋદ્ધિ–ઠકુરાઇની યાચના કરે તેથી મિથ્યાચારનું ફળ છે. આવી રીતે સૂત્ર-સિદ્ધાંતમાં કહેલું છે કે બહારનો ત્યાગ સંપૂર્ણ હોય તો પણ તે જૈન શાસનનો ઉકરડો. અભવ્યને સંપૂર્ણ ત્યાગ હોય તોય તેનાથી દેવગુરુધર્મની પરીક્ષા ન જ થાય. અતિશયો કે પ્રાતિહાર્યથી દેવ ગણવાના નથી, માસકલ્પાદિથી ગુરુ ગણવાના નથી, તો પછી " अट्ठमहापाडिहेरजुत्ताणं " વિગેરે બોલ્યો કેમ ? વિહાર કરે તો સાધુપણું ટકે પ્રાતિહાર્યને અંગે દેવપણું જરૂરી નથી. પણ દેવપણાને અંગે પ્રાનિહાર્યાદિની જરૂર છે. અને તેથી " तत्प्रतिबद्ध " એટલે બાહ્ય ચિહ્નોને અંગે ધર્મ બંધાયેલો નથી. પણ ધર્મને અંગે તે ચિહ્નો હોય જ, તેવી રીતે દેવગુરુમાં સમજવું. એકલા ચિહ્નને તપાસે પણ તત્ત્વમાં ન ઉતરે તે માટે આટલી ભલામણ કરી છે. જેમ માર્ગમાં જનાર મુસાફરને આગળ બે ફાંટા પડતા માર્ગને સમજવો જરૂરી છે. તેમ અહિં ધર્માદિને અંગે શુભ ભાવનું ધ્યાન રાખવું જોઇએ, નહિં

તો પરિણામ જુદું આવે. આ બધું બાહ્ય સંયોગિક સ્થિતિ જોનારા માટે કહ્યું, પણ વર્તન માટે તો વાંધો નથીને ? કારણ વર્તન તો ચોવીસે કલાક સરખું હોયને ? લિંગમાં તો પ્રતિક્રમણ, લોચ કે ગોચરી કોઇ વખતે હોય, પણ આ મધ્યમ તો ચોવીસે કલાકની ચીજ દેખીને દેવગુરુધર્મને માને. હવે ચોવીસે કલાકની ચીજ કઇ કે જે દ્વારા પરીક્ષા કરાય ? તો અષ્ટ પ્રવચનમાતા, તે ચોવીસે કલાક રહેનારી છે. જેમ ચાલવા માંડો કે ઇર્યાસમિતિ, તેમજ બોલવામાં ભાષાસમિતિ, ગોચરી માટે એષણાસમિતિ આદિ જોઇએ, તેવી જ રીતે ધર્મને અંગે સંસારનો ભય ચોવીસે કલાક હોય, દેવને અંગે કેવળજ્ઞાન આદિ ગુણો સતત હોય, આવી રીતે મધ્યમ બુદ્ધિવાળો દેવાદિ ત્રણને જુએ, પણ બુધ તેના ખુદ સ્વરૂપને જુએ, એટલે દેવને માર્ગદર્શક હોય તો જ માને, ગુરુને ઉત્સર્ગ-અપવાદ સહિત આત્મરમણતામાં હોય ત્યારે માને, ધર્મને જયણાપૂર્વક વ્રત-પચ્ચકખાણ-સામાયિક-પૌષધાદિની પરિણતિ હોય તો જ માને. આવી રીતે ત્રણે જણા દેવ, ગુરુ અને ધર્મની પરીક્ષા કરીને શુદ્ધ દેવાદિને મેળવે. છતાં શાસ્ત્રકાર કહે છે કે-દેશના દેવાવાળાએ લાયક દેશના દેવી, અને શ્રોતાએ સાંભળવી, જેથી જીવો સમ્યક્ત્વને પામે ને કલ્યાણની માળાને ભજે છે.

समाप्त

# ષોડશક પ્રકરણ.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૫ | માલીકી | માલિકી |
| ૨ | ૧૨, ૧૩ | મૂકીએ | મુકીએ |
| ૨ | ૧૯ | સમજતો | સમજતા |
| ૩ | ૧ | મિકલ્કતવાળો | મિલ્કતવાળો |
| ૩ | ૬ | વળમાં | વમળમાં |
| ૩ | ૬ | ગુમે | ઘૂમે |
| ૩ | ૨૦ | જનમે છે | જન્મે છે |
| ૩ | ૨૫ | લાગતો ? | લાગતો. |
| ૪ | ૪ | શકત જ | શકત જ |
| ૪ | ૧૪, ૧૫ | સજ્જનને | સજ્જનને |
| ૫ | ૭ | તેને | તેણે |
| ૫ | ૧૦ | તેમને | તેમણે |
| ૫ | ૨૧ | કંઇક | કોઇક |
| ૫ | ૨૧ | કબ્જામાં | કબજામાં |
| ૫ | ૨૩, ૨૪ | સંભારવું | સંભાળવું |
| ૫ | ૨૫ | સંભારે | સંભાળે |
| ૬ | ૧ | સ્વતંત્રસગીર | સગીર સ્વતંત્ર |
| ૭ | ૬ | કબ્જામાં | કબજામાં |
| ૮ | ૧૪ | તેં | તે |
| ૮ | ૨૦ | તેનો | તેના |
| ૯ | ૧૦ | ઓછાશને | ઓછપને |

| | | | |
|---|---|---|---|
| ૯ | ૧૮ | મલવાનું | મળવાનું |
| ૧૦ | ૧૦ | કુલમાં | કુળમાં |
| ૧૦ | ૧૬ | નુકસાનકારકથી | નુકશાનથી |
| ૧૧ | ૨ | નણા | નાણાં |
| ૧૧ | ૯ | બાધે, | બાંધે, |
| ૧૧ | ૧૦ | માંગનારની | માગનારની |
| ૧૨ | ૧૮ | કહેવાશે | કહેવાશે. |
| ૧૩ | ૧૩ | બહ્ય | બાહ્ય |
| ૧૪ | ૬ | મિલ્કતનો | મિલ્કતના |
| ૧૬ | ૧૩ | લક્ષણો તે | લક્ષણો છે તે |
| ૧૬ | ૨૬ | આખી લીંટી ભૂલથી છપાઇ છે તે ન વાંચવી. | |
| ૧૮ | ૧૩ | માનનર | માનનાર |
| ૧૮ | ૨૦ | રી | કરી |
| ૧૯ | ૮, ૯ | હોનારક્રીસ્ટની | એનારક્રીસ્ટની |
| ૧૯ | ૧૨ | પેશ (બાટલ) | બાતલ |
| ૧૯ | ૧૩ | ત્યાંરે | ત્યારે |
| ૨૦ | ૪ | અઢરે | અઢારે |
| ૨૦ | ૧૯ | કબૂલાત | કબૂલ |
| ૨૨ | ૧૮ | જેવા | તેવા |
| ૨૪ | ૨૪ | પકવ્યા ? | પકવ્યા છે ? |
| ૨૫ | ૧૧ | કાલે, | કાળે, |
| ૨૬ | ૫ | મુશ્કેલિતા | મુશ્કેલી |
| ૨૬ | ૧૧ | હેર | મહેર |
| ૨૭ | ૧૧ | સમજાવાશો | સમજાવાશે |
| ૨૮ | ૬ | મુશ્કેલિતા | મુશ્કેલી |
| ૨૮ | ૧૭ | . ળી | વળી |

| | | | |
|---|---|---|---|
| ૨૮ | ૨૧ | ગુણુા | ગણું |
| ૨૯ | ૨૨ | આળસુપીરના | આળસુના |
| ૩૦ | ૧૭, ૧૮ | તમો | તમે |
| ૩૨ | ૨૦ | વાલવા | વાળવા |
| ૩૪ | ૭ | લોકે | લોકો |
| ૩૫ | ૪ | કરવાના | કરવાનાં |
| ૩૫ | ૧૮ | બાળ | બાળક |
| ૩૯ | ૧૦ | સવર્જ્ઞપણું | સર્વજ્ઞપણું |
| ૪૧ | ૩ | પાલવનું | પાલવતું |
| ૪૩ | ૧૨ | सद्घर्म | सद्धर्म |
| ૪૪ | ૧૬ | કમ | કામં |
| ૪૬ | ૫ | ગાત | ગતિ |
| ૪૬ | ૧૦ | ઍં ક | ઍઁક |
| ૪૭ | ૧૨ | सूक्ष्मबुद्धचा | सूक्ष्मबुद्ध्य |
| ૪૯ | ૨૩ | મૂઠી | મુઠી |
| ૫૦ | ૨૪ | પુત્રાાને | પુત્રોને |
| ૫૧ | ૮ | આરીસા | અરીસા |
| ,, | ,, | થયુઁ | થયું |
| ૫૧ | ૨૦ | ધૂમાડ, | ધૂમાડો |
| ૫૩ | ૧૬ | આરિસો | અરીસો |
| ૫૪ | ૫ | સત્ર | સૂત્ર |
| ૫૮ | ૯ | ખીટાઓમાંથી | ખીંટાઓમાંથી |
| ૫૮ | ૧૯ | ખાટે | ખીટે |
| ૫૯ | ૨૬ | ઇરિયાવહિય | ઇરિયાવહિયા |
| ૬૧ | ૨૨ | છાડીને | છોડીને |
| ૬૨ | ૨૦ | ધર્મિષ્ઠો નું | ધર્મિષ્ઠોનું |

| | | | |
|---|---|---|---|
| ૬૪ | ૧૨ | કબ્જામાં | કબ્જામાં |
| ૬૪ | ૧૯ | કમાવીએ | કમાઇએ |
| ૬૫ | ૧૧ | થાય. | થાય, |
| ૬૬ | ૨૫ | માંગવા | માગવા |
| ૬૬ | ૨૬ | માંગવા | માગવા |
| ૬૮ | ૬ | માંગો | માગો |
| ૬૮ | ૨૬ | બલાડીને | બિલાડીને |
| ૬૮ | ૨૭ | બલાડીએ | બિલાડીએ |
| ૭૦ | ૨૫ | ગેતમ | ગૌતમ |
| ૭૦ | ૨૭ | ગતિમને | ગૌતમને |
| ૭૧ | ૧૦ | તીર્થંકરપણાને | તીર્થંકરપણાને |
| ૮૧ | ૧૨ | દુરભવ્યો | દુર્ભવ્યો |
| ૮૧ | ૧૮ | સંયેગિક | સંયોગિક |
| ૮૨ | ૧૨ | દૂરભવ્ય | દુર્ભવ્ય |
| ૮૨ | ૨૫ | ઝડજ | ઝાડજ |
| ૮૪ | ૪ | વીત ખરી | વાત ખરી |
| ૮૪ | ૧૧,૧૨,૧૬,૨૬,૨૭ | અંકુરાની | અંકુરોની |
| ૮૫ | ૨, ૪, ૫ | અંકુરાને | અંકુરોને |
| ૯૦ | ૨ | રાતે | રીતે |
| ૯૧ | ૨૧ | **કચ્ચુ ક** | **કઞ્ચુક** |
| ૯૧ | ૨૭ | ગુરૂહાય | ગુરૂ હોય |
| ૯૩ | ૬ | મશકેલ | મુશ્કેલ |
| ૯૫ | ૪ | સૂત્રોને જા | સૂત્રોને જો |
| ૯૬ | ૨૭ | ચિએરી | ચિઅરી |

વાંચતા બહુ આનંદ આવશે અને ઘણું ઘણું જાણવા મળશે, માટે આ પુસ્તકો તમારા માટે બહુ જરૂરી છે

આચારના મહત્તા, पक्षपातो न मे वीरो०नुं રહસ્ય, જુની પ્રાકૃત કે સંસ્કૃત? ગુણવ્રતોની જરૂર શી? પત્થરની ગાય દુધ દે? આદિ વિષયો ઉપરાંત ચંડકોશીયો અને કૂરગડુના જીવન ઉપર અજબ પ્રકાશ પાડનારા

**સ્વ. આ. શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મ.ના વ્યાખ્યાનો**

તેમજ

**આ. શ્રી. વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. ની**

આત્માની ઓળખાણ, મોક્ષ, સાંવત્સરિક ક્ષમાપના વિગેરે જૈનઅજૈનો માટે સુંદર વિચારણાવાળી **પર્યુષણ પર્વ લેખમાળા** એમ બન્નેનો સંયોગ એટલે

## મહાવ્રતો અને અધ્યાત્મિક લેખમાળા

કિં. રૂપિયા છ.

## સુખે જીવવાની કળા

કિં. રૂ. ૧ાા

શા. રતનચંદ શંકરલાલ
૧૨૪૬ ભવાની પેઠ. પૂના ૨.